Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧

મુંબઈ, ૧ મે, ૧૯૭૯, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## વિનોબાજીને વંદન અને મોરારજીભાઈને ધન્યવાદ

વિનોબાજીના ઉપવાસના પારણાં થયા તેથી મોટા ભાગના લોકોને આનંદ થયો છે, સૌએ રાહતની લાગણી અનુભવી છે.

પશ્ચિમ બંગાળ અને કેરળમાં સંપૂર્ણ ગોવધબંધી માટે આમરણ ઉપવાસની વિનોબાજીએ જાહેરાત કરી હતી ત્યારથી બહુવિધ અને બોધપ્રદ અનુભવ થયો છે. કેટલાકે સખત વિરોધ કર્યો, કેટલાકે મજાક ઉડાવી, મોટા ભાગના લોકોએ ઉપેક્ષા સેવી, કેટલાકે સાંપ્રદાયિક – ધાર્મિક દષ્ટિથી સહાનુભૂતિ બતાવી, કેટલાકે ઉપવાસ કર્યો, સત્યાગ્રહ કર્યો, કેટલાકે કોઈ પણ રીતે વિનોબાના પ્રાણ બચાવવા કહ્યું, કેટલાકે રાજકીય હેતુથી લાભ ઉઠાવવા કર્યું, કેટલાક અર્થશાસ્ત્રીઓ કૂદી પડયા અને આંકડાની ઈન્દ્રજાળ ઊભી કરી. લોકશાહીની વાતો થઈ, લઘુમતિ કોમો –મુસ્લિમો, ખ્રિસ્તીઓની ધાર્મિક લાગણીને માન આપવા કહ્યું, આદિવાસીઓ અને ગરીબોને સસ્તેથી પૌષ્ટિક ખોરાક મળે – ગોમાંસનો – તેને તેથી વંચિત ન રાખવા કહ્યું : "બુદ્ધિશાળી" લોકોએ વિવાદ કર્યો. કેટલાકે કહ્યું વિનોબા પ્રત્યાઘાતી છે, આક્રમક હિન્દુ છે, obscurantist and Hindu chauvinist કેટલાકે કહ્યું માણસો ભૂખે મરે છે ત્યારે ગાય બચાવવાની વાત કરવી મૂર્ખાઈ છે. બીજાઓએ કહ્યું, કે દેશ સમક્ષ ઘણી મોટી સમસ્યાઓ પડી છે ત્યારે આવા ગૌણ પ્રશ્ને આમરણ ઉપવાસ કરી વિશેષ સમસ્યા ઊભી કરવી ન જોઈએ. કેટલાકે યાદ કર્યું કે કટોકટી દરમિયાન, વિનોબાએ ઈન્દિરા ગાંધીને ટેકો આપ્યો હતો અને તેના અત્યાચારો સામે કોઈ વિરોધ ઉઠાવ્યો ન હતો તેથી આ સરકારી સંતના ઉપવાસની ધમકીને વશ થવું ન જોઈએ.

કેટલાક વર્તમાનપત્રોના તંત્રીઓએ પોતાનું ડહાપણ ઠાલવ્યું. કેટલાક પત્રોએ વિનોબા સામે રીતસરની ઝુંબેશ શરૂ કરી. ઘણું જોવા, જાણવા મળ્યું.

મેં પોતે ઘણો વિચાર કર્યો. જે કાંઈ બોલાયું, લખાયું, બધી વાતનો તટસ્થ રીતે ઊંડો વિચાર કર્યો.

હું સંપૂર્ણ ગોવધબંધીમાં દઢપણે માનું છું. એવી માન્યતા "પ્રત્યાઘાતી" ગણાતી હોય તો મને તે વાતનો સંકોચ નથી, શરમ નથી. મારે મન આ પ્રશ્ન લેશ પણ સાંપ્રદાયિક નથી. આ પ્રશ્નથી ધાર્મિક, નૈતિક, આર્થિક, સામાજિક, બધી દષ્ટિથી વિચાર કરતાં, સંપૂર્ણ ગોવધબંધીમાં માનવીનું કલ્યાણ છે, દેશનું હિત છે, એ વિષે મારી દઢ શ્રદ્ધા છે. કોઈ ધર્મ પ્રાણી–વધ કરવાનું કહેતો નથી. એવું કોઈ ધર્મમાં કહ્યું છે એમ કોઈ કહે તો હું કહીશ કે તે સાચો ધર્મ નથી. પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને મૈત્રીભાવમાં માનવતા છે, સાચો ધર્મ છે. મનુષ્યેતર સકળ પ્રાણી સૃષ્ટિ સાથે એકતા અનુભવવી તેમાં જ જીવનની સાર્થકતા છે, ધન્યતા છે. I believe in unity of life. આર્થિક દષ્ટિએ સંપૂર્ણ ગોવધબંધીથી કાંઈ નુકસાન છે, તેમ હું માનતો નથી. આર્થિક દષ્ટિએ બન્ને પક્ષે "સબળ" દલીલો થઈ શકે છે. મારે મન નૈતિક અને સાચા અર્થમાં ધાર્મિક દષ્ટિ સર્વોપરિ છે. આવું નૈતિક અને માનવતાભર્યું આચરણ કરતાં દેખીતી રીતે આર્થિક નુકસાન લાગે તો પણ અંતે લાભ જ છે. લઘુમતીની વાત કરીએ તો, પ્રાણીહિંસા કરવાનો કોઈને મૂળભૂત અધિકાર નથી. લઘુમતીની લાગણીને માન આપવાની બહુમતીની ફરજ છે તેટલી જ, કદાચ તેથી વિશેષ, બહુમતિની લાગણીને માન આપવાની લઘુમતીની ફરજ છે.

એક સુખદ અનુભવ થયો. એક અતિ ઉચ્ચ હોદ્દો ધરાવતા મુસ્લીમ ગ્રહસ્થને મળવા ગયો; આ પ્રશ્ન વિષે તેમનો અભિપ્રાય જાણવા. પોતે આત્મકથા લખી રહ્યા છે. તેમની હસ્તપ્રતમાંથી એક ફકરો બતાવ્યો, જેમાં લખ્યું હતું કે મારા કુટુમ્બમાં ડુક્કરનું માંસ જેટલું વર્જ્ય છે તેટલું જ ગોમાંસ વર્જ્ય છે. Beef is as much taboo in my 'amily as pork.

મને કહ્યું, હિન્દુઓની લાગણીને પૂરું માન આપવું અમારી ફરજ છે.

પણ મારે મન આ પ્રશ્ન, હિન્દુ કે મુસ્લિમનો નથી. આ પ્રશ્ન માનવતાનો છે. ગાય મનુષ્યેત્તર પ્રાણીસૃષ્ટિનું પ્રતીક છે, તેનો વધ અટકાવી આપણે અહિંસા તરફ પ્રગતિ કરીએ છીએ. ગાંધીજીએ કહ્યું હતું, કે ગાયની કતલ થાય ત્યારે તેમની પોતાની કતલ થતી હોય તેવું લાગે છે.

હવે પ્રશ્ન રહ્યો ઉપવાસનો ? આ દબાણ છે, ધાકધમકી છે, તેને વશ ન થવાય, એ દલીલનો.

એ સુવિદિત હકીકત છે, કે વિનોબા સત્યાગ્રહનું સમર્થન બહુ કરતા નથી. વિનોબા કહે છે, સત્યાગ્રહી નહિ પણ સત્યગ્રાહી થવું. વિનોબા વિચાર કરતાં પ્રચાર અને હૃદયપરિવર્તનમાં વધારે માને છે. આ પ્રશ્ન અંગે આમરણ ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો, તો તેમનું સંવેદન અને વેદના કેટલી તીવ્ર હશે તે સમજી લેવું. ગાંધીજીએ કેટલીય વખત ઉપવાસ કર્યા છે. ત્યારે પણ દબાણ અને ધાકધમકી થાય છે એમ કહેવાયું હતું. મેકડોનલ્ડ એવોર્ડ રદ કરાવવા આમરણ ઉપવાસ કર્યા ત્યારે ડૉ. આંબેડકર ઘણો સમય અણનમ રહ્યા. આવા ઉપવાસ ક્યારે કરવા, કોણ કરી શકે, કોના ઉપવાસની અસર થાય, કોના ઉપર અસર થાય–આ બધું ગાંધીજીએ સમજાવ્યું છે. કોઈ મહાન ધ્યેય અર્થે પોતાનો જાન આપવો એ અંતિમ ઉપાય છે. વિનોબાના ઉપવાસથી શા માટે દેશ ખળભળી ઊઠયો ? વિનોબાનો દેહ પડયો હોત તો પણ તેમના જેવા સંત પુરુષની તપશ્ચર્યા અને બલિદાન કદી નિષ્ફળ ન જાત એ વિષે મને પૂર્ણ શ્રદ્ધા છે.

હવે જે રીતે આ ઉપવાસનો અંત આવ્યો તે વિચારીએ. વિનોબાએ આ ઉપવાસ નિશ્ચિત ધ્યેયની સિદ્ધિ અર્થે આદર્યા હતા. તેથી ગમે તેમ કરી, વિનોબાને સમજાવી આ ઉપવાસનો અંત લાવવો યોગ્ય ન ગણાત. તે સાથે એ પણ છે કે દેહનો ત્યાગ કરવા કોઈ જૈન સાધુનું અનશન ન હતું. ઉદ્દેશ સફળ થાય તો ઉપવાસ છોડવાના હતા. તો પ્રશ્ન છે, ઉદ્દેશ સફળ થયો છે ? બંગાળ અને કેરળ સરકારનું વલણ મક્કમ હતું કે તેમના રાજ્યમાં સંપૂર્ણ ગોવધબંધી નહિ થાય. આ બે રાજ્યો સિવાય સારા દેશમાં સંપૂર્ણ ગોવધબંધી હોય તો, આ બે રાજ્યોમાં કેમ નહિ ? બંધારણમાં તે માટે આદેશ છે, સુપ્રીમ કોર્ટે તે આદેશ બધા રાજ્યોને બંધનકર્તા છે એમ જાહેર

કર્યું છે છતાં, ગોરક્ષા રાજ્યનો વિષય હોઈ, આ બે રાજ્યો દુરાગ્રહ કરે તો તેનો કાંઈ ઉપાય નહિ? આવા સંજોગોમાં મોરારજીભાઈએ નિર્ણય લીધો કે બંધારણમાં સુધારો કરી, ગો રક્ષાને કેન્દ્રનો પણ વિષય બનાવીશું અને ત્યાર પછી, આખા દેશને લાગુ પડે તેવો ગોવધ-પ્રતિબંધનો કાયદો કેન્દ્ર કરશે. વિનોબાજીએ જાહેર કર્યું હતું, કે બંગાળ અને કેરળમાં ગોવધ પ્રતિબંધ થશે તે સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવે તો, તેવો કાયદો કરવા પૂરતો સમય આપી શકાય. આવો કાયદો કેન્દ્ર તરફથી થાય છે કે રાજ્ય તરફથી એ વાત ગૌણ છે. વડા પ્રધાન તરફથી આવી જાહેરાત થયા પછી અને કેન્દ્ર તરફથી આવી ખાત્રી મળતાં, ઉપવાસનો ઉદ્દેશ સિદ્ધ થયો અને ઉપવાસ ચાલુ રાખવાનું કારણ ન રહ્યું. તાત્કાલિક ગોવધબંધી, બંગાળ અને કેરળમાં થવી જોઈએ એવો આગ્રહ રાખવાનું કારણ ન હતું. એવો આગ્રહ વ્યાજબી ન ગણાત. કેન્દ્ર સરકાર આવો કાયદો નહિ કરે અથવા નહિ કરી શકે તો શું? આવી શંકા રાખવાનું વિનોબાને કારણ ન હતું. હવે કેન્દ્ર સરકારની જવાબદારી છે, લોકસભામાં વડા પ્રધાને જાહેરાત કરી છે. સત્યાગ્રહની મર્યાદા હોય છે. તે દુરાગ્રહ થવો ન જોઈએ. હિન્દુ-મુસ્લિમ તોફાનો થતા ત્યારે કોમી શાન્તિ સ્થાપવા ગાંધીજી ઉપવાસ કરતા. બન્ને કોમના આગેવાનો આવી શાન્તિ સ્થાપવા પૂર્ણ પ્રયત્નશીલ થશે એવી ખાત્રી આપાતા ગાંધીજી ઉપવાસ છોડતા. આ મન મનાવવાની વાત નથી. સત્યાગ્રહી યોગ્ય સમાધાન માટે સદા તૈયાર હોય છે.

હવે શું થશે? કેટલુંક રાજકારણ ખેલાઈ રહ્યું છે, કેટલાકને વિરોધ કરવાનું શૂર ચડે છે. મોરારજીભાઈએ હિમતપૂર્વક અને થોડું જોખમ ખેડીને મહાન નિર્ણય લીધો છે. તે સર્વ રીતે ઉચિત છે. જનતા પક્ષની કારોબારીની સંમતિથી, જનતા પક્ષના પ્રમુખે પોતે આ દરખાસ્ત વિનોબા સમક્ષ રજૂ કરી છે. ઈન્દિરા ગાંધીની મેલી રમત ઉઘાડી પડી ગઈ. વિનોબાજીના ઉપવાસને સમર્થન જાહેર કર્યું, તે માટે પોતાના અનુયાયીઓ પાસે ઉપવાસ કરાવ્યા, હવે ગલ્લાં-તલ્લાં કરે છે. જનતા પક્ષ અને મોરારજીભાઇ વિનોબાના ઉપવાસ છોડાવવાનો અને દેશમાં સંપૂર્ણ ગોવધબંધી કરવાનો યશ લઈ જાય તે ઈન્દિરાને પોસાતું નથી. યશવંતરાવ ચવ્હાણે કેન્દ્ર સરકારને ટેકો આપવાનું જાહેર કર્યું છે. તેમની કૉંગ્રેસના કેટલાક સભ્યો —ખાસ કરી બંગાળ અને કેરળના વિરોધ કરે છે.

જનતા પક્ષમાં કેટલાક સભ્યો વિરોધમાં હોય તેમ લાગે છે. બંગાળ અને કેરળના મુખ્ય મંત્રીઓએ સ્વાભાવિક રીતે વિરોધ જાહેર કર્યો છે. રાજ્યોની સ્વાયત્તતા ઉપર કાપ પડે છે એવી દલીલ થાય છે. મને શ્રદ્ધા છે અંતે સૌ સારાંવાનાં થશે, ઈશ્વર સૌને સદ્-બુદ્ધિ સુઝાડશે. કદાચ, કેન્દ્ર સરકાર તેના વચનનો અમલ કરવામાં સફળ ન થાય તો તેનું પાપ વિરોધ કરનારને શીરે રહેશે. પ્રજા એવાઓને ઓળખી લેશે.

ગોવધબંધીનો કાયદો કરવાથી જ ગોરક્ષા થઈ જતી નથી. પ્રજાએ ઘણું કરવાનું રહે છે. અસ્પૃશ્યતા નિવારણ કે દારૂબંધીનો કાયદો કરવાથી અસ્પૃશ્યતા નાબુદ થતી નથી કે સંપૂર્ણ દારૂબંધી થતી નથી. છતાં આવા કાયદાનો નિષ્ઠાપૂર્વક અમલ થાય તો ૮૦ ટકા સફળતા મળે છે, અમલ કરવામાં બેદરકારી હોય તો પણ ૫૦ ટકા સફળતા મળે છે. ચોરી છૂપીથી કાયદાનો ભંગ કરવો આસાન નથી. આવા કાયદાની પૂરી ઉપયોગિતા છે પણ તે માત્ર પ્રથમ પગલું છે તે સમજી લેવું જોઈએ.

હું દઢપણે માનું છું કે વિનોબાજી અને મોરારજીભાઈએ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ કર્યું છે, નૈતિક અને માનવતાના મૂલ્યોની પ્રતિષ્ઠા કરી છે. દયાધર્મને ઉજવાળ્યો છે. લાખો ગાયોના પ્રાણ બચશે તેમાં, ધર્મના નામની જે લોકોને સૂગ છે તેમનું પણ આ પૂણ્ય-કાર્યથી કલ્યાણ છે. વિનોબાજીને કોટિ વંદન અને મોરારજીભાઈને લાખો ધન્યવાદ ઘટે છે. આ દેશ ગોપાલ શ્રી કૃષ્ણનો, મહાવીર અને બુદ્ધનો દેશ છે એ ન ભૂલીએ. ગાંધીની અહિંસા અલ્પાંશે પણ ચરિતાર્થ થાય એવી ભાવના ભાવીએ.

आत्मवत् सर्वभूतेषु, यःपश्यति, सःपश्यति.

— કોઈ જીવને મરવું ગમતું નથી. સૌ જીવવા ઈચ્છે છે.

૨૯–૪–૭૯. ચીમનલાલ ચકુભાઇ શાહ

# વૈજ્ઞાનિક પ્રગતિની આધુનિક પરિસ્થિતિ

એપ્રિલની ૨૦ મી તારીખે, મુંબઈ જૈન યુવક સંઘના અભ્યાસ વર્તુલના સભ્યો સાથે 'વૈજ્ઞાનિક પ્રગતિની આધુનિક પરિસ્થિતિ' એ વિષય પર વાતચીત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. વાતચીત તો મેં બે ચાર લીંટીની નોંધને આધારે જ કરી હતી પણ તે પછી, એ વાતચીતમાં ઉક્ત પ્રસંગે હાજર ન રહેલા 'પ્રબુદ્ધ જીવન' ના વાંચકોને પણ રસ આવશે એવું મને જણાવવામાં આવ્યું અને તેથી યાદદાસ્તને આધારે એ વાતચીતનો સાર નીચે રજુ કરું છું.

મેં કહ્યું હતું:

વિજ્ઞાનના બે મુખ્ય પ્રવાહો છે: એક 'સાયન્સ ઓફ ધ મેક્રોકોઝમ' એટલે વિરાટનું વિજ્ઞાન અને બીજો 'સાયન્સ ઓફ ધ માઈક્રોકોઝમ' એટલે સૂક્ષ્માતિસૂક્ષ્મનું વિજ્ઞાન. વિરાટના વિજ્ઞાનમાં બ્રહ્માણ્ડનું વિજ્ઞાન એટલે કે, કોસ્મોલોજી, કોસ્મોગની એસ્ટ્રૉનોમી, એસ્ટ્રૉફીઝિક્સ, એસ્ટ્રૉનોટિક્સ અને અવકાશ વિજ્ઞાનનો સમાવેશ થાય છે. જ્યારે સૂક્ષ્માતિ–સૂક્ષ્મના વિજ્ઞાનમાં અણુવિજ્ઞાન, જીવવિજ્ઞાન, જેનેટિક એન્જિનિયરીંગ વગેરેનો સમાવેશ થાય છે. પહેલાં આપણે વિરાટના વિજ્ઞાનની વાત કરીએ, કારણ કે એ વિરાટના વિજ્ઞાનના અર્વાચીન પ્રણેતા આઈન્સ્ટાઈનની જન્મશતાબ્દિનું આ વર્ષ છે. એટલે એમની યાદ વડે વાતચીતનો પ્રારંભ કરવો કેવળ યોગ્ય છે.

ટોલેમિના વખતથી બ્રહ્માણ્ડના સ્વરૂપ અંગે વિજ્ઞાનીઓ કલ્પના કરતા આવ્યા છે. હકીકતમાં તો બ્રહ્માણ્ડનું - વિશ્વનું - સ્વરૂપ કેવું હશે તે જોવાની અર્જુનને પણ ઈચ્છા થઈ હતી. અને ભગવાન કૃષ્ણે એને ( दिव्यं ददामि ते चक्षुः ) - હું તને દિવ્ય દૃષ્ટિ આપું છું, તેના વડે તું વિશ્વરૂપ દર્શન કર એમ કહીને અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું હતું. એ પછી પછી અર્જુનની જેમ વિજ્ઞાનીઓ વિશ્વરૂપ દર્શન કરવા હંમેશ મથી રહ્યા છે. અને એમને દિવ્ય દૃષ્ટિ આપનારતો કોઈ હતું નહિ છતાં એમણે દૃક પ્રત્યયિ ટૅલિસ્કોપ, રેડિયો ટેલિસ્કોપ, સ્પેક્ટ્રૉ સ્કોપ, અવકાશમાં ફરતી પ્રયોગ શાળામાં ગોઠવાયેલાં યંત્રો વગેરે વડે વિશ્વના રૂપનું દર્શન કરવા માટે પ્રયત્ન સતત ચાલુ રાખ્યો છે. એ પ્રયત્ન દરમિયાન તેમને બ્રહ્માણ્ડની અનેક સ્વરૂપની અદાઓ જોવા મળી છે. કોઈ સ્થળે તેમને સૂર્ય કરતાં એક અબજ ગણું દ્રવ્ય ધરાવતો પિંડ જોવા મળ્યો છે તો કોઈ સ્થળે તેમને સૂર્ય કરતાં ૧૦ લાખ ગણી ઉર્જા અવકાશમાં વહેવરાવતો ક્વેસાર જોવા મળ્યો છે, કોઈ સ્થળે તેમને ચોક્કસ સમયાન્તરે રેડિયો સંકેતો છોડતો પલ્સાર જોવા મળ્યો છે તો કોઈ સ્થળે, ક્ષ-કિરણોનો મહાધોધ વહાવતી આખીને આખી ગેલેક્સી જોવા મળી છે. તેમને એ પણ જણાયું છે, કે આપણા બ્રહ્માણ્ડનું સર્જન ૧૫ થી ૩૦ અબજ વર્ષ પહેલાં થયું હતું. (૧૫ અબજ વર્ષની મર્યાદા અમેરિકાની છે. ૩૦ અબજ વર્ષની મર્યાદા રશિયનોની છે.) બ્રહ્માણ્ડન્ડનું સર્જન થયું તે પહેલાં બ્રહ્માણ્ડનું બધું દ્રવ્ય એક વિરાટ અગનગોળામાં કેન્દ્રિય થયેલું હતું. એ અગનગોળાનું ઉષ્ણતામાન અબજો અંશ સેન્ટિગ્રેડનું હતું અને ઉષ્ણતામાન વધતાં વધતાં આખરે એ ગોળો ફાટયો અને એમાંનું દ્રવ્ય મહાવેગથી ચારે દિશાઓમાં ઊડયું. એ દ્રવ્યમાંથી આપણી ગેલેક્સી, એ ગેલેક્સીમાંના ૧૦૦ અબજ તારાઓ; આપણી ગેલેક્સી જેવી બીજી ૨૦૦ અબજ ગેલેક્સીઓનું સર્જન થયું. આ બ્રહ્માણ્ડ અંગેની બીગબેંગ થિયરી - મહાસ્ફોટ નો સિદ્ધાન્ત છે. અને આજે ઘણા બધા વિજ્ઞાનીઓએ એનો સ્વીકાર કરેલો છે. આ ઉપરાન્ત એક સ્ટેડીસ્ટેઈટ યુનિવર્સનો એટલે કે બ્રહ્માણ્ડ છે તેવુંને તેવું જ રહ્યું છે એવું પ્રતિપાદન કરતો સિદ્ધાન્ત પણ છે અને આપણા અગ્રણી વિજ્ઞાની ડો. નારળીકર એ સિદ્ધાન્તના એક પુરસ્કર્તા હતા - જો કે હવે કદાચ એ સિદ્ધાન્ત અંગે તેઓ એટલા બધા ઉત્સાહી નહિ હોય. આઈન્સ્ટાઈનના સમીકરણોમાં થોડો સુધારો કરીને ફ્રાઈડમેન વગેરે વિજ્ઞાનીઓએ પણ બ્રહ્માણ્ડ વિકસી રહ્યું છે એ ગણિત વડે પુરવાર કર્યું હતું. હબલે વિકાસશીલ બ્રહ્માણ્ડના સિદ્ધાન્ત માટે 'રેડ શિફ્ટ' નો દૃક્પ્રત્યક્ષી પુરાવો પૂરો પાડયો હતો.

# શ્રી અરવિંદ તથા શ્રી માતાજીની જીવનદષ્ટિ

પૃથ્વી પર અનેક સંતો તેમ જ ધર્મપ્રવર્તકો આવ્યા. અનેક ધર્મો પાંગર્યા અને અનેક ધર્મ ગ્રન્થો તેમ જ શાસ્ત્રો રચાયાં. આ બધા જ સંતોના કથનોનો નિચોડ શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં સ્વાભાવિક રીતે જ આવી જાય છે; તદ્‌ઉપરાંત એમણે હવે પછી આવનાર ઉત્ક્રાન્તિનો જે તબક્કો છે તેનું વર્ણન તેમ જ અતિ માનસ ચેતના વિશે ઘણું લખ્યું છે તેમ જ કહ્યું છે.

શ્રી અરવિંદ મહાયોગી હતા, બાળપણમાં જ યુરોપમાં અભ્યાસ કરી જ્યારે ભારત પાછા ફરતાં હતાં ત્યારે જ તેમને અનેક આધ્યાત્મિક દર્શનો થવા લાગ્યા. કલકત્તા ગયા, રાજકારણમાં પડ્યા, બૉમ્બ કેસમાં પકડાયા અને જેલમાં ગયા. જેલમાં જ એમના હાથમાં ગીતા આવી અને વાસુદેવનાં દર્શન એમને બધામાં જ થયા. સમગ્રમાં એમને વાસુદેવનાં દર્શન થયા તે એટલે સુધી કે ન્યાયાધીશ અને કેસ ચલાવનાર સર્વે વાસુદેવનાં જ સ્વરૂપો છે એમ એમને ભાસ્યું; જેલમાંથી છૂટયા અને પ્રભુના આદેશ પ્રમાણે પોંડીચરી આવ્યા. તે વખતે પોંડીચરી ફ્રેન્ચ વસાહત હતી. સાથે ત્રણ ચાર જણાં હતાં.

આમ શ્રી અરવિંદે પ્રભુના આદેશ મુજબ પૃથ્વીના કલ્યાણાર્થે મહા યોગનો આરંભ કર્યો.

એમણે જોયું કે મનુષ્ય જ્યાં સુધી દ્વંદ્વમાં જ જીવે છે, ત્યાં સુધી એ શાશ્વત સુખોથી વંચિત રહે છે. રાગ–દ્વેષ, હર્ષ–શોક આનંદ - દુઃખ, જન્મ - મૃત્યુ આ મનુષ્યનું – મનના બનેલ આ માનવનું – આ ભાગ્ય છે. આમાંથી એ નીકળે તો જ શાશ્વત સુખ પ્રાપ્ત થાય.

દરેક મનુષ્ય શરીર, મન અને પ્રાણ ઉપરાંત આત્માનો બનેલ છે. આત્મા સ્વયંપ્રકાશિત, શાશ્વત તથા સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છે. મનુષ્યનું આ જે સાચું વ્યક્તિત્વ છે તે એને પ્રાપ્ત થાય તો જ એના જીવનમાં દિવ્યતાનાં પગરણ મંડાય.

શ્રી અરવિંદે જોયું, કે મનુષ્ય ગમે તેટલા ધર્મગ્રન્થો વાંચે, ક્રિયાકાંડો કરે, કે બીજા મનુષ્યની સેવા કરે પણ જો એને આત્મજ્ઞાન નથી, આત્માનું દર્શન કે સાક્ષાત્કાર નથી કે આત્માને જીવનમાં વણ્યો નથી તો એના જીવનમાં પ્રભુનો પરમ ઉદ્દેશ સાકાર થતો નથી. એનામાં દિવ્ય શાંતિ, દિવ્ય જ્ઞાન, દિવ્ય આનંદ, દિવ્ય શક્તિ, દિવ્ય તેજ, દિવ્ય જ્યોતિનું અવતરણ થતું નથી. એ ફક્ત માનવ ચેતનાનો જ બની રહે છે દિવ્યચેતનાનો નહીં.

આત્માના બે ભાગ છે, એક ભાગ Static સ્થિત સત્તા છે જે ( Awareness ) દષ્ટા છે. બીજો ભાગ Dynamic જે શક્તિનો ( Power ) છે. જે જગતનું નિર્માણ કરે છે.

શ્રી અરવિંદ કહે છે, કે જેમને મોક્ષમાં જવું હોય તે આત્માનાં પહેલા ભાગમાં ચાલ્યા જાય. – જેમકે જેને આ જગતમાં રસ નથી જગત મિથ્યા ભાસે છે તથા પાછા જન્મ લઈ આ પૃથ્વી પર આવવાની ઈચ્છા નથી, તેઓ ખુશીથી શાશ્વત એવી આત્મદશામાં ચાલ્યા જઈ શકે છે; પણ પ્રભુનો ઉદ્દેશ એ નથી. પ્રભુનો ઉદ્દેશ આ સમસ્ત પૃથ્વીને પ્રભુમય બનાવવી એ છે. એટલે જેમણે એમનો યોગ કરવો હોય તેમણે આત્માના બંને ભાગોનો સાક્ષાત્કાર કરીને આગળ વધવું પડશે. પ્રભુનો પરમ આનંદ આ પૃથ્વી પર પ્રગટ કરવો પડશે.

શ્રી અરવિંદે એ પણ જોયું કે આ પૃથ્વી પર મનુષ્ય આત્માનું દર્શન થતા જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે અને છતાં એને પામતાં ઘણો જ વિલંબ થાય છે, તેમ જ અનેક જન્મો નીકળી જાય છે એનું કારણ એ જ છે કે સત્ ચેતના Truth consiousness જે પરમ ચેતનામાં રહેલી છે તે પૃથ્વીની ચેતનામાં ઓતપ્રોત થઈ નથી. જો એ સત્ ચેતના જે સત્ - ચિત અને આનંદની બનેલી છે તેને ઉતારવામાં આવે અને પૃથ્વીની ચેતના સાથે એ દિવ્ય ચેતના ઓતપ્રોત થાય તો યોગ ઘણો સરળ બની જાય.

આ ભગીરથ કામ જેવું તેવું નહોતું. શરીર અને શક્તિની મર્યાદામાં રહીને કરવાનું હતું. આ કામનો આરંભ શ્રી અરવિંદે ક્યારનો કરી દીધો હતો. એમણે પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પ્રભુને ચરણે સોંપી દીધું હતું. આ સત્‌ચેતના જેને તેઓ અતિમનસ ચેતના ( Supramental conscius. Force ) કહે છે તે તેમના શરીરમાં ઉતરવા લાગી. શ્રી અરવિંદે જોયું કે પૃથ્વીનાં લોકો હજુ જાગ્રત નથી – જોઈએ તેટલા આ ચેતના ઝીલવા તેમ જ સમજવા તૈયાર નથી, શક્તિમાન નથી અને છતાં એની ગતિ સક્રિય કરવી અતિ આવશ્યક છે તેથી તેમણે પોતાના સ્થૂળ દેહનું ૧૯૫૦ માં તત્કાળ વિસર્જન કર્યું. પોતે સૂક્ષ્મમાં રહી પૃથ્વીની ચેતના પર કામ કરવા લાગ્યા અને શ્રી માતાજીમાં એ સત્ ચેતના ક્રિયામાણ થવા લાગી. ૧૯૫૬ માં અતિમાનસનો સાક્ષાત્કાર થયો. પૃથ્વીની ચેતના સાથે તે ઓતપ્રોત થઈ અને ૧૯૬૭ માં તે પૃથ્વીનાં મનુષ્યોમાં કામ કરવા લાગી. આ હતું શ્રી અરવિંદનું ભવ્ય બલિદાન. પૃથ્વીનાં મનુષ્યો માટે એમની અંદર પ્રેમ અને કરુણા એટલાં હતાં કે એમણે ક્યારેય પોતાનો વિચાર કર્યો જ ન હતો.

આવા શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનને સમજનાર તથા સાકાર કરનાર તેમ જ પૃથ્વીના મનુષ્યોને જેમને માનવમાંથી અતિ માનવ થવું હોય તેમને પૂર્ણ યોગ દ્વારા પ્રભુ સાથે જોડી આપનાર જે મહાશક્તિ, દિવ્ય શક્તિ, પ્રભુની પોતાની ચિત્તશક્તિ તે શ્રી માતાજી, પૃથ્વી પર જન્મેલ મહાયોગીની.

શ્રી માતાજીનો જન્મ ફ્રાન્સમાં એમનું નામ મીરાં. એમનું કુટુંબ એમના જન્મ પહેલાં થોડા જ સમયથી ઈજિપ્તથી આવ્યું હતું. તેથી તેઓ મૂળ ઈજિપ્તનાં. બાળપણથી જ એમને પોતાનામાં અનેક શક્તિઓનું દર્શન થતું હતું. રાતનાં સ્વપ્નામાં પણ એમને અનેક યોગીઓ તરફથી માર્ગદર્શન મળતું અને તેમાં ખાસ એક મુખારવિંદ વારંવાર દેખાતું જેમના તરફથી તેમને ખાસ યોગયાં સૂચનો મળતાં. તેમને તેઓ કૃષ્ણ કહેતાં. યુવાવસ્થામાં આવતાં સુધીમાં તો તેઓ અનેક કળા તેમ જ વિદ્યા જેમ કે યોગવિદ્યા, ગુહ્યવિદ્યા (occult powers) શિલ્પ કળા, ચિત્ર કળા, વિગેરે શીખ્યા.

સ્વપ્નમાં મળતા પોતાના 'કૃષ્ણ'ને શોધતાં તેઓ ભારત સુધી આવ્યા. અચાનક જ એમનો મેળાપ શ્રી. અરવિંદ સાથે પોંડીચેરીમાં થયો. મીરાંએ પોતાના ગુરુને, ઓળખી કાઢ્યા. પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. એમને ફ્રાન્સ પાછા જવું પડ્યું. વિશ્વ યુદ્ધ પૂરું થતાં જ તેઓ પાછા પોંડીચેરી આવ્યા. પોતાનો તથા પોતાના ગુરુનો આધ્યાત્મ માર્ગ એક જ છે તેવી પૂરી સમજણ સાથે પોતાનું પૂર્ણ સમર્પણ કરી મીરાં પોંડીચેરીમાં કાયમ માટે રહી ગયાં.

શ્રી અરવિંદના પૂર્ણ યોગનો પૂર્ણ સાક્ષાત્કાર કરવા તથા કરાવવા મીરાએ ૧૯૨૬ માં શ્રી અરવિંદ આશ્રમની સ્થાપના કરી. દુનિયાભરમાંથી મનુષ્યો, જ્ઞાન, ભક્તિ અને કર્મયોગના સમન્વય દ્વારા પોતાના વ્યક્તિત્વનું પ્રભુને પૂર્ણ સમર્પણ કરી, અતિમાનસ સાક્ષાત્કારને પોતાનામાં મૂર્ત સ્વરૂપ આપવા આશ્રમમાં આવવા લાગ્યાં. આમ મીરાં આશ્રમનું સંચાલન કરતાં કરતાં

મીરાંમાંથી શ્રી માતાજી બન્યાં, અંતરની ઝંખના પ્રમાણે કાળક્રમે સમસ્ત પૃથ્વીનાં બાળકો ઉપર પ્રેમ વર્ષાવવાં લાગ્યાં.

શ્રી માતાજી કહે છે: "ધ્યેય વિનાનું જીવન હંમેશા દુ:ખી જીવન જ હોય છે. તમારે સૌ કોઈને જીવનનું ધ્યેય હોવું જોઈએ પરંતુ એ ન ભૂલશો કે તમારું જીવન જે પ્રકારનું હશે તે પ્રમાણે જ તમારા ધ્યેયનું સ્વરૂપ બંધાશે.

તમારું ધ્યેય ઉચ્ચ અને વિશાળ રાખો, ઉદાર અને આસક્તિ વિનાનું રાખો. એમ કરશો તો તમારું જીવન તમારે પોતાને માટે તેમ જ અન્ય સર્વને માટે એક કિંમતી વસ્તુ બની રહેશે.

પરંતુ તમારો આદર્શ ભલે ગમે તે હો, પણ જ્યાં સુધી તમે તમારી પોતાની અંદર પૂર્ણતા પ્રાપ્ત નહિ કરી હોય ત્યાં સુધી એ આદર્શનો તમે પૂર્ણ રીતે સાક્ષાત્કાર નહિ કરી શકો. આ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગલું છે સચેતનતા. તમારે પોતાને વિશે સચેતન બનો, તમારા સ્વરૂપના જુદા જુદા ભાગો વિષે સચેતન બનો અને તે દરેકના જુદા જુદા કાર્ય વિશે સચેતન બનો."

**શ્રી માતાજી પ્રાર્થનામાં કહે છે:**

"વિનાશનો આ વંટોળિયો ભૂતકાળને વાળી ઝૂડીને સાફ કરી રહ્યો છે, તેમાં બધી જ ભૂલો, બધા જ પૂર્વગ્રહ બધી જ ગેર સમજૂતીઓ અદશ્ય થઈ જવી જોઈએ...પ્રકાશ સંપૂર્ણપણે વિશુદ્ધ બની જવો જોઈએ અને એમ થતાં તું તેની અંદર પૂર્ણપણે આવિર્ભાવ પામી શકશે. પ્રભુ, તારી પાસે શકિત રહેલી છે. તું આ પરમ ચમત્કાર સિદ્ધ કરી આપશે જ. આ રીતની ચેતનામાં તેં વિજયની નિશ્ચિતતા મૂકી આપી છે."

**શ્રી માતાજી બાળકને આદર્શ બાળક બનવા કહે છે:**

"હિંમતવાન બનો અને તમારી જાતને આટલું બધું મહત્ત્વ ન આપો. તમે તમારા નાનકડા અહંના કેન્દ્રની આસપાસ જ તમારી તમામ વૃત્તિઓને ગોઠવી છે એટલે જ તમે ઉદાસ અને અસંતુષ્ટ છો. પોતાની જાતને ભૂલી જવી: એ જ બધાં દુ:ખોનો ઈલાજ છે."

"એ કદીયે ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરી રહેલાં છે, માર્ગ બનાવી રહેલાં છે. એ એક એવો સાથી છે જે કદીય તમારો સાથ ત્યજતો નથી. એ એક એવો મિત્ર છે જેનો પ્રેમ આશ્વાસન આપે છે, બળ આપે છે.

શ્રદ્ધા રાખો અને તમારે માટે તે બધું કરી દેશે."

અને છેલ્લે આપણે શ્રી અરવિંદ આપણને શું કહેવા આવ્યા હતાં તે શ્રીમાતાજીનાં જ શબ્દોમાં કહીએ.

શ્રી અરવિંદ આપણને કહેવા આવ્યા હતા:

"સત્યને પામવા માટે આપણે પૃથ્વીને છોડી જવાની જરૂર નથી.

આપણા આત્માને પામવા માટે આપણે જીવનને છોડી-જવાની જરૂર નથી.

પ્રભુ સાથે સંબંધમાં આવવા માટે આપણે-જગતનો ત્યાગ કરવાની જરૂર નથી-અથવા તો માત્ર અમુક જ માન્યતાઓ ધરાવવાની નથી.

પ્રભુ તો સર્વત્ર અને સર્વ વસ્તુઓમાં રહેલા છે અને જો તે છુપાયેલા છે, તો તેનું કારણ એ છે કે આપણે તેમને શોધી લેવાનું કષ્ટ ઉઠાવતાં નથી."

—દામિની જરીવાલા

# મૌન

પ્રાચીન કાળમાં, મુનિઓનાં આચરણને માટે 'મૌન' શબ્દનો પ્રયોગ થતો. મુનિઓ જે કંઈ કરતા તે બધાને 'મૌન' કહેવામાં આવતું. મુનિઓની એક ખાસિયત વિશેષ રીતે તરી આવતી. તેઓ ઓછું બોલતા. તેથી પછીના સમયમાં, વાણીના સંયમ માટે 'મૌન' શબ્દનો પ્રયોગ રૂઢ બન્યો.

વાણીના સંયમનો મહિમા અનેક જગાએ ગાવામાં આવ્યો છે. જીવનમાં અનેક પ્રસંગોએ મૌન કાર્યસાધક નીવડે છે. સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે, કે मौनं सर्वार्थ साधनम् । એટલે કે મૌન દ્વારા સર્વ અર્થ સિદ્ધ થઈ શકે છે. વાણીના સ્વચ્છંદ પ્રયોગથી કંઈ પ્રાપ્ત થતું નથી એવો પ્રચ્છન્ન અર્થ પણ એ સુવાક્યમાંથી જાણી શકાય છે.

જગતમાં આપણી આસપાસ વ્યર્થ જીભાજોડી કરનારા અનેક માનવોને આપણે જોઈએ છીએ. ઘણીવાર આવી પ્રવૃત્તિથી મતભેદ ઊભા થાય છે અને મૈત્રીનો સંબંધ તૂટી જાય છે. વ્યર્થ જીભાજોડી કોઈક વ્યકિત માટે પ્રાણઘાતક નીવડી હોય એવા સમાચાર ઘણીવાર વૃત્તપત્રોમાં ચમકે છે. આ કારણે જ સંતોએ વાચાળતાની નિંદા કરી છે અને મૌનની પ્રશંસા કરી છે. અરબસ્તાનમાં એક કહેવત જાણીતી છે, કે મૌનના વૃક્ષ ઉપર શાંતિનાં ફળ બેસે છે. બાઈબલમાં પણ કહેવામાં આવ્યું છે, કે જે પોતાની વાણી ઉપર કાબૂ રાખતા નથી તે પોતે વિનાશને નોતરે છે. એક ચિંતકે જણાવ્યું છે, કે હું શા માટે મૌનભાવે રહ્યો તેનું મને ક્યારેય દુ:ખ થયું નથી; હા, એ વાતનું દુ:ખ અનેક વાર થયું છે કે હું શા માટે બોલી ઉઠયો? મહાત્મા ગાંધીજીએ પણ મૌનના મહત્ત્વને ક્યાં પારખ્યું ના હતું? તેથી જ તો સપ્તાહમાં તેઓ એક દિવસ મૌનનું આચરણ કરતા. પૂજ્ય વિનોબાજી પણ મૌનના હિમાયતી છે અને મૌનના સુદીર્ઘ આચરણ માટે જાણીતા છે.

મૌનના આચરણથી પોતાના અજ્ઞાનને છૂપાવનારા દંભીની અહીં વાત કરવામાં આવી નથી. અહીં તો જ્ઞાન, વિવેક અને સંયમની ત્રિપુટીથી સિદ્ધ થયેલ વાણીના સંયમનો જ મહિમા ગાવામાં આવ્યો છે.

સ્વચ્છંદ રીતે બકવાસ કરનારને આત્માની શાંતિ મળે ખરી? ના, મૌન અને એકાન્ત આત્માના સર્વોત્તમ મિત્રો મનાયા છે. હૃદય-ગુહામાં પ્રવેશ ઈચ્છનારે આત્મશુદ્ધિ અર્થે મૌનનો સહારો અવશ્ય લેવો પડશે.

મૌનના લાભને સમજાવતું એક દષ્ટાંત ખૂબ જાણીતું છે. તેની વિગત નીચે મુજબ છે. બે સ્ત્રીઓ વચ્ચે કાયમ ઝઘડો થયા કરતો. આવી રોજની રામાયણથી કંટાળીને તેમાંની એક સ્ત્રી એક સંત પાસે ગઈ. ઝઘડાના નિવારણ માટે સંતે તેને એક જડીબુટ્ટી આપી અને સાથોસાથ જણાવ્યું કે ઝઘડો થાય ત્યારે આ વસ્તુ દાંત વચ્ચે દબાવી રાખવી. આ ઈલાજ કામિયાબ સાબિત થયો તેથી પેલી સ્ત્રીએ સંત પાસે આવી જડીબુટ્ટીની ચમત્કારિકતાની પ્રશંસા કરી. સંતે જણાવ્યું કે એ ચમત્કાર જડીબુટ્ટીનો નથી પણ મૌનનો છે. જ્યારે તે જડીબુટ્ટી દાંત વચ્ચે રાખવામાં આવતી ત્યારે બોલવાની પ્રવૃત્તિ બંધ રહેતી અને ઝઘડાને આગળ વધવા માટેનું દ્વાર વસાઈ જતું. આમ મૌન વેરઝેરને નાબૂદ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે એટલું સક્ષમ શસ્ત્ર સાબિત થયું છે.

પ્રશ્ન થાય કે બધાને મૌનનું આચરણ પોસાય ખરું? 'બોલેતેનાં જ બોર વેચાય' એ કહેવત તો આની વિરોધી ઠરશે. આના જવાબમાં કહેવાનું કે મૌનનો અર્થ છે વાણી ઉપરનો કાબૂ. જો કોઈ કંપનીનો સેલ્સમેન પોતાના માલનાં વખાણ કરે અને સાથોસાથ બીજી કંપનીના માલની નિંદા કરે તો અનિષ્ટ પ્રસંગ ઊભો થાય. શું બોલવું અને શું ન બોલવું તેનો વિવેક પણ મૌન જ ગણાય. ચૂંટણીનો પ્રચારક પણ આવા વિવેકથી અનેક વાદવિવાદોને દૂર ઠેલી શકે. કોઈના મર્મને આઘાત થાય એવું ન બોલવું એમ 'મનુસ્મૃતિ'માં પણ કહેવામાં આવ્યું છે.

ધાર્મિક દષ્ટિએ વિચારતાં પણ લાગે છે, કે એકાગ્રતા સિદ્ધ કરવા માટે મૌન ઉપયોગી છે. વાચાળતા અશાંતિ ફેલાવે છે. જ્યારે મૌન તો શાંતિનું સર્જન કરે છે. વાણીના સદંતર અભાવની નહીં પણ વાણીના વિવેકરૂપી મૌનની હિમાયત શ્રી માતાજીએ પણ કરી છે. આપણે આવા મૌનનું આચરણ કરવાની ટેવ પાડીએ તો સારાં પરિણામ બહુ દૂર નહીં રહે.

અરુણ શાં. જોષી

# ☆ કાળી રાણીની શોકકથા ☆

અજંટાનો પરિસર પહેલેથી જ શાંત, ત્યાંના ડુંગર કાળા તપખીરી એવા જ છે. વચ્ચે વચ્ચે ગીચ ઝાડીની હરિયાળી તેના શરીર પર ઉપસેલી દેખાય છે. ઉપરનું આકાશ ઘેરું નીલ છે; પણ એ રંગ નીલવંતીનો લસલસતો નાચતો મત્ત રંગ નથી. એ રંગ મંદ છે. નીચેની લીલી વનરેખાના પગ નીચે તપખીરી કાળાશ પડતો રંગ માઈલોના માઈલો વિસ્તરેલો છે. ડુંગરની ધારનો એ ગંભીર સનાતન રંગ આકાશની નીલિમાને પણ પુખ્ત બનાવે છે. ગંભીર બનાવે છે. ચકરાતો, સૂસવાતો જતો ઉન્મત મારુત પણ અહીં ગુફાના મુખ પાસે ક્ષણભર અટકીને કાન સરવા કરે છે. અંદરનું વિશ્વ અંધકારમાં ડૂબેલું છે. પ્રકાશનું ચાંદરણું પણ અકળાતું અકળાતું જ ત્યાં આવે છે. પણ એક વાર આવે એટલે તો અંદરના કળાવિશ્વના જીવનનો સાક્ષાત્કાર કર્યા પછી તેનાથી બહાર આવતું જ નથી. તે ત્યાં જ અટવાઈ જાય છે. એ જ પ્રકાશનું ચાંદરણું બે હજાર વર્ષોથી ત્યાં આમ અટવાઈ ગયું છે એમ જ કહોને! પણ તેને લીધે જ તો એ અંધકારમાં માણસો પણ તેની જેમ તે ગુફાની અજાયબી જોતા ઊભા રહે છે. એક સમયે આ ભાગમાં જે ધર્મપંથ જીવંત હતો તેનો સાક્ષાત્કાર અંદરના ચિત્ર-દ્વારા કરવા માગે છે. બૌદ્ધ મતની ગૂઢ છાયાથી શબલિત થયેલું, પ્રાચીન કથાઓ અને પ્રાચીન ઈતિહાસમાં વિખરાયેલું એ જીવન પોતાના અનુભવ સાથે તોળી જુએ છે. મનુષ્યના અનુભવો યુગે યુગે સરખા જ, પણ તેમાંથી પ્રતીત થયેલું સત્ય તો હૃદય—હૃદયને નિરાળું લાગે છે. ગૌતમ બુદ્ધનું જીવન અને તેમણે આજુબાજુના સમાજજીવનમાં જે સ્થિત્યંતર કરાવ્યાં તેની જ સ્થૂળ કથા અજંટાના ચિત્રચિત્રમાં પ્રતિબિંબિત થઈ છે.

શાં સ્થિત્યંતરો કરાવ્યાં બુદ્ધે? ક્યું નવચૈતન્ય તેમણે નર-નારીઓને આપ્યું? ક્યું સત્ય તેમણે લોકોને કહ્યું, જેને લીધે ઘર-બારનો ત્યાગ કરીને સુખી, સંસારી માણસો પણ સંન્યાસી જીવન સ્વીકારવા તૈયાર થયા? જન્મ, વ્યાધિ જે દુઃખ ભરેલું છે, તેની પ્રતીતિમાંથી બુદ્ધનું આર્ય - સત્ય સાકાર થયું છે. અનેકોએ ગૌતમ બુદ્ધને દુઃખના ઉદ્‌ગાતા, નિરાશા-નું તત્વજ્ઞાન ગાનાર તરીકે કપરો ઠપકો આપ્યો છે. પણ જરા માથું ઊંચું કરો ને જુઓ એ ધ્યાનસ્થ બુદ્ધમૂર્તિ તરફ! તે નિરાશાનું પ્રતીક છે? ના, ના સનાતન આશાનું ચિરકોમલ હાસ્ય તે મૂર્તિના હોઠ પર ફૂટેલું છે. કાળ તે કદીયે ભૂંસી નહીં શકે. તે મૂર્તિનાં નેત્ર અર્ધાં ખુલ્લાં – અર્ધાં મીંચાયેલાં છે. હમણાં જ ખીલતી કમળ કળી હોય એવાં. તે કળીની જેમ જ તેમનાં નેત્રનાં પોપચાં ભરેલાં છે, ગંભીર છે અને સ્થિર પણ છે. કળીનું ફૂલ થાય છે. પણ અહીં તો પૂર્ણ વિકસિત પુષ્પની ફરીથી અર્ધસ્ફૂટ કળી થઈ છે. નવવિકસન અને વિકાસ એ બંને અવસ્થાનાં આંદલનોને અને કંપનોને સ્થિર રૂપ આપીને બુદ્ધનાં નેત્રોએ મનુષ્યને એક નવી જ અસ્ફૂટ દૃષ્ટિથી જગત તરફ જોતાં શીખવ્યું. સંસારમાં હજારો સુખ હોય તો પણ તેમાં હજારો ભય પણ છે. સંસાર જ મૂળ તો ક્ષણભંગુર છે. અને તેમાં અનંત સુખની આશા જ નથી. તેમાં ઈશ્વર નથી. વેદ જેવાં વચનો પણ તમને તે દુઃખમાંથી તારી શકતાં નથી તો પછી મનુષ્યને તારે છે તે શું? મનુષ્યને તારે છે તેની આત્મપ્રતીતિ, તેની વિશ્વ વિશેની સદ્‌ભાવના. ચરાચર માટે વ્યકિતનિરપેક્ષ પ્રેમ જ મનુષ્યજીવનની સાર્થકતાની નિશાની. મૈત્રીની ભાવના થાય કે, મનુષ્ય બધાં દુઃખમાંથી મુકત થાય છે. મનુષ્યે પોતે જ પોતાના મન પર કરવાનો આ પ્રયોગ ગૌતમ બૌદ્ધે જગતને શીખવ્યો; તેની અસર અનેક લોકો પર અનેક રીતે થઈ. તેનાથી પણ કોઈક સુખી થયા, કોઈક દુઃખી પણ થયા.

કોઈક દુઃખી થયા, એમ મેં કહ્યું તે સાંભળીને કેટલાક મુંઝ-વણમાં પડશે. પણ તો આ આસન્નમરણ કાળી રાણીની જ કથા સાંભળોને. એટલે કોણ સુખી કે દુઃખી થતું હોય છે એ તમને પણ સમજાશે. આ જુઓ એક રાજમહેલ છે. તેજોહીન, ઉદાસ અને મૃત્યુચ્છાયાથી ભરેલો. કોઈક કહે છે તે પ્રસાદનો ધણી, તે રાજા નંદ. તેનાં હમણાં જ લગ્ન થયાં છે. ઘરબારનો ત્યાગ કરીને ગૌતમ બુદ્ધનો અનુયાયી થયો છે. સ્વેચ્છાથી થયો છે. નંદ ગૌતમ બુદ્ધનો સાવકો ભાઈ. ગૌતમને પુત્રસમાન ઉછેરનાર, ગૌતમી પ્રજા-પતિનો પુત્ર. અતિશય સુંદર પ્રેમાળ પત્ની તેને મળી છે. કિન્નર યુગ્મની જેમ આ દંપતી પણ પરસ્પર ઉપર અતિશય અનુરક્ત હતું; પણ કંઈ પણ દૈવી સંપત્તિનું ચિંતન જેને ભાગે આવે છે ને, તેના મનમાં લગ્નના દિવસે જ યોગાનુયોગે એક મોટી તિરાડ નિર્માણ થાય છે. ગૌતમ બુદ્ધના જીવનમાં એક આવી જ ફાટ ન પ્રવેશી? જુઓ તે ફાટનું ચિત્ર. પ્રસૂતા યશોધરા નવજાત રાહુલને પડખામાં લઈને સૂતી છે. બાજુમાં દાસીઓ પણ સુખથી સૂતી છે. અને રાજપુત્ર ગૌતમ ફકત દૂર ઊભો રહીને પત્ની - બાળકના સંસારનું છેવટનું દર્શન કરે છે. તેનો નિશ્ચય પાક્કો થયો જ. લાડકો પુત્ર, પ્રિયપત્ની, આદરણીય ધણી, ઐશ્વર્ય-સંપન્ન રાજપુત્ર, રૂપ - યૌવન, બળ, કૌશલ્ય વગેરેથી યુકત એવો આ માણસ રાજામાંથી ભિખારી થવા નીકળ્યો છે, અને પછી અનેક વર્ષો બાદ આ ભિખારીમાંથી બુદ્ધ થઈને ભગવાનની પદવીએ પહોંચવાનો સંકલ્પ તેનો પાર પડ્યો છે.

આવો જ સંકલ્પ એ જનપદકલ્યાણીના પતિએ, નંદે પણ કર્યો. પતિવ્રતા, પ્રિયતમા એવી તેની ભાર્યા તેના વિરહમાં ઝૂરતી હતી. તેનું રૂપ ઊતરી રહ્યું છે. કાયા કાળી પડતી હતી. ઘર-બાર ઉદાસ, થયાં હતાં. તેની માયાથી એ ભિક્ષુ ફરી ફરી તેને મળવા આવતો. પોતાને માર્ગે તેણે ચાલવું એવો બોધ આપતો. બુદ્ધનાં વચનો પર શ્રદ્ધા રાખવા તેને કહેતો; ધીરજ આપતો. પણ આ પરિત્યકતા બહુ જુદી જ. સંસારમાં જ મોક્ષ માનનારી, પતિચરણમાં જ સ્ત્રીજન્મની સાર્થકતા છે એમ માનનારી હતી. સાધુસંત, જોગી, જતિ, વગેરે માટે તેને ખૂબ આદર હતો, તો પણ પોતાનો પતિ સંસારનો ત્યાગ કરીને સંઘવાસી યતિ થયો; એ જોઈને તેને ખૂબ દુઃખ થયું. તે પતિની પ્રતીક્ષા કરવા લાગી. ભિક્ષાના નિમિત્તે પતિ તેને બારણે આવે, બંનેનું મિલન થાય; પ્રેમાલાપ થાય; પણ એ બધું ક્ષણ પૂરતું જ સુખ હતું. આસપાસ વિરહનું કાળું પડ હતું. પોતાનો પતિ સંન્યસ્ત જીવનનો જલદી ત્યાગ કરશે. બાળબચ્ચાંમાં, ઘરસંસારમાં, રાજપદમાં પરોવાઈ જશે એવું સપનું તેણે હૃદયમાં ધારેલું હતું. પણ પતિએ તો ક્યારેય, ગપ્પાંસપ્પાંમાં પણ પોતે યતિ જીવન છોડવાનો છે એમ કહ્યું નહોતું. તે તેના પ્રેમને કારણે આવતો, પણ સંસાર તેને આકર્ષતો નહોતો.

એકવાર તેના આવવાનો નિયમ ચુકાઈ ગયો. તેણે વાટ જોઈ; તે ઉપવાસી રહી; રડયા કર્યું. બીજો, ત્રીજો, ચોથો એમ સાત દિવસ નીકળી ગયા. તે ઉપવાસથી ક્ષીણ થવા લાગી. એ આવ્યો નહીં. તેણે સંદેશો મોકલ્યો; તે આસન્નમરણ થઈ; તો પણ તે આવ્યો નહીં. ગૌતમ બુદ્ધના કાને તેમનાં મિલ-નોની વાત ગઈ હતી. ગૌતમે તેને એ મોહમાંથી પરાવૃત થવાનો ઉપદેશ આપ્યો. 'સંસાર છોડ, નહીં તો સંન્યાસ છોડ.' એવો આદેશ તેને આપ્યો. તે ક્ષણે જે તિરાડમાંથી ગૌતમ બુદ્ધને બોધ મળ્યો, એ જ તિરાડમાંથી તેના આ શિષ્યને સત્યધર્મનો સાક્ષા-ત્કાર થયો. સંન્યાસ જીત્યો, સંસાર હાર્યો. આસન્નમરણ પત્ની પાસે તે ગયો નહીં. તેના દર્શનનો મોહ ટળે નહીં, ત્યાં સુધી પોતે બીજો મોહ કોઈ ટાળી શકશે નહીં એવી તેને ખાત્રી થઈ.

તે આસન્નમરણ રાજસ્ત્રી તેની તરફ આંખ માંડીને બેઠી; આખું કુટુંબ વ્યાકુળ થયું. બચાવવા માટેના પરાકાષ્ઠાના પ્રયત્ન થયા. વૈદ્યરાજ આવ્યા; રાજપુરુષો આવ્યા; દાસી પવન નાખવા લાગી; પણ તેનાથી પવન પણ સહન થતો નહોતો; આંખનાં પોપચાં ભારે થવા લાગ્યાં. તે મીંચાવા લાગ્યાં તો પણ તે બળપૂર્વક તેને ઉઘાડવા લાગી.

"તે આવે તો? ના; હું સૂઈશ નહીં. મને બેઠી કરો. તેમને જોવા દો. પછી હું સુખેથી મરીશ."

મોટી પરિચારિકા ધીરજવાળી હતી. રાણીથી હવે વસ્ત્ર પણ

સહન થતું નહોતું. તેણે તેના વાંસા પર બંને હાથ ધરીને તેને બેઠી કરી. તેની મમતાના હાથનો સ્પર્શ રાણીના હૃદયને થયો. તે જરા ભાનમાં આવી. વૈદ્યે ફરીથી દવા આપી; પણ નાડી ક્ષીણ થઈ રહી હતી, શ્વાસ જોરમાં ચાલતો હતો. હૃદય ધડકતું હતું.

"તેઓ નહીં આવે; ભલે ન આવે; પોતાની પ્રતિજ્ઞા તેમની પાસે તોડાવશો નહીં. તેમનો રાજમુગટ લાવો; તે જ હું જોઈશ. તે જ તેમનું દર્શન. તેમને પુત્ર નથી; વંશનું રાજ-ચિહ્ન હવે વાંઝિયું થયું? આવશે; મારા ગયા પછી પણ તેઓ કદાચ આવશે. મારા ગયા પછી પણ બીજા કોઈક સાથે સંસાર માંડશે "હં શું કહું મેં? તેઓ નહીં આવે. તે મુગટ તેમની પાછળ જશે; તેઓ જશે ત્યાં. લાવો રે તે મુગટ જોવા દો તે મને. જોવા દો"

આ બાજુ નાડી મંદ થતી જતી હતી. નાની પરિચારિકાની ધીરજ ખૂટી; કારણ કે, પેલી તરફ વૈદરાજ "બધું પૂરું થયું!" એમ એક સેવકને કહેતા હતા. રાજપુરુષોએ પોતાની સ્વામિની સમક્ષ ઘૂંટણ ટેકવ્યા. રાજમુગટ તેની સામે ધર્યો; પણ તેની આંખો ઉઘાડી હોય તો યે હવે તેમાં નજર રહી નહોતી; તેમના ચહેરા પણ રડું રડું થઈ ગયા. તેનામાં જીવનની ધબક હતી અને મુખ પર ચિરપ્રતીક્ષાથી નિર્માણ થતી આશા-નિરાશાનો સંમિશ્ર ભાવ વધુ ને વધુ દઢ થઈને ખોડાઈ રહ્યો હતો. જે ભાવમાં તેનું ચૈતન્ય હતું. તેનું સ્નેહનિધાન હતું, તે ભાવે મૃત્યુની ટાઢાશને હતબલ કરી. પ્રેમની હૂંફ તેનો આવિષ્કાર અજેય રહ્યો. શરીર કાળું પડી ગયું, મુગટની દિશામાં તેનું મસ્તક નમ્યું. તેના હૃદયે એક જ ધબકારો કર્યો. છેવટનો રુદ્ધ શ્વાસ બહાર આવ્યો. 'ના, ના.' એવી ગતિમાં ડોકું હલ્યું. એક બાજુએ નમી પડ્યું. કાળી રાણી જનપદકલ્યાણી સંસારી સ્ત્રીની વિરહવેદનાઓની ફરિયાદ કરવા કાળ સમક્ષ ચાલી ગઈ. "जननांतरेपि त्वमेव भर्ता नच विप्रयोग: એમ જ સીતાની જેમ તે બોલતી હશે. બીજો જન્મ જોઈએ. તે જન્મમાં તું જ મારો પતિ જોઈએ. પણ વિરહ તો નહીં; વિરહ નહીં.!"

રાજમુગટ રિક્ત થયો. પૂર્ણપણે જડ થયો. તેનું કાંઈ પ્રયોજન જ રહ્યું નહીં. રાજાએ તેને લાત મારી હતી; રાણીએ છેવટના પ્રાણમાં તેને પૂર્યો હતો; પણ તેથી નિષ્પન્ન શું થયું? તો કેવળ વેદના. આ વેદનાનું બીજું એક મૂગું સ્મારક ચિત્રકારે આલેખ્યું છે. રાણીનો મોર હતો. સુંદર નાચતું એ પંખી. તે પણ તેની પાસે પીંછાં સંકેલીને જાણે મરી ગયો હોય એમ પડી રહ્યો હતો. તેનું માથું જમીન પર ટેકાયેલું હતું. પણ પગ પાછળ ખેંચાયેલા નહોતા. તે પરથી સમજવાનું કે એ મર્યો નથી; પણ તેને મરણપ્રાય વેદના થાય છે એ નક્કી. પરિચારિકાઓના કપાળમાં મોતીના ચાંદલાં છે; વાળમાં ફૂલો છે. વક્ષ પર રત્નમાળા છે; તે પરથી અનુમાન થાય કે આ ઉપવર છોકરીઓ કાલે પોતાના સંસારમાં જોડાઈ જશે. રાણીના સંસારની ઉદાત્ત શોક-કથા તેઓ સાથે લઈ જશે. રાજા માટે દઢ શ્રદ્ધા તેમના મનમાં રહેશે. કારણ કે, તે મોહમાયાને જીતેલો ધર્મવીર છે. રાણી માટે ભક્તિ રહેશે કારણ કે તે પતિચરણે સર્વસ્વ અર્પણ કરનારી પતિવ્રતા છે. આસન્નમરણ રાણી અને તેના પરિવારના શોક-ભાવની એકાત્મતાનું આ ચિત્ર જગતની એક શ્રેષ્ઠ કળાકૃતિ છે. આ ચિત્ર જોઈને નિ:સ્તબ્ધ ન થયો હોય એવો પ્રેક્ષક વીરલ.

આ ચિત્ર જોયું ને પછી તરત યશોધરાનું ચિત્ર જોયું ને ત્યારે મારા મનમાં તે બંને વચ્ચેનો વિરોધ સ્પષ્ટ થયો. યશોધરા-એ વિયોગનું દુ:ખ પચાવ્યું; પુત્રને મોટો કર્યો. ગૌતમ બુદ્ધ પહેલી વાર તેની પાસે ભિક્ષા માગવા આવ્યા ત્યારે યશોધરા સ્તબ્ધ થઇ નહીં; રડી નહીં; તેણે પુત્રને કહ્યું, 'તારા પિતાને કહે કે, મારો ભાગ મને આપો." ગૌતમ બુદ્ધે તેને પોતાની પાસેનું બહુ મૂલ્ય ધન એટલે યતિદીક્ષા આપી. યશોધરા સંકેત સમજી. અને તેણે પણ પોતે સંન્યાસ દીક્ષા લઈને વિરહને નવું રૂપ આપ્યું. અભિનવ વરદાન આપ્યું. કાળી રાણીની શોકકથા ન હોત તો યશોધરાનું આ વરદાન કેટલું મહાન છે એ કોઈને ય કેમ સમજાયું હોત? પોતાના પતિનું શ્રેય વ્યક્તિનિરપેક્ષ છે; માનવતાનું અતિ-ઉચ્ચ બિંદુ છે, એ તે સમજી. તે શ્રેયમાં તે એકરૂપ થઈ. સિંધુમાં બિંદુ મળે એ રીતે. પણ જનપદકલ્યાણી તો એકાકી, નિરાશાના અતળ સમુદ્રમાં, બીજા જન્મની ક્ષીણ આશા હૃદયમાં ધરીને ક્યાંની ક્યાં લુપ્ત થઈ.

—દુર્ગા ભાગવત: અનુ. જયા મહેતા

# અભ્યાસ વર્તુળ

[૧]

આ પખવાડિયામાં અભ્યાસ વર્તુળ દ્વારા બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા.

પ્રથમ વ્યાખ્યાન જન્મભૂમિના ભૂતપૂર્વ તંત્રી શ્રી મનુભાઈ મહેતાનું, "આધુનિક વિજ્ઞાનની પ્રગતિની પરિસ્થિતિ" વિષય ઉપર તા. ૨૦-૪-૭૯ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું.

શ્રી મનુભાઈ મહેતાનું આ વિષય અંગેનું વિશાળ વાંચન છે. તેમણે બ્રહ્માંડથી માંડીને ગ્રહો-ઉપગ્રહો વિષે તેમ જ આધુનિક વિજ્ઞાનના થઈ રહેલા વિકાસ અંગે આંકડાઓ સાથે રસપ્રદ માહિતી આપી હતી. તેના ફાયદા તેમ જ ભયસ્થાનો કેવા કેવા છે એ વિશે પણ જણાવ્યું હતું અને તેમના જ્ઞાનસભર વ્યાખ્યાનથી સૌને પ્રભાવિત કર્યા હતા. તે વ્યાખ્યાન આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે.

વ્યાખ્યાનની શરૂઆતમાં શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી મનુભાઈનો પરિચય કરાવ્યો હતો તેમ જ તેમને આવકાર આપ્યો હતો. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ચંદનના હાર દ્વારા તેમનું અભિવાદન કર્યું હતું અને સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે તેમનો આભાર માન્યો હતો.

[૨]

બીજું વ્યાખ્યાન તા. ૨૬-૪-૭૯ના રોજ જાણીતી કવયિત્રી શ્રી શુક્લાબહેન શાહનું "હિન્દી સાહિત્યની કવયિત્રીઓ" એ વિષય ઉપર રાખવામાં આવ્યું હતું. શ્રી શુક્લાબહેનનું વાંચન વિશાળ છે અને વસ્તુને યોગ્ય રીતે રજૂ કરવાની કળા તેમ જ તેમનું છટાદાર વક્તવ્ય અત્યંત આકર્ષક, દિલ અને દીમાગને પકડી રાખે તેમ જ ડોલાવે એવું હોય છે.

તેમણે હિન્દી સાહિત્યની પ્રાચીન તેમજ આધુનિક કવયિત્રીઓનો તેમની કૃતિઓ દ્વારા પરિચય કરાવ્યો હતો અને પોતાની જોશભરી વાણીદ્વારા શ્રોતાઓને પકડી રાખ્યા હતા એટલું જ નહિ ડોલાવ્યા હતા. તેમની પાસે કાવ્યોનો તો ખજાનો છે, રૂપકો પણ ઘણા બધા કંઠસ્થ છે.

શ્રોતાઓએ તેમનું વ્યાખ્યાન ખરેખર માણ્યું. સમય ખૂબ જ ઓછો પડ્યો.

વ્યાખ્યાનની શરૂઆતમાં શ્રી સુબોધભાઈ એમ. શાહે, શુક્લાબહેનને આવકાર આપ્યો હતો અને વ્યાખ્યાનના અંતે તેમનો આભાર માન્યો હતો. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમનો પરિચય આપ્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરીએ ચંદનહારથી તેમનું અભિવાદન કર્યું હતું.

—શાન્તિલાલ ટી. શેઠ

# ☆ સુખની શોધમાં ☆

જીવન દરમિયાન માનવમાત્ર ઈચ્છતો હોય છે કે, પોતે સુખી થાય; સમૃદ્ધ થાય. પણ સુખ એટલે શું? શબ્દાર્થ લઈએ તો ઈન્દ્રિયોને જે ગમે તે સુખ અને તેની વિરુદ્ધનું બધું દુ:ખ. ઘોડિયામાં સુતેલું નાનું બાળક પણ પોતાનો જાંગીયો ભીનો થતાં રડવા લાગે છે. કેમકે તેનું શરીર અસુવિધામાં મુકાયું તે તેને પસંદ ન પડ્યું. મા દોડતી આવી, ચડ્ડી બદલી. અને તે શાંત પડી ગયું. જેવું બાળકનું તેવું મોટાનું એટલે કે આપણું. આપણે પણ દુ:ખમાં આવી પડતાંવેંત પ્રભુ પાસે પ્રાર્થના દ્વારા દોડી જઈએ છીએ. દુ:ખમાં રામનું સ્મરણ કરીએ છીએ, શરણું લઈએ છીએ. ઘણીવાર દુ:ખ દ્વારા ઈશ્વરનો હેતુ 'આપણા સુખ' વિષે આપણને સભાન કરવાનો હોય છે. 'આપણે સુખી છીએ' તેની આપણને ખબર ક્યારે પડે? જ્યારે દુ:ખ આવે ત્યારે! બીજા શબ્દોમાં કહું તો દુ:ખની ગેરહાજરી એટલે જ સુખની હાજરી.

એક જૂની કહેવત છે, કે 'કાખમાં છોકરું અને ગોતે આખું ગામ.' ઘણીવાર આપણે સૌથી વધુ સુખી હોવા છતાં બીજાં આપણને સુખી દેખાતાં હોય છે. આ અર્થમાં, સુખની સરખામણી ન હોઈ શકે. દરેકના સુખદુ:ખ વ્યકિતગત હોઈ શકે. 'દૂરથી ડુંગરા રળિયામણા' જેવું. ભારતના નાગરિકોને તેના વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ પોતાના ગામમાં બેઠાં બેઠાં છાપાં નામના દૂરબિનથી જોતાં સુખી દેખાતાં હોવા સંભવ છે. પણ જ્યારે આપણે દિલ્હી જઈને બે દિવસ તેની સાથે ગાળીએ છીએ ત્યારે ત્યાં તો કેવળ પથ્થર, માટીના ઢેફાં અને ઝાડના ઠૂંઠાં જ હોય છે. તેમના વ્યકિતત્વો કેટલી બધી ચિંતાઓ ઉપાધિઓથી ઘેરાયેલાં હોય છે! જેવું સત્તાવાળાઓનું તેવું ધનવાળાઓ કે કીર્તિવાળાઓનું પણ હોઈ શકે. છતાં આપણે આપણી જાતને સુખી માનવા ઝટ તૈયાર થઈ જતા નથી. આ પણ જીવનની એક મોટામાં મોટી કરુણા જ ને!

મને લાગે છે, કે સુખદુ:ખ જેવાં સંવેદનો બાહ્ય કરતાં વધુ આંતરિક છે. મન, હૃદય અને આત્માદિને કેળવવાની બાબત છે. મનને દ્વન્દ્વાતિત બનાવવામાં સફળ થઈએ તો આ જગતમાં સુખ-દુ:ખાદિ જેવા ભાવોથી પર જઈ શકાય, થઈ શકાય, દરરોજ, નિયમિત રીતે દિવસની થોડી ક્ષણો આપણે શરીરસ્નાન માટે ખર્ચીએ છીએ, તેમ માનસિક સ્નાન માટે પણ ખર્ચવી જોઈએ. એકાંતમાં, ધ્યાનમાં બેસી મનન, ચિંતન દ્વારા આંતરિક શુદ્ધિ તરફ વળવું જોઈએ. બહાર જે કંઈ ખરાબી આપણને દેખાતી હોય છે, તે મૂળભૂત રીતે તો આંતરિક અશુદ્ધિઓનું જ પરિણામ હોય છે. જ્યારે એકાએક આપણને જગત પીળું દેખાવા લાગે કે તરત જ આપણે ડૉકટર પાસે પહોંચી જઈએ તો સમયસર નિદાન થાય કે આપણને કમળો થયો છે.

બાકી કેટલાક લોકો જાણી જોઈને પોતાની જાતને છેતરવામાં પાવરધા હોય છે તેની વાત અહીં આપણે નથી કરવી. ચાર્લ્સ ડિકન્સના શબ્દોમાં કહું તો તેઓ સેલ્ફ સ્વીન્ડલર્સ (પોતાની જાતને છેતરનારા) હોય છે. કે જેઓ અંતે તો પોતે જ છેતરાયા હોય પણ જ્યારે તેઓ આવું જાણે ત્યારે સમય વીતી ગયો હોય, ખૂબ મોડું થઈ ગયું હોય! જીવનમાં સમયનું પણ સ્થાન છે. યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય વસ્તુ કે વ્યકિત મળે તો તેનું મૂલ્ય છે, અન્યથા નહીં. ખૂબ કકડીને ભૂખ લાગી હોય ત્યારે મન ભાવતી વસ્તુ કે વાનગી મળે તો તૃપ્તિનો આનંદ થાય. પણ ધરાયેલી વ્યકિતને તેને ભાવતી વાનગીમાં ઝબોળી દઈએ તો યે તે ગૂંગળાઈ મરે! આમ, સુખ નસીબવાદનો સધિયારો શોધે તો તેને રોકી ન શકાય. આજનું આપણું સુખ, ગઈ કાલના, ગયા જન્મના આપણા કર્મોનું ફળ પણ હોઈ શકે. વળી, સુખનું અસ્તિત્વ હોય છતાં સુખનું જ્ઞાન ન હોય તો યે આપણે તૃપ્તિથી વંચિત રહી જઈએ એવું બને. તેથી આપણે સુખી છીએ કે દુ:ખી તે પોતાને અવારનવાર પૂછતાં રહેવું જોઈએ. ઘણા લોકો પોતાની નિંદા કરનારાઓથી ડરીને દૂર ભાગતાં હોય છે. પણ કબીરજી કહે છે કે ( निंदक नियरे राखिये । ) નિંદાખોરોને, ટીકાકારોને હંમેશા નજીક રાખવા. તેઓ તો એક પ્રકારના અરીસા જેવા છે. તેઓ આપણી ભૂલો, દોષો દર્શાવીને આપણને સુધરવાની આંતરિક પ્રેરણા આપે છે. આ અર્થમાં જેમ પ્રકાશ, જ્ઞાન, પ્રેરણા આપણી અંદર છે, તેમ સુખ પણ આપણી અંદર છે. તેને સમજણપૂર્વક ખેંચીને, બહાર લાવીને, જીવનમાં એક પ્રકારનો સંતોષ, શાંતિ ઈત્યાદિ અનુભવતાં શીખવાનું છે. બહારની વસ્તુ કે વ્યકિત કે પરિસ્થિતિ આપણને શી રીતે સુખી કરી શકે? તે મારી સમજણમાં આવતું નથી. શું આપણે સુખી છીએ જ; એવી શ્રદ્ધા કેળવવામાં સફળ થઈ શકીશું? આશા રાખીએ.

હરજીવન થાનકી

# પ્રેમળ–જયોતિ

અમારા પ્રેમળજયોતિની જયોત પ્રજ્જવલિત થતી ચાલી છે.

વૃદ્ધાશ્રમની બહેનો માટે સો સાડલાની માગણી કરેલી – શરૂઆત ધીમી ચાલી, પછી વેગ વધ્યો – અડતાલીસ સાડલાની સંખ્યા થઈ – ત્યાર બાદ એક સહૃદયી ગૃહસ્થનો ફોન આવ્યો કે હું બાવન સાડલા મોકલું છું. નામ પૂછ્યું તો ન કહ્યું. બીજે દિવસે તેમના તરફથી એક ભાઈ સારી ક્વોલિટીના, તદ્દન નવા જ ખરીદેલા બાવન સાડલા આપી ગયા, તેમને પણ વિનંતિ કરી કે, "અમારી પ્રવૃત્તિ પ્રત્યે આટલો બધો પ્રેમાળ સદ્ભાવ ધરાવનાર વ્યકિત કોણ છે તે અમારા કાર્યાલયની જાણ માટે તો નામ કહો, તેમણે કહ્યું, "નામ આપવાની ના પાડી છે." ધન્ય છે આવા નિસ્પૃહી દાનવીરને – જેમને પોતાના નામની પણ ખેવના નથી. અમો તેમનો અંત:કરણ-પૂર્વક આભાર માનીએ છીએ.

બીજા દિવસે શ્રી મોરારજીભાઈ વોરા તદ્દન નવા વીસ સાડલા આપી ગયા.

એ જ દિવસે એક બહેનનો માટુંગાથી ફોન આવ્યો. કાર્યાલયમાંથી માણસને મોકલ્યો–તેમણે પણ ઉત્તમ કોટિના સાડલા મોકલ્યા. અને બીજા પણ છૂટાછવાયા સાડલા આવતા જ રહ્યા, એ રીતે ૧૦૦ ને બદલે એકંદર ૧૬૦ સાડલા આવ્યા. બધા જ લગભગ વપરાયા વિનાના – અને એંસી ટકા તો તદ્દન નવા જ ખરીદેલા.

ઉપરોકત બધા જ દાતાઓનો અમો ખૂબ જ આભાર માનીએ છીએ.

આવા સારા પરિણામ વિષે વિચાર કરતા એમ લાગે છે કે આની પાછળ ખાસ કરીને અમારા શ્રી નીરૂ બહેન શાહ તેમ જ શ્રી કમલબહેન પીસપાટી અને અન્ય કાર્યકર બહેનોની તપશ્ચર્યાના બળે જ કામ કર્યું છે. સાચા દિલની તપશ્ચર્યા અવશ્ય ફળતી જ હોય છે.

–શાન્તિલાલ ટી. શેઠ

કાર્યાલય મંત્રી,

# સત્સંગ

જેમ આજે સ્નાન કર્યા છતાં આવતી કાલે સ્નાન કરવું પડે છે કારણ કે, શરીર વિકારી હોવાથી મલિન થાય છે. તેમ આજે ચિત્ત શાંત કર્યું હોય પણ કાલે પાછું તેને શાંત કરવાનો અભ્યાસ કરવો પડે છે. ચિત્તમાં મલિનતા આવે છે જ, તેથી ચિત્તશુદ્ધિ માટે રોજ પ્રયત્ન કરવાની જરૂર છે. નિર્વિચાર અવસ્થામાં બેસવાનો અભ્યાસ પરમાત્માની સગુણ ઉપાસના ને સત્સંગ એ ચિતશુદ્ધિનો સારો ઉપાય છે. તેનું નિત્ય સેવન કરવું.

મગનભાઈ વ્યાસ

# સરતા સમયને કોણ ઝાલે છે?

સવારના પહોરમાં આંખ આપમેળે ખૂલી ગઈ. રજાઈને માથા સુધી ખેંચી રેશમી અંધકારની છાયા રચી. એકાંતની આવી કુંજગલીમાં ચરણ વિના પણ ચાલવાની આ લીલા માણવી-એનો આનંદ વાતમાં વેરી નાખવા જેવો નથી. ખાસ કોઈ જાગ્યું નથી. રસ્તા પરથી પસાર થતી કોઈક ટ્રક કે ક્યારેક બોલતો હોય એવો કૂકડો - આપણા સિવાય પણ કોઈ જાગે છે એનો ખ્યાલ આપીને વહી જાય છે.

સવારે જાગીએ છીએ. રાત વીતી ગઈ હોય છે. ગત અને અનાગતની વચ્ચે સોયની આ અણી જેટલો વર્તમાન માણસ પાસે છે. વર્તમાનની ક્ષણ વાત કરીએ ત્યાં તો ભૂતકાળમાં ફેરવાઈ જાય છે. ભૂતકાળ પ્રત્યેક પળે સમૃદ્ધ થતો જાય છે. વર્તમાન પ્રત્યેક પળે પીગળતો જાય છે. પળની ખરતી પાંદડીઓ સાથે કાળનું કુસુમ પોતાની નજાકત પ્રકટ કરતું રહ્યું છે. સમય કેટલો બધો છેતરામણો છે! જાગીએ છીએ ત્યારે થાય છે કે, આપણી પાસે નાહીને આવેલા બાળકના સમો નગ્ન ને નિર્દોષ એવો સમય છે, પણ એ જોતજોતામાં મોટો થઈને નીકળી પડે છે. સમય પાસે કાચબાનું શરીર છે. અને સસલાની ગતિ છે.

આ સરતા સમયને કોણ ઝાલે છે? કલાકારોની મથામણ કદાચ આ સમય સાથે જ છે. કોઈક એકાદી ક્ષણને ચિરંતન કરી શકાય? શ્રી ઉમાશંકર પ્રશ્નમાં જ ઉત્તરને પૂરીને કહે છે:

"કાંવ્ય, સમયની ચીસ શાશ્વતી અર્થે?"

તો સુન્દરમ કહે છે:

જિન્દગી! તારી મધુરતમ આ ક્ષણો

એને અનંત વિરામહીણી શાશ્વતીમાં

કોઈ પણ રીતે જડી દેવાય તો?"

ચુંબન આપવા માટે કલાકાર પળના મુખને ઝાલી લે છે. સરી જવું, વહી જવું, એ તો સમયનો સ્વભાવ છે. પણ કલાકારની નજર સમયની ગતિને સ્થિર કરવા માટેની હોય છે અને એટલા માટે જ ચિત્રકારે દોરેલા ચિત્રમાં કન્યા ક્યારેય, વૃદ્ધ થતી નથી કે ગુલાબનું ફૂલ કરમાઈ જતું નથી. કવિ આ સૃષ્ટિ પર હોય કે ન હોય, પણ કવિનો શબ્દ, મંદિરના અખંડ દીવાની જેમ હજીયે એમ પ્રજ્વલી રહ્યો છે.

આજનો માણસ પોતાની ગઈ કાલનું પરિણામ છે. જેની પાસે કશું નથી હોતું એની કને પોતાનો ભૂતકાળ અને ભવિષ્ય તો છે જ. રાજેન્દ્ર શાહે ભૂતકાળ માટે સાચો શબ્દ વાપર્યો છે. એમણે તેને 'જ્ઞાનયોગી અતીત' કહ્યો છે. આપણી અત્યારની અવસ્થા આપણા ભૂતકાળની ચાડી ખાય છે. અનુભવ જ્ઞાનનું સાકાર સ્વરૂપ છે અને જ્ઞાન અનુભવનું નિરાકાર સ્વરૂપ છે.

આપણા સહુનો ભૂતકાળ એટલે શું? આપણે કઈ રીતે પળ, દિવસ, મહિના, વરસ અને આખુંયે આયુષ્ય વિતાવીએ છીએ? આપણે વિકલ્પોની તૂટીફૂટી ઝૂંપડીમાં રહીએ છીએ. આ અને તે, અહીં અને તહીં, આમ અને તેમ–આપણી પાસે નર્યા વિકલ્પો છે. સંકલ્પના રાજભવનમાં વસવાની જાણે કે આપણને ફાવટ નથી. કોઈ પણ સંકલ્પ કરવો કદાચ સહેલો છે પણ એને વળગી રહેવું એ કેટલું મુશ્કેલ છે એ સહુ એટલા માટે જાણે છે કે સંકલ્પને છોડી દેનારા માણસોનો તોટો નથી.

"યૂં ઢૂંઢો તો પાસ મિલતે હૈં,

એક ઢૂંઢો તો હજાર મિલતે હૈ."

–એના જેવી વાત છે. કોઈ પણ શુભ સંકલ્પ માણસને શિસ્ત આપે છે, તાલીમ આપે છે, કેળવે છે. માણસ સંકલ્પને લીધે 'Self-Schooled' થઈ શકે છે પણ કોઈ પણ સંકલ્પ ન કરવો એવો કદાચ માણસનો સંકલ્પ છે.

માણસ કઈ ઘડીએ ચલિત થઈ જાય છે, સ્ખલિત થઈ જાય છે એની માણસને પોતાને પણ કદાચ ઘણીયે વાર ખબર નથી હોતી. અને ખબર પડે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. માણસ 'Point of no return' પર ઊભો હોય છે. ક્યાંક વાંચેલો, કે સાંભળેલો એક પ્રસંગ યાદ આવે છે. એક મુસલમાન વેપારી ખૂબ કમાઈને પોતાને ગામ પાછો વળતો હતો. પોતાના ઘોડા પર સવારી કરતાં કરતાં એ વિચાર કરતો હતો કે ઘરેથી નીકળ્યો ત્યારે કલ્પ્યું 'તું એના કરતાં કેટલું બધું ધન કમાયો! પોતે કેટલો બધો સુખી છે! સરસ, વફાદાર પત્ની છે, આંખને ગમે ને અંતર હરખાઈ ઊઠે એવાં સંતાનો છે, આ સહુને સુખચેનથી રાખી શકે એવું સગવડ-ભર્યું ઘર છે; મિત્ર માટે જીવ આપવાનું મન થાય, પણ જીવ આપી શકાય એવો મિત્ર ક્યાં છે?–એની ફરિયાદ નથી. ખુદાની કૃપા જ કૃપા છે. આમ વિચારને વાગોળતો વાગોળતો એ આગળ ને આગળ જઈ રહ્યો હતો. થોડીક વારમાં તો પોતાનું ગામ અને ઘર આવશે. રસ્તામાં મસ્જિદ જોઈ. એને થયું કે ખુદાએ મારા પર એટલી કૃપા કરી છે કે નમાજ પઢું. નમાજ, ધ્યાન, પ્રાર્થના–આ બધી વસ્તુઓ અંતઃકરણને શુદ્ધ કરે છે. કોઈકે કહ્યું હતું કે પ્રાર્થનાથી પરિસ્થિતિ બદલાય છે. ના, પ્રાર્થનાથી માણસ બદલાય છે અને એ પરિસ્થિતિને બદલે છે. અહેશાનમંદ થઈને એ મુસલમાન વેપારી નમાજ પઢવા મસ્જિદમાં ગયો. જતાં પહેલાં બહાર ઊભેલા એક માણસને પોતાનો ઘોડો સંભાળવાનું કહ્યું. નમાજ પઢતી વખતે વેપારીને વિચાર આવ્યો કે ઘણું કમાયો છું. ગામ અને ઘર નજીકમાં જ છે. મારો ઘોડો બહાર ઊભેલા ગરીબ માણસને આપી દઉં. આ ઘોડો આપી જ દેવો છે એવા સંકલ્પ સાથે વેપારી બહાર આવ્યો. જુએ છે તો પેલો માણસ નથી. એ તો ઘોડો લઈને પલાયન થઈ ગયો છે. માર્મિક રીતે એ હસ્યો. એને એકલો એકલો આમ હસતો જોઈને કોઈકે પૂછ્યું કે તમે આમ કેમ હસો છો? વેપારીએ આખી વાત કહી. એણે કહ્યું કે ઘોડો એ મનુષ્યના ભાગ્યમાં જ હતો. એટલે તો એને આપી દેવાનો મને નમાજ પઢતાં વિચાર આવ્યો. પોતાની વસ્તુને કોઈ લઈ જઈ શકતું નથી. અને પોતાની ન હોય એવી પણ વસ્તુને કોઈ ક્યારેય આપી શકતું નથી. ખુદા જે આપવાનો છે તે તો આપે જ છે. પણ ખુદાનું આપેલું સચ્ચાઈથી લેવું કે લુચ્ચાઈથી એનો નિર્ણય મનુષ્ય પર છોડી દે છે. કોઈ પણ રીતે, યેનકેનપ્રકારેણ તાણીતૂસીને લઈ લેવું, ઝૂંટવી લેવું, આ મને નહીં મળે તો શું થશે એનો ભય, વિકલ્પો, એને લીધે મનુષ્ય હેરાનપરેશાન થતો હોય છે. તાત્કાલિક જે મળે છે કે મેળવી લે છે એનાથી થોડીક વાર પૂરતું સમાધાન થાય છે, પણ શાંતિ–સાચી સલામતી એને નથી મળતી.

પ્રત્યેક પળ આપણી પાસે આવે છે. એ આપણી જ છે. અને આપણા માટે આવે છે પણ આપણે એનું શું કરીએ છીએ? એને પેલા ઘોડો લઈને ભાગી જનારાની જેમ ખીણમાં ધકેલીએ છીએ કે જે કાંઈ મળે એ સચ્ચાઈથી જ મળવું જોઈએ એવો સંકલ્પ હૃદયમાં ધરી, વિચારનું આચારમાં રૂપાંતર કરી, એને શિખર પર મૂકીએ છીએ? આ પ્રશ્નનો ઉત્તર મારે મારી પાસેથી અને તમારે તમારી પાસેથી મેળવવાનો હોય છે. ગાંધીજીએ અને કેટલાંયે સંતોએ આપણને સત્યનો માર્ગ બતાવ્યો. પણ આપણને એ માર્ગમાં રસ નથી. ગાંધીજીનું નામ દેવામાં રસ છે. એમના આદર્શને આપણે આરસના પૂતળામાં પલટી નાખ્યો છે. આપણને બુદ્ધ, મહંમદ, ઈસુ, રસ્તો ચીંધે છે; પણ આપણે આકાશને નહીં પણ આકાશનો ચીંધનારી આંગળીને જ જોયા કરીએ છીએ.

આપણે વૃક્ષોની ગણતરી નહીં કરીએ પણ વનના સૌન્દર્યને જોઈશું. મનમાં અને જીવનમાં સૌન્દર્યનો સાક્ષાત્કાર કરીશું એવા શુભ સંકલ્પને વળગી રહેવાનો સંકલ્પ કરીએ અને વળગી રહીએ તો કેવી ધન્યતા! આ લાગણી કાયમ માટે હૃદયમાં રહે તો? 'મરીઝે' કહ્યું છે એમ:

"કાયમ રહી જો જાય તો પેગંબરી મળે,

દિલમાં જે એક દર્દ કોઈ વાર હોય છે."

આપણી આજ એ ગઈ કાલનું પરિણામ છે અને આપણી આજ પર આવતી કાલના પરિમાણનો આધાર છે.

**સુરેશ દલાલ**

# સાચા સગપણનાં ફૂલ

માણસના જીવાતા જીવનના સાચા-ખોટા 'સગાંઓ'ની વ્યાખ્યા માણસે પોતે જ બાંધી લીધી હોય છે - શૈશવકાળથી માંડી જીવનના અંત સુધીમાં માણસ હંમેશા સંબંધના એક નક્કી કરેલા ટૂંકા વર્તુળમાં જ જીવતો હોય છે. બાકીનું જે જીવન જે, એ પડોશી, ધંધાનું કે નોકરીનાં વિશાળ ક્ષેત્ર છે: ત્યાં જ વધુ જીવન જીવતો હોય છે છતાંય કોણ જાણે કેમ, ત્યાં માત્ર ઓળખાણ હોય છે, પડોશીઓ હોય છે, મિત્રતા હોય છે, સવ્યવસાયી હોય છે, અને જીવનનાં સાચા સમયની મૂડી જેવો સમય એમની સાથે જ વિતાવવાનો હોવા છતાં, એમનામાં માણસ કદી, 'સગપણ' બાંધી શકતો નથી! માનવીય સંકુચિતતા નહીં તો બીજું શું છે? સગાં કે સગપણ એટલે શું? જેની સાથે લોહીનો સંબંધ એ સાચું સગપણ એવું જ અર્થઘટન 'માણસ' કરતો આવે છે! પણ લોહીનું સગપણ જીવનના કેટલા કાળ દરમિયાન સાચું સગપણ જાળવે છે?

એક ભાઈને હું ઓળખું છું. એમના સર્વ સગાં છે તે દેશમાં છે, પોતે મુંબઈમાં રહે છે. સ્વભાવે સરળ ને એનામાંની આભિજાત્યતાના વખાણ કરીએ એટલા ઓછા, પણ દેશમાંના સગાંઓ-જેને હજુય એ સાચા સગાં કહે છે-સાથે જમીન અને મિલકત માટે ઘરકંકાસ થયેલો. પોતે આજે છેલ્લા પંદર વર્ષથી દેશમાં ગયા નથી, એના પોતાના અંગત કહી શકાય તેવાં કોઈ સગાં એનો ઉંબરો ચડતું નથી. અરે, એટલે સુધી કે એમના બે બાળકોના અવસાન થઈ ગયાં તો ય, દેશમાંના સગાંઓએ પત્ર સુદ્ધાં લખવા જેટલું સગપણ જાળવ્યું નથી. જાણે જિંદગીભરના સગપણના ફૂલ કરમાઈ ગયાં છે, ને એને આ જીવન દરમિયાન એની સુગંધ પ્રાપ્ત થવાની નથી-છતાંય, મેં એને અનેક વખત એવું કહેતાં સાંભળ્યા છે, કે: "અહીં તો મારું કોઈ નથી- મારા સગાંઓ તો દેશમાં જ છે!"

હવે પ્રશ્ન એ થાય છે કે, જેને એ સગાં સમજે છે, એ એના સગાં છે? આ ભાઈને અનેક મિત્રો છે, સારી કહી શકાય એવી ઘણી વ્યક્તિ સાથે સારા સંબંધો છે, છતાં એમાંના એના કોઈ 'સગાં' તો નહીં ને?

"સગાં તો સૌ સ્વાર્થના" એવી કહેવત છે, પરંતુ એ સૌને માટે સ્વીકાર્ય નથી! છતાં કોઈ કોઈ વ્યક્તિ માટે એ સર્વાંશે અનુકુળ હોય છે.

હું એક બીજી વ્યકિતને ઓળખું છું: એમના સારા દિવસોમાં સગાંઓથી રોજ ઘર ભર્યું ભર્યું રહેતું. પણ એ સારા દિવસો આથમ્યા પછી એ 'સગાં'ઓ પંખીઓ થઈને ઉડી ગયા. જૂના માળાને ભૂલી ગયા! પરંતુ એના વ્યવસાયી મિત્રો, સંબંધીઓ કે મિત્રો તો એને એ જ દૃષ્ટિએ જોતાં હતાં. જે પહેલાં હતા!

હવે અહીં આ બંને ઉદાહરણ ઉપરથી એટલું તો કોઈ પણ વ્યકિત સમજી શકે કે, સાચા સગાં કોણ? મને મેં લખેલું લોકગીત યાદ આવી જાય છે. એમાં કહ્યું છે: "સગપણ સોનાના, સગપણ ચાંદીના, સગપણ કથીરના. સૌ સગપણથી સવાયા તો સ્નેહના સગપણ."

સ્નેહ હોય તો માણસના જીવનમાં રોજ સગપણનું ફૂલ ખીલે! ને એ સગપણના ફૂલથી જીવન મઘમઘતું રહે!'

પરંતુ બીજી પણ એક વાત છે. સાચા સંબંધના ફૂલ તો હૃદયની લાગણી અને સંવેદનાઓમાંથી ખીલતાં હોય છે. પરંતુ અહીં એક પ્રશ્ન ઉદ્‌ભવે છે, કે 'સગાં' કોને કહેવા? હું તો કહું, સહૃદયપૂર્વક નિ:સ્વાર્થ ભાવે આપણી જિંદગીની સ્નેહની પળોને, જીવનના સંજોગો પ્રમાણે મૂલવી જાણે તે સાચાં સગાં.

જીવનની આજ તે જૂના સંબંધનું પ્રતીક છે, આવતી કાલ એ નવા સંબંધનો ઉગતો સૂરજ છે, પરમ દિવસ તે સંબંધની સંધ્યા છે, જે આથમવાની છે અને આપણા જીવનમાં નવા સંબંધનો સૂરજ થઈને ઊગવાનો છે!

એટલે જ, માણસના જીવનમાં આજ, કાલ અને પરમ દિવસનું મહત્ત્વ છે: જિંદગીની જીવાતી પળોને લાગણીઓના સમદરમાંથી બોળી બોળીને માણવાનો સમય એટલે સ્નેહનો સમય?

માણસના જીવનમાં સાચા જીવનનો સમય ઓછો છે. એના જીવનમાંનો ઘણો સમય તો સગાં સાથેના સગપણમાંના વ્યવહાર કાર્યોમાં વીતી જાય છે. પરંતુ ત્યાંથી, સાચો સ્નેહ મળે છે, બહુ ઓછાને, જો કે સગાં સાથેના સગપણના સંબંધોમાં માણસનો 'સ્વભાવ' પણ આગવો કહી શકાય તેવો ભાગ ભજવે છે? સગાં સાથે વૈમનસ્ય વહેલું થાય છે, એની પાછળનાં કારણો વ્યવહાર કાર્યો દ્વારા આવતા ઘર્ષણો પણ છે. આ ઘર્ષણોથી સ્નેહ સાવ કરમાઈ જાય છે, ને રહી જાય છે, માત્ર કરમાઈ ગયેલા ફૂલ જેવું સગપણ: જયાં માત્ર વ્યવહાર છે. આ વ્યવહારના સગપણોમાં કદી પણ સ્નેહના ફૂલ ખીલતાં નથી હોતા!

સગાઓ હોય છે, પણ સ્નેહ ન હોય તો એ સગપણ શું કામનાં? માણસે સગપણના તો વૃક્ષો ઉગાડતા રહેવું જોઈએ. સગપણના પોતે ઉગાડેલા વનમાં ભૂલા પડવાનો પણ આનંદ છે. આ આનંદમાંથી સાચા સ્નેહનો ને જીવનનો સાચો ધર્મમાર્ગ પણ પ્રાપ્ત થાય છે!

ઘણાં કહે છે: 'પહેલો સગો પાડોશી' પણ આ એક આશ્વાસન લેવા પૂરતું ને જોડે રહેનારા પ્રત્યે સારા સંબંધ રાખવા પૂરતું? વાત છે: કારણ કે પ્રસંગોપાત પહેલા સગા પ્રત્યે આપણને કેટલો સ્નેહ હોય છે એ દેખાઈ આવે છે. માણસને ઘણી વખત ન છૂટકે જે દંભ આચરવાના હોય છે, તે આ છે.'

ઘણી વખત માણસ સાચી લાગણીથી દોરાઈને, અન્યના સ્વાર્થના રાજપથ પર ચાલ્યો જતો હોય છે! ઘણું ચાલ્યા પછી જ ખબર પડે છે, હું જેને લાગણી સમજીને જે માર્ગ પર જતો હતો એ માર્ગ તો સ્વાર્થનો નર્યો માર્ગ છે!– આ માર્ગે જઈને મેં જ મારી સાચી લાગણીની આત્મવંચના કરીને, જીવનને વેડફી નાખ્યું!.

ઘણા માણસોમાં મેં જોયું છે, કે એને આવું 'આત્મભાન' બહુ મોડે મોડે થતું હોય છે! અને જયારે એ ભાનનો સાચો અર્થ સમજાતો હોય છે, ત્યારે જીવનમાં ઘૂસી ગયેલાં એનામાંના અનેક અનર્થો એને જીવવા દેતાં નથી! માણસનો આ કાળ એનામાં મોટી છિન્નભિન્નતા લાવી દે છે!

કહેવાનું તાત્પર્ય એ છે, કે માણસ પોતાના 'સગાઓ'ને જ કેમ સગો માનતો હોય છે? એના જીવનની આજુબાજુ ધબકતા રહેતા, એને ઉપયોગી થતાં, એના જીવનને સાચા અર્થમાં સમજનારા વર્ગને એ કદી કોઈ 'સગપણ'થી કેમ બાંધતો નહીં હોય?

આપણે આ યુગમાં 'નાત–જાત'ના અનિષ્ટને ડામવા માગીએ છીએ. કારણ કે એનાથી સમાજમાં ઘણાં અનિષ્ટ ઊભાં કરે છે? કહે છે, કે વિદેશોમાં નાત-જાતના ઝઘડાં નથી, તો ત્યાં વળી રંગભેદ છે!–આ ઉપરથી માણસ 'પારકા ને પોતાનાં'ના ભેદ વગર કયાંય જીવતો નથી!

ઘણી વાર તો, ઘણાંને મેં એવું કહેતાં સાંભળ્યા છે, કે "ભાઈ, પારકાં તે પારકાં ને પોતાના એ પોતાના?'

આપણે આ યુગમાં 'નાત–જાત'ના અનિષ્ટને ડામવા માગીએ છીએ. આ માણસના લોહીમાં 'જાત-જાત'ના અનિષ્ટ પોષે છે!

ઘણી વખત તો, પોતાના કરતાં પારકાં જ જીવનને મઘમઘતું રાખે છે, છતાંય પારકાં એ પારકાં એવું બોલતાં પણ એ અચકાશે નહીં!

સગપણના બંધનમાં લોહીના બળ મોટાં છે-પણ લોહી તો સૌનું રાતું હોય છે! કોઈ માણસનું લોહી ધોળું કે પીળું થોડું હોય છે? તોય માણસ જયારે સગપણની વાત આવે છે, ત્યારે 'લોહીની સગાઈ'નો આગ્રહ નથી છોડતો એ માત્ર સંકુચિતતા ત્યજી શકયો નથી એવો જ અર્થ ઘટાવવો રહ્યો ને?

—ગુણવંત ભટ્ટ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧,

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૨

મુંબઈ, ૧૬ મે, ૧૯૭૯, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## લોકશાહી તંત્ર આવું હોય?

જનતા પક્ષની રચના થઈ તેને લોકોએ હાર્દિક આવકાર આપ્યો અને ચૂંટણીમાં અસાધારણ વિજય આપ્યો, એવી આશાએ કે લોકશાહી પ્રસ્થાપિત થશે એટલુંજ નહિ પણ સ્વચ્છ અને કાર્યક્ષમ રાજ્યતંત્ર મળશે, તથા જનતા પક્ષના ચૂંટણી વચનો મુજબ ગાંધીવાદી સમાજવાદની દિશામાં દેશ આગેકૂચ કરશે. જનતા સરકારના સભ્યોએ રાજઘાટ ઉપર ગાંધીજીની સમાધિ સમક્ષ આ ઉદ્દેશો પાર પાડવાની પ્રતિજ્ઞા લીધી. વખતોવખત એમ પણ કહેવાયું કે પ્રજાએ અધિરા થવું ન જોઈએ અને જનતા પક્ષને પોતાના વચનોનું પાલન કરવા પૂરતો સમય આપવો જોઈએ. શરૂઆતમાં આપખુદી તંત્રના માળખાનું વિસર્જન કરી, નાગરિક સ્વાતંત્ર્ય અને લોકશાહી રાજ્ય પદ્ધતિના પુનર્જીવન માટે ત્વરિત અને આવકારદાયક પગલાં લીધાં. પણ આ ઉત્સાહ લાંબો વખત ટક્યો નહિ અને ઉત્તરોત્તર નિરાશા સાંપડતી ગઈ.

સૌથી નિરાશાજનક અને નિષ્ફળતા લાવનાર હકીકત એ બની કે જનતા પક્ષની એકતા અને સંગઠન મજબૂત થવાને બદલે આંતરિક મતભેદો બહાર આવતા ગયા. એ વિખવાદો હવે એટલી હદે પહોંચ્યા છે, કે પ્રજાને જનતા પક્ષના વચનોમાં વિશ્વાસ રહ્યો નથી. આ વિખવાદો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે એમ ન કહીએ, કારણ કે જનતા પક્ષ હજી તૂટ્યો નથી અને તેનાં આગેવાનો પ્રજાને આશ્વાસન આપે છે, કે જનતા પક્ષ તૂટશે નહિ. એમ પણ કહેવાય છે કે રાજકીય પક્ષોમાં મતભેદો હોવા સ્વાભાવિક વસ્તુ છે. એ વાત ખરી છે કે મતભેદો હોય છે પણ મતભેદો નીતિવિષયક હોય. અહીં નર્યા સ્વાર્થ અને સત્તા માટેની શરમજનક ચાલાબાજી છે. જનતા પક્ષ હજી ટક્યો છે, કારણ કે તેના આગેવાનો અને સભ્યો પોતાના સ્વાર્થે, અણી પર આવી, છેલ્લી ઘડીએ તકવાદી સમાધાનો કરે છે. વળી વિરોધપક્ષો પણ છિન્ન ભિન્ન છે એટલે જનતા પક્ષ ઉપર વિરોધ પક્ષોનું આક્રમણ નથી થઈ શકતું. જનતા પક્ષના ઘટકો – જનસંઘ, કોંગ્રેસીઓ, ભાલોદ, સમાજવાદીઓ, જગજીવનરામ જૂથ–બધા પોતાની રમત રમે છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં મુખ્ય મંત્રીઓ બદલ્યા તેમાં કલહ વધ્યો. સિદ્ધાંતવિહોણા સત્તાલક્ષી જોડાણો આજ થાય અને કાલે તૂટે, એવા રોજના બનાવ બની ગયા છે. લગભગ બધા મુખ્ય મંત્રીઓ ઉપર આપખુદ વર્તન, લાગવગશાહી અને ભ્રષ્ટાચારના આરોપો પક્ષના જ સભ્યો તરફથી મુકાય છે. બંસીલાલથી ચડી જાય એવા દેવીલાલ મળ્યા. મુખ્ય મંત્રીઓ પોતાના સાથી મંત્રીઓને રાતોરાત બરતરફ કરે છે. મંત્રીમંડળોનો વિસ્તાર કરી, સરકાર કે ટેકો ખરીદવામાં આવે છે.

આ બધી રમતનો દોરીસંચાર દિલ્હીથી થાય છે: દિલ્હી ઉપર તેનો પડછાયો પડે છે. દિલ્હીમાં ક્યારે ભંગાણ થશે તે કહેવાય નહિ. જનતા પક્ષની કારોબારી, પાર્લામેન્ટરી બોર્ડ, એક પછી એક કટોકટીમાં જીવે છે. પક્ષની ચૂંટણીઓ મુલતવી રાખતા જાય છે. જનતાના સંસદીય પક્ષની ચૂંટણી ૧૬મી તારીખે છે. ઠંડુયુદ્ધ ચાલુ છે. ભડકો થતા અટકાવવા સર્વ સંમતિ શોધવા પ્રયત્નો થાય છે. ચૂંટણી થાય તો નાના પાયા ઉપર જંગ ખેલાશે.

આ બધા ઝંઝાવાતમાં મોરારજીભાઈ સ્થિતપ્રજ્ઞ પેઠે સ્વસ્થ બેઠા છે. બે અનુમાન શક્ય છે. એક, આ રમતમાં એટલા કુશળ ખેલાડી છે અથવા થયા છે કે શાન્તિથી પોતાનું ધાર્યું કરી શકે છે. બીજું, આવી પક્ષાપક્ષીથી સદંતર પર છે અને તે જ તેમનું બળ હોઈ પરિણામની ચિન્તા નથી. હું આશા રાખું કે બીજું અનુમાન સાચું હોય, કદાચ બન્નેમાં સત્યનો અંશ છે. જગજીવનરામમાં પ્રૌઢતા છે, ચરણસિંહ અકળાય છે. રાજનારાયણ જેવા વિદુષક છે. ચન્દ્રશેખર અસ્થિર છે. આ આપણી નેતાગીરી છે.

સંસદસભ્યો અને ધારાસભ્યોનું વર્તન ઊંડી નિરાશા અને ચિન્તા પેદા કરે તેવું છે. કાંઈ ગૌરવ નથી એટલુંજ નહિ, સામાન્ય સભ્યતા પણ નથી. શોરબકોર અને ધાંધલ ધમાલમાં મોટા ભાગના સમયની બરબાદી અને પ્રજાના નાણાંનો ભારે દુર્વ્યય જોઈએ છીએ. ધારાસભાઓમાં મારામારી થાય, ખુરશીઓ ફેંકાય, ચંપલ ઊડે, માઈકો તોડાય, અધ્યક્ષને ઘેરી વળે, ગાળાગાળી થાય. સભામાં કામકાજ થવા ન દે. એમ થાય, કે આ આપણા પ્રતિનિધિઓ, આપણા ઉપર રાજ્ય કરે, કાયદા ઘડે!

આવા તંત્રની સ્થિરતા, કાર્યદક્ષતા અને સ્વચ્છતા વિષે શું કહેવું? પળેપળની અસ્થિરતા છે. અત્યારે એવો કોઈ ભય નથી કે ઉલ્કાપાત થશે અથવા ક્રાન્તિ થશે પણ આવતી કાલની ચિન્તા મનને અસ્વસ્થ કરે છે. આ અસ્થિરતાનો અંત દેખાતો નથી. આ તંત્રમાં કાર્યદક્ષતા ક્યાંથી હોય? પોતાના સ્થાન અને ખુરશીની સલામતીમાં જેનો મોટા ભાગનો સમય જાય છે, તેમની પાસેથી કાર્યકુશળતાની અપેક્ષા રાખવી નિરર્થક છે. નોકરશાહી ફલીફાલી છે અને ખરું રાજ્ય કરે છે. અને સ્વચ્છતા? અંગે અંગમાં ભ્રષ્ટાચાર અને લાંચરૂશ્વત પ્રજાજીવનને કોરી ખાય છે. તળિયાથી ટોચ સુધી છડે ચોક ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. રાજતંત્રમાં નહિ પણ સમગ્ર પ્રજાજીવનમાં કાળા નાણાંની રેલમછેલ છે. તેની કાંઈ શરમ નથી, ભય નથી. નાગરિક સ્વાતંત્ર્યનું આ પરિણામ હોય તો તે સાચું નાગરિક સ્વાતંત્ર્ય નથી. હાડોહાડ વ્યાપેલ આ ભ્રષ્ટાચારને કોઈ રોકી શકતું નથી. સૌ તેના ભોગ બને છે.

આ બધા કારણે, કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ ઉત્તરોત્તર કથળતી છે. અસામાજિક તત્ત્વોનું જોર વધે છે, ગુનેગારી વધે છે. સલામતી ઘટે છે. કોમી તોફાનો, હરિજનો ઉપર અત્યાચારો આ પરિસ્થિતિનું પરિણામ છે. પ્રજામાનસ ઉત્તેજિત છે. કોઈપણ નિમિત્ત મળતા તોફાન થઈ જાય છે. ગામડાઓમાં વધારે અસલામતી છે. માથાભારે તત્ત્વો પ્રજાને રંજાડે ત્યાં દાદફરિયાદ નથી. નિષ્ઠાવાન, સેવાભાવી અને પ્રામાણિક વ્યક્તિઓ મોટે ભાગે અસહાય બની જાય છે.

લોકશાહીતંત્ર આવું જ હોય? લોકશાહીનું આ જ પરિણામ આવે? લોકશાહીમાં સ્થિરતા, કાર્યક્ષમતા કે સ્વચ્છતાની આશા ન ન રાખવી?

જેને આપણે લોકશાહી કહીએ છીએ તે ચૂંટણી આધારિત એંગ્લો - અમેરિકન બીબાંની રાજ્યપદ્ધતિ છે. ચૂંટણી તેનું મધ્યબિન્દુ છે. ચૂંટણીની ભયંકર ગેરરીતિઓ, તેનું ખર્ચાળપણું અને પરિણામે ભ્રષ્ટાચાર, અનેક રાજકીય પક્ષો અને તેમાંથી નીપજતું પક્ષીય રાજકારણ, અને તેની ખટપટ, આ બધું તેમાં સમાયેલું છે. આપણા જેવા મોટા દેશને કેટલે દરજ્જે આ બધું અનુકૂળ છે; તે વિચારવાનો સમય આવી પહોંચ્યો છે. ચૂંટણી પદ્ધતિમાં ફેરફારો કરીએ અને તેની ગેરરીતિઓ તથા ખર્ચાળપણું ઓછું કરવા પ્રયત્ન થાય તો પણ એ પદ્ધતિ જ એવી છે, કે પ્રામાણિક અને સારા માણસો મોટે ભાગે તેનાથી દૂર રહ્યા કરે.

સમજી શકાય છે. શિષ્ય-શિષ્યાની સંખ્યા વધારવાનો મોહ અને દીક્ષાર્થીને આત્મકલ્યાણના માર્ગે લઈ જઈએ છીએ એવી ભ્રમણાથી સમાજે અને સમાજના આગેવાનોએ બચવું જોઈએ. બાલદીક્ષા નહિ થાય તો મોટી હાનિ થઈ જવાની નથી. જૈનસાધુ- સાધ્વીનો સમાજમાં ઘણો આદર છે. સમાજે અને આગેવાનોએ તેમાં તણાઈ જવું ન જોઈએ. આવા પ્રસંગો અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ. જેને ગુરુ માની વંદન કરવું છે અને જેનો ઉપદેશ સાંભળવો છે તે વ્યકિતને તે સ્થાને બેસાડતા તેની યોગ્યતાનો પૂરો વિચાર કરવો જોઈએ.

સ્થાનકવાસી સમાજની અને ખાસ કરી બૃહદ-મુંબઈની થોડી વાત કરું તો અસ્થાને નહિ ગણાય. ૧૯૫૨ માં સ્થાનકવાસી કોન્ફરન્સના મદ્રાસ અધિવેશનમાં પ્રસ્તાવ થયો છે કે સગીર ઉમ્મરની વ્યકિતને દીક્ષા ન આપવી. સ્થાનકવાસી સમાજમાં બાલદીક્ષા સદંતર રોકી શકયા નથી, પણ તેનું પ્રમાણ ઘણું ઓછું થયું છે.

બૃહદ મુંબઈમાં વર્ષોથી બાલદીક્ષા થઈ નથી અને થવા દેતા નથી. બૃહદ મુંબઈમાં સ્થાનકવાસી સમાજના ૨૨ સંઘો છે તે બધા સંઘોનો એક મહાસંઘ રચ્યો છે. મહાસંઘની આજ્ઞા વિના બૃહદ મુંબઈમાં કોઈ દીક્ષા થતી નથી. આવી મંજૂરી આપતા પહેલાં દીક્ષાર્થીની લાયકાત- વૈરાગ્ય ભાવ અને જ્ઞાનની - તેના માતાપિતા અથવા કુટુંબીજનોની લેખિત મંજૂરી અને તેની ઉંમર સગીર નથી તેનો લેખિત પુરાવો લેવામાં આવે છે. દીક્ષા પ્રસંગે ખર્ચની મર્યાદા બાંધવામાં આવે છે. જે ફંડ ફાળો થાય તેમાંથી ખર્ચ બાદ કરી, જે રકમ રહે તેમાંથી ૬૦ ટકા મહાસંઘને આપાય છે અને ૪૦ ટકા સ્થાનિક સંઘ રાખે છે. મહાસંઘને મળતી રકમ-માંથી દસ વર્ષથી શ્રમણી વિદ્યાપીઠ ચાલે છે. જેનું વાર્ષિક ખર્ચ લગભગ એક લાખ રૂપિયા છે. આવક શ્રમણી વિદ્યાપીઠ માટે વપરાય છે તેથી ફંડ ફાળાની રકમ સારી થાય છે. લોકો ઉત્સાહથી આપે છે. સ્થાનક વાસી સમાજના બધા ધાર્મિક પ્રશ્નો સમૂહ રીતે મહા સંઘ મારફત નક્કી થાય છે. બૃહદ મુંબઈમાં સાધુ-સાધ્વીઓના ચાતુર્માસ મહાસંઘની મંજૂરીથી થાય છે. આ રીતે કેટલેક દરજજે શિસ્ત અને સંગઠનની ભાવના જાગ્રત થઈ છે.

અન્ય ફિરકાઓમાં પણ આવું સંગઠન થાય તે જરૂરનું છે. અત્યારે મનસ્વી વ્યવહાર થાય છે, તે ઓછો થશે. મુંબઈનો શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ ઘણો સમૃદ્ધ અને શકિતશાળી છે. લાખો રૂપિયાનું ખર્ચ કરે છે. ચતુર્વિધ સંઘમાં પૂર્ણ સહકાર અને પરસ્પરની સમજણ હોય તો સંઘનું કામ દીપી નીકળે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના આગેવાનો મન પર લે તો આ કામ મુશ્કેલ નથી. દિગમ્બર અને તેરાપંથી સમાજમાં આવું સંગઠન ઠીક પ્રમાણમાં છે. બધા ફિરકાઓનું આવું સંગઠન થાય તો સમસ્ત જૈન સમાજને લાભદાયી થાય.

**– ચીમનલાલ ચકુભાઈ શાહ**

## સાચો ત્યાગી કોણ?

એકવાર મહાત્મા હાતમ - હાસમને બગદાદ શહેરમાં જવાનું થયું. અહીંના વૈભવશાળી ખલીફાને આ વાતની ખબર પડતાં તેણે આ મહાન તપસ્વીને પોતાના દરબારમાં બોલાવ્યા.

ખલીફાના દરબારમાં આવીને મહાત્મા હાતમ હાસમ, બોલ્યા, "હે ત્યાગી પુરુષ! આપને મારી સલામ."

આ સાંભળીને ખલીફાએ આશ્ચર્યચકિત બની જઈને પૂછયું. "અરે મહાત્મા! આપ શું બોલો છો? હું તો આખા રાજય પર મારું શાસન ચલાવું છું. સંસારની મોહક માયામાં લપેટાયેલો છું. ત્યાગી તો આપ છો."

મહાત્માએ કહ્યું "ના, આપજ સાચા ત્યાગી છો."

ખલીફાએ પૂછયું. 'આવું કેવી રીતે બની શકે?"

મહાત્મા હાતમે કહ્યું, "ખુદા એ કહ્યું છે કે આ બધી દુન્યવીદોલતની કશી કિંમત નથી. સ્વર્ગની વસ્તુ જ સાચી મૂલ્યવાન છે. પણ તમે સ્વર્ગની સંપત્તિને જતી કરીને આ તુચ્છ સાંસારિક સંપત્તિને પોતાની માની લીધી છે. માટે તમેજ સાચા ત્યાગી પુરુષ છો. જયારે હું આ અસાર સંસારની તુચ્છ લાલસાઓને ત્યજી દઈને મહા મૂલ્યવાન એવી સ્વર્ગની સંપત્તિ મેળવવા માટે ફાંફા મારી રહ્યો છે. આવી કિંમતી વસ્તુનો ત્યાગ કરનાર આપના જેવા ત્યાગી પુરુષની સરખામણીમાં મારા આવા તુચ્છ ત્યાગની મારાથી શી રીતે બડાઈ હાંકી શકાય?"

## ☆ અંધકારમાંથી પ્રકાશ ☆

મૃદુલા બહેન મહેતાએ પંડિત સુખલાલજી વિષે 'પુણ્યશ્લોક પંડિતજી' નામે એક પુસ્તિકા લખી છે જે હમણાં બહાર પડી છે, પંડિતજી સાથે તેઓ રહ્યા તેના સંસ્મરણો છે.

એક વૈશાખી પૂર્ણિમાની રાત્રે નિર્મળ ચાંદનીમાં બન્ને અમદાવાદ સરિત કુંજમાં બેઠા હતા. મૃદુલા બહેનને થયું કે પંડિતજી ચાંદની માણી શકતા નથી. એમના મનનો એ વિચાર પંડિતજી સમજી ગયા. મૃદુલા બહેનની એ માન્યતા બરાબર ન હતી. છતાં. પંડિતજીએ તેમને ચાંદનીનું વર્ણન કરવા કહ્યું. પછી પંડિતજીએ પોતે નાનપણમાં માણેલી ચાંદનીનું વર્ણન કર્યું. પણ ત્યાર પછી પોતાને ઘોર અંધકારનો અનુભવ થયો અને તેમાંથી પ્રકાશ કેમ લાધ્યો તે કહ્યું એ અનુભવ દીલ હલમલાવી નાખે તેવો છે. મૃદુલાબહેનના શબ્દોમાં ઉતારું છું.

**–ચીમનલાલ**

(પંડિતજી) કહે: "પ્રકાશ કરતાં અંધકાર, ગાઢ અંધકારનો અનુભવ મેં કોઈએ ન કર્યો હોય તેવો તીવ્રપણે કર્યો છે. ચૌદ વર્ષની વયે જયારે આંખો ખોઈ ત્યારે આંખોનું તેજ ગયું એટલું જ નહીં, સમસ્ત જીવન જીવવાની બધી આશા - આકાંક્ષાઓ ફરતો ગાઢ અંધકાર વીંટળાઈ વળ્યો હતો. પ્રગાઢ અંધકાર, જયાં પ્રકાશની આછી રેખા ન હતી. આશાની ઝાંય સરખી નહોતી, અને અંધકારના ડુંગરનો, ચોસલે ચોસલાનો એવો ભાર હતો કે ડોક ઊંચી ન થઈ શકે. ઊંડા અંધારા કૂવામાં મને કોઈએ ધકેલી દઈ જાણે જીવનનાં એકેએક દ્વાર બંધ કરી દીધાં હતાં. આ અંધકારનો ખડક સમો ભાર ભેદીને બહાર નીકળાશે કે કદી કોઈ પ્રકાશ રેખા સાંપડશે તેવી કલ્પના જ અસંભવિત લાગતી હતી. પ્રત્યક્ષ અંધકાર કરતાં પણ નિરાશાનો અંધકાર અતિ દુર્ભેદ્ય હોય છે. મારા મનની ત્યારે એ સ્થિતિ હતી. કોઈ આધાર નહીં, કોઈ ઓથાર નહીં, હૈયું હળવું કરવા કોઈ પગથી નહીં. મિત્રો હોય, પણ જેને નિ:સહાયતાનો અનુભવ નથી તે સહાનુભૂતિ છતાં આપણી સ્થિતિ પૂર્ણપણે સમજી જ ન શકે એટલે તમે એકલા, અટૂલા નિ:સહાયપણે અંધકારના એ કળણમાં ખૂંપી જાઓ તેવી દશા થાય... આજે તો ઘણી શોધો, સુવિધાઓ થઈ છે પણ તે સમય, તે સમાજ અને તે પરિસ્થિતિ!! મૃદુલા, જીવનનો તે અંધકાર શબ્દમાં મુકાય તેવો નથી ......'

તેમના સદા પ્રસન્ન ચહેરા પર વિષાદ છવાઈ ગયો હતો. શબ્દે શબ્દે અસહ્ય વેદના નીતરી રહી હતી. તેઓ બોલતા ગયા અને મારી આંખોમાંથી આંસુ નીતરતાં રહ્યાં. જરા પણ અવાજ ન થાય, શ્વાસ પણ જોરથી ન લેવાય તેની મેં ખૂબ તકેદારી રાખેલી, પણ પ્રજ્ઞાચક્ષુ પામી ગયા. એકાએક થોભીને કહે, "અરે, તું રડે છે? આ તો ચાંદનીની મજા બગડી ગઈ! હું તો વર્ણનમાં તલ્લીન થઈ ગયો. પણ સાંભળ, રડવા જેવું તેમાં હવે શું છે? ઘોર અંધકારનો અનુભવ કર્યો તો એવા જ દેદીપ્યમાન પ્રકાશનો પણ અનુભવ કર્યો છે. ગાઢ અંધકારના અસહ્ય ભાર અને ઘોર નિરાશામાં એક પ્રકાશકિરણ ઝળકયું - પુરુષાર્થનું એક પગલું દેખાયું- આંચકો મારીને માથું ઊંચું કર્યું અને નિરાશાનો ખડક ગબડી પડયો. ધીમે ધીમે પગ માંડતા ટેકો મેળવવાની મથામણ કરતાં કરતાં એક સાંકળ હાથ આવી અને તે ઠેકીને એ ઊંડા કળણમાંથી બહાર આવ્યો. તો જે ભવ્ય દેદીપ્યમાન, અને ઉજજવળ પ્રકાશ મને મળ્યો તેવો બહુ વિરલ આત્મઓને મળ્યો હશે. જીવનને આ કિનારે તો પ્રકાશ અને આનંદરસ છે, પછી પ્રારંભમાં અંધકાર હતો તેનું કંઈ દુ:ખ થોડું જ હોય! ચાલ, હવે ખુશ ને? એક સરસ ભજન ગા, પછી આપણે જઈએ.' કહી તેમણે વાત સમેટી લીધી.

**–મૃદુલા પ્ર. મહેતા**

# ગ્રામોદ્ધારની દિશામાં

ગામડાંઓના વિકાસ પર આપણા દેશની આબાદી આધાર રાખે છે. આ દિશામાં હમણાં હમણાં મોટી મોટી કંપનીઓ તરફથી ગ્રામોદ્ધારનું ઘણું સરસ કાર્ય થઈ રહ્યું છે. દા.ત. મફતલાલ ગ્રુપની નોસીલ કંપનીએ છેલ્લા દોઢેક વર્ષથી પંચવર્ષીય યોજના બનાવી મહારાષ્ટ્રના યાવતમાલ વિભાગનાં ૧૪૮ ગામોનું વિકાસકાર્ય હાથ ધર્યું છે. આ પ્રવૃત્તિમાં નોસીલને પૂનાના ભારતીય એગ્રો - ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન ( BAIF ) તથા મહારાષ્ટ્ર સરકારનો સહકાર મળ્યો છે. આ યોજના મુજબ પાંચ વર્ષના ગાળામાં ઉપરોક્ત વિસ્તારનાં ૨૫૦૦ જેટલાં કુટુંબો, જે ઘણી ગરીબીમાં જીવે છે, તેમને ઉપર લાવવાનું નોસીલનું ધ્યેય છે.

ખેડૂતોનો મુખ્ય આધાર ખેતી છે. ચોમાસુ સારું જાય અને પાક બરાબર ઉતરે ત્યારે તો એમને એવી આર્થિક ભીંસ ભોગવવી પડતી નથી. પરંતુ ચોમાસુ નિષ્ફળ જાય ત્યારે ખેડૂતોની આર્થિક પરેશાની ઘણી વધી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા ખેડૂતોને નિયમિત આવકનું સાધન રહે એ માટે ગાયોને, કેનેડા અને ડેન્માર્કના આખલાની રસી ઈન્જેક્શન (આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન) દ્વારા આપી વધુ દૂધ આપતી ગાયોને ઉત્પન્ન કરવામાં આવશે. પરિણામે એક લીટર દૂધ આપતી ગાયો ક્રોસ - બ્રીડથી ૮ લીટર દૂધ આપતી ગાયો ત્રણ વર્ષમાં પેદા કરશે. આ પ્રકારના કૃત્રિમ ઈન્જેક્શનમાં જેનો સારો અનુભવ અને જાણકારી છે તેનો (BAIF) નોસીલને ઘણો સારો સહકાર મળ્યો છે.

આમ ખેડૂતોને માટે નિયમિત આવકનું સાધન તો ઊભું કર્યું, પરંતુ સવાલ એ પાછો રહે છે, કે આ ત્રણ વર્ષના ગાળા દરમ્યાન ખેડૂતોની આવકનું શું? આ સવાલનો ઉકેલ લાવવા સરકારના સહકારથી 'સોશિયલ ફોરેસ્ટ્રી - સ્કીમ' હાથ ધરવામાં આવી છે. જે મુજબ દરેક કુટુંબને જંગલની પડતર જમીન એવા વંતમાં અપાશે કે એ જમીનમાં ખેડૂતો ઘાસ, શાકભાજી વગેરે ઉગાડી ઉદ્યમી રહેવા સાથે અમુક આવક પ્રાપ્ત કરી શકશે. આ પ્રવૃત્તિમાં ખેડૂતો સહકાર આપે અને રસ બતાવે એ માટે નોસીલ તથા ભારતીય એગ્રો - ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન બંનેએ ખેડૂતોમાં સારો એવો રસ ઉત્પન્ન કર્યો છે. આ યોજના માટે પસંદ કરવામાં આવેલાં બે ગામોના ખેડૂતોને ત્રણ વર્ષ સુધી દસ કીલો ઘઉં યા જવાર તથા બે કીલો સુખડી દર અઠવાડિયાએ આપવામાં આવે છે.

ઉપરોક્ત પ્રવૃત્તિ ઉપરાંત ખેડૂતોને ઊંચી જાતનું અને ઝડપથી ઊગે તેવું ઘાસ ઊગાડવાની ખાસ તાલીમ આપવામાં આવે છે. તથા ઢોરો દ્વારા થતી નુકસાનીને અટકાવવા ખેતરો ફરતી વાડો ઊભી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જેમાં રોકાવાથી ખેડૂતોને કામ અને રોજી બંનેનો લાભ મળી રહેશે.

દર એકરે કપાસનો પાક વધારવા માટે થોડી જમીન ધરાવતા ખેડૂતોને પ્રોત્સાહન આપી H4 જાતનો ઊંચી જાતનો કપાસ ઉગાડવાનું પણ નોસીલે શરૂ કર્યું છે. ખેતીકામ માટે જરૂરી ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ વગેરે નોસીલ તરફથી ખેડૂતોને આપવામાં આવે છે. આ ખર્ચાયેલી રકમ કપાસનો પાક ઊતર્યા પછી ખેડૂતો પાસેથી વાળી લેવાની રહે છે. પરંતુ સંજોગવશાત્ પાક નિષ્ફળ જાય તો એ પરિસ્થિતિમાં ખેડૂતોને અમુક તો મળે જ એ યોજના વિચારવામાં આવી છે. આધુનિક ઉત્પાદન પદ્ધતિથી ખેડૂતો વાકેફ રહે એ માટે જમીનમાં કપાસ ઊગાડવા પહેલાં ચોમાસાની શરૂઆતમાં પ્લાસ્ટીકની માટી અને ખાતર ભરેલી થેલીઓમાં કપાસ ઉગાડવાના અદ્યતન વૈજ્ઞાનિક પ્રયોગો પણ કરવામાં આવે છે. આથી ઓછી મહેનતે પાક સારો ઉતરે એ વિષેની વૈજ્ઞાનિક જાણકારી ખેડૂતોને મળી શકશે.

આ ૧૪૮ ગામોમાં રહેતા લોકોની જરૂરિયાતો અને પ્રશ્નોને સમજવા તથા તેમને યોગ્ય માર્ગદર્શન આપવા નોસીલે પાંચ ગામોમાં પાંચ કેન્દ્રો ઊભાં કર્યાં છે. અને છઠ્ઠું કેન્દ્ર ઊભું કરવાનું પણ વિચારવામાં આવ્યું છે. દરેક કેન્દ્રમાં ઢોરોના ડોક્ટર તથા ખેતીવાડીના નિષ્ણાત, ખેડૂતોને ખેતીવાડી તથા પશુપાલન બાબતમાં સલાહ સૂચના અને યોગ્ય માર્ગદર્શન આપે છે. નોસીલના કર્મચારીઓ પાસે આવીને લોકો પોતાની કોઈ મુશ્કેલી કે જરૂરિયાતની છૂટથી ચર્ચા કરી શકે એ માટે ગ્રામવાસીઓને પ્રોત્સાહન અને સગવડ આપવામાં આવ્યા છે. આ સિવાય વૈજ્ઞાનિક પ્રયોગો થતા હોય તે જગ્યાઓની મુલાકાત ખેડૂતો લઈ શકે અને ખેતીવાડી વિષે આધુનિક જાણકારી મેળવી શકે તે માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. હાલપૂરતું ઢોરોનો ઉછેર બરાબર થાય, દૂધનું ઉત્પાદન વધે, ઊંચી જાતનો કપાસ તથા સારી જાતના ઘાસનું ઉત્પાદન વધે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. આ દિશામાં પ્રયત્નો બરાબર સફળ થાય પછી નોસીલ એગ્રો - ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે પણ ગામડાંઓમાં પ્રયત્ન કરશે.

ગામડાંઓની ઉત્પાદકશક્તિ વધારવા માટે લોકોની આરોગ્ય રક્ષા પણ અત્યંત જરૂરી છે. આ ગામોમાં હોમિયોપેથીક ડોકટરોની સગવડ કરવામાં આવી. તથા દરેક ગામમાંથી એક યોગ્ય વ્યક્તિને એવી તાલીમ આપવામાં આવે છે, કે તે, લોકોને પ્રાથમિક સારવાર, દવા તથા રોજિંદા સામાન્ય દર્દો અને ફરિયાદોમાં રાહત આપી શકે. સામૂહિક નેત્રચિકિત્સા માટે આ વર્ષના ફેબ્રુઆરીમાં સદ્ગુરુ સેવા સંઘ તરફથી યાવતમાલમાં નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેનો લાભ સંખ્યાબંધ માણસોએ લીધો હતો. મહારાષ્ટ્રમાં આટલા મોટા પાયા પરનો આ પહેલો જ નેત્રયજ્ઞ હતો. જેમાં નિષ્ણાત સર્જનો, ડોક્ટરો, નર્સો, સ્વયંસેવકો અને મફતલાલ ગ્રુપમાં કામ કરતા માણસોએ ઘણી સુંદર સેવા બજાવી હતી. એક નોંધપાત્ર હકીકત એ પણ રહી કે, નોસીલના પ્રમુખ શ્રી અરવિંદભાઈ મફતલાલ નેત્રયજ્ઞ અંગેની વ્યવસ્થાની દેખરેખ રાખવા જાતે હાજર રહ્યા તથા દરદીઓ પાસેથી સારવાર, રહેઠાણ, ભોજન વગેરેની કશી જ રકમ લેવામાં આવી નહોતી.

દોઢેક વર્ષના ગાળામાં નોસીલ કંપનીએ ગ્રામોદ્ધારનું જે કાર્ય હાથ ધર્યું છે તેણે ગ્રામવાસીઓ અને ખેડૂતોમાં ઘણી આશા ઉત્પન્ન કરી છે. નોસીલની જેમ થાણા - બેલાપુર રોડ પર આવેલી મફતલાલ ગ્રુપની બીજી કંપની 'પીલ' તરફથી પણ એ બાજુનાં ગામોમાં ગ્રામોદ્ધારનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, જેમાં, ખેતીવાડીનો વિકાસ, ઢોરોનો યોગ્ય ઉછેર અને દેખભાળ, ક્રોસ બ્રીડીંગથી સારી ઓલાદના પશુધનની ઉત્પત્તિ, ભૂમિહીન ખેડૂતોને જમીન તથા રોજીની સગવડ કરી આપવી, આરોગ્ય અને કેળવણીનો વિકાસ, નેત્ર અને દંતચિકિત્સા શિબિરોનું આયોજન, નવાં તળાવો બનાવી પાણીની સગવડ કરવી, વૈદકીય રાહત અને દવાદારૂની જોગવાઈ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. પીલ ફેકટરીના વિસ્તારમાં એક ટેકનિકલ સ્કૂલ બનાવવામાં આવી છે. જેનો લાભ એ વિસ્તારમાંના ગામડાંઓ લઈ શકે છે.

ઉપરોક્ત કંપનીઓ ઉપરાંત બીજી કંપનીઓ પણ આજે સમાજસેવા અને ગ્રામોદ્ધારના કાર્યમાં સક્રિય રસ બતાવી રહી છે અને જેની આપણને ખાસ જરૂર છે તે ગામડાંઓને આબાદ બનાવવાનું કાર્ય આ રીતે આગળ વધી રહ્યું છે તે ખૂબ ગૌરવ લેવા જેવી વાત છે. આવા કામોની જવાબદારી સરકારની છે, પરંતુ સરકાર એકલે હાથે ન કરી શકે અને પ્રજાનો સહયોગ આવશ્યક રહે. આ આવશ્યકતા મોટી મોટી કંપનીઓ પૂરી પાડી રહે છે એ બદલ આપણે એમની પ્રશંસા કરી અભિનંદન આપીએ.

— શારદાબેન બાબુભાઈ શાહ

## આ તમે જાણો છો ?

દુનિયામાં ૧૫ વર્ષથી નાનાં બાળ - મજૂરોની સંખ્યા ૫ કરોડ ૨૭ લાખની છે. જેમાંથી ૪ કરોડ ૨૦ લાખ બાળમજૂરો કોઈ પણ જાતનું વેતન લીધા વિના કુટુંબના ખેતર કે ધંધામાં કામ કરે છે. ૧ કરોડ બાળ મજૂરો દુકાનો, કારખાનાં વગેરેમાં કામ કરે છે. એશિયામાં ૩ કરોડ, ૮૦ લાખ, આફ્રિકામાં એક કરોડ અને લેટીન અમેરિકામાં ૭૦ લાખ બાળમજૂરો છે. અલ્પ વિકસિત દેશોમાં ૭૦ થી ૮૦ ટકા બાળકો બાળમજૂરો છે.

# ☆ બાળકો અનિવાર્ય ખરા? ☆

૧૯૫૧ થી ૧૯૬૦ના દશકા દરમ્યાન અમેરિકામાં બાળ કેન્દ્રો અને કુટુંબતરફી વલણોનું એકચક્રી રાજ્ય રહ્યું હતું. આ વર્ષો દરમ્યાન બાળભક્તિ પુષ્કળ પ્રમાણમાં થઈ. 'લીટલ લીગ' અને 'ડીઝની લેન્ડ' બંનેને એ દશકાની ભેટ ગણવી રહી. પણ આજે અમેરિકામાંથી બાળભક્તિનાં પૂર ઓસરવા માંડયા છે. કેટલાક અમેરિકનો બાળકોથી ગભરાય પણ છે. આંતરરાષ્ટ્રીય બાળ વર્ષની ઉજવણીના ટાંકણે જ બાળકો અંગે સહેજ જુદી રીતે વિચારતાં માબાપો થોડીક ચિંતા ઉપજાવે છે. જો કે વિશ્વના મોટા ભાગના દેશોમાં બાળપ્રેમ હજુ ટકી રહ્યો છે. આમ છતાં વિકસિત દેશો અને વિકસતા દેશો વચ્ચે બાળકોને અનુલક્ષીને થતી વિચારણામાં તાત્ત્વિક તફાવત નજરે પડે છે.

અમેરિકામાં બાળકો પ્રત્યે કાંઈક તિરસ્કારની ભાવનાની ઝાંખી થાય છે. એન લેન્ડર્સ નામની એક કટાર લેખિકાની પ્રશ્નાવલિના જવાબમાં જે ૫૦,૦૦૦ માબાપોએ જવાબો આપ્યા તેમાંનાં ૭૦ ટકા જેટલાં એ તો એમ કહ્યું કે: "જો અમારે ફરીથી પસંદગી કરવાની હોય તો બાળકો થવા જ ન દઈએ." કેટલાંક રાજ્યોમાં બાળકોવાળા દંપતીઓને મકાનમાલિકો ઘર ભાડે આપતાં નથી. જ્યોર્જીયા રાજ્યના એક દંપતીએ ધોવાના સાબુની ટેલિવિઝન માટેની જાહેરાતના પ્રમાણપત્રમાં સહી કરી. આથી ઘણા ક્રોધે ભરાયેલા લોકોએ એમને ટેલિફોન પર જાત જાતની ધમકીઓ આપી અને છ બાળકો હોવા બદલ આમને તટછોડયાં તે નફામાં. કર વધારાની વિરુદ્ધમાં જે આંદોલનો અમેરિકામાં થયાં છે તેના કારણે શાળાકીય અંદાયપત્રો ઉપર માઠી અસર પડી છે. વધતા જતા ફુગાવાના કારણે અને ઉતરતી કક્ષાની શૈક્ષણિક સવલતો અને પદ્ધતિઓના વિરોધને લીધે બાળવિરોધી વલણ કેળવાતું જતું હોવાની દહેશત રહે છે.

નિષ્ણાતોનું માનવું છે કે દર વર્ષે ૨૦ લાખ બાળકો સાથે ગેરવર્તણુંકના કિસ્સા નોધાય છે. બાળકો સાથેની ગેરવર્તણુંકના આંકડા વધુ જણાવવાનું એક કારણ એ છે કે વધુ કિસ્સાઓ પોલીસને ચોપડે ચડે છે. પણ નિષ્ણાતોનું કહેવું છે કે હકીકતમાં તો ચોપડે ચડતા કિસ્સાઓ કરતાં ય વધુ કિસ્સાઓ ઘરના છાના ખૂણે બનતા હશે. ગયે વર્ષે (૧૯૭૮) વરિષ્ટ અદાલતે શાળાના શિક્ષકો બાળકોને મારી શકે એવો ચુકાદો આપ્યો તે ઘટના યેલ વિદ્યાપીઠના મનો વિજ્ઞાનના પ્રાધ્યાપક એડવર્ડ ઝીગલરના મતાનુસાર સંસ્થાકીય ગેરવર્તણૂંકની ગણાવી જોઈએ. લોસ એન્જલ્સ શહેરની પોલિસની માન્યતા પ્રમાણે પાંચ વર્ષની નીચેની વયનાં આશરે ૩૦,૦૦૦ બાળકો (દર વર્ષે બિભત્સ સાહિત્યનાં (પોર્નો ગ્રાફી) શિકાર બને છે. એમાંનાં કેટલાંક તો માબાપ દ્વારા આ પ્રકારના દુરૂપયોગ માટે વેચાયાં હોય છે.

'સ્ત્રી, મુક્તિનાં આંદોલનની એક આડપેદાશ એ જોવા મળે છે કે સ્ત્રીઓને હવે બાળકોમાં રસ રહ્યો નથી. એક માન્યતા મુજબ યુવાનોમાં આત્મરતિ (સેલ્ફલવ)ની ભાવના વધતી જાય છે. એક જમાનામાં બાળક હોવા એ મોભો ગણાતો, પોતાના અહમ્‌ના વિસ્તાર રૂપ બાળકો ઘરમાં દોડા દોડી કરે, રમે એ બધું સ્વીકાર્ય ગણાતું. આજે આ ચિત્ર સહેજ બદલાયું છે. સ્ત્રી-પુરૂષોમાં લગ્નથી જોડાવાની અનિચ્છા, સ્વચ્છંદાચારને કારણે સાથે રહેવાનું વલણ વધતું જતું હોવાની સાથે સાથે સંતતિનિયમનનાં સરળ સાધનોનો વપરાશ પણ વધ્યો હોઈ બાળકોની જવાબદારી લેવાની ઈચ્છામાં ઘટાડો થયો હોવાનું નોધાયું છે. સામાજિક વિશ્લેષકોનું કહેવું છે કે ઘણાં દંપતીઓ સ્વયં બાળક જેવાં બાલિશ અને નાદાન હોય છે. પચાસ વર્ષે પણ પુખ્તતાનાં અભાવવાળાં યુગલો માબાપ ન બને તે હિતાવહ ગણાવું જોઈએ. નહિ તો બાળકનું આગમન એમના જીવનમાં અસુખ આણનારું બનવાની શકયતા છે.

બાળક માટેની આવી અરુચિની પાછળ આવાં બધાં અનેક કારણો જવાબદાર હોવાની સંભાવના છે. બાળક હોય તે સારું અને બાળક ન હોય તો પણ સારું એમ બન્ને પ્રકારની દલીલો કરવી હોય તો ઘણા બધા મુદ્દા સાંપડી રહે તેમ છે. આજથી ૨૫ વર્ષ પહેલાં અમેરિકામાંનું બાળકો પ્રત્યેનું વલણ તદ્દન મૂર્ખાઈભરેલું હતું એમ પણ કેટલાક નિષ્ણાતોને લાગે છે, એ વખતે બાળકને માટીના લોંદા જેવું અથવા કોરી પાટી જેવું ગણવામાં આવતું. અનુભવો એના પર અક્ષર પાડે છે તથા એને વાતાવરણ જે ઘાટ આપવો હોય તે આપે છે. એવી દલીલમાં સહુને શ્રદ્ધા હતી. કેટલેક ઠેકાણે બાળકની રમતને ગેર કાયદેસરની પ્રવૃત્તિ ગણવામાં આવતી હતી. જે. બી. વોટસન જેવા અનેક વર્તાવવાદી મનોવિજ્ઞાનિકોએ બાળઉછેર માટે ઘણી વાહિયાત ગણી શકાય તેવી વાતો એક જમાનામાં કરેલી, વૈજ્ઞાનિક બાળઉછેરના ભીષ્મપિતામહ જેવા ગણાતા ડો. સ્પોકે પણ બાળકોને થોડાં અળગાં રાખવાની વાત કરી હતી. એમના કહેવા મુજબ "બાળકને આલિંગવું નહીં ને ચૂમવું પણ નહીં."

બાળકો પ્રત્યે કેટલું કે કેવા પ્રકારનું ધ્યાન આપવું એ વિચારોને સ્પર્શતું ઘણું બધું લખાણ પ્રગટ થયું છે, એ અંગે ઘણાં ભાષણો પણ થયાં છે એ જ એની અનિવાર્યતા સૂચવે છે. ખેતીપ્રધાન સમાજમાં વધુ બાળકો આર્થિક ઉત્પાદનમાં સહાય રૂપ નીવડતાં હતાં એટલે એમનું મૂલ્ય વિશેષ અંકાતું હતું. આજે એક મધ્યમવર્ગીય કુટુંબ એક બાળકને ઉછેરવા માટે એકાદ લાખ ડૉલર જેટલી રકમ અમેરિકામાં ખર્ચે છે. લગ્નજીવનમાં બાળકો આજે અનિવાર્ય ગણાતાં નથી. સ્ત્રીમુક્તિનાં આંદોલનોને કારણે પણ બાળકો પ્રત્યેનું વલણ બદલાયું છે અને આર્થિક જરૂરિયાતને કારણે ઘર બહાર કામ કરવા જવું પડતું હોય એવી સ્ત્રીઓ બાળકોને આર્થિક બોજા રૂપ ગણતી બની છે એ પણ સમજી શકાય તેવી બાબત છે.

૧૯૭૦નો આ દશકો શરૂ થયો છે તેવામાં અમેરિકામાં આ પ્રકારનાં વલણનો પવન વાયો. એક બાજુ વસતિ નિયંત્રણમાં શૂન્ય વૃદ્ધિ આંકે પહોંચવાની કોશિશ, બીજી બાજુ બાળકોની માતા હોય તેવી સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલવામાં નડતી મુશ્કેલીઓ તરફ સ્ત્રી હકકના કાર્યકર્તાઓએ ધ્યાન દોર્યું. બેટી રોલીન જે અત્યારે નેશનલ બ્રોડકાસ્ટિંગ ન્યુઝમાં કામ કરે છે તેમના જણાવ્યા પ્રમાણે "માતૃત્વ ભયમાં છે અને તેમ હોવું જોઈએ." સ્ત્રી મુક્તિવાદી એલન પેક નેશનલ ઓરગેનાઈઝેશન ફોર નોનપેરન્ટસાંનાં સ્થાપક છે અને 'નન ઈઝ ફન' સૂત્રનાં પ્રચારક છે. આ માન્યતામાં વિશ્વાસ ધરાવનારાઓમાંથી ઘણી બધી તો વૃદ્ધ સ્ત્રીઓ છે, કેટલીક તો માતા બનવાની ઉંમર વટાવી ચૂકી છે, યુવાનીમાં કારકિર્દી પાછળ વધુ પડતું ધ્યાન આપનારી સ્ત્રીઓને 'એકાદ બાળક હોત તો ઠીક રહેત' એવો વિચાર પાછળથી નહીં આવ્યો હોય એની શી ખાતરી? પણ હવે શું થઈ શકે? 'ચિડયા ચૂગ ગઈ ખેત, અબ પછતાયે ક્યા હોત?' જેવો ઘાટ થયો ને? ઘડિયાળનું લોલક બાળક નહીં તો સુખ નહીં ત્યાંથી ફરતું ફરતું ઓછાં બાળકો હોવા તરફ આવ્યું ને પછી બાળક નહીં જોઈએ એ તરફ આવ્યું છે, પણ પાછું જ્યાં હતું ત્યાં નહીં પહોંચે તેની શી ખાતરી?

વળી બાળકો તરફ આવું વલણ રાખનારો અને વિચાર કરી શકે એવો વર્ગ ૧૦ ટકાથી વધુ નહીં હોય. શિક્ષિત દંપતીઓ, વ્યવસાયી સ્ત્રીપુરુષો ઓછાં બાળકો તરફ ઝૂકતાં હોય, પણ એમની સંખ્યા કેટલી? આમ છતાં બાળ ઉછેરના અર્થશાસ્ત્રે જ અમેરિકન પ્રજાને કાયદેસરના ગર્ભપાતને સ્વીકૃતની મહોર મરાવી આપી હતી એ ભૂલવું ન જોઈએ. હાર્વર્ડ વિદ્યાપીઠના વિકાસાત્મક મનોવિજ્ઞાનના નિષ્ણાત જેરોમ કેગનને અમેરિકન માબાપોને બાળકોમાંથી રસ ઉઠી ગયો છે એ માન્યતા સામે જ વાંધો છે. એમનું કહેવું છે. અમેરિકામાં સ્થાયી થયેલા જાપાની દંપતીઓની જેમ અમેરિકી દંપતીઓ પણ બાળકોને સારી રીતે ઉછેરવા માટેનાં માર્ગદર્શક વ્યાખ્યાનો અને કાર્યક્રમો પાછળ સારો એવો વખત ગાળે છે. રોબર્ટ કોલ્સ નામના લેખક અને મનોવૈજ્ઞાનિક (ચિલ્ડ્રન ઓફ ક્રાઈસીસ) પ્રગટ કરીને ખ્યાત બનેલા) એમ માને છે કે: "માતા પિતાને પોતાના બાળકોમાં શ્રદ્ધા છે. ઈશ્વરમાં કે અન્ય પ્રકારના અનુભવાતીત પદાર્થોમાં નહીં, વળી બાળકો પોતે પણ વડીલોના વિચાર પરિવર્તનમાં ફાળો આપે છે તે હકીકત પણ સ્વીકારવી રહી. માતાપિતા બાળકને પોતાના અહમ્‌ના વિસ્તાર રૂપ માને છે એ હકીકત જો કે કમનસીબ ગણાવી જોઈએ, કારણ કે એથી બાળકનો બોજો વધી જાય છે. અને બાળકો પ્રત્યે ક્રૂરતા નહીં કહેતાં બાળપૂજા કહેવી જોઈએ."

ખરી રીતે જોઈએ તો બાળકો વિશે તાર્કિક રીતે કશું જ

વિચારી શકાય નહીં. બાળભક્તિ અને બાળઘૃણા એ બન્નેનું આચરણ કરતાં માતા પિતા દરેક સમાજમાં મળી રહે. આમ છતાં અમેરિકન સ્ત્રીને માતા બનવું કે નહીં, બનવું તો કેટલી વાર બનવું એ બધું સ્વતંત્ર રીતે વિચારવાની તક સાંપડી છે. જે દંપતીઓ બાળકને ઝંખે છે તે જવાબદાર માબાપ બનશે એમાં શંકા નથી. ત્યારે જેઓ બાળકને ઈચ્છતાં નથી તેઓ આ દુનિયામાં બાળકને પ્રવેશવા દીધા પછી એની સાથે સારો વ્યવહાર નહીં રાખે, મને કમને એને સહેશે. આદર્શ સ્થિતિ તો એને જ કહેવાય કે બાળકો જન્મે તે ઈચ્છિત હોય. અમેરિકા એક રાષ્ટ્ર તરીકે બાળકો અને કુટુંબો પરત્વે સંતુલિત રીતે વિચારતું બન્યું છે એમ પણ કહી શકાય. ૫૦થી ૬૦ની વિચારસરણી ઘરને વળગેલી જ રહી, અને ૭૦ થી શરૂ થયેલી વિચારસણીએ થોડી ચિંતા જન્માવી. એક પેઢી બીજી પેઢી તરફ દાંતિયાં કરે છે ત્યારે માતાપિતાને પ્રથમ વાર એવું લાગવા માંડ્યું છે કે બાળક પ્રત્યેનો તિરસ્કાર અંતે તો એમને જ મુશ્કેલીમાં મૂકે છે. યુવાનો પાસે શક્તિ છે, સત્તા પણ છે એટલે માતા પિતા બાળકો પાસેથી ઓછામાં ઓછી અપેક્ષાઓ સેવીને જીવન આરંભે છે. ખરેખર તો અમેરિકા એક મોટા ભ્રમમાંથી બહાર આવી રહ્યું છે એવું કહેવું જોઈએ.

--હર્ષિદા પંડિત

(લેન્સ મરો લિખિત લેખને આધારે)

## દેવી

ગુલાબના બગીચા પરથી પંખીઓનું ટોળું ઊડી જાય એમ દેવીએ પાંપણોની ફરકતી ઉઘાડ - મીચ કરી. તેઓ ઊભાં રહ્યાં. સામેના ઓરડામાંથી વીણાના તારમાંથી કંપાયમાન થતા ખરકમાંથી વહેતા ઝરણાં જેવા ગંગાસ્તોત્રના મંત્રોચ્ચાર તેમના કાન પર પડ્યા. નારાયણસ્વામી, દેવીના પતિ, પોથી વાંચતા હતા. તેમને સમજાઈ ગયું કે, હવે નક્કી જ સાંજ પડી છે. તેઓ બારીમાંથી દૂરની ક્ષિતિજ તરફ જોવા લાગ્યા. મેઘના સંધ્યાકાલીન રંગો તેમના ચંદ્રગૌર દેહ પરથી નીતરતા હતા. અને તેમની વિશાળ આંખોમાં એકાએક સાંજની કરુણા કાંઠા સુધી ઊભરાઈ આવી, ત્યારે તેમની લાવણીને એક પ્રકારનું અપાર્થિવ ગૌરવ પ્રાપ્ત થયું હોય એવું લાગ્યું. નારાયણ સ્વામીની બૂમ દેવીના કાન પર પડી ત્યારે તેઓ ભાનમાં આવ્યાં. તેઓ સ્વામી સામે ઊભાં રહ્યાં. માથા પરનો છેડો તેમણે સરખો કર્યો અને વાંકા વળીને તેમને પ્રણામ કરીને તેમની પદરજ માથા પર ચડાવી. સ્વામીએ દેવીનાં અંગો પર ગંગોદક છાંટયું. દેવીએ આંખો ખોલી ત્યારે સ્વામીની આંખને પાણીની ધાર લાગેલી તેમને દેખાઈ. કૃતાર્થતાની અસીમ તૃપ્તિથી તેઓ નખશિખ મહોરી ઊઠયા હતા. દેવી! દેવરાણી! આ બધી ગંગામાતાની કૃપા છે. દેવીનું પિયરનું નામ દીક્ષા. નારાયણ સ્વામી તેમને દેવી જ કહેતા. દેવીએ નારાયણ સ્વામીના સંસારમાં પગ મૂક્યો તે દિવસથી તેમનો પ્રચંડ વાડો, તેમનો વિશાળ દેહ ગંગાના ઊંડા પાત્ર પર એકાદ કૂવાસ્થંભ જેવો તરતો તેમને દેખાયો. તેઓ ગંગાભક્ત હતા. ગંગા સિવાય તેમને જુદી જિંદગી જ નહોતી. ગંગાસ્તોત્રનું અહોરાત્ર પઠન અને ગંગોદકનું સિંચન એ જ સ્વામીની જિંદગીની પ્રબળ પ્રેરણાઓ હતી. અસામાન્ય લાવણ્યથી ઉજ્જવળ થયેલા દેવીના દેહને તેમણે પહેલે જ દિવસે ગંગોદકથી વિધિપૂર્વક સ્નાન કરાવ્યું હતું. તે દિવસે જિંદગીના પ્રારંભે જ અનપેક્ષિતપણે વરસેલી આ દૈવી કૃપાથી દેવીનું વ્યક્તિત્વ સાંજના આકાશની જેમ આચ્છાદિત થઈ ગયું! ગંગાના પ્રવાહમાં તરતી એ પ્રચંડ ઈમારતમાં બીજી પણ એક વ્યક્તિ હતી. દીનબંધુ! સ્વામીનો નાનો ભાઈ. દેખાવડો અને અબોલ. દિવસભર જંગલમાં ભટકતો હોય. જુદાં જુદાં પક્ષીઓનાં રંગબેરંગી પીંછાં ભેગા કરવાનો તેને નાદ હતો. વાડામાંથી દેખાતાં પર્વતશિખરો તે કલાકોના કલાકો સુધી જોયા કરતો. દેવી તેને બંધુજી કહેતાં, 'હરગંગે! હરગંગે!' દેવીના કાને શબ્દો પડ્યા. સ્વામી તેમને પીપળાનો રોપ દેખાડતા હતા કેટલાક દિવસોથી સ્વામી એ રોપને ગંગોદકના સિંચનથી-જીવાડવાનો પ્રયત્ન કરતા હતા! તે પૂર્ણપણે શુષ્ક થયેલો દેવીને સ્પષ્ટ દેખાતો હતો. 'દેવી! પીપળો જીવે છે! જો, જો તેના અંગ પરની લીલી રેખાઓ તને દેખાતી નથી? આ બધી ગંગાની કૃપા હં! એક દિવસ તું જોઈશ, તેનું પ્રચંડ વૃક્ષમાં થયેલું રૂપાંતર. ગંગામાતાએ આપેલું સ્વપ્નદૃષ્ટાંત કદી ખોટું ન પડે હં!' નારાયણ સ્વામી બોલ્યા.

દેવીને બંધુજી યાદ આવ્યા ને અતૂટ વેદનાએ તેમના કાળજાને નીચોવી નાખ્યું. બંધુજીની દૃષ્ટિ અચાનક ગઈ. સ્વામીએ બીજા ઉપચારોનો સ્પષ્ટ ભાષામાં નકાર કર્યો. રોજ તે દીનબંધુની આંખમાં ગંગોદકનાં ટીપાં નાખતા. અહોરાત્ર ગંગાસ્તોત્રનું પઠન કર્યા કરતા. દેવી ઉઘાડી આંખે બંધુજીનું અંધારામાં ધીમે ધીમે લુપ્ત થતું નાનકડું જગત જોતાં હતાં. બંધુજીની સામે તેઓ પંખીઓનાં પીંછાં મૂકતાં. બંધુજી પોતાના પાતળા હાથે કેટલી યે વાર સુધી પીંછાંને પંપાળ્યા કરતા! દેવીને બીજું પણ યાદ આવ્યું. ભાદ્રપદની એક કુમળી સવારે દેવી બાગમાં ફૂલ વીણતાં વીણતાં કંઈક ગીત ગણગણતાં હતાં. દીનબંધુ તેમની પાછળ ઊભો હતો. કશીક તંદ્રામાં ઓગળી ગઈ હોય એવી તેમની આંખો દિશાહીન થઈ હતી. 'દેવીમા!' દેવીએ તરત જ પાછળ ફરીને જોયું, તો બંધુજી ઊભેલા. તેઓ જોઈ જ રહ્યાં. 'દેવી મા! તમારી વખતે તમારી માતાને મધના દોહદ થયા હતા કે શું? બંધુજીને ગોદમાં લઈને ખૂબ રડી લઉં, એમ દેવીને થયું, તે ફક્ત બંધુજીના ચહેરા તરફ જોઈ જ રહ્યાં. દેવી ધ્રૂજીને ભાનમાં આવ્યાં. પોતાનું શબ કોઈકે ગંગાના પાણીમાં છોડી દીધું છે એમ તેમને લાગ્યું. કાંઠા પર ઊભા રહીને નારાયણ સ્વામી મોટે મોટેથી ગંગાસ્તોત્રનું ઉચ્ચારણ કરે છે એવો તેમને ભાસ થયો!

તે દિવસે મૃત્યુનો વરસાદ તૂટી પડયો હતો. દેવી અસ્વસ્થપણે પોતાના ઓરડામાં ઊભાં હતાં. મધ્યરાત્રિનો પ્રહર વીતી ગયો હતો. તેમને કંઈક પડવાનો અવાજ સંભળાયો. તેમણે બારણાં ઉઘાડ્યાં. બંધુજી દાદરના પગથિયા પાસે પડ્યા હતા. પ્રયત્ન કરતા હતા. તેમણે બંધુજીને આધાર આપીને પોતાના ઓરડામાં આણ્યા. બિછાના પર લાવીને બેસાડ્યા. 'દેવી મા! મારાં બધાં પીંછાં તારા ઓરડામાં મૂકી દે. મને યાદ છે... તેમાં એક સિંદૂરી રંગનું પીંછું છે... બંધુજી સ્તબ્ધ થઈ ગયા. 'તે ... તે ... પીંછું. તમારા ચોટલામાં શોભી ઊઠશે.' દેવીના શરીરમાંથી વીણાઝંકારની એક વીજ ચમકી ગઈ ... સવારે દેવી ઊઠ્યા તો બંધુજી બિછાના પર નહોતા એ તેમના ધ્યાનમાં આવ્યું. બપોરે આવશે, રાતે આવશે. કાલે આવશે, પરમ દિવસે આવશે એમ કરતાં કરતાં એક તપ વીતી ગયું, પણ બંધુજી પાછા આવ્યા નહીં.

દેવીએ સામેની બારી ઉઘાડી. તેમની દૃષ્ટિને પીપળાનો રોપ દેખાયો. ક્ષણમાં જ તેનું પ્રચંડ મહાવૃક્ષમાં રૂપાંતર થયું. ને પોતાના શરીરને ભેદીને તેનાં મૂળ જાય છે એમ દેવીને લાગ્યું. તેમણે આંખો મીંચી દીધી. સવાર થઈ હશે. નારાયણસ્વામીના ઓરડામાંથી આવતા શબ્દો દેવીના માથા પર ચડતા હતા.

હાડ માસકો દેહ મમ
તા પર જિતની પ્રીતિ '
તિસુ આધી જો રામપ્રતિ
અવસિ મિટિહી ભવબીતી ॥

ગ્રેસ: અનુ. જયા મહેતા

# ધૈર્ય

ઈમર્સન નામના લેખકે જણાવ્યુ છે, કે 'પ્રકૃતિનાં ચરણ-ચિહ્નો પર ચાલવાનુ રાખો.' પ્રકૃતિ અથવા કુદરતને અનુસરવાનુ કહીને તે લેખક આપણને ધૈર્ય ધારણ કરવાની શિખામણ આપે છે. કુદરત આપણને ધૈર્યનો પાઠ શીખવતી હોય એવુ સ્પષ્ટ જણાય છે. સૂર્યની આસપાસ ફરતી પૃથ્વી જો ધૈર્યનો ત્યાગ કરે તો કેવી ઊથલપાથલ મચી જાય? કુદરતમાં વિકાસનો જે ક્રમ જોવા મળે છે તેમાં ઉતાવળનાં દર્શન થતાં નથી. આ હકીકતને સમર્થન આપતી કહેવત બહુ જાણીતી છે કે 'ઉતાવળે આંબા ન પાકે. જો ધૈર્યનો ત્યાગ કરી આપણે અધીરા થઈ જઈએ તો દુ:ખી થવા સિવાય બીજું પરિણામ ન આવે. આપણા સમર્થ ચિંતક સ્વ. શ્રી મણિલાલ દ્વિવેદીએ જણાવ્યુ છે, કે 'આપણે નિરંતર મહેનત કર્યા કરવી અને ધીરજથી જે ફળ મળે તે પર વિશ્વાસ કરી થોભવું.'

આપણે આસપાસ ઘણાય એવા માનવોને જોયા છે, કે જેઓ ધૈર્ય ધારણ કરવાનુ શીખ્યા જ હોતા નથી. તેઓ પ્રત્યેક કાર્યમાં ખોટી ઉતાવળ કરતા દેખાશે. તેઓએ કરેલા કામમાં કંઈ ભલીવાર જોવા મળતી નથી. આમ, ઉતાવળ કરવાથી કામ વણસતુ હોય તો એવી ઉતાવળ શા ખપની? ઉતાવળ ન કરવી એમ કહેવા પાછળનો અર્થ એવો નથી કે બધુ કામ વિલંબથી ખોરંભે પાડવું. પ્રાણી જગતની એક વાર્તા આ બાબત સરસ રીતે વ્યકત કરે છે. સસલા અને કાચબા વચ્ચેની હરીફાઈમાં કાચબો જીતી ગયો. તેનું કારણ એ જ કે સસલાએ ખોટી ઉતાવળ કરી અને તે થોડીવારમાં થાકી ગયું. જ્યારે કાચબો ધૈર્ય ધારણ કરી ક્રમિક રીતે કાર્યશીલ રહ્યો અને અંતે જીતી ગયો. ફ્રેંકલીન નામના એક લેખકે આ જ અર્થમાં જણાવ્યુ છે કે જેની પાસે ધૈર્ય છે તે પોતાની બધી મહેચ્છાઓને સંતોષી શકે છે.

આ હકીકતને એક સંસ્કૃત સુભાષિતમાં રજૂ કરતાં કહેવામાં આવ્યુ છે, કે માથે લીધેલુ કામ ગમે તે ભોગે કરવુ જ જોઈએ. સમુદ્ર-મંથન વખતે દેવો કીમતી રત્નોથી સંતોષ માની અટકયા નહિ. ભયાનક ઝેરથી ડર્યા નહિ, પણ જ્યારે અમૃતની પ્રાપ્ત થઈ ત્યારે જ વિરમ્યા. ધીર પુરુષો પોતાના નિશ્ચયથી ડગતા નથી.

જેઓએ ધૈર્યને પોતાનો જીવન-મંત્ર બનાવ્યો હોય છે તેઓ ગમે તે ભોગે, ગમે તે પરિસ્થિતિમાંથી ગભરાયા વગર માર્ગ કાઢી શકે છે. તેને કદી એમ થતુ નથી કે આટલુ બધુ કામ મારાથી કેમ થઈ શકશે? તે તો વિચાર-પૂર્વક સહેજ પણ દોડાદોડી કર્યા વગર ધીમે ધીમે પોતાનુ કામ ઉકેલતા જાય છે અને આખરે નક્કી કરેલા ધ્યેયને પહોંચી જાય છે.

પ્રવૃત્તિકાળમાં જેમ ધૈર્ય આવશ્યક છે એમ દુ:ખના પ્રસંગોએ પણ તે એટલુ જ જરૂરી બની રહે છે. 'દુ:ખનુ ઓસડ દહાડાં'એ કહેવત પણ ધૈર્યનો જ મહિમા વ્યકત કરે છે. विपदी धैर्यम् એમ કહીને સંસ્કૃતમાં પણ આ વાતને સમર્થવામાં આવી છે.

સારાંશ જોઈએ તો, ધૈર્ય એ એક મહાન સદ્ગુણ છે. જીવનમાં આ સદ્ગુણને સ્થાન આપવા જેવુ છે. એમ કરવાથી વ્યર્થ દોડાદોડીમાંથી આપણે ઉગરી જઈશુ અને ક્રમિક રીતે સિદ્ધિનાં સોપાનો સર કરતા રહી શકીશુ. લા ફોન્ટેન નામનો વિચારક ધૈર્યનુ અને પરિશ્રમથી આપણે એવી સિદ્ધિ પ્રાપ્ત કરીશુ કે જે શક્તિ અને શીઘ્રતાથી કોઈવાર મળે નહિ. આ જ વાતને અંગ્રેજીમાં slow and steady wins the race 'એ સુવાકય દ્વારા વ્યકત કરવામાં આવી છે.

—અરુણ શાં. જોષી

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
## વાર્ષિક સભા

સંઘની વાર્ષિક સભા તા. ૧૬ જૂનના રોજ બોલાવવાનું નક્કી કર્યું છે. તેનો કાર્યક્રમ ૧લી જૂનના અંકમાં પ્રગટ થશે.

ઓડિટ થયેલા હિસાબો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ —મંત્રીઓ

# કર્મમય જીવન

ગીતાજીએ માનવ જીવનને મોટો આદેશ આપ્યો: કર્મમય જીવન જીવવાની ઈચ્છા રાખ. કર્મ બે જાતનાં છે. કુશળ કર્મો અકૂશળ કર્મો.

કુશળ કર્મોનુ પરિણામ સુખદ આવે, અકુશળ કર્મોનુ પરિણામ દુ:ખદ આવે.

જેના દ્વારા મન પ્રભુ તરફ વળે તે કુશળ કર્મ.
જેના દ્વારા મન માયા તરફ વળે તે અકુશળ કર્મ,

કુશળ કર્મોનુ પરિણામ કૃષ્ણ છે, અકુશળ કર્મોનુ પરિણામ કંસ છે.

કૃષ્ણમય જીવન જીવવુ છે કે કંસમય એ નક્કી કરીનેજ જીવનને કર્મમય બનાવીએ.

## કર્મનું સૌંદર્ય

કર્મનુ સૌંદર્ય ત્યારે જ પ્રગટે જ્યારે જીવનમાં પ્રેમ અને જ્ઞાનની ધારા વહે.

જીવનમાં કર્મને સુંદર અને સુખદ બનાવવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં જ્ઞાનની ધારા વહાવી દીધી છે.

હૃદય અને મનમાં પવિત્રતા આવે તો જ કર્મેન્દ્રિય દ્વારા થતો કર્મમાં સુંદરતા પ્રગટે.

હેન્ડ, હેડ અને હાર્ટ સુંદર જોઈએ.
હૃદય, પ્રેમ અને ભક્તિથી ભરેલુ હોવુ જોઈએ.
મસ્તક જ્ઞાન અને સમજણથી મઢેલુ હોવુ જોઈએ.
હાથ સેવાના કામોથી મહેકતા હોવા જોઈએ.

આ ત્રણની શુદ્ધિ વડે કર્મ કરવા તો જ કર્મનુ સૌંદર્ય પ્રગટે

— ઇન્દિરા બેટીજી

## આપણે આત્મા છીએ

આપણે આત્મા છીએ, ચેતનસ્વરૂપ છીએ, જન્મ, જરા ને મરણથી રહિત છીએ, પ્રકૃતિથી ભિન્ન છીએ, સદા સત્ સ્વરૂપ છીએ એ પ્રમાણે આગ્રહપૂર્વક વિચારપૂર્વક ચિન્તવન કરવું.

*

જગતમાં સ્થાવરજંગમ ગમે તે પ્રાણી ઉત્પન્ન થાય, તેમાં શરીર ને આત્મા બે હોય છે. ગીતામાં શરીરમાં આટલી ચીજનો સમાવેશ કર્યો છે: પાંચ મહાભૂત, અહંકાર, બુદ્ધિ, અવ્યકત, પાંચ, કર્મેન્દ્રયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો ને મન, પાંચ વિષયો, ઈચ્છા, દ્વેષ, સુખ, દુ:ખ, સંઘાત, ચેતના ને ધૃતિ: આટલાનું બનેલું તે શરીર કહેવાય છે. આ બધાં દશ્ય છે ને આપણે તેના દષ્ટા છીએ. દશ્ય માત્ર વિકારી ને વિનાશી હોય, ને આત્મા અવિકારી ને અવિનાશી હોય આપણે દષ્ટા છીએ ને આત્મા છીએ એ પ્રમાણે યુક્તિથી વિચારી જોવું.

*

શરીરમાં જે મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારના નામથી અંત:કરણ કહેવાય છે તે બધાંનું ટૂંકું નામ ચિત્ત જ છે. એ ચિત્ત જ કર્મ માત્રનો કર્તા ને શરીરને ચલાવનાર છે. એ ચિત્ત શસ્ત્રોથી મરતું નથી. ઉપવાસથી દૂબળું પડતું નથી. એ ચિત્તને જેટલી સમજણ પડે તેટલું જ તે સાચું માને. બળથી તે સમજવું નથી. ને જ્યાં સુધી ચિત્ત ન સમજે ત્યાં સુધી બધું નકામું. હું આત્મા છું ને આ શરીર હું નથી એવું ચિત્ત માને ત્યારે તે, તે પ્રમાણે વર્તન કરે છે. વિચાર, સત્સંગ ને ભોગેચ્છાનો ત્યાગ એ ત્રણ સિવાય એ ચિત્ત કદી સમજતું નથી. મતલબ કે વિચાર, સત્સંગ ને વૈરાગ્ય સાધકે સદા સેવવા ને પરમાત્માનું આરાધન કરવું. પરમાત્માનું શરણ લીધા સિવાય કોઈ સાધન સફળ થતું નથી. આ ચિત્ત જ્યાં સુધી મરે નહિ ત્યાં સુધી આત્મા કે પરમાત્માનાં દર્શન થતાં નથી. એ ચિત્તનો સાચો ખોરાક ભોગેચ્છા છે. ભોગેચ્છારૂપ વાસના જેમજેમ ઘટતી જાય તેમ તેમ તે ક્ષીણ થતું જશે.

મગનભાઈ વ્યાસ

# ધર્મ અને ક્રિયા

કમનસીબીથી આજે ધર્મમાં મુખ્યત્વે બાહ્યાંગને ઘણુંજ મહત્ત્વ આપેલું છે. અંતરંગ ઉપર ખ્યાલજ નથી, અથવા હોય તો તે ઘણોજ ઓછો - એવી આપણા સમાજની પરીસ્થિતિ થઈ છે.

પૂ. આચાર્ય વલ્લભસૂરી મહારાજસાહેબે લખ્યું છે.:

"આજકલ અધિકાંશ વ્યકિત કેવળ દિખાવે કે લિએ ધર્મ કા પાલન કરતે હે! જૈસે કોઈ સુન્દર ઈમારત બનવાનેવાલા વ્યકિત યહ સમજતા હૈ કિ મકાન મેં અગર ફર્નિચર નહી હોગા તો મકાન કી શોભા નહી દીખેગી! યહ સોચકર કેવલ શોભા યા પ્રતિષ્ઠા કે લીએ મકાન મેં ટેબલ, કુર્સી, સોફાસેટ, પલંગ આદિ ફર્નીચર બઢા લેતા હું! ઈસી તરફ બહુત સે લોગ એસા સોચતે હૈ કિ દુનિયાદારી કે સબ કામ તો કરતે હી હૈ, લેકિન થોડીબહુત ધર્મ-ક્રીયા નહી કરેંગે, દિખાને કે લિએ થોડા સા દાન નહી દેંગે, કુછ વ્રત, પ્રત્યાખ્યાન નહી લેંગે તો લોગ અચ્છા નહી કહેંગે. ઈસલિએ કુછ ન કુછ કરતે લેતે હૈ! મગર ધર્મપરાયણ વ્યકિત ધર્મકો ફર્નીચર કી તરમ દિખાવે કે લિએ યા શો કે લિએ નહી પાલતા, વહ તો અન્તર સે હી ધર્મ કા પાલન હર પરિસ્થિતિ મેં કરેંગા." (વલ્લભ પ્રવચનસાર- દ્વિતીય ભાગ પાનું ૨૬૬)

ધર્મ આચરણમાં આવવો જોઈએ. આચરણશુદ્ધિ ઉપર જ ભગવાન મહાવીર સ્વામીએ વધારે ખ્યાલ આપ્યો. પરન્તુ આજે આચરણશુદ્ધિને જ મહત્ત્વ આપો- પછી ક્રીયા કરો એવું કહેવા વાળા કેટલા આચાર્યો મળશે? અઠ્ઠાઈ કરવાવાળો શ્રાવક બીજે દિવસે કાળા બજાર કરે છે. ભાઈ ગુજરી જાય તો વિધવા ભાભીની મિલ્કત પોતાને કેમ મળે એનો ખ્યાલ વધારે રાખે છે, કરચોરી કરે છે. પરન્તુ વાતો માત્ર ધર્મની—પ્રતીક્રમણ—ચોવીઆર, અઠ્ઠાઈ ઉપધાનની કરે છે. શું આ દંભ નથી?

આચાર્ય તુલસીનું અણુવ્રત આંદોલન ખરેખર આદર્શ છે. ત્યાં બાધાઓ શું અપાય છે? માલમા ભેળસેળ નહી કરું, હિસાબમાં ખોટો ફેર બતાવી વધારે પૈસા નહી લઉં, કરચોરી નહી કરું, વધારે નફો નહી લઉં. આવી આચરણશુદ્ધિ કરવાનો યત્ન થાય છે. આપણા સમાજમાં આવો પ્રયત્ન કરવામાં આવે છે ખરો?

પુણેમાં એક વાર મહાવીર જયંતીના દિવસે તિથિનો ઝગડો થયો અને મંદિરમાં બે પક્ષોમાં વાદ થયો. મારામારી થઈ. પોલીસોને મંદિરમા બોલાવવા પડયા. જે વિતરાગપ્રભુએ માનવીઓને અહિંસાનો સંદેશ આપ્યો, એની જન્મતિથિ ઉજાવવા માટે, એ જ દિવસે એના શિષ્યો, એમના જ મંદિરોમાં હિંસા કરે અને એ માટે પોલીસને બોલાવવા પડે- આ વાત કેટલી શરમજનક છે? આપણે મોઢેથી અનેકાન્તની વાતો કરીએ ખરા, પણ સંવત્સરી પ્રતિક્રમણની તીથી પણ હજી ચોક્કસ કરી શકતા નથી, એટલું જ નહીં પરન્તુ મતભેદ હોય તો સામેવાળાનો વિચાર પણ સાંભળી શકતા નથી!

અહિંસા, અપરિગ્રહ, સત્ય, અસ્તેય, આ ધર્મના મૂળભૂત તત્ત્વોમાં પ્રેમ, દેખાતો નથી, અથવા ઓછો પ્રેમ છે. અમોને પ્રેમ છે, પૂજા- ઉપવાસ, ઉપધાન, વરઘોડા, જમણવાર, નવકારસી, સંઘપૂજામાં. અમારા ધર્મના આ સાધનો છે, "ધર્માત ધારયતે પ્રજા!" જે સિદ્ધાંતોથી સમાજ ટકે, સમાજ સુસ્થિતિમાં રહે એ તત્ત્વોને ધર્મ કહેવાય—આવી ધર્મની વ્યાખ્યા છે. પરન્તુ આ તત્ત્વ આપણા આચરણમાં આવે એના માટે કેટલો ખ્યાલ રખાય છે? ક્રિયા એ સીડી છે. ક્રિયાની સીડી ઉપર ચઢી આચરણમાં અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ આવવા જોઈએ, પણ કમનસીબ છે આપણું કે તત્ત્વોની અમોને લાગણી નથી—લાગણી છે ક્રિયાની- શું ક્રિયાનો મર્મ ખ્યાલમાં લીધા વગર ધર્મ કરીએ તો ધર્મ જળવાય ખરો? ક્રિયા તો સમય અનુસાર બદલાતી જાય છે. પરન્તુ તત્ત્વો શાશ્વત છે. કારણ, તત્ત્વોને લીધે સમાજ ટકે છે, સમાજ સુસ્થિતિમાં રહે છે, એને ધર્મ કહે છે. પરન્તુ આ બધું ખ્યાલ બહાર ગયું છે. ક્રિયા કેવી બદલાય છે? વિચાર કરીએ. યુગપ્રધાન શ્રી કાલકાચાર્યશ્રીએ સંવત્સરી ભાદરવા સુદી પાંચમને બદલે ચોથ એ કેમ કરી? આચાર્ય શય્યંભવએ સાધુવર્ગને ગોચરી લેવાનો સમય બદલવા માટે "કાલે કાલ સમાચરે" કેમ કહ્યું? ભગવાન પાર્શ્વનાથ સ્વામીના જમાનામાં સાધુઓના કપડાનો રંગ પંચરંગી હતો, ભગવાન મહાવીર સ્વામીના જમાનામાં શ્વેતવસ્ત્રો પેહરવાનો નિર્ણય કેમ લીધો? વળી પ્રતિક્રમણની ક્રિયા જુઓ! તેમાં સમયે સમયે કેટલો નવો ઉમેરો થતો જાય છે! હેમચંદ્રનું 'સકલાર્હત' તેમના પહેલા પાક્ષિકાદિ પ્રતિક્રમણોમા ન્હોતું! તેમનાથી કે તેમના પછી દાખલ થયું. "સંસાર દાવાનલ" હરિભદ્રસુરી પહેલા ન્હોતું, "સંતિકરં." મુનિસુન્દરસુરી પહેલા નહોતું. નહાની "શાન્તિ" "માનદેવ" પહેલા નહોતી, મહોટી "શાન્તિ" શાન્તિસુરી પહેલા નહોતી. ભગવાન મહાવીર સ્વામીએ પોતાની દીકરી પોતાના ભાણેજને આપી, આજે કદાચ નવાઈ લાગે. પરન્તુ એ સમયમાં આવાં લગ્નો અણઘટતા ન હતા. ('ન્યાયવિજયનું મુંબઈનું ચાતુર્માસ- પૃષ્ઠ ૧૭૧ અને ૧૮૬) એ જમાનામાં ૫ પતિ કરવા એ વિધિયુકત હતું. સતી દ્રૌપદિને સતી કહીએ છીએ તો ભ. કૃષ્ણને અનેક પત્નીઓ હતી. એક જમાનામાં (ઋષભદેવ) ભાઈ અને બેહનોના પણ લગ્નો થતા હતા. એ બધું બદલાઈ ગયું. એટલે ક્રીયા સમય મુજબ બદલાય છે, તત્ત્વો ન બદલાય. માટે ક્રીયા બદલી એટલે ધર્મ ગયો એ માનવું બરાબર નથી.

હૃદયશુદ્ધિ કરવી એ જ પૂજાનું ફળ છે. પરન્તુ આજે આડંબરમાં હજારો લાખો રૂપિયા ખર્ચાય છે. પણ હૃદયશુદ્ધિ તરફ ખ્યાલ પણ અપાતો નથી એ આપણું કમનસીબ છે! આજે આપણી વૃત્તિ "લે દેવ ચોખા અને છોડ મારો છેડો." એવી છે!

— શાંતિલાલ સી. શાહ

## ક્યાંક નાનો દીવો

'મન સ્થિર થાય તો વાયુ સ્થિર થાય - કુંભક થાય. એ કુંભક ભકિતયોગથી પણ થાય; ભકિતથી વાયુ સ્થિર થઈ જાય! ચૈતન્ય સંપ્રદાયના - કીર્તનમાં, 'નિતાઈ મારો મસ્ત હાથી!' નિતાઈ મારો મસ્ત હાથી!' એમ બોલતા બોલતા જ્યારે ભાવ થઈ જાય ત્યારે બધા શબ્દો બોલી શકે નહિ. માત્ર 'હાથી' 'હાથી' બોલી શકે. ત્યાર પછી કેવળ 'હા' ભાવાવસ્થામાં પ્રાણવાયુ સ્થિર થાય; કુંભક થાય.

* * *

"સહુ જીવોની અવસ્થા એક સમાન નથી હોતી. જીવો ચાર પ્રકારના કહ્યા છે; બુદ્ધ જીવ, મુમુક્ષ જીવ મુકત જીવ; નિત્ય જીવ. સહુકોઈને સાધના કરવી જ પડે એમ નથી, બે પ્રકારના સિદ્ધ; નિત્યસિદ્ધ. અને સાધનસિદ્ધ કોઈક ખૂબ સાધના કરીને ઈશ્વર પામે, તો કોઈ જન્મથી જ સિદ્ધ, જેમ કે પ્રહ્‌લાદ.'

'પ્રહલાદ વગેરે નિત્યસિદ્ધોની સાધના ભજન પાછળથી એમને સાધનાની પહેલાં જ ભગવદ્ - દર્શન હોય; જેમ કે દૂધી, પદકાળાંને પહેલું ફળ અને પછી ફૂલ હોય. (રાખાલના બાપની તરફ જોઈને)' 'હલકા કુળમાં ય જો નિત્યસિદ્ધ જન્મે તો તે એ નિત્યસિદ્ધ જ થાય. બીજું કાંઈ થાય નહિ. ચણો વિષ્ટાંકુંડમાં પડે તો ય ચણો જ ઊગે.'

ઈશ્વરે કોઈને ઝાઝી શકિત, કોઈને ઓછી શકિત આપી છે. ક્યાંક નાનો દીવો બળે, તો ક્યાંક મશાલ બળે છે.

રામકૃષ્ણ પરમહંસ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ—૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧,

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ જુન ૧૯૭૯, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## મારી માન્યતાઓ : પ્રાસ્તાવિક

પંદર દિવસથી પથારીવશ છું. માથે અને મોઢા ઉપર સખત હરપીસ થયું છે. ઘણી પીડા છે. આંખો સુઝી ગઈ છે એટલે વંચાતું નથી પણ વિચાર કાંઈ થોડા રોકાય છે? બહારના જગતનું વિચારવાનું ઓછું થાય ત્યારે અંતર-જગતનું વધારે વિચારવાનું થાય છે.

બર્ટાન્ડ્ રસેલે એક નાનું પુસ્તક લખ્યું છે What I Believe-હું શું માનું છું. વર્ષો પહેલાં વાંચેલું, મંગાવી ફરી જોયું પ્રસ્તાવનામાં રસેલ લખે છે.

In this little book, I have tried to say what I think of man's place in the universe and of his possiblities of achliving the good life :

In human affairs, we can see that there are forces making for happiness and forces making for misery, we do not know which will prevail, but to act wisely we must be aware of both

આવા કાંઈક વિચારો મારા મનમાં ઘોળાતા હતા. જ્ઞાન અને માન્યતા વચ્ચે ફરક છે. જ્ઞાનને બુદ્ધિ અને તર્કનું માધ્યમ છે. તેણે પુરાવો આપવો પડે છે. માન્યતાનો પાયો શ્રદ્ધા છે બધી વાતના પુરાવા તેણે આપવા પડતા નથી અલબત, માન્યતાઓ પણ તપાસવી જોઈએ. છતાં, માન્યતા વિષે છેવટ એમ કહેવાય કે મારા અંતરને આમ લાગે છે. માન્યતાઓ પાયાની વસ્તુઓ વિષે હોય છે. તેના મૂળીયાં શોધ્યા જડતા નથી પણ તેથી તરંગ માત્ર નથી.

માણસ વિચારવંત પ્રાણી છે તેની જ્ઞાનની જીજ્ઞાસા અસીમ છે. વ્યવહાર માટે માહીતિ કે જ્ઞાન મેળવવા પડે તે ઉપરાંત, બીજા પ્રશ્નો સદા પૂછતા રહે છે. હું કોણ છું, કયાંથી આવ્યો, મારી અંતિમ ગતિ શું છે, જગત શું છે, તેમાં મારું સ્થાન શું છે, કોઈયે પેદા કર્યું છે, કોણે, ઈશ્વર છે, આત્મા છે, પૂનર્જન્મ છે, કર્મ છે, આત્મા નાશવંત છે, અમર છે. આવા પ્રશ્નો માણસ પૂછતો જ રહ્યો છે જ્ઞાનના પ્રશ્નો ઉપરાંત બીજા પ્રશ્નો પણ તેને મુંઝવે છે, તે છે આચારના માણસ સમાજમાં રહે છે અનેક સંબંધો અને બંધનોથી વીંટળાયેલ છે. પિતા છે, પુત્ર છે, ભાઈ છે, પડોશી છે, નોકર છે. શેઠ છે. મિત્ર છે. દુશ્મન છે. કરોળીયો પોતાની જાળ સર્જે તેમ માણસ પોતાની જાળ ઉભી કરે છે. તેમાં ફસાય છે, તેમાંથી છુટવા મથે છે. છતાં તે બધું ગમતું હોય તેમ વર્તે છે. માણસે નિર્ણય કરવો પડે છે કે આ બધા સંબંધોમાં પોતનું વર્તન કેવું હોવું જોઈએ, તેનું ધોરણ શું? અન્ય મનુષ્યો સાથેનું વર્તન કેવું હોય, મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ સાથે વર્તન કેવું હોય અને છેવટ તે બધું શેને માટે, શું પ્રાપ્ત કરવા? મનુષ્ય આચારધર્મ, આચારસંહિતા ઘડે છે. મનુષ્યમાં સ્વાર્થ છે, પરમાર્થ ભાવના છે. સ્વાર્થ રાગદ્વેષ અને સંઘર્ષ પેદા કરે છે. સતત તે સંઘર્ષ ચાલુ છે.

બર્ટાન્ડ રસેલે આ બન્ને પ્રકારના પ્રશ્નો પૂછયા છે. આ વિશ્વમાં મનુષ્યનું સ્થાન શું છે. સદ્‌વ્યવહાર અથવા નૈતિક જીવન (Good life) શકય છે કે નહિ? સદ્‌વ્યવહાર કે નૈતિક જીવન એટલે શું? બીજું, આ સંસારમાં સત્, અસત્ બન્ને તત્ત્વો પડયા છે. એક સુખ ઉપજાવે છે, બીજુ દુ:ખ. એમાંથી કોનો વિજય થશે તે આપણે જાણતા નથી. પણ સમજણપૂર્વક વર્તન કરવા બન્ને તત્ત્વો જાણવા જોઈએ.

આવી માન્યતાઓ દરેક વ્યકિતને હોય છે. અસ્પષ્ટપણે મનના ઉંડાણમાં પડી હોય છે એ માન્યતાઓ તેના વર્તનનો આધાર છે તેને પોતાને ખબર પણ નથી હોતી. આત્મા, કર્મ, પુનર્જન્મ પાપ–પૂણ્ય આ બધુ કાંઈજ ન હોય તો માણસનું વર્તન જુદા પ્રકારનુંજ હોય. તેને પૂછીયે તો સ્પષ્ટ જવાબ આપી નહી શકે, પણ તેને આધારે ચાલે છે.

આવી માન્યતાઓ મોટે ભાગે ધર્મ પૂરી પાડે છે. દરેક ધર્મને, સંપ્રદાયને આવી ચોક્કસ માન્યતાઓ હોય છે. તેમાં શંકા–કુશંકા બતાવવી પાપ માનવામાં આવે છે. જૈનદર્શન સિવાયના બીજા દર્શનો મિથ્યાત્વ છે તત્ત્વજ્ઞાનીઓ શંકા–કુશંકા કરે, પણ ધર્મ–સંપ્રદાય તેમ કરવા જ નહિ દે Heresy is the greatest sin તેને માટે સંપ્રદાયબહિષ્કાર થાય એટલુંજ નહિ, જીવતા બાળીદેવામાં કે દાટવામાં આવ્યા છે.

આચારધર્મની સંહિતા સમાજ પૂરી પાડે છે. વિધિ–નિષેધો અને નિયમો ઘડી રાખ્યા છે, તે પ્રમાણે વર્તવું, તેમાં પણ ફેરફાર ન થાય.

માણસને સ્વતંત્ર વિચાર કરવાનો અવકાશ ન રહે, રહેવા ન દે. માણસ આ બધું સ્વીકારે છે કારણ, સ્વતંત્ર વિચાર કરવો ભારે કષ્ટ છે. બધું તૈયાર મળી જાય તેમાં સુલભતા છે.

મોટેભાગે માણસ બાહ્ય જગતનો જ વિચાર કરે છે. બાહ્ય વ્યવહારમાં તેનું મન એટલું બધુ ખૂંપ્યું રહે છે કે બીજો વિચાર કરતો નથી. છતાં, મનુષ્યેત્તર પ્રાણિસૃષ્ટિ કરતાં, માણસની ખાસ વિશેષતા છે કે તે પોતાની જાતનો વિચાર કરે છે, કરી શકે છે Self Consciousness બાહ્ય જગત કરતાં તેની અંતરસૃષ્ટિ અગાધ, અસીમ છે. બાહ્ય જગત અંતરજગતનું પ્રતિબિમ્બ છે, તેનું સર્જન છે. બાહ્ય જગતને જાણવાવાળું કે જોવાવાળું કોઈ ન હોત તો તેનું અસ્તિત્વ છે કે નહિ તે કોઈ જાણત નહિ, આને Idealist View of life કહેવાય

જીવનના રહસ્યનો તાગ પામવા માણસ મથતો રહ્યો છે કેટલાક મનીષિઓને તેની ઝાંખી થઈ છે, પણ કોઈ વર્ણવી શક્યું નથી "યતોવાચા નિવર્તન્તે અપ્રાપ્ય મનસાસહ". અનુભવનો વિષય છે. તર્ક અને બુદ્ધિ અટકે છે. દિશા અને કાળના તેને બંધન નથી. ultimate reality is begond Space & time. મન અને બુદ્ધિ, દિશા અને કાળનાબંધનમાં વર્તે છે, એટલે અંતે વિરોધાભાસી ભાષા વાપરવી પડે છે.

પથારીમાં પડયા આવા વિચારો આવતા હતા, એમ થયું કે જીવનસંધ્યાએ કાંઈક લખી નાખું. આથી વધારે અત્યારે લખી શકું તેમ નથી. વધારે હવે પછી–

૩૦–૫–૭૯

ચીમનલાલ ચકુભાઈ

# વિશ્વવત્સલ અને વિશ્વ નાગરિક એવા નિમીદાનહાત્સુ ફૂજી

આમ તો તેઓ બૌદ્ધસંઘના ભિક્ષુ છે, અને જાપાનના વતની છે. પરંતુ તેમણે પાંથિક દષ્ટિ તથા સાંપ્રદાયિક સંકુચિતતાનો ત્યાગ કરીને દાયકાઓથી, દેશ વિદેશની દીન-દુ:ખી દલિત-પતિત જનતાની નિષ્ઠાપૂર્વક સેવા કરવાના વ્રતનો સ્વયં પ્રેરણાથી સ્વીકાર કર્યો છે અને તેથી તેઓ પોતાની જાતને, અમુક ધર્મ-પંથના અનુયાયી તરીકે ઓળખાવવાને બદલે, સાચા અર્થમાં વિશ્વનાગરિક રૂપે ઓળખાવે છે અને વ્યાપક ધર્મદષ્ટિથી, વિશ્વશાંતી અને લોકકલ્યાણ માટે સતત પ્રયત્ન કરતા રહીને વિશ્વનાગરિકપણાનો ચરિતાર્થ બતાવી રહ્યા છે. તેઓ "ફૂજી ગુરૂજી" ના આદરસ્નેહભર્યા નામથી સર્વત્ર ઓળખાય છે. અત્યારે તેઓની ઉમર ૯૫ વર્ષની છે, છતાં તેઓ વિશ્વશાંતિ, વિશ્વમૈત્રી અને વિશ્વબંધુત્વની ભાવનાની સ્થાપના માટે અને માનવજાત સુખશાંતિમાં રહી શકે અને એનાં દુ:ખદારિદ્ર ઓછા થાય એ માટે અવિરત પુરૂષાર્થ કરતા રહ્યા છે

આ વિશ્વનાગરિક ધર્મપુરૂષને ગત જાન્યુઆરી માસની ૧૯ મી તારીખે, આપણા રાષ્ટ્રપતિજી શ્રી સંજીવ રેડીએ, પંડિત જવાહરલાલ નેહરૂના સ્મરણ રૂપે સ્થાપવામાં આવેલ "શ્રી જવાહરલાલ નેહરૂ એવોર્ડ" અર્પણ કરવામાં આવ્યો. વિશ્વશાંતિની ભાવનાને લક્ષ્યમાં રાખીને દુનિયાભરમાં જે આગેવાનો આંતરરાષ્ટ્રીય સમજ અને સદ્‌ભાવનો પ્રચાર કરીને વિશિષ્ટ સેવાઓ કરે છે, તેમાંથી આગળપડતી વ્યક્તિની પદ્ધતિસર પસંદગી કરીને, તેમની સેવાઓની કદરરૂપે, દર વર્ષે આ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. આ એવોર્ડ મેળવનારને એક લાખ રૂપિયા અને એક પ્રશસ્તિ આપવામાં આવે છે

આ અગાઉ વિદેશની તેર નામાંકિત વ્યક્તિઓને આ એવોર્ડ અર્પણ થયો છે, અને ૧૪ મા વર્ષનો એવોર્ડ ફૂજી ગુરૂજીને અર્પણ કરવામાં આવ્યો છે.

આ રકમનો ઉપયોગ દિલ્હીમાં શાંતિવનમાં શાંતિનાં મંદિરો બાંધવા માટે કરવામાં આવશે એવી તેમણે જાહેરાત કરી છે.

આ આખી વાત વિગતથી, ભાવનગરથી પ્રગટ થતા "જૈન પત્ર" માં પ્રગટ કરવામાં આવી છે, તે માટે તેને ધન્યવાદ ઘટે છે. સાધુ સંતો માટે તેમજ દરેક નાગરિકો માટે તેમનું જીવન ખૂબખૂબ પ્રેરણારૂપ બને એવું હોઇ તંત્રીશ્રીની અનુમતીથી તેમના જીવનની નોંધપાત્ર વિગતો નીચે પ્રગટ કરવામાં આવી છે.

શાંતિલાલ ટી. શેઠ

## "કર્મયોગી ફૂજી ગુરૂજી"

"તેઓનો જન્મ જાપાનના સાનસૂઈયો ગામમાં તા. ૬-૮-૧૮૮૪ ના રોજ થયો હતો, એમણે શાળામાં ખેતીવાડીનું શિક્ષણ લીધું હતું. અને પછી ધર્મનું શિક્ષણ લીધું હતું. વ્યાવહારિક શિક્ષણ કરતાં ધાર્મિક શિક્ષણનો એમના ચિત્ત ઉપર વધારે પ્રભાવ પડ્યો હતો; એથી એમનો ધર્મરંગ વધારે ઘેરો બન્યો હતો; અને એમનું ચિત્ત વૈરાગ્યઅભિમુખ બન્યુ હતું. એટલે આ વૈરાગ્યભાવનાને જીવન સાથે એકરૂપ બનાવી દેવા માટે, અઢાર વર્ષની, યૌવનમાં ડગ ભરતી વયે, એમણે બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ ભિક્ષુ બન્યા હતાં; અને પોતાનું જીવન ધર્મકાર્યને સમર્પિત કર્યું હતું. પોતે કરવા ધારેલ ધર્મકાર્યમાં આવનાર આપત્તિઓને સહન કરવાની પોતાની શક્તિ છે કે નહીં એની પરિક્ષા કરવા એમણે પોતાના બન્ને બાવડા ઉપર સળગતી મીણબત્તી ચાંપી હતી અને એની વેદનાને શાંતિથી સહન કરી લીધી હતી.

એમનો આત્મા લોકોનું ભલું કરવામાં અને અકલ્યાણકર પ્રવૃત્તિનું નિવારણ કરતાં આકરામાંઆકરું સંકટ સહી લેવામાં, જાણે સ્વયં બોધિસત્વ જ હોય, એ રીતે સદા તત્પર રહે છે, ભારત સાથે તેઓને અર્ધી સદી જેટલો જુનો—ગાંધીજીની મીઠાના સત્યાગ્રહની લડતના વર્ષથી સને ૧૯૩૩થી—નાતો છે. શાંત, અહિંસક અને કેવળ તિતિક્ષાની ભાવનાથી ઉભરાતી આ લડત ફૂજી ગુરૂજી ઉપર ખૂબ અસર કરી ગઈ હતી. અને સને ૧૯૩૩ માં, સેવાગ્રામમાં ગાંધીજીને પહેલવહેલાં મળ્યા ત્યારથી તો તેઓ એમના અનુરાગી અને કંઇક અનુયાયી પણ બની ગયા હતા; અને એ બન્ને વચ્ચે સંપર્ક ચાલુ રહ્યો હતો.

ભગવાન બુધ્ધની વિશ્વમૈત્રીની ભાવનામાં મહાત્મા ગાંધીજીની સર્વોદયની ભાવના અને સંત વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિ પાછળની ભાવનાનો ઉમેરો થતાં તેમની વિચારસરણી તથા જનસેવાની કામગીરીને નવો વળાંક મળ્યો હતો; અને દરેક પ્રકારની ક્રાંતિ માટે અહિંસક લડતની ઉપયોગિતા તેઓ વધુ સારી રીતે સમજતા થયા હતા. અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકાએ જાપાનના હિરોશીમા તથા નાગાસાકી શહેરો ઉપર પહેલો અણુબોંબ નાખીને એ શહેરોની વિશાળ વસતીની જે અરેરાટીભરી ક્રૂર હત્યા કરી હતી તથા એની ઇમારતો તેમજ સંપત્તિની જે અસાધારણ તારાજી કરી હતી તેથી એમનો આત્મા કકળી ઉઠયો હતો અને તેઓએ "નિ:શસ્ત્રીકરણની નીતિ તો ખરેખર, ઇશ્વરના આશિર્વાદ સમી છે; હવે એ છોડીએ નહી" એ સૂત્રનો પૂરી તાકાતથી પ્રચાર કરવો શરૂ કર્યો હતો.

વળી, ગાંધીજી અને વિનોબાજીની લોકોને શ્રમજીવન દ્વારા ધર્મજીવન તરફ વાળવા માટે આશ્રમજીવનની ઉપયોગિતાની વાત એમના મનમાં દઢરૂપે વસી ગઈ છે અને આ વિચારનો જાપાની પ્રજાને પણ લાભ મળી શકે એટલા માટે એમણે જાપાનમાં "સર્વોદય સદ્‌ધર્મ આશ્રમ" ની સ્થાપના કરી હતી અને આ વિચારના પ્રચાર માટે જાપાની ભાષામાં "સર્વોદય" નામે માસિક પણ શરૂ કર્યું હતું, જે અત્યારે પણ પ્રગટ થાય છે.

આ ધર્મગુરૂને પોતાના અહિંસક વિચારોના અમલ માટે અનેક કષ્ટો સહન કરવા પડયાં હતાં અને કયારેક તો આકરી કસોટીમાંથી પણ પસાર થવું પડયું. સને ૧૯૫૬માં અમેરિકાની પ્રેરણાથી જાપાન સરકારે પોતાના દેશમાં લશ્કરી વિમાની મથકો બાંધવા માટે લોકોની જમીન કબજે કરી. આથી લોકોના વસવાટો અને ખેતીને થનાર અપાર નુકસાનથી લોકો અકળાઈ ગયા. આ નર્યો અધર્મ અને અન્યાય જ હતો. ફૂજી ગુરૂજીએ એની સામે અહિંસક સત્યાગ્રહ કરવાની લોકોને હાકલ કરી, એમાં કેટલાય લોકો માર્યા ગયા અને એકાદ હજાર લોકો ઘાયલ થયા. પણ છેવટે અહિંસાનો વિજય થયો અને સરકારને એ યોજના બંધ રાખવી પડી.

ધર્માન્તર અને ધાર્મિક સંકુચિતતાથી થતા નુકસાનનો પોતાને સ્પષ્ટ ખ્યાલ આવી જતાં, પોતે પંથના આગ્રહથી મુક્ત થઈને વિશ્વશાંતિ માટે કાર્ય કરશે એ વાતનો નિર્દેશ આપતાં, સને ૧૯૫૭માં, તેઓએ જાહેર કર્યું હતું કે, "મહાત્માજીએ મને કેટલીક સૂચનાઓ અને ચેતવણીઓ આપી હતી, એનું મહત્વ હવે સમજાય છે. હવે પછી મારી બધી શકિત હું વિશ્વશાંતિ પાછળ જ ખર્ચવનો છું. અમુક પંથનો આગ્રહ લઈને કશું નહીં કરૂં." એમના આટલા થોડાક શબ્દો પણ તેઓ કેવી ઉચ્ચ કક્ષાના વિશ્વનાગરિક છે, એની ગવાહી પૂરે છે

આવું દિવ્ય, ભવ્ય અને લોકોપકારક જીવન જીવી રહેલા ૯૫ વર્ષના આ કર્મયોગના સાધક વૃદ્ધપુરૂષે, એમને નેહરુ એવોર્ડ અર્પણ થયો તે વખતે, અત્યારે જેવી ચોમેર ઉપેક્ષા થઈ રહી છે એ ધર્મની શાશ્વત ઉપકારતા તરફ સૌનું ધ્યાન દોરતાં કહ્યું હતું કે—

"જ્યાં ધર્મનું અસ્તિત્વ નથી ત્યાં સારા અને ખરાબ તત્ત્વ વચ્ચેની ભેદરેખા આંકી શકાતી નથી. અને આવી ભેદરેખા આંકયા વગર જીવનમાં શાંતી આવવી શકય નથી. આનો અર્થ એ છે કે, સૌથી પહેલાં, આપણે જીવનમાં ધાર્મિક શ્રદ્ધા કેળવવાનો પ્રયાસ કરવો જોઈએ."

"ધી ટાઈમ્સ ઓફ ઈન્ડયા" દૈનિકના ખબરપત્રીને નવી દિલ્હીમાં મુલાકાત આપતા ગુરુજીએ કેટલીક પાયાની, મહત્ત્વની અને વેધક વાતો કહી હતી, તે જાણવા જેવી છે. તેઓએ કહ્યું હતું કે—

"મને ભારતીય પ્રજામાં રહેલી ધર્મપરાયણતામાં વિશ્વાસ છે, અને એની ધાર્મિક સભ્યતા–સંસ્કૃતિએ દુનિયામાં વિજયી બનવું જોઇએ.

"હું સને ૧૯૧૮ની સાલથી જાપાનના બુદ્ધસંઘની સંભાળ રાખું છું અને મેં સમગ્ર એશિયામાં "શાંતિના મંદિરો" (પીસ પેગોડા) બાંધ્યાં છે."

દુનિયાના અત્યારનાં દુ:ખ અને અશાંતિનાં કારણોનું પૃથ્થકરણ કરતાં તેઓ કહે છે કે—

"હું માનું છું કે, માનવીના ચિત્તમાં રહેલી લોભવૃતિ અને પૈસો એકત્ર કરવાની તથા વિલાસી જીવન વિતાવવાની કામના એ સતત વધી રહેલ અણુંશસ્રોનું પાયાનું કારણ છે. લોભવૃત્તિમાં વધારો થવાનું કારણ પશ્ચિમની સભ્યતા (રહેણી-કરણીની પધ્ધતિ) છે. આ કામ કેવળ ધાર્મિક–ધર્મપરાયણ સભ્યતા એટલે કે સંસ્કૃતિથી જ થઈ શકવાનું છે."

"લોભ પાપનું મૂળ" એ પ્રચલિત લોકોહિતનું જાણે પોતે વિદેશીકરણ કરતા હોય એમ એમણે લોભ વધવાના કારણનું અહીં કેટલું પ્રતીતિકર નિરૂપણ કર્યું છે, અને એને કાબૂમાં લેવાનો ઉપાય પણ કેવો સચોટ સૂચવ્યો છે!

જાણે પોતાની લોભવૃત્તિને કાબૂમાં લેવા માંગતા હોય એમ આ પ્રસંગે તેઓએ વિશેષમાં કહ્યું હતું કે—

"આ રકમનો ઉપયોગ હું (દિલ્હીમાં) રાજઘાટ અને શાંતિવનમાં શાંતિનાં મંદિરો બાંધવામાં કરવાનો છું."

વ્યાપાક ધર્મભાવનાના અવતારરૂપ અને લોકકલ્યાણ તથા વિશ્વ–શાંતિના ધ્યેયને સર્વભાવે સમર્પિત થયેલ ફૂજી ગુરુજીને આપણી ભાવભરી વંદના હો!"

# માર્ગદર્શન દાન

શ્રી બાબુભાઇ ગુલાબચંદ શાહ, જેઓ બી. જી. શાહના ટૂંકા નામે જાણીતા છે. તેમની દાન આપવાની રીત અનોખી છે. તેઓ જે દાન આપે છે તેની પાછળ કોઈ શરત નથી હોતી એટલું જ નહિ પરંતુ પોતાના નામનો પણ આગ્રહ નહિ આજે મોટા ભાગના દાનો કીર્તીદાનો હોય છે-નામના માટે જ અપાતા હોય છે. એવા યુગમાં આ રીતના દાનનું અતિઘણું મહત્વ ગણાય અને તે અનેક શ્રીમાનો માટે માર્ગદર્શક પણ બની રહે.

શ્રી બાબુભાઈ યુવક સંઘમાં પણ ઘણો સમય સક્રીય રહયા. સંઘને કાર્યાલય માટે મકાન હોવું જોઇએ એવી વાત ઉપરાઉપર બે વર્ષ સુધી વાર્ષિક રીપોર્ટમાં તેમણે વાંચી, ત્રીજે વર્ષે કાર્યવાહક સમિતિમાં તેમણે પોતા તરફથી પાંચ હજારનો ચેક મૂકયો અને મકાનફંડની શરૂઆત કરાવી. તરત જ કાર્યવાહક સમિતિના બીજા સક્રીય સભ્ય શ્રી દામજીભાઇએ પણ પાંચ હજાર લખાવ્યા અને મકાનફંડ શરૂ થઇ ગયું. સંઘનું કાર્યાલય આજે જે વિશાળ જગ્યા ધરાવે છે એનો યશ શ્રી બી. જી. શાહને ફાળે જાય છે. સંઘના કાર્યાલયના રીનોવેશનમાં–સજાવટમાં પણ તેમણે અગ્રીમ ફાળો આપેલો.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહમાં પણ ઘણા વર્ષો સુધી તેઓ મંત્રીપદે રહયા ગૃહનો એક પ્લોટ ખાલી પડયો હતો, ત્યાં મકાન કરવા માટે મકાન ફંડની ચર્ચા વિચારણા ચાલતી હતી અને કમિટિની મીટીંગમાં તેમણે એકાવન હજારનો ચેક મૂકયો અને મકાન ફંડની શરૂઆત થઈ. આટલું મોટું દાન, કોઈ પણ જાતની શરત વિના આપ્યું-નામની પણ બીલકુલ અપેક્ષા સિવાય.

ત્યાર બાદ તેમણે દેવનારમાં જગ્યા લીધી ત્યારે સંઘ તેમ જ ગૃહની મેનેજીંગ કમિટિના સભ્યોને સહપત્ની જમવાનું નોતરૂં આપ્યું. સાંજે છૂટા પડતી વખતે તેમણે જાહેર કર્યું કે મારી રૂા, ૩૦,૦૦૦ ની વીમાની પોલીસીઓ હું ગ્રહને ભેટ આપું છું.

અન્ય જગ્યાએ તો આવાં અનેક દાનો આપ્યા હશે. પરંતુ આપણી બન્ને સંસ્થાઓને તેમણે આટલી ઉદારતાથી બીનશરતે દાનો આપ્યા તેની નોંધ લેતાં હર્ષ થાય છે.

આજે આ લખવા માટેનું નિમિત્ત એ કારણે ઉભું થયું કે તેમણે ઉપરની જ રીતરસમથી રૂપિયા પાંચ લાખ જેવી રકમનું ઉદાર દાન આપ્યું અને તે પણ કોઈ જાતની શરત વગર. તેની વિગત નીચે મુજબ છે.

શ્રી બાબુભાઇ ઘોઘારી વીશાશ્રીમાળી જૈન સમાજની અગ્રીમ વ્યકિત છે. તેમણે અઢી અઢી લાખના બે ટ્રસ્ટો બનાવ્યા છે. એક ટ્રસ્ટ વિદ્યાર્થીઓને કેળવણીમાં દરેક રીતે ઉપયોગી થવા માટે કરવામાં આવેલ છે, અને બીજું ટ્રસ્ટ ધંધાકીય લોન આપવા માટે કરવામાં આવેલ છે.

આ બન્ને ટ્રસ્ટોની વિશિષ્ટતા એ છે કે ટ્રસ્ટીમંડળમાં પોતાનું એકલાનુંજ નામ ટ્રસ્ટી તરીકે રાખેલ છે, પોતાનાં કુટુંબીજનોમાંથી કોઈનું પણ નામ રાખેલ નથી. બીજા બધા ટ્રસ્ટીઓની બહારથી વરણી કરવામાં આવેલ છે. આજીવન કે વંશપરંપરાગત કોઈ હક્ક અનામત રાખવામાં આવેલ નથી. આ ટ્રસ્ટનું નામ ' શ્રી વર્ધમાન ટ્રસ્ટ " રાખવામાં આવેલ છે.

તેમના પત્ની શ્રી શારદાબહેન બાબુભાઇ શાહ "પ્રબુદ્ધ જીવન" માં અવારનવાર મનનીય લેખો લખે છે. અન્ય સામયિકોમાં પણ તેમના ચિન્તનાત્મક લખાણો પ્રગટ થાય છે. તેઓ આધ્યાત્મિક વૃત્તિના બહેન છે અને શ્રી બાબુભાઇની તેમને સતત પ્રેરણા મળ્યા કરે છે.

શ્રી બાબુભાઇ ગુલાબચંદ શાહે કોઈ પણ જાતની પ્રતિષ્ઠાના મોહ વિના આટલી મોટી રકમનું ટ્રસ્ટ રચ્યું તે માટે તેઓ આપણા અભિનંદનના અધિકારી બને છે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

# ✱ પ્રેમળ-જ્યોતિ ✱

પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિનો વ્યાપ વધતો ચાલ્યો છે. કારણ, અસહાય માણસોની સેવા કરવાના પૂણ્યકાર્યના કારણે ઈશ્વરના આશિર્વાદ આ પ્રવૃત્તિને મળતા જ રહ્યા છે અને કોઇ પણ નવા કામ માટે તેને પ્રેમાળ દાતાઓ પણ મળતા જ રહ્યા છે. આ બધાનો યશ શ્રી નીરૂબહેન, શ્રી કમળબહેન અને અન્ય કાર્યકર બહેનોને ફાળે જાય છે.

આથી જણાવવામાં આવે છે કે, કોઇ પણ અંધ વિદ્યાર્થીને વાંચવા માટે રીડરની જરૂર હોય તો તે અમને નામ-સરનામા સાથે જણાવે, તો બપોરના ૧૨ થી ૪ માં સામેની વ્યક્તિનો અનુકુળ સમય જે હોય તે સમયે રીડરની વ્યવસ્થા કરવામાં આવશે.

અને આવા રીડર તરીકે જેમને કામ કરવાની ઈચ્છા હોય અને બપોરના ફાજલ સમયનો ઉપયોગ આવા સેવા-કાર્યમાં કરવાની જેમની વૃત્તી હોય તેઓ પણ પોતાના નામ-સરનામા અમને જણાવે.

પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ આ રીતે વિકાસ પામી રહી છે:

(૧) આપણે પ્રથમ પાંચ દત્તક બાળકો લીધા અને ત્યાર બાદ બીજા પાંચ દત્તક બાળકો લીધા અને તેમનો અભ્યાસ તેમજ યુનિફોર્મની જવાબદારી આપણે સ્વીકારી અને તેને લગતા દાનો મળી ગયા.

(૨) 'હોમ ફોર ધી એઇઝેડ' સંસ્થામાં રહેતી બહેનો માટે સો સાડલા મોકલવાની વિનંતિ કરી અને ૧૬૦ સાડલા મળ્યા, એમાં મોટા ભાગના સાવ નવા જ ખરીદાયેલા અને બીજા થોડાક વપરાયેલા પરંતુ નવા કરતાં પણ કીંમતી- એવા મળ્યા અને તે ત્યાંની બહેનોને પહોંચાડયા અને તેમને દીવાળીના પર્વમાં થાય એવો આનંદ થયો.

(૩) યેવતમલના નેત્રયજ્ઞમાંથી શ્રી નીરૂબહેન, કુમારી લત્તાને અહિં લઇઆવ્યા-દેખાવે નમણી પરંતુ આંખની તકલીફને હિસાબે બેડોળ લાગે. આંખની ઉપર પોપચું મોટું થઇને પથરાઈ ગયેલું અને તે દિવસાનું-દિવસ વધતું જતું હતું. એ કારણે તેના મા-બાપની ચિંતા પણ વધતી જતી હતી-તેના પિતા મકાન-બાંધકામમાં મજુરીનું કામ કરીને કુટુંબનિર્વાહ ચલાવે છે એટલે મોટો ખર્ચ કરવાની કોઇ તેની ગુંઝાઈશ નહોતી - નાગપુરમાં એક ઓપરેશન કરાવ્યું, તેમાં સફળતા તો ન મળી પરંતુ રોગમાં વધારો થયો. આ લોકો યવતમલના નેત્ર-યજ્ઞમાં આવેલ. ડોકટરોએ અભિપ્રાય આપ્યો કે અહિં આનો કોઈ ઉપાય નથી. મુંબઇ જાવ અને ઓપરેશન કરાવો તો સારૂં થવાની પૂરી શકયતા છે. એટલે આપણે તેને મુંબઈ લાવ્યા, જૈન કલીનીકમાં દાખલ કરી, તેની માતા તેની સાથે આવેલ.

લત્તાને ત્રણ ઓપરેશનો-પ્લાસ્ટીક સૂર્જરીના કરવા પડયાં અને તેને સંપૂર્ણ સારૂં થઈ ગયું-તેની જીંદગી સુધરી ગઇ, લત્તા અને તેની માતાને રહેવાની જમવાની સગવડ અને હોસ્પીટલનો ખર્ચ આપણે આપ્યો અને જૈન કલીનીકના ડોકટરોએ અને સ્ટાફે જે સહકાર આપ્યો તેના માટે આપણે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ, તેમ જ લત્તા અંગે થયેલા ખર્ચ માટે જે દાતાઓએ દાન આપીને પ્રેમાળ સહકાર આપ્યો તેમના પણ આપણે ખૂબજ આભારી છીએ.

લત્તા અને તેની માતાએ આપણો આભાર માનીને વતનભણી વિદાય લીધી ત્યારે આપણે તેમને રેલ્વે ટીકીટ કઢાવી આપી અને હાથખર્ચના સો રૂપિયા પણ આપ્યા-તેઓના આનંદની કોઈ સીમા નહોતી.

આપણે તો ફકત આંગળી ચીંધ્યાનું પૂણ્યકાર્ય કર્યું, પરંતુ લત્તાની જીંદગી સુધરી ગઈ. તેના ત્રણ ફોટોગ્રાફ્સ નીચે પ્રગટ કરવામાં આવ્યા છે.

**શાન્તિલાલ ટી. શેઠ**
કાર્યાલયમંત્રી


ઓપરેશન પહેલાં


પ્રથમ ઓપરેશન બાદ


બીજા ઓપરેશન પછી.

## સાભાર સ્વીકાર

**દીપમાળા** : લેખકઃ દેસાઈ વાલજી ગોવિન્દજી પ્રકાશકઃ યજ્ઞપ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. કિંમત રૂા. ૨-૦૦

**વીણેલાં ફૂલ** : ભાગ ૪ : ૩૬, ટૂંકી વાર્તાઓ : પ્રકાશક : યજ્ઞપ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. કિંમત ૩-૦૦

**માનવ અધિકારો** : મૂળલેખક : મોરિસ ક્રેન્સ્ટન, અનુ : પન્ના ભાવસાર, પ્રકાશક : વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટવતી સુભદ્રા ગાંધી ૩/૧, જ્યુપિટર એપાર્ટમેન્ટસ પ્રોડકિટવિટી રોડ, વડોદરા, ૩૯૦ ૦૦૫. કિંમત રૂા. ૮-૦૦

# ❋ માયાની ફરિયાદ ❋

માયાબહેને મને માયા જ લગાડી દીધી છે. આ વખતે સામાજિક કામકાજ અંગે અમદાવાદ પહોંચી ત્યારે તે અતિ સુનમુન થઇ મારી સામે જોયા કરતી હતી. એના બાળકને મળવા માટેનો તેનો તરવરાટ અને એ અંગે છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહેલા પ્રયત્નો સાંભળતા તો પથ્થરદિલના માનવીઓનો યે અશ્રુધોધ વહેવા લાગે. આટલું મોટું શહેર-અનેક સામાજીક કાર્યકરો અને સરકારી હોદ્દેદારો હોવા છતાં, માયાના કેસ માટે માત્ર નિસાસા ને હમદર્દી સિવાય તેઓ કશી મદદ કરવા અસમર્થ જ રહે છે. સાચે જ હું દંગ બની ગઇ છું. આપણા ભારતમાં શું સરકાર આટલી ક્રૂરતાથી એક અબળા જોડે વર્તી શકે છે!

માયા શ્રીમંત વર્ગમાંથી તરછોડાયેલી એક ગરીબ સ્ત્રી છે. છેલ્લા પાંચેક વર્ષોથી અમદાવાદ જવાનું થાય છે ત્યારે તે મને અચૂક મળે છે. ભારત અને પરદેશની મૈત્રી વચ્ચે તેનો અવાજ દાબી દેવામાં આવ્યો છે. વર્ષો પહેલાંની આ વાત છે, છતાં કાલે જ બન્યું હોય એમ માયાને મળતા લાગે આ આખો કીસ્સો હું ટૂંકમાં જ જણાવીશ.

માયાને એના સગા કાકાના દિકરા જોડે પ્રેમ થયો. ઉમર ૧૮ વર્ષ ફક્ત. મા નહોતી. સંબંધ વધતો ગયો. આ પવિત્ર પ્રેમના પ્રતિક રૂપ ગર્ભ રહ્યો. બન્ને પરણવા તૈયાર થયા-પિતાઓને વાત કરી-પણ દેશી વિચારો ધરાવતા તેઓએ માયાને ઘરની બહાર કાઢી મૂકી અને છોકરાને ઉઠાવીને રાતોરાત બહારગામ કોઈ બીજી છોકરી જોડે પરણાવી આવ્યા માયાની ફરીયાદ સાંભળી, તે શહેરની સમાજસેવિકા ટેકસી લઇ લગ્ન અટકાવવા દોડી, પરંતુ મોડી પડી. આખરે માયાને આશ્રમમાં દાખલ થવા ફરજ પડી. બાળકને પડાવી નાંખવા વારંવાર સલાહ આપવામાં આવી. માયા એકની બે ન જ થઈ. ઉમર નાની અને આ તો તેના પ્રેમના પ્રતિકરૂપ વહાલસોયું ગર્ભ હતું. કપરા સંજોગે વચ્ચે તેણે ગર્ભને ખીલવા દીધો અને તેજસ્વી બાળકને જન્મ આપ્યો. કુદરતની કરામત તો જુઓ! હસમુખું. વાંકડીયા વાળ વાળું, ગુલાબી ગલગોટા જેવું આ બાળક હતું. માયાનું દુ:ખ વિસારે પડવા લાગ્યું. બાળકને છાતી સરસુ ચાંપી ચુમીઓ ભરતી, પરંતુ સમાજના આગેવાનોએ આ રીતે જન્મેલા બાળકને કદી ચાહ્યું છે? લગભગ દોઢ બે માસમાં જ માયાનું આ સુખ છીનવાઈ ગયું.

પરદેશથી એક દંપતિ આવ્યાં. તેઓને આશ્રમમાંથી બે બાળક દત્તક લેવા હતા. સંજોગવશાત માયાના બાળક પર તેમની નજર પડી. એ નવજાત શિશુ સારી રીતે માના પ્રેમથી પાંગર્યું હતું. આશ્રમના સંચાલકોને થયું કે ૧૮ વર્ષની કુંવારી માં-માયા જવાબદારીમાંથી છુટશે અને નવજીવન માંડી શકશે. પણ માયા એકની બે ન થઇ. ત્યારે કોલકરાર કરી બાળક લઇ જવાયું, ત્યાં સુધી તેને ઓરડામાં પુરી દેવામાં આવી. આશ્રમના સંચાલકોના મનમાં એ વખતે, તેઓ એક ઉત્તમ કામ કરી રહ્યાં છે, જેનાથી ભારતને ગૌરવ મળશે એવી માન્યતા હતી. પરંતુ બીજી બાજુ એક માને કકળાવી-ગુંગળાવી રહ્યાં છે એવું તેમને ન સમજાયું. એમણે, બાળક, આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામશે, તેનો ઉચ્ચ ઉછેર થશે, સુખી થશે-એમ વિચાર્યું. વળી ભારતના બાળકોને પરદેશી દત્તક લેવા આવે છે એમ દુનિયા જાણશે તો તે ભારત માટે મોટું ગૌરવ કહેવાશે.

આપણે વિચારી શકીયે કે એ વખતે માયાની શું હાલત થઈ હશે? માયા, બંધબારણે કકળતી, રડતી, બુમો પાડતી રહી- "મારૂં બાળક મને જ આપી દો" અન્નત્યાગ કર્યો. ૭-૮ દિવસના લાંઘણ થયા. બધું પતી ગયા બાદ માયા આશ્રમમાંથી છૂટી ત્યારે તે ગવર્નર, સમાજસેવિકા વગેરેને સવાલો પૂછતી રહી. છેક દિલ્હી સુધી ચર્ચા-વિચારણા ચાલી-પરંતુ સર્વને લાગ્યું, માયાના હિતમાં જ આ કાર્ય થયું છે, માટે તેને સમજાવી પટાવી શાંત પાડવી. માયા પાસે નહોતી રૂપીયાની કે પૈસાની કે મોભ્ભાની રેલમછેલ. સર્વેએ હમદર્દી દાખવી, પણ કોઇએ કશી મદદ ન કરી. સર્વનું કહેવું થયુ કે "માયા, તું ખરેખર તારા બાળકને ચાહતી હો તો ચૂપચાપ બેસી રહે, બને તો ભૂલી જા, એમાં જ બન્નેનું શ્રેય છે."

અરે, સીદી ભાઇને પણ સીદકાં વહાલા હોય છે-ભીખારીઓ પણ પ્રેમથી પોતાના બાળકને ઉછેરે છે. અને આ ગેરકાયદેસર બાળકને માયા પવિત્ર પ્રેમના પ્રતિકરૂપે વિધવા બની ઉછેરવા માંગતી હોય, પોષવા માંગતી હોય તો તેનો આ વિચાર "નાદાનિયત" માં સમાજ કે વડિલો શા માટે ખપાવે? તે સમજમાં ન ઉતરે એવી વાત છે.

આખરે માયાની બોલતી બંધ થઇ. તે ચુપ બની સુનમુન થઈ વિકાસગૃહમાં દાખલ થઈ. અનેક તોફાનો કર્યાં, વિફરેલી વાઘણના નામથી દિવસો વિતાવતી. ત્યાર બાદ એક ઢોંગી માનવીએ વિકાસગૃહના સંચાલકોને ફસાવ્યા. બીચારાઓએ, સરસ છે કહી, માયાને પરણાવી દીધી. પરણતા પહેલાં ફરી માયાએ પોતાના બાળકને મળવાની ઇચ્છા પ્રગટ કરી. સંચાલકોએ ફરી વિશ્વાસ આપ્યો કે તેનું બાળક મોટું થઇ ભારત આવશે ત્યારે જરૂર તેનો મેળાપ કરાવી આપીશું.

આખરે હસતા-રડતા માયાએ સંસાર માંડયો. વર બેકાર નીકળ્યો. માયાએ કમાણી કરવા જવું પડયું. ત્રણ બાળકો પણ જન્મી ચૂકયા. અને એમના ઉછેર પાછળ તેણે કમ્મર કસી. પરંતુ પહેલું બાળક-તેના પવિત્ર પ્રેમના પ્રતિક રૂપ બાળકને તે ભૂલી નથી શકતી. આજેપણ એક પળ તેને વીસરતી નથી, અને દરેકને મોઢે એ બાળકની વાતો કરતી રહે છે.

એ બાળક ૧૯૬૯ ની સાલમાં તેના પાલક મા બાપ સાથે અહિં આવ્યો. સ્વભાવિક છે કે આવી વાત પત્રકારો તો છાપે જ. એ કટીંગ લઇ તે સંચાલકો પાસે પહોંચી, પરંતુ કોઇપણ હાલતમાં તેને સમજાવી પટાવી દુર રાખી. પેલા દંપતિ, બાળકોને લઇ પાછા સ્વદેશ પહોંચી ગયા. માયાના ધમપછાડા ફોગટ ગયા: ૧૯૭૮ ની સાલમાં ફરી ભારતના પ્રવાસે એ લોકો આવ્યા. આ વખતે માયા સીધી ગવર્નરના ઘેર પહોંચી, પરંતુ બધું જ ફોગટ ગયું. એને વિશ્વાસ આપવામાં આવ્યો કે "માયા, જરૂર તને મુલાકાત કરાવીશું." અને બીચારી બીજે દિવસે ગઈ તો દંપતિ ને બાળક, ભારત છોડીને સ્વદેશ જતા રહ્યાં હતાં.

સમાજના પ્રતિષ્ઠિત, દેશનું હીત જાળવવા બેઠેલા સંચાલકો અને હોદ્દેદારોની આ વર્તણુંકને હમદર્દીમાં ખપાવવી કે ક્રૂરતામાં કે સ્વાર્થમાં ? અનિચ્છા છતાં પણ (અને દગાથી) દત્તક અપાઇ ગયેલા આ બાળક પર આટલા વર્ષે માયાં કોઈ અધિકાર માંગતી નથી, એનો પોતાનો સંસાર છે જ. એને અંગ્રેજી આવડતું નથી, એની પાસે પૈસા પણ નથી કે પરદેશ જઇ શકે. સમાજમાં એની એવી કોઇ પરિસ્થિતિ નથી કે જેથી સમાજના માનવીઓ માયાથી ડરે. જે વ્યકિતએ ગર્ભને અનેક મુશીબતો વચ્ચે પાંગરતો રાખ્યો, સુવાવડનું કષ્ટ સહ્યુ અને બબે મહિના પોતાનું દુધ પાયું છે – કોઇપણ જાતનો પોતાનો સ્વાર્થ જોયા વિના – પેતાના પ્રેમના પ્રતિકરૂપ બાળકને ચાહ્યું. એ માતાને બાળક પર પૂર્ણ અધિકાર છે બાળકનું એ વધુ શ્રેય ચાહતી હોય એ સ્વાભાવિક છે.

છતાં, માયાને મૂકી, ભુલી જઈ – જે વ્યકિતઓએ આ કાર્ય ભારતને માટે કર્યું છે. તેઓ પરદેશી દંપતિના હીસાબે ને જોખમે તે દેશમાં આવજા કરે છે – માનપાન ભોગવે છે – પ્રતિષ્ઠા પામે છે ને સાથે સાથે માયાના આંસુ જોઇ માત્ર હમદર્દી જ દાખવી ખસી જાય છે. એ ક્રૂરતા નહિં તો બીજું શું ?

દુનિયાભરમાં બાળ–વર્ષ ઉજવાઈ રહ્યું છે. સંચાલકોની આંખ ઉઘડે અને મા – બાળકનું મિલન કરાવી આપે એ જ પ્રાર્થના.

શાંગ્રીલા, કારમાઈકલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૬. **મીનાક્ષીબેન મહેતા,** (સામાજિક કાર્યકર,)

## કલ્યાણમંદિર સ્તોત્ર–સમશ્લોકી અનુવાદ સાથે

દોઢ–બે વર્ષ પહેલા, ભકતામર સ્તોત્રની છસો નકલો શ્રીયુત શાન્તિલાલ હરજીવનદાસ શાહે, સંઘના સભ્યોને વિનામૂલ્યે આપવા માટે મોકલેલી – એ રીતે કલ્યાણ મંદિર સ્તોત્ર – સમ શ્લોકી અનુવાદ સાથેની ૬૦૦ નકલો તેમણે સંઘના સભ્યોને વિના મૂલ્યે આપવા માટે મોકલી છે – આવી તેમની ઉદારતા માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

## કલ્યાણમંદિર સ્તોત્ર–સમશ્લોકી અનુવાદ સાથે

આપણા સંઘના આજીવન સભ્ય, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુંબઈ તેમજ મહારાષ્ટ્ર રાજયના ભૂતપૂર્વ મંત્રી શ્રી શાન્તિલાલ હરજીવન શાહના પિતા શ્રી હરજીવનભાઇએ કરેલ કલ્યાણમંદિરનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ શ્રી શાન્તિભાઈએ હમણાં પ્રગટ કર્યો છે. જે કોઇ ભાઇ અથવા બહેનને આ પુસ્તિકા જોઇતી હોય તેમને, મુંબઇ જૈન યુવક સંઘ અને નવજીવન સંઘ – અમદાવાદ તથા પ્રતાપ–સૂરત, ફૂલછાબ–રાજકોટ, અને કચ્છમિત્ર–ભુજ– આ પાંચેય સ્થળોએથી વિનામૂલ્યે મળશે. ટપાલમાં જોઈતી હોય તેમણે ૫૦ પૈસાની ટિકિટ મોકલવી

## ક્રોધ

'ધમ્મપદ'ની એક ગાથામાં, કહેવામાં અવ્યું છે કે :

ભાખે સત્ય, તજે ક્રોધ, ખાલી વાળે ન યાજક
આચર્યે ત્રણ વાતો આ, પામે નિઃશંક સ્વર્ગને.

જીવનમાં સત્યનું અને દાનનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ ક્રોધ ત્યજવાનું પણ છે કુરાનમાં પણ કહેવામાં આવ્યું છે કે જે વ્યકિત ક્રોધને કાબુમાં રાખી શકે છે તે જ વ્યકિત સ્વર્ગની સાચી અધિકારી છે. બાઈબલમાં પણ જણાવવામાં આવ્યું છે કે જે મનુષ્ય ક્રોધ કરવામાં શિથિલ છે તે સમર્થ વ્યકિતઓમાં પણ શ્રેષ્ઠ છે. આમ, લગભગ બધા ગ્રંથોમાં ક્રોધને ત્યાજ્ય ગણવામાં આવેલ છે.

કામ, મોહ, મદ, મત્સર અને લોભની સાથે ક્રોધને પણ માનવનો દુશ્મન ગણવામાં આવેલ છે સંસ્કૃતમાં એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે नास्ति क्रोधसमो वाह्नि ! અર્થાત ક્રોધ સમાન બીજો અગ્નિ નથી. તે પોતાને તથા અન્યને બાળે છે ગીતાના બીજા અધ્યાયમાં ક્રોધની ભયંકરતા સમજાવતાં કહેવામાં આવ્યું છે કે ક્રોધને લીધે માણસની બુદ્ધિ મૂર્છિત થઇ જાય છે પછી સ્મૃતિનો નાશ થાય છે અને છેવટે વ્યકિતના સર્વસ્વનો નાશ થાય છે આમ, ક્રોધ અનેક રીતે વિઘાતક હોવાથી સંત પુરુષોએ ક્રોધનો ત્યાગ કરવાની અમૂલ્ય સલાહ માનવજાતને આપી છે.

ક્રોધ મદિરાના કેફ જેવો છે. જેમ મદિરાપાન કરનારને સારા નરસાનું ભાન રહેતું નથી તેમ, ક્રોધ કરનાર પણ આંધળો બની જાય છે. ક્રોધ મસ્તકના દીવાને ઓલવી નાખી મગજમાં તમસ્ ભરી દે છે. આમ હોવાથી એક ચીની કહેવતમાં સૂચવવામાં આવ્યું છે કે 'ક્રુદ્ધ અવસ્થામાં કોઈ પણ પત્રનો જવાબ લખો નહીં'. ક્રોધ એ ક્ષણિક પાગલપન છે અને તેને જો વશ કરવામાં ન આવે તો આપણા પર તે અંકુશ જમાવી બેસે છે

ક્રોધ આટલો બધો ભયંકર છે. છતાં સંસારમાં રહેનાર માનવોને તેના પર સંપૂર્ણ કાબુ મેળવવામાં ભાગ્યે જ સફળતા મળે છે. કેટલીકવાર તો ક્રોધ કરવો જરૂરી પણ લાગે છે. એક દષ્ટાંતમાં ક્રોધની જરૂરિયાત આ રીતે વર્ણવવામાં આવી છે: કોઇને ન કરડવાની સલાહ એક મુનિએ સર્પને આપી. આ ઉપદેશની અસર થતાં, સર્પે કરડવાનું સાવ છોડી દીધું. આ પરિસ્થિતિનો લાભ લઈ, નાનાં છોકરાંઓ, આસપાસથી પસાર થતા મોટેરાઓ પણ તેને પજવવા લાગ્યા. આથી તે સર્પ પ્રતિદિન ક્ષીણ થવા લાગ્યો આ હાલત જોઇ, ઉપદેશ આપનાર મુનિએ ફરીથી સલાહ આપી કે કરડવું નહિ પણ ફુંફાડો તો રાખવો જ. આ દષ્ટાંત એમ જણાવે છે કે સહનશીલતાને નિર્બળતા માની લેવામાં આવે ત્યારે અવશ્ય ક્રોધનો આશ્રય લેવો પણ, અવિચારી રીતે ક્રોધના શસ્ત્રને ઉગામવું નહિ. કદાચ જો ક્રોધ કરવાનો પ્રસંગ આવે તો ક્ષણવાર ક્રોધ કરીને અટકી જવું. બને ત્યાં સુધી તો કૃત્રિમ ક્રોધ જ કરવો. શરીર કે મન ઉપર તેની અસર ન થાય તે જોવું. મહાત્માઓનો ગુસ્સો ક્ષણજીવી જ હોય છે એમ સંસ્કૃતના સુભાષિતમાં પણ કહેવાયું છે. જે ચિરકાળ સુધી ક્રોધ કરે છે તેની ગણતરી દુર્જન તરીકે થાય છે. તેથી જો વારંવાર ક્રોધ ચઢતો હોય તો તેને સ્વભાવગત ખાત્રી ગણીને તેને સુધારી લેવા માટે કોશિશ કરવી જોઈએ. ક્રોધને રોકવાનું મહાન ઔષધ મંગળ વસ્તુનું સ્મરણ છે ક્રોધ ચડે ત્યારે ક્ષણવાર ઇષ્ટદેવનું નામ લેવાથી ક્રોધના માઠાં પરિણામોથી ઉગરી જવાય છે. સહુથી સારી બાબત તો એ છે કે ક્રોધ કરવો પડે એવી પરિસ્થિતું નિર્માણ જ ન થવા દેવું તેમ છતાં, જો ક્રોધ કરવો જ પડે તો બહુ જ સજાગ રહેવા પ્રયત્ન કરવો અને પરિસ્થિતિને સંભાળી લેવી. ધીમે ધીમે માનવજાતના આ દુશ્મન એવા ક્રોધ ઉપર કાબુ મેળવતાં શીખીશું તો એક દિવસ જરૂર સફળતા મળશે અંતે બાઈબલનું આ વાકય આપણને ટૂંકમાં ઘણું કહે છે કે – "જે સ્વયં પર શાસન કરી શકે છે તે નગરવિજેતા કરતાં પણ અધિક શ્રેયસ્કર છે."

અરુણ શાં. જોશી

# જીવનમાં થોડું ચિન્તન જરૂરી

વધારે ચિન્તનશીલ વ્યક્તિ તો સમાજનું ગૌરવ ગણાતી હોય છે, પરંતુ 'થોડું ચિન્તન જરૂરી" એમ એટલા માટે કહેવું પડે છે કે મોટા ભાગના માણસોનું આ તરફ લક્ષ્ય જ નથી હોતું. જન્મ્યા બાદ બાળપણ તો અજ્ઞાનતામાં વ્યતિત થઇ જાય છે. પરંતુ માણસ સારાસાર સમજતો થાય ત્યાર બાદ પણ બાળકનું જ જીવન જીવતો દેખાય છે- તેનો અભ્યાસકાળ વાંચવા-લખવામાં અને મિત્રો સાથે આનંદપ્રમોદમાં વ્યતિત થાય છે- ત્યાર બાદ તે ધંધો કે નોકરી સ્વીકારી તેને ઇતિશ્રી માની તેમાં રચ્યોપચ્યો રહે છે- લગ્નગ્રંથીથી જોડાય છે. સંસાર ચલાવે છે- ખાવું - પીવું - વર્તમાનપત્રો વાંચવા- સમજયા વિનાની આડેધડ ચર્ચા કરવી - અને ભૌતિક સાધનોનો ઉપયોગ કરી આનંદપ્રમોદ માણવો એમાં જ સમાજના મોટા ભાગના માણસો ઇતિશ્રી માનીને જીવન વ્યતિત કરતા જોવામાં આવે છે. તે જે સંપ્રદાયમાં માનતો હોય તેના સમૂહમાં ભળી જઇ ગતાનુંગતિક રીતે તેની કાર્યવાહીને અનુસરે છે. થોડાક આચારો આચરે છે- તેને કોઈ અંશમાં જીવનમાં ઉતરવાનો પ્રયત્ન કર્યા વિના- અને પોતાને ધાર્મિક માને છે- તેનો સમાજ પણ તેને ધાર્મિક તરીકે સ્વીકારે છે- ભાઇની વાહવાહ બોલાય છે અને ત્યાં તેના ધર્મની વ્યાખ્યા પૂર્ણ બને છે.

પરંતુ આવો રૂડો-રૂપાળો મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે- તેનું કર્તવ્ય શું છે- તેની સાર્થકતા શેમાં છે- તેનું ધ્યેય શું હોવું જોઇએ- તેની સાચી ફરજ શું છે- અને તેના જીવનનું લક્ષ્યસ્થાન શું છે- તેને આંબવા માટે શા શા પ્રયત્નો કરવા જરૂરી છે. ફક્ત ગતાનુંગતિક જીવન જીવ્યાથી અને બીલકુલ ચિન્તન નહિ કરવાના કારણે તે શું ગુમાવી રહયો છે! જીવનનો સાચો આનંદ શેમાં છે- તેને કઇ રીતે પ્રાપ્ત કરી શકાય- આવો કાંઇ જ વિચાર કરવાની તેને બીલકુલ વૃત્તી પણ નથી થતી- માટે અંગૂલિનિર્દેશ કરવો પડે છે કે દરેક માણસે વધારે નહિ પરંતુ થોડુ ક ચિન્તન કરવું એ તેના જીવનવિકાસ માટે અતિ આવશ્યક છે. ચિન્તન કરવાની ટેવ પડશે તેમ તેમ તેનો વ્યાપ વધતો જશે- નવી સમજણ આવશે- તેમાં આનંદ આવશે અને નવા નવા ક્ષેત્રે એ ચિન્તન તેને દોરી જશે- આવા ચિન્તનની ટેવને કારણે વિશેષ ચિન્તન કરવાવાળા મહાનુભાવોની ખોજ કરવાની વૃત્તી જાગશે- તેમનો સંપર્ક સાધવો ગમશે- એને કારણે તેનું વાંચન ઉચ્ચસ્તરનુ બનશે- અને જીવનનો વિકાસ શેમાં છે- તેનું સંશોધન કરવાની વૃત્તિ જાગૃત થશે-અને એ દિશામાં એક એક પગથીયું ચડતા ચડતા પોતાના જીવનનો વિકાસ ઉચ્ચસ્તર સુધી તે લઇ જઈ શકશે- એ રીતે પોતાનું જીવનધ્યેય નક્કી કરી શકાશે અને ત્યાર બાદ એ ધ્યેયને પહોંચીવળવા માટે સતત પ્રયત્નો કરવાની પ્રેરણા મળ્યા જ કરશે- પોતાનું જીવન ધન્ય બનેલું લાગશે- તે સાચો માણસ બની શકશે. આ રીતે, થોડા ચિન્તનની ટેવ પાડવાથી- માણસ ઉર્ધ્વગામી પણ બની શકે- માટે દૃષ્ટિપૂર્વક ચિન્તન કરવાની ટેવ પાડવી એ જીવનના વિકાસ માટે અત્યંત આવશ્યક છે, આવો મારો નમ્ર મત છે.

- શાન્તિલાલ ટી. શેઠ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
## વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ઓગષ્ટ માસની ૧૬ મી જૂન શનિવાર સાંજના ૬ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને બહાલી આપવી.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિનાં ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમજ વાચનાલય - પુસ્તકાલય માટે ઓડિટરોની નિમણુંક

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે, સંઘનો વૃત્તાંત તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના બે થી છ વાગ્ય સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકાશે.

કાંઈ પ્રશ્નો પૂછવાના હોય તો બે દિવસ પહેલા લેખિત મોકલવા વિનંતિ.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે સમયસર ઉપસ્થિત થવા વિનંતિ.

: કાર્યાલય :
૩૮૫, સરદાર વી. પી. રોડ,
વનિતા વિશ્રામ સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૩૫૦૨૯૬

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ
મુંબઈ જૈન યુવક સંઘ

સ્વ. ઝવેરચંદ મંગલજી મહેતા પ્રેરિત
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત

## વિદ્યાસત્ર

ડીસેમ્બર, જાન્યુઆરીમાં યોજાતા વિદ્યાસત્રના આ વર્ષના ત્રણ વ્યાખ્યાનો શ્રી ઉમાશંકર જોષી આપશે.

સ્થળ અને સમયની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ મુંબઈ જૈન યુવક સંઘ

## શ્રી મુ[illegible]

### તા. ૩૧-૧૨-૧૯૭૮ ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| | | ૧૪,૦૯૫-૦૦ |
| ભેટના | ૪,૨૦૫-૦૦ | |
| સભ્ય લવાજમના | | |
| બાદ: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સભ્યોને 'પ્રબુદ્ધજીવન' ની કોપી મફત મોકલવામાં આવે છે તેના | ૨,૫૦૦-૦૦ | |
| | ૧,૭૦૫-૦૦ | |
| ૧૯૭૭ના લવાજમના વસુલ નહિ થતા બાદ | ૧૪૪-૦૦ | ૧,૫૬૧-૦૦ |
| વ્યાજના: | | |
| ડિબેન્ચરોનાં | ૩૦,૩૩૪-૩૦ | |
| બેંકના ખાતાઓનાં | | |
| બાદ: લાઈફ મેમ્બરશીપ ફંડના વ્યાજના શ્રી પ્રબુદ્ધ-જીવનના લવાજમ ખાતે ૧૧,૩૫૦-૦૦ | | |
| હોમિયોપેથિક ફંડને ૩૬૦-૦૦ | | |
| | ૧૧,૭૧૦-૦૦ | ૧૮,૬૨૪-૩૦ |
| પરમાનંદ કાપડિયા સભાગૃહના ઘસારાના | | ૨,૫૦૩-૦૦ |
| વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈગયા | | ૧૬,૯૬૮-૧૬ |
| | | ૫૩,૭૫૧-૪૬ |

| ખર્ચ | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ: | | |
| પગાર બોનસ વગેરે | ૫,૭૦૦-૦૦ | |
| બ્લોક મેન્ટેનન્સ તથા વીજળીખર્ચ | ૯૩૯-૦૭ | |
| પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી | ૬,૪૦૨-૮૩ | |
| ટેલિફોન ખર્ચ | ૧,૧૬૦-૧૦ | |
| પોસ્ટેજ | ૫,૩૬૯-૩૦ | |
| સ્ટાફ પ્રો. ફંડને ફાળાના તથા વ્યાજ | ૧,૩૯૪-૬૦ | |
| પરચુરણ ખર્ચ | ૧૩,૪૩૧-૨૮ | |
| ભક્તામર સ્તોત્ર છપાઈ અને પુરસ્કાર | ૧,૬૨૫-૦૦ | |
| બેંક કમીશન | ૨૨-૩૭ | |
| પરમાનંદ કાપડિયા સભાગૃહ અંગે | ૪૩૪-૦૦ | ૩૬,૪૭૮-૫૫ |
| મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડને ફાળાના | | ૧,૮૬૧-૦૦ |
| ઓડિટરોને ઓનરેરીયમના | | ૩૫૧-૦૦ |
| ફરનીચર પર ઘસારાના | | ૧૪-૦૦ |
| વ્યાખ્યાનમાળાઓ તથા અમૃતમહોત્સવ અંગે ખર્ચ | | ૧૫,૦૪૬-૯૧ |
| | | ૫૩,૭૫૧-૪૬ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ કાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

મુંબઈ, તા. ૧૪-૪-૭૯

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ—મુંબઈ

### તા. ૩૧-૧૨-૧૯૭૮ ના પૂરા થતાં વર્ષનો શ્રી 'પ્રબુદ્ધ જીવન' નો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| વર્ષ દરમ્યાન લવાજમના આવ્યા | ૧૧,૬૦૮-૫૦ | |
| ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રત મોકલવાના, લાઈફ મેમ્બરોને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રત મોકલવાના આજીવન સભાસદના લવાજમ ફંડના વ્યાજમાંથી | ૧૩,૮૫૦-૦૦ | |
| | | ૨૫,૪૫૮-૫૦ |
| ભેટના | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી | ૨,૫૦૦-૦૦ | |
| પરમાનંદ કાપડિયા સ્મારકનિધિમાંથી | ૫૦૦૦-૦૦ | |
| અન્ય રોકડ ભેટના | ૪૪-૦૦ | |
| | | ૭,૫૪૪-૦૦ |
| વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા | | ૫,૩૩૫-૧૬ |
| કુલ રૂ. | | ૩૮,૩૩૭-૬૬ |

| ખર્ચ | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ: | | |
| પગાર તથા બોનસ | | ૭૫૦૦-૦૦ |
| પેપર ખર્ચ | | ૧૦,૮૯૦-૪૨ |
| છપામણી ખર્ચ | | ૧૭,૨૪૯-૦૧ |
| પોસ્ટેજના | | ૧,૩૮૮-૯૮ |
| પુરસ્કાર ખર્ચ | | ૧,૩૦૯-૨૫ |
| | | ૩૮,૩૩૭-૬૬ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ કાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

મુંબઈ, તા. ૧૪-૪-૭૯

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઇ

## તા. ૩૧-૧૨-૧૯૭૮ ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું : | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| **સ્થાયી ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫૭,૮૯૪-૦૦ | |
| **શ્રી પુસ્તક ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫,૫૦૦-૦૦ | |
| **શ્રી ફરનીચર ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૪૦૦-૦૦ | |
| **શ્રી રિઝર્વ ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧,૬૭૩-૪૨ | |
| | | ૯૭,૪૬૭-૪૨ |
| **દેવું :** | | |
| પુસ્તકો અંગે ડિપોઝીટ | ૧૨,૪૭૧-૦૦ | |
| સ્ટાફ પ્રો. ફંડના | ૨,૫૯૯-૨૦ | |
| શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં | ૫૩,૨૨૮-૧૦ | |
| નવભારત સાહિત્ય મંદિર | ૫,૪૯૬-૨૫ | |
| | | ૭૩,૭૯૪-૫૫ |
| | | ૧,૭૧,૨૬૧-૯૭ |

| મિલકત અને લેણું : | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| ઈન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે) | | |
| બેંક ઓફ ઇ. ફી. ડીપોઝીટ | | ૬૦,૦૦૦-૦૦ |
| ફરનીચર ( ખરીદ કિંમતે ) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૦ ૬૯૫-૯૩ | |
| બાદ: કુલ ઘસારાના ૩,૩૯૮-૯૩ | | |
| વર્ષ દરમ્યાન ઘસારાના ૭૩૦-૦૦ | ૪,૧૨૮-૯૩ | |
| | | ૬,૫૬૭-૦૦ |
| **પુસ્તકો:** (ખરીદ કિંમતે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૬૧,૬૬૫-૪૫ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના | ૮,૯૧૦-૭૫ | |
| | ૭૦,૫૭૬-૨૦ | |
| **બાદ:** કુલ ઘસારાના તથા જૂના પુસ્તકોના લખીવાળ્યા | ૨૪,૯૫૫-૬૭ | |
| | | ૪૫,૬૨૦-૫૩ |
| **લેણું:** | | |
| ઇન્કમટેક્ષ રીફંડના | ૨૦૮-૦૦ | |
| સ્ટાફ પાસે | ૨,૬૯૯-૩૬ | |
| મ્યુનિસિપલ ગ્રાંટ | ૧૦.૦૦૦-૦૦ | |
| | | ૧૨,૯૦૭-૩૬ |
| રોકડ તથા બેંક બાકી: | | |
| બેંક ઓફ ઈ. ના બચત ખાતે | ૫૩૩-૭૫ | |
| બેંક ઓફ ઈ.ના રીકરીંગ ડી. ખાતે | ૧૪,૫૦૦-૦૦ | |
| રોકડ પુરાંત | ૪-૭૯ | |
| | | ૧૫,૦૩૮-૫૪ |
| **શ્રી આવક-ખર્ચ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૩,૦૭૯-૨૩ | |
| **ઉમેરો:** વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો | ૮,૦૪૯-૩૧ | |
| | | ૩૧,૧૨૮-૫૪ |
| | | ૧,૭૧,૨૬૧-૯૭ |

### ઓડિટરનો રિપોર્ટ :

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું તા ૩૧-૧૨-૧૯૭૭ ના રોજનું ઉપરનું સરવૈયું મજકૂર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રીપોર્ટને આધીન બરાબર છે.

મુંબઇ તા. ૧૩મી એપ્રીલ ૧૯૭૯ સહી : **શાહ મહેતા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
ઓડિટર્સ

## તા. ૩૧-૧૨-૧૯૭૮ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક : | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| **વ્યાજના :** | | |
| ડિબેન્ચરોનાં | | |
| બેંકનાં વ્યાજના | ૪૯-૫૯ | |
| મંથલી ઈન્કમ સર્ટિફિકેટનું | ૬,૦૦૦-૦૦ | |
| | | ૬,૦૪૯-૫૯ |
| ભેટના : | | ૫,૧૨૨-૦૦ |
| પુસ્તક લવાજમના | | ૪,૮૦૫-૦૦ |
| મ્યુનિસિપલ ગ્રાંટના | | ૧૦,૦૦૦-૦૦ |
| **પરચુરણ આવક :** | | |
| પસ્તી વેચાણના | ૭૪૫-૧૬ | |
| પાસ બુક વેચાણના | ૨૫૬-૫૦ | |
| દંડના | ૧૪૨-૨૦ | |
| | | ૧,૧૪૩-૮૬ |
| વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૮,૦૪૯-૩૧ |
| | કુલ રૂા. | ૩૫,૧૬૯-૭૬ |

| ખર્ચ : | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| વહીવટી તથા વ્યવસ્થા અંગે ખર્ચ: | | |
| પેપર લવાજમ | ૨,૬૯૯-૬૦ | |
| પગાર તથા બોનસ વિગેરે | ૨૦,૫૮૧-૦૦ | |
| બુક બાઈન્ડીંગ ખર્ચ | ૧,૨૩૭-૯૦ | |
| પ્રોવિડંટ ફંડ ફાળાના | ૫૪૦-૦૦ | |
| પ્રોવિડંટ ફંડને વ્યાજના ૭ ટકા મુજબ | ૧૨૬-૦૦ | |
| | | ૨૫,૧૮૪-૫૦ |
| **વ્યવસ્થા ખર્ચ :** | | |
| મકાન મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ: | ૨,૮૧૭-૦૦ | |
| ટેલીફોન ખર્ચ | ૧,૧૬૦-૧૦ | |
| ઓડિટરોને ઓનેરેરીયમના | ૩૫૧-૦૦ | |
| ગાડીભાડું, પાસ, યુનિફોર્મ તથા સ્ટાફને ચા અને અન્ય ખર્ચ | ૪,૮૬૨-૨૬ | |
| બેંક કમીશન | ૫-૫૦ | |
| પોસ્ટેજ તથા છપામણી | ૫૯-૪૦ | |
| | | ૯ ૨૫૫-૨૬ |
| ફરનીચર પર ઘસારાના ૧૦% | | ૭૩૦-૦૦ |
| | | ૩૫,૧૬૯-૭૬ |

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે. અને બરોબર છે.

મુંબઈ તા. ૧૩મી એપ્રીલ ૧૯૭૯ સહી: **શાહ મહેતા એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
ઓડિટર્સ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈ

**તા. ૩૧-૧૨-૧૯૭૮ દિવસનું સરવૈયું**

| ફંડો અને દેવું: | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| **રિઝર્વ ફંડ** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૮૫,૨૨૭-૮૯ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન આજીવન સભાસદ ફીના | ૨૦,૫૮૨-૦૦ | |
| | | ૩,૦૫,૮૦૯-૮૯ |
| **શ્રી સંઘ હસ્તકના ફંડો** | | |
| **શ્રી મકાન ફંડ.** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૪૦૧૯-૧૯ | |
| **શ્રી પુસ્તક પ્રકાશન ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૨૭૩-૨૫ | |
| **શ્રી માવજત ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૨૬-૪૮ | |
| **શ્રી હોમિયોપથી સારવાર ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩,૬૦૦-૦૦ | |
| **શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૧૨,૩૪૦-૨૭ | | |
| ઉમેરો: ભેટના ૩૨૯૮૬, હોમિયોપેથીક ફંડના વ્યાજના ૩૬૦ — ૩૩ ૩૪૬-૦૦ | | |
| ૪૫,૬૮૬-૨૭ | | |
| બાદ: પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખર્ચ ૫૭૧૭-૭૦, વૈદ્યકિય રાહત ખર્ચ ૮૦૫૬-૪૫ — ૧૩,૭૭૪-૧૫ | | |
| | ૩૧,૯૧૨-૧૨ | |
| **શેઠ દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૩૩,૩૫૪-૦૦ | | |
| ઉમેરો: ભેટના ૭૫૧-૦૦ | | |
| | ૩૪,૧૦૫-૦૦ | |
| **શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૧૩,૩૩૫-૮૫ | | |
| ઉમેરો: ભેટના ૧,૦૦૪-૦૦ | | |
| ૧૪,૩૩૯-૮૫ | | |
| બાદ: વર્ષ દરમ્યાન ખર્ચના ૪,૯૯૪-૦૦ | | |
| | ૯,૩૪૫-૮૫ | |
| **જીવનઘડતર લક્ષી પ્રવૃત્તિફંડ:** | | |
| વર્ષ દરમિયાન કાયમી ભેટના | ૫,૦૦૦-૦૦ | |
| **શ્રી સુવર્ણજયંતિ મહોત્સવફંડ:** | | |
| વર્ષ દરમ્યાન ભેટ, જાહેર ખબર વસુલ આવ્યા ૨,૪૭,૯૧૭-૩૦ | | |
| બાદ: સુવર્ણજયંતિ ઉત્સવ ખર્ચ ૫૫,૨૦૪-૪૫ | | |
| | ૧,૯૨,૭૧૨-૮૫ | |
| | | ૩,૦૩,૦૯૪-૭૪ |
| **દેવું:** સ્ટાફ પ્રો. ફંડના | ૧૦,૯૧૨-૨૮ | |
| સ્ટાફ બેનીફીટ ફંડ | ૪૧,૯૮૮-૪૦ | |
| લવાજમના અગાઉથી આવેલ | ૨,૪૭૯-૦૦ | |
| અન્ય દેવું | ૧૧,૮૮૫-૪૨ | |
| | | ૬૭,૨૬૫-૧૦ |
| | | ૬,૭૬,૧૬૯-૭૩ |

| મિલ્કત અને લેણું: | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| **બ્લોક (કરાર મુજબ)** | | |
| રસધારા કો ઓ. હા. સો. લી. મુંબઈ | | ૧૩,૬૮૦-૦૦ |
| **ઇન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)** | | |
| રસધારા કો. ઓ. હા. સો. લી. ના શેર રૂ. ૫ દરેક ૫૦ નો | | ૨૫૦-૦૦ |
| **ફરનીચર અને ફીકચર (ચોપડા પ્રમાણે)** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૮૪૫-૨૪ | |
| બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા | ૭૨૫-૨૪ | |
| | | ૧૨૦-૦૦ |
| **ડીપોઝીટ:** | | |
| પોસ્ટ ઓફિસમાં | ૭૫-૦૦ | |
| બી. ઈ. એસ. ટી. માં | ૧૮૦-૦૦ | |
| ટેલીફોન અંગે | ૩૬૦-૦૦ | |
| | | ૬૧૫-૦૦ |
| **લેણું:** | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | ૨૮૦-૫૦ | |
| સભ્ય લવાજમ અંગે | ૮૪૦-૦૦ | |
| સ્ટાફ પાસે | ૩૯,૮૯૦-૪૯ | |
| અન્ય લેણું | ૩૦,૨૩૮-૨૫ | |
| શ્રી મ મો. શાહ સા. વા. અને પુસ્તકાલય | ૫૩,૨૨૮-૧૦ | |
| | | ૧,૨૪,૪૭૭-૩૪ |
| **રોકડ તથા બેંક બાકી:** | | |
| બેંક ઓફ ઈ. ના ચાલુ ખાતે | ૧૭,૩૧૧-૪૭ | |
| ,, ,, ના રીકરીંગ ખાતે | ૭,૮૦૦-૦૦ | |
| ,, ,, ના ફીકસ ડીપોઝીટ ખાતે | ૪,૯૯,૭૮૪-૬૬ | |
| ,, ઓફ બરોડા ફીકસ ડીપોઝીટ ખાતે | ૯,૦૦૦-૦૦ | |
| રોકડ પુરાંત | ૩૧-૪૫ | |
| | | ૫,૩૩,૯૨૭-૫૮ |
| **શ્રી જનરલ ફંડ (આવક-ખર્ચ) ખાતું:** | | |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | ૧૬,૯૬૮-૧૬ | |
| ઉમેરો: શ્રી પ્રબુદ્ધ જીવનનો વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | ૫,૩૩૫-૧૬ | |
| | ૨૨,૩૦૩-૩૨ | |
| બાદ: ગયા સરવૈયા મુજબ જમા બાકી | ૧૯,૨૦૩-૫૧ | |
| | | ૩,૦૯૯-૮૧ |
| | | ૬,૭૬,૧૬૯-૭૩ |

**ઓડિટરોનો રિપોર્ટ:** અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુંબઈનું તા. ૩૧-૧૨-૭૮ ના રોજનું ઉપરનું સરવૈયું મજકૂર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.
મુંબઈ, તા. ૧૪ એપ્રીલ ૧૯૭૯

**શાહ મહેતા એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

# મનોવૈજ્ઞાનિક દષ્ટિએ નિહનવવાદ અથવા નિહનવવાદના સાંતરપ્રવાહો

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અને વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ ડૉ. રમણભાઈએ 'નિહનવવાદ' વિષે વ્યાખ્યાન આપ્યું ત્યારે અને ત્યાર બાદ 'પ્રબુધ્ધ જીવન' ના વર્ષ ૪૧ : ૧૫, ૧૬, ૧૭ અને ૧૮મા અંકમાં પ્રગટ થયેલ એ વ્યાખ્યાન વાંચ્યું ત્યારે નિહનવવાદના મનોવૈજ્ઞાનિક પાસાં અંગે આવેલાં વિચારોને, આ લેખદ્વારા, શબ્દબધ્ધ કરવા ધારૂં છું.

## નિહ્નવોના બે વર્ગ :

શાસ્રોમાં વર્ણવેલા સાત નિહનવોને આપણે બે વર્ગમાં વહેંચી શકીએ. (૧) ભગવાન મહાવીર કે પોતાના ગુરૂ સાથે પડેલ વિચારભેદને કારણે જુદા વિચરનાર અને તર્ક કે પ્રત્યક્ષ અનુભુતિ પછી પણ ભગવાન મહાવીરનું તત્ત્વજ્ઞાન સ્વીકારી ન શકનાર અને ભગવાન મહાવીરના શાસનમાં પુનરાગમનને બદલે અલગ ચોકો જમાવનાર વર્ગ અને (૨) ભગવાન મહાવીર કે પોતાના ગુરૂ સાથે વિચારભેદ થતાં જુદા પડનાર પણ અનુભવજન્ય પ્રતીતિ થતાં પોતાની ભૂલનો સ્વીકાર કરનાર અને પોતાની થયેલ ભુલનું પ્રાયશ્ચિત કરનાર વર્ગ. પહેલાં વર્ગમાં આપણે (૧) જમાલિ (૨) રોહગુપ્ત અને (૩) ગોષ્ઠા મહિલનો સમાવેશ કરી શકીએ, જ્યારે બીજા વર્ગમાં (૧) તિષ્યગુપ્ત (૨) અષાઢાચાર્યના શિષ્યો (૩) અશ્વમિત્ર અને (૪) આર્ય ગંગાચાર્યનો સમાવેશ થાય છે. આ બન્ને વર્ગની વર્તણૂંકની મનોવૈજ્ઞાનિક ભૂમિકા અંગે અત્રે વિચાર કરવા ધાર્યું છે.

## અહમને ખાતર સત્યનો હ્રાસ : પ્રથમ વર્ગની ભૂમિકા

પહેલાં વર્ગના જમાલિ, રોહગુપ્ત અને ગોષ્ઠા મહિલાદિના નિહનવપણામાં એમના અહમને કારણભૂત ગણી શકાય. એમાંય જમાલિ તો ભગવાન મહાવીરના ભાણેજ અને જમાઈ—એમ બેવડું સગપણ ધરાવતા હતા એટલે પંડિત સુખલાલજી નોંધે છે તેમ, "સગપણને લીધે મહત્તા પારખવાની સામાન્ય ઉણપ, જન્મસિધ્ધ ક્ષત્રિય સ્વભાવની ઉગ્રતા અને પોતાના ગુરૂ સમક્ષ પોતા સિવાય બીજાઓનું પ્રધાનપણું- આ ત્રણે કારણો, જેનાથી મતભેદનો વધારે સંભવ છે, તે ઉપરથી આ વાત જાણી શકાય તેવી છે." (૧) ભગવાન બુધ્ધના સગા દેવદત્તે પણ આ જ રીતે અલગ સંપ્રદાય ઉભો કર્યો હતો. આ ભુમિકાના સંદર્ભમાં પોતાનો અહમ કે મહત્ત્વાકાંક્ષા પોષવા ખાતર સત્યનો પણ હ્રાસ કરવામાં આ નિહનવોએ પાછું વાળીને જોયું નથી. ગોષ્ઠા માહિલ આર્યરક્ષિતના મામા હતા અને તેને આર્યરક્ષિતે આચાર્ય બનાવી પોતાની પાટે સ્થાપ્યા નહી એથી ઘવાયેલા અહમથી રોષે ભરાયેલા ગોષ્ઠા માહિલે આર્યરક્ષિતની પાટે આવેલાં દુર્બલિકા પુષ્યમિત્રને લોકોની નજરમાં ઉતારી પાડવાની કોશિષ કરી અને અંતે સંઘભેદક કે નિહ્નવ તરીકે જાહેર થયા. પ્રામાણિક વૈચારીક ભેદ હોઈ શકે અને એ આવકાર્ય પણ છે. પરંતુ જો એવું જ હોત તો પોતાના હરીફને ઉતારી પાડવાની નિર્બળતા, ગોષ્ઠા માહિલ ન દાખવત. એક માત્ર રોહગુપ્તના કિસ્સામાં સગપણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં એમની મનોભૂમિકા અહમથી જ ઘેરાયેલી હતી અને એટલે જ સત્યનો સ્વીકાર કરી શકયા નહી. એમણે સ્થાપેલ પરંપરા, આગળ જતાં, વૈશેષિક દર્શન તરીકે ખ્યાતિ પામી.

## નિહ્નવોદ્વારા અન્ય દર્શનની ઉત્પત્તિ : સાંપ્રદાયિક દ્રષ્ટિ :

પંડિત સુખલાલજી નોંધે છે. તેમ, વૈશેષિક દર્શનની ઉત્પત્તિની કથા સૌથી પહેલાં આવશ્યક નિર્યુકિત (ગાથા ૭૮૦) માં નોધાયેલી છે. તેનો વિસ્તાર તેની વૃત્તિમાં અને વિશેષાવશ્યક ભાષ્ય (ગાથા ૨૪૫૨ થી આગળ) માં નોંધાયેલો છે. (૨) જેમ વિષ્ણું પુરાણ, મત્સ્ય પુરાણ, અગ્નિ પુરાણ, વાયુ પુરાણ, શિવ પુરાણ, પદ્મ પુરાણ, સ્કંદ પુરાણ, ભાગવત, કૂર્મ પુરાણ, પ્રમોધ ચંદ્રોદયાદિ ગ્રંથોમાં વૈદિક પરંપરામાંથી જૈન કે બૌધ્ધ ધર્મ શરુ થયાના અને એ ધર્મો મિથ્યા દર્શન હોવાના અને વૈદિક દર્શન શ્રેષ્ટ હોવાના, સાંપ્રદાયિક સંકુચિત દષ્ટિથી. વર્ણનો આવે છે તેમ, આવશ્યક વૃત્તિ, ત્રિષષ્ઠિશલાકાપુરુષ–ચરિત્ર, પઉમચરિય, પદ્મપુરાણ, આદિપુરાણ સર્વ જૈન ગ્રંથોમાં જૈન ધર્મમાંથી સાંખ્ય, બૌધ્ધ, આજીવક અને વૈશેષિક દર્શનો શરુ થયાના વર્ણનો છે. શું આ સાંપ્રદાયિકાતાનો પુરાવો ન હોઈ શકે? તે વખતની પરિસ્થિતીને અનુલક્ષીને આમ હોવાનો સંભવ છે. જમાલિએ આજીવક અને રોહગુપ્તે, ઉપર જણાવ્યું તેમ, વૈશેષિક દર્શનની કરેલી સ્થાપના આ સંદર્ભમાં અવલોકવી જોઇએ.

જમાલિનો નિહનવ તરીકેનો ઉલ્લેખ સ્થાનાંગસૂત્રના ત્રીજા અંગના સાતમા સ્થાનકમાં, ઔપપાતિક નામના ઉપાંગમાં, આવશ્યક નિર્યુકિત, વિશેષાવશ્યક ભાષ્ય અને વધારે વિસ્તૃતરૂપે ભગવતી સૂત્રના પાંચામાં અંગના નવમા શતકમાં ને ત્રીસમા ઉદ્દેશકમાં આવે છે. પરંતુ ભગવાન મહાવીરના ભાણેજ અને શિશ્યરૂપે પણ દિગમ્બર પરંપરાના સાહિત્યમાં એનો બિલકુલ ઉલ્લેખ નથી. જમાઈ તરીકે તો ઉલ્લેખ હોવાની શકયતા જ નથી. કારણ કે. દિગમ્બર પરંપરા ભગવાન મહાવીરને અપરિણિત માને છે. વૈદિક દર્શન મુજબ, વૈશેષિક દર્શનોના આદ્ય પ્રવર્તક કાશ્યપ ગોત્રીય કણાદ ઋષિ. છે. આ ભૂમિકાના સંદર્ભમાં પોતાના ધર્મને શ્રેષ્ઠ પુરવાર કરવાની સાંપ્રદાયિક દૃષ્ટિથી અન્ય દર્શનોની ઉત્પત્તિ આ નિહનવોથી થયાની વાત આલેખાઈ હોવાની સંભાવના વિશેષ છે

## દ્વિતીય વર્ગની અજ્ઞાનમૂલક ભૂમિકા :

બીજા વર્ગના નિહનવો-તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર અને આર્ય ગંગાચાર્યના કિસ્સામાં તેઓ ભગવાન મહાવીરના શાસનથી જુદા પડયાં તેના કારણમાં ઉંડી સમજના અભાવને લેખી શકાય. અહીં પણ અહમની શકયતા છે. ચોક્કસ નિરૂપણ દ્વારા વ્યવહાર અને નિશ્ચય નયની દૃષ્ટિએ વિચાર કરવાની દષ્ટિ ખુલતાં આ નિહનવોએ સરળતાપૂર્વક પોતાની ભૂલનો સ્વીકાર કર્યો છે અને યોગ્ય પ્રાયશ્ચિત્ત દ્વારા ભગવાન મહાવીરના શાસનમાં પુનરાગમન કર્યું છે. એટલે એમની મનોભૂમિકા અજ્ઞાનમુલક કે ઉપરછલ્લી સમજણની લેખી શકાય.

## અનુભવીઓદ્વારા ભ્રમનું નિરસન :

અત્રે એ નોંધવું સૂચક ગણાશે કે તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર અને આર્ય ગંગાચાર્યના ભ્રમનું નિરસન યુકિતથી થયું નથી, પરંતુ વ્યવહારકુશળ અનુભવીઓએ શીખવેલાં બોધપાઠથી એમની સમ્યગ્દૃષ્ટિ ખુલી છે. 'જયાં ન

પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ'ની પંક્તિને સુધારીને એમ કહીએ કે 'જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી' તો અતિશયોક્તિ વિના, આ કથન યથાયોગ્ય જણાશે અને સત્ય કથનના સ્વીકાર માટે પણ જરૂરી નિમિત્તની આ યોગ્ય ભુમિકા છે એ દૃષ્ટિએ વિચારીએ તો મનોવૈજ્ઞાનિક ભૂમિકાની મારી વાત યથાર્થ જણાશે.

**અહમની ભૂમિકા અને પુનરાગમનમાં પોતાની મર્યાદા કારણભૂત :**

બીજા વર્ગના નિહનવોમાં અહમની શકયતા પણ છે. એમ મેં ઉપર સહેતુક જણાવ્યું છે. વિચારભેદના મૂળમાં અહમ હોય પણ ખરો પરંતુ સમયના વહેવા સાથે, અહમ ઓગળે અને પોતાની શકિતનું સ્પષ્ઠ ચિત્ર ધ્યાનમાં આવ્યું હોય અગર પોતાની મર્યાદાનું ભાન પણ થયું હોય અને અલગ ચોકાની દૃષ્ટિએ સમાજના વિશાળ વર્ગે એને સ્વીકાર્યો ન હોય તો, ઉપર જણાવ્યા તેવા બોધપાઠથી પુનરાગમન થવાનું સંભવે ખરું. પ્રમાણભૂત સાધનોના અભાવમાં, અલબત્ત, આવી શકયતાનું અનુમાન જ કરવું પડે જમાલિના કિસ્સામાં કુંભાર દ્વારા થયેલાં અનુભવજ્ઞાનથી. જમાલિની પત્ની અને ભગવાન મહાવીરની પુત્રી–પ્રિયદર્શિની ભગવાન મહાવીરના શાસનમાં પાછા ફરે છે ત્યારે આવા નિમિત્તની અને વ્યવહારકુશળ અનુભવીની મહત્તા વધુ સ્પષ્ટ થાય છે. જમાલિ આ વાત સમજવાં છતાં અહમને ગાળી શકતા નથી.

**નિહનવવાદનું વર્તમાન જીવનમાં સંધાન (Relevance) :**

મૂળમાં અહમ અગર મહત્ત્વાકાંક્ષા પણ યોગ્યતાના અભાવને વિચાભેદનું રૂપ આપવું; અનુભવજન્ય પ્રતીતિદ્વારા ભૂલની સ્વીકૃતિ અને પ્રાયશ્ચિત સહિત પુનરાગમન; એના મૂળમાં સંભવત: પોતાની શકિતની મર્યાદાનું ભાન અને જોઈતા વ્યાપક અનુમોદનનો અભાવ–આ બધી માનસિક ભૂમિકા કોઈ એક વાર્તા પ્રકારના કથાઘટક જેવી લાગે છે પરંતુ એ જ મનોભૂમિકા પર રચાતા દ્વંદ્વ અને સમગ્ર જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કોઈ ને કોઈ સ્વરૂપે જોવા મળતી, આવા નિહનવોના જેવી, મનોવૈજ્ઞાનિક ભુમિકા આપણને આપણા શાસ્ત્રોમાં વર્ણવેલા નિહનવવાદની યથાર્થતાની પ્રતીતિ કરાવે છે. સંશોધનનો હેતુ વર્તમાન જીવનમાં સંધાન (Relevance) શોધવાનો છે–હોવો જોઈએ અને એ દૃષ્ટિએ આ આખી ય ઘટનાઓની વર્તમાન જીવનમાં થતી અનુભૂતિ જોઈએ તો કથાના તૈયાર કલેવર કે બિબાનું પુનરાવર્તન જીવનમાં હરપળે થતું જોઈ શકાશે. સમગ્ર દેશ કે સમાજ સ્થગિત થઈ જાય એટલી હદે એનું પ્રતિબિંબ વર્તમાન સમાજમાં જોઈ શકાય છે.

**ઉચ્ચ પ્રણાલિકાનું પ્રસ્થાપન :**

નિહનવવાદનો અભ્યાસ કરતાં એક વસ્તુ સ્પષ્ટ જણાય છે કે ભગવાન મહાવીરે ઉચ્ચ પ્રણલિકા અગર પરંપરા પ્રસ્થાપિત કરી છે અને તે એ કે નિકટના સંગાંના વ્યામોહને ક્ષીણ કરીને. માત્ર ગુણવત્તાના ધોરણે જ, કોઇ પણ વ્યકિતને, જૈન ધર્મમાં સ્થાન મળે છે એવી નિરપવાદ અને નિર્વિવાદ ભૂમિકા ઉભી કરી છે જૈન શબ્દ ગુણવાચક છે એની પ્રતીતિ પોતાના આચરણ દ્વારા આપી છે. આ બાબતની મહત્તા આજે વિશેષ છે. એટલા માટે કે, ઉચ્ચાસને બેઠેલાં અગ્રણીઓના સગાં સંબંધીઓની યોગ્યતા વિષે જનસમૂહમાં શ્રધ્ધાયુક્ત વલણ જોવા મળતું નથી. ભગવાન મહાવીરે સ્થાપેલી અને આર્યરક્ષિતે અનુસરેલી આ નીતિનું મૂલ્યાંકન, આજના સંજોગોમાં, વધુ સુરેખ અને સ્પષ્ટ બને છે. ભગવાન બુધ્ધે પણ પોતાના સગા દેવદત્તને પ્રાધાન્ય આપવાને બદલે સંઘભેદક જાહેર કરી, એમણે પણ આ રીતની ભારતીય પરંપરાના પ્રસ્થાપનમાં અદ્વિતીય પ્રદાન કર્યું છે.

આ પાસાંની બીજી બાજુ પણ છે. લોકહૃદયમાં ઉચ્ચાસને બિરાજતી પ્રતિભાસંપન્ન વ્યકિત, કયારેક પોતાના સગાં-સંબંધીઓને યોગ્યતા છતાં, આ ભૂમિકા પર, અન્યાય પણ કરે છે. પોતાની કારકિર્દીની ખેવના અને એના મૂળમાં રહેલો લોક નિંદાનો ભય વિશેષ કારણભૂત બને છે. પૂ. મહાત્માં ગાંધીજીના પુત્ર હરિલાલ ગાંધીના કિસ્સામાં આવું બન્યું હોવાનું નિરૂપણ થયું છે, તે આ દૃષ્ટિએ સૂચક છે. ગાંધીજી જે શાળાના પ્રમુખ હોય, એ જ શાળામાં અભ્યાસ કરતાં હરિલાલ ગાંધીની યોગ્યતા છતાં, માત્ર ગાંધીજીના પુત્ર હોવાના કારણે, એમની પ્રથમ પંક્તિની કારકિર્દી બનીજ ન શકે એ આવી પ્રણાલિકાને યોગ્ય રીતે સમાજવાના અભાવને કારણે કે આવી વ્યકિતની અંગત મર્યાદાના કારણે જ સંભવી શકે. સતી સીતાનો, પત્ની તરીકેની યોગ્યતા છતાં, ધોબીની–લોક નિંદાથી ભગવાન રામે કરેલો ત્યાગ પણ આવી મર્યાદાનું જનક છે. એના મૂળમાં સામાન્ય વર્ગ પ્રતિભાસંપન્ન વ્યકિતના સગાં–સંબંધીઓની યોગ્યતા અને એમના પરત્વેના એમના અનુરાગ વચ્ચેની બહુ જ પાતળી ભેદરેખા સમજી શકતો નથી. એટલે તેઓ લોકનિંદાનું તત્કાલ નિશાન બને છે અને પ્રતિભાસંપન્ન વ્યકિત પણ પોતાના સંબંધીની યોગ્યતા અને લોકનિંદા એમ બન્ને વચ્ચે સમતુલા (Balance) જાળવી શકતા નથી.

**નવા સંપ્રદાયની શરૂઆત: વૈચારિક પ્રક્રિયા :**

જમાલિ, રોહગુપ્ત અને ગોષ્ઠા માહિલે જૈન ધર્મનો, અહમ ખાતર ત્યાગ કર્યો અને આજીવક તેમ જ વૈશેષિક દર્શનની સ્થપના કરી. આ પ્રકારના નિરૂપણમાં, ઉપર અવલોકન કર્યું એ મુજબ, ઘડીભર માની લઈએ કે સાંપ્રદાયિક દૃષ્ટિથી ન પણ હોય અને એ ઐતિહાસિક હકીકત હોય તો એનું એક સુભગ પરિણામ આવ્યું છે, અને તે એ કે વિશ્વને એકેક વિશિષ્ટ દર્શન મળ્યું છે, અને એ દર્શન દ્વારા પુષ્ઠ થયેલ વિચારની પુખ્ત વિચારણા થઈ છે. સાંપ્રદાયિકતાએ, શરૂઆતમાં પોતાના ધર્મને શ્રેષ્ઠ દર્શાવવા આવું નિરૂપણ કર્યું હોય તો પણ પાછળથી આ જ દર્શનોનો વિવિધ નય વ્દારા સ્યાદ્વાદની પુષ્ઠિમાં એનો સમન્વય થયો છે. નિહનવના નિરૂપણથી શરૂ થયેલી શરૂઆતની પરસ્પર મતખંડનની પ્રવૃત્તિને બદલે આગળ જતાં વૈચારીક પ્રક્રિયા થઈ અને એ પ્રક્રિયા જ કદાચ આપણને સ્યાદ્વાદની ભૂમિકા તરફ કેમ દોરી ગઈ ન હોય ?

તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર અને આર્ય ગંગાચાર્યે અજ્ઞાનમૂલક ભૂમિકા કે અહમને કારણે પ્રથમ જૈન દર્શનનો ત્યાગ કર્યો એ યોગ્ય જ થયું છે. એટલા માટે કે આ નિહનવો ગુરુના પ્રભાવ હેઠળ, જૈન શાસનનો ત્યાગ કરી શકયા ન હોત તો ભગવાન મહાવીરે પ્રરૂપેલા નિશ્ચય નય વિષે એમને અનુભવજન્ય પ્રતીતિ થઈ જ ન હોત! અને એમની શ્રધા દ્રઢ કે બલવત્તર ન બની હોત! ગુરુના પ્રભાવ હેઠળ જૈન શાસનમાં રહેત તો નિશ્ચય નય વિષે મનમાં ને મનમાં શંકાના વમળો રહેત અને એમની સાધાનામાં એ બાધક નીવડત. એથી, ઉલટું, જૈન ધર્મના ત્યાગને પરીણામે, વ્યવહારકુશળ અગ્રણીઓ દ્વારા, ભગવાને પ્રરૂપેલાં સિધ્ધાંતની અનુભવજન્ય પ્રતીતિ થઈ, એથી એમની શ્રધ્ધા પૂર્ણપણે ફળીભૂત થઈ એ આપણે, એમણે સ્વીકારેલાં પ્રાયશ્ચિતથી જોઈ શકીએ છીએ.

**–પન્નાલાલ રસિકલાલ શાહ**

૧. જુઓ : "દર્શન અને ચિંતન" ભાગ ૧લો, પૃષ્ઠ ૨૮૯
વિષય : ભગવાન મહાવીર અને જમાલિના મતભેદનું રહસ્ય.

૨. જુઓ : "દર્શન અને ચિંતન" ભાગ ૨ જો પૃષ્ઠ ૧૧૮૫
વિષય : સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુદ્રક અને પ્રકાશક ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ જૂન, ૧૯૭૯, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સેકસ

ઋતુમ્ભરા વિશ્વ વિદ્યાપીઠ (મૂળ શકિતદળ) 'શકિતદલ'ના નામે માસિક પ્રકટ કરે છે. તેમાં, તેના તંત્રી શ્રી પૂર્ણિમાબહેન પકવાસાના લખાણો દીદીની ચિઠ્ઠી એ નામે પ્રકટ થાય છે. શકિતદળના ફેબ્રુઆરી ૧૯૬૦ ના અંકમાં 'સેકસ : ડાયરીના પાનાં' એ મથાળે તેમનું લખાણ પ્રકટ થયું હતું. જે વાંચી મને આશ્ચર્ય થયું એટલે મેં તેનો જવાબ લખી મોકલ્યો. મારો જવાબ શકિતદલના એપ્રિલ-મેના અંકમાં પ્રકટ થયો છે. તે સાથે બહેન પૂર્ણિમાબહેનના લખાણનું સમર્થન કરતાં બીજા બે લખાણો, એક જમનાદાસ લાદીવાલા અને બીજું હરજીવન થાનકીના પ્રકટ થયા છે. એ બધા લખાણો, પૂર્ણિમાબહેનનું મૂળ લખાણ અને મારો જવાબ તથા જમનાદાસ લાદીવાલા અને હરજીવન થાનકીના લખાણો અહીં પ્રકટ કરું છું.

પૂર્ણિમાબહેનનું લખાણ મેં વાંચ્યું ત્યારે મને લાગતું હતું કે, તેમાં રજનીશની છાયા છે. પછી પૂર્ણિમાબહેને મને તેમની ડાયરી વાંચવા આપી ગયા તે ઉપરથી જાણ્યું કે, તેમની ડાયરીમાં એ નોંધ તેમણે ૫-૧૨-૬૮ ને દિને કરી છે. તેમાં જણાવ્યું છે કે:

"શ્રી જૈન યુવક સંઘને આશ્રયે યોજાયેલી વ્યાખ્યાનમાળાનાં છેલ્લે દિવસે આચાર્ય રજનીશનું 'પ્રેમતત્ત્વ' ઉપર વ્યાખ્યાન હતું. વ્યાખ્યાન દરમ્યાન એમણે સેકસના વિચારને ઘણી વિશદતાથી ચર્ચ્યો હતો. જો કે સ્થૂલ સેકસનો પુન: પુન: ઉલ્લેખ જરા અરુચિકર લાગ્યો. પણ એ બાબત જેમ વિચારતી ગઈ તેમ ઊંડાણ સધાતા ગયા, નવા નવા પેનોરમા સ્પષ્ટ થતા ગયા." પછી તેમનું લખાણ આવે છે.

રજનીશનું એ વ્યાખ્યાન સંવત્સરીને દિવસે હતું. તે સાંભળ્યા પછી રજનીશ વિષેનો પરમાનંદભાઈનો ભ્રમ ભાંગી ગયો અને ત્યાર પછી તેમણે રજનીશને ફરી આમંત્રણ આપ્યું નહિ. પૂર્ણિમાબહેનને નવા નવા પેનોરમા સૂઝયા. મને લાગે છે તે સમયે તેમણે પોતાની ડાયરીમાં જે નોંધ કરી તે મોટે ભાગે રજનીશે પોતાના વ્યાખ્યાનમાં જે કહ્યું તેનો સાર હશે.

૧૯૬૮ માં કરેલ આ નોંધ ૧૯૭૯ માં પ્રકટ કરી તે ઉપરથી હું એમ માનું છું કે એ વિચારો હજુ કાયમ હશે, કદાચ વધારે દઢ થયા હશે, તેના. સમર્થનમાં આધ્યાત્મના અભ્યાસી લેખાતા જમનાદાસ લાદીવાલાએ લખાણ આપ્યું તેથી મને લાગે છે આવા વિચારોનો ફેલાવો થાય તે ઈષ્ટ માનવામાં આવતું હશે.

હું આધ્યાત્મનો અભ્યાસી નથી. અધ્યાત્મનો અનુભવ મને નથી. પૂર્ણિમાબહેન અને જમનાદાસભાઈ આધ્યાત્મનું શિક્ષણ આપવા વર્ગો ય ચલાવે છે. રજનીશના વિચારો ઘણાં જ આગળ વધ્યા છે અને સંભોગમાંથી સમાધિ સુધી પહોંચ્યા છે. મારા વાંચન અને અલ્પ અનુંભવથી હું આ વિચારોને હાનિકારક માનું છું. કામમાંથી ધર્મ કે આધ્યાત્મ પેદા થાય એવું કોઈ ધર્મે કહ્યું હોય તેમ હું જાણતો નથી. બલ્કે, બુદ્ધ, મહાવીર, ગીતા વગેરે બધા મહાપુરુષો અને ધર્મગ્રંથોએ કામને, ધર્મ કે-અધ્યાત્માનુભૂતિ માટે બાધક માન્યો છે. ગીતામાં કહ્યું છે. (વિનોબાજીની ગીતાઈમાંથી ટાંકું છું.)

વિષયોનું ધરે ધ્યાન લાગતો સંગ તેહનો,
સંગથી જન્મે કામ, કામથી ક્રોધ નિશ્ચિત
ક્રોધમાં મોહના મૂળ મોહથી, સ્મૃતિલોપ છે.
બુદ્ધિનાશ સ્મૃતિ લોપે, એટલે સર્વનાશ છે.

બુદ્ધ અને મહાવીરે પણ એ જ કહ્યું છે. આ અનુભવની વાણી છે, સનાતન સત્ય છે.

વર્તમાન સમયમાં આવા વિચારો જુનવાણી માનવામાં આવે છે. નવી પેઢીને આ નવા વિચારોનું ઘણું આકર્ષણ છે. ફ્રોઈડે આ વિચારોને ફેશનેબલ બનાવ્યા. આધ્યાત્મ અને સેકસને જોડી દઈએ એટલે આ વિચારોને ઘણું પોષણ મળે છે. સૌ કોઈ સ્વતંત્ર રીતે વિચારે તે માટે આ લખાણો અહીં પ્રકટ કરું છું.

૧૨-૬-૭૯

—ચીમનલાલ ચકુભાઈ

## સેકસ : ડાયરીના પાનાં

**પ્રિય બહેન,**

સભ્ય અને સંસ્કૃત સમાજ માટે ભારે આઘાતજનક ભયપ્રદ અને પડકારરૂપ બનેલા આ શબ્દવાળું મથાળું વાંચીને સંકોચ અનુભવવાનો સંભવ છે. પરંતુ આ શબ્દ હવે એટલો સામાન્ય બની ગયો છે કે સાહિત્યમાં તેમજ મિત્રમંડળોમાં તે વિષે છૂટથી ચર્ચાઓ થાય છે. તે છતાં જ્યારે વ્યાખ્યાનોમાં તે વિષયની છણાવટ થાય છે, અને તેમાંયે ધાર્મિક તહેવારોનાં ઉપલક્ષ્યમાં યોજાતા વ્યાખ્યાનોમાં આ વિષયને ચર્ચાવામાં આવે છે ત્યારે ઘણાં લોકોનાં મન ઊંચા થાય, અને નાપસંદગીના ભાવ વ્યકત થતા હોય છે.

આ બાબતનો સૂક્ષ્મતા સાથે વધારે સંબંધ છે. સ્થૂળ સેકસનો ઉલ્લેખ અરુચિકર લાગે છે. આ વિષય પર જેમ જેમ વધારે વિચાર ચિંતન થયું, તેમ તેમ ઊંડાણ સધાતાં ઘણા નવા નવા પેનોરમા સ્પષ્ટ થતા ગયા.

વિચારની એક ભૂમિકામાં ચારે બાજુ દષ્ટિ કરતાં ચોમેર સ્થૂળ અને સૂક્ષ્મ સેકસ સિવાય કશું દેખાયું નહીં, અધિકાંશ બધે દિવ્ય સેકસનો જ વિસ્તાર લાગ્યો. સૌપ્રથમ તો સ્થૂળને સૂક્ષ્મ ભેટે છે ત્યારે જ જ્ઞાનનો ઉદય થાય છે. તે સેકસ થઈ ખરી કે નહીં? તેવો વિચાર આવ્યો. આવા ઘણાં ઘણાં યુગલો આપણી દષ્ટિસમીપ અને અનુભવમાં આવે છે. ઉદાહરણાર્થે પ્રકૃતિ - પુરુષ, જડ-ચૈતન્ય, અસત્ય-સત્ય, અશાંતિ-શાંતિ, અંધકાર - પ્રકાશ, અજ્ઞાન - જ્ઞાન, અણુ - શકિત, આદિ આદિ. આ બધામાં સતત સેકસની પ્રક્રિયા ચાલ્યા જ કરતી રહે છે. વિચારોનાં ઊંડાણમાં જતાં અને સૂક્ષ્મ ભૂમિકા સધાતાં આ બધાનું બહુ જ સ્પષ્ટ રીતે દર્શન થાય છે, અને અનુભવ પણ થાય છે. અને ત્યારે આપણી સામે વિરાટ પેનોરમા જાણે પોતાને સ્પષ્ટ કરતો હોય, પોતાને વ્યકત કરતો હોય, ખુલી જઈને જાણે પોતાનાં રહસ્યોને છતાં કરતો હોય તેવા અનુભવ થાય છે.

સ્થૂળ અને સૂક્ષ્મ બેઉ પ્રકારોનું પોતપોતાની રીતે મહત્ત્વ છે. છતાં આપણી દષ્ટિમાત્ર સ્થૂળ પર જ હોય છે. કારણકે સૂક્ષ્મમાં ઊંડાં ઉતરવાની અને એ રીતે જોવાની દષ્ટિ સાંપડી નથી. અને તેથી જ આપણી પાસે સંતુલિત મન નથી, અને એ અસંતુલિત મન

સામે તો માત્ર દષ્ટિગોચર હોય તેટલું જ દેખાવાનું, તે પારનું શી રીતે દેખાય કે, અનુભવાય?

ખરેખર તો 'સેક્સ દિવ્ય છે.' તે વિધાન તદ્દન સાચું છે. પરંતુ આપણાં વીઝન સાંકડા હોવાને લઈને આવાં વિધાનોને આપણે આપણા મર્યાદિત ગજથી માપીએ તો તેનો અર્થ વિપરીત જ સમજાશે. સંતપુરુષો, દષ્ટાઓ, અને વિચારકોનાં અનુભવ દર્શન અને જ્ઞાનનાં નિચોડરૂપ વચનોને સમજવાની દષ્ટિ આપણે કેળવવી જોઈશે. બધે જ 'ડીવાઈનસેક્સ' સિવાય બીજું કંઈ જ નથી. આવો સૂક્ષ્મ પેનોરમા સામે તાદશ્ય થાય છે, ત્યારે યાદ આવે છે તુલસીકૃત રામાયણનાં બાલકાંડનો એક પ્રસંગ.

ભગવાન શંકર મહાન તપશ્ચર્યામાં બેઠા છે. આ પ્રખર તપશ્ચર્યાથી ઈન્દ્રનું આસન ડોલવા લાગ્યું. એટલે તેમણે કામદેવને તપોભંગ કરવા મોકલ્યા. શંકરે જ્યારે આંખો ખોલી ત્યારે સામેની સૃષ્ટિ અતિ રમણીય લાગી. નૃત્યમગ્ન ભીલડીનાં સ્વાંગવાળી પાર્વતી પણ અદ્‌ભુત લાગી. ચારે પાસ કામદેવનો મધુર જાદુ છવાઈ ગયો હતો. નદીમાં હરણાં મળતાં હતાં. નાનાં તળાવો મોટા તળાવોમાં ભળીને લીન થતાં હતાં. ઝાડ પર વેલીઓ વીંટાતી હતી. પશુપંખીઓ આનંદગાનમાં મસ્ત બનીને નૃત્ય કરતાં હતાં. આમ સમગ્ર સૃષ્ટિમાં જાણે આ મિલનની લીલા જ ચાલુ રહેલી દેખાઈ. અને સાથોસાથ આ લીલા જ ચાલતી રહે છે. પરંતુ આપણી પાસે દષ્ટિ વિશેષ હોય તો જ એનો મર્મ યથાર્થ રીતે પકડાય.

સેક્સનાં સ્થૂળ અને બીભત્સ વિચારને બાજુએ રાખીને જોઈએ. જો કોઈ મહાન જ્ઞાની વ્યક્તિ તેના વિચારો આપણામાં મૂકે તેને 'સૂક્ષ્મ સેક્સ' કહેવાય કે નહિ? તે વિચારવા જેવું છે. આવી રીતે તો પૂ. ગાંધીજીએ લાખો કરોડો લોકોમાં નવા ક્રાંતિકારી વિચારો મૂક્યા. એમની એક હાકલ આખા દેશ માટે આદેશ બની જતી હતી. દેશવાસીઓમાં નવી જાગૃતિ અને નવા પ્રાણનો સંચાર કર્યો. ભગવાન બુદ્ધ, મહાવીર, ઈસા અને અન્ય અનેક મહાન અવતારી પુરુષોને પણ આ દષ્ટિએ સેક્સના મોટા પ્રણેતા ગણવા જોઈએ.

હવે આપણે યોગ વિજ્ઞાનની ઉત્પત્તિ વિષે વિચારીએ. સૃષ્ટિના પ્રારંભકાળના મૂળ આદિ લોકોમાં તેમની એ અવિકસિત અવસ્થામાં વિચાર, બુદ્ધિ તેમ જ સંસ્કારનો વિકાસ ન હોઈ શકે. એમની એ પછાત દશામાં માત્ર ચાર પ્રેરણાઓ - આહાર, નિદ્રા, ભય અને મૈથુન - મિલનનાં દોરવ્યા તેઓ દોરવાતા હશે. અને જીવનથાપન કરતા હશે. તેમાંથી પ્રથમ ત્રણ પ્રેરણાઓ આહાર, નિદ્રા અને ભયમાં વિચારમુક્ત અવસ્થાની જરૂર ન હતી. પણ ચોથી વાતમાં એ દશા આપોઆપ જ સાધ્ય થતી હતી, અને ત્યારે અદ્‌ભુત આનંદનો અનુભવ થતો હશે. કારણકે સ્ત્રીપુરુષનાં મિલન વખતે ક્ષણભર આપોઆપ જ્યારે બધા વિચારો વેગળા થઈ જાય છે ત્યારે જ નિર્ભેળ આનંદનો અનુભવ થાય છે અને એવા આનંદનો અનુભવ વારંવાર લેવા મન ઝંખે છે. મન જ્યારે તદ્દન વિચારમુક્ત દશામાં હોય છે ત્યારે જ આવો આનંદ સંભવ બને છે. પેલી શારીરિક ક્રિયા તો એક સહયોગી સાધન માત્ર છે. પરંતુ મહત્ત્વની વાત તે વખતની વિચારમુક્ત અવસ્થાની અને એકતાના અનુભવની છે. તો આ અવસ્થા—આ અનુભવ સ્થૂળ સેક્સ સિવાય પણ કેવી રીતે શક્ય બને, અને તેને દીર્ઘકાળ પર્યંત કેમ ટકાવી શકાય તે માટે તે વખતના થોડાક વિકસિત વિચારકોએ ચિંતન કર્યું હશે. ક્રમશ: જીવન વધારે વિકસિત થતાં તેઓના વિચારો વધારે ને વધારે ઉર્ધ્વગામી થયા હશે. અને એમાંથી એવી ઝંખના પ્રગટ થઈ હશે કે, આ તો માત્ર ક્ષણભરનો સ્થૂળ દૈહિક આનંદ છે. અને એ મેળવવા માટે બીજા પાત્રની જરૂર પડે છે. પરંતુ શાશ્વત આનંદ શી રીતે મળી શકે? અને તેને બીજા પાત્રના સહયોગ વગર એકલા જ કેવી રીતે અનુભવી શકાય? તેનું સંશોધન થયું હશે. અને તેમાંથી યોગવિજ્ઞાનનો જન્મ થયો હશે. આ રીતે વિચારતાં યોગવિજ્ઞાનનાં પાયામાં સ્થૂળ સેક્સ કારણભૂત બની હોય તેવો સંભવ છે. પણ તેની સર્વોચ્ચ સિદ્ધિ સાધવા માટે તો સૂક્ષ્મ દિવ્ય અને અલૌકિક સેક્સ સતત સાધવી પડે છે, તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

યોગસાધના એટલે અજ્ઞાનનાં આવરણોને ભેદવાનો સતત પ્રયોગ. સતત સૂક્ષ્મ સેક્સનો આ પ્રયોગ ચાલે અને ત્યારે જ તેનાં પરિણામરૂપે સિદ્ધિ મળે છે. બહુ સૂક્ષ્મ ભૂમિકા પર જ આ વાત યથાર્થ રૂપમાં સમજાય તેમ છે. તે છતાં આ વિષય ઉપર એકાગ્રતા કરીને વિચારવામાં આવે તો વાત પકડમાં જરૂર આવે તેમ છે. સ્થૂળ મિલનમાં જેમ નિરાવરણ અને વિચારનાં તનિક પણ આવરણ વિનાની ભૂમિકામાં જ આનંદનો અનુભવ શક્ય બને છે, તેમ પરમાત્મા સાથેના મિલનમાં પણ આ નિર્બંધ, નિરાવરણ, વિચારમુક્ત અવસ્થા હોય તો જ પરમ એકતા,' અને અલૌકિક આનંદ અનુભવી શકાય છે. સમાધિદશામાં જીવ અને બ્રહ્મ એકાકાર થાય છે, તેને પરમ સેક્સ અથવા દિવ્ય સેક્સ કહી શકાય કે નહીં તે વિચારવા જેવું છે.

વર્તમાન સમયમાં 'સેક્સ' વિષેના વિચારોને એટલું બધું ભદ્દું, બીભત્સ અને એકાંગી સ્વરૂપ આપી દેવામાં આવેલું છે કે તે વિષે ભદ્ર સમાજમાં - સંસ્કારી પરિવારોમાં એક જાતની ચીડ જોવામાં આવે છે. આ બાબતની કોઈ ચર્ચા કે વિધાનને સાંખી શકાતાં નથી. તે વિષે ઊંડાણમાં જઈને સંશોધન કરવા યોગ્ય પણ આ વિષયને ગણવામાં આવતો નથી. પણ માત્ર આમ છી છી કે થૂ થૂ કરવાથી ઉગારો નથી.

આ વિષય પર મહાપુરુષો શું કહે છે તેની શોધ કરતાં આદિ શંકરાચાર્ય રચિત શતશ્લોકી પુસ્તક વાંચવામાં આવ્યું, તેનાં ૬૧માં પાનાનું અવતરણ કેટલું બંધબેસતું આવે છે તે જોઈએ:

'વિષય - સુખ તે નિત્યાનંદનો જ અતિઅલ્પ અંશ છે."

"यद्वत्सौख्यं रतान्ते निमिषमिह
मनस्येकताने रसे स्यात् ।
स्थैर्यं यावत्सषुप्तौ सुखमनतिशयं
तावदेवाथ मुक्तौ ।।
नित्यानंदः प्रशान्ते हृदि तदिह
सुखस्थैर्ययोः साहचर्य ।
नित्यानंदस्य मात्रा विषयसुखमिदं
युज्यते तेन वक्तुम् ।। (शतश्लोकी– ७४)

અર્થાત્ જેમ સ્ત્રી પુરુષના મૈથુનનાં અંત સમયે આંખનાં એક પલકારા સુધી સુખ અનુભવાય છે, કારણકે આ મન તે વેળા રસમાં એકતાન થયું હોય છે: વળી સુષુપ્તિમાં પણ મનની જ્યાં સુધી સ્થિરતા હોય છે, ત્યાં સુધી જ નિરતિશય સુખ અનુભવાય છે. પરન્તુ જીવન્મુક્તિમાં તો મન સદાને માટે અત્યંત શાંત અને સ્થિર થયું હોય છે, તેથી નિત્યનો પરમ આનંદ રહે છે. આ ઉપરથી જણાય છે કે, સુખ અને સ્થિરતા (મનની) એ બંન્નેનું સાહચર્ય છે. (જેટલી મનની સ્થિરતા તેટલું જ તેની સાથે સુખ હોય છે.) અને તેથી જ આમ કહેવું યોગ્ય છે કે આ વિષયસુખ (મનની અલ્પકાળની સ્થિરતાની સાથે રહેનારુ ને તુચ્છ હોઈ) નિત્યનો બ્રહ્માનંદનો અતિ અલ્પમાત્ર અંશ જ છે. એટલે શાશ્વત અને અનંતસુખ અને આનંદ તો સ્વયંમાં પૂર્ણ પ્રતિષ્ઠિત થવામાં જ રહેલો છે તે વાત નક્કી છે.

પૂર્ણિમા પકવાસા

# પ્રતિભાવ

શક્તિદળના ગયા 'ફેબ્રુઆરી'ના અંકમાં પૂર્ણિમાબહેનનું આ લખાણ વાંચી વિચારમાં પડી ગયો. અધ્યાત્મ, ધ્યાન અને યોગની વાતો કરવાવાળા સેક્સમાં સરકી પડે ત્યારે એટલું જ કહેવાય કે, માણસનું મન અકળ છે અને કોઈ વ્યક્તિને આપણે પૂરા ઓળખતા નથી હોતા. આ લખાણનાં કારણો વિચારતાં એમ લાગે કે "સભ્ય અને સુસંસ્કૃત સમાજ માટે ભારે આઘાતજનક, ભયપ્રદ, અને પડકારરૂપ એવા વિષય ઉપર લખવાની કોઈ હિંમત કરતું નથી ત્યારે પોતે કેવી નિડરતાથી આ વિષય લખે છે એવો કાંઈક ભાવ મનમાં હશે, અથવા કોઈ વારે મતવિભ્રમનાં ભોગ બન્યાં હોય, જે હોય તે.

# ☆ ભારતીય સાહિત્યમાં ભારતીયતા ☆

આ વિષય એટલો વિશાળ અને એવો ધુમ્મસિયો છે કે એને અખિલાઈમાં પૂર્ણપણે પામવો ઘણો મુશ્કેલ છે. આ વિષયની વાત મારે નક્કી કરેલા સમયની મર્યાદામાં રહીને કરવાની છે, અને એટલે જ આ વિષય ફરતી મેં એક મર્યાદા બાંધી છે. મોટા ભાગનાં મારાં નિરીક્ષણો ખાસ કરીને કવિતામાંથી અને ગુજરાતી સાહિત્યમાંથી તારવ્યાં છે. અહીં આપેલાં અવતરણો દ્વારા મારે સાહિત્યના ઈતિહાસના નકશાનો કે પ્રવાહોનો ખ્યાલ નથી આપવો. મારે જે મુદ્દાઓ વિવિધ તબક્કે રજૂ કરવાના છે એ મુદ્દાઓના સ્પષ્ટીકરણ માટે મને જે અવતરણો ઉપયોગી લાગ્યાં છે, તે અહીં મૂક્યાં છે. આ અવતરણો વિના જો હું કોઈ પણ વાત કરું તો તે વાત હું ચીતરેલાં કમળોથી સરોવરનો પરિચય આપતો હોઉં એના જેવી હવાઈ લાગશે.

ભારતીય સાહિત્યમાં ભારતીયતા – આવો વિષય જ એટલું સખેદ સૂચવે છે કે આપણા જીવન અને સાહિત્ય પર પશ્ચિમની વ્યગ્ર કરી મૂકે એવી અપ્રમાણસરની અસર છે. મૂળ પ્રશ્ન આ છે: શું આપણે આપણા બાપદાદાઓના – આપણા પૂર્વજોનાં નામ – વંશ પરંપરાઓને કપાળ પરના પરસેવાની જેમ લૂછી નાખ્યાં છે? પ્રસિદ્ધ તામિલ કવિ કા. ના. સુબ્રમણ્યમે પોતાના એક કાવ્યમાં કરુણ ચિતાર અને ચિત્કાર કર્યો છે:

"Introduced to
the Upanishadas
by T. S. Eliot;
and to Tagore
by the earlier
Pound;
and to the Indian
tradition by
Max Muller.

ભારતીયતા – વ્યાખ્યામાં ન બંધાય એવી વિભાવના છે. હકીકતમાં એ લોહીમાં વહેતી ભાવના છે, અને ભાવના અનુભવવાની હોય છે, વ્યાખ્યામાં બાંધવાની નથી હોતી. આપણા ઈતિહાસ, ભૂગોળ, પુરાણ, તત્ત્વજ્ઞાન કે પછી સહસ્ર વર્ષોથી ફેલાતી આવતી પરંપરા, જેને આપણે સંસ્કૃતિ તરીકે ઓળખીયે છીએ તે ભારતીયતા? કોઈક તળાવમાંથી જાણે કે આપણે સોનેરી માછલી કાઢીને બતાવતા હોઈએ એમ આ ભારતીયતા બતાવી શકાય ખરી? ભારતીયતાના વિવિધ પરિમાણો છે, અને સહસ્રદલ એકત્વ છે. આ એક એવું સત્ય છે કે જે બહુરૂપી અભિવ્યક્તિમાં સાકાર થયું છે. વિવિધતામાં એ ભારતીય સમાજની લાક્ષણિકતા છે. કોઈ પણ સાચો કલાકાર જ્યારે લખવા બેસે છે ત્યારે પોતાને ભારતીયતાનું આલેખન કરવાનું છે એવી સભાનતા એને જવલ્લે જ હોય છે. અને આવી સહેતુક જાણબૂઝથી લખનારો જીવ છેવટે એના લખાણ પર ઉઝરડા મૂક્યા વિના રહેવાનો નહીં. કલાકારને પ્રતિરૂપો અને પ્રતીકો આ આધુનિક પશ્ચિમી વાતાવરણથી ભલે સાંપડે, પણ જે સંસ્કૃતિની પરંપરાનો વારસો એને ગળથૂથીમાં મળ્યો છે એ કોઈ પણ રીતે એના પ્રતીકો પ્રતીકોના અર્થઘટનમાં વ્યક્ત થયા વિના રહેશે નહીં. જે ભાષા એ વાપરે છે એ ભાષાના શબ્દેશબ્દમાં પરંપરાનો શ્વાસોચ્છ્વાસ અને ભય રહ્યો છે.

આપણી મોટાભાગની ભાષાઓની અધિષ્ઠાતા સંસ્કૃત છે. આપણાં બે મહાન પુરાણો – રામાયણ અને મહાભારત – આપણી સંસ્કૃતિનાં દિવ્ય ભવ્ય ચક્ષુ છે. આપણાં વેદ અને ઉપનિષદોએ મધ્યકાલીન કવિઓ માટે પરબ જેવા નીવડયા છે. એ જમાનામાં કવિ શબ્દ લગભગ 'ઋષિ'ના પર્યાય જેવો હતો. સૂરદાસ, ચંડીદાસ, ત્યાગરાજ, નાનક, તુકારામ, જ્ઞાનેશ્વર, નરસિંહ અને મીરાં એવા કવિઓ હતા કે જેમના લોહીના લયમાં ભક્તિનો ઉદય હતો. એ લોકો ઈશ્વરને પ્રિયતમ અને તારણહાર તરીકે જોતા. ઈશ્વરને પ્રિયતમ કે પ્રિયતમા તરીકે જોવાની દૃષ્ટિ એ જાણે કે ભારતીયતાની જ લાક્ષણિકતા છે. અર્વાચીન કવિ સુન્દરમ્ પણ કહે છે:

**હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે,**
**આવે ભલે તે લયલા બનીને.**

આપણા આજના કવિઓએ પણ પરમાત્મા સાથેના આ સંબંધને વિશિષ્ટ રીતે પ્રયોજ્યો છે. રાધા અને કૃષ્ણ આજે પણ એટલા જ વ્યાપક છે. હરીન્દ્ર દવે તો, એક ડગલું આગળ વધીને એટલે સુધી કહે છે કે કૃષ્ણ એ મારી સરરિયલ અનુભૂતી છે. પ્રિયકાન્ત મણિયાર કાવ્યમાં રાધા કૃષ્ણના પ્રતીકને વ્યાપક અને સૂક્ષ્મ રીતે આમ પ્રયોજે છે.

**આ નભ ઝૂક્યું તે કાનજી**
**ને ચાંદની તે રાધા રે,**
**આ સરવર જલ તે કાનજી**
**ને પોયણી તે રાધા રે,**
**આ બાગ ખીલ્યો તે કાનજી**
**ને લ્હેરી જતી તે રાધા રે,**
**આ પરવત શિખર કાનજી**
**ને કેડી ચડે તે રાધા રે,**
**આ ચાલ્યાં ચરણ તે કાનજી**
**ને પગલી પડે તે રાધા રે,**
**આ કેશ ગૂંજ્યા તે કાનજી**
**ને સેંથી પૂરી તે રાધા રે,**
**આ દીપ જલે તે કાનજી**
**ને આરતી તે રાધા રે,**
**આ લોચન મારાં કાનજી**
**ને નજરું જુએ તે રાધા રે!**

મરાઠી કવિ પુ. શિ. રેગે પણ પોતાના એક કાવ્યમાં આવી જ વાત છેડે છે:

**આ નીલ વ્યોમ તે હરિવર**
**ને આ એક તારલી રાધા.**

સુન્દરમ્ અને મકરંદ દવેની કવિતાના સંગ્રહોનાં કેટલાંક પાનાં આ સંદર્ભમાં એમની આધ્યાત્મિક આત્મકથા જેવાં લાગે. શુદ્ધ કવિતા અને ભારતીયતાના સમન્વયનો સાક્ષાત્કાર જો કોઈએ એક જ ઠેકાણે કરવો હોય તો ટાગોરની કવિતાની કુંજમાં કરી શકે.

કર્મવાદ અને પુનર્જન્મની માન્યતા એ પણ ભારતીયતાની જ લાક્ષણિકતા. સંતાન દ્વારા જીવનનની માબાપની ઈચ્છા અને વંશવેલાનો આગ્રહ, – એમાં પણ ભારતીયતાનું આછું દર્શન થયા વિના નહીં રહે. મનસુખલાલ ઝવેરીની એક કાવ્યપંક્તિ દ્વારા પણ એનો ખ્યાલ આવશે.

**વસંત તો જીવનને જગાડતો;**
**પરંતુ તેં મૃત્યુમુખે સ્ફુરાવિયું**
**ચૈતન્ય કેરું સ્મિત તાત! તાજું**
**ને શૂન્યમાં સ્વપ્ન સુરેખ તેં રચ્યું.**
**વસંત તો કેમ તને કહી શકું?**

કન્યા વિદાયના કરુણ મંગલ દૃશ્યમાં ભારતીયતાની એક સજીવ મુદ્રા જોઈ શકાશે. જે ભારતીય નથી, એમને આ દૃશ્ય અપૂર્વ લાગશે. કન્યા વિદાયના આવા પ્રસંગને કાલિદાસના શાકુંતલમાં અને લોકગીતોમાં જીવતો કરાયો છે. નવા કવિ અનિલ જોશીએ પણ આ પ્રસંગને આમ મુખારિત કર્યો છે.

**સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,**
**કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.**

ભારતીય દૃષ્ટિને પ્રકૃતિ કેવળ શાતાપ્રેરક નથી. એને માટે "Nature red in tooth and claw" નથી. ભારતીય દૃષ્ટિને મન પ્રકૃતિ પોતાનો પ્રભાવ છાંટવાની કે પાથરવાની કે એના પર સ્વામીપણું સિદ્ધ કરવાની ચીજ નથી. ભરતીય ચૈતન્ય ખંતો પ્રકૃતિ એ પરમાત્માનો અવિષ્કાર છે, અને એક પરમ અને ચરમ શકિત છે. એમાં સૌંદર્ય અને પ્રભુતા બંનેનો અનુભવ થાય છે.

દેખીતી વાત છે કે કોઈ પણ સર્જક પોતાની ધરતીમાંથી મૂળિયાં ઊખેડીને કાંઈક કરવા જાય તો એ કશું પામ્યા વિના બે દુનિયાની વચ્ચે અટવાવાનો અને ભીંસાવાનો. એ નથી પોતાની ધરતીનો રહી શકતો કે નથી બીજું આકાશ સરજી શકતો. એની સ્થિતિ તો "એક મૃત પામેલી અને બીજી નહિ જન્મેલી" એવી બે દુનિયાની વચ્ચે ત્રિશંકુ જેવી રહે છે. સંસ્કૃતિઓનો સમન્વય શક્ય છે, પણ એક છોડને આખેઆખો ઉખેડીને જુદી ધરતીમાં મૂકવો એ ભયંકર છે.

ઉમાશંકર જોશીના કાવ્ય દ્વારા મારે એક બીજી વાત પણ છેડવી છે.

**હોટલમાં સુખની પથારી**
**સ્વચ્છ સુંદર ને પ્રસન્ન,**
**કાલે હતી જેવી બીજી હોટલમાં તેવી અહીંયે.**
**સિંધુફેન સમી ધવલ ચાદર**
**ને, ના, માનવીની કામનાના રંગનું**
**ઈન્દ્ર ધનુ**
**ઊઘડેલદેખું, ને મહીં**
**ડૂસકાંના ડાઘ.**

કોઈ પણ કલાકાર છેવટે વિશ્વનાગરિક છે. પહેલી ત્રણ ચાર પંકિત કોઈ પણ કવિ લખી શકે, પણ ચાદરમાં મનુષ્યની વાસનાના રંગનું ઈન્દ્રધનુષ જોઈને કૂદતું કવિ વર્ડ્ઝવર્થનું હૃદય પણ આપણને કવિતાનો અનુભવ આપે છે, પણ મેઘ ધનુષ્યની અંદર ડૂસકાંના ડાઘનું દર્શન આપણને ભારતીય કવિ ઉમાશંકર પાસેથી મળે.

આજનો આધુનિક મનુષ્ય પશ્ચિમની વિચારધારા અને આધુનિક યંત્ર વિજ્ઞાનની વચ્ચે અટવાયેલો છે. એની આ કહેવાતી આધુનિકતાને જરાક ઢંઢોળી જુઓ, તો તરત જ ખ્યાલ આવશે, કે એના છિદ્રે છિદ્રમાંથી આપણો ભૂતકાળ રકતની ધાર થઈને વહે છે, પરંપરાના પડઘાઓની એક પરંપરા એના મનની ભીતરમાં ધબકે છે.

જગદીશ જોષીના કાવ્યમાં આધુનિક માણસની પાછળ શ્વસતો આપણો ભૂતકાળ ચીતરાયો છે. માણસ વિચ્છિન્ન થયો છે અને કાવ્યના પ્રારંભમાં જ પંકિત છે "હું એકાગ્ર ચિત્તે વાંચું છું." પછી, માણસ જે આધુનિક સાધનસામગ્રીથી સજજ થયો છે એના વાતાવરણની વાત છે. પોતે જ પોતાની પ્રગતિના પીંજરમાં પુરાયેલો છે. શું હોવું જોઈએ અને શું છે એ બન્ની વચ્ચે ટપકે છે એક ચીસ.

કાવ્યમાં આધુનિક મનુષ્યની નિરૂપાય અસહાયતાનું ચિત્રણ છે. સાક્ષાત્કારની એક ક્ષણમાં એને એમ લાગે કે આ બધું જ તકવાદી અને તકલાદી છે. જો એને ટકવું હોય તો એણે પરંપરામાં ગયે જ છૂટકો. ભૂતકાળની મશાલ જેમના હાથમાં છે એમાંથી જ એણે જ્યોત પ્રગટાવવાની છે અને મુકિત મેળવવાની છે. જ્યાં બુદ્ધિનો પ્રપંચ અંત પામે છે, ત્યાંથી જ શ્રદ્ધાનો પ્રારંભ થાય છે.

હવે જગદીશ જોષીનું જ કાવ્ય મૂકું છું. આ કાવ્ય વિરોધથી પ્રારંભ પામે છે અને વિરોધમાં અંત પામે છે. આ વિરોધમાં વર્તમાનની ચીસ છે.

**હું એકાગ્ર ચિત્તે વાંચું છું.**

**સામેની બારીનો રેડિયો**
**મારા કાનમાં કંઈક ગર્જે છે.**
**દીવાલ થરનું ઈલેકિટ્રક ઘડિયાળ**
**વર્તમાન સાથે ઘસાતું ચાલે છે.**
**ટ્યૂબલાઈટનું સ્ટાટર**
**તમરાંનું ટોળું થૈ કણસ્યા કરે છે.**
**ઉઘાડા પડેલા દરવાજાની ઘંટી**
**ડચકાં ભરતી ભરતી રણકે છે.**
**ઘરનો નોકર દૂધવાળા જોડે**
**અફવાઓની આપલે કરે છે.**
**પડોશણનો અપરિચિત ચહેરો**
**કુથલીના ડાયલ ફેરવે છે.**
**રસ્તા પરનો નાહકનો ઝઘડો**
**બારી વાટે મારા ઘરમાં પ્રવેશે છે**

**ઓચિંતો ફ્યૂઝ જતાં, લાઈટ**
**અંધારું થઈને પથરાઈ જાય છે.**
**મારો આખો માળો અંધારોઘબ ...**

**નીચલે માળથી વ્યાસ બૂમ પાડે છે:**
**કાલિદાસ! તુકારામ! અલ્યા નરસિંહ! અરે, કોઈ તો**
**ઈલેકિટ્રશિયનને બોલાવો!"**
**બાજુવાળાં મીરાંબેન સ્વસ્થ અવાજે કહે છે:**
**અરે, ગિરિધર! સાંભળે છે કે, –**
**પહેલાં મીણબત્તી તો લાવ ...**
**અને –**
**મારી ચાલીમાં**
**મારા માળામાં**
**મારા ઘરમાં**
**મારા દેશમાં**
**મીણબત્તીની શોધાશોધ ચાલે છે...**

– સુરેશ દલાલ

**નેશનલ રાઈટર્સ કેમ્પ–દિલ્હીમાં વંચાયેલા અંગ્રેજી લેખનું ભાષાંતર.**

## કૃષ્ણે લખેલું મીરાનું ભજન

ઓ મીરા તને વિનવું ગણ્યો છો ને મને ઈશ;
પીવાશે નહિ હું થી વારંવાર વિષ.

ઓ સતી તારું સત મારા તપથી ટકરાયું;
રાણાનું હશે તકદિર કો'ક ગ્રહથી ગ્રસાયું.

આસપાસ ના; થી અચીંત ગયો હોઈશ –
પીવાશે નહિ હુ થી કંઈ વારંવાર વિષ... ....

ઓ બળતી દ્વારિકાને હું શકયો ના બચાવી;
અને તીરથી વિંધાયો ત્યારે તું ન યાદ આવી.

કીધું હોત: તારી દુવિધાને હું હરિશ –
પીવાશે નહીં હુંથી કંઈ વારંવાર વિષ... ... ...

બચપણના નાતે રાધા આવી જાય યાદ;
તોય મીરા તારી ભકિતને દેવી રહી દાદ.

સાચું કહું મનમાં મારા નથી કાંઈ રીસ –
પીવાશે નહીં હું થી કંઈ વારંવાર વિષ ...

થઈને બેહોશ કાઢે કાળનો કો દોષ;
કળીને વગોવે; આવે હું પર કોને રોષ!

તારી ભકિતને નમું નામી હું શિષ
પીવાશે નહીં હુંથી કંઈ વારંવાર વિષ૦

**–સુશીલા ઝવેરી**

# સ્વર કોકીલા—લતા

તા. ૪થી મે ૧૯૭૯ની રાત્રિ "લતા રજની" તરીકે મુંબઈના સંગીતઈતિહાસમાં એક ચિરસ્મરણીય પ્રસંગ આલેખાશે. જે ભાગ્યશાળી હજારો સંગીત-પ્રેમીઓએ આ મહાન ગાયિકા લતા મંગેશકરને એ પ્રસંગે ભવ્ય ષણ્મુખાનંદ સભાગારમાં સાંભળી તેમાંનો હું પણ એક શ્રોતા હતો. તેને અનુલક્ષીને મ્હારા પ્રતિભાવો રજૂ કરતાં હું હર્ષ અનુભવું છું.

લતા એટલે સ્વર સામ્રાજ્ઞી
લતા એટલે વિશ્વ કોકિલા
લતા એટલે જીવન સંગીત
લતા એટલે બ્રહ્મનાદ

લતા, જેણે ભારતીયસંગીતને વિશ્વસંગીતનો દરજ્જો અપાવ્યો.
જેણે ભારતીય ચલચિત્રોને વિશ્વપ્રિય બનાવ્યા,
જેણે ભારતીય ગીત-સંગીતનો વિજયધ્વજ જગત્ સમસ્તમાં ફરકાવ્યો.
જેણે સંગીતસૃષ્ટિમાં 'લતાયુગ'ની સ્થાપના કરી.

લતા, જેના કંઠમાં સૂર, લય અને તાલનો ત્રિવેણી સંગમ થયો છે,
જેની ગ્રીવામાં શત-શત કોયલ એકી સાથે ટહૂકે છે,
જેની રસ-સરિતામાં ભારતીય સંસ્કૃતિની અખંડ ધારા વહે છે,
જેની તહેનાતમાં સપ્ત સૂરો સદૈવ આજ્ઞાંકિત સેવકો થઈને બેઠા હોય છે

લતા! તું આપણા રાષ્ટ્રની અણમોલ થાપણ છે,
તું સંગીતાકાશની ઝગમગતી તારલિકા છે,
તું મા શારદાની પાવન ગંગોત્રી છે,
તું માતા ભારતીનું ગરવું ગૌરવ છે.

લતા, તારા કંઠનાં જાદુ કામણગારાં છે,
તારા સ્વરાલાપમાં સંમોહિની છે.
તારે ટહૂકે ટહૂકે વસંત ખીલે,
તારે ગાને ગાને મન-મોરલો નાચી ઊઠે.

લતા, તું સૂર છેડે ને વાદ્યતારો સ્વયમેવ ઝણઝણી ઊઠે
તું ગીત લલકારે ને સમય સ્થગિત થઈ જાય
તું વ્યક્તિ મટીને સમષ્ટિ બની છે
તું સંગીતનું પાવન નવનીત છે.

લતા અને સંગીત હવે એક બીજાનાં પર્યાય ને પૂરક બન્યાં છે. તેં તારી ઈશ્વર પ્રદત્ત સૂર-થાપણને ધનરાશીમાં પરિવર્તિત કરીને સંગીત, સમાજ અને સંસ્કારની અણમોલ સેવા કરી છે.

તારા સંગીતનું દર્દ આબાલવૃદ્ધના દિલોમાં તાણાવાણાની જેમ વણાઈ ગયું છે.

તારા સંગીતનું રસાયન સંગીત-પ્રેમીઓ માટે 'નશા'ની ગરજ સારે છે.

ભવિષ્યની પેઢી અમ જેવા તારા સમકાલિનોને બડભાગી લેખશે અને પોતાને કમભાગી માનશે, લતા!

કોયલ તો માત્ર ગ્રીષ્મઋતુમાં જ ટહૂકે,
તારો ટહૂકાર તો બારે માસ સંભળાય છે લતા!
ઘેરે ઘેરે, ગામે ગામે, નગરે નગરે ને ખંડે ખંડે.

વળી, આજ સુધીમાં તેં કરેલા ત્રીસ હજારથી એ વધુ ગીત-ટહૂકારોને શ્રવણ કરતાં ગુજરાતના રસકવિ શ્રી 'કાન્ત'ના સુપ્રસિદ્ધ ખંડકાવ્ય 'વસંત વિજય'ની આ હૃદયંગમ પંક્તિઓ મારા મનમંદિરમાં ગૂંજી ઊઠે છે.

"બેસીને કોણ જાણે ક્યહિં પરભૃતિકા (કોયલ)
ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિકહૃદયને
વૃત્તિથી દાબ જાય."

લતા દેવી!

સંગીતના પાવિત્ર્યને જાળવી રાખવા તેં ધનના પ્રલોભનોને તિલાંજલિ આપી છે,

પ્રસિદ્ધિના મોહને અળગો રાખી તેં સંગીતની મહત્તાને ઉજ્જવળ બનાવી છે.

હે લતે! તારું નામ લેતાં જ 'કવિરાજ' જયદેવની અમર કૃતિ 'ગીત ગોવિંદની' 'પેલી આલ્હાદક પંક્તિઓનું સહજ સ્મરણ થઈ આવે છે.

ललित लवंग लता परिशीलन कोमल मलय समीरे।
मधुकर निकर करम्बित कोकिल कूजित कुंज कुटिरे॥

હે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગાયિકા
તું એક અને અદ્વિતીય છે.

તારા દર્શન અને શ્રાવણથી અમે ધન્ય બન્યા છીએ
યુગ યુગ જીવો લતા!

—ગણપતલાલ મ. ઝવેરી.

## ★ પ્રેમળ-જ્યોતિ ★

પ્રેમળ-જ્યોતિને મળેલી ભેટની રકમો તા. ૧-૪-૭૯ ના અંકમાં પ્રગટ કરી હતી. ત્યાર બાદ પ્રાપ્ત થયેલી રકમો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૫૦૦ | ડૉ. જમનાદાસ કે. પટેલ |
| ૫૦૦ | શ્રીમતી આસિતાબહેન કે. |
| ૩૦૧ | શ્રી નવીનચન્દ્ર ભોગીલાલ શાહ |
| ૩૦૦ | શ્રી મંજુલાબહેન મહાસુખભાઈ કામદાર |
| ૨૦૦ | શ્રી રામદાસભાઈ કાચરીયા |
| ૨૦૦ | શ્રી નન્નીબાળા વી. શાહ |
| ૨૦૦ | શ્રી મૃદુલાબહેન જશવંતલાલ શાહ |
| ૨૨૦૧ | |

ઉપરોક્ત દાતાઓના પ્રેમાળ સહકાર માટે ખૂબ ખૂબ આભાર.

ગતાંકમાં જાહેર કર્યા પ્રમાણે બાળકોને યુનિફોર્મ, પુસ્તકો, સ્કૂલ-ફી તેમ જ એક્સરસાઈઝ બુકો વિગેરે આપવાનું શરૂ કર્યું છે. તેની સંપૂર્ણ વિગત આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

અંધ બાળકો માટે રીડર તરીકે જેમને કામ કરવાની ઈચ્છા અને સમય હોય — જે વિષે ગતાંકમાં જણાવવામાં પણ આવ્યું છે—તેઓ પોતાના નામ સરનામા જણાવે.

'શ્રદ્ધા વિહાર' સંસ્થાના બાળકોને મરાઠી સચિત્ર પુસ્તકોનાં સેટો આપવાના છે. જેની કિંમત રૂપિયા બસો આસપાસ થાય છે. જે કોઈ વ્યક્તિની આ ભેટ પોતા તરફથી આપવા ઈચ્છા હોય, તેઓને કાર્યાલયમાં જણાવવા વિનંતી છે.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલયમંત્રી

# ☆ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત—૧૯૭૮ ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તેની ગૌરવયુકત કારકિર્દીનું એક વધારે વર્ષ તેમજ અર્ધશતાબ્દિ પુરી કરી અને ૫૧મા વર્ષમાં પ્રવેશ કર્યો – આ હકીકતથી અમારું હૃદય આનંદપુલકિત બને છે.

અમને એ જાહેર કરતા પણ આનંદ થાય છે કે, સંઘના–આજીવન સભ્યોની સંખ્યા ૧૧૬૦ સુધી પહોંચી છે.

હવે અમે આપની સમક્ષ ગત વર્ષ ૧૯૭૮નો વૃત્તાંત રજૂ કરીએ છીએ.

આ વૃત્તાંત વહીવટી દષ્ટિએ તા. ૧-૧-૭૮થી તા. ૩૧-૧૨-૭૮ સુધીનો અને કાર્યવાહીની દષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૩-૮-૭૮ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો, એટલે તા. ૧૬-૬-૭૯ સુધીનો છે.

## 'પ્રબુદ્ધ જીવન'

મુરબ્બી શ્રી ચીમનભાઈના તંત્રીપદે નીકળતા સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવને' ચિન્તનાત્મક પત્રોમાં એક વિશિષ્ટ ભાત પાડી છે. તેનો વાચક વર્ગ ઉચ્ચ પ્રકારનો બૌધિક સ્તરનો છે. પૂજ્ય વિનોબાજી પણ તેના નિયમિત વાચક છે. આ રીતે તેણે લોકોની સારી એવી ચાહના પ્રાપ્ત કરી છે, તે આપણા માટે ગૌરવનો વિષય છે.

## પ્રબુદ્ધ જીવનની આર્થિક બાજુ

વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવનને રૂા. ૩૩૦૦૨-૫૦ ની આવક થઈ (જેમાં પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી ભેટ તરીકે મળેલા રૂા. ૫૦૦૦ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટ તરીકે મળેલા રૂા. ૨૫૦૦/ નો સમાવેશ થાય છે) અને રૂા. ૩૮૩૩૭-૬૬ નો ખર્ચ થયો. પરિણામે વર્ષાન્તે રૂા. ૫૩૩૫-૧૬ ની ખોટ આવી છે. આપણા આ પ્રકાશનને, પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી દર વર્ષે રૂા. ૫૦૦૦/ અને સૌરાષ્ટ્ર ટ્રષ્ટ તરફથી દર વર્ષે રૂા. ૨૫૦૦/ ભેટના મળે છે, તે માટે આપણે તેમના ખૂબ જ આભારી છીએ.

## શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલય

પુસ્તકાલયમાં ગત વર્ષ દરમિયાન રૂપિયા ૮૯૧૦-૭૫ નાં પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૩૫૧૬૯-૭૬ નો ખર્ચ થયો છે અને આવક રૂા. ૨૭૧૨૦-૪૫ની થઈ છે. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૧૦૦૦૦ ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે વર્ષાન્તે રૂા. ૮૦૪૯-૩૧ નીં ખોટ ઊભી રહે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન વાચનાલય–પુસ્તકાલયને રૂા. ૧૦૦૦૦ ની ગ્રાન્ટ આપે છે તે માટે અમો તેમના આભારી છીએ.

પુસ્તકાલયનું ફંડ રૂા. ૫૭૮૯૪-૦૦ નું છે. હાલ પુસ્તકાલય પાસે ૧૧૭૦૦ પુસ્તકો છે. ઘેર પુસ્તકો લઈ જનાર પુસ્તલયના હાલ ૯૦૦ સભ્યો છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઈ જનાર પાસેથી રૂા ૧૫/ ડીપોઝીટ અને વાર્ષિક લવાજમના રૂા. ૧૦/ તેમ જ છ માસિક લવાજમના ૬/ લેવામાં આવે છે.

આપણા વાચનાલયમાં એકંદર ૧૦૬ સામયિકો આવે છે. તેમાં ૬ દૈનિક, ૩૦ સપ્તાહિક ૧૬ પાક્ષિક, ૪૫ માસિક અને ૯ વાર્ષિક આવે છે. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ૭૩ ગુજરાતી, ૧૫ હિન્દી અને ૧૮ અંગ્રેજી સામયિકો આવે છે.

આપણા વાચનાલયનો લાભ લેવા માટે કોઈ પણ જાતની ફી અથવા દાખલ - ફી લેવામાં આવતી નથી અને કોઈ પણ નાતજાતનો ભેદ રાખવામાં આવતો નથી. વાચનાલય સવારના નવથી સાંજના સાત વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવે છે.

આપણી આ પ્રવૃતિના મંત્રી શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ તેની કાળજીપૂર્વક જે માવજત કરી રહ્યા છે તે માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૩૦-૮-૭૮ થી ૭-૯-૭૮ સુધી એમ નવ દિવસ માટે, ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવી હતી. આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન, દર વખતની માફક ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યુ હતું અને તેમણે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચેના વકતાઓને નિમંત્રવામાં આવ્યા હતા. તેમના વ્યાખ્યાન–વિષયો પણ તેમના નામોની સામે આપવામાં આવ્યા છે.

| વ્યાખ્યાતા | વ્યાખ્યાન–વિષય |
|---|---|
| શ્રી રોહિત દવે | ભગવાન બુદ્ધનો સંદેશ |
| શ્રી શશિકાન્ત મહેતા | નમસ્કાર મહામંત્ર–એક પૂર્ણયોગ |
| શ્રી અગરચંદજી નહાટા | जैनधर्म का महत्त्व |
| શ્રીમતી મૃણાલિની દેસાઈ | ઋગ્વેદમાં માનવીજીવનની કલ્પના |
| ડૉ. ગુણવંત શાહ | માનવીના મનની આત્મકથા |
| શ્રી જેઠાલાલ ઝવેરી | જૈન યોગ |
| શ્રી હરીન્દ્ર દવે | સાધના પંથે–શ્રદ્ધા અને તર્ક |
| ડૉ. શેખરચન્દ્ર જૈન | मुक्तिका आनंद |
| ફાધર વાલેસ | પૂર્વાશ્રમનાં સ્મરણો |
| પ્રો. પુરુષોત્તમ માવળંકર | સેવાનાં ક્ષેત્રે અનાસ્થા કે અતિરેક? |
| શ્રી અજિત શેઠ અને નિરૂપમા શેઠ | રવિન્દ્રનાથ ટાગોરનું પદ્યસંગીત |
| ડૉ. કુમારપાળ દેસાઈ | મનની શોધ |
| શ્રી નારાયણ દેસાઈ | લોકશાહી અને લોકશકિત |
| ડૉ. ઈન્દિરાબહેન શાહ | ગીતાનો જીવનસંદેશ |
| ડૉ. એન. એલ. બોરડિયા | जैन आहार कितना वैज्ञानिक |
| ડૉ. રમણલાલ ચી. શાહ | નિહ્નવવાદ |
| શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | આધ્યાત્મિકતા એટલે શું? |
| શ્રી મધુરેન્દ્રકિશોર વર્મા | ભકિતસંગીત |
| ડૉ. કીર્તિદાબહેન મહેતા | રામાયણ–દેશવિદેશમાં |
| શ્રી કિરણભાઈ | ધ્યાનુયોગ |

## વસંત વ્યાખ્યાનમાળા

છેલ્લા અગિયાર વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ "વસંત વ્યાખ્યાનમાળા" ફ્લોરા ફાઉન્ટન પાસે આવેલા "તાતા ઓડિટોરિયમ"માં આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની તા. ૨-૩-૪-૫–એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. જેમાં "ઈન્ડિયા એન્ડ ધી વર્લ્ડ"–એ વિષય રાખવામાં આવ્યો હતો. જેના વિષે નીચેના વકતાઓ બોલ્યા હતાં.

(૧) શ્રી જગત મહેતા, (૨) શ્રી ઈન્દર મલહોત્રા, (૩) શ્રી એમ. વી. કામઠ, (૪) શ્રી ટી. એન. કૌલ.

## "વૈદ્યકીય રાહત"

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને કશા ભેદભાવ વગર દવાઓ અને ઈન્જેકશનો આપવામાં આવે છે. જૈન ક્લીનીક વાળા ડૉ. સાંઘાણી સાહેબને આ કામ સોંપવામાં આવ્યું છે. આ કામમાં સહકાર આપવા માટે અમો શ્રી સાંઘાણી સાહેબના આભારી છીએ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાત નિવાસી સ્વ. મહાસુખભાઈ શાહ પ્રેરિત 'પ્રેમળ–જ્યોતિ'

આ પ્રવૃત્તિ સંઘે ૨૧-૧૦-૭૬ના રોજ શરૂ કરી. તેના કન્વીનર તરીકે શ્રીમતી નીરૂબહેન સુબોધભાઈ શાહ ખૂબ જ સારી રીતે કામગીરી બજાવી રહ્યાં છે અને દિવસાનુદિવસ આ પ્રવૃત્તિને લોકોનો પણ સારો એવો સહકાર સાંપડી રહ્યો છે.

આ ખાતામાં આગલા વર્ષે રૂા. ૧૨૩૪૦–૨૭ની પુરાંત હતી. વર્ષ દરમિયાન ભેટના રૂા. ૩૨૯૮૬–૦૦ તેમ જ હોમિયોપથી સારવાર રિઝર્વ ફંડની રકમના વ્યાજના રૂા. ૩૬૦–૦૦ એમ એકંદર રૂા. ૩૩૩૪૬–૦૦ની આવક થઈ–એટલે એકંદર રૂા. ૪૫૬૪૬–૨૭ થયા, તેમાંથી વર્ષ દરમિયાન, વૈદ્યકીય રાહત અંગે રૂા. ૮૦૫૬–૪૫નો અને પ્રેમળ જ્યોતી અંગે રૂા. ૫૭૧૭–૭૦ નો એમ એકંદર રૂા. ૧૩૭૧૪–૧૫નો ખર્ચ થયો, તે બાદ કરતાં

પ્રેમળજ્યોતિના ખાતામાં વર્ષાન્તે રૂા. ૩૧૯૧૨-૧૨ની પુરાંત રહે છે.

**હેમિયોપથી સારવાર રીઝર્વ ફંડ**

આ ખાતામાં ગયા વર્ષે રૂા. ૩૬૦૦ જમા હતા તે એટલા જ રહે છે. તેના વ્યાજના વર્ષ દરમિયાન રૂા. ૩૬૦ આવ્યા તે પ્રેમળજ્યોતિ ખાતે આપણે લઈ ગયા છીએ.

**શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ**

ઉપરોકત ટ્રસ્ટમાં આગલા વર્ષના રૂા. ૩૩૩૫૪-૦૦ જમા હતા. વર્ષ દરમિયાન રૂા. ૭૫૧-૦૦ ભેટના આવ્યા એટલે એકંદરે રકમ રૂા. ૩૪૧૦૫-૦૦ આ ખાતામાં જમા રહે છે.

આ યોજનાના અનુસંધાનમાં "મહાવીર વાણી" નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. જેનો પ્રકાશનવિધિ મહાવીર જયંતિના દિવસે તા. ૧૦-૪-૧૯૭૯ના રોજ પ.પૂ. મુનિવર શ્રી અરુણવિજયજીના હસ્તે કરવામાં આવ્યો હતો, તેની કિંમત રૂા. ૧૨ રાખવામાં આવી છે, પરંતુ સંઘના સભ્યો તેમ જ આજીવન સભ્યોને રૂા. ૭માં આપવાનું ઠરાવ્યું છે.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત 'વિદ્યાસત્ર' પ્રવૃત્તિ**

ગયા વર્ષે આ ખાતામાં રૂા. ૧૩૩૩૫-૮૫ જમા હતા. વર્ષ દરમિયાન તેમાં રૂા. ૧૦૦૪-૦૦નો ઉમેરો થતાં આ રકમ રૂા. ૧૪૩૩૯-૮૫ની થઈ. તેમાંથી વિદ્યાસત્ર વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૪૯૯૪-૦૦ થયો તે બાદ કરતાં વર્ષની આખરે આ ખાતામાં રૂા. ૯૩૪૫-૮૫ બાકી રહે છે. આ પ્રવૃત્તિ છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી છે.

વિદ્યાસત્રની ત્રીજા વર્ષની વ્યાખ્યાનમાળા ડિસેંબર માસની ૭-૮-૯ તારીખોએ ધી ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી.

"થોડો સાહિત્ય વિચાર" એ મથાળા નીચે (૧) સાહિત્ય શા માટે? (૨) બીજી કલાઓ અને વાઙ્મય, (૩) રસાસ્વાદના કેટલાક પ્રશ્નો—એ વિષય ઉપર પ્રો. મનસુખલાલ ઝવેરી બોલ્યા હતા.

ત્રણે દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી. ત્રણે દિવસનાં વ્યાખ્યાનો ખૂબ જ રસપ્રદ નિવડયાં હતાં.

**જીવનઘડતરલક્ષી પ્રવૃત્તિ**

સંઘના આજીવન સભ્ય શ્રી ચન્દ્રકાન્તભાઈ આનંદપરા દ્વારા સંઘને શ્રી ચુનીલાલ ધરમશી આનંદપરા અને તેમના કુટુંબીજનો તરફથી, જીવનઘડતરલક્ષી પુસ્તકોનો વિભાગ શરૂ કરવા માટે રૂા.૫૦૦૦નું દાન મળ્યું હતું. તેમાંથી આને લગતા પુસ્તકોનો એક વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. એના માટે આપણે શ્રી ચન્દ્રકાન્તભાઈ આનંદપરાના આભારી છીએ. આ વિભાગનો લાભ લેવા અમે સભ્યોને અનુરોધ કરીએ છીએ. પ્રસ્તુત વિભાગમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે એમની અંગત લાયબ્રેરીમાંથી કેટલાંક મૂલ્યવાન પુસ્તકો ભેટ આપ્યાં છે, જે માટે અમો તેમનાં પણ આભારી છીએ.

**વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો:**

**સપ્ટેંબર ૨૦:** વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના સન્માનને લગતું આયોજન શ્રીમતી ઈન્દુબહેન મુન્સીફના નિવાસસ્થાને.

**ઓકટોબર ૨૧:** ડૉ. પદ્મનાભ જૈનનો "ભારતમાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ" એ વિષય ઉપર વાર્તાલાપ.

૧૯૭૯: માર્ચ ૧૦: ડૉ. કિશોર ડી. શાહનો બ્લડપ્રેશર, તેનાં કારણો અને નિદાન—એ વિષય ઉપર વાર્તાલાપ—તેને લગતી સ્લાઈડો સાથે.

**અભ્યાસ વર્તુળ**

સંઘની આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે. આ વર્તુળના કન્વીનર તરીકે શ્રી સુબોધભાઈ એમ. શાહ ઘણી ધગશપૂર્વક તેનું સંચાલન કરી રહ્યા છે, આ માટે અમો તેમના આભારી છીએ.

ગત વર્ષના વાર્ષિક વૃતાંતમાં તા. ૨૩-૩-'૭૮ સુધીના આયોજનોની માહિતી આપવામાં આવી હતી, ત્યાર બાદ નીચે પ્રમાણે સભાઓ થઈ હતી.

(૧) વકતા: શ્રીમતી જ્યોત્સનાબહેન ત્રિવેદી
વિષય: કવિતાનો રસાસ્વાદ
તારીખ: ૪-૧-૭૯

(૨) વકતા: શ્રી જમનાદાસભાઈ લાદીવાળા
વિષય: આત્મપ્રતીતિ
તારીખ: ૨૯-૧-૭૯

(૩) વકતા: શ્રી જેઠાલાલભાઈ ઝવેરી
વિષય: પ્રેક્ષાધ્યાન ઉપર વાર્તાલાપ: પ્રયોગ સાથે
તારીખ: ૨૭-૨-૭૯

(૪) વકતા: શ્રી મનુભાઈ મહેતા
વિષય: આધુનિક વિજ્ઞાનની પ્રગતિની પરિસ્થિતિ
તારીખ: ૨૦-૪-૭૯

(૫) વકતા: શ્રીમતી શુકલાબહેન શાહ
વિષય: હિન્દી સાહિત્યની કવિયત્રીઓ
તારીખ: ૨૬-૪-૭૯

**શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ**

સંઘના નિયમ પ્રમાણે વિવિધ સંસ્થાઓને આ સભાગૃહ નામના ભાડાથી આપવામાં આવે છે. આના કારણે ઘણી સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે છે. એ કારણે આ સભાગૃહ નાની સંસ્થાઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે. વર્ષ દરમિયાન સભાગૃહ અંગેની આવક રૂા. ૨૫૦૩ની થઈ હતી.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: સુવર્ણ જયંતી મહોત્સવ:**

સંઘે ૫૦ વર્ષની મજલ પુરી કરી તેના અનુસંધાનમાં તા. ૧૨-૧૬-૧૭ નવેમ્બર, એમ ત્રણ દિવસના ભરચક કાર્યક્રમ સાથે સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમને સંપૂર્ણ સફળતા વરે એ કારણે નીચે પ્રમાણેની ચાર પેટાસમિતિઓ નીમવામાં આવી હતી.

સુવર્ણજયંતી મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો હતો.

**(૧) પ્રબુદ્ધ જીવન" વિશેષાંક સમિતિ**

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ
(૨) પ્રો. તારાબહેન આર. શાહ
(૩) શ્રી ત્ર્યંબકભાઈ મહેતા
(૪) શ્રી કાંતીલાલ ડી. કોરા

આ સમિતિના કન્વીનર તરીકે ડૉ. રમણલાલ ચી. શાહને નીમવામાં આવ્યા હતા.

**(૨) સુવેનિયર સમિતિ"**

(૧) શ્રી પન્નાલાલ આર. શાહ
(૨) „ શાંતિલાલ દેવજી નન્દુ
(૩) „ સુબોધભાઈ એમ. શાહ
(૪) „ ચંપકભાઈ અજમેરા

આ સમિતિના કન્વીનર તરીકે શ્રી. પન્નાલાલ આર. શાહને નીમવામાં આવ્યા હતા.

**(૩) સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ**

(૧) શ્રી કમલબહેન પીસપાટી
(૨) „ ગણપતલાલ મગનલાલ ઝવેરી
(૩) „ નીરુબહેન સુબોધભાઈ શાહ

આ સમિતિના કન્વીનર તરીકે શ્રી ગણપતભાઈ મ. ઝવેરીને નીમવામાં આવ્યા હતા.

**(૪) સેમીનાર સમિતિ"**

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ
(૨) પ્રો. તારાબહેન શાહ
(૩) શ્રી પ્રતાપભાઈ કે. શાહ
(૪) „ અમર જરીવાળા

આ સમિતિના કન્વીનર તરીકે ડૉ. રમણલાલ ચી. શાહને નીમવામાં આવ્યા હતા.

સુવર્ણ જયંતી મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો હતો.

**પ્રથમ દિવસ: તા. ૧૨-૧૧-૭૮ રવિવાર**

**મહોત્સવ ઉદ્‌ઘાટન સમારોહ**

મહોત્સવનો પ્રારંભ ભારતીય વિદ્યાભવનના રંગમંચ પર શ્રી વાસંતીબહેન દાણીના પ્રસંગોચિત મધુર ભજનોદ્વારા થયો હતો.

મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે આ અવસરને સફળતા ઈચ્છતા આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. મહોત્સવના કન્વીનર શ્રી ગણપતભાઈ ઝવેરીએ એ દિવસના અતિથિવિશેષો શ્રી વસનજી લખમશી શાહ તેમજ શ્રી રમણીકલાલ રાજમલભાઈ મહેતાનો સંક્ષેપમાં પરિચય આપ્યો હતો.

સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે, સંઘના જૂના સાથીઓને યાદ કર્યા હતા અને સંઘનું કાર્યક્ષેત્ર તથા તેના ધ્યેયની સમજણ આપતા કહ્યું હતું કે, સંઘનું ધ્યેય વૈચારિક ક્રાંતિ સાધવાનું તથા લોકોને સત્યદષ્ટિથી નિડરતાપૂર્વક વિચારતા કરવાનું છે. સંઘના નામમાં રહેલો "જૈન" શબ્દ કોમવાચક નથી રહ્યો પણ ગુણવાચક બની ગયો છે.

ત્યાર બાદ સંસદ સભ્ય શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરે એક ભવ્ય ચિરાગમાં જ્યોત પ્રગટાવી મહોત્સવનું મંગળ ઉદ્‌ઘાટન કર્યું હતું. અને ડૉ. રમણલાલ શાહે આભારદર્શન કર્યું હતું,

મધ્યાન્તર બાદ, "જીવનના મૂલ્યપરિવર્તનો માટે જવાબદાર કોણ?" એ વિષય ઉપર એક રોચક અને જ્ઞાનસંવર્ધક પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદમાં ત્રણ વકતાઓએ ભાગ લીધો હતો.

(૧) શ્રી હરીન્દ્ર દવે, (૨) શ્રી યશવંત શુકલ, (૩) શ્રી સુરેશ દલાલ.

**દ્વિતીય દિવસ: તા. ૧૬-૧૧-૭૮ : ગુરુવાર**

આ દિવસે પાટીદાર સમાજ દ્વારા "દૈવી સંકેત" નામની નૃત્ય નાટીકા, બીરલા માતુશ્રી સભાગૃહમાં પ્રસ્તુત કરવામાં આવી હતી.

તે દિવસના અતિથિવિશેષો શ્રી યશવંતભાઈ દાદભાવાળા તથા શ્રી માણેકલાલભાઈ સવાણીનો સંક્ષેપમાં, શિષ્ટ શૈલીમાં, કન્વીનર શ્રી ગણપતભાઈ ઝવેરીએ પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ શ્રીપાલ રાજાના રાસના આધારે આલેખાયેલ જૈન પરંપરાની કથાવાર્તાના આધારે તૈયાર કરવામાં આવેલ નૃત્ય નાટિકા "દૈવી સંકેત"નો પ્રારંભ થયો હતો.

આ નાટિકા સૌને ખૂબ જ ગમી હતી.

**તૃતિય દિવસ: તા. ૧૭-૧૧-૭૮: શુક્રવાર**

બિરલા ક્રીડા કેન્દ્રના ઉપવનમાં આલ્હાદક અને મુકત વાતાવરણમાં ૪૦૦ નિમંત્રીત ભાઈઓ અને બહેનોની હાજરીમાં, વિખ્યાત ગાયીકા, બી. કમલેશકુમારી તથા પ્રસિદ્ધ ગાયક શ્રી પિનાકીન શાહના કર્ણમધુર ભજનો અને સંગીતદ્વારા આ સમારંભનો આરંભ થયો હતો.

સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે, તે દિવસના અતિથિ વિશેષો શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ તથા શ્રી ડુંગરશી રામજી ગામાનો ટૂંક પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે, પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે, નિષ્ઠાવાન અને આંતર-સુઝવાળા કાર્યકરો સંઘને મળ્યા છે એ સંઘનું સદ્‌ભાગ્ય છે. શ્રી શાન્તિલાલ ટી. શેઠની સેવાઓને બિરદાવતાં તેમણે કહ્યું કે અનેક અંગત તેમજ કૌટુંબિક મુશ્કેલીઓ વચ્ચે પણ તેમણે સંઘની રાત-દિવસ સેવા કરી. રાષ્ટ્રભાવ અને સેવાભાવ એમની રગેરગમાં વ્યાપેલા છે. તેઓ સંઘના પગારદાર કર્મચારી નહિ પરંતુ અમારામાંના જ એક બની રહ્યા છે, અને એવું જ માન પામે છે. આ કારણે તેમની સેવાની કદર કરતાં સંઘ હર્ષ અનુભવે છે. એમ કહી શ્રીયુત ચીમનભાઈએ શ્રી શાન્તિલાલ શેઠને ચંદનહાર તથા થેલી અર્પણ કર્યા. સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરીએ કાર્યાલયના બીજા કાર્યકર શ્રી લક્ષ્મીચંદ મહેતાને થેલી અર્પણ કરી અને અતિથિ-વિશેષ મહાશયોના હસ્તે કાર્યાલયના અન્ય કર્મચારીગણનો પણ સત્કાર કરવામાં આવ્યો.

આ સુવર્ણજયંતી મહોત્સવમાં અર્થરાશી ભેગી કરવામાં યશના અધિકારીઓ છે, સંઘના મંત્રી શ્રી કે. પી. શાહ, સંઘની કારોબારીના સભ્ય શ્રી એ. જે. શાહ, શ્રી જેરમલ મંગળજી મહેતા, શ્રી ચન્દ્રકાન્ત ભાઈ ગાંધી, શ્રી ચંપકભાઈ અજમેરા, શ્રી દામજી વેલજી શાહ અને શ્રી શશિકાન્તભાઈ મહેતા.

ત્રણ દિવસના છ અતિથિવિશેષોએ પણ સંઘને માતબર રકમનું દાન કર્યું અને સોવીનેરમાં પણ સારી રકમોની જાહેરખબરો આપીને મિત્રો તેમજ પ્રશંસકોએ ખૂબ જ પ્રેમ દાખવ્યો, સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોનો પણ ઘણો સારો સહકાર સાંપડ્યો.

આ સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે રૂપિયા અઢી લાખનું ભંડોળ એકત્ર કરવાની અપિલ કરવામાં આવી હતી— તેનો સંઘના શુભેચ્છકો અને મિત્રો અને ચાહકોએ એટલો સુંદર પ્રતિસાદ આપ્યો કે એ ભંડોળ સાડાત્રણ લાખ રૂપિયા સુધી પહોંચી ગયું.

લોકોના આટલા બધા પ્રેમાળ સહકાર માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

સુવર્ણજયંતિ મહોત્સવના કન્વીનર શ્રી ગણપતભાઈ ઝવેરીએ ખૂબ જ શ્રમ લઈને મહોત્સવને સફળ બનાવવામાં જે મહેનત ઊઠાવી અને ઉત્સાહ દાખવ્યો તે માટે તેમનો અમો ખાસ આભાર માનીએ છીએ.

આ પ્રસંગે "પ્રબુદ્ધ જીવન"નો ૪૪ પાનાનો એક સુંદર વિશેષાંક પણ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેના સંપાદનકાર્ય માટે ડૉ. રમણલાલ શાહ તથા શ્રી પન્નાલાલ શાહનો આભાર માનીએ છીએ.

**વિશેષ સમાચાર**

આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ ૧૯૭૮–૭૯ના વર્ષ માટે પી. ટી. આઈ. ના પ્રમુખ થયા તે તે આપણા સંઘ માટે ગૌરવની વાત છે. શ્રી. ચીમનભાઈને આપણા સૌનાં હાર્દિક અભિનંદન.

આપણા સંઘના સક્રીય સભ્ય શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, ઘાટકોપર વૉર્ડ ક્રમાંક ૧૩૦માંથી મહાનગરપાલિકાની ચૂંટણીમાં જનતા પક્ષમાંથી ઉમેદવાર તરીકે ચૂંટાઈને આવ્યા પણ સંઘ માટે ગૌરવ લેવા જેવી વાત છે. તેમને આપણા અંતરના અભિનંદન.

**સંઘના સભ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોના લવાજમમાં ફેરફાર**

સંઘના સભ્યોનું વાર્ષિક લવાજમ રૂા. ૧૨ લેવામાં આવતું હતું અને 'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ હતું, તે તા. ૧-૧-૭૯ થી સંઘના સભ્ય લવાજમના રૂા. ૨૦ અને પ્રબુદ્ધ જીવનના લવાજમના રૂા. ૧૫ કરવામાં આવ્યા છે. કાગળ તેમ જ પ્રિન્ટીંગના ભાવમાં મોટો વધારો થવાના કારણે આમ કરવું પડ્યું છે.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: સ્ટાફ બેનિફિટ ફંડ**

આ અંગે રૂા. ૭૫૦૦૦નો લક્ષ્યાંક રાખ્યો હતો. તેને પણ મિત્રો તેમ જ ચાહકોનો પૂરો સહયોગ સાંપડ્યો અને તે લક્ષ્યાંક પૂરું થયું. તે માટે પણ અમો મિત્રોના આભારી છીએ.

**સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ**

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૮ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂા. ૫૩૭૫૧-૪૬નો ખર્ચ થયો હતો અને રૂા. ૩૬૭૮૩-૩૦ની આવક થઈ હતી. સરવાળે રૂા. ૧૬૯૬૮.૧૬ની ખોટ આવી હતી.

સુવર્ણ જયન્તી મહોત્સવ અંગેની ભેટની રૂા. ૧,૧૩,૩૧૧.૩૦ની અને જાહેર ખબરની રૂા. ૧,૩૪,૬૦૬.૦૦ની એમ એકંદર રૂા. ૨,૪૭,૯૧૭.૩૦ની આવક થઈ. તેમાંથી એકંદર ખર્ચ રૂા. ૫૫૨૦૩.૪૫નો થયો તે બાદ કરતાં એ એ ખાતામાં ૧,૯૨,૭૧૨.૮૫ ની બચત રહી છે.

આ વર્ષે સંઘમાં રૂા. ૧૬૯૬૮.૧૬ની ખોટ આવી તેમ જ 'પ્રબુદ્ધ જીવન'માં રૂા. ૫૩૫૩.૧૬ ની ખોટ આવી એકંદર ખોટ રૂા. ૨૨,૩૦૩.૭૨ની આવી. ગયા વર્ષે આપણું જનરલ

ફંડ રૂા. ૧૯૨૦૩.૫૧ નું હતું. આ રકમ એકંદર ખોટમાંથી બાદ કરતાં જનરલ ફંડ - આવક ખર્ચ ખાતે રૂા. ૩,૦૯૯૮૧ દેવા ઊભા રહે છે.

આપણું રીઝર્વ ફંડ ગયા વર્ષે રૂા. ૨,૮૫,૨૨૭.૮૯ નું હતું, તેમાં આ વર્ષે નવા આજીવન સભ્યોના લવાજમના આવેલા, રૂા. ૨૦,૫૮૨.૦૦ ઉમેરતાં વર્ષની આખરે આપણું રીઝર્વ ફંડ રૂા. ૩,૦૫,૮૦૯.૮૯ નું રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨૨૭૩.૨૫ નું હતું, તે તેમ જ રહે છે.

સંઘના કાર્યક્રમોને સારી પ્રસિદ્ધિ આપવા માટે ગુજરાતી દૈનિકોનો તેમ જ 'જૈન' પત્રોનો અમો આભાર માનીએ છીએ.

કારોબારીનાં સૌ સભ્યોએ અમને જે પ્રેમભર્યો સહકાર આપ્યો છે એ માટે અમો તેઓ સૌના ખૂબ જ આભારી છીએ. સૌનો સહકાર - પ્રેમ - અમને કામ કરવાની પ્રેરણા અને જોમ આપશે અને અમારા ઉત્સાહમાં વધારો કરશે.

અંતમાં આપણા સંઘની પ્રવૃત્તિઓ હજુ વધારે વેગ પકડે અને તેનો વધારે ને વધારે વિકાસ થતો રહે. એમ કરવાનું અમને બળ મળે એવી અમારી ઈશ્વરને પ્રાર્થના છે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ

# સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૬/૬/૭૯ ના રોજ સાંજના છ વાગ્યે સંઘના શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભા તા. ૩-૮-૭૮ની મિનિટ્સ વાંચવામાં આવી અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવી. બાદ નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

સંઘનો વાર્ષિક વૃત્તાંત અને સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયના ૧૯૭૮ ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવામાં આવ્યા અને તેના પર ચર્ચા વિચારણા થયા બાદ તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

ત્યારબાદ ૧૯૭૯ ના વર્ષ માટેનાં અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં.

ત્યાર બાદ ચાલુ વર્ષ ૧૯૭૯ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું.

## ચૂંટણીનું પરિણામ

ગયા વર્ષે જે કાર્યવાહક સમિતિના હતા તે ૨૫ નામોમાંથી પાંચ અધિકારીઓની ચૂંટણીનું કામ હાથ ધરતા, જે અધિકારીઓ ગયા વર્ષે પણ તેમના જ નામો સૂચવવામાં આવ્યાં અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં.

ત્યાર બાદ બાકીના ૨૦ સભ્યો ગયા વર્ષે હતા તેના નામો વાંચવામાં આવ્યા અને નવા નામો સૂચવવાનું જણાવવામાં આવ્યું પરંતુ કોઈ જ નવું નામ ન આવતાં પ્રમુખશ્રીએ ૨૦માંથી પ્રથમ પંદર નામો રજૂ કર્યાં અને તેમને કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે ચાલુ રાખવાનું સૂચવ્યું તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં.

એટલે ૧૯૭૯ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યો નીચે પ્રમાણે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

| | |
|---|---|
| શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | પ્રમુખ |
| શ્રી રસિકભાઈ એમ. ઝવેરી | ઉપ-પ્રમુખ |
| શ્રી પ્રવિણચંદ્ર કે. શાહ | કોષાધ્યક્ષ |
| શ્રી ચીમનલાલ જે. શાહ | મંત્રી |
| શ્રી કે. પી. શાહ | મંત્રી |
| પ્રો. રમણલાલ ચી. શાહ | સભ્ય |
| શ્રી સુબોધભાઈ એમ. શાહ | " |
| શ્રી તારાબેન આર. શાહ | " |
| શ્રી નીરૂબેન એસ. શાહ | " |
| શ્રી એ. જે. શાહ | " |
| શ્રી અમર જરીવાલા | " |
| શ્રી પ્રતાપભાઈ ગાંધી | " |
| શ્રી કમલબેન પીસપાટી | " |
| શ્રી ગણપતભાઈ એમ. ઝવેરી | " |
| શ્રી ટોકરસી કે. શાહ | " |
| શ્રી શાંતિલાલ દેવજી નન્દુ | " |
| શ્રી રતિલાલ સી. કોઠારી | " |
| શ્રી મફતલાલ બી. શાહ | " |
| શ્રીપ્રવિણભાઈ મંગળદાસ શાહ | " |
| શ્રી ચીમનલાલ ડી. મહેતા | " |

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

### અમો આભારી છીએ–વીશા પ્રિન્ટર્સના

જન્મભૂમિમાં હડતાલના કારણે એક અંક બંધ રાખવો પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ. બેચાર પ્રેસોમાં તપાસ કરી તો દરેક જગ્યાએ માણસોની તકલીફ જાણવા મળી. ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રીયુત દામજીભાઈને વિનંતિ કરી. તેમને ત્યાં પણ એ જ પરિસ્થિતિ હતી. આમ છતાં, તકલીફ વેઠીને પણ તેમણે ગયો આખો અંક તૈયાર કરી આપ્યો. તેમની આ પ્રેમાળ લાગણી માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## આ તમે જાણો છો ?

એક મોજણી અનુસાર દેશનાં કુલ બાળકોમાંથી ૨૦ ટકા બાળકો નિશાળે જતાં નથી, અને જાય છે તેમાંથી ૭૫ ટકા બાળકો ચાર ધોરણ પૂરાં કરતાં નથી. સારું શિક્ષણ લેનારાં બાળકો પૈસાદારનાં જ હોય છે. અંગ્રેજી માધ્યમવાળી શાળામાં ભણતાં બાળકોનું પ્રમાણ અડધો ટકો જ છે. પણ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીના પરીક્ષામાં એ બાળકોમાંથી જ ૯૦ ટકા જેટલાં પસાર થાય છે.

* * *

આપણા દેશમાં સને ૧૯૭૭–૭૮ ના વર્ષમાં કુલ ૧૯૬૫૯ પુસ્તકો બહાર પડ્યાં. તેમાં બાળકો માટે માત્ર ૪૭૩ પુસ્તકો જ હતાં. બાળકોનાં બહાર પડેલાં આ પુસ્તકોમાં ૨૦૭ પુસ્તકો હિન્દીમાં હતાં. બંગાળી, ઉડિયા, તેલુગુ, ઉર્દૂ અને સંસ્કૃતમાં બાળકો માટે આ વર્ષમાં એક પણ પુસ્તક બહાર પડ્યું નથી. જ્યારે બ્રિટનમાં આ જ વર્ષમાં બાળકો માટે ૨૭૦૦ પુસ્તકો બહાર પડ્યાં હતાં.

**માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬.**
**મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.**

Regd. No. MH. By South 54
Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૫

મુંબઈ, ૧ જૂલાઈ, ૧૯૭૯, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૭૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ વધતી જતી અસ્થિરતા ☆

દેશનો સામાન્ય માનવી પણ હવે પૂછતો થયો છે કે આ દેશનું શું થવા બેઠું છે, આ બધું ક્યાં જઈ અટકશે? સૌ કોઈને આવતી કાલની ચિન્તા સતાવે છે. રાજકીય ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, કાયદો અને વ્યવસ્થાની બાબતમાં, શૈક્ષણિક ક્ષેત્રે, કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં અસ્થિરતા વધતી ન હોય. તંત્રની શિથિલતા જ નહિ પણ લગભગ અભાવ જેવું લાગે. અરાજકતાને આરે આવી ઉભા છીએ એમ લાગે.

જનતા પક્ષના આંતરિક વિખવાદો ચરમ સીમાએ પહોંચ્યા છે. હવે તો એમ લાગે કે આ પક્ષને પ્રજાએ સત્તાસ્થાને મૂક્યો પણ આ માણસો તેને લાયક ન હતા. પક્ષ જેવું રહ્યું જ નથી. માત્ર સબળ વિરોધ પક્ષના અભાવે આ પક્ષ ટકી રહ્યો છે. કેન્દ્રમાં અને રાજ્યોમાં એકબીજાને તોડી પાડવાની પ્રક્રિયા જ ચાલે છે. શરૂઆતમાં જનસંઘ અને ભાલોદે રાજ્યો વહેંચી લીધા. હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહાર ભાલોદના ફાળે ગયા. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ, જનસંઘના ફાળે ગયા. હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહાર ત્રણે રાજ્યોમાં ભાલોદનો પરાભવ થયો. રાષ્ટ્રીય સ્વયંસેવક દળના વર્ચસનું બહાનું કાઢી, ભાલોદ અને સમાજવાદીઓએ જનસંઘ ઉપર આક્રમણ કર્યું તેમાં ફાવ્યા નહિ. છેવટ રાજનારાયણ છુટા થયા અને તે માત્ર શરૂઆત છે. પદભ્રષ્ટ થયેલા મુખ્ય મંત્રીઓ દેવીલાલ અને કર્પુરી ઠાકુરે ઉઘાડો બળવો કર્યો છે અને જનતા સરકાર સામે આંદોલન કરવા લોકોને આવાહન કર્યું છે. મધુ લિમયે, જ્યોર્જ ફેરનાન્ડીઝ, મધુ દંડવતે, બીજુ પટનાયક, અને ખુદ પક્ષના પ્રમુખ ચન્દ્રશેખર બેવડી રમત રમે છે. એક છાપ એ ઊભી થઈ છે—અને તે તદ્દન પાયાવિનાની નથી—કે અત્યારે મોરારજીભાઈ જનસંઘના બળ ઉપર જ ઊભા છે. કોન્ગ્રેસ-ઓ નો તેમને સાથ છે પણ તેનું એટલું બળ નથી. જ્યાં જનતા પક્ષ સત્તા પર છે ત્યાં કોઈ રાજ્ય નથી કે જ્યાં પક્ષમાં વિદ્રોહ ન હોય. હરિયાણા, બિહાર, અને ઉત્તર પ્રદેશમાં મુખ્ય મંત્રીઓ બદલાયા પણ સ્થિરતા ન આવી, બલ્કે અસ્થિરતા વધી. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જનતા પક્ષમાં ફાટફૂટ છે પણ વરિષ્ઠ મંડળનો મુખ્યમંત્રીઓને ટેકો હોવાથી વિરોધીઓને બળ મળતું નથી. જ્યારે ઉત્તર પ્રદેશ, બિહાર અને હરિયાણામાં વિરોધી દળોને વરિષ્ઠ મંડળનો ટેકો હતો એવો ખુલ્લો આરોપ થાય છે. બલ્કે, મુખ્ય મંત્રીઓ ઉથલાવવાનું કાવત્રું દિલ્હીથી જ થાય છે એમ ચરણસિંહ જેવાએ કહ્યું. ચરણસિંહનો પક્ષ જનતા પક્ષમાં ક્યાં સુધી રહેશે તે સર્વથા અનિશ્ચિત છે. એક વખત ઉતાવળથી રાજીનામું આપ્યું અને હીણપત-ભરી રીતે પાછા આવવું પડ્યું એટલે ચરણસિંહ ઉતાવળ નહિ કરે. જનસંઘની અને કદાચ મોરારજીભાઈની ગણતરી છે કે ચરણસિંહ પક્ષ અલગ થાય તો પણ જનતા પક્ષની બહુમતિને લોકસભામાં બાધ નહિં આવે. જગજીવનરામ અને બહુગુણા–સી. એફ. ડી. ક્યાં ઊભો છે તે કોઈ કહી શકે તેમ નથી. ઉત્તર પ્રદેશમાં બહુગુણાએ જનસંઘને સાથ આપ્યો. બિહારમાં ન આપ્યો. જગજીવનરામ ધીરજ રાખી શકે છે. ઊંડી રમત રમી શકે છે. હરિયાણામાં દેવીલાલને કાઢી ભજનલાલ ચૂંટાયા તે જગજીવનરામ જૂથના છે. અહીં તેમણે ભાલોદ સામે જનસંઘનો સાથ મેળવ્યો. જનતા પક્ષ આ રીતે સત્તા પર રહે તો પણ તેનું કામ વધારે વિકટ થતું જાય અને પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેસે. આ રાજકીય અસ્થિરતાની અસર બીજા બધા ક્ષેત્રો ઉપર પડે તે સ્વભાવિક છે.

મોરારજીભાઈ ખરેખર આત્મવિશ્વાસથી અને આંતરિક બળથી સ્થિર છે કે શાહમૃગ વૃત્તિ છે તે કહેવું મુશ્કેલ છે. પગ નીચે આગ હોય ત્યારે પણ આંખ બંધ રાખી આગ છે જ નહિ એમ માનવું એ સ્થિતિ લાંબો વખત ટકે નહિ. પણ અત્યારે તેમનો હરીફ કોઈ નથી એટલું કહેવાય.

સવર્ણસિંહ કોંગ્રેસ નિષ્ક્રિય થઈ હતી. ઈન્દિરા કોંગ્રેસમાં હવે ભંગાણ પડ્યું તેથી સવર્ણ સિંહ કોંગ્રેસને લાભ થશે કે જનતા પક્ષને તે કહેવું મુશ્કેલ છે. રાજકીય સમીકરણો બદલાશે કે સ્થિતિ પ્રવાહી રહેશે તે જોવાનું રહે છે. ઈન્દિરા ગાંધીએ અર્સ સાથે દુશ્મનાવટ કેમ કરી તે સમસ્યા છે. અર્સે ઈન્દિરા ગાંધીને લખેલ પત્ર જેવો પડકાર ઈન્દિરા સામે કોઈ ફેંકી શકે તેમ ન હતું. ઈન્દિરાની આપખુદ પ્રકૃતિ આમ કરાવે છે કે સંજય ગાંધીને કારણે આમ કરવું પડે છે તે સમજાય તેમ નથી. ખાસ અદાલતોના પ્રશ્ને મોટું આંદોલન જગાવવાના તેમના અથવા સંજય ગાંધીના કોડને તેમના સાથીઓ તરફથી પણ ટેકો ન મળ્યો તેથી હતાશા અનુભવી મરણિયા થયા હોય તેમ લાગે.

આ બધા સંજોગોની બૂરી અસર આર્થિક ક્ષેત્રમાં જબરજસ્ત થાય તે સ્વભાવિક છે. મોંઘવારી અને ફુગાવો વેગથી વધી રહ્યા છે. એક તરફથી હડતાળો અને તાળાબંધી તો બીજી તરફ મજૂરોનો અસાધારણ પગારવધારો, ભાવવધારામાં ઉમેરો કરે છે. રેલ્વે કર્મચારીઓના બોનસનો પ્રશ્ન આણઉકલ્યો પડ્યો છે. પણ એક અથવા બીજી રીતે સ્વીકાર તો કરવો જ પડશે. ચરણસિંહનો સખત વિરોધ છે. છૂટા થવું હશે તો કદાચ આ બહાનું મળશે. ચારે તરફ અવ્યવસ્થા વધતી જાય છે. કોલસા, વિજળી, રેલવે વેગનો, સીમેન્ટ, લોખંડ બધાની તંગી મોઘવારીમાં વધારો કરે છે. કડક પગલા લેવાની જાહેરાતો થાય છે. પરિણામ શૂન્ય છે. કારણકે એવા કડક પગલા લેવા જે બળ અને સ્થિરતા જોઈએ તેનો અભાવ છે.

સૌથી વધારે ચિન્તાજનક સ્થિતિ કાયદો અને વ્યવસ્થાની છે. પંજાબથી માંડી કેરળ સુધી પોલીસનો બળવો થયો અને સરકારને લગભગ શરણાગતિ કરવી પડી. આવી પરિસ્થિતિ ઊભી થશે તેનાં ઘણાં અચૂક એંધાણો હોવા છતાં, સમયસર પગલા લેવાયા નહિ. પોલીસનું આંદોલન હવે કેન્દ્રના અનામત દળો અને ઔદ્યોગિક સલામતી દળો સુધી પહોંચ્યું છે અને લશ્કરનો આશ્રય લેવો પડ્યો. દિલ્હી અને બોકારોના બનાવોના ઓળા ભાવિ ઉપર ઉતરશે તો ખતરનાક પરિસ્થિતિ થશે. લશ્કર સુધી એ પહોંચશે? અરાજક બળો અને અસામાજિક તત્ત્વોને છુટોદોર મળશે?

ઉત્તરપૂર્વના રાજ્યોમાં ગંભીર સ્થિતિ છે. નાગભૂમિ, મીઝોરમ, ત્રિપુરા, મણિપુર, અરૂણાચલ, આ બધા નાના રાજ્યોમાં સ્ફોટક દશા છે.

જનમાનસ એટલું ઉત્તેજિત છે કે નાનું બહાનું મળતાં મોટા તોફાનો ફાટી નીકળે છે. વડોદરામાં એવું બન્યું. અલીગઢ વારંવાર સળગે છે.

શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાપીઠોમાં અરાજકતા છે. વિદ્યાર્થી જગતનું ક્ષુબ્ધ માનસ ભાવિ પેઢી માટે ભયજનક છે.

આ વધારે પડતું નિરાશાજનક ચિત્ર દોર્યું નથી પણ વાસ્તવિક પરિસ્થિતિ છે. અટકાયતી ધારાને ફરી અમલમાં લાવવાનું મોરારજીભાઈને કહેવું પડ્યું તે હકીકત પરિસ્થિતિની ગંભીરતા બતાવે છે. આ બધી અસ્થિરતા હજી વધશે એવી ચિન્તા માત્ર ખોટો ભય નથી. તે

અટકાવી શકાશે એવા ચિન્હો જણાતાં નથી પણ વિપરીત ચિન્હો દેખાય છે. સામ્યવાદીઓને આ અરાજકતા જોઈએ છીએ. આ પરિસ્થિતિ સર્જવામાં કોઈ રાજકીય પક્ષનો હાથ છે તે આક્ષેપ પાયા વિનાનો નથી. ઈન્દિરા ગાંધી અને તેમની ટોળી આ તકનો પૂરો લાભ લેવા કરે તે સ્વભાવિક છે. દેશની એકતા અને સલામતી જોખમાય એ અશકય નથી.

જનતા પક્ષની ગાથા નિષ્ફળતાની પરંપરા જ છે એમ નથી. ઘણું સારું કર્યું છે, કરવા પ્રયત્નશીલ છે. પણ એક મહાન દૂષણ –તેમના આંતરિક વિખવાદો અને કેટલાકની સત્તાલાલસા–બધું ધોઈ નાખે છે.

छिद्रेष्वनर्था बहुलि भवन्ति એક છિદ્ર પડે એટલે અનર્થો વધે. અહીં તો આભ ફાટયું છે. આવી બધી ઘેરી સમસ્યાઓને પહોંચી વળવા જનતા પક્ષ સમર્થ છે? પ્રજાને હવે એવો વિશ્વાસ રહ્યો નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# માયાની ફરિયાદ

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૬-૭૯ના અંકમાં શ્રી મીનાક્ષીબહેન મહેતાનો આ બાબત લેખ છે તેમાંથી કેટલાક અગત્યના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. આ અંકમાં ભાઈ પન્નાલાલ શાહનો તે વિષે લેખ છે, જેમાં તેમણે મુખ્યત્વે લગ્નપ્રથા બાબત લખ્યું છે. હું, અનાથાશ્રમો અને વિકાસગૃહોના વહીવટ સંબંધે ધ્યાન દોરવા ઈચ્છું છું. આવી સંસ્થાઓનો વહીવટ બહુ અઘરો છે. નાની વયના, અનાથ, તાજાં જન્મેલા બાળકોનો ઉછેર, શિક્ષણ વગેરે વિકટ કાર્ય છે. તે જ પ્રમાણે, ત્યજાયેલ અને દુ:ખી સ્ત્રીઓ, નાની મોટી ઉંમરની–ને સાચવવી અને તેમનું જીવન સુધારવા પ્રયત્ન કરવો ભગીરથ કાર્ય છે. સંચાલકો નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે સંચાલન કરે તો પણ અનેક નાજુક પ્રશ્નો ઉભા થાય છે.

અનાથાશ્રમોમાંથી બાળકોને દત્તક આપવામાં આવે છે. નિ:સંતાન દંપતીઓ, સ્નેહભાવથી બાળકોને લે છે અને સંચાલકો આપે છે. આમાંના કેટલાક બાળકો સુખી થાય છે, કેટલાક દુ:ખી થતા હશે. હું માની લઉં છું કે સંચાલકો પૂરી તપાસ કરી, બાળકને આપે છે. ત્યાર પછી, તેનું શું થયું તેની કેટલી કાળજી થાય છે તે અગત્યનું છે. આપણા દેશમાં જ બાળક આપ્યું હોય તો તેની ચાલુ તપાસ રાખી શકાય. વિદેશમાં આપે ત્યારે તેના નસીબ ઉપર છોડી દેવાનું રહે છે. કેટલાક કિસ્સાઓમાં, અમુક વ્યકિતઓ, બાળકપ્રેમ કરતાં, અન્ય હેતુઓથી બાળકને લઈ જાય છે, સંચાલકોને છેતરે છે.

માયાના કિસ્સામાં સહુથી વાંધાજનક તત્ત્વ એ છે કે માયાના સખત વિરોધ છતાં બાળક વિદેશી દંપતીને આપવામાં આવ્યું. બાળક જયાં તદ્દન અનાથ હોય ત્યાં કોઈ ફરિયાદ કરવાવાળું નથી. પણ બાળકની માતાના આક્રંદ છતાં, બાળકને આપી દેવામાં આવે તે સર્વથા ગેરવ્યાજબી છે. ત્યાર પછી, આ વિદેશી દંપતી બે વખત ભારત આવ્યા. માયાના બધા પ્રયત્નો છતાં, તેના બાળકને મળવાની તેને તક ન મળી અથવા આપવામાં ન આવી. આ ઈરાદાપૂર્વક હતું કે આકસ્મિક તે કહેવું મુશ્કેલ છે.

શ્રી મીનાક્ષીબહેન મહેતા ત્યાર પછી મને મળી ગયા. તેમના લેખમાં તેમણે અનાથાશ્રમ કે વિકાસગૃહના નામો વ્યાજબી રીતે આપ્યા નથી. મને બધી માહિતી આપી. તેમણે કરેલ બધો પત્રવ્યવહાર મને બતાવ્યો. આ સંસ્થાઓમાં જાણીતા સામાજીક કાર્યકર્તાઓ છે. માયાનો મીનાક્ષીબહેન ઉપરનો પત્ર પણ મને બતાવ્યો. તેમના બધા પ્રયત્નો છતાં, જે સ્વિડીશ દંપતીને આ બાળક સોંપવામાં આવ્યું, તેમનું સરનામું મીનાક્ષીબહેનને મળતું નથી. અનાથાશ્રમના સંચાલકોએ તેવી માહિતી બાળકને સુપ્રત કરતાં પહેલાં, રાખી જ હશે. મીનાક્ષીબહેનની ઈચ્છા બની શકે તો, આ સ્વેડીશ દંપતીને લખી, એક વખત માયાને તેના પુત્રનો મેળાપ કરાવવાની છે. આ પુત્ર માયાને મળે તો તેના શું પ્રત્યાઘાત હશે તે કહેવું મુશ્કેલ છે. આ બધું હવે ભૂલી જવાનું માયાને કહેવું તે પણ અઘરું છે. માયાના કિસ્સાને મીનાક્ષીબહેને હાથ ધર્યો ન હોત તો માયા રડીને બેસી રહેત. આવા એકાદ કિસ્સા ઉપરથી જ સંસ્થાઓના વહીવટ ઉપર પ્રકાશ પડે છે. અને તેને સુધારવાની તક મળે છે. મીનાક્ષીબહેનનો હેતુ શુદ્ધ સેવાભાવ છે. સંચાલકોને કદાચ એમ થતું હશે કે મીનાક્ષીબહેન નકામા પાછળ પડયા છે.

બીજો મુદ્દો માયાના લગ્નનો છે. વિકાસગૃહમાં જતી કેટલીક બહેનોને, સ્થિર જીવન પ્રાપ્ત થાય, તે માટે, લગ્ન કરાવી આપે છે. અહીં પણ હું માનું છું સંચાલકો પૂરી તપાસ કરીને જ લગ્ન કરાવતા હશે. મીનાક્ષીબહેને લખ્યું છે કે માયાના કિસ્સામાં, તે વ્યકિત સંચાલકોને છેતરી ગઈ અને માયા દુ:ખી થઈ. કેટલીક બહેનો સુખી પણ થતી હશે. લગ્ન કરાવી આપ્યા પછી વિકાસગૃહના સંચાલકોએ, તે બહેનનું શું થાય છે તેની કાળજી કરવી, અઘરું છતાં, ઈચ્છવા જેવું છે.

કેટલાક અનાથાશ્રમો અને વિકાસગૃહોનો મને થોડો અનુભવ છે. કાર્યની વિકટતા સમજું છું. મને એવું લાગ્યું છે કે આવી સંસ્થાઓ તેમના ગજા ઉપરાંત કામ માથે લે છે અથવા તેમને માથે આવી પડે છે. પછી, સંખ્યા ઓછી કરવાનું સ્વાભાવિક રીતે મન થાય. હું માનું છું પોતાનાથી પહોંચી શકાય તેટલું જ કામ માથે લેવું એ વધારે યોગ્ય થશે. આવા કિસ્સાઓ સમાજમાં વધતા જાય છે. દુ:ખીને, દ્વારેથી પાછા વાળવાની ઈચ્છા કોઈને ન થાય. પણ જેટલું કામ માથે લઈએ તે બરાબર થાય તે જોવું વધારે જરૂરનું છે. આવી સંસ્થાઓ માટે માત્ર વિસ્તાર ધ્યેય ન હોય. આવી સંસ્થાઓનો કુશળતાપૂર્વક વહીવટ કરી શકે, એવા સહૃદયી, સેવાભાવી કાર્યકર્તાઓ મળવા પણ મુશ્કેલ છે. સમાજ લાખો રૂપિયા આપે છે. તેનો સદુપયોગ કરવાની જવાબદારી દાન લેનારને માથે છે. કોઈની ટીકા કરવાના ઉદ્દેશથી આ લખ્યું નથી. માયાના કિસ્સા ઉપરથી જે વિચારો સૂઝ્યા તે વિચારણાર્થે ટપકાવ્યા છે.

૨૫-૬-૭૯

**ચીમનલાલ ચકુભાઈ**

# પ્રેમળ જયોતિ

પ્રેમળજયોત તરફથી આજ દિન સુધીમાં ૧૪ વિદ્યાર્થીઓને પુસ્તકો, એકસરસાઈઝ બુકો, યુનિફોર્મ્સ તથા સ્કૂલ-ફીની મદદ આપવામાં આવી છે! તેની પૂરી વિગત ફોટોગ્રાફસ સાથે આગામી અંકમાં આપવામાં આવશે.

જે કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની પ્રજ્ઞાચક્ષુ હોય અને તેને વાંચવા માટે રીડરની જરૂર હોય તે તેમની કઈ રીતની જરૂરિયાત છે, કયા સમયે, તે પોતાના સીરનામા સાથે જણાવે.

કોઈ ભાઈ અથવા બહેનને રીડર તરીકે સમય આપવાની અનુકૂળતા હોય તો તેઓ પણ કયો સમય કયારે અનુકુળ છે તે પણ પોતાના સરનામા સાથે જણાવે.

આજ સુધીમાં આપણને મળેલા ૧૬૦ સાડલા જરૂરિયાતવાળાને અપાઈ ગયા છે. હજુ ઘણી માગ રહે છે, તો જેમની ઈચ્છા હોય તે સાડલા પણ મોકલતા રહે.

હમણા આપણે નીચલા મધ્યમવર્ગના કુટુંબોને રેશનીંગ અંગે મદદ આપવાનું પણ શરૂ કર્યું છે. એક કુટુંબને સો રૂપિયા સુધીની મદદ આપવામાં આવે છે, તો ખાસ એના માટે પણ જે કોઈ દાન આપવા ઈચ્છતા હોય તેમને યોગ્ય રકમ મોકલી આપવા વિનંતી.

એ જ રીતે નીચલા મધ્યમ વર્ગની કોલેજના વિદ્યાર્થીઓને પણ મદદ આપવાની વિચારણા ચાલે છે, તો તેને માટે પણ ખાસ દાન મોકલવા વિનંતી.

**શાંતિલાલ ટી. શેઠ**

કાર્યાલયમંત્રી.

# ✻ સંધ્યા સમયનો ફકીર ✻

આજે કેટલાં વર્ષે સંધ્યા સમયના ફકીરને ઘર પાસેથી જતો જોયો અને બચપણમાં સૂતેલી સ્મૃતિનો એક ભીનો ભીનો તરબોળ પાલવ મારા શરીર પર ફરકી ગયો. નખશિખ લીલા કાપડથી મઢાયેલો, હાથમાં લાંબું કાળા રંગનું ભિક્ષાપાત્ર અને ઉપર ઊંચકતા જ બોદો અવાજ કરતા ચીપિયા જેવી લાકડી ધારણ કરેલો તે ફકીર રોજ સાંજે અમારા ઘર પાસેથી જતો હોય. તેની આંખો બહુ પાણીદાર હતી. ગોરા લાલ ચહેરા પર ઝૂલતી દાઢીથી તેના અંગેઅંગને એક ગૂઢ પાર્શ્વભૂમિ મળતી હતી. કાળા ભમ્મર-વાદળાંની ચપટીમાંથી થોડોક તડકો ગળતો હોય તેવું મંદ તેનું હાસ્ય હતું. સૂર્ય હજી ડૂબ્યો જ હોય કે ડૂબવાની તૈયારીમાં હોય. તેનાં છેલ્લાં કિરણોનો સૌમ્ય તડકો રંગબેરંગી વાદળોના કાચ પરથી પરાવર્તિત થયેલો હોય અને હળવેથી ચડતા પડછાયાનું સંધ્યાધણ, ગીચોગીચ ભેગું થતું હોય. ત્યારે 'દે ઉસકા ભી ભલા, ન દે ઉસકા ભી ભલા ...!' એવો આર્ત લલકાર કરતો તે ફકીર એક આખું ચક્કર લગાવીને કોઈક દિશામાં ચાલ્યો જતો.

'ફકીર' શબ્દનો એક બાળઅર્થ તે જ વખતે મારા મનમાં વણાઈ ગયો હતો. તેને - ફકીરને જોઈએ કે, સંધ્યા સમયના ઉદાસ પડછાયામાં દેખાતી મસ્જિદો અને તેમની આસપાસ તરતી ધૂપની સુગંધના, મન ભરી દેતા કરોડો તરંગો મારી આંખ સામે તરવરવા લાગતા. બરાબર સંધ્યા સમયે આવવું, હંમેશની જેમ લલકાર કરીને એક ન ચુકાતી દિશામાં ચાલ્યા જવું એ મને બહુ ગૂઢ લાગતું.

આ ફકીર ભિક્ષા માટે આગ્રહ કેમ રાખતો નથી? દેનારને અને ન દેનારને એક જ સનાતન ચહેરાથી કેમ જુએ છે? પડછાયાના ધણમાંથી પાછા ફરતાં એના દેહનું છેવટનું ટપકું ક્યાં ઉપસતું હશે? રાતના અંધારામાં એનું લીલાપણું કયો રંગ ધારણ કરતું હશે? આવાજ અને આના જેવા અનેક પ્રશ્ન મારા મનમાં આવતા.

કેટલાક દિવસ પછી ફકીર આવતો બંધ થયો. અને એક સાંજે તે પાછો દેખાયો. ત્યારે તેની તબિયત બહુ જ કથળી ગયેલી હતી. પણ ઊંડી ગયેલી આંખની કીકીઓ બહુ આકર્ષક અને વશીભૂત કરી નાખતી લાગતી હતી. મને યાદ આવે છે કે, કોઈકે તે ફકીરને જોરથી લલકાર ન કરવા માટે બહુ સહાનુભૂતિથી કહ્યું. કારણ કે તેની છાતીમાં ચડતી હાંફ સ્પષ્ટ દેખાતી હતી. 'યહ વહી દર હૈ જહાં આબરૂ નહીં જાતી.' એ ફકીર ક્ષીણતાથી હસીને ફક્ત આટલું જ ગણગણ્યો હતો એ મને આજે યાદ આવે છે.

આજે ફકીરને જોઈને આટલી બાબતો મારી સામે આવી. કેટલો મોટો કાલખંડ વચ્ચે સરકી ગયો. આજના ફકીરે પણ લલકાર કર્યો હતો. બાળપણના ફકીરના લલકારની જેમ આ ફકીરના લલકારમાં પણ વેદના પરાકાષ્ઠાએ પહોંચ્યાનું મને સમજાયું. ફક્ત બે અવાજોની વેદનાનું કાળે બહુ મજેદાર પૃથક્કરણ કર્યું હતું. એકમાં સંધ્યા સમયના અજ્ઞાત પ્રદેશમાં આત્માને લઈ જતો ગૂઢ સાદ હતો, તો બીજામાં આંતરડાં નીચોવી નાખતો, પેટને માટેનો સાદ હતો. બંનેયમાં કારુણ્ય હતું જ. એક કાળની પાર લઈ જનારું અને બીજું કાળને જ ગુનેગાર ઠરાવનારું!

કાળે કેટલું સ્થિત્યંતર કરાવ્યું હતું! ભિક્ષાની કલ્પના બાદ થઈ અને હાથમાં ભિક્ષાની ઝોળી લઈને ભટકતા, લીલા આવરણથી જેમ તેમ પોતાની લાજ ઢાંકતા ફકીર દેખાવા લાગ્યા. ફકીર શબ્દના ઉચ્ચારથી આપણા મનમાં સાકાર થતા સનાતન વિશ્વમાં તડ પડી. આવી ઘણી બાબતોમાં હમણાં હમણાં તડ પડવા માંડી છે. એક કવિની પંક્તિઓ છે - 'નજર મિલાઈ તો પૂછુંગા ઈશ્ક કા અંજામ, નજર ઝુકાઈ તો ખાલ સલામ કર લુંગા' ફકીરનો દુનિયા સાથેનો સંબંધ આ પંક્તિઓમાં વ્યક્ત થયેલા શાલીન, સંસ્કૃતિસંપન્ન અર્થ જેવો છે. દેનારા અને ન દેનારા જીવ માટે ફક્ત દુવા માગવી એ સૂફી પંથનો પરિપાક જીવીને સાકાર કરતો એ ફકીર કાળના મહાપુરમાં વહી ગયો. મસ્જિદના ઘુમ્મટ અને ધૂપના તરતા ગોટા વસ્તીવસ્તીમાં પેંટતા રોટલાના ધૂમાડાથી શબલિત થયા!

ફકીર અને સંધ્યાના સમયનો એક અતૂટ સંબંધ મારા બાળમને બાંધ્યો હતો. તે તો હજી યે ટકી રહ્યો છે. ફકીરની જેમ જ આપણું મન પણ સંધ્યા સમયે શૂન્ય ને ઉદાસ થાય છે. એ ઉદાસી કોઈ પણ ઐહિક દુઃખથી નિર્માણ થયેલી નથી હોતી. તેના મૂળમાં કોઈ પણ ભૌતિક અતૃપ્તિની વૃત્તિઓ નથી હોતી. ફકીર-ફકીરના દર્શનમાં ઊભી રહેતી સંધ્યા સમયની ઉદાસી રામદાસી કારુણ્યાટકની જાતની છે.

જાણે સંધ્યા સમયનો એક ફકીર પોતાની સાથે ખરેખર જ સંધ્યાસમયને લઈને આવે છે! તેના સનાતન લલકારથી તેના પડછાયા વિલક્ષણ વ્યાકુળ થયેલા હોય છે. તેને લીધે આપણે મૂકપણે કેવા અંદર ને અંદર સરકતા હોઈએ છીએ! જાણે આપણા અંતર્મનમાં ફકીરના સંધ્યા સમયનું આકાશ જ ઊગ્યું હોય છે! આપણામાં જ ઉગમ પામીને વિરામ પામતા મેઘોનો સંઘ તે આકાશમાં ફરતો હોય છે. ફકીર આંખ મીંચીને લલકાર કરે કે, આપણી આંખો પણ મીંચાવા લાગે છે. એક ગૂઢ વેદનાનો સ્પર્શ આપણી સમગ્ર જિંદગીને કંડારી જાય છે!

ગ્રેસ : અનુ : જયા મહેતા

# માયાની ફરિયાદ:
# વર્તમાન સમાજવ્યવસ્થાનું પરિણામ?

'પ્રબુદ્ધ જીવન'ના (વર્ષ ૪૨: અંક-૩) તા. ૧-૬-૧૯૭૯ના અંકમાં સામાજિક કાર્યકર શ્રી મીનાક્ષીબેન મહેતાનો સંવેદનપૂર્ણ લેખ "માયાની ફરિયાદ" વાંચ્યો. એ ઉપરથી આપણી સમાજરચના, એના ઢાંચા વિષે આવેલાં વિચારો અત્રે ઉદ્ધત કરું છું.

"માયાની ફરિયાદ"માં માયાને એના સગા કાકાના દીકરા જોડે પ્રેમ થયો. સંબંધ વધ્યો અને પવિત્ર પ્રેમના પ્રતીકરૂપે ગર્ભ રહ્યો. બન્ને પરણવા તૈયાર થયા. વડીલોને વાત કરી, પણ દેશી વિચારો ધરાવતા તેઓએ માયાને કાઢી મૂકી અને તેના કાકાના દીકરાના લગ્ન અન્ય યુવતી સાથે કર્યા. આ લગ્ન અટકાવવા સમાજસેવિકા મદદમાં મોડા પડયા અને પરિણામે આશ્રમમાં દાખલ થવા ફરજ પડી. ત્યાર બાદ પાંગરેલો ગર્ભ હસમુખો, વાંકડિયા વાળવાળા બાળક તરીકે અવતર્યો. આ બાળકને પરદેશી દંપતિ દત્તક તરીકે લઈ જાય છે. આ બાબતમાં માયા સાથે દગો થાય છે અને ત્યારબાદ એ બાળક સાથે મુલાકાત પણ થવા દેતા નથી. આ અંગે એણે ગવર્નર વગેરે ઉચ્ચ સત્તાધારી સમક્ષ ધા નાખી, પણ નિષ્ફળ. ટૂંકમાં આ રીતની એની કરુણ કથની છે. એની પ્રત્યે સહુએ હમદર્દી દાખવી છે, પરંતુ પોતાના વહાલસોયા બાળકને મળવા માટેની સુવિધા કરવા માટે કોઈએ મદદ કરી નથી. ઉલટું એ બાળકને ભૂલી જવાની એ બાળકના હિતમાં સલાહ મળી. શ્રી મિનાક્ષીબેન મહેતાનો યક્ષ પ્રશ્ન છે: 'આ ક્રૂરતા નથી, શું?"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતા 'અભ્યાસ વર્તુળ'માં શ્રી મિનાક્ષીબેન આવ્યાનું મને સ્મરણ છે. એમનો વિષય હતો: "શિક્ષિતોના દાંપત્યજીવનની સમસ્યાઓ." એમણે એ વખતે એક બહુ સરસ વાત કરી હતી. લગ્ન એ વ્યક્તિનો અંગત પ્રશ્ન છે. આ બાબત વર્તમાન સંજોગોમાં એકાંગી છે. વ્યવહારમાં વાસ્તવિક રીતે વ્યક્તિ સંપૂર્ણપણે સ્વતંત્ર છે ખરી? મને લાગે છે કે પ્રત્યુત્તર નિષેધાત્મક છે, અને એ અંગે વિચારતાં વર્તમાન સમાજવ્યવસ્થા વિષે અને એના ઘડતરના ઈતિહાસ વિષે પણ વિચારવું આવશ્યક જણાય છે.

ભગવાન ઋષભદેવ અને તેની પહેલાંના સમયમાં ભાઈ-બહેનનું યુગલ સાથે જન્મતું અને તેના લગ્ન થતા. બન્નેના આયુષ્યની અવધિ પણ સાથે જ પૂરી થતી. ભગવાન મહાવીરના સમયમાં એમની પુત્રી પ્રિયદર્શિની અને એમના ભાણેજ જમાલિના લગ્ન થયા હતા. આજે મુસ્લિમોમાં મામા-ફોઈના ભાઈ બહેનના લગ્ન થાય છે અને દક્ષિણ ભારતની અમુક જ્ઞાતિમાં આજે પણ મામા-ભાણેજના લગ્ન થાય છે. પરંતુ આધ્યાત્મિક વિચારણા અને વિકાસને એકાંગી રીતે મહત્ત્વ આપવામાં સ્ત્રીને વિકાસ રુંધનારી માનવામાં આવી. આ સાથે જ ભાઈ-બહેનના પ્રેમને ઉચ્ચ કોટિમાં મૂકવા એ બન્ને વચ્ચે લગ્નનો નિષેધ કરવામાં આવ્યો. એ વખતે આ વાત સમાજનો દરેક વર્ગ સ્વીકારી શક્યો નહીં હોય, અલબત્ત, આજે આ બાબત અકારી

લાગે છે અને માયાની ફરિયાદમાં આ બાબત જ કારણભૂત હોય એમ મને લાગે છે. માયાને કોઈનો સહકાર મળતો નથી, એમાં આ બાબત પાયામાં હોય એવું આથી ફલિત થાય છે, અને એના આનુષંગિક પરિણામ રૂપે લગ્ન એ વ્યકિતની અંગત બાબત છે, એટલી જ એ સામાજિક બાબત પણ છે એમ કહી શકાય. એટલે જ લગ્નની બાબતમાં પણ, પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થામાં, વ્યકિત સંપૂર્ણપણે સ્વતંત્ર નથી.

માયાની ફરિયાદમાં એક પ્રશ્ન ઉદભવે છે અને તે એ કે બન્ને પિતરાઈ વચ્ચે 'પવિત્ર પ્રેમ' હતો કે કેમ? અલબત્ત, શ્રી મિનાક્ષીબેન કે મારી જેવા કોઈ પણ વાચક એમ કહી શકે કે પવિત્ર પ્રેમ હતો એટલે તો માયાએ ગર્ભને, કેટલીય મુશ્કેલીઓ વચ્ચે, પાંગરવા દીધો. અહીં પણ અર્ધસત્ય છે. અઢાર વર્ષની વયે બન્ને વચ્ચે 'પવિત્ર પ્રેમ' હતો કે વિજાતીય આકર્ષણ હતું એ વિચારવા જેવું છે. લગ્ન પહેલાં બન્નેએ સંયમ જાળવ્યો નથી એટલું જ નહિ પરંતુ માયાના પીતરાઈ ભાઈએ પ્રતિકૂળ સંજોગો વચ્ચે એ પ્રેમ નિભાવવાનું પણ વિચાર્યું નથી. એટલે કદાચ માયાનો પ્રેમ એકપક્ષીય પણ હોય, અને એ પ્રેમમાં વડીલાએ-સમાજે રૂકાવટ કરી તો એની સામે વિદ્રોહરૂપે આ ગર્ભને બાળકને પોષવા એ તૈયાર થઈ હોય એમ માનસશાસ્ત્રની દષ્ટિએ કહી શકાય.

આપણી રૂઢ થયેલી સમાજવ્યવસ્થા અંગે સામાન્ય માનવી સંવેદનશીલ નથી. એ સ્વીકૃત વ્યવસ્થા અનુસાર બધા ય માટે એક જ માપદંડ વાપરે છે. આવા સંજોગોમાં આ વાત બરાબર સ્ફૂટ થાય છે. પણ આ વ્યવસ્થામાં માયાને થયેલાં અન્યાયને વ્યાજબી (Justfiy) ઠરાવી શકાય ખરો? સ્વીકૃત સમાજવ્યવસ્થાથી વિરુદ્ધ વર્તનાર સાથે સમાજ આ રીતે–'દેશી રીતે' વર્તી શકે ખરો? આ પ્રશ્નનું યોગ્ય સમાધાન થતું નથી.

વર્તમાન સમાજવ્યવસ્થાથી પર થવું હોય તો અને શ્રી મિનાક્ષીબેન મહેતા લગનને અંગત પ્રશ્ન ગણે છે તેમ સ્વતંત્ર રીતે વર્તવું હોય તો તે યુવક કે યુવતીએ આત્મનિર્ભર થવું જોઈએ. વર્તમાન સમાજવ્યવસ્થાના લાભાલાભ જતા કરીને સ્વતંત્ર રીતે તો આવા અન્યાયનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. અન્ય દેશોમાં સ્વતંત્ર રીતે જીવનાર યુવાનો, વડીલો કે સમાજ પર, અવલંબિત નથી. અહીં પણ માયા પગભર હોત—વર્તમાન સમાજવ્યવસ્થાનાં એક ભાગ-આશ્રમના સહારાને બદલે સ્વતંત્રપણે રહી શકે એવી પરિસ્થિતિ હોત તો અન્યાયનો પ્રશ્ન ઉપસ્થિત ન થાત.

આ બધી બાબતો અંગે પૂરતી વિચારણા કરવાને હજુ ઘણો અવકાશ છે.

—પન્નાલાલ રસિકલાલ શાહ

# ભલાઈ

બંધુત્વની અથવા ભાઈચારાની ભાવના વિકસાવવા માટે ભલાઈ જેટલું બીજું કોઈ તત્ત્વ અસરકારક નથી. ભલાઈ અથવા ભલમનસાઈ એ એક એવું અમોઘ શસ્ત્ર છે કે, જેનાથી પરાસ્ત થયેલા શત્રુઓ મિત્રો બની જાય છે. આમ, અન્યનું પરિવર્તન કરવાનું સામર્થ્ય ભલાઈમાં છે. ( वसुधैव कुटुम्बकम् ) નો આદર્શ મૂર્તિમંત કરવો હોય તો ભલાઈનો વિનિયોગ કર્યા વગર ચાલે જ નહીં. જે ભલાઈનું શસ્ત્ર વાપરતો નથી તે પોતાના મિત્રોની સંખ્યા ઘટાડતો જાય છે અને જે એ શસ્ત્ર વાપરી જાણે છે તે શત્રુની સંખ્યા ઘટાડતો જાય છે.

ભલાઈ બતાવનાર માનવે પોતાના અહંકારને ગાળી નાખવો પડે છે. જો વ્યકિત અભિમાની હોય તો તેને ભલાઈ બતાવતી વખતે પોતાનું અભિમાન નડવાનું. અભિમાનને કારણે જો વ્યકિત પોતાનાં ગુણોનું કીર્તન કાર્ય કરે તો ભલાઈ વ્યકત કરવાની તેની શકિત કુંઠિત થઈ જાય છે. આ બાબતમાં વિવેકાનંદે પણ જણાવ્યું છે કે, આપણું ધ્યેય સંસાર પ્રત્યે ભલાઈ બતાવવાનું છે. છે, પોતાનાં ગુણોનું ગાન કરવાનું નહિ.'

સંસારના બધા માણસો ભલાઈ બતાવી શકતા નથી. ભલાઈથી વિરૂદ્ધ ગણાય એવી બુરાઈનું પ્રદર્શન બહુધા થતું જોવા મળે છે. બુરાઈ કરનારાઓ પ્રત્યે જોસેફ પાર્કરે જણાવ્યું છે કે, 'કદી કાદવ ઉછાળો નહિ, તેમ કરવાથી તમારા પોતાના જ હાથ મલિન થશે.'

ભલાઈ બતાવનારને ક્યારેક એવો અનુભવ પણ થાય કે, પોતાને ભલાઈનો યોગ્ય બદલો ન મળ્યો! પરંતુ, ભલાઈ જેવા ચમત્કારિક શાસ્ત્રની કિંમત તમે રૂપિયા પૈસામાં આંકશો? ભલાઈ કર્યાનો આનંદ એ જ તમારો બદલો નથી? વિલિયમ પેન નામના એક ચિંતકે જણાવ્યું છે કે, જે વ્યકિત ભલાઈથી પ્રેરિત થઈ કામ કરે છે તેને નથી પ્રશંસાની આશા કે નથી પુરસ્કારની આશા, જો કે પ્રશંસા અને પુરસ્કાર તેને કોઈને કોઈ રીતે ઈશ્વરી ન્યાય મુજબ મળી જ જાય છે.

ભલાઈ બનાવતી વખતે, તન, મન, વચન અને કર્મની ત્રિપુટી સહાય-રૂપ બને છે. મનનથી બીજાનું સારું ઈચ્છનારે પણ ભલાઈ બતાવી એમ ગણાય છે. આપણે ત્યાં ઘણા પ્રાચીન કાળથી સહુનું ભલું ઈચ્છવાની ભાવના વ્યકત થાય છે. (सर्वे सुखिन: सन्तु) એમ કહેવા પાછળ આ જ હેતુ રહેલો છે.

કોઈના દુ:ખના પ્રસંગે આશ્વાસનના બે શબ્દો કહીને પણ ભલાઈ બતાવી શકાય છે. કોઈ હતોત્સાહને પ્રેરણાના બે શબ્દો સંજીવનીની ગરજ સારે છે. તો કોઈના ઉત્સાહમાં અનેરો વધારો કરનારા પણ બે સારા શબ્દોનું ભાથું જ હોય છે.

શારીરિક રીતે પણ ભલમનસાઈ બનાવી શકાય છે. બતાવેલી ભલાઈને પ્રાણીઓ પણ ભૂલતાં નથી. હકીકતનો ખ્યાલ આપતી એક વાર્તામાં કહેવાયું છે કે, એન્ડ્રોકલીસ નામના એક માણસે સિંહના પંજાનો કાંટો કાઢી આપેલો જેથી તે સિંહ તેનો દિલોજાન દોસ્ત બન્યો. તો પછી માનવી પ્રત્યે બતાવવામાં આવેલી ભલાઈ વ્યર્થ કેમ જાય?

સેમ્યુઅલ સીલ્વર નામના એક લેખકે જણાવ્યુ છે કે, 'જગતનો સહુથી મોટો વણવપરાયેલો સંપત્તિ ભંડાર ભલાઈનો છે. આપણે એ સંપત્તિ-ભંડારને ઉપયોગમાં લેતાં શીખીશું તો ઉપર જણાવ્યું તેમ ભાઈચારાની ભાવના વિકસશે અને ધીમે ધીમે વેરઝેર નાબુદ થતાં આ જગત વધારે સુંદર બનશે. આપણે સહુ, આ વણવપરાયેલ ભંડારનો ઉપયોગ કરી જીવન જીવતાં થઈએ એ જ અભ્યર્થના!

– અરુણ શાં. જોષી

## રાત્રે ચોપડી બાજુ ઉપર મૂકી

રાત્રે ચોપડી બાજુ ઉપર મૂકી
લાઈટ બંધ કરી
આંખો મીંચું છું
કે તરત ઊડવા માંડે છે એક પંખી
મારી ભીતર.

અનંત ઊંડાણ સુધી ચક્કર લગાવી
પાછું આવે છે કેટલીક વાર.
તો કેટલીક વાર એક જ સ્થળે
માર્યા કરે છે ચક્કર.
દરેક વખતે નથી જતો હું એની સાથે.

રહે છે તો ક્યાંક મારા શરીરમાં જ.
એ જ્યારે ઊડતું ઊડતું દૂર નીકળી જાય છે.
ત્યારે મારામાં અનંત ઊંડાણ જોતાં જોતાં
ગબડી પડું છું ક્યાંક હું ક્યારેક.

અલોપ થઈ જાય છે
સર્ચલાઈટ જેવા પ્રકાશતા
શબ્દોનાં કિરણોમાંથી છટકી જઈને એ.
ત્યારે મને શંકા થાય છે
મેં જોયેલા પંખીની હયાતી વિષે.

સુધીર દેસાઈ

# આત્મકથાના ટુકડા

### પ્રાર્થના

આ પુસ્તક લખવાનો મૂળ હેતુ પોતાના અનુભવનાં સૌને ભાગીદાર બનાવી શકાય એ છે. યુરોપ-આફ્રિકાની મુસાફરીના વર્ણન કરતાં મંથન ફાવે અને બહારની વસ્તુઓ કરતાં અંદરનો અનુભવ ગમે. નાનપણનાં અને યૌવનનાં સ્થળો જોઈને હૃદયમાં કેવા પ્રતિભાવ જાગે તે દર્શાવવાનો પ્રયત્ન છે. વાતો અને અનુભવનાં ટુકડાને જોડનાર તંતુ તો શ્રદ્ધા છે ભગવાનમાં શ્રદ્ધા છે. અને નાનપણમાં હતી. જીવનમાં સૌની શ્રદ્ધા વધે એ લખવાનો હેતુ છે.

### વ્યથા

હું પ્રાર્થનામાં ભગવાનને કંઈક કહું ત્યારે અનેક વખત ભગવાન સામેથી જવાબ આપે છે એવો ભાસ થાય છે. ભગવાને કહ્યું કે "તું આ વર્ષે બાને મળવા જરૂર તારે ઘેર જઈશ." એવો સંદેશો આવ્યો. પત્રો આવતા તેમાં એક રીતસરનું ઝામ્બીયા જવાનું આમંત્રણ આવ્યું. મુસાફરી માટે તૈયારી થઈ ગઈ હતી પણ ટીકીટ છેક સુધી ત્યાંથી કહ્યા પ્રમાણે આવી નહિ. આ એક કસોટી હતી. એમ લાગ્યું કે શું હું આમંત્રણથી ફુલાઈ ગયો હોઈશ. (૨) તારો આધાર ભગવાન છે એ માનવામાં કચાશ હશે. (૩) દુઃખ વિના સુખ નહિ. ટ્રાવેલ એજન્ટે તેના જોખમે પૈસા ભરીને મારી ટીકીટ કઢાવી અને પ્રવાસ શરૂ થયા પછી ત્રણ દિવસે ટીકીટ આવી પહોંચી.

### સંકલ્પ

મને તો ભગવાન વિષે "ધર્મ પ્રાર્થના અને ભકિત જ પ્રિય છે." એમ બોલવું ગમે. ઉચ્ચ પરદેશી અધિકારીની મુલાકાતે જતા સાંભળવા મળ્યું કે ભારતમાં હજી સંસ્કારો સંસ્કૃતિ ને નૈતિક ને ધાર્મિક મૂલ્યો છે. જૂના વિદ્યાર્થીઓએ ખુબ પ્રેમ દાખવ્યો અને સહયોગ આપી. પરદેશમાં રહેતા ગુજરાતીઓની મુશ્કેલીઓનો ખ્યાલ આવ્યો અને તેમને પરદેશમાં એકલું રહેવું પડે છે માટે ગમતું નથી. ઈશ્વરનું સ્મરણ અને લોકોનાં પ્રેમ ઉપરથી પ્રબળ સંકલ્પ જાગતો કે હે પ્રભુ મારું જીવન પવિત્ર બનાવો. તારી આટલી કૃપા છે તો હવે વિલંબ નહિ ચાલે.

### શ્રદ્ધા

વિમાનમાં બેઠો પછી સામાનની ચિંતા થઈ. ઉડ્ડયન બદલાયાથી આમ થયું. ઉતરતાં જ સામાન મળી ગયો અને ભગવાનને વારંવાર યાદ કરવાની જરૂર છે એમ આ પરથી સમજાયું. આવા પ્રસંગો તેમની યાદ દેવરાવે છે.

### કુદરત

જંગલમાં વૃક્ષો ઉપર બાંધેલી એક જગવિખ્યાત હોટેલ હતી. દુનિયાનાં ધનાઢ્યો અને આધુનિક જીવનરસિકો એક રાત ત્યાં ગાળવામાં ગર્વ અનુભવે છે. આવી જગ્યામાં એક રાતવાસો કર્યો અને ભાઈને પત્ર લખ્યો. ભગત થયાનો શું ઓછો લાભ છે?"

(સાંપડ્યું ભોગવવું, વાંછવું નહિ)

### આશાવાદી

મારા ભાષણો ઉપરથી અને લખાણોમાં હું આશાવાદી છું એમ લાગે છે. આનું મૂળ કારણ તો ભગવાન ઉપરની શ્રદ્ધા. આખી દુનિયાની પાછળ ભગવાનનો હાથ છે. શ્રદ્ધામાં સાચા આનંદનું બીજ છે. મુસાફરીમાં રસ્તો ભુલાવવા, પુછ્યું, તેણે ખોટો જવાબ આપ્યો. પણ છેવટે ચક્કર ફરીને સાચો રસ્તો મળ્યો. જિંદગી પણ એક જાતની મુસાફરી જ છે ને:? માટે, પળે પળે, શું કરવાનું હતું એનું પ્રેમાળ આયોજન કરવામાં આવ્યું હતું.

### વૈરાગ્ય

જે ઘરમાં હું મહેમાન થયો હતો ત્યાં ચોરી થઈ. મારા પાસપોર્ટ તથા વ્યાખ્યાનોની નોંધની મને ચિંતા થઈ. પણ મારી બેગ સલામત હતી અને અંદરનાં કાગળીયા અકબંધ હતા. આ એક ક્ષણની પીડાથી વિવિધ પ્રવૃત્તિઓ ઉપરનો વૈરાગ્ય થયો. ભૌતિક વસ્તુઓ ઉપરનો મોહ ઓછો થયો. શુભ મુહૂર્ત જોઈને વિદાય લેવી એમ કહેવામાં આવ્યું પણ મારે મન બધા દિવસ સરખાં અને બધી ઘડીઓ શુભ ઘડી. મારું સ્મરણ તમને રહે અને ભગવાન ઉપરની મારી શ્રદ્ધા અને તમારા માટે સાચો વ્યકિતગત પ્રેમ રહે, એમ હું ઈચ્છું.

### ભેટ

મારું જીવન સાદું, અપરિગ્રહનું વ્રત છે, મોટાભાઈ સાથે બીજી જાતનું વૈભવશાળી જીવન જીવવાનો પ્રસંગ આવ્યો. પૈસાની છૂટ, જીવવાની સૂઝ હતી તેથી મને સુખ સખગવડનો સ્વાદ ચાખવાનું કહેવામાં આવ્યું. સંન્યાસ લીધો અને સંસાર છોડયો, પણ વિમાનની ટિકિટની ભેટ આવી. બન્ને દુનિયામાં રહેવાનું મને ફાવી ગયું. એર ઈન્ડિયાનાં જમ્બોના ફર્સ્ટ ક્લાસમાં ફરવાનું અને અમદાવાદની પોળોમાં ખીચડી ખાવાનું. પેરિસની રેસ્ટોરાંમાં બિલ જોઈએ તો ચક્કર ચડે અને "ત્યાગમાં ભોગ આવે, ત્યારે ત્યાગ વધારે સાર્થક થાય" સામાન્ય જીવન સાદાઈનું, પણ સુખ સગવડનાં થોડા પ્રસંગો આવે તો તેથી ભડકવું નહિ. (સાંપડ્યું ભોગવવું?) ઘેર જઈને કહ્યું કે. બા, જો તારા માટે શું શું લાવ્યો છું? કેટલી ભેટો? બાએ કહ્યું. "સારામાં સારી ભેટ તો તું જ છે ને?"

### બા-બાપુજી

બાપુજીના સ્વર્ગવાસથી બા દુઃખી થયા હતા. પ્રાર્થના કરતાં, કે હે ભગવાન મારા બે છોકરાઓનો બાપ હવે 'તમેજ છો.' બાની પ્રાર્થનાને યશ આપુ છું અને તેથી પણ ઈશ્વર કૃપાથી જ એમ બન્યું. બાઈબલનું ભજન ગાયું અને પ્રાર્થના પુસ્તક બાને ભેટ આપ્યું તેથી બાને લાગ્યું કે પ્રાર્થનામાં નવો પ્રાણ આવ્યો.

બાપુજી મુખ્ય એન્જિનિયર હતાં. એક મોટો બંધ બંધાવતા હતા ત્યારે કેન્સરથી એમનું મૃત્યુ થયું. અમને, બધા એન્જિનિયરનાં દીકરાઓ તરીકે ઓળખતા. મુખ્ય એન્જીનીઅર આવ્યા અને કહ્યું કે તેઓ બાપુજીની ઓફિસમાં કામ કરતા હતા અને અમને આળખતા હતા. બાએ કહ્યું કે "કામ કરો તો સારું કરો. સજ્જન તરીકે વર્તો. સિમેન્ટનાં બંધ કરતાં એ વધારે ટકાઉ છે. કુટુંબને ઘર છોડવું પડ્યું. બધું લુંટાઈ ગયું. બાએ નાતાલમાં અમને બન્ને ભાઈઓને દસ પૈસાની બે નાની સામાન્ય પેન્સિલ ખરીદીને આપી કહ્યું "આ લ્યો, અને મારા આશીર્વાદ સાથે વાપરજો." એ પેન્સિલ આજે હોત તો હું એની પૂજા કરત.

### મોટાભાઈ

મને મોટાભાઈ કહેતા, કે બાપુજીએ કહ્યું છે, કે ભણવામાં બરાબર ધ્યાન રાખવું. મહેનત કર્યા વગર નહિ ચાલે. દરેક વર્ષમાં શિષ્યવૃત્તિઓ મેળવીને અમારું ખર્ચ કાઢતા. પૈસાની બાબતમાં હું જેટલો ઠોઠ રહ્યો તેટલો મારો મોટાભાઈ નિષ્ણાત નિવડ્યો. આંતરરાષ્ટ્રીય વેપારી કરારો એ સફળતાથી પાર પાડતો. અને મને કહેતો કે કરાર હોય તો તેમાં બન્ને પક્ષ જીતે, બન્નેને લાભ થાય. જેટલા આપણા તેટલાં તેમનાં હિતો સાચવીને ખુશ થાય. "બીજા દેશને લૂંટીને આપણે થોડા જ આપણા દેશનું ભલું કરવાનાં હતા?" મિલિયન ડોલરનો સોદો થયો પણ "સહી કરતાં અમારું વચન મોંઘું" "બાપુજી એન્જીનીયર હતા પણ મોટાભાઈ નીચે હજાર જેટલા એન્જિનિયરો કામ કરતાં. તેઓ એન્જિનિયરોનાં પણ એન્જિનિયર થયા. કુટુંબની જવાબદારી માથે લીધી. એમાં જ એની મોટાઈ છે.

### ગૃહત્યાગ

લોયોલામાં ગૃહત્યાગ કરીને સન્યાસ સંઘમાં પાંત્રીસ વર્ષ પહેલા જોડાયેલો. પંદર વર્ષની ઉમ્મર હતી. હવે પચાસ વર્ષે ફરી ત્યાં ગયો. ભગવાને કેટલો ઉપકર કર્યો અને મારા જીવનની દિશા બદલી. એમ નહોત તો હું એક સામાન્ય એન્જિનિયર હોત, અને સામાન્ય જિન્દગી ગાળતો હોત. ભગવાનની નજીક જવાની ઉત્તમ તક મળી. ઈગ્નેશસ લોયોલા એક ગઢના સેનાપતિ હતાં. યુદ્ધમાં દુશ્મનોની ગોળીથી એમનો પગ ભાંગ્યો અને રાજમહેલમાં આરામ કરતાં કરતાં પુસ્તકો વાંચતા ધાર્મીક વાચન થયું. પગ સંધાયો. સંસારી ભૂતકાળનાં ઘા રુઝાયા અને સર્વસ્વનો ત્યાગ કરીને સાધનાને પંથે વળ્યા. પોતાનું જીવન ભગવાનને અર્પણ કર્યું. મેં પણ એમ કરવાનો નિશ્ચય કર્યો. એ જ

ઉપાસના-ખંડમાં બેસીને મોટાભાઈ સાથે વિદાય પછીનું આ મિલન થયું. ગૃહત્યાગ કર્યો હતો પણ માતાનો ત્યાગ કર્યો ન હતો. એમનાં અને ભગવાનનાં પ્રેમનો લાભ મળ્યા જ કરતો.

### દેશત્યાગ

સન્યાસ સંઘમાં જોડાયા પછી અમારા જીવનમાં ભગવાનની જ વાત હતી. ભગવાનને માટે શું કરીએ એ જ વાતો અને અભ્યાસ. ભાવિ તાલીમાર્થીઓના પ્રાધ્યાપક અને માર્ગદર્શક તરીકે મારે તૈયાર થવું હતું, થવાનું હતું. જે કામ સોંપે તે કરવાનું. સંઘનું કામ દેશ-વિદેશમાં થાય છે. આવા કામમાં અભિમાન ચડે તો સાધના બગડે. વિદેશમાં કોઈ ન ઓળખે, કોઈ બહુમાન ન કરે. નવી ભાષા, નવી સંસ્કૃતિ. આધ્યાત્મિક પ્રગતિ માટે ઉત્તમ. માટે મારે દેશત્યાગ કરવો એમ વિચાર્યું; મારી શક્તિઓ અને આવડતને ઓછો અવકાશ મળશે, અને ઓછી સફળતા થશે અને આમ સેવા થશે, સાધના થશે અને નમ્રતા રહેશે. ગુજરાત પ્રાન્તમાં અમદાવાદ શહેરમાં એક નવી ઝેવીયર્સ કોલેજ ખોલવાની હતી. ત્યાં પ્રાધ્યાપક તરીકે મારી નિમણૂંક કરવામાં આવી. માબાપની પસંદ કરેલી યોગ્ય કન્યા સાથે આજ્ઞાંકિત દીકરો પરણે, અને સુખી થાય તેમ હું અમદાવાદ અને ગુજરાતનાં પ્રેમમાં પડયો. આજ્ઞાપાલનથી હું સુખી થયો અને ભારતમાં મારું રહેવાનું ભગવાનનું એક મોટું વરદાન માનું છું.

### સેતુ

ગાંધીજી વિશે વાંચ્યું હતું પણ ગુજરાતી શીખીને મેં એમની આત્મકથા વાંચી ત્યારે એમને સંત તરીકે ઓળખ્યા. મેં એક અનોખું વ્યક્તિત્વ જોયું અને યુરોપમાં શ્રોતાઓમાં તેમની વાતો કરતાં દિલની લાગણીથી બોલી શકતો. ખાનગીમાં અને જાહેરમાં બોલતો કે ચર્ચા કરવાથી વધતી ગેરસમજ, સાથે જીવવાથી, દૂર થાય. જે પ્રત્યક્ષ અનુભવ મને થયો એની પરોક્ષ પ્રતીતિ કરાવવા મેં યુરોપમાં પ્રયત્ન કર્યો. કલ્પનામાં જાણે તેમને અમદાવાદ જ લઈ આવું છું એમ થતું. પ્રવચનો થાય અને શ્રોતાઓ વિખેરાય. એક યુવાન એક દિવસ બાજુએ શાન્તિથી ઊભો અને રાહ જોતો એ એકલો રહ્યો, ત્યારે મારી પાસે આવ્યો અને કહ્યું કે એ ત્રણ વર્ષથી નેવલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે, તેને સ્પેનિશ ભાષા આવડે છે અને મારું પ્રવચન સાંભળીને તેને ભારતીય હોવાનો ગર્વ થયો. એ ત્યાંથી ગયો અને મને થયું [illegible] આખી વિદેશયાત્રા ત્યાં જ કૃતાર્થ થઈ ગઈ હતી.

### નાનાજી

મારા નાનાજી સ્પેનની સર્વોચ્ચ અદાલતનાં વડા ન્યાયાધીશ હતા. પાકી ઉમ્મરે તટસ્થ નિરીક્ષણ કરતાં. આપવીતીનો સાર કાઢતા અને તેમને સમજાયું કે સાચું સુખ કયાં છે અને સાચો આનંદ શેમાં મળે છે. મારા સંન્યાસ લેવાથી તેમને ખૂબ દુઃખ થયું હતું. છેવટે એમણે મને એક પત્ર લખ્યો અને જણાવ્યું કે પૌત્રો-પૌત્રીઓમાં જિંદગીમાં સારામાં સારો રસ્તો પસંદ કરનાર હું જ હતો અને મારા માટે એ ગૌરવ અનુભવતા અને માનતા કે કુટુંબને ઉજાળનાર હું છું અને એમને મારે માટે ખુબ સંતોષ હતો. એક કિસ્સો ભાઈ-બહેન વચ્ચે મિલકતની વહેંચણી માટે અબોલા હતા. મને, જોઈને ગ્લાનિ થઈ કે બિનજરૂરી વધારાનાં પૈસા મેળવવાનાં લોભને લીધે સગા ભાઈબહેન વચ્ચે અબોલાનું વેર થઈ ગયું હું કોને સમજાવું? એક પૈસા આપવા તૈયાર નથી અને બહેન લોભ છોડવા તૈયાર નથી, મને ગ્લાનિ થઈ. આથી બોધપાઠ મળ્યો. સગાંઓમાં દુઃખ અને કસોટી જોઈને મને સંકોચ થતો કે હું પોતે આનંદમાં છું. મારા સગાઓ કહેતાં કે મારો રસ્તો સાચો છે. હું કહેતો દરેકનો રસ્તો સાચો છે. સુખ દુઃખ દરેકને છે, પણ આપણે સરખામણી ન કરીએ. ઈર્ષ્યા ન કરીએ, વસવસો ન કરીએ અને માનીએ કે જેવા છીએ તેવા સારાં છીએ, તો તેમાં સૌનો આનંદ છે. દરેકનાં રસ્તાની કદર કરીને મારે રસ્તે આગળ વધું છું.

### સંગીત

સંગીતના શોખને લીધે સારી રેકર્ડ મોટી સંખ્યામાં વસાવી હતી. મોટા સંગીતકારોની કૃતિઓ મને મોઢે હતી. અને કોઈ વાર આમ કહું કે બીથોવનની સાતમી સિમ્ફોનીના ત્રીજા ભાગનો પહેલો રાગ, પાછો કોઈ ગાય તો કહું "મોઝાર્ટની 'સ' ઉપરની સોનાટાનાં વચલા ભાગનો અંતિમ રાગ" આમ અમારા વચ્ચે સંગીતનો વાર્તાલાપ થતો.

### પત્ર

ભારતથી પત્ર આવ્યો. બાને ખુબ પ્રેમથી તેડાવવાનો. સૌથી પ્રથમ તેમને ત્યાં રહેવાનો આગ્રહ ખૂબ સેવા કરવાનો ભાવ: બા કહે હું અહીં દૂર છું. ભાષા જુદી છે અને કહે, કે એ લોકો સારા છે તે સારું. આ એક લાંબી તપશ્ચર્યાનાં ફળ છે. લોકો ફકત ફળ જુએ છે, નીચેનાં મૂળ જોતા નથી. ભગવાન લોકોને સુખ દુઃખ આપે અમને ભગવાને પહેલાં દુઃખ આપ્યું, પણ પછી સુખ આપ્યું. ખેડૂત પાક જુએ અને તે હરખાય. પણ તેની પાછળ કેટલી મહેનત, ચિંતા અને સાધના પડયાં છે એ જોતાં સાત્ત્વિક આનંદ થાય. એવા પાકથી મળતા પૈસા વેડફી ન નખાય. હવે જીવન જીવવાની કિંમત સમજાય છે. મહામુલાં પાક છે એની પાછળ બાની સાધના છે. હું વ્યાખ્યાન પુરું કરું અને એક બહેન બોલ્યા કે "પ્રશ્ન નથી પૂછતી પણ જેણે આપને જન્મ આપ્યો અને મોટા કર્યા તે માતાને મારાં વંદન" એ મોટા ખંડનાં એક ખૂણામાં શાન્તિથી બેઠેલા બાની પાસે એ સંદેશો પહોંચી ચુકયો હતો છતાં મેં કહ્યું કે તેની લાગણી અને અભિનંદન હું જણાવીશ."

### વિદાય

ઈસુનાં જીવનમાં એક હૃદયસ્પર્શી પ્રસંગ છે કે પોતે ફાંસીએ લટકીને પ્રાણ છોડવાની તૈયારીમાં હતાં ત્યારે સામે પોતાની માતાને જોઈને, પોતાનું દુઃખ ભુલી જઈને, જતાં જતાં માતાને માટે વ્યવસ્થા કરવાનું વિચાર્યું. એક પ્રિય શિષ્યને કહ્યું "લો, હવેથી આ તારી માતા છે. વિદાય વેળાએ, મેં આ પ્રસંગ યાદ કર્યો અને ઈશ્વરને કહ્યું કે હું પાછો જાઉં છું અને બાની જવાબદારી ભગવાનને સોંપીને જાઉં છું. યાત્રાની વિધિઓ થઈ. એક ઘર છોડયું અને બીજું ઘર મળશે. એવી કલ્પના કરી.

### તારા હાથની બનાવટ

શરૂ કર્યું તે પુરું કરનાર ભગવાન જ છે. ભગવાન કોઈને છેતરતો નથી. કોઈને ખોટું લગાડતો નથી. ભગવાનની યોજનામાં મને શ્રદ્ધા છે. અર્ધે રસ્તેથી બોલવાની હિંમત છે. અધુરું જીવન છે, અધુરી સાધના છે. ધામ હજી ઘણાં દૂર છે. ઘણા જોખમો છે, ત્યારે મુસાફરીનો આનંદ સંભળાવી શકું છું. ચાલવાની સ્ફૂર્તિમાં શું ઓછી મજા હોય? આગળ ઉપર શું થશે તેની ખબર નથી. પણ એની ચિંતા પણ નથી. નાની મુસાફરી તો લાંબી મુસાફરીનો સંકેત છે, એક વૃદ્ધ જ્ઞાની ફાધરે કહ્યું હતું એક ગુરૂવાકય "હવે યાદ રાખજે, કે ભગવાન, તારા હાથની બનાવટ, તું અધુરી મુકીને વચ્ચેથી છોડીશ નહિ".

**સંકલન: ડો. કે. એન. કામદાર** **ફાધર વાલેસ**

## પ્રયત્ન કરો અને મળશે

સાચી રીતે પ્રયત્ન કરો અને તમને મનવાંચ્છિત મળી રહેશે; વિશ્વાસ રાખો અને અંતે તમારો વિશ્વાસ સાચો પડશે.

—શ્રી અરવિંદ

તમને જ્યારે એમ ખાતરી થાય કે, તમે જે જાણો છો તે હજી જે જાણવાનું બાકી છે તેની સરખામણીમાં કાંઈ જ નથી; તમને લાગે કે તમે જે કંઈ કર્યું છે તે, હજી કરવાનું બાકી છે. તેનું માત્ર આરંભબિંદુ છે; તમને જ્યારે ભવિષ્યકાળ હજી સિદ્ધ કરવાની શક્યતાઓ વડે એક ચળકતા સૂર્ય જેવો લાગે છે; ત્યારે તમે પૃથ્વી ઉપર ભલે ગમે તેટલાં વર્ષ વિતાવ્યાં હોય તો પણ તમે યુવાન છો.

—શ્રી માતાજી

શાળાની ચાર દીવાલો વચ્ચેનું ફરજિયાત શિક્ષણ એ બાળકની સર્વ કુદરતી શક્તિને કુંઠિત કરનારું, તેની અવ્યક્ત સર્જનશક્તિનું દમન કરનારું અને સામાજિક ચિંતાઓ વધારનારું બળ છે.

— પાઉલ ગુડમેન

# ✻ નિરધાર ✻

નામ એનું જેના લોહીમાં જ જાણે કે નૃત્ય, નાનપણથી જ નાચે છે. સમય જતાં પોતે જ નવા નવા બેલે સર્જે છે, બેલે પર બેલે સર્જાયે જાય છે, જનતાને મુગ્ધ કરતી જાય છે, અને એક પછી એક સિદ્ધિના સોપાન સર કરતી જાય છે એક ડાન્સ બેલે પુરજોસમાં ચાલી રહ્યો છે ત્યાં જ બીજાની તૈયારી ચાલી રહી છે, એ ડાન્સ બેલે ખળભળાટ મચાવી દેશે તેની જેનીને ખાત્રી છે, સંપૂર્ણ તૈયાર થતાં જ એ આખી ટૂકડી પરદેશ લઈ જવાની છે, જ્યાં એના અનેક શો નક્કી થઈ ગયા છે, જેનીના ઉત્સાહ અને ઉમંગનો પાર નથી, એ તનથી અને મનથી નાચી રહી છે, થનગની રહી છે.

સાત વર્ષની ઉમ્મરેજ એ સ્ટેજ પર નૃત્ય કરતી થઈ ગઈ છે. એ નાચતી, એનું અંગે અંગ નાચતું, જોનાર એ જુલ્ફા વાળી બાળકીને નાચતા જોઈને મંત્રમુગ્ધ બની જતાં, એણે થોડો સમય ફિલ્મમાં પણ કામ કર્યું, પરન્તુ નૃત્ય એ જ એનું જીવન, એણે એમાં જ ઝંપલાવ્યું અને ૧૭ વર્ષની ઉમ્મરે તો આખા યુરોપમાં એનું નામ ગાજતું થયું.

નવો બેલે લગભગ પૂર્ણ થવા આવ્યો હતો, એ લઈને અમેરિકા જવાનું હતું, પૂરજોસમાં તૈયારી ચાલી રહી હતી. ડ્રેસ રીહર્સલ હતી, જેનીએ જરા આગળ પગ મૂક્યો, નૃત્યનો પોઝ લીધો ત્યાં જ સળગતી મીણબત્તી હતી, એના ટાઈટ કપડાને લાગી ગઈ, જેની દાઝવા લાગે ત્યાં જ બૂમ પડી, જેની તારાં કપડાં સળગે છે. એ દોડી, બચાવો બચાવોની બૂમ પાડી, પરન્તુ નાયલોનો કપડાં, ખૂબ ટાઈટ, શરીર સાથે ચોટી ગયા, આગ તો થોડી જ વારમાં બુઝાવી દીધી પરન્તુ એટલી વારમાં પણ જેનીનો ચહેરો અને ગરદન સિવાયનો બધો જ ભાગ સખત રીતે દાઝી ગયો હતો.

જેનીની ઉમ્મર આ સમયે લગભગ ૩૭ વર્ષની, પરન્તુ જોતા ૨૫ની પણ લાગે નહિ, એવી એ જેનીનું આટલું બળેલું શરીર જોઈને ડોકટરોને લાગ્યું કે, જેની જીવશે જ નહિ. જેની ડોકટરોના મોંના ભાવ જોતી, સમજતી અને ભાનમાં હતી ત્યાં સુધી એ બોલતી જ રહી હતી. ડોકટર મારે જીવવું છે. મારે હજી ઘણું નાચવું છે. હું મરવા માગતી નથી. ઈશ્વર મને જીવાડશે જ.

એ પછી તો બેભાન જ થઈ ગઈ હતી. બેભાન અવસ્થામાં પણ વેદાનાની ચીસો મારતી. પેલા નાયલોનના કપડાં એના શરીર પરથી દૂર કરતાં સાથે આખા શરીરની ચામડી પણ ઉતરડાઈ ગઈ. કેટલા દિવસે ભાનમાં આવતા, પોતાને શું થયું છે તેનું દુ:ખ નહિ, દુ:ખ, ચિંતા, એક જ વાતની, નવા બેલેનું હવે શું? ટૂરનું શું? નક્કી કરેલા કાર્યક્રમનું શું?

ઘેનની દવા આપીને સુવાડી રાખે ત્યાં સુધી જ શાન્ત રહી શકતી, બાકી તો વેદનાની કારમી ચીસો જ મારતી. નર્સ પાટા બદલતી ત્યારે તો અનહદ વેદના થતી, નર્સ કે જેણે આ જેનીના બેલે જોયા હતા, તે પણ એની કારમી વેદના જોઈને કંપી ઊઠતી. પત્રોનો ઢગલો થતો, લોકો એ જેની માટે ગમે તે કરવા તૈયાર હતા. ધન આપવા, લોહી આપવા, કહો તે કરવા. એક બાઈએ તો પત્ર લખ્યો, સાથે જેની પર ફૂલ ખીલે, તે ડાળીઓ મોકલીને લખ્યું કે, બેટી જેની, ફૂલ તો હજુ થયા નથી, તેથી આજ પાઠવું છું, ઘરડી મા જેવીના આશીર્વાદ સાથે, આ લાગણી પ્યાર જેનીના ઘા પર મલમનું કામ કરતા અને સાચે જ એનો નિરધાર મક્કમ થતો કે જીવવું છે જ, અને ફરી નાચવું પણ છે.

જેની જ્યારે જીવવાનો અને નાચવાનો નિરધાર કરી રહી હતી ત્યારે ડોકટરો મનમાં કહેતા કે ચોવીસ કલાક પણ ભાગ્યે જ કાઢશે! પરન્તુ ડોકટર એ માનવ છે, ઐની ઉપરવાળો ઈશ્વર છે, અને ધાર્યું તો એનું જ થવાનું છે ને?

ધીરે ધીરે સ્થિતિ સુધરતી ચાલી, ચામડી ગ્રાફ્ટ કરવાનો સમય આવ્યો. ત્યારે પ્રશ્ન થયો કે, ચામડી કોની લેવી? જેનીનું આખું શરીર બળી ગયું હતું તેથી એની ચામડીનો કોઈ ભાગ તો લેવાય એમ હતું જ નહિ. તો કોની લેવી? અને અન્યની ત્વચા જેનીનું શરીર સ્વીકારશે કે ફેંકી દેશે તે પણ પ્રશ્ન હતો જ, ઉપરાંત ઈનફેક્શનનો ભય હતો, છતાં ત્વચા તો લેવી જ રહી, જોખમ ખેડીને પણ અને અંતે બે વ્યક્તિઓની ત્વચા જેની માટે બરાબર લાગી, તેમની ત્વચા લેવાનું નક્કી કર્યું અને એ બે પણ જેનીના મિત્રો જ હતા.

અકસ્માતના એક મહિના પછી એને ઓપરેશન થિયેટરમાં લઈ ગયા, સ્કીન ગ્રાફ્ટ કરી, એમાં ચાર કલાક લાગ્યા, સાધારણ રીતે આવા ઓપરેશન પછી દરદી ઘેનમાં ઊંઘી જાય છે, પરન્તુ જેની જાગૃત હતી, એણે તો ચા માંગી. બેન્ડેજ દૂર કર્યા ત્યારે જોયું કે, સ્કીન બરાબર લાગી ગઈ હતી. એ જોઈને અકસ્માત પછી ૪૦ દિવસે ડોકટરોને લાગ્યું કે એ જીવી તો જશે જ પરન્તુ અને એ પરન્તુ પાછળની જે વાત હતી, તે જેની માટે આઘાત જનક હતી. જીવી જશે પણ જેની નાચી શકશે નહિ. અને જેનીએ કહ્યું તો પછી જીવવાનો અર્થ જ શો છે? બળેલા ભાગ સખત થઈ ગયા હતા, ચામડી ખેંચાઈને તંગ થઈ ગઈ હતી. હવે એનામાં સપલનેસ આવી શકે એમ નહોતું. અંગ ઉપાંગ ધાર્યા વાળી શકે એમ પણ નહોતી અને સરખી રીતે ચાલવું જ જ્યાં અસંભવ હતું ત્યાં નાચવાની વાત કેવી? પરન્તુ ...

અને આ પરન્તુ પાછળ જેનીનો નિર્ધાર હતો. એણે બિછાનામાં સુતા જ સુતા જ કહ્યું, ડોકટર હું નાચીશ જ, અને હજુ તો બિછાનામાં જ હતી, ત્યાં જ કસરત શરૂ કરી દીધી, હાથ પગ હલાવવા લાગી અને જે રીતે, જે ઉત્સાહથી એણે કસરત શરૂ કરી, તે જોઈને એની ખાસ નર્સ બોલી ઊઠી, જેની તું જરૂર નાચીશ, જરૂર નાચીશ, અને જ્યારે તારું પહેલું નૃત્ય તખ્તા પર થશે ત્યારે હું ખાસ જોવા આવીશ. પરન્તુ ...

પરન્તુ એ તો ઉત્સાહની વાત હતી, નિર્ધાર હશે, જ્યારે હકીકત જુદી જ હતી, કોઈ અંગ ઢીલા પડતા નહોતા, ચામડી ખેંચાતી હતી. હજુ તો ઘણા ગ્રાફ્ટ કરવાના બાકી હતા, ત્યાં નૃત્યનો પોઝ તો લઈ જ કઈ રીતે શકે?

આવી મુસીબતમાં પણ એણે તો પેલા નવા બેલેનો વિચાર કરવા માંડયો. તેની કોરીઓગ્રફી કરવા લાગી, અર્થાત એના જ વિચારમાં ડૂબી રહેવા લાગી, પરિણામે વેદનાને જરા વિસારવા પણ લાગી.

ડોકટરો એનું કામ કરવા લાગ્યા. શરીર એનું અને જેની એનું કામ કરવા લાગી. પાછળના ભાગમાં ચામડી ગ્રાફ્ટીંગ કરી ત્યારે તો પાંચ છ દાડા પેટ પર જ સૂઈ રહેવું પડયું. એ ખૂબ જ અકળાવનારી પોઝીશન હતી. છતાં જેનીએ એ પણ હસતા મોંએ સહી લીધું. અકસ્માત પછી પૂરા બે મહિને જેની પહેલી વાર ખુરશીમાં બેઠી તે પણ પાંચ સાત મિનિટ જ. બહુ બેસી ન શકી, એ જેની નાચવાના સ્વપ્ના સેવે એ કોઈ પણને અસંભવ જ લાગે ને? ધીરે ધીરે જરા ડગલા ભરવા લાગી, જરાક ઊભા રહેવાની શકિત આવી ત્યાં જ એની બહેન કે જે જેની સાથે જ નાચ કરતી હતી, એણે જેનીને કહ્યા વગર, જેનીના જીવનમાં નવ ઉત્સા જાગે, ચેતના જાગે, એ ખાતર જેની બહાર તખ્તા પર આવે અર્થાત એનો પબ્લિક એપિયરન્સ નક્કી કરી નાંખ્યો. અને જેના જ્યાં અનેકવાર નાચી હતી તે જ થિયેટર પર જેની આવશે તે જાણતાં જ થિયેટર પર જનતા ઊમટી પડી. જેનીને આ વાતથી આનંદ થયો તો સાથે ગભરાટ પણ થયો કે ઊભું નહિ રહી શકાય તો?

ડોકટરો અને નર્સની મદદથી હોસ્પિટલમાંથી થિયેટર પર જવા નીકળી, અકસ્માત પછી પૂરા ત્રણ મહિને ખૂબ લાંબુ ફ્રોક પહેરવું પડ્યું કારણ કે દાઝેલા ભાગ દેખાય તે સારું ન લાગે માટે.

એ થિયેટરમાં જવા નીકળી ત્યારે એની કાર એકલી ન હતી. એની સાથે બીજી લગભગ ૧૫ થી ૨૦ ગાડીઓ હતી, જેની તો જનતાના પ્યારમાં ડૂબી ગઈ હતી. થિયેટર આવ્યું જ્યાં જેની અનેક વાર નાચી હતી, થિયેટરનો મેનેજર દોડતો આવ્યો અને જેનીને પોતે જ હાથ પકડીને અંદર લઈ ગયો. હોલ ઠસોઠસ ભર્યો હતો. જેની સ્ટેજ પર આવી, થોડા ડગલા ચાલી, આગળ આવી જરા હસી ને તે ક્ષણે સમસ્ત પ્રેક્ષક વર્ગ ઊભો થઈ ગયો, જેનીને તાળીઓથી વધાવી લીધી, જેનીની આંખમાંથી મોતી સરી પડ્યા, ને પ્રેક્ષક વર્ગની પણ એ જ દશા હતી. બેક સ્ટેજ પર એના ચાહકો તરફથી, જનતા તરફથી ભેટ સોગાદોના ઢગલો થયો. અને એક

તેમાંથી અલગ થયેલ સર્જનશકિતઓ વચ્ચે જે વિશાળ ખાઈ–અંતર, બન્નેને સાંધી રાખતો જે તંતુ તે તુટી ગયો. બલ્કે, બન્ને એક બીજાથી દૂરને દૂર થતાં ગયા. આ જ કારણે તેના સર્જનમાં તેની દિવ્યતા દેખી શકાતી નથી, પામી શકાતી નથી, માણી કે અનુભવી શકાતી નથી; એટલે કે છૂટી પડેલી શકિત સ્વતંત્ર રીતે વર્તવા જતાં, પ્રકાશથી દૂરને દૂર જતાં અંધકારમય થઈ ગઈ, અંધકારમાં જ જામી ગઈ અને સ્વ-અસ્તિત્વ, સ્વ-તંત્રનું સંચાલન ગુમાવતી ગઈ. જેમ બરફ, કાળક્રમે પાણી રૂપે થઈ અંતે વરાળનું રૂપ ધારણ થવાથી બરફ તરીકેનું મૂળ તત્ત્વ કે, બરફ જ એ હોવાની ધારણશકિત, સંજ્ઞા, ગુણભાવ ગુમાવી દે છે તેવું થયું કંઈક કહેવાય; કારણ કે બન્નેની ગુણવત્તા જુદી પડી જાય છે– અને જેમ બરફ વરાળરૂપે થઈ જતાં, વરાળ તેનું આગવું બળ ઊભું કરી શકે છે, તેમ પ્રકાશની જ વિધવિધ શકિત પોતાનાથી વિખૂટી પડવાથી અંધકારમય કે અંધકારરૂપ થઈ જવાથી પોતાનું આગવુ જૂથ, આગવું બળ ઊભું કરી દે છે, કે જે આપણને સર્વત્ર જોવાં મળે જ છે. જેનાં બનેલ તત્ત્વોને આપણે અદિવ્ય, આસુરી, રાક્ષસી તત્ત્વો કે ભાવો કહીએ છીએ.

આમ દિવ્યપ્રેમમાંથી છૂટી પડેલ શકિત તિરસ્કાર, દ્વૈતભાવ, અહંકાર, હીંસા, ધૃણા વિગેરે ભાવોમાં પરિવર્તિત થઈ ગઈ. અમરતા, દિવ્યતાના તેમજ જ્ઞાન, શાંતિના ગુણો ગુમાવી બેઠી અને અરાજકતા, અશાંતિ રૂપે બધે ફેરવાઈને ફરીવળી એટલે જ આપણને રાધા શું, કૃષ્ણ શું, સાધના શું વિગેરે સમજી શકાતું નથી; કારણકે કરવું હતું સર્જન, નવસર્જન, દિવ્ય સર્જન પરંતુ અંતે થઈ ગયું શકિતનું વિલોપન, વિસર્જન, બલ્કે વિસ્મૃતિ! આમ ૐકારથી બ્રહ્માંડ છૂટું પડ્યું અને તેમાંથી પીંડ બ્રહ્માંડ સર્જાયુ, પરંતુ વિપરીત ગુણો સહિતનું. ચૈતન્યની જગ્યાએ જડત્વએ સ્થાન લીધું અને પ્રકાશની જગ્યાએ અંધકારે. અમરત્વની જગ્યાએ મૃત્યુએ અને જ્ઞાનની જગ્યાએ અજ્ઞાને. આનંદ દુ:ખમાં ફેરવાઈ ગયો. શાંતિ અશાંતિમાં પલટાઈ ગઈ.

કાળક્રમે પ્રભુનાં જેવું જ સર્જન કરવા એ દિવ્યશકિત ફરીથી પ્રકાશ અને પ્રેમનું પૂર્ણ સમર્પણ કરતી, પ્રભુમાંથી બહાર પડી. અંધકાર અને જડતત્ત્વમાં એ ફરીથી પ્રવેશી અને આપણી આ પૃથ્વી પર ઉત્ક્રાન્તિનો નવો તબક્કો શરૂ થયો. વનસ્પતિ, પક્ષી, પ્રાણીસૃષ્ટિ, માનવસૃષ્ટિઓ સર્જાઈ. પરંતુ પ્રભુનું સર્જન તો સ્વતંત્રતા પર મંડાયેલું છે, જબરદસ્તી પર નહીં. અને તેથી જ દિવ્યાંગ, પ્રકાશ કે જયોતવાળી પ્રભુને પૂર્ણ રીતે પ્રગટ કરતી અતિમાનવ સૃષ્ટિ તો જયારે પ્રભુનાં આવિર્ભાવ માટે મનુષ્યો સભાન રીતે સાધના કરવાને શકિતમાન બનશે ત્યારે જ જડતા અને અચેતનતાનું રૂપાંતર ચૈતન્યમાં, દિવ્યતામાં થશે, નહીંતર એ સતત "ભયંકર સંઘર્ષમાં" બધું જ સપડાયેલું, સળગતું જ રહેશે.

પ્રભુની ઈચ્છા, દિવ્યશકિત રાધાની ભાવના એવી નથી જ. એ તો બધાને પ્રભુ તરફ બાથ ભીડીને લઈ જવા માંગે છે જ, લઈ જાય છે. કારણ, રાધા એ પ્રભુ સ્વરૂપ, કૃષ્ણ સ્વરૂપ જ છે. રાધા અને કૃષ્ણ બન્ને એક જ છે. એમાં અદ્વૈત છે. રાધા એ સર્વેના હૃદયમાં રહેલી પ્રેમભરી દિવ્ય શકિત જે બધે જ પ્રભુનું સ્ફુલીંગ, સર્વત્ર દૈવી અંશ જોવાને ટેવાયલી હોય છે.

"ત્વમેવ માતા ચ પિતા...... મમ દેવ દેવ"– એ શ્લોક દ્વારા પણ મનુષ્યમાં રહેલ આત્મા કે રાધા શકિત જે પ્રભુ તરફ હંમેશા જ વળેલાં હોય છે. કે પ્રભુને જ પોતાનું સર્વસ્વ સમજે છે તે સુંદર રીતે સમજાવેલું છે. શરીર, મન, પ્રાણ અને આત્મા એ સર્વેને આપણે 'હું'–શરીરરૂપે માનીએ છીએ પરંતું આ ચારેય જુદા જુદા સ્વરૂપો છે. ચૈત્ય પુરુષ, પ્રભુનો સ્ફુલીંગ જે હંમેશાં જ પરમાત્મા તરફ વળેલો હોય છે અને જેના દ્વારા વિવિધ રૂપે યોગસાધના કરી શકાય છે. અવગુણનાં આવરણો, વિકૃતિભાવનાં વિકારો, વાસનામય વ્યવહારોથી ગુંગાળાઈને, રૂંધાઈને બેઠેલ આત્માને શરીરશુદ્ધિ, મન શુદ્ધિ, પ્રાણશુદ્ધિ, આત્મશુદ્ધિથી મુકત કરી શકાય છે. હકીકતમાં આત્મા તો મુકત જ છે. ફકત આપણે એની મુકત સ્થિતિમાં રહેતા થઈ જવાનું છે.

આ શુદ્ધિને પરિણામે આપણે 'અંતરનો સાદ', અંતરમાંથી ઊઠતો સ્પષ્ટ મીઠો દિવ્ય અવાજ સાંભળી શકીએ છીએ. તેનો દિવ્ય પ્રકાશ જોઈ શકીએ છીએ, પામી શકીએ છીએ.

પ્રભુ માટેની અભિપ્સા, તીવ્ર ઈચ્છા એ જ આ સાધનાને માર્ગે જવાનું પ્રથમ પગથિયું, એના વિનાની 'સત્યનિષ્ઠા' નિષ્ફળ જાય છે; અર્થહીન બની રહે છે. પ્રભુ પ્રત્યે વફાદારી હોવી પણ એટલી જ જરૂરી છે. વફાદારી એટલે પ્રભુ મિલન માટેની તીવ્ર ઈચ્છાને વશવર્તી 'સત્યનિષ્ઠાને આધારે જ વળગી રહેવાની અનન્ય પ્રેમભાવના, પકડ, લગન, ધૂન, આમ અભિપ્સા, સત્યનિષ્ઠા અને વફાદારી પછી ચોથું આવે છે સમર્પણ ભાવનું પગથિયું. શરીર, મન, પ્રાણ અને આત્માનું પ્રભુને, એની દિવ્ય શકિત–'મા'ને સંપૂર્ણ સમર્પણ.

આમ હકીકતમાં 'રાધાકૃષ્ણ' એક જ છે. દા. ત. હીરો અને એનો પ્રકાશ; પરસ્પર એક જ સ્વરૂપે છે. દ્વૈતભાવે રાધા અને કૃષ્ણ; પરંતુ પૂર્ણ ચૈતન્યમાં અદ્વૈત 'રાધાકૃષ્ણ' એક જ.

" उर्ध्वं मूलं अधः शाखा " એ ગીતાના શ્લોકાર્થ મુજબ આપણે મૂળ તરફ જવાનું છે. કૃષ્ણમાં રહેતો મૂળ શબ્દ 'કૃષ' એટલે આકર્ષવું, ખેંચાવું. કૃષ્ણના મૂળમાં રાધા શકિત તત્ત્વનું સ્વયં તરફનું આકર્ષવું અને તેની સ્વત્ત્વ રાધા-શકિતનું પરમતત્ત્વ તરફનું દિવ્ય, દૈવી ખેંચાણ આકર્ષણ. રાધા આરાધના કરે છે જેની તે શ્રીકૃષ્ણ પણ તેનો જ પૂર્ણ અંશ, કે જે દ્વારા વ્યકિત–સમષ્ટિના સહજ મિલનનો દિવ્ય આનંદ, દિવ્યજ્ઞાન, દિવ્યપ્રેમ–પરમતત્ત્વનો પ્રકાશ કે જે સહજ ભાવે પરખાય છે, અનુભવાય છે અને એ પરમતત્વ સાથે એકતા સધાય છે. જે સર્વ હિતાય, સર્વતો ભદ્રની ભાવનામાં જ પરિણમે છે. એટલે 'રાધાકૃષ્ણ'એ સ્રી પુરુષ એવી ભેદની ભાવના નથી પરંતુ અદ્વૈતભાવે આત્મા–પરમાત્મા એક જ છે અને જેના દ્વારા બન્નેનું એકબીજા પ્રત્યેનું જે સહજ દિવ્ય આકર્ષણ તે જ યોગસાધનાનો પાયો છે.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

–દામિની જરીવાલા

પ્રવચનની નોંધ: અરુણા દિવાન

# આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

★

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વખતે તા. ૧૯-૮-૭૯ થી ૨૭-૮-૭૯ સુધી એમ નવ દિવસ માટે યોજવામાં આવી છે.

નક્કી થયેલા વકતાઓના નામો નીચે પ્રમાણે છે.
સંપૂર્ણ કાર્યક્રમ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

વ્યાખ્યાતાઓ:

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨. ફાધર વાલેસ
૩. શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)
૪. આચાર્યશ્રી યશવંત શુકલ
૫. પ્રો. પુરુષોત્તમ માવલંકર
૬. ડૉ. રમણલાલ ચી. શાહ
૭. શ્રી અગરચંદજી નહાટા
૮. ડૉ. સુરેશ જોષી
૯. પ્રો. જયેન્દ્ર ત્રિવેદી
૧૦. ડૉ. નેમિચન્દ્ર જૈન
૧૧. પ્રો. ચન્દ્રકાન્ત બક્ષી
૧૨. પ્રો. મધુસૂદન પારેખ
૧૩. આચાર્યશ્રી કુંજવિહારી મહેતા
૧૪. શ્રીમતી દામિની જરીવાળા
૧૫. ડૉ. મૃદુલા મારફતિયા
૧૬. પ્રો. રજનીબહેન ધ્રુવ
૧૭. ડૉ. કુમારપાળ દેસાઈ
૧૮. શ્રી શશિકાન્ત મહેતા

આ વખતે સ્થળ બદલવાની ફરજ પડી છે. ભારતીય વિદ્યાભવનમાં રીપેરીંગ શરૂ થવાનું હોવાથી, આ વખતની વ્યાખ્યાનમાળા ચોપાટી ઉપર આવેલ બીરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવેલ છે તેની નોંધ લેવા વિનંતિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૬

મુંબઈ, ૧૬ જુલાઈ, ૧૯૭૯, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## માનવતાની ઓટ

ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર અને તેમનાં પત્ની, ૧૯૧૩માં આફ્રિકાના કોંગો દેશ ગયા અને સેવાનો યજ્ઞ આદર્યો. ઓગસ્ટ ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું અને ડૉ. સ્વાઈત્ઝર તથા તેમના પત્નીને કેદ કરવામાં આવ્યા. કારણકે તેઓ જર્મનીના વતની હતા અને કોંગો ફ્રેન્ચ વસાહત હતી. સ્થાનિક હબસીઓ આશ્ચર્યમાં પડી ગયા. સ્વાઈત્ઝર, ઈસુ ખ્રિસ્તનો પ્રેમનો સંદેશો લઈ ગયા હતા અને તેનો ઉપદેશ આપતા. હબસીઓ વિચારમાં પડ્યા કે આ ખ્રિસ્તીઓ કઈ જાતના કે એકબીજાના ગળા કાપે છે અને સ્વાઈત્ઝર જેવા પ્રેમના ફિરસ્તાને જેલમાં પૂરે છે. સ્વાઈત્ઝર પોતે વિચારમાં ડૂબી ગયા. સંસ્કૃતિનું - માનવતાનું, આવું પતન કેમ થયું? Why this decay of Civilisation ? તેનાં કારણો શોધવામાં પડયા. ઊંડા મંથન પછી સ્વાઈત્ઝરને કારણ જડયું. માનવી, જીવન પ્રત્યેનો આદર Reverence for life ગુમાવી બેઠો છે અને સ્વાઈત્ઝર જ્યારે જીવનની વાત કરે છે ત્યારે માત્ર માનવજીવનની જ નહિ પણ સમસ્ત પ્રાણીસૃષ્ટિની, કીડી અને કિટકથી માંડી માનવી સુધીની, કારણ કે, સ્વાઈત્ઝર માને છે કે, There is unity of life–જીવન એક છે. જીવસૃષ્ટિના કોઈ પણ એક અંગ - પશુ પક્ષી - પ્રત્યે માનવી ક્રૂર હશે તો એ ક્રૂરતા તેના અંતરમાં ઊતરવાની અને માનવી પ્રત્યે પણ તેને ક્રૂરતા બતાવશે. માનવીના જીવનની ધન્યતા અને કૃતાર્થતા, પ્રેમ અને કરુણામાં છે, તેમાં માનવતાનો વિકાસ છે.

સ્વાઈત્ઝર આજે હોત તો તેને શું થાત? દુનિયાના કેટલાય દેશોમાં માણસ પ્રત્યે જે અપાર ક્રૂરતાનું આચરણ થઈ રહ્યું છે તે જોઈ તેને શું લાગત? માનવીના સામાન્ય શોષણની વાત એક બાજુ રાખીએ, તે તો થતું આવ્યું છે અને થતું રહેશે. અહીં એવી ક્રૂરતા વિષે વિચારવું છે, કે જે અકલ્પ્ય અને ન સમજી શકાય એવી છે.

કેટલાક દેશોનો દાખલો લઈએ. કેમ્બોડીયા કાંપુચીયા - માં સામ્યવાદી શાસન આવ્યું પછી તેની પ્રજા ઉપર જે અકથ્ય અત્યાચારો થયા છે, તેથી દીલ કંપી ઊઠે છે. લાખો માણસોને ઘરબાર વિહોણાં કરી શહેરો છોડી ગામડાઓમાં જવાની ફરજ પાડી. શહેરો તારાજ થયા. લાખોનો સંહાર થયો. લાખો માણસો, પહેરે વસ્ત્રે, આ જુલ્મમાંથી બચવા દેશ છોડી ગયા અને વિદેશોમાં બેહાલ દશામાં રખડે છે. હવે વિયેટનામની સહાયથી આ પોલપોટ સરકારને હઠાવી, નવું શાસન આવ્યું છે. પણ પ્રજાના એ જ હાલ છે. એમ થાય કે, આ બધું શા માટે, પોતાની જ પ્રજા ઉપર કેમ્પુચીયામાં સદીઓથી બુદ્ધ ધર્મ છે. અંગોરવાટ જેવા દુનિયાના સર્વશ્રેષ્ઠ મન્દિરો ત્યાં છે. બુદ્ધ ધર્મની બધી અસર લુપ્ત થઈ?

હવે વિયેટનામમાં એ જ સ્થિતિ સર્જાઈ છે. ઉત્તર વિયેટનામની સામ્યવાદી સરકારે દક્ષિણ વિયેટનામ કબ્જે કર્યું ત્યાર પછી, ભયંકર અત્યાચારો શરૂ થયા છે. વિયેટનામમાં લગભગ દસ લાખ ચીની લોકો છે. ચીનાઓ જ્યાં હોય ત્યાં વ્યાપાર ઉદ્યોગ પોતાના હસ્તક કરે છે. વિયેટનામ અને ચીનને સદીઓથી વૈમનસ્ય છે. તાજેતરમાં ચીને વિયેટનામ ઉપર આક્રમણ કર્યું અને તેમાં નિષ્ફળ ગયા, પછી વિયેટનામમાં વસતાં લાખો ચીની લોકો ઉપર દેશ છોડી જવાનું દબાણ શરૂ થયું છે. લાખો માણસો જાનના જોખમે, નાની હોડીઓ અને સ્ટીમરોમાં ભાગી છૂટે છે. કયાં જાય? હોંગકોંગ, ઈન્ડોનેશિયા, મલયેશિયા થાઈલેન્ડ, ફિલિપાઈન્સ, અમેરિકા, જાપાન જ્યાં ત્યાં નાસભાગ કરે છે. આ Boat peopleની કરુણ કહાણી દિલ કંપાવનારી છે. પડોશી રાજ્યો, આ શરણાર્થીઓને પોતાના દેશમાં સમાવવા તૈયાર નથી. મલયેશિયાના વડા પ્રધાને તંગ થઈ જઈ, આદેશ આપ્યો કે, વિયેટનામથી આવતા આવા લોકોને મલયેશિયામાં કયાંય ઊતરવા ન દેવા, દરિયામાં ધકેલી દેવા, ગોળીએ મારવા. મલયેશિયામાં ચીની વસતી ઘણી છે. તેમાં ઉમેરો થાય તો મલયેશિયાના અર્થતંત્રને ધક્કો પહોંચે તેથી આવો કઠોર આદેશ મલયેશિયાના વડા પ્રધાને આપવો પડયો. અમેરિકાએ, યુદ્ધમાં હારી, વિયેટનામ છોડયું ત્યારે જે લોકો અમેરિકાને સાથ આપતા હતા તેમને વિયેટનામમાં રહેવું અશકય થઈ પડયું. એટલે હજારો લોકો અમેરિકા ગયા. પણ આવી રીતે કેટલા જઈ શકે? જ્યાં માનવજીવનની કોઈ કિંમત નથી ત્યાં રહેવું શી રીતે? વિયેટનામની સરકારને આવા વલણ માટે રાજકીય અથવા આર્થિક કારણો હશે પણ સર્વથા માનવતાવિહોણાં વલણનો બચાવ કેમ થઈ શકે? હવે આ બાબતની વિચારણા કરવા જીનિવામાં પરિષદ થવાની છે.

રહોડેશિયામાં, મૂઠ્ઠીભર અંગ્રેજો દેશનો કબજો કરી બેઠા છે. લગભગ પાંચ વર્ષથી ગેરીલા યુદ્ધ ચાલે છે. બન્ને પક્ષે ખુવારી અનહદ થાય છે. વિનીત હબસીઓને સમજાવી, સ્મીથે ધાકધમકી અને દબાણના વાતાવરણમાં ચૂંટણી કરાવી અને નામની હબસીઓની બહુમતી સરકારની રચના થઈ, એક હબસી વડા પ્રધાન થયા પણ ગેરીલા યુદ્ધ વધારે ઝનૂનથી ચાલે છે.

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિથી હબસીઓને અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. ગુલામ જેવું જીવન જીવે છે.

ઈઝરાયલ - આરબ સંઘર્ષમાં ત્રીસ વર્ષથી, સાત લાખ આરબ શરણાર્થીઓ પડયા છે અને ગેરીલા યુદ્ધ ચાલે છે.

યુગાન્ડામાં ઈદી અમીને હજારો માણસોને કતલ કરી, હજારોને જેલમાં નાખ્યા. હજારો માણસોને યુગાન્ડા છોડવું પડયું.

એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના ઘણાં દેશોમાં લશ્કરી શાસન છે ત્યાં પારાવાર અત્યાચારો થાય છે. આર્જેન્ટીના, નીકારાગુઆ વિગેરે દેશોમાં આંતરયુદ્ધ ચાલે છે.

સામ્યવાદી દેશોમાં હજારો લાખો માણસો ઠાર કરવામાં આવે છે. અથવા કોન્સન્ટ્રેશન કેમ્પમાં સડે છે. કેટલાય દેશોમાં રાજકીય વિરોધીઓને દુશ્મનથી પણ વધારે ત્રાસ, માલ–મિલકતની ખુવારી, જેલ અને જાનહાનિ ભોગવવા પડે છે.

એક સમય હતો જ્યારે યુદ્ધ થાય ત્યારે પણ માત્ર લશ્કરો જ લડતા; આમપ્રજા મોટે ભાગે સલામત રહેતી, બહુ બહુ તો થોડી લૂંટફાટ થતી. પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં બોમ્બમારાથી આમપ્રજાની જાનમાલની ખુવારી થઈ અને છેવટ અણુ બોમ્બનો ઉપયોગ થયો. હવે અણુશસ્ત્રો એટલા ખડકાયા છે કે, અણુ યુદ્ધમાં લશ્કરની જરૂર ન રહે અને આમપ્રજાનો સંપૂર્ણ વિનાશ થઈ જાય. રશિયા અને અમેરિકા વચ્ચે અણુશસ્ત્રોની મર્યાદા બાંધવા કરારો થાય છે. તાજેતર-

માં એવો કરાર થયો. એનો કોઈ અર્થ નથી. એનો અર્થ એટલો જ થાય કે, બે કરોડ માણસોને બદલે દોઢ કરોડ મારીશું. માનવતાની વિડંબના છે.

પણ યુદ્ધમાં સંહાર થાય તે સમજ્યા, આ તો કહેવાતા શાન્તિના સમયમાં કેટલા બધા દેશોમાં આમપ્રજાની ખુવારી થાય છે, અને યાતનાઓ ભોગવે છે.

માનવીય મૂલ્યો સર્વથા ગુમાવી બેઠા હોઈએ તેમ લાગે. પ્રાણીસૃષ્ટિની વાત એક બાજુએ રાખીએ. મનુષ્ય જીવનની કોઈ કીંમત રહી નથી. આવા ભયંકર બનાવોથી પણ આપણે હવે એટલા બધા ટેવાઈ ગયા છીએ કે દિલને કાંઈ આંચકો નથી. માનવતાની આટલી બધી ઓટ ઈતિહાસમાં કોઈ સમયે ન હતી એમ લાગે. કોઈ ઉપાય સુઝતો નથી. નિ:સહાયપણે વિનાશ તરફ ધસી રહ્યા હોઈએ તેમ લાગે છે.

૧૧-૭-૭૯ ચીમનલાલ ચકુભાઈ

# ★ આત્માની ઓળખ ★

આત્મા એટલે શું? કોઈવાર વિચાર કર્યો છે? કયાંથી આવ્યો હશે, કયાં જવાનો છે? શરીર - પીંજરામાં શા માટે પુરાયો હશે? આ આત્માની ઓળખાણ રસપ્રદ થઈ પડે તેવી છે. આ આત્માને આપણે મહાન - મહાત્મા બનાવવાનો છે. જેમ ગાંધીજીએ બનાવ્યો. પણ એ શી રીતે બને? તો કે સૌથી પહેલાં તો આપણે આપણા આત્માને જ ઓળખતાં શીખવું જોઈએ. હું વિચારમાં ચાલ્યો જાઉં છું. ચાલતાં ચાલતાં મને ઠેસ લાગી. અંગૂઠા પાસેની આંગળીનો નખ નીકળી ગયો. આંગળી લોહીલુહાણ થઈ ગઈ. મને દુ:ખ થયું. પણ, હું એટલે કોણ? આ દુ:ખ કોને થયું? 'મારા આત્માને' આમ સુખદુ:ખ આત્માને થાય છે. મારા વિચારો, મન, બુદ્ધિ, જવાનું સ્થળ, હેતુ, બધું એક બાજ રહી ગયું. અને મારું સમગ્ર વ્યકિતત્વ, પેલી ઘવાયેલી આંગળીમાં જે કેન્દ્ર થયું. તે 'આત્મદુ:ખ' હતું.

મહર્ષિ ગૌતમઋષિએ કહ્યું છે, તેમ આત્માને ઓળખવા માટે ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન સુખ, દુ:ખ અને જ્ઞાન, કોને અને શાથી થાય છે તે જાણવાનો યથાશકિત, યથામતિ અને યથાભકિત પ્રયત્ન કરવો જોઈએ. ઈચ્છા કોને થાય છે? 'આત્મા ને' કઈ, શેની ઈચ્છા કરવી અને શેની ઈચ્છા ન કરવી? એ કોણ નક્કી કરશે? તો કે બુદ્ધિદ્વારા આત્મા તે નક્કી કરશે, વળી તે ઈચ્છા મારી મર્યાદામાં હશે તો સંતોષાશે, અમર્યાદ હશે તો નહીં સંતોષાય, મર્યાદિત ઈચ્છામાં તૃપ્તિનો આનંદ છે. જયારે અમર્યાદિત ઈચ્છામાં અતૃપ્તિનો ક્રોધ, - અસંયમનો દુર્ગુણ. કઈ અને શી ઈચ્છા કરવાથી, મારો આત્મા પુષ્ટ-તુ અને સંતુષ્ટ થશે તે હું નક્કી કરીશ. મન, બુદ્ધિ, અનુભવને કામે લગાડીશ. સૌથી પહેલાં તો જો મારો આત્મા કેળવાયેલો હશે તો તેને હું 'ગમે તેની' ઈચ્છા કરતાં રોકીશ, ટોકીશ ગમે ત્યારે, ગમે તેની ઈચ્છા થતી રોકવા માટે કેળવવી પડતી ઈન્દ્રિયોને સંયમમાં રાખવી પડે છે. આંખ, નાક, કાન, જીભ અને ચામડીએ શું કરવું અને શું ન કરવું? કયારે અને કયાં શું કરવું કે, શું ન કરવું? એની તાલીમ આપવી એ થઈ આત્માની કેળવણી, આત્માની ઓળખાણ. એનો અર્થ એ થયો કે, મારે શું કરવું અને શું ન કરવું, તેનું મને જ્ઞાન હોવું જોઈએ. એ થયું, આત્મજ્ઞાન. વળી આત્મજ્ઞાન થયા પછી હું હાથ જોડીને બેસી રહું એ કંઈ પૂરતું નથી. આત્મજ્ઞાન મને થયું. તેવું બીજાને થાય. એ માટે હું પ્રયત્નશીલ રહું. આત્માનો એક ગુણ છે. પ્રયત્ન એક આત્મા, એકલો કદી સુખી કે, દુ:ખી થઈ શકતો નથી. તેને હંમેશા Company જોઈએ છીએ. તો પ્રયત્નોની પ્રક્રિયામાં શાળા, મહાશાળા, ધર્મશાળા ઈત્યાદિ સમાઈ જાય છે. વળી જ્ઞાનીને અજ્ઞાની પ્રત્યે દ્વેષ થાય તો તે પણ આત્માની ઊણપ ગણાય. દ્વેષની જગ્યાએ દયા સ્થપાય કરુણા, ઊભરાય ત્યારે આત્મજ્ઞાન દીપી ઊઠે. આમ આત્માને ઓળખવો, ઓળખ્યા બાદ કેળવવો. એ કેળવણીને અન્યમાં સંક્રાંત કરવી. આવી આત્માની ઓળખાણ થયા પછી આપણને અનુભૂતિ થવા લાગશે કે આપણો આત્મા શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુકત છે. ઈન્દ્રિયોનું કામ આત્માને શુદ્ધ કરવાનું છે, મનનું કામ આત્માને બુદ્ધ એટલે કે જ્ઞાની કરવાનું છે. સમય, આયુષ્યનું કામ આત્માને શરીરમાં સાચવવાનું છે. જ્યારે આમ થશે ત્યારે આત્મા શરીરમાં રહીને પણ મુકિત માણતો થઈ જશે. મોક્ષ મેળવવા માટે મરી જવાની કે જંગલમાં ભાગી જવાની જરૂર નથી. આપઘાત કરવાથી મુકિત નથી મળતી, પણ વાસનાના બંધનો વધુ દઢ થાય છે. એ તો એક પ્રકારનું એસ્કેપિઝમ (છટકવાદ) થયું. જૌકનું એક વાકય છે: अगर मरकर भी चैन न पाये तो कहाँ जायें। આપઘાત કરનારાઓએ પોતાના હૃદય-પાટિયાં ઉપર કોતરી રાખવા જેવું છે.

મુકિત, એટલે ખોટા વળગાડોમાંથી મુકિત. આસકિતઓ અને ઈચ્છાઓમાંથી મુકિત. દ્વેષ, ઈર્ષા અને અદેખાઈમાંથી મુકિત. બીજી કઈ મુકિત? મરી ગયા પછી તો 'તરત' પાછું જન્મવાનું છે. વળી પાછો માતાનો ગર્ભ, જન્મ સમયનું રુદન, બંધ મુઠી, છકેલ યુવાની, પાળેલું પ્રૌઢ, અને અસહાય ઘડપણની વણઝાર. મર્યા પછી મુકિત છે જ નહીં. જે શરીર, ઘર અને મકાન આપણું નથી, તેનો વળગાડ છોડો એટલે મુકિત મળી જશે. પત્ની, પુત્રી, જમાઈ, પુત્ર, પુત્ર વધૂ વગેરે છે એ પૂરતું છે, પણ તેનો વળગાડ શો? આ માલિકીની ભાવનાએ જ નખ્ખોદ વાળ્યું છે. આપણા સૌનો માલિક કેવળ ઈશ્વર અને ઈશ્વરેચ્છા જ હોઈ શકે. હું અને મારું ભૂલવાથી મોક્ષ - મુકિત મળે.

હવે, આ આત્માને ઓળખવાની ક્રિયા જેટલી વહેલી પૂરી થાય, તેટલું સારું. કેમકે, આપણા મનુષ્યને તો **મ**ર્યાદા છે ઓળખાયેલા આત્માને મહાત્મા બનાવવાનું કાર્ય તો હજી બાકી છે. અલબત્ત, સતત જાગૃતિ દ્વારા આ બંને બાબતો એકી સાથે પણ થઈ શકે છે. ગાંધીજી જેવી વિભૂતિ બાળપણમાં જ પોતાનો આત્મા ઓળખી શકી હતી. તેથી તેણે વિદેશમાં વિદેશી સત્તા સામે પણ પોતાનું ઉન્નત મસ્તક ધરવાનો પ્રયત્ન કર્યો. બુદ્ધ, મહાવીર કે શંકરાચાર્યના દૃષ્ટાંતો પણ લઈ શકાય. શ્રીમદ્ રામચંદ્રનો આત્મા શરૂઆતથી જ પ્રબુદ્ધ હતો. કવિ કલાપીએ ફકત છવ્વીસ વર્ષના આયુમાં કેવું-કેટલું લખ્યું? આ અર્થમાં આત્મતેજ એક યા બીજી રીતે વ્યકત થતું જ રહે છે. રમણ મહર્ષિ કદી પોતાનો આશ્રમ છોડીને કયાંય બહાર નહોતા ગયા, છતાં તેમનું આત્મતેજ વિસ્તરી શકયું હતું. સાત્ત્વિકતાનું લક્ષણ જ એ છે કે તેમાં સ્થિરતા આવે અને ચંચળતાનો નાશ થાય. જે વ્યકિત આત્માને ઓળખતી થઈ જાય છે તેમાં પછી ખોટો અભરખો, કોઈ મહત્ત્વાકાંક્ષા કે ચંચળતા રહેતાં નથી. બાહ્ય પ્રવૃત્તિઓ જ્યારે ખરી પડે છે, ત્યારે જ આંતરિક પ્રવૃત્તિઓ શરૂ થાય છે, કેમકે બાહ્ય પ્રવૃત્તિમાં રજસ્ છે, જ્યારે આંતરિકમાં સત્ત્વ. આ અર્થમાં સાત્ત્વિકતા સ્વયં પ્રકાશિત છે. પછી ભલે તેનું સ્વરૂપ કોડિયાનું હોય, કે સૂર્યનું. સત્તા, સંપત્તિ કે કીર્તિ જેવા બાહ્ય વળગાડોને વળગવા કરતાં સતત જાગૃતિપૂર્વક નિરંતર આત્મ શોધમાં રત રહેવાથી શાંતિ મળશે. એ શાંતિ સ્મશાનની નહીં, પણ સમાજની હશે! કાર્ય પછીના આરામ જેવી. કર્તૃત્વને અંતે મળતી શાંતિ આસ્વાદ્ય હોય છે. જ્ઞાનવૃદ્ધની શાંતિ વયોવૃદ્ધની શાંતિ કરતાં વધુ મીઠી હોય છે.

આ થઈ આત્માની ઓળખ. કેવળ માનવાત્મા નહીં, પશુ પક્ષી, જીવ જંતુ. જયાં જયાં ચેતન છે, ત્યાં ત્યાં આત્મા છે. એ આત્મા આપણો જ અંશ છે, આપણો જ વંશ છે. તેને સારી રીતે, ઓળખીયે અને તૃપ્ત થઈએ. જીવનનો સર્વશ્રેષ્ઠ આનંદ આત્માની ઓળખમાં સમાયેલો છે. આત્માને મહાત્મા કે પરમાત્મા બનાવવાની ચાવી પણ આ ઓળખાણ પાસે પડી છે. તેને લઈ લો અને હૃદયનું તાળું ખોલી નાખો. ઊંડા ઊતરો અને જુઓ કે ત્યાં શું નથી?!

—હરજીવન થાનકી

# મારી માન્યતા

['પ્રબુદ્ધ જીવન' ના ૧ જૂન ૧૯૭૯ ના અંકમાં તંત્રીશ્રીએ 'મારી માન્યતાઓ' વિશે એક લેખ લખ્યો તેમાં બર્ટ્રાન્ડ રસેલના એક પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે. શ્રી રસેલે તેમની માન્યતા વિશે પુસ્તિકા લખી છે તે રીતે લંડનના એક પ્રકાશકે 'આઈ બીલિવ' નાં મથાળાવાળું એક પુસ્તક પ્રગટ કર્યું હતું. તેમાં જગતના લગભગ ૧૯ વિચારકો, લેખકો, સાહિત્યકારો અને વિજ્ઞાનીઓની પોતાની માન્યતા શું છે તે વિશેના લેખોનો સંગ્રહ કરેલો છે.

જીવનમાં દરેક વ્યકિતની પોતાની ફિલસૂફી હોય છે. ઘણા તેને પોતાના આદર્શો, પોતાની વિચારશ્રેણી કે પોતાની જીવન પદ્ધતિનું નામ આપે છે. આ પુસ્તિકમાંથી વિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટીનનું આત્મનિવેદન રજૂ કરીએ છીએ.]

આ પૃથ્વી ઉપર આપણી સ્થિતિ કંઈ વિચિત્ર પ્રકારની છે. આપણે અહીંના બહુ ટૂંકાગાળાના મુલાકાતી છીએ. આપણે પૃથ્વી ઉપર મહેમાન બનીને આવ્યા છીએ તે કેટલા સમય માટે છે તે આપણે જાણતા નથી. અને આપણે શું કામ આવ્યા છીએ તેની પણ આપણને ખબર નથી. છતાં મને લાગે છે કે, કોઈ દૈવી હેતુ અર્થે આપણે અહીં પધાર્યા છીએ.

જો કે દૈનિક જીવનમાં તો આપણે એક વસ્તુ ચોક્કસ રીતે જાણીએ છીએ: કે માણસને અહીં બીજા માણસને ખાતર મૂકવામાં આવ્યો છે. બીજા લોકોના હાસ્ય કે ખુશી ઉપર જ આપણું સુખ અવલંબે છે. ઉપરાંત અસંખ્ય લોકો સાથે આપણો સહાનુભૂતિનો દોર સંધાયેલો છે. હું ઘણી વખત વિચારુ છું ત્યારે મને થાય છે કે, મારૂં આંતર–બાહ્ય જીવન બીજા કેટલા બધા માણસોના શ્રમ ઉપર ફૂલીફાલી રહ્યું છે. કેટલાક મરી ગયા છે અને કેટલાક જીવે છે તે તમામ લોકોએ મારી આસપાસની સગવડો માટે પરસેવો વહાવ્યો છે. ત્યારે મને થાય છે કે મને સુખ-સગવડથી રહેવા માટે જ જે અણજાણ લોકોએ મહેનત કરી છે તેમને બદલામાં કંઈક આપવું તે મારું કર્તવ્ય છે. બીજા લોકોની શકિત અને શ્રમમાંથી મેં ઘણો હિસ્સો પડાવ્યો છે અને એના વળતરમાં હું ઓછો પડું ત્યારે મારા મનની શાંતિ ગુમાવી દઉં છું.

ફિલસૂફીની દષ્ટિએ મને લાગે છે કે, આપણે બહુ સ્વતંત્ર નથી. કારણ કે, આપણે બાહ્ય દબાણથી કામ કરીએ છીએ એટલું જ નહિ પણ કેટલાંક આંતરિક દબાણો પણ કામ કરતા હોય છે. આંતરિક જરૂરિયાતોને સંતોષવા આપણે કર્તવ્ય કરવા પ્રેરાઈએ છીએ. શોપનહાયરે કહેલું છે કે, "માનવી પોતે જરૂર ઈચ્છા મુજબ કાર્ય કરી શકે છે, પણ પોતે પોતાની ઈચ્છાની નિર્ણયશકિત ધરાવતો નથી." આ વાકય મને મારા જુવાનીમાં સ્પર્શી ગયું હતું અને મારા જીવનની કઠણાઈઓમાં મને આ વાકયે હંમેશા દિલાસો આપ્યો છે. આ પ્રકારની માન્યતા આપણને સહિષ્ણુ બનાવે છે. કારણ કે આથી માન્યતા ધરાવીએ છીએ ત્યારે આપણને પોતાને કે બીજાને બહુ ગંભીરપણે લેતા નથી. આપણને બધી વાતો હળવાશથી અપનાવવાનું મન થાય છે.

એ દષ્ટિએ લાંબા સમય સુધી આપણા અસ્તિત્વનો અર્થ શું છે તે અંગે વિચાર્યા કરવાનું મને મૂર્ખાઈભર્યું લાગે છે. આમ છતાંય મોટા ભાગના માણસો અગર કહો કે દરેક માણસ પોતાના આદર્શ ઘડી કાઢે છે અને એ આદર્શને અનુરૂપ પોતાની મહેચ્છાઓ અને વિવેકબુદ્ધિ ઘડે છે. મેં જે આદર્શો રાખ્યા છે તે બહુ સાદા છે. જીવનના આનંદમાં મને મદદરૂપ થાય તેવા આ આદર્શ છે. ભલમનસાઈ, સુંદરતા અને સત્ય. સુખસગવડ મેળવવી કે સુખ મેળવવું તે બાબતોને મેં કદી જ મારા જીવનનું ધ્યેય સમજયું નથી. આ પ્રકારે સુખસગવડો કે, સુખ મેળવવાના ધ્યેયને પાયામાં રાખી તેને માટેનું નીતિશાસ્ત્ર ઘડીને તે પ્રમાણે જીવન વિતાવવું તે પ્રાણી જેવું જીવન વિતાવવાનું હોય તેમ મને લાગે છે.

કલા અને વૈજ્ઞાનિક સંશોધનને ક્ષેત્રે દુષ્પ્રાપ્ય એવા શિખરો સર કરવામાં મેં સરખાં મન ધરાવનારા સહયોગની વૃતિ રાખી છે અને તેમ ન કર્યું હોત તો મારું જીવન ખાલીખમ રહેત. બચપણથી જ માનવીની આકાંક્ષાઓ અને ધ્યેયોને મર્યાદિત બનાવતા અવરોધોને મેં ધિકાર્યા છે. આ અવરોધો પણ જાણવા જેવા છે. કોઈ વસ્તુનો માલિકીભાવ, બાહ્ય સફળતા, પ્રસિદ્ધિનો મોહ, એશઆરામ–આ તમામ ચીજો મારે માટે ઘૃણાસ્પદ રહી છે. હું માનું છું કે, એક સાદું જીવન અને આડંબરરહીત જીવન જ દરેક વ્યકિત માટે શ્રેષ્ઠ છે. - આ માનવીના શરીર અને આત્મા બન્ને માટે સરળ જીવન જ ઉપકારક છે.

એક બાજુથી હું સામાજિક ન્યાય અને સામાજિક જવાબદારીમા દિલોજાનથી રસ બતાવ્યું છું અને ઘણાને વિચિત્ર લાગશે કે, સાથોસાથ સમાજના સ્ત્રી-પુરૂષો સાથેના સીધા સંપર્કમાં રહેવામાં મને બહુ રસ રહેતો નથી. તે બાબતમાં હું ઉદાસીન છું. હું એક જ કામ કરનારો એકલપેટા ઘોડા જેવો છું. મને ટીમવર્ક અર્થાત સમૂહમાં કામ કરવાનું ગમતું નથી. હું કોઈ એક દેશને કે એક રાજ્યને મા કે મારા મિત્રોના વર્તુળ કે મારા કુટુંબને પણ હું મારા માનીને રહી શકયો નથી. આ બધા ય બંધનોથી હું અલિપ્ત રહ્યો છું. ઉપર ઉપરથી લાગે છે કે, હું અમુક દેશનો છું, પરંતુ હકીકતમાં હું ખૂબ વેગળો હોઉં છું. વળી મારી જાત સાથે જ એકાકી રહેવાની મારી વૃત્તિ, ઉંમર સાથે ઘેરી બની છે.

આ પ્રકારનું એકાકીપણું ઘણી વખત કડવું લાગે, પણ બીજા લોકોની સહાનુભૂતિ અને મારા પ્રત્યેની સમજથી વંચીત રહેવા અંગેનો મને કોઈ અફસોસ નથી. એકાકી રહેવાથી મેં જરૂર કંઈક ગુમાવ્યું છે, પણ મને તેનો બદલો બીજી રીતે મળી ગયો છે. એ રીતે કે હું રીતરીવાજો, અભિપ્રાયો, બીજાના પૂર્વગ્રહો વગેરેથી મુકત રહ્યો છું. - સ્વતંત્ર રહ્યો છું. વળી મારા મનની શાંતિ આ બધી બાબતોથી હણાઈ નથી. આ બધી અવારનવાર બદલનારી બાબતો છે. પૂર્વગ્રહો અને રીતરિવાજો બદલાયા કરે છે, અને તેથી તેનાથી હું અશાંત થતો નથી.

રાજકીય બાબતમાં હું લોકશાહીને આદર્શ રૂપ માનું છું. દરેક માણસનું એક અલગ વ્યકિત તરીકે માન રાખવું જોઈએ પણ તેની મૂર્તિપૂજા થવી ન જોઈએ. ખરેખર દૈવની એક વિચિત્ર લીલા છે કે, મારા ઉપર આટલી બધી પ્રશંસાની અને માનની વૃષ્ટિ થાય છે. આ બધાની મેં કદી જ અપેક્ષા રાખી નથી. કદાચ એમ પણ હોય કે, મોટા ભાગના લોકો મારા જટિલ વિચારો ન સમજ્યા હોય એટલે આ બધા પ્રશંસાના ફૂલ વરસ્યા હોય!

હું બરાબર સમજું છું, કે માણસે પોતાનું ચોક્કસ ધ્યેય પૂર્ણ કરવા માટે તેણે વિચારવંત બનવું જોઈએ તેમજ પ્રભાવશાળી બનીને જવાબદારી ઉપાડવી જોઈએ. પણ પ્રભાવશાળી લોકોને જે અનુસરતા હોય તેમને આવા નેતાએ હાંકવા ન જોઈએ. પણ તેમને પોતાના જ નેતા પસંદ કરવા દેવા જોઈએ. સામાજિક વર્ગોના ભેદ મારી દષ્ટિએ જુઠા છે. આખરે તો એ બધા ભેદ, બળ ઉપર અવલંબેલા છે. મને ખાતરી થઈ છે, કે આપખુદો ઊભા થાય છે ત્યાં જ નૈતિક અધઃપતન શરૂ થાય છે. આવા આપખુદો હિંસા દ્વારા હકુમત ચલાવે છે અને હિસા થકી તો બધા વામનોનો સંઘ જ ઊભો થાય છે. સમયે બતાવી આપ્યું છે, કે બધું જ પંકાયેલા જુલ્મી શાસકોના અંત પછી ધૂર્તોનું જ રાજ્ય આવ્યું છે.

એટલા માટે હું રશિયા, જર્મની અને ઈટાલીમા જે પ્રકારના શાસનો આવ્યા છે તેનો વિરોધી છું. યુરોપી ઢબની લોકશાહીને જે લાંછન લાગ્યું છે તે લોકશાહીના મૂળભૂત વિચારને કારણે નહિ પણ આપણી રાજકીય નેતાગીરીની અસ્થિરતાને કારણે આ લાંછન લાગ્યું છે.

હાલની બધી ધાંધલધમાલવાળા જીવનમા કોઈ રાષ્ટ્ર કે દેશ મહત્ત્વના નથી, પરંતુ સર્જનાત્મક અને પ્રભાવશાળી વ્યકિતત્વ મહત્ત્વનું છે. આવા લોકો ઉમદા બાબતો સર્જે છે અને વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરી શકે. જ્યારે સામાન્ય જન તો વિચારોની બાબતમાં જડ અને સુષુપ્ત છે અને ટોળાની માફક તેને અનુસરે છે.

આ વિષય ઉપર લખું છું, ત્યારે મારી નજર સામે લશ્કરનો

સિપાહી આવે છે. આ માણસ સીધી લાઈનમાં કવાયત કરવામાં આનંદ માને છે. મિલિટરીના બેન્ડના સૂરો સાથે તે પગના તાલ મેળવે છે. આવા માણસને ભગવાને ભૂલથી મગજ આપી દીધું. તેને એક કરોડરજ્જુ આપી હોત તો પણ ઘણું હતું. કોઈના હુકમથી બહાદૂરી બતાવવી, અર્થહીન હિંસા કરવી અને દેશદાઝની વાતો કરવી તે બધી બાબતોને હું ધૃણાથી જોઉં છું. યુદ્ધ હંમેશા ધિક્કારવા લાયક છે. હું તો ઈચ્છું કે, મારા ટુકડા થઈ જાય પણ હું યુદ્ધમાં ભાગ ન લઉં.

માનવજાત ઉપરની આ યુદ્ધની તાણ જલદીથી વિલંબ વગર દૂર કરવી જોઈએ. રાષ્ટ્રોએ પોતાની સાદી સમજ વાપરીને આ યુદ્ધને ઘણા વખત પહેલાં જ હાંકી કાઢ્યું હોત. પણ કમનસીબે તેવું બન્યું નથી.

મને તો આધિભૌતિક અનુભવો બહુ જ સુંદર ભાસે છે. બધી જ કલા અને વિજ્ઞાનનો એ સાચો સ્રોત છે. જે લોકોને આ આધિભૌતિક વાતો બહુ વિચિત્ર લાગે છે અને જેમને કદી અજાયબી કે જીજ્ઞાસા થતી નથી અને આવી લાગણી અનુભવતા નથી એ માણસ તો મરેલા જેવો છે. તે છતી આંખે આંધળો છે. જીવનના રહસ્યોમાં આપણે ઊંડે નજર નાંખીએ છીએ - ભલે પછી તેમાં થોડા ભયની લાગણી મિશ્ર હોય - પણ તેમ કરવાથી ધર્મ પેદા થાય છે. એક એવી વસ્તુ છે જેમાં આપણે બહુ ઊંડા જઈ શકતા નથી. તેવી વસ્તુ પણ ખરેખર અસ્તિત્વમાં છે તેવી લાગણી આપણામાં હોય તો તે કાર્ય ખરેખર ધાર્મિકતા છે. આવી અણજાણ વસ્તુમાં જ ડહાપણનો ભંડાર છે અને તેમાંથી અમાપ સૌંદર્ય ઝરે છે, તેવી શ્રદ્ધા આપણને હોવી જોઈએ. આ દૃષ્ટિએ અને આવી દૃષ્ટિએ જ હું ધાર્મિક વ્યક્તિઓની હરોળમાં મને મૂકું છું.

પરંતુ એવા કોઈ ઈશ્વરને હું કલ્પી શકતો નથી જે પોતાના સર્જનને સજા આપે કે કાંઈ બદલો આપે. આપણે પણ પોતાના મોડેલ પ્રમાણે અને આપણા હેતુ પ્રમાણે ઈશ્વરની કલ્પના કરીએ છીએ. આપણી નબળાઈઓના પ્રતિબિંબ રૂપે તેમને જોઈએ છીએ. ઉપરાંત હું એ પણ માનતો નથી. શરીરના મરણ પછી પણ વ્યક્તિ જીવંત રહે છે. જો કે નબળા આત્માઓ ભયને કારણે અગર તો હાસ્યાસ્પદ અહમ્‌ને કારણે આવું બધું માનતા હોય છે. હું તો આપણા ચેતનમય જીવનના રહસ્યો વિશે જ મઝેથી વિચારો કરું છું તે મારે માટે પૂરતું છે. આ ભવ્ય જગતની અજાયબીઓ અને જીવનની અનંતતા વિશે વિચારવાની જ મને તો મઝા પડે છે. અને આ વિશ્વમાં કુદરતના સર્જનમાં ક્યાંક નાનું સરખું બુદ્ધિજન્ય કૃત્ય જોઉં છું ત્યાં જ કૃતાર્થ થઈ જાઉં છું.

★

(શ્રી આઈન્સ્ટીને પોતાની માન્યતા વિશે આટલું લખીને પછી તાજા કલમ રૂપે થોડું વિશેષ લખેલું પણ તેમાં માનવજાત યુદ્ધમાં બરબાદ થવા માટે જે મુર્ખાઈ કરે છે તેનો બળાપો કાઢેલ છે અને ઘણાં વર્ષો બાદ પણ પોતાની ઉપરની માન્યતા યથાવત રહે છે તેનો મક્કમપણે નિર્દેશ કરે છે. તેઓ કહે છે કે, માનવ ગમે તેટલી પરિવર્તનની વાતો કરે છે પણ માનવ આખરે તો બદલાતો નથી, પણ જુદા જુદા સમયે તે જૂદો ભાસે છે એટલું જ.)

આલ્બર્ટ આઇન્સ્ટીન : અનુ. કાંતિ ભટ્ટ

# આમાં કોણ ચડે?

પ્રાચીન કાળમાં માનવીની ઉદાત્ત બુદ્ધિએ અનેક ન્યાયશાસ્ત્રની રચના કરી છે, આજે પણ ન્યાય માટે ઘણું લખાય છે, કાયદાઓ થાય છે, અદાલતો ઊભી થાય છે—આ બધું પ્રાચીનકાળથી આજ પર્યંત બધું જ માણસ માટે થાય છે!

માણસ ગુનો કરે છે તો એને તાત્કાલિક સજા કરાતી નથી, એનો અદાલતમાં ન્યાય તોળાય છે: ખોટા સાક્ષીઓ ઊભા કરવાની, પૈસા વાપરવાની ક્ષમતા ગુનેગારમાં હોય તો કાયદાઓની છટકબારીમાંથી છટકવાની પણ એમને છૂટ છે! પરંતુ માનવીય ન્યાયમંદિરમાં માનવે કાયદા ઘડ્યા છે, માનવ માટે. અદાલતો ચલાવે છે માનવ, ન્યાય પણ તોળે છે માનવ, ગુનો પણ કરે માનવ અને છૂટી જવાય તો છૂટી જાય માનવ: અહીં, આ જગતમાં 'ન્યાય' માટે સર્વ કેન્દ્રિત રહ્યો છે માનવ-ત્યાં બીજા કોઈ જીવને અવકાશ નથી!

તાત્પર્ય: માણસે ન્યાય અને નીતિમત્તાની વાત માત્ર પોતા પૂરતી રાખી છે; અન્ય જીવો માટે કાયદાઓ ઘડાયા છે, પણ જેટલું મહત્ત્વ માણસ માટે ન્યાયનું છે એટલું મહત્ત્વ અન્ય જીવો એટલે કે પશુ-પ્રાણી ને પક્ષીઓ માટે નથી!

મને એક કિસ્સો યાદ આવે છે. જૂનાગઢનો એક નવાબ એક વખત પોતાના રસાલા સાથે શિકારે નીકળ્યો! ગીરમાં એક જગ્યાએ એક સિંહ માંદો પડયો હતો, મરવાની અણી પર હતો. એ સિંહના વાસામાં પડેલા જખમને કાગડા ઠોલતા હતા એને એક સાધુ ઉડાડતો હતો અને લાલનપાલન કરતો હતો!

આ નવાબ અને રસાલો ત્યાં જઈ ચડયા. નવાબ પાસે બંદૂક જોઈને સિંહ ઊભો થઈ ભાગવા પ્રયત્ન કરતો હતો. સાધુએ એને શાંત્વના આપીને ધરાર સૂવરાવ્યો: સાધુનો ભાવ એ હતો કે, 'સિંહ! તું આવા ખતરનાક માણસથી ગભરા નહીં, હું તારું રક્ષણ કરીશ!' સિંહ પાછો સૂઈ ગયો!

નવાબે સાધુને પૂછ્યું: "તમને આવા ખતરનાક પ્રાણીનો ડર નથી લાગતો?"

સાધુએ નવાબ સામે જોઈને કહ્યું: "ના, હું તારા રાજમાં પણ રહ્યો છું, ને અહીં આ જંગલમાં આ પશુઓ સાથે પણ. આ પશુઓ કરતાં તમે-માણસો-વધુ ખતરનાક ને હિંસક છો! આ પશુઓ હિંસા ત્યારે જ કરે છે, જ્યારે પેટ ખાલી હોય છે ને અનિવાર્ય હોય છે ત્યારે, ને તમે માણસો? ભરપેટે મનના દ્વેષ પૂર્ણ કરવા હિંસા કરતા જ રહો છો! આ હિંસક પશુઓ એની હદ મૂકીને તમારા ઘરમાં અનાજ લેવા આવે છે? તો પછી તમે તમારી હદ મૂકીને, જે તમને મારવા નથી આવતા એને શા માટે મારવા આવો છો?—હવે કહો, કોણ વધુ હિંસક? તમે કે આ પશુઓ?"

પેલો માંદલો સિંહ પણ સાધુની વાત સાથે સહમત હોય તેમ; શક્તિ ન હોવા છતાં ત્રાડ નાખી!... આ સિંહની ત્રાડ સાંભળીને આજુબાજુથી ત્રણ-ચાર સિંહ-સિંહણો આવી ચડયા. નવાબ અને એના રસાલાને ત્યાંથી ભાગી જવું પડયું-થોડે દૂર જઈને, એક વૃક્ષ પર બેઠાં બેઠાં જોતાં હતા. એને હતું કે હમણાં પેલા સાધુને આ સિંહ કે સિંહણ મારી નાખશે! પરંતુ આવું નહોતું બન્યું. એક સિંહ અને એક સિંહણ પેલા માંદા સિંહના ઘારાને જીભથી ખંજવાળીને સારવાર કરતા હતા અને એક સિંહ અને એક સિંહણ, સાધુની બંને બાજુ બેસી ગયા. નવાબ અને એનો રસાલો આ જોઈને દંગ થઈ ગયા!

પશુઓમાં માણસ કરતાં વિશેષ લાગણી હોય છે અને લાગણીનો સાચો આવિર્ભાવ વ્યક્ત કરી શકે છે. કોઈ પ્રાણી હિંસક નથી, છતાં પશુ-પ્રાણીને આપણે હિંસક કહીએ છીએ અને એને હિંસક કહેવાનો વિચાર માણસનો છે, માણસની વૃત્તિનું જ એમાં દર્શન છે!

માણસ જેને હિંસક કહે છે એને, એનાથી પણ વધુ હિંસક બનીને પાંજરાઓમાં પૂરે છે. વિચારી લ્યો, કોણ વધુ હિંસક-પ્રાણી કે માનવ! પેલા સાધુ પાસે કોઈ જાદુ નહોતો, પણ એના હૃદયમાં સિંહ જેવા બળવાન પ્રાણી માટે લાગણી હતી એટલે જ એ પ્રાણી સાધુ માટે લાગણીશીલ હતું!

વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણે, ચંબલના જંગલના ડાકુઓને સમજાવીને, સમાજમાં પાછા લાવવા પ્રયત્ન કરેલો! કારણ કે એ માનવીઓ 'માનવ' માટે ખતરનાક હતા. એ ખતરનાક માનવીઓ પણ સમાજના ભયંકર માનવીઓના હિંસક પરિબળથી ઘવાયા હતા, એટલે એ 'ડાકુઓ' બનીને હિંસક પ્રાણીઓથી પણ વધુ હિંસક બન્યા હતા!

આવા કોઈ મહાનુભાવોએ, જંગલમાંના, જેને આપણે હિંસક પ્રાણીઓ કહીએ છીએ, એને માટે આવા પ્રયત્નો કરવા પડયા છે ખરા?

માણસમાં જો કાંઈ શ્રેષ્ઠ હોય તો એ માત્ર 'વાચા' છે— બાકી બધા જ શ્રેષ્ઠ કહી શકાય એવા ગુણો પશુ-પ્રાણીઓમાં છે.

એક વખત એક ગામડાના ખેડૂતે, વસૂકી ગયેલી ગાય અને વૃદ્ધ ને ખેતીના કામમાં ન આવે એવો બળદને એક કસાઈને વેચી માર્યા. આ ખેડૂત પાસે રહેતા એક બ્રાહ્મણને આ ન ગમ્યું. એણે એને સમજાવવાનો પ્રયત્ન કર્યો: "આ ગાયનું દૂધ પી પીને તારા બાળકો

મોટા થયા છે, અને પેલા બળદે, આખી જિંદગી ઢસરડો કરીને તારા ખેતરમાં મોલ ઉગાડયા છે. આવી કીમતી સેવા આપનાર પશુ, વૃદ્ધ થયા એટલે સ્વાર્થ પતી ગયો? જા, પૈસા પાછા આપીને દોરી આવ એ ગાય અને બળદને."

બ્રાહ્મણની વાત સાંભળીને પેલો ખેડૂત ગર્જી ઉઠયો: "એલા ભાઈ, એ બંનેને બેઠાં બેઠાં કયાં સુધી ખડ ખવરાવું? મારે ત્યાં ખડની ગંજીઓની ગંજીઓ નથી!"

"તો પછી ભાઈ, તારી મા અને તારો બાપ પણ સાવ વૃદ્ધ થઈ ગયા છે! એ પણ કાંઈ કામના નથી, એને પણ દાણા ખવરાવવા પડે છે, તો ભેળાભેળ એને કસાઈવાડે મોકલી દે ને?"

—ને પેલો ખેડૂત, મા-બાપની વાત સાંભળીને પેલા બ્રાહ્મણને મારવા દોડયો! બ્રાહ્મણ સમજી ગયો કે અબુધ સ્વાર્થી પ્રાણીઓનું માણસો મૂલ્ય નહીં સમજે! પણ તોય, "એલા ભાઈ! એ વૃદ્ધ ગાય અને ભેંસની વિષ્ટાથી તો તારા ઘરના ચૂલા બળે છે, ને તારા મા-બાપની વિષ્ટા ય કામ નથી લાગતી એનો તો વિચાર કર!"

પરંતુ આવા માણસોને સમજાવવા કઈ રીતે? પ્રાચીન કાળથી તે આજ પર્યંત માણસ પશુઓ-પ્રાણીઓની હત્યા કરતો રહે છે! એને એ પશુ-પ્રાણીઓએ હજુ સુધી કોઈ બુલંદ અવાજ માણસ સામે ઉઠાવ્યો નથી. કારણ કે પશુ-પ્રાણીઓને વાચા નથી!

માણસોએ 'પ્રાણી ઘરો' ઊભા કર્યા છે. ત્યાં હિંસક કહીને પ્રાણીઓને માત્ર જોવા માટે પૂર્યા છે. આ પશુઓને માણસ જોવા જાય છે, પરંતુ એ પશુઓ કોઈ દિવસ એને જોવા આવનાર કોઈ 'માણસ'ને જોતો નથી હોતો—આ અનુભવ તમારે કરવો હોય તો કરી જોજો.

હિંસક કહેવાતા આ પશુઓને પુરનાર માણસ, એનાથી ય વધુ હિંસક વૃત્તિનો રહ્યો છે- ખતરનાક રહ્યો છે, પરંતુ એને પાંજરામાં પૂરાતો નથી હોતો! હું તો ત્યાં સુધી કહું છું કે, જેમ હિંસક પશુઓ માટે પ્રાણીઘર બનાવ્યું છે તેમ 'હિંસક માનવ ઘર' પણ બનાવવું જોઈએ. મોટા પાંજરાઓમાં એને ય પૂરવા જોઈએ અને તેમને પણ અન્ય માણસો જોવા આવે એવી વ્યવસ્થા કરવી જોઈએ!

ઘણી વખત, કોઈ પશુ હિંસક બની, (જો કે છંછેડયા વગર તો સિંહ પણ માણસ માટે હિંસક નથી બનતો.) બેમર્યાદ બની જઈને માણસને હાનિ પહોંચાડે છે, તે આપણે એને તુરત જ મારી નાખીએ છીએ અથવા તો જીવતો પકડીને પાંજરામાં પૂરી દઈએ છીએ.

પરંતુ આ પશુથી પણ બદતર હિંસક અને મર્યાદાની સીમા ઓળંગી જનાર ખતરનાક માણસ માટે આટલો જલદી નિર્ણય લેવાતો નથી! એના માટે અદાલતો ઊભી કરી છે, સાક્ષીઓ અને સંજોગોનો વિચાર કરીએ છીએ— પછી જ પાંજરામાં પૂરીએ છીએ! અને એને કદાચ મૃત્યુદંડ આપીએ છીએ તો એને દયાની અરજી કરવાનો અધિકાર!

મારા ગામથી થોડેક દૂર, એક સિંહણ માણસખાઉ બની ગઈ હતી, એમાં તો હાહાકાર મચાવી દીધો હતો. માણસોએ-જંગલ ખાતાના માણસોએ સિંહણને ગોતીને બે જ દિવસમાં ઠાર કરી દીધી!

—અને હવે એ સિંહણ કરતાં ય વધુ માણસખાઉ માણસની વાત સાંભળો—

'રામન રાઘવને આ સિંહણ કરતાં અનેકગણાં ખૂનો કર્યા હતા, એને ફાંસીની સજા થઈ હતી, હજુ એને ફાંસી આપાઈ નથી—કારણ કે એ 'માણસ' છે, અને પેલી સિંહણ પશુ હતી!— પશુઓને, માણસ જેટલો દંભ કરતા નથી આવડતો!

હમણાંની જ એક વાત: દિલ્હીમાં એક માણસના બે સંતાન-એક દીકરો ને એક દીકરીને રહેંસી નાખી, લાશો ફેંકી બે યુવાનો ચાલ્યા ગયા—પછી એ પકડાયા ને હવે એનો અદાલતમાં કેસ ચાલે છે!- જો આ કૃત્ય કોઈ પ્રાણીએ કર્યું હોત તો એને માટે ન્યાય થયો હોત?—

ગામડાઓમાં જોજો, ગાડે જોડાયેલો બળદ, વૃદ્ધ હશે કે થાકી ગયો હશે, નહીં ચાલે તો તરત લાકડી ફટકારશે, પેલા બળદ ન છૂટકે ચાલશે! કોઈ ગાય કે ભેંસ દોવા નહીં દે તો પણ માણસ બે-ચાર લાકડીઓ ફટકારશે, પરંતુ ઘરની કોઈ વ્યકિત કામ કરવાની ના પાડશે તો એને લાકડીથી ફટકારાશે?

ઘણા વૃદ્ધ થઈ ગયેલા બળદને કોસ કે સાંતીએ જોડયા હોય છે. એ નથી ચાલતા તો લાકડીયું ફટકારી ફટકારીને એને ચલાવતા માણસને મેં જોયો છે—ત્યારે એ જ માણસનો પિતા, જે બળદ કરતાં ઓછો વૃદ્ધ અને વધુ સશકત હોય છે એને આખો દિવસ પીપળાને છાંયે બેઠાં બેઠાં હોકો પીતા જોયો છે ત્યારે મને માનવ અને પશુનું મૂલ્ય સમજાય છે!

એ માણસને વધુ ઉપયોગી- એના બાપ કરતાં પેલો વૃદ્ધ બળદ છે. છતાં ન્યાય અને લાગણીનું સ્તર તો એ માણસે એના પિતા માટે જ રાખ્યું ને? જો એ વૃદ્ધ બળદને વાચા હોત તો કહેત: "તું મારા શરીર પર લાકડિયું ફટકારીને મારી પાસે કામ લે છે એમ તું તારા વૃદ્ધ પિતા પાસેથી તો થોડું કામ લઈ જો!"

હું સૌરાષ્ટ્ર-ગીરનો રહેવાસી છું. શહેરમાં જતાં ઘણી વાર રાતવેળા સિંહ-કે સિંહણ અસંખ્ય વાર સામે મળ્યા છે. આમે તરીને ચાલ્યા જતા. હું કદી આ સિંહ-સિંહણથી નથી ડર્યો, પણ આજે મુંબઈમાં રાતવેળા મોડું થઈ ગયું હોય તો મને 'માણસ'નો ડર લાગે છે!— એટલે જ હું કહું છું કે આપણે જેને હિંસક પ્રાણીઓ કહીએ છીએ, એના કરતાં વિશેષ હિંસક અને ખતરનાક 'માણસો' હોય છે!

કૂતરું માત્ર ભસે તો બડીકો કે પાણો એ કૂતરાને માણસ મારે છે. કૂતરાને લોહી નીકળે કે કદાચ મરી જાય તો એ ગુનો ગણાતો નથી! પણ માણસ ભયંકર રીતે ભસે, એને મારો ને લોહી નીકળે તો એ ગુનો છે. એટલે કાયદાઓ, માત્ર 'માણસ'ના રક્ષણ માટે, એના અન્યાય પોષવા પૂરતા હોય છે!

છેલ્લે એક વાત રહી ગઈ. ઘણી વખત કોઈ ભયંકર એવા માણસને આપણે કહેતા હોઈએ છીએ કે: સાવ પશુથી ય બદતર માણસ છે, પરંતુ એ ખોટું છે. આપણે એમ ન કહેવું જોઇએ! કારણ કે પશુઓ માણસોથી અનેક ગણા શ્રેષ્ઠ છે.

અને તમે જોજો, ઘણી વખત માણસ પોતાના જાનમાલનું રક્ષણ કરવા અને ચોરથી ચેતવવા (જે માણસો જ હોય છે) માટે વફાદાર માણસ કરતાં કૂતરાને રખાય છે. વિશ્વાસ માટે, માણસ કરતાં કૂતરો ઉત્તમ છે.

ધર્મરાજા હિમાલયમાં હાડ ગાળવા ગયા ત્યારે એની સાથે એનો સાથી કૂતરો હતો, માણસ નહોતો!

— ગુણવંત ભટ્ટ

## સાભાર સ્વીકાર

ફૂલ, તારા ને ઝરણાં—લેખક શ્રી. ભાનુભાઈ પંડયા. પ્રકાશક અને વિતરક, શ્રીમતી ભાનુમતિ પંડયા.
બ્લોક ૧૭/૧. સેકટર ૨૦
ગાંધી નગર ૩૮૨૦૨૦: કિંમત રૂા. ચાર.

આંતરરાષ્ટ્રીય શિશુ વર્ષમાં બાળકોને સાંભળવા ગમે એવાં ટૂંકા, સરળ અને ગેય એવાં ગીતોનું આ પ્રકાશન માત્ર બાળકોને જ જ નહિ પરંતુ વાલીઓને અને બાળકો જેમને વહાલાં છે એવા બાળકલ્યાણકારી કાર્યકરોને પણ ગમી જાય એવું છે.—

—ચીમનલાલ જે. શાહ

## વિદેશની વાટે ડૉ. રમણભાઇ અને પ્રા. તારાબહેન શાહ

આપણા સંઘના વ્યવસ્થાપક સમિતિના સભ્ય અને પર્યુષણ વ્યાખ્યાનમાળા તેમ જ વિદ્યાસત્રના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ તથા પ્રા. શ્રીમતી તારાબહેન શાહ રીઓ-ડિ-જાનેરો (બ્રાઝિલ, દક્ષિણ અમેરિકા)માં યોજાયેલ પી. ઈ. એન. (P.E.N.)ની ૪૪મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા તા. ૪-૭-૧૯૭૯ના રોજ રવાના થયા છે. આ પરિષદમાં એમનો વિષય છે: (૧) સાહિત્ય અને લોકમાધ્યમનો. આ વિષય ઉપરાંત બીજી મહત્ત્વની ચર્ચા-વિચારણામાં તેઓ ભાગ લેવાના છે અને એ માટેના વિષયો આ પ્રમાણે છે: (૧) જેલમાં પૂરવામાં આવેલા લેખકો અને વાણીસ્વાતંત્ર્ય: એ માટે પી. ઈ. એન. શું કરી શકે? (૨) આંતરરાષ્ટ્રીય બાલ વર્ષ નિમિત્તે બાલ સાહિત્યમાં રંગ-દ્વેષ, ધર્મદ્વેષ અને ભાષા-દ્વેષની વાતો ન આવે તે માટે પી. ઈ. એન. શું કરી શકે?

# ✻ પ્રતિકાર પણ જરૂરી છે ✻

ભૂલી જાવ અને ક્ષમા કરો 'ફરગેટ એન્ડ ફરગીવ' "ક્ષમા વીરસ્ય ભૂષણમ્" આ બધાં સોનેરી સૂત્રોનું આપણે ઘણું મૂલ્ય આંકીએ છીએ અને તેને આચરણમાં લાવવાનું ઘણું ઉચિત ગણીએ છીએ. આ સાચી વાત છે કે વેરથી વેર શમતું નથી. અહિત કરનાર પર બદલો લેવાની ભાવનાથી તેનું નુકશાન તો થવાનું હોય છે ત્યારે થાય છે, પણ વેરવૃતિના સેવનથી આપણું ચિત પણ કેટલી અશાન્તિ અને અસુખનો અનુભવ કરે છે! વેરથી વેર વધે છે, ક્ષમાથી વેર શમે છે. વેરમાં કોઈને સુખ નથી, મૈત્રીમાં સૌને સુખ છે. વેરમાં વિનાશ છે, ક્ષમામાં વિકાસ છે. વેર કુરુપ છે, ક્ષમા દિલનું સૌંદર્ય છે. વેર અધર્મ છે, ક્ષમા ધર્મ છે. માટે બીજાના દોષોને માફ કરવા અને તેની સાથે મૈત્રીભાવ કેળવવો આ આપણી પાયાની વિચારસરણી છે અને એક ઉચ્ચ આદર્શ તરીકે તેનું ઘણું મૂલ્ય છે. પરંતુ સાથે આ પણ વિચારવા જેવો સવાલ છે કે, જીવનમાં શું બધું જ ગળી ખાવું? પ્રતિકાર અને વિરોધ ક્યાંય ન કરવાં? સામો માણસ આપણને હડહડતો અન્યાય કરે, આપણી ભલાઈનો સતત લાભ લે, આપણને ત્રાસ આપે છે, પરેશાની અને મુશ્કેલીમાં મૂકે અને પોતાની આડોડાઈ અને દુષ્ટતા છોડે જ નહિ, તો પણ બધું સહન કરીને તેની સાથે મૈત્રીનો હાથ લંબાવવો? એવા માણસને અનેકવાર સુધરવાની તક આપ્યા છતાં પણ એનામાં ફેરફાર ન જ થાય તો પણ બધું ચલાવી લેવું? વિચારીએ તો આવી નરમાશ બતાવવી એ એક પ્રકારની નબળાઈ છે. જીવનમાં કંઈ આપણને 'આપ ભલા તો જગ ભલા' એવો જ અનુભવ નથી થતો અનેક વાર 'ભલો પોતાની ભલાઈ ન છોડે ને ભુંડો પોતાની ભુંડાઈ ન છોડે' એ કડવી સ્થિતિનો પણ સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં આપણે સામા માણસને સુધારવાની તક જરૂર આપીએ, પણ એનામાં લાંબો સમય સુધી ફેરફાર ન જ થાય તો પ્રતિકારની ઘણી આવશ્યકતા રહે છે. આ પ્રતિકાર એટલે વેર લેવું એવું નથી. સામાએ આપણને ત્રાસ આપ્યો તો આપણે પણ એને ત્રાસ આપવો, એણે આપણું બગાડયું તો આપણે પણ એનું બગાડયે છૂટકો કરવો, એણે પોતાનો સ્વાર્થ સાધી આપણને પરેશાની પહોંચાડી તો આપણે પણ એને એવી પરેશાની પહોંચાડવી. આવી 'ટીટ ફોર ટેટ' ની નીતિ આપણે હરગીઝ પસંદ ન કરીએ, પરંતુ એક ઉપાય તો જરૂર કરવાનો રહે છે, કે એવા માણસના સંસર્ગથી બને તેટલી આપણી જાતને દૂર રાખવી. આમ કરવું એમાં કશું જ ખોટું નથી; ઉલટાનું અળગા પડવાથી વિખવાદના અનેક પ્રસંગો આપમેળે અટકી જાય છે. અને એટલે અંશે એકમેકની તથા આસપાસનાં સૌની શાન્તિ જળવાઈ રહે છે. અનિવાર્ય સગપણ સંબંધોમાં કોઈ તરફથી આપણને કપરો અનુભવ થતો હોય તો એવા દાખલામાં સાથે રહેવા છતાં એવી વ્યકિતથી કેમ બચીને ચાલવું એ પણ આપણને આવડવું જોઈએ. આપણે કોઈ પ્રત્યે વેરભાવ ન રાખીએ, સામાનું ભલું પણ કરી છૂટીએ, પરંતુ સ્વમાનહાનિ ક્યાંય પણ સાંખી લેવી ન જોઈએ. મૂંગા મૂંગા સહન કરવાથી તો સામાને ફાવતું મળી જાય છે અને પોતાનો કોઈ વિરોધ કરનાર નથી એ સગવડથી પોતે સુધરવું જોઈએ એ ભાન સામામાં પ્રગટતું નથી. માટે નરસા અને અવળા સ્વભાવના માણસોની બાબતમાં શાન્ત રીતનો અસહકાર બતાવવાની ઘણી જરૂર રહે છે. નરસાથી નારાયણ પણ વેગળા' એ કંઈ અમથું નથી કહેવાયું.

ભૂલી જાવ, મોટું મન રાખો, ક્ષમા આપો - આ બધા "આદર્શોનું સમર્થન અને પાલન કરવું એમાં આપણી અને અન્યની સુખ શાન્તિ છે એની ના નથી, પરંતુ વાસ્તવિક જીવનમાં બનતી ઘટનાઓ તપાસીએ તો કોઈ વાર એક માણસનો ત્રાસ બીજા માણસને એટલી હદ સુધી સહન કરવો પડતો હોય છે, કે, ભૂલી જવાની વાત માણસ માટે કાબૂ બહારની બની જાય છે. આપણે ભલે, સિંહ, વાઘ, વરુ, સાપ કૂતરાં વગેરે પ્રાણીઓને ભયજનક ગણીએ, પરંતુ વિચારીએ તો માણસ કંઈ ઓછો ભયજનક નથી. ઈતર પ્રાણીઓનું તો એક સુખ છે કે, તેઓ જેવાં છે તેવાં જ દેખાય છે, જ્યારે માણસને શીલ, સૌજન્ય અને સંસ્કારિતાના અંચળા હેઠળ અન્યાય, હળાહળ જૂઠાણું, કપટ, બનાવટ, સ્વાર્થ, ક્રૂરતા વગેરે અધમ તત્ત્વોને આબાદ છૂપાવતાં આવડે છે. આવા માણસનો ભોગ બની જવાનો આપણો વારો આવે તો ક્ષમાભાવ બતાવી આપણે તેને સુધરવાની તક પણ જરૂર આપીએ, પણ સુધારો દેખાય જ નહિ, અને આપણી ભલાઈનો ગેરલાભ જ લેવામાં આવે, તો શાન્ત પ્રતિકાર દ્વારા તેને કંઈક પાઠ ભણાવવાની જરૂર રહે છે જ. નીચી મૂંડીએ બધું સહન કર્યા કરવું એવી સહનશીલતા કદી પણ ઈચ્છવા જેવી નથી. ક્ષમા, ઉદારતા, નમ્રતા વગેરે ગુણો પાછળ સ્વમાનનું તેજ અને ગૌરવ ટકાવી રાખી જરૂર પડયે અવાજ ઉઠાવવાની અને પ્રતિકાર યા વિરોધ કરવાની પણ આપણે હિંમત બતાવવી જોઈએ કે જેથી સામાને એ સમજાય કે, આપણે કંઈ મૂર્ખ નથી કે બધું ચલાવી લઈએ. આપણે કોઈનું અહિત ન કરીએ, પણ પેલા સાધુ અને સાપની વાતની જેમ ડરવું નહિ પણ ફૂંફાડો રાખવાનું તો જરૂરી જ રહે છે. નહીંતર દુષ્ટોની દુષ્ટતા ઓછી થાય નહિ અને આપણી પરેશાનીનો કોઈ પાર ન રહે. બીજાને ત્રાસ ન આપવો એની જ કેવળ અગત્ય છે એવું નથી; બીજાના ત્રાસ, અન્યાય અને દુષ્ટતાના ભોગ ન બનવું એ પણ એટલું જ અગત્યનું છે. આ દષ્ટિએ વિચારીએ તો ક્ષમાની જેમ પ્રતિકાર અને વિરોધની પણ જીવનમાં ઘણી જરૂર રહે છે.

'આપણે સારા તો સૌ સારા, આમ કહેવાનું ઘણું પ્રચારમાં છે. પરંતુ કેટલાક માણસોમાં દુષ્ટતા, સ્વાર્થ, અન્યાય, અસત્ય વગેરે દુર્ગુણો એટલા તો ભારોભાર ભર્યાં હોય છે કે, આપણી ભલાઈની કશી જ કદર થતી નથી. યુધિષ્ઠિર કેટલા ભલા હતા? ઘણા ભલા હતા, તો ય દુર્યોધને શું કર્યું? દુર્યોધન એ દુર્યોધન જ રહ્યો ને! માનવસ્વભાવની આ મુશ્કેલી આદિકાળથી ચાલતી આવી છે અને ચાલશે. અને છતાં ય આ વિષમતાનો સામનો આપણે વેરઝેર, હિંસા અને બદલાની ભાવનાથી નહિ, પરંતુ ક્ષમા, પ્રેમ, ઉદારતા વગેરે ગુણો વડે કરીએ એમાં જ આપણી શોભા છે, અને એ જ ઈચ્છવા જેવું છે. પરંતુ સાથે સાથે આ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, સામો માણસ સમજે જ નહિ અને પોતાનું મહત્ત્વ સચવાતું હોવાનું ગુમાન રાખીને જ વર્તે તો તેને પાઠ ભણાવ્યા સિવાય બીજો કોઈ ઉપાય રહેતો નથી. આપણે જીવનમાં દુર્ગુણોની નહિ પરંતુ સદ્ગુણોની વૃદ્ધિ ઈચ્છીએ છીએ. અને આ સદ્ગુણોની સ્થાપનામાં કેવળ ક્ષમા જ કામયાબ નીવડે છે એવું નથી. ગુ દુર્ગુણો જ્યાં જામ થઈને બેઠા હોય એવા દાખલાઓમાં પ્રતિકાર ઘણું કામ કરી જાય છે. પ્રતિકાર કરીશું તો સામાની આંખ ઉઘડવાની; ગુપચૂપ સહન કર્યે જઈશું તો સામાને મોકળો માર્ગ મળી જવાનો. આપણે દુર્ગુણો માટે મોકળો માર્ગ કેમ રાખી શકીએ? એનો સામનો કરવો જ રહ્યો. પણ આ સામનો કરવામાં આપણે એટલી ઉમદા સમજણ રાખવી જરૂરી છે કે, દુષ્ટમાં દુષ્ટ માણસમાં પણ ઈશ્વરનો વાસ છે, અને માણસમાં જે કંઈ ખામીઓ અને દુર્ગુણો છે તે એના અજ્ઞાનનું પરિણામ છે. માટે વેરઝેર, હિંસા અને બદલાની બૂરી ભાવનાને તાબે ન થતાં અહિંસક રીતે કામ લેવું, એટલું અંતમાં પાછું યાદ કરી લઈએ.

– શારદાબેન બાબુભાઈ શાહ

# બાળ વર્ષ નિમત્તે : પ્રેમળ જ્યોતિના દત્તક બાળકોનો બોલતો અહેવાલ

● પહેલી હરોળ :

(૧) પિયુષ પરમાનંદ

(૨) કુમાર શંકર સેજપાલ

(૩) ઉમેશ સાળવી,

● બીજી હરોળ :

(૧) પદમકર અરવિંદ દિનકર

(૨) હેમાક્ષી આર. તન્ના

(૩) જિતેન્દ્ર ગુણવંતરાય,

● ત્રીજી હરોળ :

(૧) કમલેશ,

(૨) ફાલ્ગુની શશીકાન્ત,

(૩) નીલા જયન્તિલાલ પંડયા,

● ચોથી હરોળ :

(૧) પિયુષ મહેન્દ્રભાઈ,

(૨) મૃણાલ તડકે,



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઇ પ્રેરિત

## ☆ પ્રેમળ-જ્યોતિ ☆

પ્રેમળ જ્યોતિના કાર્યથી વાચકો પરિચિત રહે એ આશયથી લગભગ દરેક અંકમાં તેના કાર્ય અંગેની માહિતી પ્રગટ કરવામાં આવે છે. આ વર્ષ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે ગણાયું હોઈ, આપણે ૧૧ બાળકોને દત્તક લીધા અને તેમને સ્કૂલ-ડ્રેસ, આખા વર્ષની સ્કૂલ-ફી, પુસ્તકો, એક્સરસાઈઝ બુકો, પેન્સિલો-કંપાસ, રેઈન કોટ વિગેરે આપવામાં આવ્યું.

એક પોસ્ટમેન પોતાની ખૂબ જ ઈચ્છા હોવા છતાં તેના છોકરાને આગળ ભણાવી શકવા માટે શક્તિમાન નહિ હોવાથી તેને નોકરીએ બેસારવાનો વિચાર કરતો હતો, તેને આપણે કાલેજ-ફી આપી તેથી તેનું ભણતર ચાલુ રહી શક્યું.

બાળ-વર્ષ નિમિત્તે એમણે જે વિદ્યાર્થી-બાળકોને મદદ કરી તેમના નામો નીચે પ્રમાણે છે અને તેમના ફોટોગ્રાફ્સ પણ આપવામાં આવ્યા છે. આ અગિયાર બાળકો સિવાય અન્ય બાળકોનો પણ અભ્યાસ માટે છૂટાછવાઈ મદદ આપવામાં આવી છે.

(૧) તડકે મૃણાલ મલાકર
(૨) સાલવી ઉમેશ સીતારામ
(૩) સેજવલ શંકર નના
(૪) નીતા જયંતિલાલ પંડયા
(૫) હેમાક્ષી રમેશચંદ્ર તન્ના
(૬) પિયુષ મહેન્દ્રભાઈ
(૭) કમલેશ ભીખાલાલ
(૮) જીતેન્દ્ર ગુણવંતરાય
(૯) ફાલ્ગુની શશીકાન્ત
(૧૦) પિયુષ પરમાનંદ
(૧૧) અરવિંદ દિનકર પેડનેકર

આ બાળકોને મદદ કરવા મટે જેમની તરફથી રકમો મળી તેમના શુભ નામો નીચે પ્રમાણે છે.

રૂા.
૫૦૧/- શ્રી રમેશ એચ. ઝવેરી
૫૦૦/- „ આશીતાબહેન કે. શેઠ
૫૦૦/- ડૉ. જમનાદાસ કે. પટેલ
૫૦૦/- શ્રી નવિનચંદ્ર ભોગીલાલ શાહ
૩૦૧/- „ મીનાક્ષીબહેન શાહ
૩૦૧/- „ એક સદગૃહસ્થ
૩૦૦/- „ ચીમનલાલ જે. શાહ
૩૦૦/- „ મંજૂલાબહેન મહાસુખભાઈ કામદાર

૨૦૦/- „ મૃદુલાબહેન જે. શાહ
૨૦૦/- „ રામદાસભાઈ કાચરિયા
૨૦૦/- „ નનીબાળા વી. શાહ

આ રીતે આ પ્રવૃત્તિનો દિનપ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે. તેને ધારીએ તેટલી વિકસાવી શકાય તેમ છે. હજુ સદ્ભાવી કાર્યકરોની પણ અમને જરૂર છે.

પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓ માટે રીડરની વ્યવસ્થા કરવામાં આવી છે, તો જેને આવા રીડરની જરૂર હોય તેઓ કયા સમય માટે – કયા દિવસે રીડરની જરૂરિયાત છે તે પોતાના નામ - સરનામાં અને શકય હોય તો ફોન નંબર સાથે જણાવે.

અને જેઓ રીડર તરીકે પોતાની સેવા આપવા ઈચ્છા ધરાવતા હોય એ લોકો પણ કયા દિવસે કેટલો સમય આપી શકશે તે વિગત નામ - સરનામા - ટેલિફોન નંબર સાથે જણાવે.

બહેનો માટે નવા સાડલા પણ સ્વીકારવાનું ચાલુ રાખ્યું છે, તો સાડલા મોકલવા માટે પણ વિનંતિ કરવામાં આવે છે.

નીચલા મધ્યમ વર્ગના કોલેજના વિદ્યાર્થીઓ માટે ફી આપવી એમ વિચાર્યું છે તો આના માટે ખાસ ઉલ્લેખ કરીને પણ દાન મોકલી શકાય છે.

પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે તેનું માર્ગદર્શક ધ્યેય વિચારવામાં આવ્યું હતું તેને અહીં ફરીથી તાજુ કરવામાં આવે છે.

* આપણે હવે કર્મભૂમિ ઉપર તન - મન અને ધનથી સેવા કરવાની છે.
* પ્રત્યેક વ્યકિતમાં પરમાત્મા છે અને આ કામ આપણે અનાસકતભાવે કરવાનું છે.
* સામાજિક કામ કરનારામાં જો સચ્ચાઈનો રણકો હશે તો કામ સફળ થશે.
* દિન - દુ:ખિયાની સહાય એટલે આપણાં જ ચિત્તની શુદ્ધિ
* આચરણ એ જ દીવો.

ઉપરના સૂત્રોને ચોક્કસ રીતે નજર સમક્ષ રાખીને આ કામનો શુભારંભ કરવામાં આવ્યો હતો. એ કારણે આજે આ પ્રવૃત્તિના પ્રારંભના તેત્રીસમે મહિને તેના પાયા ઘણા મજબૂત થયા છે.

તેનો વ્યાપ વધારવા માટે :-

(૧) આ પ્રવૃત્તિ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર સદ્ભાવી ભાઈ - બહેનો નાનાં - મોટાં દાનો મોકલે.

(૨) ટ્રસ્ટો, પેઢીઓ, ઈન્સ્ટિટ્યૂટો પણ દાનો મોકલે.

(૩) લગ્નાદિ જેવા શુભ પ્રસંગોએ આ પ્રવૃત્તિને યાદ કરી દાન મોકલવામાં આવે.

(૪) અનાજ, સાડલા, કપડાં, ગ્લુકોઝના ડબા, શકિતની દવાઓ પણ મોકલી શકાય છે, જે દર્દીઓને ઘેર પહોંચાડવામાં આવે છે.

ચેક, "Bombay Jain Yuvak Sangh"ના નામનો મોકલવો.

આ પ્રવૃત્તિને પોતાનો પ્રેમાળ સહકાર આપનાર દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલય મંત્રી

## ભગવાનની સેવા

એક વખત એક ફકીરે એક નાઈને જમીનદારની હજામત કરતાં જોયો. એણે એ નાઈને પૂછયું.

'મારી હજામત કરી આપીશ?'

નાઈ ધનવાન ગ્રાહકનું કામ પડતું મૂકીને એ ફકીરની હજામત કરવા માંડયો. અને અંતે એની પાસેથી પૈસા લેવાને બદલે સામા પૈસા આપ્યા.

ફકીરે નિશ્ચય કર્યો કે આજે જે પણ કાંઈ દાન મળે તે આ નાઈને આપવું અને બન્યું પણ એવું જ. થોડા જ સમયમાં દાનમાં મળેલું ધન લઈ ફકીર નાઈને આપવા આવ્યા અને એને આપવા માંડયા. નાઈએ રીસના માર્યા કહ્યું, જે કામ મેં ભગવાનની સેવા સમજીને કર્યું તેની આપ કિંમત ચૂકવો છો? ☆

## ભગવાનની અમોઘ કૃપા

સંસારમાં આપણા સૌના ચિત્ત સ્વાભાવિક જ ભૌતિક પદાર્થોની કામનાથી વ્યાકૂળ રહે છે, અને જ્યાં સુધી ઈન્દ્રિય - મન - બુદ્ધિ આ કામના - કલુષથી કલંકિત રહે છે, ત્યાં સુધી ભગવાનની ઉપાસના કરવા છતાં પણ મનુષ્ય પોતાના ઉપાસ્ય દેવતા પાસે જાણ્યે - અજાણ્યે ઈચ્છા પૂર્તિની જ પ્રાર્થના કરે છે. માનવીનો એ સ્વભાવ જ બની ગયો છે. એથી જ તેઓ ભગવદ્ ભાવના પરમ સુખથી વંચિત રહે છે. અસલમાં ઉપાસનાનો પવિત્રમ્ ઉદ્દેશ્ય છે– ભગવદ્ ભાવથી હૃદયનું સર્વથા અને સર્વદા પરિપૂર્ણ રહેવું. પરંતુ એ ઉદ્દેશ્ય જો નશ્વર ધન - જન, યશ, માન, વિષય - વૈભવ, ભોગ - વિલાસ વગેરેની લાલસાથી વ્યાકૂળ રહે તો એમાં ભગવદ ભાવ પ્રવેશે નહિ અને ઉપાસનાનો ઉદ્દેશ્ય સિદ્ધ થાય નહિ, પરંતુ સત્સંગના પ્રભાવથી જો કોઈ ભગવાનની અમોઘ કૃપાનો આશ્રય લે તો દયામય ભગવાન અનુગ્રહ કરી એના હૃદયથી વિષય - ભોગની કામના - વાસનાને હટાવી એમાં પોતાના ચરણારવિન્દ સેવનની કામના જાગૃત કરી દે છે.

☆

## કાવ્ય–પઠન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુજરાતનાં અગ્રણી કવિ શ્રી નાથાલાલ દવે એમનાં સ્વરચિત માતબર કાવ્યોનું પઠન તેમ જ ગાન સંઘના શ્રી પરમાનંદ સભાગૃહમાં,

મંગળવાર તા. ૨૪-૭-'૭૯ના
સાંજના ૬-૧૫ વાગે કરશે.

જાણીતા કવિ શ્રી હરીન્દ્ર દવે અધ્યક્ષસ્થાન શોભાવશે,

આ પ્રસંગે સંઘના સભ્યો તથા આજીવન સભ્યોને તથા સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા હાર્દિક નિમંત્રણ.

ટોપીવાલા મેન્શન, ૨જે માળે,
૩૮૫, સરદાર વી. પી. રોડ,
મુંબઈ–૪.
ફોન. ૩૫૦૨૯૬

ચીમનલાલ જે. શાહ,
કે. પી. શાહ
મંત્રીઓ

# ☆ જોગી મત જા ☆

**જોગી મત જા, પાવ પડું મૈં તોરે – જોગી મત જા**
**પ્રેમભકિત કો પંથ હૈ ન્યારો**
**હમકો ગૈલ બતાજા**
**ચંદનકી મૈં ચીતા રચાવું**
**આપને હાથ જલા જા – મત જા મત જા**
**જલ જલ ભયી ભસ્મ કી ઢેરી**
**આપને અંગ લગા જા**
**મીરા દાસી જનમ જનમ કી**
**જ્યોતમેં જ્યોત મિલા જા – મત જા, મત જા, મત જા.**
**– મીરાંબાઈ**

કેવું ભવ્ય દર્શન, કેવી ઉત્કટ વિરહની વેદના, કેવો દિવ્ય પ્રેમ અને અનન્ય ભકિત, કેવી એ પ્રભુપ્રેમ ખાતર ખપી જવાની તમન્ના અને કેવી તેના પ્રત્યેની શ્રદ્ધા?

કોણ જોગી? મીરાં કોને પગે પડે છે? કોને રોકાઈ જવા વિનવે છે?

સાધનાના સોપાન ચડતાં ચડતાં એક એવો સમય આવે છે, જ્યારે પ્રભુ પોતાનાં પ્રકાશ, પ્રેમ, સામર્થ્ય સાથે ભકતને, સાધકને દર્શન આપે છે. - સાધક એ પ્રેમ, એ સામર્થ્ય, અને દિવ્યતા પોતાના સમગ્ર વ્યકિતત્વમાં અનુભવે ન અનુભવે ત્યાં તો પાછા એ અલોપ થઈ, છુપાઈ જતાં હોય તેવી વિકળ અવસ્થામાં સાધક આવી પડે છે. પ્રભુમિલનની આ ઉત્કટ અવસ્થા વખતે એક આવરણ જાણે આવી જાય છે. જેનાથી એક ક્ષણ માત્ર માટે પણ પ્રભુવિરહ જીરવાતો ન હોય તેવા સાધકને પ્રભુની આ ચાલ્યા જવાની, સંતાઈ જવાની રમત તો ક્યાંથી જ સહેવાય? સાધક પોતાના પ્રેમી પ્રભુને વિનંતિ કરે છે: કે હે પરમાત્મા તમે એક ક્ષણ માટે પણ મારા હૃદયકમળમાંથી અળગા ન થતાં. એ વિરહનું દુઃખ અસહ્ય છે. સાધકને જીવન પાસે કશું જ નથી જોઈતું. સંસારમાં રહેવા છતાં એને કોઈ અપેક્ષા નથી. એને તો ભકત એક જ આરઝુ છે અને તે સતત પ્રભુની હાજરીની.

મીરાંએ પોતાના ભજનમાં આ અવસ્થાને ખૂબ જ સુંદર રીતે વણી છે. મીરાં પ્રભુને જોગી કહે છે કારણ કે, એ સર્વમાં રહેવા છતાં ન્યારો છે, અલિપ્ત છે. [સાધકનાં અણુ એઅણુમાં એ રહેવા છતાં; તેને પ્રેમ, શાંતિ, આનંદ, તેમ જ શકિત આપવા છતાં એ નિરાળો પ્રેમી છે. જગતનાં સચરાચરમાં વિરાજેલો એ સ્વામી મીરાંને માટે જોગી છે, કારણ કે પ્રભુને પણ ભકત પાસેથી કશું જ જોઈતું નથી. સિવાય કે પ્રેમ ... અને આમ મીરાંના મુખમાંથી શબ્દો સરી પડે છે.

'જોગી મત જા ... પાવ પડું મૈં તોરે.'

જેના સારા ય અસ્તિત્વમાં પ્રભુ પ્રેમની જ્વાલા સળગી ઊઠી છે તેવી મીરાં કહે છે –

'પ્રેમ ભકિત કો ...... ગૈલ બતાજા.' –

હે પ્રભુ પ્રેમ અને ભકિતનો રસ્તો તો આ સંસારથી તદ્દન જુદો જ પ્રકારનો છે એમાં વાસાનાનો છાંટો ય નથી, અપેક્ષાની ખેવના નથી. ઈચ્છાઓથી પર અને ફકત સમર્પણની ભાવનાથી જ રંગાયેલો, એવો એ પ્રેમથી તરબોળ માર્ગ તું મને બતાવ.

'ચંદન કી મૈં ચીતા ...... જલાની'

મીરાંને આ નિર્લેપ છતાં વિશ્વમાં રમમાણ એવા પ્રભુની હાજરી એટલી તો સુખકર, એટલી તો અલૌકિક અને અદ્‌ભૂત લાગે છે કે, તે કોઈ પણ ભોગે તેનાથી અળગી થવા માંગતી નથી.

ધ્યાન - સાધનામાં આગળ વધતાં વધતાં જ્યારે સાધકને પ્રભુની દિવ્યતાનો સ્પર્શ વધુ ને વધુ થાય છે ત્યારે એને પોતાના જડ દેહનું અસ્તિત્વ પણ બાધારૂપ લાગે છે. સાધક જાણે છે, કે આ દેહ જ આ પૃથ્વી પર એનાં દિવ્ય મિલનનું સાધન છે, છતાં એ પ્રભુસ્પર્શે પોતાનાં પવિત્ર થયેલ ચંદન સમાન શરીરનાં અંગોને પોતાના સમગ્ર અસ્તિત્વ એવા મન, પ્રાણ સહિતના બાકી રહેલ અહમ્‌ને પોતાને હાથે જ ચીતાની સામગ્રી રૂપે પૂર્ણ રીતે, બધું જ જલાવી દેવા એ તૈયાર થાય છે; કારણ કે તો જ એનું સમગ્ર અસ્તિત્વ પ્રભુ સાથે એકાકાર થવાની અભિપ્સાની જ્વાલારૂપે બની રહે.

ભકત મીરાં, પ્રભુને આવ્વાન કરે છે, પોતાના પ્રેમીને હાથે જ એની પાવક જ્વાલામાં સળગી જવા એ તત્પર બને છે. અને જ્યારે એ સંપૂર્ણતયા પોતાના અણુએઅણુમાં સળગી રહે છે. ત્યારે મૃદુભાવે ફકત એટલું જ બોલે છે –

'જલ જલ ભઈ ...... અંગ લગાજા'

સુક્ષ્માતિસુક્ષ્મ પ્રકાશસ્વરૂપ પ્રભુને આ સ્થૂળ ઈન્દ્રિયો વડે પામી શકાતા નથી. એમનું દિવ્યદર્શન તો સાધકને એમની જ કૃપા વડે પ્રાપ્ત થયેલ દિવ્યચક્ષુ વડે જ થઈ શકે છે. અને એટલે જ બાવરી મીરાં પ્રભુને કહે છે, કે મારું સર્વસ્વ જલાવીને મેં રાખ કરી દીધું છે. હે પ્રભુ મને ફકત એક જ તમન્ના છે કે એ સૂક્ષ્મ ભસ્મને તું-તારા શરીર પર લગાડ કે જેથી તારી સાથે મારું મિલન શક્ય બને.

જ્યારે સાધકનું બધું જ આહુતિરૂપે પ્રેમયજ્ઞમાં સળગી જાય છે. જેવાં કે તન, મન, પ્રાણ, સૂક્ષ્મમાં રહેલા વિચારો, પૂર્વગ્રહો, મોહ, માયા, મમતા આસકિત, રાગ, લોભ ત્યારે સાધકમાં –ભકતમાં ફકત શેષ બચી જાય છે, એ પવિત્ર 'હું' રૂપે રહેતી પ્રભુની પ્રેમ– જ્યોતી જે સાધકમાં દર ક્ષણ પ્રભુ–મિલન માટે તત્પર રહેતી હોય છે, કારણ એ પ્રભુમાંથી જ નીકળેલી - પ્રભુના પૂર્ણ પ્રકાશવંત એવા શાશ્વત શરીરમાંથી જ બનેલી એમની જ સ્વયં જ્યોત છે.

મીરાં તો જન્મજન્માંતરથી પ્રભુની સાધિકા. એ તો એના ગીરધર ગોપાલનાં ચરણોની દાસી. દર જન્મમાં એ પ્રભુપ્રેમે રંગાઈ, જગતના લોકોને પ્રભુ તરફ લઈ જતી, સત્સંગ રૂપી ગંગામાં પવિત્ર કરતી, જોગણ - વિજોગણ. મીરાં પોતાની આત્મજ્યોતિને, એ પ્રભુજ્યોતિમાં સમાવી દેવા માંગે છે કે, જેથી કોઈપણ રીતે એની અસ્મિતાનો અવશેષ અ - પૂર્ણ ના રહી જાય. ભજનની છેલ્લી બે પંકિતઓમાં મીરા એ જ વાતનું સમર્થન કરે છે.

મીરાં દાસી જનમ જનમ કી
**જ્યોત મેં જ્યોત મીલાજા – મત જા, મત જા.**

**–દામિની જરીવાલા**

## સાંપ્રત રાજકીય પ્રવાહો

તા. ૨૫–૭–૭૯ બુધવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, જાણીતા ચિંતક અને સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર પ્રવચન 'સાંપ્રત રાજકીય પ્રવાહો' એ વિષય ઉપર રાખવામા આવેલ છે.

રસ ધરાવતા સૌને પધારવા નિમંત્રણ છે.

**ચીમનલાલ જે. શાહ, કે. પી. શાહ, મંત્રીઓ.**

# ❀ પર્યુષણ વ્યાખ્યાનમાળા ❀

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી, રવિવાર તા. ૧૯-૮-'૭૯ થી સોમવાર તા. ૨૭-૮-'૭૯ સુધી – એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી ઉપર આવેલા "બિરલા ક્રીડા કેન્દ્ર"ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૩૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. જે બે દિવસોમાં ભક્તિ-સંગીત છે તે દિવસોએ ૧૦-૩૦ થી ૧૧-૧૫ સુધી ભક્તિ-સંગીત રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

| તારીખ | | વ્યાખ્યાતા | વ્યાખ્યાન-વિષય |
|---|---|---|---|
| રવિવાર | ૧૯–૮–૭૯ | શ્રી શશિકાન્ત મહેતા | શબ્દબ્રહ્મ નવકાર |
| | ,, | પ્રો. ચન્દ્રકાન્ત બક્ષી | ઇતિહાસ : મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ |
| સોમવાર | ૨૦–૮–૭૯ | ડૉ. નેમિચંદ્ર જૈન | जैन धर्मः कितना वैज्ञानिक, कितना व्यावहारिक |
| | ,, | પ્રો. કુમારપાળ દેસાઇ | મૃત્યુની મીઠાશ |
| મંગળવાર | ૨૧–૮–૭૯ | પ્રો. રજનીબહેન ધ્રુવ | સમાજ અને ધર્મ |
| | ,, | આચાર્યશ્રી જયેન્દ્ર ત્રિવેદી | ક્રોધ અને કરુણા |
| બુધવાર | ૨૨–૮–૭૯ | ડૉ. મૃદુલાબહેન મારફતિયા | ગીતા અને આપણું જીવન |
| | ,, | શ્રી મનુભાઇ પંચોળી (દર્શક) | ટોલસ્ટોય – કલાકાર અને શ્રેયસાધક |
| ગુરૂવાર | ૨૩–૮–૭૯ | શ્રીમતી દામિનીબહેન જરીવાલા | શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનું જીવનદર્શન |
| | ,, | આ. શ્રી યશવંત શુક્લ | સાહિત્યનો સમાજસંદર્ભ |
| શુક્રવાર | ૨૪–૮–૭૯ | પ્રો. મધુસૂદન પારેખ | જીવનનો મર્મ |
| | ,, | આચાર્યશ્રી કુંજવિહારી મહેતા | ઉત્તમ ધર્મ – મધ્યમ માર્ગ |
| શનિવાર | ૨૫–૮–૭૯ | ડૉ. સુરેશ જોષી | બૌદ્ધિકોની નિષ્ક્રિયતા |
| | ,, | ફાધર વાલેસ | ધર્મ – ભગવાનની દૃષ્ટિએ |
| રવિવાર | ૨૬–૮–૭૯ | પ્રો. પુરુષોત્તમ માવલંકર | હેરલ્ડ લેસ્કી – અનોખા લોકશિક્ષક |
| | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ચાર પુરૂષાર્થો |
| | | શ્રી પુરુષોત્તમદાસ જાલોટા | ભક્તિ-સંગીત |
| સોમવાર | ૨૭–૮–૭૯ | શ્રી અગરચંદજી નાહટા | तीर्थंकरकी साक्षात् उपासना |
| | ,, | ડૉ. રમણલાલ ચી. શાહ | આલોયણા |
| | | શ્રી પીનાકીન શાહ તથા બી. કમલેશકુમારી | ભક્તિ-ગીતો |

ભારતીય વિદ્યાભવનમાં રિપેરીંગ કામ ચાલતું હોવાથી આ વખતે નીચે પ્રમાણે વ્યાખ્યાન-સ્થળ બદલવામાં આવ્યું છે તેની નોંધ લેવા વિનંતી.

આ દરેક વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના આજીવન સભ્યો, સભ્યો, શુભેચ્છકો તથા સૌ મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

**વ્યાખ્યાન સ્થળ :** બીરલા ક્રિડા કેન્દ્ર – ચોપાટી

**સમય :** દરરોજ સવારના ૮–૩૦ થી ૧૦–૩૦

તા. ૨૬–૮ અને ૨૭–૮ ભક્તિ–સંગીત
સવારે ૧૦–૩૦ થી ૧૧–૧૫

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

## પર્યુષણ વ્યાખ્યાનમાળાને પ્રોત્સાહન

અમે જણાવતા હર્ષ અનુભવીએ છીએ કે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના સમગ્ર ખર્ચના અનુસંધાનમાં રૂા. ૧૧૦૦૧, જેવી માતબર રકમ મે. એશિયન પેઈન્ટ્સ (ઈન્ડિયા) લિમિટેડ વતી, તેના ડાયરેક્ટરો, શ્રી ચંપકલાલ ચોકસી, શ્રી સૂર્યકાન્ત દાણી, શ્રી ચીમનલાલ ચોકસી અને શ્રીમતી વીણાબહેન વકીલદ્વારા સંઘને મળેલ છે. આ જ્ઞાનપરબને આવું પ્રોત્સાહન આપી ડાયરેક્ટરોએ સંઘ પ્રત્યે જે પ્રેમાળ સદ્ભાવ દાખવ્યો છે તે અન્ય સૌને માટે પણ માર્ગદર્શક બની રહે તેમ છે.

– ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ – મંત્રીઓ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧,

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ઓગસ્ટ ૧૯૭૯, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ પ્રજાનો દ્રોહ ☆

શ્રી ચરણસિંહને સરકાર રચવા રાષ્ટ્રપતિનું આમંત્રણ મળ્યું ત્યારે તેમણે કહ્યું, મારા જીવનની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થઈ. બચાવમાં ઉમેર્યું કે, દરેક રાજદ્વારી વ્યકિત, મુખ્ય મંત્રી, અથવા વડા પ્રધાનનું પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે; કોઈ એમ કહે કે, તેને આવી મહેચ્છા નથી તો તે જુઠ્ઠું બોલે છે. આ સત્તાલાલસા ન કહેવાય તેમ બતાવવા કહ્યું કે, આવી મહેચ્છા પૂરી કરવા ગેરવ્વાજબી માર્ગ Unfair means. લેવા ન જોઇએ.

ચરણસિંહ વડા પ્રધાન બન્યા તે વ્યાજબી માર્ગે fair meansથી બન્યા છે?

જનતા પક્ષમાં ભંગાણ પાડવામાં પોતાને સત્તાલાલસા ન હતી એવું બતાવવા તે જ દિવસે તેમણે એક નિવેદન બહાર પાડયું. પોતાનો પક્ષ ભાલોદ, સદા એક સંયુકત પક્ષ રચવા તત્પર હતો એમ જણાવી, જનતા પક્ષની નિષ્ફળતા અને તેમાં પડેલ ભંગાણનો સઘળો દોષ મોરારજી દેસાઇ ઉપર ઢોળ્યો છે. તે નિવેદનમાં કહ્યું છે.

All these failures and shortcomings could be traced to one single cause viz while he did not entertain any vision about the future of the country or nursed any ambition about its prosperity or role in the Comity of Nations, Shri Morarji Desai had developed an inordinate desire to stick to power, at least, till 1982 and wanted to be left in peace till then.

'આ સઘળી નિષ્ફળતાઓ અને ઉણપોનું એક જ કારણ હતું. મોરારજી દેસાઈ દેશનાં ભાવિ માટે કોઈ દષ્ટિ–સ્વપ્ન ધરાવતા નહોતા કે દેશની સમૃદ્ધિ અને રાષ્ટ્રસમૂહમાંના એનાં ફાળા વિશે કોઈ મહત્ત્વાકાંક્ષા રાખતા નહોતા, પણ એમનામાં કમસે કમ ૧૯૮૨ સુધી તો સત્તા પર ચીટકી રહેવા માટેની અદમ્ય ઈચ્છા જાગી હતી. અને ત્યાં સુધી તેમને શાંતિથી રહેવા દેવામાં આવે એવું ઈચ્છતા હતા.'

આખું નિવેદન આત્મપ્રશંસા અને મોરારજીભાઈની નિંદાથી ભરપૂર છે. સર્વોતમ વિજય પ્રસંગે હારેલ પ્રતિસ્પર્ધી ઉપર પ્રહારો કરવાની અને પોતાની મહત્તા બતાવવાની તક ચરણસિંહ જતી કરી શકયા નહિ.

આ થયું ચરણસિંહનું પોતાનું પરિસ્થિતિનું વિશ્લેષણ, તટસ્થ નિરીક્ષકો શું માને છે?

લંડનના 'ઈકોનોમીસ્ટ'ના ૨૧ મી જુલાઈના અંકમાં, આપણી વર્તમાન રાજકીય પરિસ્થિતિ સંબંધે બે લેખો છે. મોરારજીભાઈએ ૧૫ મી જુલાઈએ રાજીનામું આપ્યું પછી તુરત લખાયેલા આ બે લેખો છે. કેટલું વેધક વિશ્લેષણ કર્યું છે! એ જોઈ આપણને આશ્ચર્ય થાય. એક લેખનું મથાળું છે. Every man for himself. કહેવાની મતલબ દરેક સ્વાર્થી છે. બીજાનું મથાળું છે. Hitting Bottom – સૌ છેલ્લે પાટલે બેઠા.

પહેલા લેખમાં મોરારજીની નિર્બળતા જેને પરિણામે, ચરણસિંહને એકવાર કાઢી, ફરી પાછા લાવ્યા તેનો ઉલ્લેખ કરી જણાવ્યું છે કે ચરણસિંહ પાછા આવ્યા – Vowing vengeance on his former allies - પોતાના પહેલાના સાથીઓ ઉપર વેર વાળવાનો નિર્ણય કરીને. Veneance came this week આ અઠવાડિયે એટલે કે, ૯ મી જુલાઈથી ૧૬ જુલાઈમાં, વેરવાળવાની તક મળી ગઈ. ચરણસિંહે જનસંઘનું બહાનું જ કાઢ્યું છે, એ બતાવવા, શરૂઆતમાં ચરણસિંહે જનસંઘ સાથે ભાગીદારી કરી, ત્રણ રાજ્યો - હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહાર - પોતે લીધા અને ત્રણ રાજ્યો - રાજસ્થાન મધ્ય પ્રદેશ અને હિમાચલ પ્રદેશ - જનસંઘને સોંપ્યા, તેનો ઉલ્લેખ કર્યો છે. પછી, પોતાના ત્રણ રાજ્યોમાંથી તેના મુખ્ય મંત્રીઓને કાઢ્યા ત્યારે ચરણસિંહને જનસંઘના અનિષ્ટનું અને હિન્દુ કોમી માનસનું અચાનક ભાન થયું. આ ભાન થયું ત્યારે ઈન્દિરા ગાંધી મહાન અનિષ્ટ છે તે ભૂલી ગયા, અને તેમની સાથે મેળ કરવાનું શરૂ કર્યું.

He and the former Prime Minister have been dancing a miniet since last winter in the expectation that they would need eachother once the realignment began.

ઈન્દિરા ગાંધી અને ચરણસિંહ વચ્ચે કેટલાય મહિનાથી આવી ખાનગી મસલત ચાલે છે, તેની વિદેશી પત્રકારોને માહિતી છે.

બીજા લેખની શરૂઆત આ પ્રમાણે થાય છે.

Indian Politics has sunk to a new depth from which it will not easily recover. The dramatic collapse of Janata Government on July 14th stemmed mainly from the lust for power of the Finance Minister Mr. Charansingh. He is determined to become Prime Minister and for this purpose, is cynically willing to join with Mrs. Indira Gandhi who imprisoned him for 18 months during her 'emergency'. Fears that the rump of Janata will now disintegrate only highlight the willingness of Indian Politicians to embrace in order to stab each other in the back.

'ભારતનું રાજકારણ એટલી હલકી કક્ષાએ નીચું ઉતરી ગયું છે કે એમાંથી એને સરળતાથી બહાર લાવી શકાશે નહિ. તા. ૧૪મી જુલાઈએ શ્રી દેસાઈની સરકારનું નાટયાત્મક પતન થયું એ મુખ્યત્વે નાણાપ્રધાન શ્રી ચરણસીંહની સત્તાલાલસાને લીધે થયું હતું. તેઓ વડાપ્રધાન બનવા કટિબદ્ધ છે અને આ માટે તેઓ એમને કટોકટી દરમિયાન અઢાર મહિના સુધી જેલમાં રાખનાર શ્રીમતી ગાંધી સાથે હાથ મિલાવવા પણ તૈયાર થયા છે. જનતા પક્ષનું એક જુથ ભંગાણ પાડવા તૈયાર થયું છે એ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ભારતીય રાજકારણીઓ પીઠ પાછળ ખંજર ભોંકવા માટે એકબીજાને ભેટવા તૈયાર છે.

વિદેશી પત્રકારોને ખબર છે, કે જનતા સરકારનું પતન ચરણસિંહની સત્તાલાલસાને જ આભારી છે. તેમને એ પણ ખબર છે કે, આ દેશની રાજદ્વારી વ્યકિતઓ પીઠ પાછળ ખંજર ભોંકવા માટે એકબીજાને ભેટે છે. તેઓ એ પણ જાણે છે કે, સત્તા મેળવવા, ચરણસિંહ નિર્લજપણે ઈન્દિરાને ભેટવા તૈયાર થયા છે.

આ છે આપણા નવા વડા પ્રધાન વિદેશીઓની નજરે. તેમના કહેવા પ્રમાણે મોરારજી દેસાઈને દેશના ભાવિ માટે કોઈ દષ્ટિ કે સ્વપ્ન ન હતું. દેશની આબાદીની કાંઈ પડી ન હતી. વિદેશોમાં આપણા દેશનુ શું સ્થાન હશે તેની પરવા ન હતી, માત્ર ચિન્તા હતી પોતાની ખુરશીની. પણ શ્રી. ચરણસિહને દેશના ભાવિનું ભવ્ય સ્વપ્ન છે; ગાંધીચિંધ્યા માર્ગે દેશની આબાદી કરવી છે, વિદેશોમાં ભારતનું ગૌરવભર્યું સ્થાન સ્થાન પ્રાપ્ત કરવું છે. શ્રી ચરણસિહે શુદ્ધ સાધનોથી અને વ્યાજબી માર્ગે આવા ઉચ્ચ ધ્યેયોની પ્રાપ્તિ માટે વડા પ્રધાન-પદ પ્રાપ્ત કર્યું છે?

૯ મી જુલાઈથી દિલ્હીમાં જે શરમજનક ઘટનાઓ બની છે તે અભૂતપૂર્વ છે. આપણા નેતાઓને સાચા સ્વરૂપે જોવાની આપણને તક મળી. પણ તેને માટે ભારે કીંમત ચૂકવી છે અને હજી ચૂકવવી પડશે.

જે કાંઈ બન્યું છે. તેનો વિચાર કરીએ ત્યારે ઊંડી વિમાસણ અને વેદના થાય છે કે, આવું બન્યું જ કેવી રીતે, અને આટલી ઝડપથી આટલું બધું અધઃપતન! કોઈ એક વ્યકિતને જ દોષ દઈએ તેવું નથી. સૌ પોતાની રમત રમવામાં અને સ્વાર્થમાં ડૂબેલા જોવા મળયા. જનતા પક્ષની રચના થઇ ત્યારથી જ આ રમત ચાલુ હતી એમ લાગે. કોઇનું દિલ સાફ ન હતું. માત્રાનો ફેર હશે, અસલ સ્વરૂપમાં ફેર નથી.

રાજનારાયણ જેવા વિદૂષકે શરૂઆત કરી. ચરણસિહે કહ્યું, રાજનારાયણ સાથે તેમને કાંઈ સંબંધ નથી, છેડો ફાડયો છે. કેટલું જુઠાણું! વ્યવસ્થિત યોજનાપૂર્વક કામ થયું હોય તેમ લાગે છે. ચવ્હાણે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી ત્યારે તેને પણ કલ્પના નહિ હોય કે, આવું પરિણામ આવશે. બનાવો ઝડપથી બન્યા, Events overtook the actors in the drama કાવાદાવા અને સાટા – સોદાની કલ્પના ન આવે. રમણિયતાની વ્યાખ્યા કરી છે કે, ક્ષણે ક્ષણે નવીનતા પ્રાપ્ત કરે. તે દષ્ટિએ આ રમણીય દશ્ય હતું! કેટલાય વેર–વિરોધો ભૂલાઇ ગયા અને નવી મૈત્રીઓ થઈ. કેવું સુંદર દશ્ય! ચરણસિહ અને ઇન્દિરા ગાંધી મિત્ર થયા. ઇન્દિરા ગાંધીએ 'બીન શરતી' ટેકો જાહેર કર્યો. કેટલી મોટી ઉદારતા! બાપે માર્યા વેર હતાં તે ચરણસિહ અને બહુગુણા મિત્ર થયા. જુના મિત્રો છૂટા પડયા. બહુગુણા અને જગજીવન છૂટા પડયા, જ્યોર્જ ફરનાન્ડીઝ અને મધુ દંડવતે છૂટા પડયા. જનતા પક્ષ તૂટયો. સમાજવાદી પક્ષ તૂટયો. જગજીવનરામનો સી. એફ. ડી પક્ષ તૂટયો. ન તૂટયો એક જનસંઘ. જેને કારણે બધા તૂટયા એમ કહેવાય છે. ચરણસિહે જાહેર કર્યું કે, ઇન્દિરા ગાંધી તેમને ટેકો આપે તો પણ આપખૂદી બળો સામે તેમનો વિરોધ એટલો જ ઉગ્ર રહેશે. કેટલી સિદ્ધાંતનિષ્ઠા! સ્વર્ણસિંઘ કોંગ્રેસે જાહેર કર્યું હતું કે, ઇન્દિરા ગાંધીનો જેને ટેકો હશે એવા કોઈ પક્ષને આ કોંગ્રેસ ટેકો નહિ આપે. હવે ચરણસિહ સાથે ભાગીદારી કરી. અરે ડો. કરણસિહ અને મી. પૈ. જે ઈન્દિરા ગાંધી સામેના વિરોધમાં મોખરે હતા તેઓ ચરણસિહના પ્રધાનમંડળમાં જોડાયા અને હવે ઈન્દિરા ગાંધીના ટેકાથી આ પ્રધાનમંડળ ટકશે કે પડશે? પક્ષાંતર કરી વડાપ્રધાનપદ મેળવી શકાય છે, એટલે પક્ષાંતરને ગૌરવ મળ્યું.

આ તો બહારથી જેટલું જાણીએ છીએ તેટલું લખ્યું. અંદરથી શું શું નહિ બન્યું હોય? ઈકોનોમિસ્ટે કહ્યું છે તેમ, સૌ છેલ્લે પાટલે બેઠા. તળીયું આવી ગયું.

આ બધી હૈયાવરાળ કાઢી, પણ બનવાનું હતું તે તો બની ગયું. હવે બે ત્રણ મુખ્ય મુદ્દાઓ સંક્ષેપમાં નોંધું. ઘણું લખાય તેવું છે, શું લખવું અને શું ન લખવું.

રાષ્ટ્રપતિ સમક્ષ બે વિકલ્પ હતા. સ્થિર સરકાર રચી શકાતી હોય તો તેનો પ્રયત્ન કરવો અથવા લોકસભાનું વિસર્જન કરવું. રાષ્ટ્રપતિએ પ્રથમ માર્ગ ગ્રહણ કર્યો. ચરણસિહ સ્થિર સરકાર રચી શકશે એવું તેમને લાગ્યું. હકીકતમાં માથા ગણવાનું કામ થયું અને ચરણસિહને, મોરારજી કરતાં વધારે સભ્યોનો ટેકો છે એવું તારણ કાઢયું. કેવી રીતે તેઓ આ નિર્ણય ઉપર આવ્યા તે આપણે જાણતા નથી. રાષ્ટ્રપતિએ એટલું કહ્યું છે કે બધા સંજોગોનો વિચાર કરી તેઓ આ નિર્ણય ઉપર આવ્યા છે. તેમાં વ્યકિતગત ગમા-અણગમાએ કેટલો ભાગ ભજવ્યો તે ભગવાન જાણે. આપણે હાલ તુરત તો આ નિર્ણય સ્વીકારવો રહ્યો. આ શંભુમેળાનો સંઘ દ્વારકા જશે કે નહિ તે જોવું રહ્યું. સભ્યોનો પોતાનો સ્વાર્થ કદાચ આ પરિસ્થિતિને થોડો વખત ટકાવી રાખે. કોઈને મધ્યસત્ર ચૂટણી જોઈતી નથી. સૌ જાણે છે કે પ્રજા સમક્ષ જાય તો જાકારો મળે તેમ છે. ૩૦૦ સભ્યો નવા છે. બિચારા પાંચ વર્ષ પુરા કરે તો જિંદગીભર માસિક રૂપિયા ૨૫૦નું પેન્શન મળે.

પણ લોકશાહીની દ્રષ્ટિએ વિચારીએ તો આ પરિસ્થિતિ અસહ્ય લેખાવી જોઈએ. પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા હોય તેવા લોકો પ્રતિનિધિ થઈ પાંચ વરસ ચીટકી બેસે તે સહન ન થાય. જયપ્રકાશે નવનિર્માણ આંદોલન આવા ધોરણે શરૂ કરેલું અને ગુજરાત વિધાન સભાનું વિસર્જન કરાવ્યું અને ધારાસભ્યોને રાજીનામું આપવાની ફરજ પાડી. બિહાર ધારા સભાના વિસર્જન માટે પણ એવું જ આંદોલન કર્યું. લોકસભાના વિસર્જન માટે પણ એવું જ આંદોલન કર્યું હતું અને કટોકટી આવી ન હોત તો વિસર્જન કરાવીને જંપત. ત્યારે મેં એ આંદોલનની ટીકા કરી હતી, કારણ કે તે વખતે શાસક પક્ષ કોંગ્રેસની બહુમતી હતી. વર્તમાન લોકસભામાં કોઈ પક્ષની બહુમતી નથી. મોટા ભાગના સભ્યો પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા છે તે વિષે શંકાને કોઈ સ્થાન નથી. રાષ્ટ્રપતિએ લોકસભાનું વિસર્જન કર્યું હોત તો અયોગ્ય કર્યું છે તેમ કોઈ કહેત નહિ, બલ્કે જવાબદાર વ્યકિતઓ તરફથી એવી માગણી થઈ હતી. નવી ચૂંટણી થાય તો કોઈ પક્ષને બહુમતી ન મળે એ અસંભવ નથી. પણ પ્રજા ઉપર વિશ્વાસ મૂકવો, બંધારણીય અને નૈતિક માર્ગ છે. let the People judge. આવા લોકોને શાસન કરવા દેવું તેમાં પ્રજાનો દ્રોહ છે.

બીજી રીતે જોઈએ તો ૧૯૭૭ની ચૂંટણીમાં કોંગ્રેસને પ્રજાએ અસંદિગ્ધ રીતે જાકારો આપ્યો હતો. હવે એ જ કોંગ્રેસના સભ્યો ચરણસિહ સાથે મળી શાસન કરે તેમાં સ્પષ્ટપણે પ્રજાનો દ્રોહ છે.

અવિશ્વાસની દરખાસ્ત માત્ર મોરારજી દેસાઈ સામે જ ન હતી. ચરણસિહ સહિત સમસ્ત મંત્રીમંડળ સામે હતી. તે જ મંત્રીમંડળના કેટલાક સભ્યો, એ જ બહગુણા, ચરણસિહ, બીજુ પટનાયક, વગેરે શાસનમાં ચાલુ રહે તે બંધારણીય રીતે પણ અયોગ્ય છે. વિશેષમાં, તેમની સાથે જોડાય છે– ચવ્હાણ, બ્રહ્માનંદ રેડ્ડી, સુબ્રમણ્યમ વગેરે, જે કટોકટી દરમ્યાન ઈન્દિરા ગાંધીના સાથી હતા.

જનતા પક્ષ સત્તા પર આવ્યો ત્યારે ઉત્તરના નવ રાજયોની ધારાસભાઓમાં કોંગ્રેસની બહૂમતી હતી. એ ધારાસભાઓનું ફરજિઆત વિસર્જન કર્યું, એમ કહીને કે કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે. શું આ લોકસભા પ્રજાનો વિશ્વાસ ધરાવે છે?

બીજી રીતે જોઈએ તો પક્ષાપલટો થયો કે શાસનકર્તાઓ બદલાયા તેમાં પ્રજાને કોઈ ફેર પડતો નથી, કાંઈ રસ નથી. એ જ ચહેરા-મહોરા છે. એ જ ચરણસિહ. એજ ચવ્હાણ એમની પાસેથી શું આશા રાખવી? મોરારજી અને જગજીવનરામ હોય કે ચરણસિહ અને ચવ્હાણ હોય, પ્રજાને માટે પરિણામ તે જ છે.

આર્થિક, સામાજિક અને કાયદો તથા વ્યવસ્થાની સમસ્યાઓ ઉત્તરોત્તર વિકટ અને ગંભીર બનતી જાય છે. આ મંત્રીમંડળ તેનો ઉકેલ કરી શકે અથવા તેને હળવી પણ કરી શકે એવી આશા રાખવા કારણ નથી. અત્યારે તો એવું જણાય છે કે અસ્થિરતા વધશે. મિશ્ર સરકાર, કોએલીશન ગવર્નમેન્ટ, હંમેશા નિર્બળ હોય છે. તેમના આંતરિક મતભેદોને કારણે અસરકારક પગલાં લઈ શકે નહિ. પોતાના પક્ષને આગળ કરવા અથવા પોતાના પક્ષ માટે લાભ ઊઠાવવા પ્રયત્ન કરે. જનતા પક્ષમાં તે જ થયું. હવે પાટલી બદલુઓની સંખ્યા ન વધે તો સારું.

આ બધામાં કોઈને લાભ થયો હોય તો ઈન્દિરા ગાંધીને છે. આ મંત્રીમંડળની ચોટલી તેના હાથમાં છે. ધારશે ત્યારે મધ્યસત્ર ચૂંટણી કરાવી શકશે. દરમ્યાન પોતાની સ્થિતિ મજબૂત કરશે.

આ કરુણ સ્થિતિ છે. તેમાંથી છૂટવાનો અત્યારે કોઈ માર્ગ દેખાતો નથી. રાજ્યોમાં આ સ્થિતિના પડઘા પડશે. બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં શરૂ થયું છે. ચરણસિંહ ફરી હરિયાણા, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં સત્તા જમાવવા કરશે. જનતા પક્ષના બે વિભાગોમાં જ અંદર અંદરથી ખેંચાતાણ થશે. આ બધા રાજયોમાં અસ્થિરતા અને પક્ષાંતરને વેગ મળશે. ઇકોનોમીસ્ટ લખે છે.

Continued instability is bound to bring out the worst in politicians and this can be exceedingly bad.

આપણે આશા રાખીએ કે સૌને સદ્‌બુદ્ધિ સુઝે.

૨૮-૭-૭૯

**ચીમનલાલ ચકુભાઇ**

# મોરારજીભાઈની નિવૃત્તિ

મોરારજીભાઈના ૫૦ વર્ષના દીર્ઘ જાહેર જીવનનો હવે અંત આવે છે. મોરારજીભાઈએ ઘણી લીલીસૂકી જોઈ, મુંબઈ રાજ્યના મુખ્ય મંત્રી થયા. સંયુક્ત મહારાષ્ટ્રના અને મહાગુજરાતના તોફાનોનો સામનો કરવો પડયો. કેન્દ્રમાં મંત્રીમંડળમાં આવ્યા અને પછી કામરાજ યોજનાના ભોગ બન્યા. ઈન્દિરા ગાંધી સામે બે વખત વડા પ્રધાનપદની હરીફાઈમાં ઊતર્યા અને નિષ્ફળ ગયા. નાયબ વડા પ્રધાનપદ સ્વીકાર્યું અને ઈન્દિરા ગાંધીએ બરતરફ કર્યા. ૯ વર્ષ વનવાસ ભોગવ્યો. અંતે એક ઐતિહાસિક પળે દેશના વડા પ્રધાન બન્યા અને ત્યાંથી રાજીનામું આપવું પડયું. હવે ૮૩ વર્ષની ઉંમરે રાજકીય જીવનમાંથી નિવૃતિ લેવાનું જાહેર કર્યું.

મોરારજીભાઈના ગુણદોષ સુવિદિત છે. તેમનું જીવન કેટલેક દરજ્જે ખુલ્લી કિતાબ જેવું છે. મનમાં એક અને કહેવું બીજું, એવો દોષ તેમને કોઈ આપે તેમ નથી. તેમના આપખુદ સ્વભાવ અને તીખી વાણીએ દુશ્મનો ઊભા કર્યા છે.

લગભગ ૪૦ વર્ષથી મને તેમનો થોડો પરિચય છે. મારી છાપ રહી છે કે, કટોકટી દરમ્યાન ૧૮ મહિનાનો એકાંતવાસ ભોગવ્યા પછી તેઓ બહાર આવ્યા ત્યારે તેમની પ્રકૃતિમાં ઘણું પરિવર્તન જોવા મળ્યું. એકાંતવાસમાં માણસ ભાંગી પડે છે. મોરારજીભાઈએ આંતરનિરીક્ષણ કર્યું, અને આંતરિક બળ વધાર્યું.

માર્ચ ૧૯૭૭ માં વડા પ્રધાન થયા ત્યારે વિકટ પરિસ્થિતિ હતી. જનતા પક્ષની નિષ્ફળતા અને અંતે તેમાં પડેલ ભંગાણ માટે મોરારજીભાઈ કરતાં તેમના સાથીઓ વધારે જવાબદાર છે તેમ હું માનું છું. મોરારજીભાઈ પરિસ્થિતિ ઓળખી ન શકયા અને ભ્રમમાં રહ્યા, પરિણામે અચાનક રેતી તેમના પગ નીચેથી સરી ગઈ. સત્તા માટે તેમની મહેચ્છા ઓછી ન હતી. રાજદ્વારી પુરુષને કરવી જોઈતી ખટપટ તેમણે નથી કરી તેમ ન કહેવાય. છતાં બધામાં મર્યાદા જાળવી છે અને હીન કોટિ સુધી નીચા ઊતર્યા નથી. વડાપ્રધાનપદનું રાજીનામું આપ્યું. તે સાથે પક્ષના નેતા તરીકે રાજીનામું આપ્યું હોત તો કદાચ જનતા પક્ષ સત્તા ઉપર ચાલુ રહ્યો હોત. પોતાના ટેકેદારોની નામાવલિ આપવામાં કરેલી ભૂલના પ્રાયશ્ચિત રૂપે રાજકીય જીવનમાંથી નિવૃતિ લે છે તેમ કહેવામાં થોડી નબળાઈ છે. આ પ્રકારની ગ્લાનિ અને આત્મઅવજ્ઞા કરતાં સાથીદારોને વિશ્વાસ રહ્યો નથી અને માનભેર ચાલુ રહી શકાય તેવા કોઈ સંજોગો નથી એટલે મુકત થાઉં છું. એમ સાફ કહેવું વધારે ગૌરવભર્યું ગણાત. નામાવલિમાં કોંગ્રેસના નામો મૂકયા તેમાં મોરારજીભાઈની ભૂલ હતી, કે દેવરાજ અર્સ, શરદ પવાર, કરણસિંહ તથા ચૈ જેવા કોન્ગ્રેસના આગેવાનો બેવડી રમત રમ્યા તે અત્યારે કહેવું મુશ્કેલ છે. મારા મનની એક છાપ રહી છે, કે રાષ્ટ્રપતિએ મોરારજીભાઈને પૂરો ન્યાય કર્યો નથી. જે હોય તે મોરારજીભાઈ માનપૂર્વક વિદાય લે છે. વિદાય લેવાનો સમય પાકી ગયો છે. તેમના જીવનમાં તેમના પુત્રના વર્તનનો ડાઘ રહ્યો છે. પિતૃપ્રેમે તેમને આ બાબતમાં અસાવધાન બનાવ્યા. માણસના જીવનમાં કાંઈક નિર્બળતા રહે છે, હોય છે.

મોરારજીભાઈ, સ્વપ્નદ્રષ્ટા અથવા મહાન નેતા ન ગણાય. પણ કુશળ અને પ્રમાણિક વહીવટકર્તા તરીકે યાદ રહેશે. નૈતિક મૂલ્યોની કોઈક ખેવનાવાળા. વર્તમાન રાજકારણ જે અધોગતિએ પહોંચ્યું છે તેમાં તેમનું સ્થાન રહ્યું ન હતું. તેથી નિવૃત્ત થયા તે જ યોગ્ય છે. જનતા પક્ષના સંસદ સભ્યોની વિદાય લેતા પત્રમાં તેમણે લખ્યું છે.:

One had come to overlook much that was improper and unprincipled but I can not help the feeling that what happened during the past few days brought us down to the lowest possible level of conduct and behaviour. Utter cynicism held full sway.

'ઘણું બધું ગેરવ્યાજબી અને સિદ્ધાન્તવિહોણું કહી શકાય એવું જોયું ન જોયું કર્યુ છે, પણ છેલ્લા થોડા દિવસમાં જે કંઈ બન્યું છે એથી આપણે આચાર અને વર્તણુંકમાં ખૂબ જ નીચે ઉતરી ગયા હોઈએ એવી મને લાગણી થાય છે.'

દરેક રાજદ્વારી વ્યકિત ઉપર દંભનો આરોપ મૂકી શકાય, પણ હું માનું છું, મોરારજીભાઈના આ હૃદયના ઉદ્દગારો છે. તેમના પ્રત્યે આપણને સૌને આદર રહેશે.

૨૯-૭-૭૯ **ચીમનલાલ ચકુભાઈ**

# અભ્યાસ–વર્તુળ

અભ્યાસ–વર્તુળના ઉપક્રમે તા. ૧૨-૭-૭૯ના રોજ શ્રી કુમુદબહેન પટવાનું "આપણા યુવાન વર્ગને થયું છે શું?" એ વિષય ઉપર અને તા. ૧૩-૭-૭૯ના રોજ શ્રી એસ. એન. શેવડેનું "યોગ દ્વારા આરોગ્ય" એ વિષય ઉપર–એમ બે વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા. બન્ને વ્યાખ્યાનો સારાં ગયા અને શ્રોતાઓની હાજરી પણ સારી હતી.

## આપણા યુવાનોને થયું છે શું?

ઉપરોકત વિષય પર 'અભ્યાસ વર્તુળ'ના ઉપક્રમે શ્રીમતી કુમુદબેન પટવાનો એક વાર્તાલાપ તા. ૧૨-૭-૭૯ને ગુરુવારે સાંજે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. શરૂમાં બહેન સ્મિતાએ એક ભજન ગાયા બાદ શ્રી સુબોધભાઈ એમ. શાહે કુમુદબેનનો ટૂંક પરિચય કરાવવા સાથે તેમને હાર્દિક આવકાર આપ્યો હતો.

ત્યાર બાદ મહેમાન વકતાએ પોતાની જુસ્સાભરી શૈલીમાં અસ્ખલિત વાણીનો પ્રવાહ વહેવરાવતાં કહ્યું હતું કે આજના આપણા યુવાન વર્ગને કશું થયું નથી. તેનામાં ખૂબ જોમ અને જુસ્સો છે. તેનામાં પ્રચંડ શકિત છે, કોઈપણ ચેલેન્જ તમે યુવાનોને આપો ને જુઓ કે તે ચેલેન્જ યુવાનો ઉપાડી લે છે ને કામ પાર પાડે છે કે નહીં? નવનિર્માણ કોણે કર્યું? તેના નૈતિક મૂલ્યો પણ આપણાથી કાંઈ જુદા નથી. આજનો યુવાન ચોક્કસપણે માને છે, કે ચોરી ના કરવી, જૂઠું ના બોલવું, ઈત્યાદિ. ઊલટું આપણા લોકોના જીવનમાં મૂલ્યોથી વિપરીત એવું કાંઈ પણ જુએ છે તો તે Confuse થઈ જાય છે.

વિદ્યાર્થીઓ અને બીજા ક્ષેત્રમાં પડેલા યુવક–યુવતીઓ સાથેના પોતાના પરિચય પર આધારિત એવા અનેક દૃષ્ટાંતો દ્વારા તેમણે ઉપરની વાત પ્રમાણિત કરી હતી.

## યોગદ્વારા આરોગ્ય

ઉપરોકત વિષય પર અભ્યાસ વર્તુળનાં ઉપક્રમે જાણીતા યોગ-થેરાપીસ્ટ શ્રી એસ. એન. શેવડેનો એક વાર્તાલાપ તા. ૧૪-૭-૭૯ના રોજ યોજાયો હતો. શ્રી કે. પી. શાહ પ્રમુખસ્થાને હતાં. પ્રાર્થના અને પરિચય તેમ જ આવકાર વિધિ બાદ શ્રી શેવડેએ સૌ પ્રથમ આપણા સમાજમાં યોગ વિષે સામાન્ય રીતે પ્રવર્તતી ગેરસમજ દૂર કરતાં જણાવ્યું હતું કે યોગ એ માત્ર આધ્યાત્મિક વિકાસનું સાધન છે એમ નથી, યોગ એક સંપૂર્ણ વિજ્ઞાન છે અને યોગ દ્વારા તન ઉપરાંત મનનું પણ આરોગ્ય સધાય છે, એ સિદ્ધ થયેલી હકીકત છે. મનુષ્યોનો સર્વાંગીણ વિકાસ યોગદ્વારા થઈ શકે છે.

શ્રી શેવડેજીએ પાતંજલીના અષ્ટાંગ યોગ, યમનિયમથી સમાધિ સુધીની વાતનો અછડતો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ પોતાનો વિષય શારીરિક બીમારીઓના યોગદ્વારા ઉપચારને લગતો હોઈ બ્લડપ્રેસર, હાયપરટેન્શન, સ્પોન્ડીલાઈટીસ, સ્થૂલપણું, વગેરે અનેક રોગોમાં કેવા આસનો કરવા જોઈએ તેની વિગતે ચર્ચા કરી હતી.

પ્રવચનને અંતે પ્રશ્નોત્તરી બાદ પ્રમુખસ્થાનેથી શ્રી કે. પી. શાહે વકતાનો ખૂબ આભાર માન્યો હતો અને ભવિષ્યમાં તેમનું પ્રવચન આસનોનાં ડેમોન્સ્ટ્રેશન સાથે યોજાય એવી ઈચ્છા વ્યકત કરી હતી.

**શાન્તિલાલ ટી. શેઠ**

# સાંપ્રત રાજકીય સમસ્યા

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૫-૭-૧૯૭૯ના રોજ યોજાયેલા શ્રી ચીમનલાલ ચકુભાઈશાહના વાર્તાલાપનો સારાંશ)

૯ જુલાઈથી આજ સુધી એટલે કે ૨૫ જુલાઈ સુધી નવી દિલ્હીમાં જે નાટક ભજવાઈ રહ્યું છે એ ભલભલાને ચકિત કરી દે એવું છે. આ નાટક કોઈ કુશળ સર્જકને પૂરતો મસાલો આપી શકે એવું છે.

૯ મી જુલાઈએ યશવંતરાવ ચવ્હાણે સત્તાવાર વિરોધ પક્ષના નેતા તરીકે મોરારજી દેસાઈના નેતૃત્વવાળી જનતા સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત પછી બે દિવસ તેના પર ચર્ચા ચાલી, દરમ્યાન જનતા પક્ષમાંથી પક્ષાંતરો થવા લાગ્યા. શુક્ર-શનિ રવિ ત્રણ દિવસ સંસદ બંધ હતી. રવિવારે સવારે જગજીવનરામે વડા પ્રધાન પર પત્ર લખીને જો તેઓ વડા પ્રધાનપદેથી ન ખસે તો પોતે પક્ષ છોડી જશે એવી ધમકી આપી. રવિવારે સાંજે, સોમવારે સંસદમાં મત લેવાય તે પહેલાં જ મોરારજી દેસાઈએ વડા પ્રધાન તરીકે રાજીનામું આપ્યું. એ પછી જે ઘટનાઓ બની છે, એ તમો સૌ વિગતે જાણો છો.

આમાંથી કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. ચવ્હાણે અવિશ્વાસની દરખાસ્ત શા માટે મૂકી? લોકસભાની આ બેઠક શરૂ થઈ ત્યાં સુધી ઈન્દિરા કોંગ્રેસ લોકસભામાં સત્તાવાર વિરોધ પક્ષ હતો. અને તેના નેતા સ્ટીફન વિરોધ પક્ષના નેતા હતા. પરંતુ અર્સે જે કંઈ ઉધામો કર્યો એના પરિણામે ઈન્દિરા પક્ષની બહુમતી ઘટી ગઈ અને સ્વર્ણ કોંગ્રેસની બહુમતી થઈ. આથી સ્પીકરે ૯ મી જુલાઈના રોજ ચવ્હાણને વિરોધ પક્ષના નેતા તરીકે સ્વીકાર્યા. પોતે વિરોધ પક્ષના નેતા છે એ વાત સારી રીતે પ્રચાર પામે અને ત્રણ ચાર દિવસની ચર્ચામાં જનતા પક્ષની ઝાટકણી કાઢવાની અને પોતાની છબી ઉપસાવવાની તક મળે અને છેવટે ઠરાવ મતદાનમાં ભલે ઊડી જાય, એટલો જ ખ્યાલ ચવ્હાણને હશે. એટલે તેમણે જયારે અવિશ્વાસની દરખાસ્ત મૂકી ત્યારે એમાંથી આવું મહાનાટક રચાશે તેનો એમને પણ ખ્યાલ નહીં હોય.

બીજી એક શંકાને અવકાશ રહે છે, એટલે એ કહી દઉં. એમાં એટલી વજૂદ નથી. ચવ્હાણે ચરણસિંહ તથા રાજનારાયણ સાથે મળીને વ્યવસ્થિત યોજના વિચારી આ દરખાસ્ત મૂકી હોય એવો પણ એક વિચાર થઈ શકે.

રાજનારાયણ છૂટા થયા ત્યારે એ જાણતા હતા કે પોતાની પાછળ વ્યવસ્થિત રીતે ૯૦ માણસો આટલા ટૂંકા ગાળામાં આવશે?

૯ મી જુલાઈ સુધી મોરારજી દેસાઈ ભારપૂર્વક કહેતા હતા કે મારી સરકાર સ્થિર છે, અને તેને આંચ આવે એમ નથી. પછી રાજીનામું આપ્યું ત્યાં સુધી તેઓ આમ જ કહેતા હતા. મેં પહેલી જુલાઈના 'પ્રબુદ્ધ જીવન'માં જે સમીક્ષા કરી હતી તેમાં 'વધતી જતી અસ્થિરતા'ની જ વાત કરી હતી. મેં કહ્યું હતું કે જનતા પક્ષના પગ તળેની આગ એ પક્ષને દેખાતી નથી.

મોરારજીભાઈ પોતાના પગ તળે લાગેલી આગ નહિ જ જોઈ શક્યા હોય? તેઓ ખરેખર એમ માનતા હતા કે તેમની સરકાર સ્થિર છે?

૯ મી જુલાઈએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ, પછી તેઓ સ્થિર છે એવી માન્યતા પર રોજની હિજરતે આઘાત આપ્યો. પ્રથમ દિવસે થોડા, બીજે દિવસે એથી વધારે એમ રવિવાર સુધી જનતા-એસ તરફ પ્રવાહ વધતો જ રહ્યો. દરમ્યાન મોરારજીભાઈ પર દબાણ આવતું જ રહ્યું કે, તેમણે વડા પ્રધાનનું પદ છોડી દેવું. રવિવારે સાંજે સાડા છ વાગે મોરારજીભાઈએ પોતાનો પક્ષ બહુમતીમાં નથી, એમ કહી રાષ્ટ્રપતિ પાસે પોતાનું રાજીનામું આપી દીધું. પણ સાથે સાથે તેમણે પોતે જનતા પક્ષના નેતા તરીકે ચાલુ રહે છે એ સ્પષ્ટ કર્યું અને સંસદના સૌથી મોટા પક્ષ તરીકે સરકાર રચવાનો પોતાનો દાવો પણ આગળ કર્યો. આથી એક અસાધારણ પરિસ્થિતિ રચાઈ.

રાષ્ટ્રપતિએ સૌ પ્રથમ ચવ્હાણને સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું. આમાં રાષ્ટ્રપતિ સાચા હતા. કોઈ પણ નેતા અવિશ્વાસની દરખાસ્ત મૂકે ત્યારે હું તમારી કરતા વધુ સ્થિર રીતે રાજ્ય કરી શકું એમ છું એવો દાવો કરતો હોય છે. એટલે એ આ નેતાની કલ્પના હતી કે એનો વાસ્તવિક દાવો એ નક્કી કરવા માટે પણ સૌ પ્રથમ આમંત્રણ જેની અવિશ્વાસની દરખાસ્ત સરકારના પતનમાં નિમિત રૂપ થઈ હોય તેને જ આપવુ જોઈએ. આમાં રાષ્ટ્રપતિએ સાચો માર્ગ લીધો. ચવ્હાણ આમાં નિષ્ફળ ગયા એ સ્વાભાવિક હતું. પ્રથમ ચરણસિંહના ડેપ્યુટી થવા સંમત થયા પછી 'તમે મારા ડેપ્યુટી થાઓ' એવું એ ચરણસિંહને કહેવા જાય એ માટે ચરણસિંહ સંમત ન થાય. ચવ્હાણને સત્તા જ જોઈએ છે એટલે તેમણે કહ્યું: 'ભલે હું તમારો ડેપ્યુટી' અને તેમણે રાષ્ટ્રપતિ આગળ પોતાની સરકાર રચવાની અશકિત જાહેર કરવાની સાથે કોંગ્રેસ પક્ષ ચરણસિંહ સરકાર રચે તેને ટેકો આપે છે એવું જાહેર કર્યું.

મોરારજી દેસાઈ વડા પ્રધાન તરીકે રાજીનામું આપ્યા પછી પણ જનતા પક્ષના નેતા તરીકે ચાલુ રહ્યા. તેઓ આ હોદ્દો પણ છોડે એવું દબાણ આવ્યું. છતાં મોરારજીભાઈએ એ ન માન્યું. જયપ્રકાશ નારાયણની સલાહ તેમણે ન સ્વીકારી. આનું શું કારણ હતું ? તેમણે વડા પ્રધાન તરીકે રાજીનામું આપ્યું ત્યારે મધ્યસત્ર ચૂંટણીઓ યોજવાની સલાહ રાષ્ટ્રપતિને આપી હોત, તો એ કેમ ન આપી? એનો દેખીતો ઉત્તર એક જ લાગે છે, કે મોરારજીભાઈ જાણે છે કે પાર્લમિન્ટમાં કોઈને મધ્યસત્ર ચૂંટણી જોઈતી નથી. કોઈકે કહ્યું હતું એમ ત્રણસો નવા સભ્યો છે એટલે તેઓ પાંચ વર્ષ પૂરાં કરે તો જ તેઓને પેન્શન મળે. આથી મોરારજીભાઈ મધ્યસત્ર ચૂંટણીઓ યોજવાની સલાહ આપે તો જનતા પક્ષ સહિત સૌ કોઈ સંસદ સભ્યોમાં અળખામણ બની જાય. મોરારજીભાઈએ આથી પોતે આ નિર્ણય લેવાનું રાષ્ટ્રપતિ પર જ નાખ્યું. પોતે જનતા પક્ષના નેતા તરીકે ચાલુ રહ્યા. એનો અર્થ એ થયો કે વડા પ્રધાન થાય તો સંભવત: પોતે જ થાય. બીજા કોઈ ન થઈ શકે. પોતે વડા પ્રધાન ન થાય તો મધ્યસત્ર ચૂંટણી થાય. એ માટે પોતાને કોઈ નિર્ણય ન લેવો પડે, પણ રાષ્ટ્રપતિ જ એ વિશેનો નિર્ણય લઈ શકે.

આ ઘટનાઓ બની તેમાં રાજકીય પક્ષોની અસ્થિરતા અને ભંગાણ તરત જ દષ્ટિગોચર પડે એમ છે. જનતા પક્ષમાંથી ચરણ જૂથ છૂટું થયું. એ સાથે સમાજવાદીઓમાં ભંગાણ પડ્યું. એ સાથે જ સી. એફ. ડી. ના ૨૮ માંથી ૧૧ બહુગુણા સાથે ગયા. બહુગુણા અને ચરણસિંહ વચ્ચે જમાનાનું વેર છે. છતાં બહુગુણા શા માટે ચરણસિંહ સાથે જઈને બેઠા? કદાચ જગજીવનરામે કહ્યું હોય, કે તમે ત્યાં જઈ, ત્યાં પણ આપણો પગ રાખો. મારે આવવું હોય તો આવી શકાય. ફર્નાન્ડીઝનો એક નંબરનો શત્રુ એ જો કોઈ હોય તો એ શ્રીમતી ગાંધી છે. તેમણે ફર્નાન્ડીઝને દૂ:ખ દીધું છે: તેમના ભાઈને માર માર્યો છે. તેમની માતાને સતાવ્યા છે. આ પછી પણ ફર્નાન્ડીઝને ઈન્દિરા કોંગ્રેસના ટેકા સામે વાંધો નથી. આમાં સિદ્ધાંત કરતા વ્યકિતદ્વેષ જ આવ્યો ગણાય ને? મોરારજીભાઈ સરકાર રચે તો ફર્નાન્ડીઝ, બહુગુણા વગેરે જતા દિવસે મોરારજી તરફ આવે અને બંને ફરી એક વાર પ્રધાન મંડળમાં સ્થાન પામે તો નવાઈ પામવાની જરૂર નથી.

ચંદ્રશેખર જયપ્રકાશના ચેલા, તેઓ બીમાર પડે તો જસલોકમાં પડ્યા પાથર્યા રહે. એમણે જયપ્રકાશની સામે અવાજ કેમ ઉઠાવ્યો? તેમણે જયપ્રકાશને કહ્યું, કે: તમારે આમાં પડવું જોઈતું ન હતું એટલું જ નહીં, તેમણે કહ્યું કે, મોરારજીભાઈ નેતાપદેથી ખસી જશે તો હું નેતાપદ માટે ઉમેદવારી કરવા માગું છું.

આ પછી જગજીવનરામ પણ અચાનક, મોરારજી મારા નેતા છે એમ કહેવા લાગ્યા. આ હૃદયપલટો ઓચિંતો કઈ રીતે થયો?

રાજકારણનાં આ બધાં રહસ્યો ગજબનાક છે. જો આ સૌના અંતરના વિચારો શું છે એ જાણવાનો રડાર આપણી પાસે હોય તો ભલભલો નાટ્યકાર પણ અચંબામાં પડે એવી નાટયાત્મક પરિસ્થિતિ પ્રગટ થાય.

રાષ્ટ્રપતિએ હવે પછી ચરણસિંહને બોલાવવા એવું ચવ્હાણે સૂચવ્યું છતાં રાષ્ટ્રપતિએ મોરારજીભાઈ તથા ચરણસિંહને-બંનેને પોતપોતાના દાવાઓ પુરવાર કરવા નિમંત્રણ આપ્યું. રાષ્ટ્રપતિ પાસે બે જ રસ્તાઓ

હતાં. કાં મધ્યસુત્ર ચૂંટણીઓ જાહેર કરવી, અથવા તો સ્થિર સરકાર રચી શકાય એવી શક્યતા છે કે નહીં, તે જોવું. રાષ્ટ્રપતિને પોતાને કોઈ મહત્વાકાંક્ષા નથી એ વાત તેમણે સ્પષ્ટ કરી. રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય સરકારના નેતા બને તો કોઈ રાષ્ટ્રપતિ સરકારને સ્થિર રહેવા દે જ નહીં. દરેકને રાજા બનવાનું મન થાય.

ચરણસિંહને પોતાનો ટેકો છે એવું સ્વરણ કોંગ્રેસે જાહેર કર્યું. પછી ઈન્દિરા કોંગ્રેસે પણ પોતાનો ટેકો જાહેર કર્યો. રાજનારાયણે ઈન્દિરાને મળી આવ્યા પછી કહ્યું કે, શ્રીમતી ગાંધી અમને બિન-શરતે ટેકો આપશે. પરંતુ શ્રીમતી ગાંધી એટલા ઉદાર ક્યારથી થઈ ગયાં કે, એ ચરણસિંહને કહે કે તમે રાજા થાઓ તો અમે રાજી. એમની શરતો હશે જ. એમાં પહેલી શરત તો એ કે મારી તથા મારા દીકરા સામેના ખાસ અદાલતોમાંના બધા ખટલાઓ પાછા ખેંચી લેવા અથવા મંદ પાડવા. ચરણસિંહ આમાં સંમત થયા હશે. ઇન્દિરા સામે પગલાં ન લેવા માટે પોતાના સાથીઓને 'પેક ઓફ ઇમ્પોટન્ટ, (નપુંસકનું ટોળું) કહેનારા ચરણસિંહ આ માટે સંમત થયા હોય તો નવાઈ નહીં લાગે. શ્રીમતી ગાંધી ભારે ગણતરીબાજ છે. તેમણે રાજનારાયણને સ્પષ્ટ કહ્યું કે, પ્રથમ ચરણ સિંહ અમને સત્તાવાર પત્ર આપે પછી જ મારો પક્ષ કોઈક નિર્ણય લેશે.

ચરણસિંહના પક્ષે ત્રણ મોટા જૂથો છે. મોરારજીના પક્ષે સૌથી મોટો ૨૧૯ ની સભ્ય સંખ્યાવાળો પક્ષ છે. બંનેને આ ઉપરાંત, થોડાક નાનાં જૂથોના ટેકાની જરૂર છે. વધુ ને વધુ જૂથો તટસ્થ રહેવા લાગ્યા છે. એને કારણે પરિસ્થિતિ વધુ ને વધુ ગુંચવાઇ છે.

મારી અંગત પસંદગી પૂછો તો આજના સંજોગોમાં મધ્યસત્ર ચૂંટણી યોગ્ય માર્ગ છે. પણ ચરણસિંહ અને મોરારજીભાઇ વચ્ચે જો કોઈ એકની વડા પ્રધાન તરીકે પસંદગી થવાની હોય તો મોરારજીભાઈ ચરણ સિંહ કરતા અનેકગણા યોગ્ય છે.

કોઈ પણ સરકાર રચાય, લાંબો વખત ટકે તેવો સંભવ નથી.

# સમૃદ્ધિવાળા દેશમાં જાહોજલાલીનો અભખો : સાદાઈ માટે તડપતા ૫૦ લાખ અમેરિકનો

અમેરિકામાં હવે લોકો ઓછી ખરીદી કરીને અને ઓછા સાધનોથી ચલાવીને સાદાઈથી જીવવા માટે આગ્રહ રાખી રહ્યા છે તે માટે એક ટેલિફોન સેવા શરૂ થઈ છે. દાખલા તરીકે કોઈ ગૃહિણી સ્ટોરમાં ખરીદી કરવા જાય અને તેને ફળનો રસ કાઢવાનું મશીન લેવાનું મન થાય તો તેણે સૌ પ્રથમ તો પોતાના મનને પૂછવાનું રહે છે - આ યંત્ર વગર ચાલશે ખરું? એ પછી તેણે એક ફોન કરી જોવાનો હોય છે. ન્યુ યોર્કમાં આ ફોન નંબર છે (૪૧૫) ૯૫૬-૫૭૪૪ આ નંબરનો ફોન ફેરવવાથી તમને સલાહ મળશે કે તમે એ યંત્ર ખરીદો નહિ તેમજ હેર ડ્રાયર, રેફ્રીજરેટર કે કે બીજા યંત્રો ખરીદવા ઈચ્છતા હો તો ઈચ્છાને રોકો. જો તમને યંત્ર વગર ન ચાલતું હોય તો ફલાણી જગ્યાએથી યંત્ર ઉછીનું વાપરવા લઈ આવો. એમ કહીને તે જગ્યાનું સરનામું અપાય છે. આમ અમેરિકામાં પણ હવે લોકો નાહકની ખોટી ખરીદીઓ ન કરે એ માટે અને ઓછી આવકથી સાદાઈભર્યું જીવન જીવવાની હિલચાલ શરૂ થઈ છે.

અમેરિકાની અઢળક સમૃદ્ધિ અને દરેક નાગરિકની માસિક સરેરાશ આવક રૂ. ૮,૦૦૦ હોવા છતાં અમેરિકનોને સમૃદ્ધિ અભખે પડી ગઈ છે. અને હવે ત્યાં ૫૦ લાખ અમેરિકનો સાદાઈથી રહેવા માટે સંકલ્પબદ્ધ થયા છે. કેલિફોર્નિયા રાજ્યની સ્ટેનફોર્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની તપાસ પ્રમાણે આટલા અમેરિકનો સ્વેચ્છાથી ઘણી ચીજો ખરીદી શકતા હોવા છતાં તે ખરીદતા નથી અને કરકસરથી રહેવા કોશિષ કરે છે. નવાઈની વાત એ છે કે, વૃદ્ધ લોકો કે નિરાશ થયેલા લોકોને સ્મશાન વૈરાગ્ય આવે અને સાદાઈની વાત કરે તેવી આ હિલચાલ નથી. અઢાર અને ૩૯ વર્ષની વયના જુવાનો જ આ સાદાઈની ચળવળના સાથીદારો છે. આ સાદાઈનો ચેપ યુરોપમાં પણ લાગવા માંડયો છે. સ્ટેનફોર્ડ ઈન્સ્ટિટ્યૂટનો અંદાજ છે કે, એકલા અમેરિકામાં જ ૧૯૮૭ સુધીમાં રાા કરોડ અમેરિકનો સાદાઈને અપનાવશે. એ લોકોને ભૌતિક સુખના સાધનો ઉપરથી, અંદરથી જ મોહ ઉતરતો જાય છે અને અંદરની સમૃદ્ધિ માટે જ તેઓ અભિમુખ થાય છે. લૂઈ હેરિસ નામની એક સંસ્થા અમેરિકામાં જનમત લેવા માટે અને સર્વેક્ષણ હાથ ધરવા માટે પ્રખ્યાત છે - આ સંસ્થાએ સાદાઈની ચળવળનો નીચે મુજબ ક્યાસ કાઢયો છે:

(૧) અમેરિકન લોકો હવે અત્યંત જરૂરી હોય તેવી જ ચીજો ખરીદવાનો આગ્રહ રાખે છે, અને જીવનના ઊંચા ધોરણને પસંદ કરતા નથી.

(૨) ભૌતિક ને બદલે આધ્યાત્મિક બાબતોમાંથી સુખ લેવા કોશિશ કરે છે. વધુ ને વધુ ચીજો મેળવવા માટેની દોડ ઓછી થતી રહી જાય છે. જે સંતોષ મેળવવો છે તે આંતરિક જીવનમાંથી જ મેળવી શકાય છે તેવી પ્રતીતિ થતી જાય છે.

(૩) જો ચીજોમાંથી સુખ ન મળવાનું હોય તો તેવી ચીજો મેળવવા માટે કમાણી કરવામાં સમય અને સ્વાસ્થ્ય નષ્ટ કરવાને બદલે એક બીજાને મળીને અને પછી માનવને જાણીને વધુ સુખ મેળવી શકાય છે. એ રીતે ૫૦ લાખ અમેરિકનો માનવીને સમજવામાં વધુ સમય ગાળવા માંડયા છે અને કાયમી કમાણી માટે ઓછો સમય ગાળે છે. ટેક્નોલોજીને સુધારીને યંત્રદ્વારા માનવને પહોંચવાને બદલે માનવીય ધોરણે માનવીને મળવાની સૌને ખ્વાહેશ જાગી છે.

(૪) એક જગ્યાએથી બીજી જગ્યાએ વધુ ઝડપથી પહોંચવા માટે નવા મંડળ સાધનો શોધવાને, બદલે જે વાહન વ્યવહારના સાધનો છે તેને સુધારવાનું વલણ અમેરિકનોમાં છે.

અમેરિકાના લોકો ઉપરના વલણને 'સાયલેન્ટ રિવોલ્યુશન' અર્થાત 'શાંત - ક્રાંતિ' કહે છે. અર્થાત લોકોમાં વલણ અને મૂલ્યોમાં શાંતિમય રીતે પરિવર્તન આવી રહ્યું છે. ઘણા વર્ષોથી અમેરિકાના લેખકો અને વિચારકો સાદાઈની વાત કહેતા આવ્યા છે. હેન્રી ડેવિડ થોરોએ 'વાલ્ડેન' નામના પુસ્તકમાં સાદાઈનો ઉપદેશ આપ્યો છે. હેન્રી થોરો પોતે જ સાદાઈથી રહેતા હતા. થોરસ્ટન વેલબેન જેમણે 'ધી થિયરી ઓ ધી લિઝર કલાસ' નામનું પુસ્તક લખ્યું છે તેમણે ફૂરસદનો મહિમા ગાયો છે. ઉપરાંત જેમને સાદાઈભર્યું જીવન જીવવાનો શેખ હોય તેમણે નીચેના પુસ્તકો પણ વાંચી જવા જોઈએ.

'પીલ ઓફ પ્લેન્ટી' - લેખક: શ્રી ડેવિડ એમ. પોટર, અને ધી હેરીડ લીઝર કલાસ' - લેખક શ્રી સ્ટફાન લિન્ડર.

કોઈ પણ રાષ્ટ્રને અંદરથી તગડું બનાવવું હોય અને આવનારી રાજકીય કે આર્થિક કટોકટીનો મુકાબલો કરવાની શકિત કેળવવી હોય તો તેના લોકોએ સાદાઈના સિદ્ધાંતને અપનાવવા જ પડશે. અમેરિકનો માત્ર સાદાઈના વિચારો પ્રગટ કરીને બેસી રહેતા નથી. એ લોકો બરોબર સાદાઈને અમલમાં મૂકે છે.' 'મધર અર્થ મુવઝ', 'હોલ અર્થ કેટેલોગ', 'રેઈન' 'પ્રિવેન્શન એન્ડ ઓર્ગેનિક ગાર્ડનીંગ' જેવા મેગેઝિનોમાં સાદાઈ અને આંતરિક સમૃદ્ધિની વાતો આવે છે. માનવી વધૂ સ્વાવલંબી બને અને પૈસાને બદલે ગુણોનું મૂલ્ય કરતા થાય તે માટે મંડળો ઊભા થયા છે. આ લોકો નવા ઘર ઊભા કરવાને બદલે જૂના ઘરોને સ્વચ્છ રાખવા માટે કોશિશ કરે છે, તેને રિપેર કરે છે. ઘરની પાછળ જગ્યા હોય ત્યાં અનાજ ઉગાડે છે. હાથે જ લાકડા ફાડે છે. પોતાની મેળે ઘણાં કામ કરી લે છે. 'ગ્રીન રિવોલ્યુશન' નામના એક મેગેઝિનના સર્વેક્ષણ પ્રમાણે લગભગ ૨૦૦ મંડળો સાદાઈની ઝુંબેશ ચલાવે છે.

કોઈ પણ ધર્મગુરુના ઉપદેશ વગર જ અમુક અમેરિકનોના મગજમાં એ વાત ઠસી ગઈ છે કે, જો પૂર્ણતા સાધવી હશે તો ભૌતિક સાધનોના ઉપયોગથી તે સાધી શકાશે નહિ પણ માત્ર સાદાઈથી જ અને પોતાની અંદરથી જ સુખ શોધવાથી જ પૂર્ણતા પ્રાપ્ત થશે. સાદાઈની આ વાતો નક્કર સ્વરૂપે અમેરિકનોમાં ઊતરી છે કે તે પણ એક કામચલાઉ નાદ છે તે હવે જોવાનું રહે છે.

— કાન્તિ ભટ્ટ

('સ્પાન' ના એક લેખના આધારે)

# સાચા આશ્રમવાસી રમણીકલાલભાઈ

સત્યાગ્રહ આશ્રમવાસી સ્વ. કેદારનાથજીના પટ્ટશિષ્ય, કિશોરલાલ મશરૂવાળાના પરમ મિત્ર, આશ્રમ રાષ્ટ્રીય શાળાના આચાર્ય, દાંડી કૂચના સ્વાતંત્ર્ય સૈનિક, હરિજન આશ્રમના મુખ્ય હિસાબનીશ સ્વ. સુખલાલજીનાં કાશીના સહાધ્યાયી શ્રી રમણીકલાલભાઈ હમણાં ૮૫મે વરસે આશ્રમમાં સ્વર્ગવાસ પામ્યા.

ગાંધીજીના જમાનામાં ૬૦ વરસ સાથે રહીને કામ કરનારા આશ્રમમાં તપસ્વી જીવન જીવનાર છેલ્લા રમણીકલાલભાઈ ગણાય. તે પણ આશ્રમને છોડીને ચાલ્યા ગયા. ગઇ સાલ સ્વ. પંડિતજી ખરેના પત્ની લક્ષ્મીબેન સ્વર્ગવાસ થયા હતા, એમ અત્યારે આશ્રમ સૂમસામ બની શોકસાગરમાં ડૂબી ગયેલ છે.

રમણીકલાલભાઇએ લગ્નજીવનમાં પણ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે યોગસાધના કરી હતી. તેમના પત્ની તારાબેન તેમના ખરા જીવનસાથી છે. તારાબેનને યુવાનીમાં વાઇ આવતી હતી. ત્યારથી એટલે સાઠ વરસ પહેલા ૧૯૨૧થી રમણીકલાલભાઇની જોડાજોડ હું શાળાવિભાગના મકાનમાં રહેતો હતો. તારાબેનની વિદ્યોપાસના અને બીજાને ઉપયોગી થવાની વૃત્તિ જોઇને હું પ્રભાવિત થતો હતો.

તારાબેનને આશ્રમની સાયં પ્રાર્થના પછી જે દુનિયાના અલક મલકના સમાચાર હું આપતો ત્યારે તેઓ રસપૂર્વક સાંભળતા હતા અને દેશપરદેશના રાજકીય, સામાજિક અને આર્થિક પલટાઓ કેમ થાય છે તે જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછીને સમજતા. સારા શિક્ષિકા થવા માટે તેઓએ મુ. શ્રી જુગતરામભાઈ પાસે વેડછી જઈને બાલમંદિરની શિક્ષાનું ઉપાર્જન કર્યું હતું.

ગાંધીજીની સાથે તારાબેનને પત્રવ્યવહાર પણ સારો થયો હતો. સ્વાતંત્ર્ય લડતમાં પરદેશી કાપડ તથા દારૂની દુકાનો પર પિકેટીંગ કરવા કસ્તુરબા સાથે તેઓ જેલમાં પણ ગયા હતા. આ તારાબેન છેલ્લા પાંચ સાત વરસ પહેલા બસમાંથી પડી જવાને કારણે પગના હાડકા ભાંગી જવાથી તેમના પગ નકામા જેવા થઈ ગયા હતા ને પથારીવશ રહેતા હતા.

ગયે મહિને હું આશ્રમમાં રમણીકલાલભાઈને અને તારાબેનને મળવા ગયો હતો ત્યારે તારાબેન પડખું પણ પોતાની જાતે ફરી શકતા નહોતા. એમાં મદદની જરૂર રહેતી એટલું જ નહીં પણ બન્ને હાથની આંગળીઓ થરથર ધ્રુજયા કરતી હતી અને કોળિયો પણ મોઢામાં પોતાના હાથે લઈ શકતા નહોતા ત્યારે રમણીકલાલભાઈ, મા બાળકને જમાડે એવી રીતે તારાબેનને જમાડતા હતા. પાટ-પથારી ઉપર જ ઝાડો-પેશાબ, ખાવા પીવાનું કરવું પડતું હતું. નહાવાનું તો કયાં હોઈ જ શકે પણ સ્પંજ કરવાનું, પુજારી જેમ મૂર્તિને વાઘા પહેરાવે અને સજે એવી રીતે કાળજીપૂર્વક તેમની સેવા કરતા હતા. આવી માંદગીમાં પણ ચાંદલો તો કરવાનો-કરાવવાનો તારાબેન આગ્રહ રાખતા. જોનાર આ જોઈને મંત્રમુગ્ધ થઈ જતાં અને આંખમાં ઝળઝળિયાં આવી જતાં હતા. અને બહેનો તો ઘરમાં અંદર અંદર વાતો કરતા હતા કે વશિષ્ઠ અરુંધતીના જેમ બહેનોને તારાબેન રમણીકલાલભાઈનું સૌભાગ્ય મળે તો કેવું સારું ! પતિ, પત્નીની કેવી સેવા કરી શકે? રમણીકલાલભાઈએ જેવી સેવા તારાબેનની કરી એવી કોઈ ન કરી શકે. જેઓ આશ્રમમાં રમણીકભાઈને મળવા આવતા તેઓ આ જોઈને છક થઈ જતા હતા.

ઈશ્વરની ગતિ અકળ છે. રમણીકલાલભાઈ ઘરમાં કામ કરતાં કરતાં પગ લપસી જતા પડી ગયા અને પગમાં ફ્રેકચર થઈ ગયું. તેઓ પણ ખાટલાવશ થયા, કોણ કોની સેવા કરે ? રમણીકલાલ ભાઈ તો બ્રહ્મચારી અને વ્રતધારી હોવાને કારણે ઘરમાં ઘોડીયું બંધાયું નહોતું. પડોશી આશ્રમવાસીઓ તેમની સેવા કરતા હતા પણ રમણીકલાલભાઇની માંદગી, પડી ગયા પછી વધી અને તેઓ સ્વર્ગવાસ પામ્યા, એવી વાત છાપામાં વાંચીને મારા જેવા અનેક રચનાત્મક કાર્યકર્તાઓને સાથીઓને, સ્વાતંત્ર્ય સેનાનીઓને, સગાભાઈ ગુજરી ગયા હોય એવો આઘાત થયો હશે.

તારાબેને તો નાથજીના સાન્નિધ્યમાં જીવનદીક્ષા લીધી છે એટલે મહાદુ:ખમાં પણ ઈશ્વરની ઈચ્છા માનીને તેઓ શાંત થયા હશે.

કેદારનાથજીનું અમૂલ્ય પુસ્તક "વિવેક અને સાધના" ગુજરાતીમાં જે તૈયાર થયું છે તે રમણીકલાલભાઈની સહાય વિના પ્રસિદ્ધ ન જ થઈ શકત. રમણીકલાલભાઈ સ્નાતક હતા. જૂના જમાનામાં ૭૦ વરસ પહેલા ગ્રેજ્યુએટ થવા છતાં પ્રાચીન પાલી ને જૈન શાસ્ત્રના અભ્યાસી કાશીના પંડિત સુખલાલજી સાથે રહીને અભ્યાસ કરતા હતા. અસહકારની દુંદુભી ગાજી અને રમણીકલાલ ભાઈ ગાંધીજીના આશ્રમમાં કાકાસાહેબ અને નરહરિભાઈ સાથે રાષ્ટ્રીયશાળાના શિક્ષક બન્યા.

જે સમાજને ઉપયોગી કામ છે તે પછી નાનું કે મોટું હોય તે બધા કામમાં પાવરધા થવું એ રમણીકલાલભાઈનો જીવન મંત્ર હતો, એટલે હું આશ્રમમાં મંત્રી બન્યો ત્યારે આશ્રમના મોટા હિસાબોમાં, રોજમેળ, ખાતાવહી લખવામાં, હવાલા નાખવામાં મદદગાર થયા અને પછી તો હિસાબનીશ તરીકે એટલા બધા તેઓ તજજ્ઞ બની ગયા કે, છેલ્લાં વરસોમાં હરિજન સેવક સંઘમાં કોઈ પદવિની ઈચ્છા રાખ્યા સિવાય છાત્રાલયોના, શાળાના, બાલવાડીઓના, અસ્પૃશ્યતાનિવારણ સેવકોના, મોટા ચોપડાઓ વ્યવસ્થિત રાખીને અમને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

બધા ધર્મના જૈન, બૌદ્ધ, હિન્દુ ધર્મના મૌલિક પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો. ઉપનિષદના શ્લોકોના ઉચ્ચાર અને અર્થ એમની પાસેથી હું શીખ્યો હતો. માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરીને સંતોષ માનવાને બદલે એનો અમલ એમણે જીવનમાં કર્યો હોવાથી જે કોઈ વિદ્યાર્થી, કાર્યકર્તા કે ઉમેદવાર કે સાથી તેમને મળવા આવતા તે તેમનામાં ચિતનું અપાર સમત્વ જોઈને અંતરથી પગે લાગ્યા વિના રહેતા નહીં.

જૈન સમાજના અગ્રણીઓ રમણીકલાલભાઈ પ્રત્યે ઘણા આદરભાવથી જોતા અને સલાહ લેવા આવતા હતા. ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રથમ ખજાનચી અને સરદારના પરમ મિત્ર શેઠ પૂંજાભાઈ કચરાભાઈ, આશ્રમમાં મિલનભાવે ઘણીયે વાર રમણીકભાઈની સલાહ સૂચના મેળવવા અને વિચાર વિનિમય કરવા આવતા. એવી જ રીતે ઇડરમાં શ્રીમદ રાજચંદ્રના મંદિરના ટ્રસ્ટી સંરક્ષક ભોગીલાલભાઈ પણ રમણીકલાલભાઈ પાસે જૈન ધર્મના કેટલાંક કોયડાઓ ઉકેલવા માટેની ચર્ચા કરતાં હોય ત્યારે હું પણ એમાં ભાગ લેતો ને પ્રસન્ન થતો હતો.

ગાંધીજીની દિનાવરીના લેખક અને મહાદેવભાઈની ડાયરીના સંપાદક ચંદુલાલભાઈને રમણીકલાલભાઈની પાસે કેટલીક વખત સત્યની શોધની ચર્ચા કરતાં મેં જોયા છે.

કેદારનાથજીએ કોઇ શિષ્યો બનાવ્યા નથી પણ કિશોરલાલભાઈએ એમને ગુરુ તરીકે જાહેર કરેલ એ નાથજીના આંતરમંડળના મુખ્ય ગણધર કાકુભાઈ, મુંબઈ ખાદી ભવનના સંચાલક પુરુષોત્તમ ભાઈ કાનજી, રમણીકલાલભાઈને આ અવસ્થામાં કેવી રીતે સાથી તરીકે ઉપયોગી થઈ શકાય એની ચિંતા કરતા મેં જોયા છે.

માણસની સોબત કેવી છે એના ઉપરથી માણસની પરખ થાય છે એમ રમણીકલાલભાઇના સાથીઓમાં મુનિ જિન વિજયજી, વિદ્યાપીઠના રાજચંદ્ર સંશોધન સંસ્થાના આચાર્ય રમણીકલાલ-ભાઈના સાથી બન્યા હતા. જિન વિજયજીની પડોશમાં વરસો સુધી રમણીકલાલભાઈ રહીને અનેક મૌલિક કામો કર્યાં છે.

રમણીકલાલભાઈ સ્વાતંત્ર્ય સૈનિક હોવા છતાં એમણે કોઈ રાજકીય પદને માટે સ્વપ્નાં પણ સેવ્યા નહોતા. આશ્રમની શાળાના આચાર્ય થઈ શકે એવી શકિત હોવા છતાં "મધપૂડો" કે "વિનિમય" હસ્તલિખિત માસિકોના લેખોની હાથે નકલ કરવામાં તેઓ હંમેશા પહેલ કરતાં હતા. સફાઈના કામમાં શાળાના નાના વિદ્યાર્થીઓની સાથે હારોહાર રહીને એમણે નાના મોટા વિદ્યાર્થીઓના હૃદય જીતી લીધા હતા એટલે જ ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર ત્રિકમલાલ શાહે પોતાના ભત્રિજાને રમણીકલાલભાઈને ઘેર ભણાવવા રાખ્યા હતા.

રમણીકલાલભાઈ ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ્યા હતા. એમના ભાઈએ જૈન છાત્રાલયો અમદાવાદ અને મુંબઈમાં બંધાવવા માટે મોટી રકમોની સહાય કરેલ છે, પણ રમણીકલાલભાઈએ

કુટુંબની કમાણીમાંથી કાંઈ ભાગ લેવાને બદલે આશ્રમજીવન સ્વીકાર્યું અને એ સ્વીકારતા એમને કેટલી બધી મથામણ થઇ હશે અને કેટલો એ જમાનામાં એમણે ત્યાગ કર્યો હશે એનો ખ્યાલ આજના જમાનાના યુવકોને આવવો મુશ્કેલ છે.

રમણીકલાલભાઈને શ્રદ્ધાંજલિ અર્પતા સહેજે સ્મરણો તાજાં થયા તે લખ્યા છે.

**શ્રેયાર્થી** કિશોરલાલભાઇની જીવનકથા, જેમ નરહરિભાઇએ લખી છે એમ રમણીકલાલભાઈની જીવનકથા વિદ્યાર્થીઓને, યુવાનોને, ગૃહસ્થીઓને પ્રેરણારૂપ બની શકે એવી લખાય તો સારું

– છગનલાલ ન. જોષી

# નમસ્તે

માંડ સાડા ત્રણ અક્ષરનો આ શબ્દ 'નમસ્તે' કેવો ભાવ-સૂચક છે. ! કેટલો અર્થગહન છે! જીવનમાં કેટલીય વાર બોલાતો આ શબ્દ દેવમંદિરમાં તો કોઈ અલૌકિક ભાવ સર્જે છે. 'નમસ્તે' ના ઉદ્ગાર સાથે બેઉ હાથની મુઠ્ઠીઓ ખૂલી જાય છે, અને એ બે હથેળીઓ ખુલ્લી થઈને જોડાય તો જ નમનમાં સાચો ભાવ જાગે છે. જાણે કે, ઈશ્વર નજીક લઈ જતી બે ખુલ્લી હથેળીમાંથી આપણા પરિગ્રહની માયા તથા મમદ્ દૂર સરકી ગયા ન હોય! જો આપણામાં પરિગ્રહની આસકિત ભરી હોય તો પણ આપણા નમસ્કાર ઈશ્વર સુધી કયાંથી પહોંચી શકે?

ઘણી વાર મંદિરમાં જોઉં છું તો કોઈ બહેન હાથમાં પર્સ લટકાવીને દેવને પગે લાગતાં હોય છે. એમની નજર તો દેવની મૂર્તિને બદલે કોઈ એ પર્સ છીનવી ન જાય તે તરફ જ ફરતી હોય છે. અને બીજાં એક બહેન પ્રાર્થના ગાતાં ગાતાં એમની સાડી જ સરખી કર્યા કરતાં હોય છે. જયારે સાથે આવેલા ભાઈ તો મંદિ-રમાં કોણ કોણ આવ્યું છે તે જ શોધી રહ્યા છે. તો બીજા એક મુરબ્બીના મગજમાં શેર બજારના છેલ્લા ભાવ જ ઘૂમી રહ્યા છે. આમ કેમ ચાલે? ભકિત કરતાં કરતાં પણ મગજ અને આંખો બીજી જ દિશામાં ફરે? એટલે જ તો નમસ્તે કરનારની આંખો બંધ હોય એ જરૂરી છે. મનના દરવાજા બંધ કરવા અઘરા છે, પણ નજરના દરવાજા તો બંધ થઈ શકે ને? એટલું જ કરવાથી પણ નમસ્કારમાં એકાગ્રતા વધશે ખરી ને?

આમ નમસ્તે કરનારમાં **અપરિગ્રહ અને એકાગ્રતા** હોય એ જરૂરી છે, પણ એટલું જ પૂરતું નથી. નમસ્તે કરતી વખતે આપણું શીશ પણ નીચું નમે છે ને? એ શા માટે? ઊંચે મસ્તકે અહંકારથી ભરેલા મનને ભગવાન મળે ખરા? એમને પામવા માટે તો શીશ નમ્રતાથી ઝૂકી જવું જોઈએ. તો જ હૃદયના ઊંડાણથી કહેવાય: 'નમસ્તે'!

આવા નમસ્કાર આપણે માત્ર ઈશ્વરને જ નહીં પણ માનવીને પણ કરીએ છીએ. કોઈ નવો પરિચય થતાં સહજ રીતે આપણા બે હાથ જોડાઈ જાય છે. અને એ પરિચયને આવકારતાં નમસ્કાર થઈ જાય છે. ત્યારે વળી સામી વ્યકિત પણ આપણને નમસ્કાર કરે છે. નમસ્કારની આ આપ-લે માત્ર નવપરિચિતો વચ્ચે જ નહીં, પણ સુ-પરિચિતો વચ્ચે પણ મળતી અને છૂટા પડતી વખતે થાય છે. આવું શા માટે? જે ભાવ આપણે ઈશ્વરને ભજતી વખતે અનુભવીએ છીએ, તે જ ભાવ ઈશ્વરના અંશ સમા માનવીને મળતી વખતે અંશત: પણ જાગવો જોઈએ ને? આપણે આ વિશ્વમાં બિન્દુ સમાન છીએ - આપણે નવા નવા પરિચયો દ્વારા વિસ્તાર પામતાં આખા સિન્ધુમાં વ્યાપક થતાં જઈએ છીએ. અને એ રીતે નવા નવા સંબંધો દ્વારા આપણો આત્મા વિસ્તરતો જાય છે. આમ કરતાં કરતાં એ સર્વવ્યાપી પરમાત્મામાં એક રૂપ થતો જાય છે. ઈશ્વરની નજીક આવવાનો આ પણ એક નવો રાહ છે. આમાં આપણે ઈશ્વરના પ્રતીક સમા પ્રત્યેક આત્માને સસ્મિત નમસ્કાર કરીએ છીએ - એટલે કે પ્રેમપૂર્વક આવકારીએ છીએ. જરૂર છે: માત્ર એ માટેના **નિ:સ્વાર્થ પ્રેમની** : એ હોય તો નમસ્કારમાંથી અપાર પ્રસન્નતા મ્હોરી ઊઠે છે.

આમ 'નમસ્તે' માત્ર ભૌતિક ક્રિયા નથી - એ દ્વારા તો જાગી શકે છે - **'અપરિગ્રહી, એકાગ્ર, અનાસકત પ્રેમ અને ભકિત'** અને પરિણામે પ્રસરે છે - પારાવાર **પ્રસન્નતા' નો** પ્રફૂલ્લ પમરાટ!

(આકાશવાણીના સૌજન્યથી) – ગીતા પરીખ

# ધ્યેય

સુકાન વગરનું વહાણ ધારેલ સ્થળે પહોંચાડે ખરું? વહાણમાં સુકાનનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ આપણા જીવનમાં ધ્યેયનું છે. ધ્યેય વગરનું જીવન ખરેખર નિષ્ફળ બને છે. પશુઓ ધ્યેય વગરનું જીવન જીવે છે. તે રીતે માણસને પણ જો ધ્યેય ન હોય તો તે પશુની કોટિનો જ ગણાય. (मानवत्वं दुर्लभं लोके) અર્થાત્ માનવજીવન મળવુ આ સંસારમાં દુર્લભ છે. તેથી તેને વેડફી ન નાખવું જોઈએ.

ધ્યેય વગરનો માનવી જીવનમાં મુશ્કેલીઓ આવતાં હાથમાં લીધેલું કામ છોડીને બીજું કામ કરવા પ્રેરાય છે. તેમાં મુશ્કેલીઓ આવે તો વળી બીજા કામનો આશરો લે છે. આમ, વારંવાર થતાં, તેની સ્થિતિ 'ધોબીના કૂતરા' જેવી થાય છે. તે નથી રહેતો ઘરનો કે નથી રહેતો ઘાટનો. આમ ન થવા દેવું હોય તો જીવનમાં કંઈ ને કંઈ ધ્યેય અવશ્ય રાખવું જોઈએ. ધ્યેય-ધારી વ્યકિત ગમેતેવી મુશ્કેલીઓ આવે તો પણ મક્કમતાપૂર્વક તેનો સામનો કરી, આગળને આગળ ધપ્યે જાય છે. એક સંસ્કૃતના સુભાષિતમાં એવી મતલબનું કહેવામાં આવ્યું છે કે, સમુદ્રમંથન વખતે દેવોનું ધ્યેય અમૃત મેળવવાનું હતું. તેમને આરંભમાં વિષ મળ્યું. તેઓ અટકયા નહિ. પછી બીજી લાલચો તરીકે રત્નો મળ્યાં. લલચાયા વગર તેમણે પ્રયત્ન ચાલુ જ રાખ્યો. આખરે તેમનું ધ્યેય સિદ્ધ થયું. તેમણે જો ધ્યેય પ્રત્યે દૃષ્ટિ રાખી ન હોત તો તેમને અમૃતની પ્રાપ્તિ થાત ખરી?

માનવીએ પોતાનું ધ્યેય અથવા પોતાનો આદર્શ ઉત્કૃષ્ટ પ્રકારનો જ રાખવો જોઈએ. નીચું ધ્યેય રાખનારા કેટલાક વિદ્યાર્થીઓને માત્ર પાસ થવાની ઈચ્છા ધરાવતા જોઈએ છીએ ત્યારે તેમના તરફ આપણને સારી લાગણી થતી નથી. 'માત્ર પાંત્રીશ ટકા મેળવવા છે' એવો નીચો આદર્શ વખાણવાલાયક ન જ કહેવાય. શા માટે તેમણે, સીતેર ટકા માટેની અભિલાષા ન સેવવી જોઈએ? આવો ઊંચો આદર્શ રાખ્યો હોય તો તેઓ નિત્ય અભ્યાસશીલ રહેવા પ્રયત્ન કરશે. ચોરી કરવા જેવી અનિષ્ટ પ્રવૃતિઓનો આશ્રય લેવાની તેમને લાલચ નહીં થાય. કોઈવાર એમ પણ બને કે પ્રયત્નશીલ રહેવા છતાં પણ નિષ્ફળતા મળે! પરંતુ નિષ્ફળતા એ કંઈ અપરાધ નથી. ચોરી કરીને સફળતા મેળવવી એ જરૂર અપરાધ છે. હલકા ધ્યેયની નિંદા કરતાં એક કવિએ જણાવ્યું છે કે, 'નિશાનચૂક માફ, નહીં નીચું નિશાન."

ઉન્નત ધ્યેય રાખનાર વ્યકિતઓને પોતાના જીવનકાળ દરમ્યાન ધ્યેયની પ્રાપ્તિ ન થઈ હોય એવા દૃષ્ટાંતો ઈતિહાસ પૂરાં પાડે છે. રાણા પ્રતાપ, સુભાષચંદ્ર બોઝ, લોકમાન્ય ટિળક વગેરેએ પોતાના ધ્યેયને સિદ્ધ થતું જોયું નથી તેમ છતાં, તેમનો પ્રયત્ન એળે ગયો છે એમ કોણ કહી શકે!

ઉચ્ચ ધ્યેયને સ્વીકારનાર વ્યકિત સદા પુરુષાર્થપ્રેમી રહે છે. પ્રારબ્ધ ઉપર તે મદાર બાંધતો નથી. પોતાની સમગ્ર શકિતઓને તે એક જ લક્ષ્યબિંદુ માટે કેન્દ્રિત કરે છે. માત્ર ધ્યેય નક્કી કરીને બેસી રહે તેને કોઈ વસ્તુ પ્રાપ્ત ન થાય એમ વ્યકત કરતાં એક કવિએ સંસ્કૃતમાં કહ્યું છે કે: उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथै:

સિદ્ધિ મેળવવા માટે દઢતાપૂર્વક પ્રગતિ જરૂરી છે. દઢ સંકલ્પ ધારણ કરનારને મુશ્કેલીઓ સતાવી શકતી નથી. કોલંબસ, નેપોલિયન, એડિસન, ગાંધીજી વગેરેએ જે સિદ્ધિ હાંસલ કરી છે તેની પાર્શ્વભૂમિકા તપાસશો તો ત્યાં દઢ સંકલ્પ રૂપી શિલા પડેલી દેખાશે. આવો સંકલ્પ પ્રમાદરૂપી દાનવનો સંહાર કરવા માટે ઉપયોગી થાય છે.

ધ્યેય નક્કી કરી લેતી વખતે સર્વ પ્રથમ પોતાની શકિતનો વિચાર કરી લેવો ઘટે. શકિત ઉપરવટનું કામ હાથમાં લેવું એ મૂર્ખાઈ જ ગણાય. તેથી જ કહેવાયું છે કે, better not to begin than not to finish સંપૂર્ણ રીતે વિચારીને, જે ધ્યેય સ્વીકાર્યું હોય તેને તો 'કરેંગે' યા 'મરેંગે' ની ભાવનાથી પાર પાડવું જોઈએ.

પ્રત્યેક સુપ્રભાતે આપણે સંકલ્પ કરીએ કે મારા જીવનમાં ઉન્નત ધ્યેય રાખીને તે પૂરું કરવા સંનિષ્ઠ પ્રયત્ન કરીશ, દઢતા-પૂર્વક મુશ્કેલીઓનો સામનો કરીશ અને ધ્યેય પ્રાપ્ત કરીને જ જંપીશ.

– અરુણ જોષી

# અક્ષરજ્ઞાન : નવું ચેતન પ્રગટાવે છે

માણસનું વ્યકિતત્વ એ ઈશ્વરીય શકિત નથી, વાચા-પ્રભુત્વથી અન્યને પ્રભાવિત કરનાર વાણી એ સત્ય નથી, વશીકરણ એ અગમ્ય શકિત નથી, કોઇપણ શકિત માનવ, માનવને પ્રભાવિત કરે એ વ્યકિતત્વનું આગવું લક્ષણ છે, વ્યકિતગત માનવીય શકિત છે, કદાચ એને માટેના એ અંગત; ગુણો છે, એ ગુણોથી લોકોને આકર્ષી શકાય છે, મહાન વિભૂતિ બની, પોતાના ચરણોમાં લોકોના મસ્તક નમાવી શકાય છે—કદાચ 'માણસ'માંથી 'દેવ' બનીને ભોળા લોકોને ભરમાવી શકાય છે. પરંતુ આ સર્વ માત્ર, કાયીક-લક્ષણોથી જ થઈ શકે છે! અને એ એક પ્રકારનો વ્યવસાય છે!— આનાથી ધર્માચરણ નહીં, માનવાચરણ જ આચરાય છે અને આ ધર્મશ્રદ્ધાળુ અને ધર્મ-દંભીઓ વચ્ચેનો એક, ન કલ્પી શકાય, ન માની શકાય એવો ભેદ આંકી શકાય છે!

કોઈ ધર્મ-સ્થળે તમે જાવ, કાંઈ આવો વ્યવહાર 'ભગવા' પહેરનાર આચરી રહ્યા છે. ધર્મ, ધર્મની જગ્યાએ રહી જાય છે, અને ખોટા વ્યવહારો જ આચરાય છે!

– પરંતુ આ આચરણ કેમ થાય છે? એનું મુખ્ય કારણ નિરક્ષરતા છે. જ્યાં નિરક્ષરતા છે, ત્યાં માત્ર અન્યના જ્ઞાન, શાન અને બુદ્ધિથી દોરાવું પડે છે. એનામાં સ્વતંત્ર કહી શકાય એવા વિચારોનો અભાવ હોય છે, અને એટલે જ બીજાના વિચારો પ્રમાણે, માર્ગદર્શન મેળવવું પડે છે!

– વાચન, સદ્‌વાચન માણસને ઘડે છે. વાચનમાંથી જ માણસને વિચારો પ્રગટવાની શકિત પ્રબળ વેગે મળે છે:

આજે આપણા દેશમાં નિરક્ષરતાનો લાભ બે વર્ગો ખૂબ જ આસાનીથી લ્યે છે: એક ધર્મના વડાઓ અને બીજા રાજદ્વારીઓ. જો આપણા દેશમાં નિરક્ષરતા નાબૂદી શકય બને તો, આ બંને વર્ગોને ઘણું બધું ગુમાવવાનું રહે છે!

હું એક વખત વિદ્યાર્થી અવસ્થામાં મારા મોસાળના ગામડામાં ગયેલો. ત્યાં રાત પડે એટલે ચોરા ઉપર ડાયરો જામે. ડાયરામાં બેસો તો ઘણું ઘણું જાણવા જેવું મળે– પણ એ બધું આશ્ચર્ય પમાડે તેવી અંધશ્રદ્ધાની વાતો ને ચમત્કારિક વાતો હોય.

એ વખતે એક ભાઈ પણ મારી જેમ બહારગામથી આવેલા, 'એણે 'અભરામ લિકન'ની વાત કરેલી–એના શબ્દોમાં કહું.

"અભરામ લિકન એક આફ્રિકાના દેવ થઈ ગયા છે. એ એક વખત ઘોડા ઉપર બેસીને, એક ગામથી બીજે ગામ જતા હતાં ત્યાં જ એનું ધ્યાન એક પાણી વિનાના તળાવના ગારામાં એક ઘેટું ખૂંપતું હતું ત્યાં ગયું. અભરામ લિકને ઘોડા ઊપરથી ઉતરીને ઘેટાને બહાર કાઢ્યું. પણ જેવું ઘેટું બહાર આવ્યું તેવું દેવ સ્વરૂપે પ્રગટયું અને અભરામ લિકનને આશીર્વાદ આપ્યા ને કહ્યું: "હું આકાશનો દેવ છું. તું ધરતીનો: તારી પ્રશંસા આકાશના દેવો પણ કરે છે! તારી પરીક્ષા કરવા જ હું અહીં આવ્યો હતો. માગ તારે જે જોઈએ તે!"

–અને અભરામ લિકને, કાંઈ ન માગ્યું. એ તો ધરતીનો દેવ હતો. રાજા-મહારાજા એના ચરણોમાં પડતા. એને શું જરૂર હોય? અને આજે ય, અભરામ લિકનનું દેરું, આફ્રિકામાં ઊભું છે!"

–આ વાત સાંભળીને હું તો આભો જ બની ગયો. મેં આવો પ્રસંગ કોઈક સામયિકમાં વાંચેલો. અને એ અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનનો હતો. મેં એ વાત કરનારને આ સાચી વાત કરી તો મને તોડી જ પાડયો!

આ સાંભળેલી વાત, થોડીક સ્મૃતિભ્રંશથી જે યાદ રહી તે જુદી રીતે એની રજૂઆત કરી દીધી?– આપણા દેશમાં ચમત્કારની વાતોમાં રસ દાખવે એવો નિરક્ષર વર્ગ ઘણો મોટો છે! જેને ધર્મની વાતો કરીને ગમે તે દિશામાં વાળો, વળી જવાનો છે! અને એના ઉદાહરણ તરીકે– આજે બે વર્ગો સરસ રીતે, પોતપોતાની દિશાએ નિરક્ષરોને વાળી રહ્યા છે:

આજે આપણા દેશમાં જો કોઈ સુખી હોય તો એક સાધુ-સંતો, જેને કોઈ જ પ્રકારની ચિંતા નથી હોતી: અને બીજો વર્ગ છે રાજકારણીઓનો. આ વર્ગને પણ આ નિરક્ષરો પાંચ વર્ષ માટે ચૂંટી દે છે, પછી કોઈ ચિંતા નથી હોતી!

હમણાં હમણાં નિરક્ષરતા ટાળવા માટે ગામડાઓમાં પ્રૌઢ શિક્ષણના ખાસ વર્ગો ચલાવવાની વાત ચાલે છે. પરંતુ આ ઝુંબેશની વાતો, હું સમજણો થયો ત્યારની સાંભળું છું! હજુ પ્રૌઢો જ અભણ છે. આજથી ૨૦ વર્ષ પૂર્વે હતા એટલા જ. અને હજુ પણ પ્રૌઢ-શિક્ષણ, જીવવી ચાલે છે! આ તે કેવી નવીનવાઈની વાત છે!

સૌરાષ્ટ્ર મેઈલમાં બે શિક્ષિત માણસો વાતો કરતા હતા. એ વાતોનો વિષય ગુજરાતમાંથી અંગ્રેજી હટાવાનો હતો. એકે કહ્યું: "નેતાઓ તો અંગ્રેજી હટાવવાની વાતો કરે છે, પણ પોતાના છોકરાઓને વિદેશ અભ્યાસાર્થે મોકલે છે!- જો ખરેખર એ અંગ્રેજી ભાષાના આગ્રહી નથી હોતા તો પોતાના સંતાનોને તે શા માટે 'અંગ્રેજી' ભણવા વિદેશ મોકલે છે?"

આજના નેતાઓની એક મોટી ખામી એ છે, કે એ આચરવા જેવા સિદ્ધાંતો નક્કી કરે છે, પરંતુ આચરણ પોતે નહીં, બીજાએ જ કરવાનું હોય છે!– આવા નેતાઓ, નિરક્ષર વર્ગમાં કેવા કેવા ભ્રમ અને ખોટા ખ્યાલો ઊભા કરે છે, તેની વાતો તમે ગામડાઓમાં જાવ તો ખબર પડે!

આવા, માણસ–માણસ વચ્ચેના ભ્રમિત ખ્યાલો દૂર કરવા હોય, અંધશ્રદ્ધા ઓછી કરવી હોય, ધર્મદંભીઓનો પ્રભાવ ઓછો કરવો હોય તો પ્રત્યેક માણસને 'અક્ષરજ્ઞાન' મળવું જ જોઈએ.!"

મારે એક શ્રીમંત પરિવારમાં લગ્નમાં જવાનું થયું હતું! ત્યાં એની દીકરીના લગ્નમાં સારો એવો કરિયાવર કરેલો– આ કરિયાવરમાં સો એક પુસ્તકો પણ હતા! આશ્ચર્ય પમાડે તેવી વાત છે ને? એ પુત્રીની માતાએ કહ્યું: "હું નવ વર્ષની હતી ત્યારે મારું લગ્ન થયેલું. આણું વળીને આવી ત્યારે ૧૫ વર્ષની હતી. હું સાવ જ નિરક્ષર હતી. મારા પતિએ મને અક્ષરજ્ઞાન આપ્યું– ને એમાંથી જ હું ઘડાઈ. હું મારા સર્વ સંતાનોને ભણાવી શકી, કારણકે અક્ષરજ્ઞાન મેળવ્યું હતું- હું વાચનથી ઘડાઈ હતી! માનવજીવનમાં સાહિત્ય ઘણો અગ્ર ભાગ ભજવે છે! સાહિત્યથી આપણે આપણું વ્યકિતત્વ ઘડી શકીએ છીએ એટલું જ નહીં, અન્ય વ્યકિતઓને ઓળખવાની આપણામાં સમજ પ્રગટે છે. કોઈ પણ સર્જકના કપોળ-કલ્પિત પાત્રો, માનવને પોતાની જાતને સમજવામાં અગ્રભાગ ભજવતા હોય છે!

વાચનથી માનવામાં એક જુદા પ્રકારની ચેતના પ્રગટે છે! અક્ષર જ્ઞાનથી વંચિત એવા એક વૃદ્ધે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કહેલું: "દિલ્હીમાં કુતુબમિનાર છે, આગ્રામાં તાજમહાલ છે અને આ જગતમાં ઓસ્ટ્રેલિયા નામનો દેશ છે, મહારાણી ઝાંસી અંગ્રેજો સામે લડી હતી, શિવાજી મુસલમાન સામે લડેલા અને મુંબઈ શહેરની વસતિ ૫૫ લાખની છે અને મુંબઈમાં એક એવી હોટલ છે, જેમાં અમારા આઠ ગામડા થાય એટલા માણસો રહી શકે છે એ બધું મને તો મારી વૃદ્ધાવસ્થામાં અક્ષરજ્ઞાન મેળવ્યું ત્યારે જ જાણવા મળ્યું!"

અક્ષરજ્ઞાન મેળવનાર વ્યકિતમાં નવું નવું જાણવાની, મેળવવાની અને ગ્રહણ કરવાની ચેતના પ્રગટે છે. એ જ માણસને ઘડે છે. આ દેશમાં, દૂર દૂરના નાના નાના ગામડાઓમાં હજુ એવા ય નિરક્ષર માણસો મળશે જે મત માગવા જનાર 'નેતા'ને રાજા સમજે છે, અને જો એને 'મત' નહીં આપીએ તો, ખાવાનું નહીં મળે એવા ભ્રમમાં જીવે છે!

'માણસ' માણસને ઓળખી શકે એ માટે પણ માણસને અક્ષરજ્ઞાનની જરૂર છે. અને હવે આ યુગમાં, દેશના પ્રત્યેક માણસને અક્ષરજ્ઞાન બે વર્ગને ઓળખવા માટે જ આપવું જોઈએ– "એક ધર્મધુરંધરો, સાધુઓ, મહાત્માઓને અને બીજો વર્ગ રાજકારણીઓ. આ દેશમાં, સાચી સ્વતંત્રતાનો–સાચી ક્રાંતિનો ઉદય ત્યારે જ થશે, જ્યારે દેશનો પ્રત્યેક માનવ ભણેલો હશે!

અને એક આશ્ચર્ય અને અજાયબી પમાડે તેવી વાત ગુજરાતના વિદ્યાર્થીઓની છે! કદાચ કોઈ નહિ માને, પણ એ સત્ય હકીકત છે, કે ગુજરાતના કોઈ પણ કોલેજિયનને, મહારાષ્ટ્ર- મુંબઈની

કોલેજોમાં પ્રવેશ નહિ મળે– અહીંની કોલેજોના પ્રિન્સિપાલો ગુજરાતના કોલેજિયનોને, નિરક્ષર-અભણ સમજે છે! કારણ કે એમનામાં 'અંગ્રેજી'-નું જ્ઞાન હોતું નથી!

—ને યાદ કરો ગુજરાતના એ નેતાઓને, જે ગુજરાતમાંથી 'અંગ્રજી-હટાવો'ની ઝુંબેશ ચલાવતા હતા. ચલાવે છે! હું તો ત્યાં સુધી કહું છું કે, ધર્મનેતાઓ અને રાજકીય નેતાઓના સાચા જીવન ચરિત્રો લખીને, ગામડે ગામડે, ઘેર ઘેર વંચાવવા માટે જ પ્રત્યેક લોકોને 'અક્ષરજ્ઞાન' આપવું જોઈએ!–

—જ્યારે દેશના સર્વ માણસો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી લ્યે પછી પણ એક 'ગાંધીજી' જન્મવા જોઈશે– દેશમાં સાચી ક્રાંતિ લાવવા-દેશભાવના જગાવવા માટે, જ્ઞાતિવાદ મિટાવવા માટે, કોમવાદ નાબૂદ કરવા માટે.

અત્યારે દેશના કેટલા માણસો જાણતા હશે કે, જનતા પક્ષના એક નેતા, વડા પ્રધાન થવા માટે પોતાના પક્ષને છેહ દઈ, કોંગ્રેસ અને ઇ. કોંગ્રેસનો ટેકો મેળવવા બહાર પડયા છે! આ વાત નાની નથી, પ્રત્યેક દેશવાસીએ સમજવા જેવી છે!

—ગુણવંત ભટ્ટ

## શ્રી તારાચંદ કોઠારીનું દુઃખદ અવસાન

શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારીનું ૭૪ વર્ષની વયે મુંબઈમાં તા. ૧૯-૭-૭૯ના રોજ અવસાન થયું તેની નોંધ લેતા દુઃખ અનુભવીએ છીએ.

તેઓ એક સામાજિક કાર્યકર હતા. યુવક સંઘની શરૂઆત બાદ થોડા તબક્કા પછી તેઓ સંઘ સાથે જોડાયા હતા અને વર્ષો સુધી કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપી હતી. લાયબ્રેરીના મંત્રી તરીકે પણ થોડો સમય રહ્યા હતા.

તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સમગ્ર કાર્યક્રમ ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલ છે. આગામી વ્યાખ્યાનમાળા તા. ૧૯ ઓગષ્ટ રવિવારથી ૨૭ ઓગસ્ટ સોમવાર સુધી, એમ નવ દિવસ માટે યોજવામાં આવેલ છે. ભારતીય વિદ્યાભવનમાં રીપેરીંગ કામ ચાલતું હોવાથી સ્થળમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

આ વખતની વ્યાખ્યાનમાળા, ચોપાટી ઉપર આવેલ બિરલા ક્રીડા કેન્દ્રમાં રાખવામાં આવેલ છે, તેની ખાસ નોંધ લેવા વિનંતી.

**સમય:**
દરરોજ સવારના: ૮-૩૦ થી ૧૦-૩૦
તા. ૨૬ અને ૨૭ ભકિત-સંગીત
સવારના, ૧૦-૩૦ થી ૧૧-૧૫

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,
મુંબઇ જૈન યુવક સંઘ

# સંઘ સમાચાર

તા. ૧૪-૭-૭૯ના રોજ ૧૯૭૯ના વર્ષ માટે ચૂંટાયેલી સંઘની નવી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી જ્યારે નીચે પ્રમાણે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

### કાર્યવાહક સમિતિમાં પાંચ સભ્યોની પૂરવણી

૧૯૭૯ના વર્ષની સંઘની કાર્યવાહક સમિતિમાં નીચેના પાંચ સભ્યોને ઉમેરવામાં આવ્યા. વાર્ષિક સભામાં ચૂંટાયેલા જાહેર થયેલા વીસ નામો તા. ૧-૬-૭૯ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૨) " ચંપકલાલ એમ. અજમેરા
(૩) " પન્નાલાલ આર. શાહ
(૪) " દામજીભાઈ વેલજી શાહ
(૫) " ધીરજલાલ ફૂલચંદ શાહ

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

વાચનાલયમાં પુસ્તકાલયના ટ્રસ્ટીઓ જેમની મુદત ૧૯૮૧ સુધી ચાલુ રહેવાની છે, તે નીચે મુજબના પાંચ ટ્રસ્ટીઓ હકકની રૂએ લાયબ્રેરી સમિતિના સભ્યો ગણાય જ છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) " રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) " રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૪) " ચીમનલાલ જે. શાહ
(૫) " સુબોધભાઈ એમ. શાહ

તા. ૧૪-૭-૭૯ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય સમિતિના સભ્યો તરીકે નીચેના ચાર સભ્યોને ચૂંટયા છે.

(૧) શ્રી પન્નાલાલ આર. શાહ–મંત્રી
(૨ " ગણપતલાલ મગનલાલ ઝવેરી
(૩ " હરિલાલ ગુલાબચંદ શાહ
(૪) " પ્રવિણભાઈ મંગળદાસ શાહ

શ્રી શાંતિલાલ દેવજી નન્દુએ લાયબ્રેરીના મંત્રી તરીકે ઘણા લાંબા સમય સુધી સેવા આપી તે માટે તેમનો આભાર માનવામાં આવ્યો અને હાલ તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી તેમની જગ્યાએ શ્રી પન્નાલાલ આર. શાહની લાયબ્રેરી સમિતિના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી.

## 'પ્રબુદ્ધ જીવન'નો ૧૦૦૧મો વિશેષાંક

તા. ૧-૧-૧૯૮૦ના "પ્રબુદ્ધ જીવન"ના અંકને ૧૦૦૧માં વિશેષાંક તરીકે પ્રગટ કરવો, તેની પાનાની મર્યાદા સો પાના સુધીની રાખવી એમ નક્કી કરવામાં આવ્યું અને આ અંકના સંપાદનકાર્ય માટે નીચે પ્રમાણની એક પેટા સમિતિની નિમણૂંક કરવામાં આવી.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ડૉ. રમણલાલ ચી. શાહ
(૩) શ્રી પન્નાલાલ આર. શાહ
(૪) શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી

આ સમિતિના કન્વીનર તરીકે શ્રી પન્નાલાલ આર. શાહની નિમણૂંક કરવામાં અવી.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# સોક્રેટીસ

[ દર્શક ]

"પરલોકમાં જઈને તરત જ અહિંથી ત્યાં ગયેલાઓને પૂછીશ. તે બધાને ડહાપણની ખબર છે કે નહિ તેની તપાસ કરવાનું હું છોડીશ નહિ, કારણ કે પ્રશ્નો પૂછવાના ગુના માટે ત્યાં કોઈને મૃત્યુદંડ મળતો નથી."

સ્વસ્થ વિષપાન કરતી વખતે સોક્રેટીસ બોલ્યો, "તેમને થોડી ઘડી જીવવામાં કાંઈક લાભ લાગતો હશે, મને તો તેવું કશું નથી લાગતું."

સર્જકનાં ચિત્તમાં (કોઈ એવો એક બનાવ બન્યા પછી) એવો ફેરફાર થાય છે કે સુક્ષ્મ લાગતું બીજ ક્ષણભરમાં મહાવૃક્ષની જેમ ફૂટી નીકળે છે.

બધો ઈતિહાસ વર્તમાન ઈતિહાસ છે. પ્રત્યેક ક્ષણ, ક્ષણનાં ભૂતકાળમાં વિલીન થઈ જાય છે; રહે છે અતીત અને નિરંતરાય ભાવિ. વસ્તુત: અખંડ છે કેવળ કાળ.

વિષપાન પહેલા સોક્રેટીસને પુછવામાં આવ્યું કે "અમે તમને કેમ દફનાવીએ?" તો સોક્રેટીસ કહે છે કે "તમને રૂચે તેમ. તમે મને પકડી શકો અને હું છટકી ન જાઉં તો ઝેર પીધા પછી હું એમની જોડે લેશ માત્ર નહિ હોઉં. પ્રસન્નતાનાં શુભ લોકમાં ચાલ્યો ગયો હોઈશ. તેમને કહેવું પડશે કે તેઓ મારા શરીરને દફનાવે છે."

સોક્રેટીસે પ્રતિપાદન કર્યું, કે તેણે જો રાજકારણમાં ભાગ લીધો હોત, તો આટલી ઉમર સુધી તે જીવી ન શક્યો હોત.

નાસી જવાની બધી ગોઠવણ થઈ હોવા છતાં સોક્રેટીસની દલીલ જ આ છે, કે તે એથેન્સને ચાહે છે. કાયદાનો ભંગ કરી એથેન્સની માન-મર્યાદાનું ઉલ્લંઘન કરવા તે ઈચ્છતો નથી.

લોકોને સુધારવા અશક્ય છે તેમ જો સોક્રેટીસ માનતો હોત, "તો તેમાં નિષ્ફળતા જ મળે," તેવો તેનો મત હોત તો છેલ્લા શ્વાસ સુધી, તેમને સમજાવવાનાં અધિકાર માટે, જીવનને તે હોડમાં મુકત જ નહિ. સમજાવીને જ સુધારણા થઈ શકે. તે વાતમાં તેના જેટલી શ્રદ્ધા જગતનાં કોઈક જ મહાપુરૂષમાં મળે છે.

મનુષ્યનાં અંતરમાં અનેક પ્રવાહોના ઉછાળા ચાલતા હોય છે, તેમાં સામાજિક મર્યાદાઓ નડે છે, કે મદદરૂપ પણ થાય છે.

કલાકૃતિ કે નવલકથાનાં નિયમ પ્રમાણે ઈતિહાસને નામે, "રસ મનુષ્યમાં હોવો જોઈએ. ફક્ત બનાવોમાં નહિ."

સુખ દુ:ખની પરિધિ સીમાબદ્ધ હોય છે. આપણા જીવનના ઉછાળા કોઈ નિકટનાં ભાઈભાંડુઓ પૂરતા જ હોય છે. "પરંતુ આ પૃથ્વીમાં જેમનાં સુખદુ:ખ જગતના બૃહદ વ્યાપારની સાથે જડાયેલા હોય, તેવા ખૂબ થોડાઓનો જ ઉદય થાય છે."

વ્યકિત પોતાના સુખદુ:ખની છાયા અકારણ લાંબી કે ટૂંકી બનાવી દે છે અને તેમ કરીને તે પ્રમાણે બહાર દુ:ખી કે સુખી થતો હોય છે.

ગાંધીજીએ દાંડીકૂચ કરી તે પહેલા એ રસ્તે અનેક ચાલ્યા હશે જ, પણ તે બધાનો પ્રવાસ ઐતિહાસિક બન્યો નથી. ગાંધીજીની દાંડીકૂચ ઐતિહાસિક બની. કારણકે એ બનાવે ભારતનાં ઈતિહાસને વળાંક આપ્યો હતો.

સોક્રેટીસનો મુકદ્દમો અને વિષપાન એક કોયડા જેવી બાબત રહી છે. નગર અને નગરનાં બંધારણને તેણે અનન્ય ભાવે ચાહ્યા તે શહેરની લોકશાહીએ જ તેને મૃત્યુદંડ દીધો, દેવની આ કેવી વિડંબના! આ કેવી લોકશાહી?

અસાધારણ સમયને અસાધારણ સર્જક મળી જાય, તો ઈશ્વરી વરદાન લેખાવું જોઈએ. રામ કરતાંયે રામનું નામ જ વધારે જીવંત રહે છે.

બહાર સામ્રાજ્ય રાખીને ઘેર લોકશાહી ટકાવવી હોય તો સામાન્ય મતદારને એ લૂંટમાં ભાગીદાર અને રસિયો બનાવવો અનિવાર્ય છે. એક આખું રાષ્ટ્ર અનીતિને નીતિ માને, તો જ આ બન્નેનો કામચલાઉ પણ મેળ મળી શકે. આંતરિક મનામણા માટે એરણની ચોરી અને સોયનું દાન જેવું કાંઈક થતું હશે.

બધાનું મૂળ સત્તા અને વધુ સત્તાનો લોભ જ છે. આ માનસ, અપ્રમાણિક અને સિદ્ધાંતવિહોણું રાજકારણ સ્થાપે છે. યુદ્ધ, રોજની સુખાળવી સગવડો આંચકી લે છે. યુદ્ધ આકરો મુકાદમ છે. તે માણસનાં ચરિત્રને તેની પરિસ્થિતિ સાથે બંધ બેસાડવાનું વલણ ધરાવે છે.

સોક્રેટીસે કહ્યું "લોકશાહી ભોગવતા નાગરિકો પણ દાસ હોઈ શકે છે. માણસ પરનાં બહારનાં અંકુશો જાય એટલે તે સ્વાધીન થતો નથી તે સ્વયં શાસિત બને છે ત્યારે જ તે સ્વાધીન બને છે."

જે માન્યતાઓને આધારે વ્યક્તિ કે સમાજનું જીવન ચાલી રહ્યું છે તે માન્યતાઓની જ વારે વારે તપાસ કરવી જરૂરી છે. જ્ઞાન પ્રમાણે જીવનનું ઘડતર ન થાય, તો જીવન પ્રમાણે જ્ઞાન થઈ જાય છે. અજ્ઞાનઆધારિત વ્યવસ્થિત રખાતાં જીવનને કોઈ હલાવે, વ્યકિત કે સમાજે ગોઠવેલી નિરાંત કે આળસભરી વ્યવસ્થાને તોડે, ત્યારે સુખપ્રિય જીવોને ગમતું નથી. તે માટે કોઈ મંડ્યા રહે તો તે અપ્રિય થયા સિવાય રહેતો નથી.

દયાળુ કે વિચારશીલ ન થવા દેવા માટે પણ કોઈ બૌદ્ધિક કે તાર્કિક સમજણ આપવી પડે છે. દયા કરો નહિ તેમ કહેવા કરતા, દયા તો તમારા મનનાં, તમારા જાન માલ વિષે જે ભય રહ્યો છે, તે ભયજન્ય નબળાઈએ સૂચવેલ વલણ છે. દયા કાયરતાનું સંતાન છે.

દરેક સમાજે દંતકથાઓ, વહેમો, દેવદેવીઓ અને કેટલાક પ્રશ્ન પૂછી જ ન શકાય તેવા કાર્યપ્રદેશો નક્કી કરી પોતપોતાનાં સમાજને સ્વનિયમન કરતાં શીખવેલ હોય છે. વહેમ અને દંતકથાઓનાં આધારે સ્વનિયમનમાં રહેવાનું કેટલાક બુદ્ધિશાળીઓને અર્થહીન લાગ્યું.

આ બધું પાણી, અગ્નિ. વાયુ વગેરે તત્ત્વોમાંથી બન્યું તેમ કહેવાય છે. પ્રત્યક્ષ સાબિતીઓ મેળવવી મુશ્કેલ છે. પણ તેના કરતાં યે સોક્રેટીસને વિશેષ સમજાયું તે એ હતું કે એનો બહુ ઉપયોગ ન હતો. બધું પાણીમાંથી નીપજ્યું તો પણ શું? તે તો એક સાધન છે. ધન એક સાધન છે. તંદરસ્તી એક સાધન છે. ધન મેળવ્યા પછી શું? તંદુરસ્ત થયા પછી શું? આ જગત એક તત્ત્વમાંથી બન્યું કે પાંચ તત્ત્વમાંથી, તે પછી શું? તંદુરસ્તી સુખ માટેનું સાધન છે. પણ સુખ એટલે શું? કોઈક તેને સામાજિક મોભા સાથે સાંકળે છે, કોઈ વખત અમનચમન સાથે જોડે છે, અને કોઈક તેને ડહાપણ સાથે સાંકળે છે. પણ ખરેખર શું છે? પ્રશ્નનો પ્રશ્ન, શોધની શોધ આ હતી. સોક્રેટીસ આ શોધ માટે પોતાનો પ્રાણ અર્પવા તૈયાર હતો.

સોક્રેટીસે કહ્યું, કે હું ડહાપણની શોધ કરતાં અટકીશ નહિ. મારા નિત્યના રિવાજ મુજબ આ સત્ય સંભળાવતો રહીશ, અટકીશ નહિ. ધનના ઢગલા, કીર્તિ કે માનપાન વાછળ આટલા ઉધમાં કરતાં તમને શરમ નથી આવતી? તમે શીલ, સત્ય, કે આત્માની પૂર્ણતા માટે કશીય ચિંતા કરતા દેખાતા નથી. મારા નગરવાસીઓ, તમે મારા પોતાના જ છો, એટલે તમને ખાસ કહીશ કે સંપત્તિમાંથી શીલ આવતું નથી. પણ શીલમાંથી સંપતિ કે બીજું મુલ્યવાન જન્મે છે.

ધ્યેય કે હેતુનું જ્ઞાન જ યથાર્થ માપ કે યથાર્થ રસ્તો બતાવી શકે છે.

આત્મવિવેચન વિનાનું જીવન વ્યર્થ છે. આત્મદર્શન માટે આત્મ વિવેચનની પદ્ધતિ સોક્રેટીસની વિશેષતા છે. આ પદ્ધતિનો પ્રાણ છે, સ્વઆધારિત તર્કયુક્ત તટસ્થ પૃથક્કરણ.

"તમને જે ગમે તે કરો." બહુજન સમાજ માટે તટસ્થ બુદ્ધિ એટલે નિર્લેપ બુદ્ધિ નથી. બુદ્ધિ વાસનાનું હથિયાર પણ બને છે. તટસ્થ ભાવે સુક્ષ્મ ચર્ચા અને સંયમથી જ આ શોધ થઈ શકે.

— કાંતિલાલ કામદાર

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (માલિક) માટે મુદ્રક અને પ્રકાશક: પ્રેમચંદ ઉજમશી શાહ, પ્રકાશન સ્થાન: ૪૭, ડૉ એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ-૨. સંપાદકો: શ્રી કેશવલાલ શાહ, શ્રી રમણલાલ શેઠ, શ્રી કાંતિલાલ વકીલ
મુદ્રણ સ્થાન: સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૮

મુંબઈ, ૧૬ ઓગસ્ટ ૧૯૭૯, ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

## ☆ ધર્મગુરુ અને સમાજજીવન ☆

વહોરા કોમના વડા મુલ્લાંજી સાહેબનું કોમના સામાજિક જીવન ઉપર કેટલું મોટું આધિપત્ય છે, તે સંબંધીના નથવાણી પંચના અહેવાલથી વડા મુલ્લાંજી સાહેબ અને તેમના અનુયાયીઓમાં ખળભળાટ મચ્યો છે. ધર્મગુરુને આવી ચિન્તા શા માટે હોય? આ અહેવાલ વાંચતા કેટલાક પાયાના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે, તે તરફ લક્ષ દોરવા આ લખું છું. ધર્મગુરુનું સાચું કર્તવ્ય શું? સામાજિક જીવનમાં તેમનું સ્થાન શું? તેમનું કાર્યક્ષેત્ર શું? તેની મર્યાદા શું? વિગેરે મુદ્દાઓ વિચારવા જેવા છે. વડા મુલ્લાંજી સાહેબની વ્યાપક સત્તા વિષે આ અહેવાલમાં જે લખ્યું છે તેને એક ઉદાહરણ તરીકે ગણી, આ પ્રશ્નોની થોડી ચર્ચા કરું છું.

વડા મુલ્લાંજીની વ્યાપક સત્તાના પાયામાં બે બાબતો રહેલી છે. એક છે: વફાદારીના શપથ - 'મિસાક', બીજું છે સામાજિક બહિષ્કાર' - 'બરાત'.

દરેક વહોરાએ વફાદારીના શપથ લેવા પડે છે. આ શપથથી પોતાના જાનમાલ, મુલ્લાંજી સાહેબને ચરણે ધરી દે છે. તેમની સર્વ આજ્ઞા સ્વીકારવાને બંધાય છે. આ શપથ લે તે જ વહોરા ગણાય. આપણે માનીએ છીએ કે દરેક વ્યકિત જન્મથી વહોરા ગણાય છે. પણ શપથ ન લે ત્યાં સુધી, સામાજિક જીવન અને કોમી જીવનના અંગ થતા નથી.તેના લાભ મળતા નથી. દરેક વહોરા સ્ત્રી-પુરૂષે દરેક બાળકે આ શપથ લેવાના રહે છે. શપથ વાંચીએ તો ગુલામી ખત લાગે.

આ શપથનો ભંગ કરે, મુલ્લાંજી સાહેબની આજ્ઞાનું ઉલ્લંઘન કરે, તેનો મુલ્લાંજી સાહેબ સામાજિક બહિષ્કાર ફરમાવે છે. આ બહિષ્કાર કેટલો ત્રાસજનક થાય છે તે વિશે અહેવાલમાં કહ્યું છે:

It is not merely boycott in the sense of ex-communication. It involves positive persecution, harrassment, torture, assault, exclusion from the mosque, burial ground etc. The socially boycotted person does not suffer alone.

'માત્ર કોમ બહાર મૂકીને બહિષ્કાર કરવામાં આવે છે એટલી જ વાત નથી. આમાં ચોક્કપણે સતામણી, હેરાનગતિ, ત્રાસ અને હુમલાઓ કરવામાં આવે છે તેમ જ મસ્જિદ અને કબ્રસ્તાનમાં નિષેધ કરવામાં આવે છે. જે વ્યકિતનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે તેને એકલાને જ સહન કરવું પડતું નથી.' તેના નજીકના સગાઓ, તેની સાથે સંબંધ રાખવાવાળા આ બધાને સહન કરવું પડે છે.

અહેવાલમાં જણાવ્યું છે:

Various methods are used to harass the socially boycotted persons. One of the most commonly used is attack on residence, shops or other work establishments. Physical attacks on persons concerned as also the close members of their families, if they have not broken away from them.

'સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો હોય એ વ્યકિતઓને સતાવવા માટે અનેકવિધ પદ્ધતિઓ અજમાવવામાં આવે છે. એક સૌથી સામાન્ય પદ્ધતિનો જે ઉપયોગ થાય છે. એમાં રહેઠાણો, દુકાનો, કે કામના સ્થળો પર હુમલાઓ કરવામાં આવે છે. સંબંધિત લોકો પર અને એમનાં કુટુંબોના સભ્યોએ એમની સાથે સંબંધ ન તોડયો હોય તો એમના પર પણ શારીરિક હુમલાઓ કરવામાં આવે છે.'

અહેવાલમાં ઘણાં કિસ્સાઓ આપ્યા છે. પિતા - પુત્રને જુદા પાડે છે. પતિ - પત્નીને જુદા પાડે છે, ભાઈ - ભાઈ કે ભાઈ - બહેનને જુદા પાડે, બાળકોને સ્કૂલમાં પરેશાન કરે, લગ્ન, મરણ, વ્યવસાય, નોકરી વિગેરે બાબતોમાં હાલ - બેહાલ કરે.

જન્મથી માંડી મરણ સુધી દરેક પ્રસંગ માટે મુલ્લાંજી સાહેબની રજા લેવી પડે. રજા વિના કાંઈ કર્યું હોય તો બહિષ્કાર થાય.

કોઈ સમાજસેવાનું કાર્ય કરવું હોય તો મુલ્લાંજી સાહેબની રજા લેવી પડે. કોઈ ટ્રસ્ટ કરવું હોય તો, કોઈ અનાથાશ્રમ કે પ્રસૂતિ ગૃહ સ્થાપવું હોય, કોઈ શિક્ષણ સહાય કરવી હોય, કોઈ સહકારી બેન્ક કરવી હોય, દરેક માટે રજા જોઈએ. રજા વિના કર્યું હોય તો વિસર્જન કરાવે, કરવું પડે.

ચૂંટણીમાં ઊભા રહેવું હોય, મ્યુનિસીપાલિટી કે, ધારાસભામાં તો મુલ્લાંજી સાહેબની રજા લેવી પડે. ચૂંટણીમાં મતદાન માટે મુલ્લાંજી સાહેબનું ફરમાન આવે.

જમાતોમાં ચૂંટણી નથી થતી, મુલ્લાંજી સાહેબ જમાતોની રચના કરે.

મુલ્લાંજી સાહેબને કરોડો રૂપિયાની આવક છે. પંચના અહેવાલ મુજબ વાર્ષિક ૭ કરોડ અંદાજે આવક હશે, વધારે હોય, મુલ્લાંજી સાહેબ ઘણાં કરવેરા ઉઘરાવે છે. ઉપરાંત નઝરાણાં, સલામો, ભેટો, પધરામણી વિગેરેથી લાખોની આવક થાય છે. તેમના કરોડો રૂપિયાના ટ્રસ્ટો છે. જેમાં તેઓ એક જ ટ્રસ્ટી છે. તેમનું બહોળું કુટુમ્બ છે. કુટુમ્બમાં લગભગ ૧૮૦ સભ્યો છે. એક નાનું રાજ્ય છે.

વહોરા કોમના સામાજિક જીવનમાં પ્રત્યેક અંગ ઉપર મુલ્લાંજી સાહેબની જબરી પકડ છે.

અહેવાલને અંતે પંચે સાર કાઢયો છે, તે આ પ્રમાણે છે:

The facts found by us and the foregoing chapters will show that the position of the Dai-ul-Mutlaq as a religious head, the huge income under his dominion, the obligations of the Bohras under the Misaq; the right of the Dai to expel any member on any ground which he considers sufficient, the practice of Baraat leading to grave consequences to the dissidents, the absence of any communal control over the income & properties of the community, the absence of adequate legal regulation of the Trusts which are spread all over the world — all these have resulted in a huge concentration of power in the hands of one person who can control the entire lives of the Daudi Bohras right from the stage of conception to that of death and even thereafter. The root cause of the reformists' grievance can be attributed to the fact that the religious power which Syedna had and which was not intended to be used "for worldly ends" has been exercised since the beginning of the regime of 51st

Dai for gaining and centralising economic power and using the economic power so gained to further coerce any dessenting member of the community into surrender and submission. It is the deadly combination of religious and economic power which creates a huge problem.

'અમે મેળવેલી હકીકતો અને આગળના પ્રકરણો એ બાબત દર્શાવે છે, કે દાઈનો ધાર્મિક વડા તરીકેનો દરજ્જો, એને થતી મબલખ આવક, મિસાક મુજબ વહોરાઓની ફરજો, દાઈને એમને પોતાને પૂરતાં લાગે તે કારણોસર કોઈ પણ વ્યકિતને કોમબહાર કરવાનો અધિકાર, ભિન્નમતવાદીને માટે ગંભીર પરિણામદાયક બરાતની પદ્ધતિ, કોમની મિલકત અને આવક પર કોમના કોઈ પણ જાતનાં નિયંત્રણનો અભાવ, દુનિયાભરમાં પથરાયેલા ટ્રસ્ટોના પૂરતા કાયદેસરનાં નિયમનનો પણ અભાવ - આ બધાને લીધે એક વ્યકિતના હાથમાં વિપુલ સત્તા એકત્રિત થઈ છે. એટલે એ વ્યકિત દાઉદી વહોરાઓની ગર્ભાધાનથી માંડીને મૃત્યુ સુધી અને એ પછી પણ સમગ્ર જિંદગી પર અંકુશ ધરાવે છે. સૈયદના પાસે જે ધર્મવિષયક સત્તા હતી એનો સામાજિક - સંસારી હેતુઓસર ઉપયોગ કરવાનો નથી હોતો પણ ૫૧ મા દાઈના શાસનથી એનો આર્થિક સત્તા સંપાદન અને કેન્દ્રિત કરવામાં આવ્યો છે તેમ જ આ રીતે મેળવેલી આર્થિક સત્તાનો ઉપયોગ કોમનો કોઈ પણ સ્વતંત્ર મત ધરાવતી વ્યકિતને શરણાગતિ અને તાબેદારી સ્વીકારવાની ફરજ પાડવામાં થઈ રહ્યો છે. સુધારાવાદીઓની ફરિયાદનું આ મૂળકારણ છે. ધાર્મિક અને આર્થિક સત્તાનું આ ભયંકર જોડાણ એક મહાન સમસ્યા સર્જે છે.'

આ અહેવાલમાં બે ત્રણ વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે. (૧) મુલ્લાંજી સાહેબની આટલી વિશાળ સત્તા પહેલા ન હતી, છેલ્લાં પચાસ વર્ષમાં વધી છે.

ઉપરના ફકરામાં કહ્યું છે તેમ ૫૧ માં દાઈથી વધી છે. તે વર્તમાન ૫૨ માં દાઈના પિતાશ્રી - આજના જમાનામાં આવી સત્તા ઘટવાને બદલે વધતી રહે તે આશ્ચર્યજનક છે.

(૨) આ સત્તાનું મૂળ કોઈ રાજ્યદંડમાં નથી, મુલ્લાજી સાહેબ કહી શકે કે કોમે સ્વેચ્છાએ આ સત્તા સ્વીકારી છે. કોઈ કહે ભયથી.

(૩) સુધારાવાદી વહોરાઓના ૩૦ વર્ષના સતત પ્રયત્નનું બહુ ફળ નથી આવ્યું.

(૪) આ પંચનો વહોરા કોમે વિરોધ કરેલો અને મોટા ભાગે બહિષ્કાર કર્યો.

આ અહેવાલ વિશે આટલું કહ્યા પછી, તેના ઉપરથી ઉપસ્થિત થતાં મુખ્ય મુદ્દાઓ ઉપર આવું.

ગમે તે જમાનો હોય, ધર્મ અને ધર્મગુરુ પ્રત્યે લોકોની અપાર શ્રદ્ધા - ભકિત છે. તેને અંધશ્રદ્ધા કહીએ કે અજ્ઞાન કહીએ, તે છે તે હકીકત છે. તેથી જ ધર્મગુરુનું આટલું વર્ચસ જામે છે.

ધર્મગુરુનું જીવન આધ્યાત્મિક હોવું જોઈએ. તેમનું કર્તવ્ય સમાજને આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શન આપવાનું છે. ધર્મગુરુને કુટુંબ - કબીલો અને પરિગ્રહ હોય ત્યારે આ ધ્યેય મોટે ભાગે નિષ્ફળ જવાનું. એટલું જ નહિ પણ અનેક અનિષ્ટોને જન્મ આપનારું થાય. ધર્મગુરુ માટે બે મહાવ્રતો અનિવાર્ય છે. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. બ્રહ્મચર્ય એટલે સર્વ પ્રકારનો સંયમ, અપરિગ્રહ માત્ર મિલકતોનો જ નહિ, કીર્તિ અને સત્તાનો પણ. આ બે વ્રતોનો અભાવ હોય ત્યાં ધર્મગુરુ પોતાનું શુદ્ધ સ્વરૂપ જાળવી ન જ શકે. લોકોની ધાર્મિક શ્રદ્ધા - ભકિત, ધર્મગુરુને મોટું સ્થાન આપે છે. સૂક્ષ્મ પણ ઘણી અસરકારક સત્તા અથવા પ્રભાવ આપે છે. આ ધાર્મિક સત્તામાં, આર્થિક સત્તા ભળે અને કુટુમ્બ કબીલાનો સ્વાર્થ હોય ત્યારે અનિષ્ટ પરિણામ ન આવે તો આશ્ચર્ય લેખાય. પરિગ્રહ પાપનું મૂળ છે. ધર્મગુરુ અને પરિગ્રહ પરસ્પર વિરોધી વસ્તુ છે. વ્યવહારિક અને સામાજિક જીવનને શુદ્ધ, પવિત્ર અને નૈતિક રાખવું, ધર્મગુરુનું કર્તવ્ય છે. પોતે જ ખરડાયેલ હોય ત્યાં આ કયાંથી બની શકે? પોપ હોય, આગાખાન હોય, વૈષ્ણવના મહારાજ હોય, મુલ્લાંજી સાહેબ હોય કે, બીજા કોઈ પણ ધર્મગુરુ હોય, કુટુમ્બ અને પરિગ્રહ બે વસ્તુ હોય ત્યાં ધર્મ ગુરુપણું સાચા અર્થમાં ટકે નહિ. પછી ભલે જનસમાજ તેમને આંધળી રીતે અનુસરે. તેમાં સમાજનું કે ધર્મગુરૂનું કોઈનું કલ્યાણ નથી.

પ્લેટો એ તેના રીપબ્લિકમાં, આદર્શ રાજ્યકર્તા વર્ગ માટે પણ કુટુંબ અને પરિગ્રહનો નિષેધ કર્યો છે. ધર્મગુરુ માટે આ બન્ને વ્રતો તેથી પણ વિશેષ અનિવાર્ય છે.

આ દષ્ટિએ જૈનધર્મના સાધુ–સાધ્વીઓનો વિચાર કરું છું ત્યારે ઘણો સંતોષ થાય છે. આ સાધુ - સાધ્વી રૂઢીચુસ્ત હશે, પણ કૌટુમ્બિક સ્વાર્થ કે પરિગ્રહમાંથી જે અનિષ્ટો ઊભા થાય છે તેથી મુકત છે. જૈન સાધુ - સાધ્વી પ્રત્યે જૈન સમાજનો અનહદ આદર છે તેનું એક કારણ તેમનું ચારિત્ર - બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. આ બે વ્રતો આદર્યા હોય તો અહિંસા અને સત્ય વધારે ફલિત થાય છે. એ બેનો અભાવ હોય ત્યાં અહિંસા અને સત્ય દૂર રહે છે. જૈન મન્દિરોના અને સમાજના કરોડો રૂપિયાના ટ્રસ્ટો છે. તેના વહીવટ સાથે સાધુ સાધ્વીને કાંઈ સંબંધ નથી. સંઘ હસ્તક વહીવટ રહે છે. મુલ્લાંજી સાહેબ પોતાના પરિગ્રહ ઉપરાંત પોતાની કોમના બધા ટ્રસ્ટો ઉપર સત્તા મેળવવા પ્રયત્ન કરે છે. ધર્મગુરુને સમાજજીવન સાથે બહારનો સંબંધ હોવો જોઈએ, એટલે કે માર્ગદર્શન આપવાનો. ધર્મગુરુ તેમાં ઓતપ્રોત ન થાય. વૈભવશાળી, સુખશીલ, સત્તાલક્ષી જીવન ધર્મગુરુ માટે નથી જ.

સાચા ધર્મની પ્રતિષ્ઠા કરવી હોય તો જાગ્રત સમાજે ધર્મગુરુને આવા પ્રલોભનમાંથી મુકત રાખવા જોઈએ. નહિ તો ધર્મ પણ નહિ રહે અને ગુરુ પણ નહિ રહે.

—ચીમનલાલ ચકુભાઈ

# દિલ્હીનું રાજકારણ

આ વિશે શું લખવું? ઉકળતો ચરુ છે. નીત નવા રંગ જોવા મળે છે. ન કલ્પી હોય તેવી અધોગતિના ઊંડાણના અનુભવ થાય છે. ચરણસિંહ અને બહુગુણાએ એપ્રિલ-૧૯૭૮ માં મોરારજીભાઈ ઉપર લખેલ પત્રો આજે (૧૨-૮-૭૯) વર્તમાનપત્રોમાં વાંચવા મળ્યા. ભ્રષ્ટાચારના, કાવતરાનાં પરસ્પર જે આક્ષેપો કર્યા છે તે વાંચી એમ થાય કે આવી વ્યકિતઓ સાથે મળી કામ કેવી રીતે કરી શકે? હવે બન્ને નિવેદન બહાર પાડે છે કે અમારા મતભેદો મટી ગયા છે! 'પ્રબુદ્ધ જીવન' ના આ અંકમાં 'ગાર્ડિયન'ના એક લેખનો અનુવાદ પ્રગટ થાય છે. ગયા અંકમાં ઈકોનોમિસ્ટના બે લેખોનો મેં ઉલ્લેખ કર્યો હતો. વિદેશોમાં આપણી છાપ કેટલી નીચી ઊતરી છે તેનો આ ઉપરથી કાંઈક ખ્યાલ આવે છે. એમ થાય છે કે આવા લોકો આપણા ઉપર શાસન કરે? શું આ એ જ લોકો છે જે આટલા વર્ષોથી શાસન કરતાં આવ્યા છે? અરે, મોરારજીભાઈએ કહ્યું અને જગજીવનરામે સમર્થન કર્યું કે, ઈન્દિરા ગાંધીનો પણ, વણવાગ્યો ટેકો મળતો હોય તો તે લેવામાં વાંધો નથી! વણ માગ્યો મળે? વણમાગ્યો કહે તો પણ તેની પાછળના હેતુ અને રમતના ભોગ બનવું પડે. શું એક વ્યકિત પણ એવી નહિ નીકળે કે જે કહે કે એક વખત હારી જઈએ અથવા સત્તા છોડવી પડે તો ભલે, પણ અનિષ્ટ તત્ત્વોનો સહારો તો નહિ જ લઈએ. આટલી બધી સત્તાલાલસા! એ એ જ લોકો છે જેમણે ગાંધીજીનું પાસું સેવ્યું છે. અને સાધનશુદ્ધિની વાતો કરી છે. આટલું બધું અધઃપતન કેમ થયું?

૨૦ મી ઓગસ્ટે લોકસભાની બેઠક મળશે અને ચરણસિંહ વિશ્વાસની દરખાસ્ત રજુ કરશે. જગજીવનરામે પડકાર ફેંકયો છે કે, ચરણસિંહને હરાવીશું જ. ઈન્દિરા ગાંધી બધાને નચાવે છે. અકાલીઓ, એ. ડી. એમ. કે. સામ્યવાદીઓ, કહેવાતા નિષ્પક્ષો, સૌ કીંમત માગે છે. કીંમત ચૂકવાશે છતાં પરિણામ અનિશ્ચિત રહેશે. એકથી વિશેષ કીંમત લેશે અને અપાશે. બન્ને પક્ષ પાસેથી કીંમત લેવાશે. ચરણસિંહ ચાલુ રહે કે જગજીવનરામ આવે કે બીજા કોઈ આવે, કોઈ ટકવાના નથી, ટકવા દેવા ન જોઈએ. આ સ્થિતિ લાંબો વખત ચાલુ રહે તો દેશ માટે મોટી આફત છે. પરિસ્થિતિ સર્વ પ્રકારે વધારે વણસતી રહેશે. આ લોકસભાનું વિસર્જન કરવું એ એક જ પ્રમાણિક માર્ગ છે. લોકોને નિર્ણય કરવા દો, ભલે ગમે તે પરિણામ આવે. લોક-

સભાના વર્તમાન સભ્યોએ લોકોનો સંપૂર્ણપણે વિશ્વાસ ગુમાવ્યો છે. કોઈ રીતે ચાલુ રહેવાને પાત્ર નથી. પ્રજાએ જે કસોટીમાંથી પસાર થવું લખ્યું હશે તેનો સામનો કર્યે જ છૂટકો છે. આ સમગ્ર રાજકીય પદ્ધતિને પડકાર છે. આવા લોકો સત્તાસ્થાને રહે તો અનૈકિતા વધવાની.

રાજ્યોમાં અસ્થિરતા વધતી જાય છે. હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, આસામ, દરેક રાજ્યમાં પક્ષાપલટાઓ, કાવાદાવા, સત્તાની સાઠમારી ચાલુ છે. આર્થિક સ્થિતિ તેમ જ કાયદો અને વ્યવસ્થા વણસતા રહે છે. કેન્દ્ર સરકાર અસ્થિર હોય ત્યારે રાજ્યોમાં અસ્થિરતા વધે જ. અસામાજિક તત્ત્વોને બળ મળે. ભ્રષ્ટાચાર વધે તો તંત્રની શિથિલતા વધે. મજૂરો વિફરે અને અમર્યાદિત માગણીઓ થાય. વેપાર–ઉદ્યોગ કથળે, મોંઘવારી અસાધારણ વધતી જાય છે. ૮૦ ટકા પ્રજાની હાડમારીઓ વધે છે.

એસ. એમ. જોશી અને મધુ દંડવતેએ કહ્યું કે, જ્યોર્જ ફરનાન્ડીઝ, મધુ લિમયે અને મૃણાલ ગોરે, જેવાએ પ્રજાને દગો દીધો છે. આ બધા ગઈ કાલના સાથીઓ હતા. પ્રજા લાંબો વખત નિઃસહાયપણે આ બધું સહન નહિ કરી શકે. વિસ્ફોટક સ્થિતિમાં બધાને સહન કરવું પડે. તેવા સંજોગોમાં પ્રજાનો રોષ યોગ્ય માર્ગે જ વળશે એમ માની ન લેવાય.

મધ્યસત્ર ચૂંટણી થાય ત્યાં સુધી ચરણસિંહ સત્તા પર રહે તે અસહ્ય છે. રાષ્ટ્રીય સરકાર સર્વ પક્ષોના પ્રતિનિધિઓની રચી, રખેવાળ સરકાર તરીકે કામ કરે એ જ માર્ગ છે. વર્તમાન લોકસભાના સભ્યોને મધ્યસત્ર ચૂંટણી જોઈતી નથી. પણ રાષ્ટ્રપતિએ નિર્ણય કરવો જોઈએ અને પ્રજાને બચાવવી જોઈએ. મધ્યસત્ર ચૂંટણી જાહેર કરી, રાષ્ટ્રીય રખેવાળ સરકારની રચના કરવી. રાષ્ટ્રપતિ તેમ કરી શકે છે. જરૂર પડે ત્યાં રાજ્યોમાં, રાષ્ટ્રપતિની સૂચનાથી ગર્વનરોએ એ માર્ગ લેવો જોઈએ. આઝાદીના ૩૩ મા વર્ષે રાષ્ટ્ર સામે મોટી કટોકટી અને આફત છે. ત્યારે આવા પગલાં લેવામાં પ્રજાએ રાષ્ટ્રપતિને પીઠબળ આપવું જોઈએ. ઠેર ઠેરથી આવી માગણીઓ થવી જોઈએ. પ્રજામત કેળવવામાં બુદ્ધિશાળી વર્ગે પોતાનો ફાળો આપવાનો રહે છે.

૧૩-૮-૭૯ —ચીમનલાલ ચકુભાઈ

# ભારતનું ગંધાતું સપ્તાહ

‘ઊંડા વિચાર પછી હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે આપણા રાજકીય વાતાવરણમાં હાલ પ્રવર્તતા ગંદવાડમાં જરા અમસ્તો ય વધારો ન કરવા મારે એનાથી દૂર રહેવું જોઈએ. ભૂલ માટેની જવાબદારી સ્વાકારીને જનતા સંસદીય નેતાપદેથી રાજીનામું આપવાનો મેં નિર્ણય કર્યો છે. હવે પછી હું કોઈ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહીં લઉં.’

શ્રી મોરારજી દેસાઈ ૮૩ વર્ષની વયે ઘણા ઓછા માણસો કરવા તૈયાર થાય ત્યારે તેઓ રાજકીય તખ્તો છોડવા તૈયાર થયા. દેખીતી રીતે લોકસભાના તેમના મનાતા ટેકેદારોનાં થોડાં નામો (સફળ ઉમેદવાર) ચરણસિંહની યાદીમાં પણ આવી જવાથી એમ જણાય છે કે તેઓ રાજકારણ તજે એ નિશ્ચિત છે.

એક પ્રતિભાશાળી અને સુદીર્ઘ કાળની કારકીર્દિનો આ કરુણ અંત છે. પણ, એમ તો દેસાઈ સરકારનાં પતન પછીના બાર દિવસો ય એટલા જ ખેદજનક છે. વ્યકિતગત આદરને બદલે, સિદ્ધાંતોને આધારે ભારતીય રાજકીય પક્ષોના પુનર્જોડાણની અપેક્ષા કોઈ રાખે તો તે સ્વાભાવિક ગણાય. તેને બદલે અધમ કક્ષાની સત્તાલાલસા જોવા મળી એ આઘાતજનક છે. શ્રીમતી ગાંધી ચરણસિંહને ધિક્કારે છે, છતાં એમણે ચાલાકીથી એમને સરકાર રચવા મદદ કરવાની તત્પરતા દાખવી ચરણસિંહ પણ ઈંદિરા ગાંધીને ધિક્કારે છે, પણ ટૂંક સમય માટે ય વડાપ્રધાનપદ મેળવવા તેમણે મદદ ઝડપી લીધી. મોરારજી દેસાઈ, ઈંદિરા અને ચરણસિંહ તથા બીજા વિકલ્પ સમા જગજીવનરામને ય ધિક્કારે છે. એથી આશા-નિરાશામાં પલટાવાની વાસ્તવિકતા આવી પડી ત્યારે, ય તેમણે દોડાદોડ અને વ્યૂહરચના ચાલુ રાખ્યાં.

અને ભારત? ભારતમાં વહેલી ચૂંટણી કોઈને ખપતી નહોતી અને તત્કાળ શકય નહોતી એટલે એ એકમાત્ર ભાવિ ટાળવા ૭૬ વર્ષના એક મહત્ત્વાકાંક્ષી આદમીએ હતાશાની પળોમાં સગવડીયું જોડાણ કર્યું. ચરણસિંહની સરકાર ભય અને ગમા-અણગમાના જોડાણ સમી બની રહેશે.

ભાવિ અંધકારમય છે. છેલ્લાં બે અઠવાડિયાં દરમ્યાન ખેલાયેલાં સ્વાર્થપ્રેરિત સંઘર્ષોએ એને વધુ અંધકારમય બનાવ્યું છે. શ્રીમતી ગાંધીના આપખુદ શાસન સામે આજથી અઢી વર્ષ પહેલાં જાગી ઉઠેલા લોકોએ જે નેતાઓને ચૂંટયા તેઓ પોતે લોકોના વિશ્વાસને પાત્ર નહોતા એ પુરવાર કરી આપ્યું છે. એ ઘટના ખરેખર કરૂણ છે. કારણ કે વિકલ્પો અત્યંત સંકુચિત બની ગયા છે. શ્રી સિંહે પોતાની લાલસા સિદ્ધ કરી છે. ટૂંક સમયમાં યુવાન રાજનેતાઓને પણ સંભવતઃ તક મળશે. સર્વોચ્ચ સ્થાન મેળવવા માટેની આ ઉગ્ર સ્પર્ધા ટૂંક સમય માટેની નથી, એ સ્પર્ધા ભારતની લોકશાહી જાળવી રાખીને દેશનું સુકાન કુશળ વહીવટકર્તાના હાથમાં છે એ પણ પુરવાર કરવાનું છે. આવું કૌશલ્ય વ્યકિતગત આક્ષેપોથી નહીં આવે. બળજબરીથી લદાયેલી ચૂંટણી આડે કદાચ છ માસ જ રહ્યા છે. જનતા પક્ષ જે સ્થિતિમાં છે ત્યાંથી તેને ફરી સમકક્ષ બનાવવા છ મહિના બહુ ટુંકો ગાળો કહેવાય, તો શ્રીમતી ગાંધીની હાજરીમાં એક પક્ષની પ્રતિભામાં નવીનતા આણવાનું શકય પણ નથી. શ્રી મોરારજી દેસાઈ ‘વાતાવરણની દૂષિતતા’ની વાત કરે છે ત્યારે તેઓ અનિવાર્ય પડકારને નક્કરપણે રજૂ કરી શકયા છે.

‘ગાર્ડિયનમાં’થી

# ટીકા કરવા જ દો

સુપ્રસિદ્ધ અંગ્રેજ લેખક નોર્મન વિન્સન્ટ પિલ પોતાના એક મિત્રની વાતો અવારનવાર કહ્યા કરતા: “મારા આ મહાન મિત્રની ઘણાં લોકો કડવી ટીકાઓ કરે, પણ તેની એના પર કશી અસર થાય નહિ. અરે, કોઈ તેને નિંદતુ, તો એવા નિંદકોનું પણ તે કદી બુરૂ બોલે નહિ.”

પિલસાહેબને શરૂમાં મિત્રના આવા વર્તનથી બહુ આશ્ચર્ય થતું. તેમને થતું: “મારો આ મિત્ર કેવો વિચિત્ર છે! કોઈ આપણી ટીકા કરે તો તેને બરાબર સંભળાવી દેવું જોઈએ. તો જ સામાને ખબર પડે!’

પિલસાહેબથી ન રહેવાયું, એટલે એક દિવસ તેમણે પોતાના આ મિત્ર આગળ પોતાનો રોષ અને અણગમો છતો કરી દીધો. ત્યારે એ મિત્રે શાંતિથી જવાબ દેતાં તેમને કહ્યું: “પિલ, કોઈ માણસ આપણો દોષ આંગળી ચીંધીને બતાવતો હોય ત્યારે તું ખાસ ધ્યાન રાખજે. તે એક આંગળી આપણા તરફ ચીંધતો હોય છે, ત્યારે તેની બાકીની ત્રણ આંગળીઓ તેની પોતાની જાતને જ ચીંધી રહી હોય છે એટલે જ્યારે કોઈ મારી ઉપર કીચડ ઉછાળે છે, ત્યારે મને ખરેખર એની એ દયા આવે છે. કેમકે એ જ વેળા એ બિચારો તેની પોતાની જાત ઉપર ત્રણગણો કીચડ ઉછાળી રહ્યો હોય છે!”

# મારું સાતમું દર્શન

ઋષિઓએ પોતાની દૃષ્ટિ વડે જે જોયું તે દર્શન કહેવાયું. આ દર્શનોનો મુખ્ય સંબંધ જ્ઞાન સાથે છે. અહીં જ્ઞાન એટલે જીવન જીવવાનું, અર્થાત જીવનના માર્ગને લગતું જ્ઞાન, કપિલમુનિએ સાંખ્યદર્શન રચી ક્વોલિટી કરતાં ક્વોન્ટિટી–સંખ્યાને વધુ મહત્ત્વ આપ્યું. તેમને દુઃખનું મૂળ જીવ (પુરુષ)ની શિવમાં રહેલી આસક્તિમાં દેખાયું. આપણો આત્મા, આપણા શરીરમાં ફક્ત થોડો સમય જ રહેવા આવ્યો છે.' એ સત્ય જ્યારે ભુલાઈ જવાય છે ત્યારે માણસ સંસારમાં ખોવાઈ જાય છે. પ્રકૃતિના ત્રિગુણ (સત્વ, રજ, તમ)થી પર જઈ કે થઈ શકતો નથી. પરિણામે તે નાસ્તિક બની શ્રદ્ધા ગુમાવે છે. એમ કપિલ મુનિએ પોતાની જ્ઞાનદૃષ્ટિ વડે જોયું.

મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શનમાં સંખ્યા-ક્વોન્ટિટીને ગૌણ બનાવી (ક્વોલિટી) ગુણવત્તાને વિશેષ મહત્ત્વ આપ્યું. યુજ એટલે જોડવું. આત્માને પરમાત્મા સાથે જોડવાની વાત કહી. મનની એકાગ્રતાને વિશેષ મહત્ત્વ આપ્યું. મનને સ્થિર કરવા માટે જે જે બાબતો જરૂરી લાગી તે બતાવી. આસન, પ્રાણાયામ, ધ્યાન અને સમાધિ. શરીર એટલે કે પ્રકૃતિને બાજુએ રાખી આત્માને સીધો પરમાત્મા સાથે જોડવાની વાત પતંજલિએ પોતાના દર્શનમાં સચોટ રીતે કહી છે. અને એ દ્વારા જીવનમાં સંતોષ અને શાંતિ મેળવવાની યુક્તિ બતાવી છે.

તો કણાદમુનિએ પોતાના વૈશેષિક દર્શનમાં દ્રવ્ય કે પદાર્થના મૂળમાં ઊંડા ઊતરી તેની વિશેષતા સ્પષ્ટ કરી છે. પ્રત્યેક પદાર્થનો ગુણ અને તેની ઉપયોગિતા સિદ્ધ કરી છેવટ કહ્યું જીવ અને શીવ એ બંને એક નથી પણ જુદા છે. આત્મા શરીરથી ભિન્ન છે, એટલું સિદ્ધ કર્યું. પુરુષ અને પ્રકૃતિનું અંતર બતાવ્યું. આમ વૈશેષિક દર્શન દ્વારા મહર્ષિ કણાદ પદાર્થની વિશેષતામાં ઊંડા ઉતર્યા ગણાય. અત્યારનું વિજ્ઞાન કણાદ મુનિના દર્શનનો જ એક ફાંટો ગણી શકાય.

ચોથે નંબરે આવે છે. ગૌતમ ઋષિનું ન્યાય દર્શન ત્રાજવું. સત્ય શું અને અસત્ય શું એ નક્કી કોણ કરે? ઘણી વાર શું તે સાપેક્ષ નથી હોતાં? સત્ય અને સનાતન સત્ય. મનુષ્યનું સત્ય અને કુદરતનું સત્ય - ઋત એ વિષે ઊંડી ચર્ચા કરી અનુમાનમાં થતી ભૂલો પ્રત્યે અંગૂલિનિર્દેશ કર્યો.

આ જ રીતે જૈમિનિ પુનિનું મીમાંસાદર્શન કે જેમાં વેદના યજ્ઞ ભાગનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. કર્મ, અર્થાત યજ્ઞને મહત્ત્વ આપવામાં આવ્યું છે અને કર્મ પોતે જ પોતાના ફળ ઉપજાવવામાં નિમિત બને છે. એમ કહ્યું તો મહર્ષિ બાદરાયણે વેદાંત રચ્યું. વેદાંત કર્મને પ્રથમ નંબર આપી ભક્તિ દ્વારા જ્ઞાનમાં જવાના વિચારને પુષ્ટ કરે છે.

ઉપરોક્ત ઋષિઓએ પોતાના દર્શન તો રજુ કર્યાં, પણ તેના આચરણમાં જે મૂંઝવણો ઉત્પન્ન થઈ તે દૂર કરવાના વિચારો કેટલાક મુખ્ય આચાર્યોએ રજૂ કર્યા તેમાં શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય મુખ્ય હતા. શ્રીમદ્ શંકરાચાર્યે કહ્યું: માનવજીવન કર્મ કર્યા વગર રહી શકતું નથી, પણ તે કર્મ ભક્તિયુક્ત અર્થાત સ્વાર્થરહિત હોવું જોઈએ કે જેથી માનવીના ચિત્તની શુદ્ધિ થાય. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યાનો વિચાર ફેલાવનાર શંકર હતા. જ્ઞાન મેળવવા માટે વૈરાગ્યની જરૂરિયાત ઉપર ભાર મુકનાર તેઓ સૌપ્રથમ આચાર્ય હતા. સત્ય અને અસત્યનો વિવેક સમજવા ઉપર ભાર મૂકી તેમણે સંસારના બંધનો દૂર કરવાનો વ્યવહારિક ઉપદેશ આપ્યો.

જ્યારે વલ્લભાચાર્યે જે વિચારનું પ્રતિપાદન કર્યું તે 'શુદ્ધાદ્વૈત' કહેવાયો. તેમણે જ્ઞાન અને વૈરાગ્યને કેવળ ભક્તિના સાધન ગણાવી પ્રેમલક્ષણા ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું. જીવનની વ્યક્તિની મર્યાદા દર્શાવી તેમણે ભક્તિને પુષ્ટ કરતાં શીખવ્યું. તે ભક્તિમાર્ગ અર્થાત પુષ્ટિ માર્ગ બન્યો. આમ, ઋષિઓ અને આચાર્યોના માર્ગો તથા દર્શનોનો સમન્વય કરીને આપણે આપણા જીવન પૂરતું સાતમું દર્શન શોધી કાઢવાનું છે. જેને નીચે મુજબ શબ્દોમાં મૂકી શકાય:

'કોઈકે' આપણને એક દિવસ આ પૃથ્વી ઉપર મોકલ્યા. અમુક પરિસ્થિતિમાં અમુક સમય પૂરતાં જ. આ 'કોઈક' આપણને પાછાં બોલાવી લેવાનું છે. એ પણ એટલું જ નક્કી ચોક્કસ છે. તો આપણે એ વિચારવાનું છે, કે: આપણે જન્મથી મૃત્યુ સુધીના ગાળામાં શું કરવાનું છે અને શા માટે કરવાનું છે? એક બાજુ મર્યાદાઓ મુશ્કેલીઓ, છે તો બીજી બાજુ શક્તિઓ અને અનુકૂળતાઓ પણ છે. તો તેનો સદુપયોગ શી રીતે કેમ અને કયાં કરવો? દરરોજ સૂર્ય ઊગે છે, દિવસ થાય છે. બાર કલાકને અંતે સૂર્યાસ્ત થઈને રાત પડે છે. એ દરમ્યાન શરીરને ભૂખ લાગે છે. ઊંઘ આવે છે અને શરીરમાં રહેલા આત્મતત્ત્વને ઈચ્છાઓ પણ થાય છે તો એ ઈચ્છાઓ, વાસનાઓ સંતોષવાના પ્રયત્નો પણ ઈન્દ્રિયો કરે છે. શરીરને ઢાંકવું પડે છે. ટાઢ - તડકાથી રક્ષવું પણ પડે છે. મનને વિચારમાં રાખવા માટે પુસ્તકોની જરૂર પડે છે. આત્માને થતી ઈચ્છા સંતોષવા જતાં પત્ની, બાળકોની એવી સાંસારિક જાળ રચાઈ જાય છે, કે: આપણે કરોળિયાં જેવાં બની જઈએ છીએ.

આવી બધી ગડમથલ વચ્ચે કરવાનું શું? તો કે પરિગ્રહને, આસક્તિને નાથવાના, તેને મર્યાદામાં રાખવાના પ્રયાસ કરવા જોઈએ. ઈશ્વરે આપેલા સમયને સારી રીતે વીતાવવાનો કાવ્ય, શાસ્ત્ર, વિનોદમાં આત્માની પ્રેરણા પ્રમાણે ચાલવાનું, દ્વન્દ્વોથી પર (Ab.ve) જવાનો, થવાનો પ્રયત્ન કરવો. હંમેશા, સુખમાં, આનંદમાં રહેવું. ઈર્ષા, અદેખાઈ કે ક્રોધના હુમલાઓ થાય ત્યારે એકાએક સભાન થઈ જાવું. હું એટલે કોણ? એ વિશે વિચારવું. 'મારા'ની આસક્તિનો ત્યાગ કરવો, અરે, આ શરીર પણ મારું નથી. તો આ ઘર, કુટુંબ, પત્ની કે પુત્ર 'મારાં' શી રીતે હોઈ શકે? સૌ, સૌનું નસીબ સાથે લેતાં આવ્યાં છે. 'હું તો કેવળ નિમિતમાત્ર છું.' એમ વિચારવું, આચરવું અને અનુભવવું. આ થયું મારું સાતમું દર્શન, કે જે વિચારોના જંગલમાં અટવાઈ જતાં માણસને બચાવશે, ઉગારશે.

જલકમલવત્ જીવન એ જ સાચું જીવન. આવા જીવનમાંથી જ સાચી લક્ષ્મી જન્મે. જ્યાં નારાયણ જેવું જીવન જીવાતું હોય ત્યાં લક્ષ્મી આપોઆપ આવે. તેને બોલાવવા જવી પડતી નથી. લક્ષ્મી–નારાયણનું દ્વન્દ્વ અતૂટ છે, અખૂટ છે. પરંતુ કમનસીબી એ છે, કે આપણે જાતે નારાયણ થયા વિના જ લક્ષ્મીને ઝંખીએ છીએ.

—હરજીવન થાનકી

# જીવનનું ધ્યેય

આ પૃથ્વી પર મનુષ્ય જન્મ લે છે ત્યારથી તે મૃત્યુ પર્યંત એને સતત રીતે જીવવાનું જ હોય છે એ હકીકત છે. એ પોતે જીવનને કેવી રીતે સમજે છે, બદલાવે છે, તેનું સમર્થન કરે છે, તેના પર જ તેનું સારૂં ય જીવન અવલંબિત રહે છે. હરેક મનુષ્યની અંદર અનેકવિધ શકિતઓ પડેલી હોય છે. આ શકિતઓને એ જેટલે દરજજે ખીલવે છે તેના પર એના જીવનનું ધ્યેય નક્કી થાય છે.

"જીવનનું ધ્યેય' એ મનુષ્યનાં જીવનમાં બહુ જ અગત્યની વાત છે. જે મનુષ્ય જીવનમાં ઊંચામાં ઊંચું ધ્યેય નક્કી કરતા રહે છે. તેમનું જીવન પણ દિનપ્રતિદિન ઊંચા ઊંચા શિખરો સર કરતું રહે છે, તેમજ તેમની ચેતનાનો પણ અનેકગણો વિસ્તાર થતો રહે છે જે વિશાળતામાં પરિણમે છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે,

સામાન્યત: અનેક પ્રકારનાં જુદા જુદા ધ્યેયને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

(૧) સાંસારિક
(૨) નૈતિક
(૩) આધ્યાત્મિક

જેઓ શરીર ચેતના સાથે ખૂબ જ જોડાયેલા હોય છે. તેઓને મન સ્વાભાવિક રીતે જ સંસાર એ બહુ જ અગત્યનું ક્ષેત્ર હોય છે. ખાવું, પીવું, ફરવું, પરણવું, પ્રજોત્પતિ કરવી, સાંસારિક વ્યવહાર કરવો, પોતાને અનુરૂપ પ્રવૃત્તિ કરવી, ઊંચી નોકરી કરવી અથવા વ્યાપાર કે કોઈ સારો દરજજો ભોગવવો અને સમયનાં વહેણ સાથે આગળ વધતાં રહી શેષ જીવન પૂરું કરવું તથા તેનો સંતોષ અનુભવવો. પોતાના કે બીજાનાં મૃત્યુની વાત થતાં જ આકુળતા અનુભવવી અને ચિંતા કરવી. આ એમનો એક સ્વાભાવિક સ્વભાવ હોય છે.

સાંસારિક ધ્યેયવાળી વ્યકિતઓ જેમ મહાસાગરમાં બે લાકડાં મળે તેમ મળે છે. થોડો સમય સાથે ગાળે છે. એક બીજાના સુખ દુ:ખમાં ભાગ લે છે અને પછી વિખૂટા પડે છે. તેઓ કયારેય વિચારતા નથી કે જે મહાસાગરમાં હું તરૂં છું તે શું છે? શેનો બનેલો છે? મને જે વ્યકિતઓ મળે છે અથવા હું જેને મળું છું તે શું કામ? શું કારણ? શેને માટે? તેઓને મન બધો જ જીવનવ્યવહાર બરાબર છે, સ્વાભાવિક છે. તેનાથી પર બીજું કાંઈ હોઈ શકે એવો વિચાર સુદ્ધાં કદી તેમને આવતો નથી; અને કદાચ આવે કે સાંભળે તો તે બિલકુલ જરૂરી નથી એમ કદી હસતાં, હસતાં વાત કાઢી નાંખે છે. આ બધા મનુષ્યો બહિર્મુખ Extrovert હોય છે અને જે ઈન્દ્રિયો વડે દેખાય કે સંભળાય તેટલું જ સાચું એમ માની લે છે.

બીજા વિભાગમાં જીવન જીવતાં મનુષ્યો સાંસારિક જીવન એટલે પહેલાં પ્રકારનું જીવન જીવતાં જીવતાં સાથે સાથે નૈતિકતાને પણ ઘણું મહત્વ આપતાં હોય છે. તેઓને મન નૈતિક જીવન એ એમનું ધ્યેય હોય છે. પવિત્રતા, નિ:સ્વાર્થીપણું પ્રમાણિકતા અને પ્રેમને તેઓ એમનાં પૂર્ણ ભાવમાં જોવા તેમ જ જીવવા મથતા હોય છે. Absolute parity, Absolute unselfishness, Absolute Honesty અને Absolute Love. આ એમનો આદર્શ હોય છે. જીવનની હરક્ષણ તેઓ એ બાજુ આગળ વધતાં રહે છે. નાની નાની ભૂલ થઈ જાય તો પણ તેઓ પોતાના અંતરઆત્માની માફી માગી લે છે. જીવનમાં રસ્તો બતાવવા માટે પણ તેઓ હંમેશા એના અંતરઆત્માનું માર્ગદર્શન માગતાં રહે છે. આ લોકો વિચાર, વાણી અને વર્તનની પવિત્રતામાંથી એકની પણ ઉણપ હોય તો પણ ચલાવી લેતા નથી. ભૂલ્યા ત્યાંથી ફરીથી સુધારીએ એ રીતે તેઓ પોતાને બરાબર જોતાં હોય છે. પોતાનું કડક રીતે નિરીક્ષણ કરતાં હોય છે.

સામાન્ય સાંસારિક લોકો કરતાં આ લોકો એક પગથીયું આગળ હોય છે. સંસારમાં રહેવા છતાં તેઓ સંસારના કાવાદાવા, બીજાની નિંદા, પંચાત વિગેરેમાં સમયનો દુર્વ્યય કરતાં નથી. તેઓ આવી બાબતોમાં ઘણાં જ સભાન હોય છે. પરંતુ ઘણીવાર નૈતિક ખ્યાલોની અતિશયતાને કારણે નૈતિક જીવન જ બધું છે અને એ જ આધ્યાત્મિક જીવન છે. એવા ભ્રમમાં તેઓ રહે છે. "અમે બીજાનું ભલું કરીએ છીએ, સેવા કરીએ છીએ, દુ:ખીઓને મદદ કરીએ છીએ, ખોટું બોલતાં નથી, ચોરી કરતાં નથી, અમારી જીવન જરૂરિયાત બહુ જ ઓછી છે. ખોટી રીતે લક્ષ્મી કમાતા નથી" - આવા અનેક કારણો મનને આપી તેઓ ખુશ રહે છે અને કોઈ જો ધર્મ કે આધ્યાત્મની વાત કરે તો તે જાણે તેમનો વિષય જ ન હોય કે તેઓને એ વિષય સાથે કાંઈ લાગતુંવળગતું ન હોય એમ, સાંભળતા નથી. વાચન તેમજ બુદ્ધિ વિચારને લીધે તેમનો બૌદ્ધિક વિકાસ પણ ઘણો જ હોય અને તેથી જ તેઓ તેમાં સંતોષ માની લે છે.

મનુષ્યમાં જ્યાં સંતોષ આવી ગયો અથવા તો પોતે બધું જ જાણે છે, સમજે છે, અને એ પોતે જે કહે તે જ બરાબર છે એવી ભાવના કેળવાઈ ગઈ ત્યાં પ્રગતિ અટકી જાય છે. બાહ્યમાં દેખાતી પ્રવૃતિ સાચા અર્થમાં પ્રગતિ નથી પ્રગતિ એ આંતરચેતનામાં થતી મનુષ્યની ઉન્નતિ છે.

આમ જુદા જુદા મનુષ્યોનું જીવનનું ધ્યેય જુદું જુદું હોય છે. આમાં સૌથી ઊંચામાં ઊંચું ધ્યેય એ ત્રીજા વિભાગનું આધ્યાત્મિક ધ્યેય છે.

આધ્યાત્મિક ધ્યેયમાં મનુષ્ય પોતાના આત્માને એટલે કે પોતે જે તત્વનો સાચા અર્થમાં બનેલો છે તેને જાણવા, સમજવા તથા પામવા ખરા ખંતથી કોશિશ કરે છે. એ ફક્ત કોશિશ કરે છે, એટલું જ નહીં પણ પુરી સભાનતા સાથે તેને મેળવવા પ્રયત્ન કરે છે અને તે માટે તેને જીવનમાં જે કંઈ પણ કરી છૂટવું જરૂરી લાગે તે તે કરવા તૈયાર થાય છે. એ પોતાના આત્માને પામી, બીજામાં પણ એ જ તત્વ છે એમ ઓળખી, સૌમાં પરમાત્મા છે એમ જાણી, એમને વંદન કરી, સર્વેના જીવનનાં કલ્યાણ અર્થે ધ્યાન, પ્રાર્થના દ્વારા શુભ આંદોલનો વહેતાં કરે છે તેમજ શકય હોય તો સમાજમાં રહીને દેહથી પણ લોકોપયોગી કાર્યો કરે છે.

આધ્યાત્મિક જીવનમાં પ્રવેશનાર મનુષ્ય બરાબર સમજે છે કે નીતિ એ સામાન્ય જીવનનો એક ભાગ છે. એ બાહ્યવર્તનનું અમુક માનસિક નિયમોથી નિયમન કરવા માટેનો અથવા તે એક અમુક માનસિક આદર્શ મુજબ આ નિયમોથી ચારિત્ર્યને ઘડવા માટેનો પ્રયત્ન હોય છે. અધ્યાત્મ જીવન મનથી આગળ જાય છે; તે આત્માની અધિક ગહન ચેતનામાં પ્રવેશ કરે છે અને આત્માના સત્યમાંથી કાર્ય કરે છે.

આ ધ્યેયને આદર્શ માનનાર મનુષ્ય માટે પ્રભુ જ સર્વસ્વ હોય છે, તેમનાં દિવ્ય ગુણોનું જ પોતાના ચારિત્રમાં વર્ધન થાય તે માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. એ પ્રભુને પોતાનામાં તેમ જ સંસારની દરેક વ્યકિત, પદાર્થ પ્રાણીમાં જુએ છે. એને મન પરમાત્મા જ આ જગતનો સ્વામી છે. અને એમના દિવ્ય પ્રકાશમાં જ જીવન સતત ધારણ કરી રાખવું એ એનો મનસુબો હોય છે.

આધ્યાત્મિક જીવન જીવનાર મનુષ્યને માટે પોતાનું કશું જ આગવું, પ્રભુથી જુદું એવું વ્યકિતત્વ હોતું નથી. એ તો પ્રભુની ઈચ્છા મુજબ, પ્રભુમાં રહીને ફક્ત પ્રભુની આજ્ઞાનું પાલન કરે છે. સદા નમ્રભાવે, પ્રેમપૂર્વક, શાંતિ અને સંવાદિતાથી સૌ સાથે સંસારમાં, આશ્રમમાં કે ગુફામાં જ્યાં પ્રભુની આજ્ઞા થાય ત્યાં તેમનું કામ કરવા તત્પર રહે છે. પ્રભુ એને મન સર્વશ્રેષ્ઠ છે, અને એમના તરફથી જે પણ સંદેશો આવે તે પ્રમાણે એ સમર્પણભાવે કરવા વીર યોદ્ધાની જેમ હંમેશા તૈયાર રહે છે.

આમ સંસારમાં અનેક પ્રકારનાં ધ્યેયને વરેલી વ્યકિતઓને આ ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે. તદુપરાંત જીવન જીવતાં જીવતાં ઘણીવાર એક વિભાગમાંથી બીજા વિભાગમાં અને બીજામાંથી ત્રીજા વિભાંગમાં ઉતરોત્તર પ્રગતિ કરતી વ્યકિતઓ પણ ઘણી જોવામાં આવે છે. આ જ પ્રગતિનાં સોપાન છે, અને એને કારણે જ ઉત્ક્રાન્તિ શકય બને છે.

આશા રાખીએ કે આપણે સૌ આ પ્રગતિનાં સોપાન ચઢતાં ચઢતાં, પ્રભુની ઈચ્છા મુજબ એની ઉત્ક્રાંતિમાં સહભાગી બનીએ અને દિવ્યતાને પામીએ.

– હામિની જરીવાલા

# પંગુલંઘયતે ગિરિ

એક નહિ, બે નહિ ત્રણ ચાર નહિ, આઠ આઠ વર્ષથી ૨૦ વર્ષનો યુવાન જીની સાનભાન વિનાનો હોસ્પિટલનાં બિછાનામાં પડયો છે, ભયંકર અકસ્માત નડયો છે, ત્રીસત્રીસ દા'ડા તો કોમામાં પડી રહ્યો હતો, અને એમાંથી નીકળ્યા પછી પણ એ ભાનમાં આવ્યો જ નથી.

આઠ આઠ વર્ષ, એક યુવાન પુત્રને આ સ્થિતિમાં જોઈને મા-બાપ હિમ્મત રાખી શકે ખરાં! ધીરજ ધરી શકે ખરાં! છતાં જીનીના માતાપિતા ઉપચાર કર્યે જ જાય છે, ફળ શું મળશે તે તો ઈશ્વર જાણે જીની જીવતા મુડદા સમો પડયો છે, નથી કંઈ જાણતો, જોતો, કે નથી કોઈને ઓળખતો, નથી ખાવાનુ ભાન, કે નથી સુવાનુ જ્ઞાન, બધી જ ક્રિયા યંત્રવત ચાલે છે. ડોકટરોની અને દવાથી મદદથી, અનેક નિષ્ણાતો તપાસે છે, ન્યુરોસર્જન વગેરેએ એના માટે આશા મૂકી જ દીધી છે, અને ઘડી ઘડી સૌના મનમાં પ્રશ્ન જાગે છે કે આ જીવે તે કરતા ટથેનેસીયાથી, મર્સી કીલીંગથી છટકારો કરાવવો શું ખોટો.

જયાં કશી જ આશા નથી દેખાતી ત્યાં એ પીડાય, ને માતા-ની શારીરિક, અને આર્થિક વિટંવણાનો પાર ન રહે ત્યાં મરજીયાત મૃત્યું શું ખોટું? ડોકટરોએ માતા પિતાને એ સુચન કર્યું પરંતુ પિતાને એ મંજૂર નથી, કારણકે એ જીની એમનો એકનો એક જ દીકરો છે.

ડૉકટરોએ સાફ સાફ કહી દીધું છે, કે એના બ્રેઈનને ઈજા પહોંચી છે તેથી એ જીવશે તો પણ આ જ રીતે, મડદા સમાન જ, અને સાથે જ ભલામણ કરતા કે આ કરતા મૃત્યુ. એ શબ્દ જ માબાપને અળખામણો લાગતો ડોકટરે કહી દીધું કે એના માટે હવે કંઈ પણ કરવું અશક્ય છે, માટે તમો હવે એને ઘેર જ લઈ જાઓ, અને ઘેર લઈ આવ્યા. જીનીના પિતા સુતારી કામ કરે, રોજ સાંજે પુત્ર માટે વહેલા ઘેર આવે, જીનીને માટે ઘોડી બનાવી, એની મદદે ચાલી શકે તો ચલાવવા પ્રયત્ન કરે પરન્તુ ફળ કશુંયે મળતું નહોતું. એને કારમાં ફરવા લઈ જતાં, માનીને કે કદાચ બહારનું કોઈ દશ્ય જોતા એનામાં ચેતના જાગે, પરન્તુ જેની તો ઊંઘતો જ રહેતો, આખો દિવસ ટી. વી. એના માટે ચાલુ રાખતા, માનીને કે કોઈ દ્રશ્ય, કોઈ વાત એનામાં સૂતેલી ચેતના જગાડે, પરન્તુ ત્યાંયે ફળ કંઈ જ મળતું નહોતું. આંખો ફાડીને ટી. વી. જોતો પરન્તુ મોં પર કોઈ જ ભાવ જાગતા નહોતા.

કસરત કરવાના અનેક સાધનો વસાવ્યા પરન્તુ જીની કસરત કરતો જ નહોતો, સૌ સગાંવહાલા, શુભેચ્છક, મિત્રો વગેરે માતપિતાને કહેતા કે આની પાછળ ખુવાર થવાનો હવે કશો જ અર્થ નથી, કાં ડોકટરો કહે છે તે કરો, કાં આને કોઈ હોસ્પિટલમાં જ રાખો, પરન્તુ મા બાપને એમની કોઈ વાત ગળે ઊતરતી નહોતી.

માતપિતાની સ્થિતિ એકદમ સાધારણ છતાં જયાં જયાં જે કોઈએ કહ્યું કે ફલાણી જગ્યાએ આનો ઉપાય થશે, ત્યાં ત્યાં એ લઈ જતા, અનેક સાઈક્રીયાટ્રીસ્ટને બતાવ્યો, ન્યુરોસર્જનને બતાવ્યો, ન્યુરોલોજીસ્ટને બતાવ્યો, જવાબ એક જ, આના માટે કંઈ જ થઈ શકે એમ નથી. કોઈ એ કહ્યું ટેકસાસમાં આવા માટેની સંસ્થા ચાલે છે, ત્યાં મૂકો. ત્યાં મૂકયો, થોડા સમયમાં જ ત્યાંથી પણ પત્ર આવ્યો, આના માટે કંઈ જ થઈ શકે એમ નથી, માટે આને લઈ જાઓ.

૧૯૭૫ની સાલ, એપ્રિલ મહિનો અને આવું તો હતું જ એમાં જીનીને ગૅાલબ્લેડરની તક્લીફ ઉભી થઈ, ઓપરેશન કરવું જ પડે તેમ હતું, અને એ માટે એને સ્પેસીયા આપવું પડે જ, અને એના પ્રત્યાઘાત કેવો પડશે તે કોઈ જાણતુ નહોતું. ડોકટરોએ સ્પષ્ટ કહ્યુ કે કદાચ એનાથી મૃત્યુ પણ પામે, કદાચ અત્યારે છે તેથી પણ વધુ કોમાંમાં સરી પડે.

શું કરવું તે સૂઝતું નહોતુ, મા-બાપ નક્કી કરી શકતા નહોતા, સમય જતો હતો, ગૅાલબ્લેંડરમાં બગાડો ઝડપી થઈ રહ્યો હતો તેથી અંતે ઈશ્વર પર ભરોસો મૂકીને ઓપરેશન કરાવવાનુ નક્કી કર્યુ. ઓપરેશન થઈ ગયા પછી જીની લગભગ ૩૦ કલાક તો ઊંઘતો જ રહ્યો અને જયારે એ ઘોર નિદ્રામાંથી જાગ્યો ત્યારે...ત્યારે પણ ઓપરેશન પહેલા હતો તેવો જ હતો; ન જ્ઞાનભાન, ન ઓળખાણપાળખાણ, અને ઓપરેશન કર્યાને ૬૫ કલાક થયા અને...

અને ન મનાય, ન કલ્પી શકાય એવું થયું. આઠ આઠ વર્ષથી બેભાન, જીવતાં મુડદા સમો જીની જાણે ખૂબ ઘેરી નીંદરમાંથી જાગ્યો, એકદમ ઘોર અંધકાર ભરી ગુફામાંથી જાણે બહાર આવ્યો, એ સાલ હતી ૧૯૭૫ અને મે મહિનાની ૧૬મી તારીખ હતી, સમય હતો દોઢ વાગ્યાનો. જીનીએ આંખો ખોલી સામે બેઠેલીમાં તરફ જોયું, શબ્દ તો હજી નીકળતો નથી, મનમાં થાય છે કે માં આટલી ઘરડી કેમ લાગે છે. ન સમજાય, શબ્દો નીકળ્યા, મા હું કયારથી હોસ્પિટલમાં છું. આઠ વર્ષ પછી આ પહેલી જ ઓળખાણ, પહેલા જ શબ્દે માતાથી મનાતું નથી, આવું મીરેકલ બને ખરું! સ્વપ્નામાં તો નથીને! ફરી પુત્રનો પ્રશ્ન અને માતા જવાબ આપતા થોથવાણી, હૃદય હચમચી ગયુ, માએ મોં ફેરવી લીધુ, આંસુ લુછી લીધા, અને કહ્યુ બેટા, ત્રણચાર દાડાથી. આઠ વર્ષ કહે અને જાગેલા દીકરાને આઘાત લાગે ને ફરી પાછો એ અંધકારમાં ગરકી પડે તો.

ત્રણ દા'ડાથી હું અહીં છું, મારી કોલેજ પડી, મા જાણે છે ને પાંચ દા'ડાથી વધુ ગેરહાજર રહું તો સસપેન્ડ કરી નાંખે, મા, કેટલા દા'ડાથી હું કોલેજ ગયો નથી?

મા મૂંઝાણી એની આંખો બારણા તરફ ઢળી, કોઈ નર્સ ડોકટર આવી ચડે તો સારું, નહિ તો આ ઘડી ગઈ, તો અને માએ ચેતના જાગ્રત રહે તે ખાતર જ પૂછયુ બેટા જીની તું જાગે તો છે ને?

'હા, માં, હું બરાબર જાગુ છું, તેં એમ કેમ પૂછયું કરતા એ બિછાનામાં બેઠો થવા લાગ્યો, અશકિત લાગી, ત્યાં જ ડોકટર આવી પહોંચ્યા. એમણે જીનીને સંભાળી લીધો, માની ન શકાય તેવો આ બનાવ તેવી આ ઘટના, ધીરે ધીરે જીનીને બધી જ વાત કહી, આઠ આઠ વર્ષની બધી જ વાત, અકસ્માતની માંડીને બધી જ, થોડી ક્ષણો તો જીની કશું ન બોલ્યો, પછી ઘણા મિત્રો વિષે પૂછયું, કયાં છે ફલાણો ફલાણો, જવાબ મળ્યા કે ઘણા પરણી ગયા છે, અમુકને ત્યાં બાળકો પણ છે, વિએટનામનું યુદ્ધ પૂરું થયુ છે, લીન્ડજોન્સન હવે પ્રમુખ નથી... ડોકટરો મળ્યા છે અને જીની સંપૂર્ણપણે જાગ્રત છે તે કહ્યું, હવે કશો ડર નથી તે પણ કહ્યું. એક ડોકટર તો બોલી ન ઉઠયા કે ખરેખર થઈ, We treat and Heeuresજયાં માનવીના બધા જ હથિયાર હેઠા પડે છે ત્યાં ઉપરવાળો ઊગારી લે છે. એ જ તો પંગુને ગિરી પર ચડાવવા સમર્થ છે કોણ જાણી શક્યુ છે એની શકિતને.

જીની ઘેર ગયો. ઘર, બાર, જર, જમીન વિષે પિતાને પૂછયું, પિતાએ કહ્યું: બેટા એ બધું જ તારી સારવાર પાછળ વેચાઈ ગયું છે, જીનીની આંખામાંથી આંસુ ખર્યા. માની આંખો પણ વરસી રહી. પિતાએ મોં ફેરવી લીધું, આઠ આઠ વર્ષે મા-બાપ ને પુત્ર સુખદુ:ખની વાતો કરી રહ્યાં હતા ને જેની મુદલ આશા નહોતી તે માતાપિતાની ટેકણલાકડી બનવાનો સંકલ્પ જાહેર કરી રહ્યો હતો.

જીની હવે તદ્દન નોર્મલ થઈ ગયો છે, જરા આંખની જ થોડી તકલીફ છે, ભણવાનો સમય તો હવે ગયો, એ પિતા સાથે કામે લાગી ગયો છે અને કામ કરતા હરતા ફરતા એક જ વિચાર એને આવે છે કે આવા મા-બાપ બીજાના નસીબમાં હશે ખરાં? જન્મ આપ્યાનું, ઉછેરવાનું ઋણ તો ખરું જ પરન્તુ આ નવજીવન આપવાનું ઋણ જીની કદી ચૂકવી શકવાનો નથી એમ કહે છે ત્યારે મા એટલું જ કહે છે બેટા, તું હતો એવો જ પાછો અમને મળી ગયો ને અમારું રૂણ ચુકવાઈ ગયું.

આ વાત અહીં પૂરી થાય છે. આ વાત વિચાર જગાડે છે કે મર્સી કીલીંગ, કયાં સુધી યોગ્ય છે? યુથેનેસીયાનો નિર્ણય કોણ કરી શકે? કોણ જાણતું હતું કે આઠ વર્ષે પણ જીની જાગશે. માટે જ આવા નિર્ણયો લેતા પહેલા ખૂબ ખૂબ વિચાર કરવો આવશ્યક નથી?

મૂળલેખક: જોસેફ બ્લેન્ક
અનુ: રંભાબેન ગાંધી

# સત્યનો પહાડ

એક ગુરુ પોતાના શિષ્ય-પરિવારને લઈને એક પહાડ પાસે આવ્યા અને સર્વને આજ્ઞા કરતાં કહ્યું:

'વત્સો! આ પહાડની ટોચ ઉપર સત્ય છે. જો તમારે સત્ય જોઈતું હોય, તો તમે તમારી શકિતથી આ પહાડ પર ચડી, ત્યાંથી સત્ય મેળવી લ્યો.!

બધાં જ શિષ્યો દોડયા. પહાડ ચડવા લાગ્યા. પરંતુ પહાડ ચડવાનો કોઈ આધાર નહોતો! બધા જ જેવા ચડતા હતા, તેવા જ પાછા પડતા હતા! કેટલાક તો વળી, કોઈ પોતાનાથી આગળ જતો હતો એને પાડીને સત્ય મેળવવા જતા પણ તેય આખરે ગબડી પડતા હતા!

આ સર્વમાં એક શિષ્ય એવો હતો, જે સ્થિતપ્રજ્ઞ થઈ ઊભો હતો. એ સર્વને ચડતા અને પડતા જોઈ રહ્યો હતો. એ મૌન ઊભો હતો!

આખરે સાંજ પડી. સર્વ શિષ્યોમાં કોઈ પહાડ ચડી શકયું નહીં! અને પહાડ ન ચડી શકયું એટલે કોઈ સત્ય પ્રાપ્ત કરી શકયું નહીં!

સાંજ પડી. ગુરુ આવ્યા. બધાં જ શિષ્યો થાકીને લોથ-પોથ થઈને પડયા હતા. ગુરુ એ સૌની પાસે આવ્યા ને પૂછયું:

'કહો વત્સો, તમારામાંથી કોણ પહાડની ટોચ ઉપર પહોંચ્યું અને સત્ય લઈ આવ્યું!"

બધાં શિષ્યો ઊંધું ઘાલી નિસ્તેજ ચહેરે ઊભા હતા. એમાં પેલો એક શિષ્ય સ્વસ્થ ને સ્થિતપ્રજ્ઞ ઊભો હતો. ગુરુને કોઈએ સત્ય લાવ્યાના સમાચાર તો ન જ આપ્યા પણ એક શિષ્યે પેલા પહાડ ન ચડેલા શિષ્યની ફરિયાદ કરતાં કહ્યું:

"ગુરુદેવ! અમે તમારા બધાં જ શિષ્યોએ તમારી આજ્ઞાનું પાલન કર્યું છે! પણ તમારા આ શિષ્યે તમારી આજ્ઞાનું પાલન નથી કર્યું!"

ગુરુએ એ શિષ્ય સામે જોયું. ગુરુની આંખના ભાવ હતા: "શું આ શિષ્ય કહે છે, તે સત્ય છે?"

પેલા શિષ્યે કહ્યું: "ગુરુદેવ! હું એ સર્વેની આગળ એ સત્યના પહાડની ટોચ સુધી જઇ આવ્યો છું!"

અને બધાં જ શિષ્યો બરાડી ઊઠયા:

"નહીં ગુરુદેવ! એ જૂઠું બોલે છે, એણે તમારી આજ્ઞા માની નથી, એને શિક્ષા કરો!"

ગુરુદેવે એને પૂછયું: "વત્સ! સત્ય કહે, તું આ પહાડ પર ચડયો જ નથી તો પછી જૂઠું કેમ બોલે છે?"

પેલો શિષ્યો બોલ્યો: "ગુરુદેવ! એ બધાં જ તન એટલે કે શરીરથી પહાડ પર ચડતા હતા, હું મનથી એ પહાડ પર ચડયો છું. મારું મન સત્યની ટોચ પર જઈ આવ્યું છે!"

ગુરુદેવે બધાં જ શિષ્યો સામે જોયું. કહ્યું: "બોલો, એ કહે છે કે, એ પોતે મનથી આ પહાડ ચડયો હતો અને તમે સૌ તનથી! તમારામાંથી એકાદ પણ જો મનથી પહાડ ચડયો હોય તો જ કહી શકત કે એ સત્ય બોલે છે, કે અસત્ય."

ગુરુની વાત સાંભળીને બધાં જ શિષ્યો મૌન બની ગયા-કારણ કે સૌ તનથી ચડયા હતા, તનથી પાછા પડયા અને કોઈને સત્ય લાગ્યું નહોતું.

ગુરુદેવે પેલા શિષ્ય તરફ જોયું. એને પૂછયું:

"વત્સ! તું મનથી પહાડ ઉપર ચડયો તો હતો, પણ તને ત્યાંથી સત્ય લાગ્યું હતું ખરું?"

"ના ગુરુદેવ. મને ત્યાંથી, તમે કહ્યું હતું તે સત્ય લાધ્યું નહોતું!"

ગુરુદેવને પોતાના એક જ શિષ્યમાં સત્ય મેળવવાના સાચા મૂલ્યાંકનનું દર્શન થયું. એણે શિષ્યને ફરી પૂછયું:

"તો વત્સ! તને ત્યાંથી સત્ય નહીં તો શું લાધ્યું?"

"ગુરુદેવ! હું મનથી પહાડ પરની ટોચે ગયો ત્યારે ત્યાંના સત્યે મને કહ્યું: "હે વત્સ! તારે જે સત્ય જોઈએ છે, તે સત્ય તો તારામાં જ છે! તું તારામાંની સુષુપ્ત ચેતનાઓને જગાડ! તારામાંના બૂઝાઈ ગયેલા સાચા સંસ્કારને તું ઢંઢોળ!...તું જ સત્ય છો, ને તું જ સત્ય બની જઈશ!—સાચું સત્ય તારામાં જ છે!"

શિષ્યનો જવાબ સાંભળીને ગુરુદેવે શિષ્યો તરફ જોયું ને કહ્યું: "વત્સો! હું તમને વર્ષો થયાં પ્રબોધન કરું છું! સત્ય કયાં છે એ પણ મેં તમને કહ્યું છે, એ વિશેના શાસ્ત્રોકત-પ્રમાણ-બદ્ધ સિદ્ધાંતો અને સત્ય વિશે તમને વિસ્તારથી સમજાવ્યા છે. આ બધામાં તમે કેટલું-શું પ્રાપ્ત કર્યું છે, એ જોવા માટે જ મેં તમને સૌને કહ્યું હતું કે, આ પહાડની ટોચ પર સત્ય છે, અને તમે સૌ ત્યાં દોડી ગયાં! પણ સત્ય કયાં છે, એ તમે પામી ન શકયા! સત્ય કયાંય શોધવાની જરૂર નથી, પહાડ પર સત્ય નથી, સત્ય તમારામાં જ છે! આટલુંય સત્ય તમે હજુ સુધી ન પામી શકયા!'

અને પછી, ગુરુએ પેલા એક શિષ્યને કહ્યું: "વત્સ! જા તું આ જગતમાં વિહર! અસત્ય સત્ય સમજીને રહેલા લોકોને સત્ય સમજાવ! કારણ કે તું જ એક સત્ય સમજી શકયો છે!"

* * *

આપણે પેલા શિષ્યો, જે પહાડની ટોચ પર ચડે છે તે છીએ! આપણે સત્ય કયાં છે તે જાણતા નથી અને મંદિરોના પગથિયાં ને ઓટા ઘસાઈ ગયા છે અને સાથે સાથે આપણું જીવન ઘસાઈ જાય ત્યાં સુધી ભગવાન મેળવવા દોડા-દોડી કરીએ છીએ અને પાછા પડીએ છીએ, તો ય સત્ય તો શું સત્યાંશ પણ લાધતું નથી! પ્રસાદોના પૈસા ઉઘરાવીએ છીએ, પ્રસાદો વહેંચીએ છીએ-ખાઈએ છીએ, પડીકાઓ ભેટ આપીએ છીએ ને આખુંય જીવન આમ વહી જાય છે, 'મને સત્ય મળી ગયું છે' એવા ભ્રમમાં જીવી જીવીને જ જીવન પૂર્ણ થઈ જાય છે! પણ આપણને સત્ય લાધતું નથી!

આપણામાંથી-લાખોમાંથી એકાદને, સત્ય મળે છે! અને દુ:ખ તો એ વાતનું છે કે, જેને સત્ય મળ્યું છે, એ આપણને સત્ય કહે છે—એને જ આપણે અસત્ય માની બેઠાં છીએ! -પછી સત્ય, પેલા પહાડની ટોચ ઉપર છે અને એના ઉપર આપણે શરીરથી સત્યને મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ!

પરંતુ સત્ય કયાં છે, એ ય હજુ આપણે સમજવાનું છે! જો એ કયાં છે, એ સમજીએ અને પછી મેળવવાનો પ્રયત્ન કરીએ તો જ આપણને સત્ય લાધે ને!

અને દુ:ખ તો એ ય વાતનું છે કે, આજે જે આપણને સત્ય વિશે પ્રબોધન કરે છે, એ પણ સત્ય કયાં છે એ ય જાણતા નથી-પછી આપણને સત્ય મળે કયાંથી? અને એનાથી દુ:ખની વાત તો એ છે કે, પોતાને સત્ય મળ્યું છે- હું સત્ય જાણું છું એ પોતે જ માણસ મટીને 'ભગવાન' બની ગયા છે! અને એ ભગવાન માણસને માણસ બનાવી જાણે તો ય ઘણું!

ગુણવંત ભટ્ટ

# ન ગુલાબ, ન કંટક

ખુદી કો કર બુલંદ ઈતના કિ હર તકદીર સે પહલે ।
ખુદા બન્દે સે ખુદ પૂછે, બતા તેરી રજા કયા હૈ ॥

'તું તારી જાતને એટલી ઊંચાઈ ઉપર લઈ જા કે નસીબ લખતાં પહેલાં ખુદા પોતે તને પૂછે કે તારી શી ઈચ્છા છે?'

કેટલી બધી ખુમારીની વાત આ નાનકડા શેરમાં ભરી દીધી છે! પણ એ ખુમારી પ્રાપ્ત કરવા માટે મહેનત કરવાની વાત પણ 'ખુદી કો કર બુલંદ ઈતના' કહીને સાફ સાફ શબ્દોમાં કહી જ છે. અને ખુમારી તો કેવી કે ખુદ ખુદા પોતે પૂછે, બીજા કોઈની મારફતે પુછાવે એવું નહીં અને કહે છે 'બન્દે સે' વળી નમ્રતા પણ એટલી જ હોવી જોઈએ. ભકત બનવું પણ એટલું જ જરૂરી છે. દરેક માનવી જો આ શેરને યાદ રાખીને પોતાનું કાર્ય કરે તો આખી દુનિયાનો નકશો પળવારમાં બદલાઈ ગયા વગર રહે જ નહીં.

આ ગાગરમાં સાગર ભરીને આપનાર આપણા મહાન શાયરને આપણે આજે લગભગ ભૂલી જ ગયા છીએ. આજથી લગભગ સો થી વધુ વર્ષ પૂર્વે એટલે કે ઈ.સ. ૧૮૭૫ માં સિયાલકોટમાં જન્મેલા ઈકબાલના કેટલાક અશઆર જોઈએ.

'મખઝન' પત્રિકાના સંપાદક શ્રી શેખ અબ્દુલ કાદિર બેરિસ્ટર-એટ-લૉ, એક જગ્યાએ કહે છે કે જો હું પૂર્વ જન્મમાં માનતો હોત તો જરૂર એમ કહેત કે, ગાલિબને ઉર્દુ અને ફારસી માટે એટલો બધો પ્રેમ હતો કે મર્યા પછી પણ એમને શાંતિ ન મળી ને એટલે સિયાલકોટમાં ફરી માણસનું શરીર પહેરીને એમને જન્મવું પડયું. જ્યાં એમને ઈકબાલ નામ આપવામાં આવ્યું.

ઈકબાલ, 'પયામે મશરિક' માં એક જગ્યાએ કહે છે, 'ખુદાને કયામતને દિવસે બ્રાહ્મણ કહેશે "જીવન ઝરમર તો માત્ર ચિનગારીની ચમક પૂરતી જ હતી; પરંતુ તને માઠું ન લાગે તો કહું, કે મારી મૂર્તિ તારા આદમી કરતાં પકવતર નીકળી!!"

માનવી એ પ્રભુએ બનાવેલી મૂર્તિ છે. માનવી અહીં અમરપટો લઈને નથી આવ્યો. થોડા સમયમાં એ મોતને શરણ થઈ જાય છે. જયારે કવિ અહીં ગર્વથી ઈશ્વરને સંબોધીને નમ્રતાથી કહે છે: કે, જે મૂર્તિ મેં બનાવી છે તે તારી મૂર્તિ કરતાં વધારે સમય સુધી અહીં રહે છે. તારી બનાવેલી મૂર્તિ મારી રચાયેલી મૂર્તિ કરતાં કાચી છે. નબળી છે. એટલે કે તારા કરતાં મારામાં વધારે શકિત છે. પ્રભુની શકિતને ઓળંગી જવાની વાત દરેક શકિતશાળી માનવી હંમેશાં કોઈ ને કોઈ રીતે વિચારતો હોય છે. શકિતશાળી માનવી હંમેશાં એવું સર્જન કરવા ચાહે છે જે એની હયાતીને કયાંય અતિક્રમી જાય. ઈકબાલે માનવીની આ ભાવનાને અનેક રીતે એમના કાવ્યોમાં રજૂ કરી છે.

ઈકબાલને ફિલસૂફીમાં ઘણો જ રસ હતો અને એનો એમણે ઘણો જ ઊંડો અભ્યાસ કર્યો હતો, અને એને પરિણામે એમની કવિતામાં એનો પ્રભાવ જયાં ને ત્યાં દેખાયા વગર રહેતો નથી. નાનક, કબીર કે આપણા અખા જેવા પણ કાવ્યો એમની પાસેથી મળે છે.

ઈકબાલ કહે છે: જીવનની પરિપૂર્ણતા ચાહે છે? આંખ ખોલવી અને ખુદ વિણ કોઈ પર તેને નહીં મીંચવી શીખી લે. દુનિયાને પાણીના પરપોટા સમ ફોડતાં અને ઊંચનીચની ઈદ્રજાળ તોડતાં શીખી લે,'

એમણે દરેક સ્થળે પોતાની જાત ઉપર ભાર મૂકવાનું કહ્યું છે. કોઈ આપણને શું મદદ કરતું હતું? આપણે જ આપણી જાતને તૈયાર કરવાની છે. જે કંઈ કરવાનું છે તે માનવીએ પોતે જ કરવાનું છે. અને વધારે મર્મની વાતને સમજાવતાં એ કહે છે. 'હું શું કહું કે, નેકી બદીનો મર્મ શું છે? કહેતાં જીભ કંપે છે; કારણ કે, એનો અર્થ ખૂબ ગૂંચવણભર્યો છે. ગુલાબ અને કંટક તને માત્ર ડાળ બહાર જ દેખાય છે. ડાળની અંદર તો ન ગુલાબ છે, ન કંટક!

એટલે એમણે પાપ પુણ્યનો છેદ જ ઊડાડી દીધો છે. બન્નેનું કંઈ નથી. દરેક માનવી સરખો જ છે. ભીતરથી એટલે ખરી શોધ ભીતરની શોધ છે. કારણકે, સરવાળે આખીયે સૃષ્ટિ પ્રભુની સરજત છે. જે બધો તફાવત દેખાય છે તે ઉપર ઉપરનો જ છે, અંદર તો એ જ સનાતન તત્ત્વ છે. તો પછી કાર્યો જોઈને કોઈના તરફ ઘૃણા કરવી કે એના તરફ આકર્ષાવું એ બધું અર્થહીન છે. એનાથી પર થઈ જવું હીતાવહ છે. વળી એમણે આપેલા દાખલામાં જોઈએ તો એક જ છોડ ઉપર ગુલાબનું ફૂલ અને કંટક હોય છે. એ આની પ્રકૃતિ છે. એટલે જે રીતે એ છે એ જ રીતે એને સ્વીકારી લેવું યોગ્ય છે. એકને સ્વીકારવું અને એકને અવગણવું શકય નથી.

આ જ ભાવ બીજી રીતે આપણી જાણીત્રી પંકિતમાં જોવા મળે છે.

સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીઆં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં

અને એટલે જ આવી પંકિતઓ આપણને સ્થિતપ્રજ્ઞ થવાનું કહે છે. હવે આ જ વાતને સમય જોડે ઘટાવી જોઈએ તો સમયમાં આવા વિકારો થતાં જોવાં મળે છે, પણ સમગ્ર રીતે દર્શન કરતાં આ વિકારોનું કાંઈ જ મહત્ત્વ નથી અને એટલે ઈકબાલ એમના કાવ્ય 'મીન અને ગરુડ' માં ગરુડ દ્વારા માછલીને કહે છે: 'હું ગરુડ-બચ્ચો છું; ધરતી સાથે મારે શો સંબંધ? સહરા હોય કે સિંધુ, સર્વ કોઈ અમારાં પીંછાં અને પાંખની નીચે છે.'

'જળના છેડા છોડ અને વાતાવરણની વિશાળતા ગ્રહણ કર; એ મર્મની મહત્તા તે જ દષ્ટિ જોઈ શકે છે: જે જોવાની શકિત ધરાવે છે.'

વળી 'અનંત જીવન' માં પણ એ જ ભાવનાને જુદી રીતે વ્યકત કરે છે.

'જીવવું હોય, તો પર્વતો પેઠે દઢ અને આત્મરક્ષિત જીવ; તણખલાં અને રજકણની જયમ નહીં, કારણ કે ઉગ્ર પવન વાઈ રહ્યો છે અને અગ્નિ નીડર બની લપકી રહ્યો છે.'

આવી અનેક અર્થગર્ભ કાવ્યપંકિતઓ આપણને ઈકબાલની કવિતામાંથી મળે છે. જેની ચર્ચા કરવા કે અર્થઘટનો કરવા બેસીએ તો સમય કયાંય વીતી જાય. કલ્પનોત્થ કલ્પનોથી સભર પારા જેવી પંકિતઓથી ઠસોઠસ ભરેલાં અનેક કાવ્યો એમણે આપણને આપ્યાં છે.

ઈકબાલ કોઈને ચૂસ્ત મુસ્લિમ લાગે છે તો કોઈને હિંદુ લાગે છે તો કોઈને માનવતાવાદી ને બીનમઝહબી માનવી લાગે છે, અને એ જ એમની સિદ્ધિ છે. એમને કોઈ સામે તાત્વિક વિરોધ નથી. ઈકબાલ પોતે જ પોતાની કવિતા માટે એક કાવ્યમાં કહે છે, 'ઇકબાલની મનહર કવિતા તમને પંથે પાડી શકે છે; કારણ કે તે ફિલસૂફીના પાઠો શીખવે છે અને પ્રેમનો વ્યવહાર કરે છે.

—સુધીર દેસાઇ

## શું ઢાકું? પાપ કે દેહ!

દિલ્હીમાં એક વૃક્ષ નીચે સરમદની સમાધિ અત્યારે પણ મોજુદ છે. એ જગા પર દસેક વરસ મસ્ત ઓલિયા સરમદ દિગંબરાવસ્થામાં સ્વસ્થ ચિત્તે બેઠા હતા. કહે છે કે, એક વેળાએ સહેનશાહ અરૌંગઝેબની સવારી ત્યાં થઈને નીકળી. ઔરંગઝેબે આ દિગંબર ફકીર વિષે ઘણ વાતો સાંભળી હતી ઔરંગઝેબ પોતાના સ્વભાવ મુજબ આ બધી બાબતોનો વિરોધી હતો સરમદ પ્રત્યે તેને સખત નફરત હતી, આથી એણે કહ્યું:"સરમદ! આ શું માંડયું છે? બગલમાં કામળો રાખ્યો છે, તે શરીર પર ઓઢી લેતાં તને શું જોર આવે છે? આમ પડયા રહેવું તને શોભે છે?'

મુખ પર સ્મિત ફરકાવતા સરમદ બોલ્યા: "અરે બાદશાહ, મારા આ દેદાર તમને ન રૂચતા હોય તો મારા શરીર પર તમે જ કામળો કેમ ઓઢાડી દેતા નથી? મારામાં એટલું જોર કયાં છે કે હું કામળો શરીર પર મારી મેળે ઓઢી શકું?"

સરમદની આવી અટપટી વાતથી ઔરંગઝેબને ખૂબ લાગી આવ્યું. તે પોતાની સવારી પરથી નીચે ઊતર્યો. સરમદનો કામળો અણે ખેંચવા માંડયો પણ કામળો એક તસુ પણ ખેંચી શકાયો નહિ. ઔરંગઝેબથી સરમદનો એ કામળો ખેંચાયો જ નહિ! ઔરંગઝેબ એ સાત્વિક ફકીરનો કામળો ખેંચતાં પરસે રેબઝેબ થઈ ગયો. કરણ કે કહે છે કે કામળાની પાછળ એને ભયાનક દશ્ય દેખાયું એનાથી તે ધ્રૂજી ઊઠયો. હતો. પોતે જે નિર્દોષોની હત્યા કરી હતી તેમના માથાં એને ત્યાં દેખાયાં હતાં.

ત્યારે સરમદે, કહ્યું હતું: "હવે બાદશાહ, તમે જ કહો. શું વધુ જરૂરી છે — તમારાં પાપોને ઢાંકવાનું કે મારા દેહને ઢાંકવાનું?"

# સાર્ત્રએ નોબેલ પ્રાઈઝ ફગાવી દીધું ત્યારે

જ્યો પોલ સાર્ત્ર સાહિત્યકાર ફ્રેન્ચ ફિલસૂફે ૧૯૬૮માં તેમને એનાયત થયેલું નોબેલ પારિતોષિક ફગાવી દઈને જગતને આશ્ચર્યમાં મૂકી દીધું હતું. આ પ્રસંગને તેમની પ્રેમિકા મેડમ સિમોં 'દ બિવોયરે તેની આત્મકથામાં સુંદર રીતે લખ્યો છે:

"સાર્ત્ર અને હું પરણ્યા વગર જ સાથે રહીએ છીએ. જો કે બન્નેના ઘર જુદા છે. સાંજને સમય તે મારા ફ્લેટમાં ગાળે છે. ૧૯૬૪માં એક ઈટાલિયન ફીલસૂફ જે સાર્ત્રના મિત્ર હતા તેમણે સાર્ત્રને લખ્યું કે, "જ્યારે તેમને (સાર્ત્રને) નોબેલ પ્રાઈઝ મળે ત્યારે એ પ્રસંગે સાર્ત્રને જે ભાષણ આપવાના હોય તેની નકલ તેમને મોકલે." આ ઉપરથી અમને અગાઉથી ખબર પડી ગયેલ કે સાર્ત્રને નોબેલ ઈનામ મળવાનું છે. સાર્ત્રની ઈચ્છા હતી કે આ ઈનામ સ્વીકારવું નહીં. પરંતુ તેના આધેડ વયના મિત્રોએ આગ્રહ કરેલો કે ઈનામની રકમ લઈ લેવી, પણ સાર્ત્ર ત્યારે બળવાખોર તરીકે પ્રખ્યાત હતા. એને જે યુનિવર્સિટીમાં તે લેકચરર આપતા હતા તેના વિદ્યાર્થીઓએ સાર્ત્રને ખૂબ જ આગ્રહપૂર્વક કહી દીધેલું કે ઈનામ સ્વીકારવું નહિ. જો સાર્ત્ર ઈનામ સ્વીકારે તો વિદ્યાર્થીઓમાં ભારે ગ્લાનિ છવાઈ જાય તેમ હતું.

'જો કે સાર્ત્રએ મનોમન નક્કી કરી નાંખ્યું હતું. તેઓ બધા જ માન અકરામ અને પદવીઓના ભારે વિરોધી હતા. તેઓ સ્ટોકહોમ જઈને પોતાની વિદ્વતાનું પ્રદર્શન કરવા ઈચ્છતા નહોતા. અને આ પારિતોષિક માટે સાર્ત્રની પસંદગી કરનારા કહેવાતા વિદ્વાન વળી કોણ હતા? એ પસંદગી કરનારાઓ બધા રાજકારણીઓના ચમચા હતા. કોઈ વખત કોઈ સામ્યવાદીને તો ઈનામ અપાયું જ નથી. જો સાર્ત્ર સામ્યવાદી હોત તો તે ઈનામ સ્વીકારી લેત. કારણ કે તે રીતે એક સામ્યવાદીને પારિતોષક આપવાનો નિર્ણય કરીને સ્વીડીશ એકેડેમીએ તેની તટસ્થતા બતાવી હોત. પણ સાર્ત્ર સામ્યવાદી નહોતા. તેને ઈનામ અપાયું તેનો અર્થ એમ નહોતો કે સાર્ત્રની રાજકીય વિચારશ્રેણીને તેઓ માન આપતા હતા, પણ તેનો અર્થ એટલો જ કે સાર્ત્રની આવી કોઈ વિચારશ્રેણીને તે મહત્ત્વની ગણતા નહોતા. હજી તેને માટે ઈનામ જાહેર થયું તે પહેલાં જ સાર્ત્રએ એકેડેમીને કાગળ લખીને નમ્રતાથી જણાવેલું કે "મારા ઉપર આ ઈનામ લાદશો નહિ, કારણ કે હું તે સ્વીકારવાનો નથી."

"પરંતુ આ કાગળની કોઈ અસર ન થઈ. તે દિવસે મારા ફ્લેટ નજીકના કાફેમાં અમે બન્ને લંચ લેતા હતા. અને ત્યારે એક પત્રકાર આવી પહોંચ્યો. જો કે આ પત્રકાર અમે જમતા હતા ત્યારથી જ અમારા ઉપર ટાંપીને બેઠો હતો. તેણે આવીને સમાચાર આપ્યા કે સાર્ત્રને નોબેલ પારિતોષક મળ્યું છે. સાર્ત્રએ આ ઈનામ નહિ સ્વીકારવાના કારણો એક સ્વીડીશ પત્રકારને કહ્યા જ હતા અને એ કારણો ઘણા વર્તમાનપત્રોમાં છપાયા હતા. સાર્ત્રએ અમારી પાસે આવેલા પત્રકારને કહ્યું, કે આ પ્રકારના માન અકરામ ઈ.ને ઈનામોનો તેઓ ઘણા વખતથી વિરોધ કરે છે. સાર્ત્રએ કહ્યું કે "હું માનું છું કે લેખકે પોતાની જાતને એક સંસ્થા જેવી બનાવી નહિ મૂકવી જોઈએ. અને આ ઈનામ માત્ર પશ્ચિમના લેખકો માટે જ શું કામ છે? એ ઈનામ માત્ર પૂર્વમાંથી આવતા બળવાખોરો માટે જ શું કામ છે?'

"સાર્ત્રને ખબર પડયા પછી તે મને મળવા આવ્યા. તે વખતે મારે ઘરે સાર્ત્રની માનો ફોન આવ્યો અને તેણે કહ્યું, કે 'ઘણા પત્રકારો ઘરને ઘેરી વળ્યા છે.' પણ સાર્ત્ર ઘરે ગયા નહિ. મારી સાથે જ રહ્યા. પત્રકારોએ મારા ઘરનો ફોન અને દરવાજા ખટખટાવ્યા જ કર્યા. એ પછી સાર્ત્ર ઘર બહાર ગયા. તેમનો ફોટો પાડવા દીધો પણ પત્રકારોને ખાસ કંઈ કહ્યું નહી."

"બીજે દિવસે હું જાગી તો મારા ઘરની બહાર ટેલિવિઝનવાળા અને ફોટોગ્રાફરનું મોટું ટોળું ઊભું હતું. પણ સાર્ત્રએ કહ્યું "હું આ બધામાં દટાઈ જવા માગતો નથી." એ પછી મારા ઘર બાજુ રહેતી એક બાઈએ કહ્યું 'બિચારા સાર્ત્ર! બે વર્ષ પહેલાં તેને જાસૂસોએ ઘેરી લીધા હતા અને હવે તેને પત્રકારો ઘેરી રહ્યા છે. એમને બિચારાને કોઈ શાંતિથી જીવવા નહિ દે."

"નવાઈની વાત એ છે, કે પત્રકારોએ સાર્ત્ર ઉપર આરોપ મૂક્યો કે તેઓ પબ્લિસિટી સ્ટંટ કરે છે. ઈનામની ના પાડીને તેઓ વધુ પ્રસિદ્ધિ મેળવવા ઈચ્છે છે. આલ્બેયર કામુએ તેમના પહેલાં નોબેલ પારિતોષિક સ્વીકારેલું અને કામુ સાથે સાર્ત્રને ઝઘડો થયેલો એટલો કામુને નીચો પાડવા સાર્ત્રએ ઈનામ સ્વીકારવાની ના પાડી છે તેવા પણ આક્ષેપો થયા. ઘણાએ એમ પણ કહ્યું, કે 'તેની પ્રેમીકાને (હું) ઈર્ષા થાય એટલે સાર્ત્રએ ઈનામ લેવાની ના પાડી! ઘણાએ એમ પણ કહ્યું કે ૨॥ કરોડ ફ્રાંક જેવડા જંગી ઈનામની સાર્ત્ર ના પાડે છે એટલે તે અબજોપતિ હોવો જોઈએ. સાર્ત્રને આઘાત એ વાતનો લાગ્યો કે ઘણા લોકોએ કાગળો લખીને વિનંતી કરી હતી કે "ઈનામ સ્વીકારીને પછી અમને જરૂરિયાતવાળાને તે પૈસા આપી દેજો." ઘણાએ એમ પણ કહ્યું કે "તમે બહુ પૈસાવાળા છો એટલે ઈનામ ઉપરાંત તમારી પાસેથી થોડી રકમ ઉમેરીને અમને મદદ કરો." કેટલાકે પ્રાણીઓ માટે, વૃક્ષોના સંરક્ષણ માટે, ધંધા માટે, ખેતીની જમીન લેવા માટે અને કેટલાકે તો પ્રવાસમાં જવા માટે અને આનંદ પ્રમોદ માટે પણ પોતાને આ ઈનામની રકમ આપી દેવા લખ્યું હતું. આ બધાએ મુડીવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. મોટા અને બરાબર સ્થાપિત થયેલા આ ધનિકોની સંઘરાયેલી રકમ માટે કોઈને આંચકો લાગતો નહોતો. મોરીઆક જેવા લેખક જેને આ ઈનામ મળેલું તેણે તો તે નોટોનો બાથરૂમના ટબમાં પધરાવી દીધી હતી!"

–પ્રિયકાન્ત ભાટિયા

## * પ્રેમળજ્યોતિ *

તા. ૧૬-૭-૭૯ના અંકમાં પ્રગટ કરેલ નામાવલી પછી પ્રેમળજ્યોતિને પ્રોત્સાહન માટે નીચેની રકમો પ્રાપ્ત થઈ છે.

૫૦૦ એક સદ્‌ગૃહસ્થ (દત્તક બાળક માટે)
૫૦૦ શ્રી કીરીટભાઈ પાટડીયાના જન્મ દિવસ નિમિત્તે (દત્તક બાળક માટે)
૧૨૫ ,, એલ. વી. સંઘવી
૧૨૫ ,, કૌસંબી જે. વોરા
૧૦૧ ,, જ્યોત્સનાબહેન કે. પાટણવાળા
૧૦૧ ,, એક સન્નારી
૧૦૧ ,, પદ્માબહેન ભગવાનદાસ
૧૦૦ ,, એક સન્નારી
૫૧ ,, સુજાતા સિદ્ધાર્થ શાહ
૫૦ ,, એક સન્નારી
૫૧ ,, ઉષાબહેન ઝવેરી
૫૦ ,, જયવંતીબહેન આર. શાહ
૨૫ ,, સુમતીબહેન કાકુભાઈ લાઈવાળા
૨૧ ,, દિનકરભાઈ પરીખ

૧૯૦૧

શ્રી લીલાવતી દયાળજી સ્કૂલમાંથી નીચેના બે બાળકોને દત્તક લેવામાં આવ્યા છે.

(૧) શ્રી ધરમેશ દિલીપકુમાર જોષી
(૨) ,, જોગનવલી સત્યનારાયણ રામજી

આ પ્રવૃત્તિને પોતાનો પ્રેમાળ સહયોગ આપતા ઉપરની વ્યકિતઓના અમો આભારી છીએ.

જન્મદિવસે, ચાંદલા વખતે, તેમજ લગ્ન વખતે હંમેશા "પ્રેમળ જ્યોતિ"ને યાદ કરી પુષ્પપાંખડી રૂપે પણ પ્રદાન કરતા રહો.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલય મંત્રી

## લોકશાહીમાં

"લોકશાહીમાં રાજ્યે વધારેમાં વધારે જનસંખ્યાનું કલ્યાણ કરવાનું છે. ન્યાય અને કાયદાની દષ્ટિએ પ્રત્યેક નાગરિક સમાન છે. લોકશાહી રાજ્યનાં સત્તા અને સ્વાતંત્ર્યનું ઉદ્‌ભવસ્થાન પ્રજાની સ્વતંત્રતા છે. નિર્બળને રક્ષણ મળે અને શકિતસંપન્નને પૂરેપૂરી તક મળે એવી પરસ્થિતિ સર્જાવી જોઈએ. વ્યકિત અને રાજ્ય વચ્ચે વિસંવાદ હોવો જોઈએ નહિ. વ્યકિતમાત્રને આર્થિક, બૌદ્ધિક, સાંસ્કારિક, રાજકીય ઉન્નતિ સાધવાની પૂરી છૂટ રહેવી જોઈએ. વ્યકિતની આપખુદી રાજ્યને અને રાજ્યની એકહથ્થુ સત્તાવ્યકિતને અવરોધક ન બને એવી રાજ્ય બંધારણમાં પૂરેપૂરી જોગવાઈ હોવી જોઈએ."

– પેરિકિલસ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત : પર્યુષણ વ્યાખ્યાનમાળા

★

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સમગ્ર કાર્યક્રમ તા. ૧૬-૭-૭૯ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૯ ઓગસ્ટ રવિવારથી ૨૭ મી ઓગસ્ટ સોમવાર સુધી – એમ નવ દિવસ માટે યોજવામાં આવેલ છે.

ભારતીય વિદ્યાભવનમાં રીપેરીંગ કામ ચાલતું હોવાથી સ્થળમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

આ વખતની વ્યાખ્યાનમાળા, ચોપાટી ઉપર આવેલ બિરલા ક્રીડા કેન્દ્રમાં રાખવામાં આવેલ છે, તેની નોંધ લેવા વિનંતિ છે.

આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહ શોભાવશે.

સમય: દરરોજ સવારના ૮-૩૦ થી ૧૦-૩૦, તા. ૨૬ અને તા. ૨૭ ભકિત - સંગીત : સવારના ૧૦-૩૦ થી ૧૧-૧૫.

ચીમનલાલ જે. શાહ<br>
કે. પી. શાહ<br>
મંત્રીઓ

# ❁ અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ ❁

## વિલેપાર્લે – પર્યુષણ વ્યાખ્યાનમાળા

જૈન યુવક મંડળ - વિલે પાર્લા - ના આશ્રયે પર્યુષણ નિમિત્તે તા. ૨૦ ઓગસ્ટથી ૨૬ ઓગસ્ટ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ હોલ (રાષ્ટ્રીય શાળા રોડ વિલે પાર્લે - વેસ્ટ) માં આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક, શ્રી ગુલાબદાસ બ્રોકર તથા શ્રી સુંદરજી બેટાઈના પ્રમુખપણા નીચે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

વ્યાખ્યાનોનો સમય દરરોજ રાત્રીના ૯-૦૦ નો રહેશે.

| તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|
| ૨૦-૮-૭૯ | શ્રી શશિકાન્ત કે. મહેતા | નવકાર મહામંત્રનું રહસ્ય |
| ૨૧-૮-૭૯ | આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક | આનંદ અને શાન્તિના મૂળ |
| ૨૨-૮-૭૯ | શ્રી જેઠાલાલ ઝવેરી | "જૈન યોગ" |
| ૨૩-૮-૭૯ | શ્રી હરીન્દ્ર દવે | જાહેર જીવનમાં દંભ |
| ૨૪-૮-૭૯ | પ્રો. પુરુષોત્તમ માવલંકર | લોકશાહી અને નૈતિક મૂલ્યો |
| ૨૫-૮-૭૯ | ડો. વી. એન. બગડીયા | બાળસ્વભાવનો વિકાસ અને વિકૃતિ |
| ૨૬-૮-૭૯ | શ્રી રામુ પંડિત | વિદેશ સરીજનું બુદ્ધિધન |

## મલાડ–પર્યુષણ વ્યાખ્યાનમાળા

'જૈન સેવા સમિતિ' તથા 'જૈન સોશ્યલ ગ્રુપ - મલાડ' ના સંયુકત ઉપક્રમે પર્યુષણ નિમિત્તે તા. ૨૦-૮-૭૯ થી ૨૬-૮-૭૯ સુધી (શ્રી એમ. ડી. શાહ મહિલા કોલેજ આદર્શ સોસાયટી રોડ મલાડ વેસ્ટ) માં પ્રો. બકુલ રાવળના પ્રમુખપણા નીચે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

વ્યાખ્યાનનો સમય રાત્રીના ૯ ૦૦ નો રહેશે.

| તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|
| ૨૦-૮-૭૯ | શ્રીમતી મૃણાલિની દેસાઈ | ઋગ્વેદની જીવનદષ્ટિ |
| ૨૧-૮-૭૯ | આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી | ક્રોધ અને કરુણા |
| ૨૨-૭-૭૯ | પ્રો. હરિભાઈ કોઠારી | ભારતીય સંસ્કૃતિની વિશેષતા |
| ૨૩-૮-૭૯ | આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક | વિવેકાનંદની ધર્મદષ્ટિ |
| ૨-૮-૭૯ | આચાર્યશ્રી કુંજવિહારી મહેતા | વર્તમાન શિક્ષણપદ્ધતિ |
| ૨૫-૮-૭૯ | પ્રો. બકુલ રાવલ | દુ:ખનું : મૂળ અપેક્ષા |
| ૨૬-૮-૭૯ | પ્રો. પુરુષોત્તમ માવલંકર | લોકશાહી, લોકો અને લોકમત |

## માટુંગા : પર્યુષણ વ્યાખ્યાનમાળ

પર્યુષણ નિમિત્તે તા. ૨૦થી ૨૨ ઓગસ્ટ અને ૨૪ થી ૨૬ ઓગસ્ટ એમ છ દિવસ માટે, માનવ સેવા સંઘ સંચાલિત - વાડીલાલ નથુભાઈ સવાણી સભાગૃહ (સાયનમાં) આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિકના પ્રમુખપણા નીચે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

વ્યાખ્યાનનો સમય દરરોજ રાત્રીના ૯-૦૦ નો રહેશે.

| તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|
| ૨૦-૮-૭૯ | પ્રા. હરિભાઈ કોઠારી | સંસાર: વિષ કે અમૃત. |
| ૨૧-૮-૭૯ | શ્રીમતી ધૈર્યબાળાબહેન વોરા | આજની પળ |
| ૨૨-૮-૭૯ | શ્રી મનુભાઈ પંચોળી (દર્શક) | રાષ્ટ્રીય કેળવણીની સમસ્યા |
| ૨૪-૮-૭૯ | પ્રા. તારાબહેન શાહ | ભગવાન મહાવીરનો સાધનાકાળ |
| ૨૫-૮-૭૯ | પ્રા. પુરુષોત્તમ માવલંકર | નાગરિકતા અને લોકશાહી |
| ૨૬-૮-૭૯ | આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક | રામકૃષ્ણપરમહંસ |

## ઘાટકોપર – પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપરના આશ્રયે, ઘાટકોપરના સ્થાનકમાં, પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે, તેના વકતાઓ નીચે પ્રમાણે છે.

| તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|
| ૨૦ | શ્રી વર્ષાબહેન અડાલજા | સાંપ્રતયુગમાં સ્ત્રીધર્મ |
| ૨૧ | ,, શાન્તિકુમાર જ. ભટ્ટ | જૈનધર્મની વિશેષતા |
| ૨૨ | પ્રો. યશવંત ત્રિવેદી | અધ્યાત્મ અને સાહિત્ય |
| ૨૩ | ડૉ. મૃદુલાબહેન મારફતિયા | ગીતામૃતનો આસ્વાદ |
| ૨૪ | શ્રી સત્યપાલ જૈન | ભગવાન મહાવીરના ભકિતગીતો |
| ૨૫ | શ્રી દાસબહાદુર વાઈવાળા | ધર્મમાં હાસ્યનું સ્થાન |
| ૨૬ | શ્રીમતિ દામીનીબહેન જરીવાલા | શ્રી અરવિંદનું તત્ત્વજ્ઞાન |

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૯

મુંબઈ, ૧ સપ્ટેમ્બર ૧૯૭૯, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ❋ રાજકીય ધરતીકંપ ❋

'પ્રબુદ્ધ જીવન' પાક્ષિક છે તેના લાભ અને ગેરલાભ બને છે. ગેરલાભ એ છે કે કોઈ મોટો બનાવ બન્યો હોય તેને વિશે કેટલાય દિવસો પછી લખવાનું આવે. લાભ એ છે કે તે વિશે ઘણું લખાઈ ગયું હોય તેનો સાર કાઢવાની તક મળે.

આપણા દેશમાં, રાજકીય ધરતીકંપ થયો છે, મોટું વાવાઝોડું આવ્યું છે તેમાં બધાં તણાઈ ગયા, કોઈ બચ્યું નથી, કોઈની આબરુ રહી નથી. રાષ્ટ્રપતિ પણ તેમાં સપડાયા.

લોકસભાનું વિસર્જન કરી, નવી ચૂંટણી થાય ત્યાં સુધી, ચરણસિંહની સરકારને રખેવાળ સરકાર તરીકે ચાલુ રાખવાના રાષ્ટ્રપતિના નિર્ણયે ગંભીર વિવાદ જગાવ્યો છે. પૂર્વયોજિત કાવત્રું હતું એવો અભૂતપૂર્વ આક્ષેપ રાષ્ટ્રપતિ ઉપર થયો. આવો આક્ષેપ બિનજવાબદાર વ્યકિતઓએ કર્યો નથી. મોરારજીભાઈએ કહ્યું, જગજીવનરામે કહ્યું, ચન્દ્રશેખરે કહ્યું. દેશ સમક્ષ જે રાજકીય કટોકટી આવી પડી તે અદ્વિતીય હતી. બંધારણમાં તેને માટે સ્પષ્ટ જોગવાઈ નથી. બંધારણના ઘડવાવાળાઓએ આવી કટોકટીની કલ્પના કરી ન હતી. બંધારણના નિષ્ણાતોમાં રાષ્ટ્રપતિએ શું કરવું જોઈએ અથવા શું કરી શકે તે વિશે તિવ્ર મતભેદ હતો. એટલે રાષ્ટ્રપતિનો નિર્ણય સર્વમાન્ય થાય એવી અપેક્ષા ન રખાય. પણ આ નિર્ણય પ્રમાણિક હતો, દેશ હિતમાં હતો, એવી પ્રતીત તો થવી જોઈએ. મતભેદને અવકાશ રહે, પણ પ્રામાણિકતાનો અભાવ છે એવી છાપ રહે તે ભારે ખેદની વાત છે. સંજીવ રેડ્ડી માટે આ પ્રસંગ કલ્પનાતીત હતો. તેને પહોંચી વળવાનું તેમને માટે સહેલું નહોતું. પણ પ્રામાણિકતાની છાપ તો પડવી જોઈએ. સંજીવ રેડ્ડીના નિર્ણયમાં ઘણાને આ વાતનો અભાવ લાગ્યો છે; તે કારણે રાષ્ટ્રપતિપદને લાંછન લાગ્યું છે, તેનું ગૌરવ હણાયું છે.

બનાવોની શૃંખલા જોતાં, મુખ્ય પાત્રોના પરસ્પરના સંબંધો જોતાં, પ્રત્યેકનો ભૂતકાળ લક્ષમાં લઈએ તો, આ નિર્ણય નિષ્પક્ષપણે, દેશ હિતમાં લેવાયો જ છે એવી છાપ રહેતી નથી.

બંધારણમાં, બે બાબત ઉપર નિર્ણય લેવામાં રાષ્ટ્રપતિને કાંઈક સ્વતંત્રતા - ડીસ્ક્રેશન – છે. એક, વડા પ્રધાનની પસંદગીમાં અને બીજું, લોકસભાના વિસર્જનમાં- આ સ્વતંત્રતા ઘણી મર્યાદિત છે. કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી હોય તો તેના નેતાને જ વડા પ્રધાન તરીકે પસંદ કરવા પડે. કોઈ પક્ષને બહુમતી ન હોય, ત્યારે વડા પ્રધાનની પસંદગીનો પ્રશ્ન આવે. તે પ્રમાણે, કોઈ પક્ષ સ્થિર સરકાર રચી શકે એવી શકયતા ન હોય ત્યારે લોકસભાવિસર્જનનો પ્રશ્ન આવે. રાષ્ટ્રપતિએ મંત્રી મંડળની સલાહ મુજબ વર્તવાનું રહે છે. બંધારણમાં ફેરફાર કરી, ઈન્દિરા ગાંધીએ આ વાત પાકી કરી હતી.

હકીકતમાં, મોરારજીભાઈએ રાજીનામું આપ્યું ત્યારે મોરારજીભાઈ લોકસભાના વિસર્જનની સલાહ, રાષ્ટ્રપતિને આપી શકત અને રાષ્ટ્રપતિએ સ્વીકારવી પડત. તો મોરારજીભાઈ રખેવાળ સરકાર તરીકે ચાલુ રહેત અને તે બધી રીતે, બંધારણીય તેમ જ નૈતિક રીતે યોગ્ય થાત. મોરારજીભાઈએ આવી સલાહ ન આપી તે ભૂલ કરી એમ લાગે છે. પક્ષની બહુમતી ગુમાવવા છતાં, વડા પ્રધાન તરીકે પોતે ચાલુ રહી શકશે એવા ખ્યાલ અને મોહથી તેમણે આવી સલાહ આપી નહિ હોય તેમ લાગે છે. ત્યાર પછી મોટા પાયા ઉપર સોદાબાજીની શરૂઆત થઈ. ચવ્હાણને સરકાર રચવા આમંત્રણ આપ્યું તે બંધારણીય વિધિ - ફોર્મેલિટી – હતી. ચવ્હાણ અને ચરણસિંહ વચ્ચે સોદો થઈ ગયો હતો. ચરણસિંહ અને મોરારજીભાઈ બન્નેને પોતાના ટેકેદારોની નામાવલિ રજૂ કરવાનું કહ્યું તે ખોટું હતું. મોરારજીભાઈએ ના પાડવી જોઈતી હતી. હારી ગયેલ વડા પ્રધાનને ફરી આવું આમંત્રણ કેમ અપાય એ પ્રશ્ન હોય તો, મોરારજીભાઈને નામાવલિ આપવાનું કહેવું જ નો'તું જોઈતું.

મોરારજીભાઈને એક દિવસનો વધારે સમય આપવાનું વચન આપી રાષ્ટ્રપતિએ વિચારબદલ્યો અને મોરારજીભાઈએ ઉતાવળથી નામાવલિ રજૂ કરવી પડી. કેટલાંક નામો ખોટાં નીકળ્યાં. કદાચ ખોટાં ન હતાં પણ એ લોકો દ્વિધામાં હતા કે ફરી બેઠા. જે હોય તે, આ વખતે રાષ્ટ્રપતિને સ્પષ્ટ થવું જોઈતું હતું. કે ચરણસિંહ અથવા મોરારજીભાઈ, બેમાંથી કોઈને સ્પષ્ટ અથવા સ્થિર બહુમતિ નથી. આ પ્રસંગે રાષ્ટ્રપતિ લોકસભાનું વિસર્જન કરી શકત. સરકાર રચવા કોઈને આમંત્રણ આપવું હતું તો મોરારજીભાઈને વધારે સ્થિર ટેકો હતો. તેમના પોતાના પક્ષના જ ૨૦૨ સભ્યો હતા. ઈન્દિરા ગાંધીના કહેવાતા ટેકા ઉપર, ચરણસિંહને આમંત્રણ આપવું સર્વથા અયોગ્ય હતું. ઈન્દિરા ગાંધીની કુટિલતાથી દેશ પરિચિત છે. ચરણસિંહને તેમનો ટેકો છે તેમ સ્વીકારી શકાય જ નહિ. રાષ્ટ્રપતિએ અહીં ભૂલ કરી કે ઈરાદાપૂર્વક કર્યું એ વિષે શંકાને સ્થાન છે. ચરણસિંહ સરકારની રચના નો'તી થઈ, ત્યાં તો ઈન્દિરા ગાંધીએ જાહેર કર્યું કે ચરણસિંહને વડા પ્રધાન બનાવવા પૂરતો જ ટેકો હતો, હવે નથી. આવી unscrupalousness ઈન્દિરા ગાંધી જ બતાવી શકે. તેમની આ જાહેરાત સાથે ચરણસિંહનું ભાવિ પતન નિશ્ચિત થઈ ગયું. બિનશરતી ટેકામાં કેટલી શરતો હતી તે સ્પષ્ટ થયું. ચરણસિંહને વિશ્વાસનો મત લેવાની તક આવી ત્યારે આ ઉઘાડું પડયું. ચરણસિંહ, મૂર્ખ નથી. તેમણે જાણવું જોઈતું હતું કે રેતી ઉપર વડા પ્રધાનપદની ખુરશી ટકતી નથી છોટા છત્રપતિ યશવંતરાવ ચવ્હાણ, જિંદગીભર તકવાદી રહ્યા છે. તેમણે રહીસહી કોંગ્રેસને ખતમ કરી. ઈન્દિરા ગાંધીના ભાવ વધી ગયા.

ચરણસિંહે રાજીનામું આપવાની સાથે લોકસભાના વિસર્જનની સલાહ આપી. પોતાના પક્ષની મોટી બહુમતિ હોવા છતાં, મોરારજીભાઈએ જે ન કર્યું, તે, અલ્પસંખ્યક બળ ઉપર ચરણસિંહે કર્યું, એમ માનીને – અથવા પૂર્વ યોજનાથી –કે રાષ્ટ્રપતિ આ સલાહ સ્વીકારશે અને રખેવાળ સરકાર તરીકે પોતે ચાલુ રહેશે.

રાષ્ટ્રપતિ માટે નવી પરિસ્થિતિ અને નવી સમસ્યા ઊભી થઈ. મોરારજીભાઈએ રાજીનામું આપ્યું ત્યારે કટોકટી હતી તેનાં કરતા વધારે જટિલ કટોકટી આવી પડી. મારા નમ્ર મત મુજબ, લોકસભાનું વિસર્જન અનિવાર્ય હતું. મોરારજીભાઈએ રાજીનામું આપ્યું ત્યારે જ થવું જોઈતું હતું. રાષ્ટ્રપતિએ ભૂલથી કે ઈરાદાપૂર્વક આ ન કર્યું. હવે પ્રશ્ન એટલો જ હતો કે રખેવાળ સરકાર કોણ રચે. ચરણસિંહને રખેવાળ સરકાર તરીકે ચાલુ રાખવા તે, બંધારણીય રીતે, નૈતિક રીતે અને સર્વ પ્રકારે, અયોગ્ય હતું. ચરણસિંહને કોઈ અધિકાર ન હતો, કોઈ લાયકાત ન હતી. ચરણસિંહને ૪-૬ મહિના વડા પ્રધાન તરીકે ઠોકી બેસાડવા, અયોગ્ય હતું.

રાષ્ટ્રપતિ માટે એક જ માર્ગ હતો. જગજીવનરામને સરકાર

રચવા આમંત્રણ આપવું અને લોકસભાનો વિશ્વાસ મેળવવા આદેશ આપવો. જગજીવનરામને ૨૦૨ સભ્યોનો ટેકો તો હતો જ. કદાચ થોડા વધારે આવત. તકવાદીઓ, અકાલી, ડી. એમ. કે, સામ્યવાદીઓ જનતા (એસ.) ના, કોંગ્રેસ (એસ.) ના, કેટલાક આવત. આ સોદા-બાજી સર્વથા અનિચ્છનીય થાત. છતાં જે સંજોગોમાં મૂકાયા હતા તેમાં ચરણસિંહ વડા પ્રધાનપદે ચાલુ રહે તેનાં કરતાં, જગજીવનરામ આવી રીતે રહે તે ઓછું અનિષ્ટ હતું. ઈન્દિરા ગાંધી જગજીવનરામને ટકવા ન દેત. તેમાં ચરણસિંહનો પક્ષ અને કોંગ્રેસ (એસ.) જોડાણ થતાં ૧૫-૨૦ દિવસમાં જગજીવનરામને રાજીનામું આપી, લોકસભા વિસર્જનની સલાહ આપવી પડત અથવા રાષ્ટ્રપતિએ તે નિર્ણય કરવો પડત. તેથી જગજીવનરામની રખેવાળ સરકાર રહેત. આ લોકસભાએ પ્રજાનો વિશ્વાસ, સંપૂર્ણપણે ગુમાવ્યો છે તે નિર્વિવાદ હકીકત છે, તેને ચાલુ રખાય નહિ, ચાલુ રહી શકે નહિ.

મોરારજીભાઈની પેઠે જગજીવનરામને પણ રાષ્ટ્રપતિએ ભ્રમમાં રાખ્યા કે નહિ તે બીજો વિવાદનો વિષય થયો છે. જગજીવનરામ અને ચન્દ્રશેખર કહે છે, તેઓ રાષ્ટ્રપતિને ૧૧ વાગે મળ્યા ત્યારે રાષ્ટ્રપતિએ કહ્યું, તેમને કાંઈ ઉતાવળ નથી અને જગજીવનરામના ટેકેદારોની નામાવલિ રજૂ કરવા કહ્યું. આ કહેતી વખતે, રાષ્ટ્રપતિએ લોકસભા વિસર્જન કરી, ચરણસિંહ સરકારને રખેવાળ તરીકે ચાલુ રાખવાનો નિર્ણય કરી લીધો હતો એમ કહેવાય છે. જગજીવનરામને મળ્યા પછી તુરત ચરણસિંહ અને તેમના સાથીઓને રાષ્ટ્રપતિ મળ્યા અને જગજીવનરામ નામાવલિ તૈયાર કરે, ત્યાં તો ૧૨ા વાગે લોકસભાના વિસર્જનની જાહેરાત થઈ. આમાં પૂર્વ યોજનાની ગંધ આવે તો આશ્ચર્ય નથી.

પૂર્વ યોજના હોય કે નહી, રાષ્ટ્રપતિએ ચરણસિંહ પ્રત્યે પક્ષપાત કર્યો છે અને મોરારજીભાઇ અને જગજીવનરામને અન્યાય કર્યો છે તે વિષે શંકાને કોઇ સ્થાન નથી. દેશના વડા વિષે આવું કહેવું પડે તે અતિ ખેદની વાત છે. આનું સાચું કારણ શું તે તો બહાર આવે ત્યારે ખરૂં, અનેક અફવાઓ સંભળાય છે.

આ આખી ઘટનાથી જાહેર જીવનનું નૈતિક સ્તર નિમ્નતમ કોટિએ પહોંચ્યું છે. કોઇને વિષે માન કે આદર રહે તેવું નથી. ચરણસિંહ પણ આવા કાવાદાવા કરી, ૪-૬ મહિના વડા પ્રધાનપદે રહે તેમાં શું પ્રાપ્ત કરે છે? પ્રજાના તિરસ્કાર સિવાય શું મેળવે છે? આટલો બધો વ્યામોહ અને બુદ્ધિભ્રમ કેમ થતો હશે? આમ તો ચરણસિંહ હોય કે જગજીવનરામ રખેવાળ સરકાર હોય તેમાં પ્રજાને બહુ ફેર પડતો નથી. એક મોટી અનૈતિક અને કદાચ બિનબંધારણીય વસ્તુ બની છે તેનો ખેદ છે.

આ બધામાં ઈન્દિરા ગાંધીની શઠતા વધારે જોવા મળે છે. છતાં, પતંગિયા પેઠે, રાજદ્વારી વ્યક્તિઓ તેના પક્ષમાં જોડાય છે. સ્વાર્થ માણસને ક્યાં નથી લઈ જતો?

નવી ચૂંટણીમાં કોઈ પક્ષ સ્પષ્ટ બહુમતિમાં આવે એવી શક્યતા અત્યારે જણાતી નથી. કોઈ પક્ષ તેને માટે લાયક નથી. એજ ચહેરા-મહોરા ફરીથી આવે તો પ્રજાનું દુર્ભાગ્ય લેખાશે.

આ કટોકટીએ ઘણી સમસ્યાઓ પેદા કરી છે. આવા પ્રકારની સંસદીય લોકશાહી આ દેશને અનુકૂળ ગણાય કે નહિ તે પાયાનો પ્રશ્ન વિચારણા માગે છે. આ અસ્થિરતાથી દેશની એકતા અને સલામતી જોખમાય એવી પરિસ્થિતિ સર્જાવાનો ભય અસ્થાને નથી. પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા રાજદ્વારી પુરૂષો દૂર ભાવિ જોઈ શકશે નહિ. દેશના બુદ્ધિશાળી, ચારિત્ર્યશીલ વર્ગે આ કામ ઉપાડી લેવું પડશે. આ યાતના અને કસોટીમાંથી પસાર થવું પ્રજાના નસીબમાં લખ્યું છે.

તા. ૨૭-૮-'૭૯ —ચીમનલાલ ચકુભાઈ

## ❁ પર્યુષણ વ્યાખ્યાનમાળા ❁

મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે રવિવાર, તા. ૧૯ મી ઓગસ્ટ '૭૯ થી સોમવાર તા. ૨૭ મી ઓગસ્ટ '૭૯ સુધી, બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી ખાતે યોજવામાં આવી હતી. પર્યુષણ પર્વ તા. ૨૦ મી ઓગસ્ટથી શરૂ થતાં હતાં, પરંતુ તા. ૧૯ મીએ રવિવાર હતો એટલે વ્યાખ્યાનમાળા એક દિવસ વહેલી શરૂ કરવામાં આવી હતી.

આ વર્ષની વ્યાખ્યાનમાળામાં નવ વ્યાખ્યાતા બહારગામથી પધાર્યા હતા. ત્રણ વ્યાખ્યાતાઓ પ્રતિકૂળ સંજોગોને કારણે બહારગામથી આવી શકયા નહોતા. છ વ્યાખ્યાતાઓ આપણી આ વ્યાખ્યાનમાળામાં પ્રથમ વાર પધાર્યા હતા.

પહેલે દિવસે, રવિવાર, તા. ૧૯મીએ પહેલું વ્યાખ્યાન શ્રી શશિકાન્ત મહેતાનું હતું, પરંતુ મોરબીના રેલ-રાહતના કાર્યમાં તેઓ રોકાયેલા હતા એટલે આવી શકયા નહોતા. આથી 'નવકાર મંત્ર' વિશેના એમના વિષય ઉપર મેં વ્યાખ્યાન આપ્યું હતું. મારા વ્યાખ્યાનમાં મેં અન્ય મંત્રો અને નવકાર મંત્ર વચ્ચેનો તફાવત સમજાવી, નવકાર મંત્રની વિશિષ્ટતા અને મહત્તા દર્શાવી, નમો પદની સાર્થકતા બતાવી, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ સમજાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન પ્રો. ચન્દ્રકાન્ત બક્ષીનું હતું. એમનો વિષય હતો, 'ઇતિહાસ: મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ.' પ્રો. બક્ષીએ એમના વ્યાખ્યાનમાં પ્રાગ્-ઐતિહાસિક અને ઐતિહાસિક સમયનો ખ્યાલ આપી ઇતિહાસનાં અર્થઘટનો કેવાં કેવાં બદલાયા કરે છે, ઇતિહાસનો ભૂગોળ ઉપર કેટલો બધો આધાર રહે છે, યુરોપના ઇતિહાસમાં અને ભારતના ઇતિહાસમાં બહારથી થયેલાં આક્રમણો અને ત્યારે ત્યારે થયેલા રાજ્યપલટા પાછળ કેવાં કેવાં વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક કારણો રહેલાં છે તે કેટલાંક સચોટ ઉદાહરણો સાથે સમજાવ્યું હતું.

બીજે દિવસે તા. ૨૦મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન હતું. ડૉ. નેમિચંદ્ર જૈનનું. એમનો વિષય હતો 'जैन धर्म-कितना वैज्ञानिक, कितना व्यवहारिक'. એમણે કહ્યું હતું કે જૈન ધર્મ ગતિશીલ ધર્મ છે. ધર્મ અને વિજ્ઞાન વચ્ચે અસંગતિ નથી. ધર્મે થોડા વૈજ્ઞાનિક થવાની જરૂર છે અને વિજ્ઞાનને થોડા ધાર્મિક થવાની જરૂર છે. જૈન ધર્મ શ્રેષ્ઠતમ અસ્તિત્ત્વવાદી ધર્મ છે. એમાં વ્યક્તિને પૂરી સ્વતંત્રતા છે. ભગવાન મહાવીરે ઉપદેશેલા ધર્મમાં જીવંત સમાજશાસ્ત્ર રહેલું છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન હતું ડૉ. કુમારપાળ દેસાઈનું. એમનો વિષય હતો 'મોતની મીઠાશ.' એમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે મનુષ્યત્વ દુર્લભ છે. પરંતુ માણસ ધન, કીર્તિ, સત્તા પાછળ આંધળો બનીને દોડે છે. જે જીવનનો કર્તા બને છે, સત્કર્મનાં બીજ વાવે છે તે મૃત્યુથી ડરતો નથી. જે મૃત્યુને ઓળખે છે તે જીવનને ઓળખી શકે છે. મૃત્યુ એ શાપ નથી, પણ વરદાન છે.

મંગળવાર. તા. ૨૧મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન હતું, પ્રો. રજનીબહેન ધ્રુવનું. એમનો વિષય હતો 'સમાજ અને ધર્મ.' એમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે પૂર્વના દેશો આધ્યાત્મિકતાથી દોરવાયેલા છે, જ્યારે પશ્ચિમના લોકો ઐહિક સુખસગવડમાં વિશેષ રાચનારા છે. ધર્મ વિતંડાવાદને કારણે વગોવાયો છે. ધર્મનો અર્થ વિશાળ કરવો જોઈએ અને એ ધર્મનું આચરણ સમાજના સંદર્ભમાં થવું જોઈએ. એ દિવસે બીજું વ્યાખ્યાન આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદીનું હતું. એમનો વિષય હતો: 'ક્રોધ અને કરુણા.' એમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે ક્રોધ એ માણસની કમજોરી છે અને અપેક્ષામાંથી આ કમજોરી જન્મે છે. ક્રોધમાં વેર વાળવાની અને નુકસાન કરવાની વૃત્તિ રહેલી હોય છે. કરુણામાં સહાય કરવાની ભાવના રહેલી છે. કરુણાનો પ્રસાર કરવાથી સમાજ ચેતનવંતો બને છે.

બુધવાર, તા. ૨૨મી ઓગસ્ટે પ્રથમ વ્યાખ્યાન હતું. ડૉ. મૃદુલા મારફતિયાનું. એમનો વિષય હતો, 'ગીતા અને આપણું જીવન.' એમણે કહ્યું કે 'ગીતા ગૂઢ નથી, પણ આપણું જીવન ગૂઢ છે. જીવનમાં ઊભા થતા દ્વંદ્વો, સંઘર્ષોમાં ગીતા આપણને માર્ગદર્શન આપે છે. સંસારમાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે, પરંતુ જ્ઞાનીઓ અનાસકતભાવે એને જુએ

# ✻ શી રીતે જવાય એની સમીપ? ✻

'લાંબા વાળ અને પહોળા પાટલૂન વિશે તમારો શો અભિપ્રાય છે?' મારા એક વિદ્યાર્થીએ મને આ પ્રશ્ન પૂછયો. હૃદયમાં આનંદની એક હેલી ચઢી. હું સ્હેજ઼ ચમકી તો ખરી જ પણ મનમાં બહુ જ રાહત થઈ, હાશ! આજે વર્ષો પછી પણ મારો વિદ્યાર્થી બોલ્યો અને તે પણ પ્રશ્નરૂપે: મનથી મેં એને બહુ ધન્યવાદ આપ્યા એની જીભ ઉપડી એમાં જ શિક્ષણની મોટી સફળતા હતી.

એમની પાસે જવાની આ ઉત્તમ તક છે, શા માટે આપણે એ ઝડપી ન લેવી જોઈએ? લાંબા વાળ અને પહોળાં પાટલૂન-વાળા વિદ્યાર્થીમાં અપેક્ષિત ગુણો હોય તો એની ફેશન ભલે ને એ કરે. એની ફેશનનો સ્વીકાર કરીને પણ આપણે કદાચ એના હૃદય સુધી પહોંચી શકીએ, જે નફરત નવી પેઢી તરફથી આપણને મળે છે, એમાં થોડે ઘણે અંશે ઘટાડો થાય તો ય ઘણું. ૩૫ મિનિટના તાસમાં પ્રશ્નો પૂછયા સિવાય કે કોર્સ પૂરો કરવાની ઉતાવળ સિવાય આપણે સાચે જ એમને જાણવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા! અને એટલે જ ઘણીવાર ગેરસમજને લીધે વિદ્યાર્થી આપણાથી કે આપણે વિદ્યાર્થીથી દૂર થતાં જઈએ છીએ. અત્યારે આપણે આપણી જાતને દૃષ્ટાંતરૂપ માનીએ છીએ. થોડાં વર્ષો પહેલાં આપણે પણ શું આ વિદ્યાર્થીઓ જેવા જ ન હતા? આપણા વડીલોએ પણ આપણી આવી જ ટીકા કરી હશે. આપણે કંઈ બધી જ ટીકાઓને શરણે નહોતાં થયા. વિદ્યાર્થીએ યુગ સાથે તાલ મિલાવવાનો છે. સમૂહથી છૂટો પડીને એ વીલો પડી જાય અને તેથી કદાચ એની શક્તિઓ રુંધાઈ જાય. અને એવું તો આપણે ન જ થવા દેવું જોઈએ. સરસ પોષાક પહેરેલો હોય, ગોગલ્સ આંખો પર ચડાવેલાં હોય અને પોતાની ગાડી પાર્ક કરીને એક છોકરો શેરડીના રસની લારી પાસે પહોંચી ત્યાં ઊભેલા વૃદ્ધને મદદ કરતો હોય તે જોવાનો પણ એક લહાવો છે. આવા દૃશ્યમાં આપણું ધ્યાન એના પોષાક કે ગોગલ્સ કે ગાડી કરતાં એની ભાવના પર જ પહેલું પહોંચી જાય. સ્લીવલેસ બ્લાઉઝવાળી કોરા વાળ લહેરાવતી આધુનિક છોકરીની વાકછટા આપણને પ્રભાવિત કરે છે. ખૂબ ધારદાર વાણીમાં જ્યારે એ બોલતી હોય છે ત્યારે એના બ્લાઉઝ કે વાળ તરફ આપણું લક્ષ જતું જ નથી. ત્યારે તો આપણે એની વાકછટાથી જ અંજાઈ જઈએ છીએ. એટલે વિદ્યાર્થીઓમાં આવા અપેક્ષિત ગુણો હોય તો લાંબા વાળ અને પહોળાં પાટલૂનની ટીકા આપણે ત્યજવી જ રહી.

ઘણીવાર એવું બને છે કે, વિદ્યાર્થીઓને જે વસ્તુ કે વાત પસંદ હોય એનાથી આપણે લગભગ એક કિલોમિટર દૂર હોઈએ છીએ. એમને સૌથી વધારે રસ ફિલ્મોમાં છે. એનું કારણ એ પણ હોઈ શકે કે આપણા શિક્ષણમાં એમને રસ નથી. એમની સાથે બેસીને કોઈ સારા અભિનેતા સંજીવકુમાર કે અમિતાભ બચ્ચનની ચર્ચા કરી શકાય. ફિલ્મમાં ખૂબ રસ લેતા વિદ્યાર્થીઓને એ પણ ખબર નથી કે પૂનામાં ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટ છે અને ત્યાં અભિનયનું, દિગ્દર્શનનું કે ફોટોગ્રાફીનું શિક્ષણ મેળવી શકાય છે. હરિવંશરાય બચ્ચનની કવિતા શીખવતી વખતે અમિતાભનો ઉપરછલ્લો ઉલ્લેખ કર્યો હોય તો ય વિદ્યાર્થીઓના ચહેરા પર આનંદ અને આશ્ચર્યની સુરખી ફરીવળે છે. અને આમ કરવાથી આપણે ધીમે ધીમે એમની સમીપ જઈ શકીએ છીએ. પરિણામે વિદ્યાર્થી આપણા શિક્ષણમાં પણ રસ લેતો થાય છે. અલબત આપણું શિક્ષણ રસમય તો હોવું જ જોઈએ.

એક વાર એક શાળામાં સંગીત–સંધ્યા રાખવામાં આવી. લગભગ તેર વિદ્યાર્થીઓએ પોતાનાં ગીતો રજૂ કર્યાં, બધાં જ ગીતો સીનેમાનાં હતાં. છતાંય કોઈના પણ ગીતમાં સુરુચિનો ભંગ વર્તાતો નહોતો. ઉલટું તેર ચૌદ વર્ષના વિદ્યાર્થીઓ પોતાના કંઠમાંથી એવું તો દર્દ અને માધુર્ય રેલાવતા હતા કે વચ્ચે જ 'વાહ વાહ' કહેવાનું મન થઈ જાય! આ ગીતોમાં એમણે કોઈનું પણ માર્ગદર્શન મેળવ્યું નહોતું. ગીતોની પસંદગી પણ એમની પોતાની જ હતી. એટલે કાર્યક્રમનો બધો જ યશ એમને ફાળે જતો હતો. આવા પ્રસંગે પ્રશંસાનાં બે કે ત્રણ વાક્યો જ એમના મનને કેવું ભરી દે છે એની ખાતરી આપણને ત્યારે જ થાય જ્યારે આપણે આપણા વિદ્યાર્થી જીવનમાં પહોંચી જઈએ. એથી એમનું મન ખીલું ખીલું થઈ જાય. પ્રશંસાના શબ્દોથી પણ આપણે આપણું સ્થાન એમના હૃદયમાં જરૂર જમાવી શકીશું.

નવા વર્ષે આવતાં દિવાળી કાર્ડ શિક્ષકની લોકપ્રિયતાનાં પ્રમાણપત્રો છે. મનમાં કોઈ ખૂણામાં શિક્ષક તરફની લાગણી કે ભાવ પડેલા હોય તો જ વિદ્યાર્થી આવા આનંદ ઉલ્લાસના દિવસે શિક્ષકને યાદ કરે. કે 'તમારામાંનાં ઘણાંનાં કાર્ડ મને મળ્યાં છે.' તો જેણે જેણે કાર્ડ મોકલ્યાં હશે એમના ચહેરા પર એક નાનકડું ગુલાબ ખીલેલું આપણને જોવા મળશે: અને ખીલેલા ગુલાબની સુંદરતા વર્ગ શણગારમાં વધારો ન કરી શકે? બાળકો શિક્ષકની પ્રશંસાનાં ખૂબ તરસ્યાં છે, પ્રશંસાનું એ વાકય તે આખો દિવસ વાગોળ્યા જ કરશે. આપણાં આવાં વાક્યો એમને માટે પ્રેરણારૂપ બની જાય છે. ઘણી વાર એનાથી એનું જીવન પણ બદલાઈ જાય તો એને માટે આપણે નિમિત કેમ ન બનીએ? થોડોક રસ આપણે એમનામાં એની ગમતી વસ્તુઓમાં દાખવીએ તો પછી ખલાસ! આપણને તેઓ એવા તો ઘેરી વળે છે કે, બસ વાત જ ન પૂછો! એમના તરફનો આપણો સદ્ભાવ આપણા શિક્ષણ તરફ એમને જરૂર ખેંચી લાવે. એ લોકોનું આ ખેંચાણ આપણે માટે હવે બહુ જ જરૂરી બની ગયું છે. આમ નહીં થાય તો બે પેઢી વચ્ચેનો સંઘર્ષ વધ્યા જ કરશે. પરિણામે શિક્ષણ કેવી રીતે આપી શકાશે એ બહુ મોટો પ્રશ્ન છે. શિક્ષણના ક્ષેત્રે જે અજંપો છે એનું કારણ આપણો વિદ્યાર્થીઓમાં રહેલો અવિશ્વાસ જ છે. એના કાર્યમાં આપણને હંમેશાં જ શા માટે ભૂલ દેખાયા કરે? શું એ આપણી ભૂલ નહીં શોધતો હોય? અને હવે તો આપણી ભૂલ બતાવવાની હિંમત એનામાં આવી જ ગઈ છે. આપણે જ ચેતીને બહુ જલ્દી એમની સમીપે પહોંચી જવાનું છે. સમભાવ સદ્ભાવથી આપણે એમની પાસે પહોંચી શકીએ–ફક્ત આપણા અહંમને થોડોક ઓગાળવાની જરૂર છે. ઘણી શાળામાં વર્ષાન્તે વિદ્યાર્થીઓને વર્તનનું ઈનામ આપવામાં આવે છે. સામાન્ય રીતે ડાહ્યો ડમરો, બધું જ કહેલું કરનાર, સદ્વર્તન ઈનામને પાત્ર ઠરે છે. ભૂલેચૂકે શિક્ષકની એકાદ ભૂલ બતાવી તો સદ્વર્તન ધરાવતા વિદ્યાર્થીઓના લીસ્ટમાંથી એનું નામ નીકળી જાય છે. આના સંદર્ભમાં એક પ્રયોગ કરવા જેવો છે. આખા વર્ષ દરમ્યાન કયા શિક્ષકે સદ્વ્યવહાર કર્યો એ વિદ્યાર્થીઓ નક્કી કરે અને એ શિક્ષકને પણ ઈનામ આપવામાં આવે. ઈનામ એટલા માટે કે સદ્વ્યવહાર કરવો એટલો સહેલો નથી જેટલો આપણે સમજીએ છીએ. વિદ્યાર્થીઓના નિર્ણય પરથી આપણને ખ્યાલ આવી જશે કે આપણે કયાં છીએ!

ઈશ્વરને પ્રાર્થીએ કે બહુ જલદી આપણને બાળકો પાસે પહોંચવાની સદ્બુદ્ધિ આપે, જેથી વારંવાર આપણે એમને કૃષ્ણ અને સાંદિપનીનું દૃષ્ટાંત ન આપવું પડે!

**'નૂતન શિક્ષણ'માંથી** **– રેખાબહેન પટેલ**

# ☆ ધર્મક્ષેત્રે નૂતન દૃષ્ટિ ☆

દેશ અને દુનિયામાં ક્રાન્તિના વાયરાઓ ફૂંકાઈ રહ્યા છે. જીવનનાં અને સમાજનાં વિવિધ ક્ષેત્રો - રાજકીય, ધાર્મિક આર્થિક, સામાજિક શૈક્ષણિક કે સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ભારે પરિવર્તન ઠેરઠેર આવી રહ્યું છે. જમાનાની માંગ અને ઈતિહાસની નિયતિ બન્નેય ભેગાં મળીને નૂતન ક્રાન્તિ માટે સૌને એલાન કરી રહ્યાં છે. ત્યારે ડાહ્યા સમજદાર અને શાણા મનુષ્યોનું એ કર્તવ્ય છે કે, બદલાતી પરિસ્થિતિના નવા સંદર્ભને સમજવો અને નવા યુગની આકાંક્ષાને સમજીને તદનુકૂલ પરિવર્તન માટે પોતે અને પોતાની સાથે સંકળાયેલા સમાજને - સમુદાયને યા-જમાતને યોગ્ય દિશા આપીને અગ્રસર થવું. પ્રવાહમાં પરિસ્થિતિનાં દબાણને કારણે ઘસડાવામાં વિવશતા, દીનતા અને લાચારી પ્રગટે છે. જ્યારે પરિસ્થિતિના પ્રવાહોને સમજીને એ દિશામાં અગ્રસર થવાથી તાકાત પ્રગટે છે. એટલું જ નહિ પણ સમાજને યા જે તે સમુદાયને બળ મળે છે, પ્રેરણા મળે છે અને નવજીવન પણ મળે છે.

ક્રાન્તિકારી પરિસ્થિતિની પ્રવાહિતા વચ્ચેય કેટલાક મનુષ્યો 'વહી માર્ગ ઔર વહી રફતાર' એ જ માર્ગ અને એ જ ગતિએ ચાલ્યા કરે છે એનો એક નમૂનો જોવા જેવો છે પુષ્ટિ માર્ગીય વલ્લભ સંપ્રદાયના નાથદ્વારાના મુખ્ય મહારાજશ્રીના પુત્ર રાજીવ બડેબાબા અને કાંકરોલીના દ્વારકાધીશ પીઠ ગોસ્વામીશ્રીનાં પૌત્રી રાજેશ્વરીનું લગ્ન રાજાશાહી ઠાઠથી ભપકાબંધ રીતે કરવામાં આવ્યું, જેમાં બે કરોડ રૂપિયાનો ધૂમાડો કરી નાખવામાં આવ્યો.

ખોટી રૂઢિઓ, ખોટી રસમો અને ખોટી માન્યતાઓના ચીલે ચાલ્યા કરે - ગબડયા કરે.

આ દેશના ધર્મગુરુઓ, મઠાધીશો અને ધર્માધિકારીઓ સમજે કે વાયરો બદલાઈ ગયો છે. જૂની રૂઢિઓ, જૂની પરંપરાઓ અને જૂની રસમોને પકડી રાખવા નથી શાન, શૌકત કે ઈજ્જત, પરિસ્થિતિની માંગને તેઓ નહિ પિછાને તો જે દશા રાજા-મહારાજાઓ રાજાઓ, ઠાકોરો અને ઠકરાતોની થઈ તે જ દશા આ દેશમાં હવેલીઓ, ચર્ચો, દેવળો, મઠો અને મંદિરોમાં બેઠેલા તખ્તનશીન મહારાજો અને મહારાણીઓની થશે. દોઢસો વર્ષની ગુલામીની બેડીઓને આ દેશની પ્રજાએ ગાંધીજીની રાહબરીમાં ફેંકી દીધી છે. જમીનદારી - જાગીરદારી અને રાજાશાહી - ઠકરાતશાહીનો મૃત્યુઘંટ આ દેશની પ્રજાએ વગાડી દીધો છે. અર્થ અને સત્તાનું કેન્દ્રીકરણ કરીને દેશ ઉપર બબ્બે વર્ષ સુધી ચઢી બેઠેલી તાનાશાહીને આ દેશની પ્રજાએ ફગાવી દીધી છે. છેલ્લાં પચાસેક વર્ષમાં આ દેશમાં આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રે જે ભારે ઉથલપાથલો મચી રહી છે તેને આ દેશના કોઈ પણ કોમ - જાતિ કે, સંપ્રદાયના ધર્મગુરૂઓ, ધર્મધુરંધરો કે મઠાધીશો નજર અંદાજ ન કરે. ધર્મનું ક્ષેત્ર પણ ક્રાન્તિ નાઆા ધસમસતા વાય દરાઓથી મુકત યા અલિપ્ત રહી શકશો નહિ. રહી શકે પણ નહિ. પરિસ્થિતિના બદલાતા જતા પ્રવાહોને કોઈ નજર અન્દાજ કરવા જશે તો માર ખાશે અને હાર પણ ખાશે. પરિસ્થિતિને પામીને જે યોગ્ય પરિવર્તન કરવા માટે આગળ આવશે તે યશસ્વી અને ઓજસ્વી બનશે.

જ્યારે આ દેશમાં વીસ કરોડથી યે વધુ લોકો ગરીબીની રેખાથી (દૈનિક સરાસરી ૫૦ પૈસાથી) નીચે જીવતા હોય, કરોડો લોકો ગરીબી, બેકારી, નિરક્ષરતા, વિષમતા અને અભાવની આગમાં શેકાતા હોય ત્યારે આ દેશમાં ધર્મગુરુઓ અને મહારાજો એ દાન - દક્ષિણા - ભેટમાં મળેલા રકમોનો સુસચિત ઉપયોગ કરવો જોઈએ અને ઠાઠ - ભપકામાં એને વેડફી નાખવી નહિ જોઈએ ભગિની શ્રી વિમલાબહેન ઠાકરના શબ્દો યાદ રાખવા જેવા છે. "જે ધર્મ, ભકિતને નામે આપણને સમાજથી વિમુખ કરે છે. માનવતાથી વિમુખ કરે છે. તે ધર્મ નથી પણ અધર્મ છે. ... જે અધ્યાત્મ યોગને ઈશ્વર સાક્ષાત્કારને નામે મનુષ્યને, મનુષ્યથી અલગ કરે છે. મનુષ્યને સમાજથી અને સદાચારથી વિમુખ કરે છે એ અધ્યાત્મ નથી. પણ અધ્યાત્મનો અભાવ છે. એવા ધર્મમાં આ અધ્યાત્મમાં મને કોઈ વિશ્વાસ નથી ભરોસો નથી, કે શ્રદ્ધા નથી." એક જમાનામાં આ વાતને સ્વામી વિવેકાનન્દે બુલંદ રીતે દેશમાં અને દુનિયામાં ગાજતી કરી હતી. "We are neither Vedanlist, nor puranics, nor tantrics, we are don't touchists... Our religion is in our cooking pot... Please don't truch me, I am noly..." અર્થાત્ આપણે નથી રહ્યા વેદાન્તીઓ, પૌરાણિકો કે તાંત્રિકો, આપણે તો થઈ ગયા છીએ અસ્પૃશ્યતાવાદીઓ ... આપણો ધર્મ રસોડામાં અને વાસણોમાં જ ભરાઈ ગયો છે ... બસ! મને અડશો નહિ, હું પવિત્ર છું" ... આવા બધા ખ્યાલોમાં આપણે રાચીએ છીએ. નવાણધોવણ, છૂતાછૂત અને વાડાબંધીઓ તથા મરજાદાઓથી આગળ જઈને આપણે વિચારવા માટે તૈયાર છીએ ખરા? કે પછી બસ, કૂવાના દેડકાની જેમ સંકુચિત વાડાબંધીઓ કરીને, મરજાદાઓ બાંધીને 'કૂપમંડૂક' થઈને રાચ્યાં કરવું છે? અથવા વિશ્વમાનવતાની ક્ષિતિજો સુધી વિસ્તરવું છે? એ જ વિવેકાનન્દે જમાનાની નવી માંગની બુલંદીને ગજાવી છે."

It is man-making religion that we want. It is man-making education that we want, and it is man-making. Society that we want." (Thus spake Swami Vivekanand page : 5-15). અર્થાત્ આપણ એવો ધર્મ જોઈએ છીએ. જે મનુષ્યને સાચો માનવ બનાવે. આપણને એવું શિક્ષણ જોઈએ છીએ. જે મનુષ્યોને સાચો માનવ બનાવે અને આપણે એવો સમાજ જોઈએ છીએ જે મનુષ્યને સાચો માનવ બનાવે. આણુ વિજ્ઞાનના યુગમાં માનવવિમુખ સમાજ વિમુખ કે જીવનવિમુખ એવાં અધ્યાત્મ કે વિજ્ઞાન કે ધર્મ ચાલી શકવાનાં જ નથી. ધર્મે અધ્યાત્મે અને વિજ્ઞાને જીવનાભિવિમુખ સમાજાભિમુખ અને માનવતાભિમુખ થવું જ પડશે. કાળ પુરુષનો એ તકાદો છે, જમાનાની બુલંદ માંગ છે. અને દેશની પરિસ્થિતિની ઉત્કટ આકાંક્ષા છે.

એટલા માટે આ દેશના ધર્મગુરુઓ, મહારાજોને આપણે કહીએ કે દેશની પરિસ્થિતિને સમજો, નવી માગોને સમજો અને રીબાતી, સબડતી માનવતાને સમજો. પૈસાને બેફામ વેડફી દેવાને બદલે એનો પ્રજાના હિતમાં સદુપયોગ કરો તો પ્રજા તમને માથે ચડાવશે, ઈજ્જત કરશે અને શાનશૌકત વધશે. નાણાની ઉપયોગ આંતરરાષ્ટ્રીય બાલ વર્ષમાં બાલ મંદિરો, બાલવાડીઓ માટે વાપરો, બેકારો માટે ઉદ્યોગ મંદિરો ઊભાં કરવા માટે વાપરો, શાળાઓ, દવાખાનાં કે વાચનાલયો પુસ્તકાલયો માટે વાપરો. તો પ્રજા પ્રસન્ન થશે. અને સાચા ધર્માચરણ તરફ વળશી

ડૉ. હરીશ વ્યાસ

## વડીલ પ્રત્યેની વર્તણુંક

ઘરડાં ને બાળકની સ્થિતિમાં ઘણું સામ્ય હોય છે. અણસમજુ બાળકની બાબતમાં આપણે જેમ કશું જ મનમાં નથી લેતા અને એની બધી જ બાલચેષ્ટાઓને જેમ ગંભીર ગણતા નથી તેમ, તન - મન - ધન - જીવનથી નિર્બળ બની ચૂકેલાં ઘરડાં માવતરનાં વિવેકહીન વાણી - વિચાર - વર્તન અંગે પણ ઉરની ઉદારતાની આપ ઓળખ આપજો. તમારા નાનપણમાં તેમણે ઘણું બધું જતું કરેલું છે. માટે હવે તેમના ઘડપણમાં કહો કે તેમના બીજા બાળપણમાં – તમેય નેહભરી નજરે નિહાળી થોડુંક જતું કરતાં રહેજો. વૃદ્ધોને તમે માત્ર ભૌતિક સગવડો પૂરી પાડો એટલું જ પૂરતું નથી. તે ઉપરાંત તેમને હૈયાની હૂંફ આપો, તેમની વાતો શાંતિથી સાંભળો અને શકય હોય તો સહાનુભૂતિથી ઉકેલો, આખરી અવસ્થામાં તેઓ કોઈ જ વસ્તુની અપેક્ષા નથી રાખતા, માત્ર નિરપેક્ષ કુટુંબ - વાત્સલ્ય ઝંખે છે.

અનુભવની ઊંચી ટેકરીએ ઊભનારને દૂર દૂરનું દેખાય છે. માટે સંસારના ટાઢા – મીઠા વાયરા ખાનાર અનુભવીઓની અવગણના કદાપિ ના કરશો.

— અમૃતબિંદુ

# આ થાક શાનો છે?....
# આ થાક કોનો છે?

પગથી માથા સુધી ઓઢીને પડયો છું. બહારની દુનિયા સાથેથી છૂટી જવાની તાલાવેલી લાગી હોય એમ પગથી માથા સુધી ઓઢી લીધું છે. અંધકારના આવરણમાં છુપાઈ જવાનું મને ગમે છે. આવરણનો અંધકાર અને મીંચાયેલી આંખનો અંધકાર બન્ને એક છે અને છતાંય જુદા છે. એકને બીજા સાથે સરખાવવાનું મન થતું નથી એકનો બીજા સાથેનો તફાવત જાણવાની ઈચ્છા થતી નથી.

થાકી ગયો છું એટલે તો ઘરે વહેલો ભાગી આવ્યો છું. ઘરથી દૂર રહેવાનો પણ થાક લાગતો હશે, નહીં? હજી તો આકાશમાં સાંજે પણ લંબાવ્યું નથી. શરીરનો થાક થોડો પથારીને સોંપી શકીશ. થોડો ઓશીકે ઢાળી શકીશ. થોડોક ઓઢવાનાના અંધકારને આપી શકીશ એ ઈરાદાથી તો લંબાવ્યું છે.

વાતો કરવાનું મન થાય છે પણ હોઠ ખુલવાની ના પાડે છે. ગીત ગાવાનું મન થાય છે, પણ શબ્દોને લય સાથે સંબંધ બાંધવાની ઈચ્છા નથી. સંગીત સાંભળવાનું મન થાય છે પણ કાનમાં પુરાયેલા આખા નગરનો કોલાહલ દુશ્મનની જેમ હઠે ભરાયો છે. કોલાહલ જતો નથી અને સંગીત પ્રકટતું નથી.

ટપાલ આવીને પડી છે. પરબીડિયાંનો અંધકાર ઓઢીને કાગળો મારી જેમ જ આડા પડયા છે. પરબીડિયાં ખોલવાની ઈચ્છા થતી નથી, કારણ કે અંતે તો શબ્દોની બારાખડી જ છે. કામના અને ઓફિસ્યલ કાગળોમાંથી સહૃદયની ભાષાએ દેશવટો લીધો છે. વિચારો ઓઢી શકાય એ માટેનું ઓઢવાનું આ શબ્દો છે પણ શબ્દોના ઓઢવાનામાં હોય છે છેતરામણો સુંવાળો અંધકાર.

હું મારા થાકને ઓળખવાનો પ્રયત્ન કરું છું. આ થાક શાનો છે? આ થાક કોનો છે? મને કોણે આટલો થકવી નાખ્યો છે? દુનિયાદારીએ મને થકવ્યો છે કે મેં પોતે મને થકવી નાખ્યો છે? નાનો હતો ત્યારે પૂરતું રમવા નહોતું મળતું, એનો થાક લઈને પથારીમાં પડી રહેતો. રમ્યા વિનાનો દિવસ આંખને મળવા નહોતો દેતો. હું જાગતો પડી રહ્યો હતો. એ રાતનો ઉજાગરો હજી પણ મારી આંખમાં ખટકે છે.

મને ગણિત સાથે હજી પણ સ્નાનસૂતકનો સંબંધ નથી આંકડાઓએ મને પહેલેથી મુંઝવ્યો છે. ગણિત અને ગણતરીમાં હું કાચો નીવડયો છું. "ગણિત નહીં આવડે તો શું થશે?" એવી માસ્તરની, બાપની, દોસ્તની મને મળેલી ધમકી, શિખામણો, ચિંતાઓ અને એમાંથી ડોકાયા કરતો ભય —આ બધું હજી પણ મને થાકયાને વધુ થકવે છે.

સંબંધ છે અને સંબંધ નથીનો થાક : થાક ... થાક... થાક.... સ્મિત આપ્યું છે અને કયારેક સામું સ્મિત નથી મળ્યું એની ભોંઠપ હજી પણ ભીંસે છે. એ ભોંઠપ આજ લગી ભૂંસાઈ નથી. પ્રેમાળ શબ્દોનો પડઘો સંભળાયો નથી અને ત્યારથી કાનમાં જાણે કે બહેરાશ આવી ગઈ છે.

કપાયેલા પતંગો, એકઠી કરેલી સ્ટેમ્પ્સ, સિગરેટનાં ખાલી ખોખાંઓ, એ ખોખાંની ચળકતી ચાંદી, જૂનાં પુસ્તકો, વસાવેલું ઘર, ઘરનું ફર્નિચર અને વપરાયેલી ચેકબુકો —આ બધી વસ્તુઓ થાકને ઘૂંટે છે.

પડખું ફરવાનો પણ થાક લાગે છે. આખી જિંદગી પડખાં ફરવામાં અને પડખાં અને પગરખાં ઘસવામાં જ ખલાસ થઈ ગઈ. જન્મ્યા, ભણાય એટલું ભણ્યા, પૂરમાં તણાયા, દોસ્તી કરી, દુશ્મની કરી, દોસ્તી અને દુશ્મની વચ્ચે સ્નેહની વાતો કરી, સગવડો કરી, નોકરી–ધંધા કર્યા, પહેલી દસ તારીખનો આનંદ, છેલ્લી તારીખની ભીંસ, વચ્ચે વચ્ચે કયારેક હિલ સ્ટેશન, ત્યાંની હાટેલો, તેનો ખર્ચ, કયારેક બર્થ ડે પાર્ટીની ઉજવણી, ડ્રિંકસ અને ડિનર, રાતોના ઉજાગરા, સવારથી દોડધામ, ટેલિફોનના ડાયલ, એપોઈન્ટમેન્ટસ, કાંડા ઘડિયાળનો ભાર, માણસને માથે કાળનો બોજો અને કાળને માથે માણસ નામનું કલંક — આ બધાંનો થાક લાગે છે.

થાય છે કે આ થાકને કોઈક દરિયામાં દાટી દઉં. કોઈક શિખરની ટોચ ઉપર જઈ થાકને વેરવિખેર કરી નાખું, પણ ભૂતકાળ છૂટતો નથી. દિવસ અને રાત મારા રાત અને દિવસ શા માટે થાકના પડછાયા પહેરીને ફરે છે?

છાપાંઓ વાંચ્યાં છે એનો થાક લાગ્યો છે પણ નહીં વાંચેલો છાપાંઓનો વધારે થાક લાગ્યો છે. આપઘાત, ખૂન લૂંટફાટ, સિનેમા, સેકસ, જાહેર ખબરો, પ્રવચનો, પ્રદર્શનો, સર્કસ, સંવાદો, પરિસંવાદો, ઉદઘાટનો, તોફાનો, મોરચા, લાલકાળા વાવટા, સૂત્રો, અસંતોષ, સામસામી ગાળાગાળી, —નર્યો કાદવનો વેપાર, નર્યો શબ્દોનો વ્યભિચાર, સત્તાનો સનેપાત આખી વીસમી સદી છાપાળવી થઈ ગઈ છે. જાણે કે સદીઓનો થાક લાગ્યો છે. થાકને ઉતારવા માટેનો કોઈ રસ્તો કયારનો શોધું છું.

થાકની વાતો કરવાથી થાક કોઈ દિવસ ઊતરે ખરો?

—સુરેશ દલાલ

## પક્ષપલટુ
(હરિગીત)

મારા મતને કાજ કેવો કાલ તું આવેલ દોડી,
આંગણે ઊભો હતો હસતે મુખે બે હાથ જોડી.
આપતો આશા, અમારી યાતનાઓ પૂરી થાશે,
દીન મારી ઝૂંપડી તે ઝળહળી રહેશે ઉજાસે. ૧

ચૂંટાઈ તું દિલ્હી ગયો ને શું પરિવર્તન થયું!
સ્પર્શ સત્તાનો થયો ને કેવું તુજ વર્તન થયું!
હવે મારું વેણ ના કાને ધરે, ના ધ્યાન આપે,
મહામૂલી ઈમારતને બેધડક તું આગ ચાંપે. ૨

માત્ર સત્તા પર હવે મંડાઈ છે તારી નજર,
પક્ષ તું પલટયા કરે, આજે ઈધર, કાલેયે ઉધર.
બનીને નફફટ હવે ખુલ્લી બધી બાજી કરે,
આજ ખુલ્લે-આમ તું ખુરશીની હરરાજી કરે. ૩

માલિક કહી સંબોધતો, મતદારની શી રહી કિંમત?
ઉપેક્ષા સરિયામ કરવા દાખવે તું હવે હિંમત!
સ્વાર્થભૂખ્યા મદાંધોના ચરણ ચૂમે, કરે પ્રીતિ!
હાય ખુરશી! માત્ર ખુરશી! એ જ તારી રાજનીતિ. ૪

તું ફરે રાજી થઈ કે મહત્ત્વાકાંક્ષા ફળી,
એથી શું, જો લોકની ના કોઈ આકાંક્ષા ફળી!
હાય સ્વાર્થી! હાય જુઠા! કોઈનો તું ના સગો,
રે જુગારી! ખેલી રહ્યો જનતા થકી આવો દગો! ૫

સાવ ભોળેભાવ તુજને કહેતા જે મહાન નેતા,
તારી આ લીલા અમે લાચાર આજે જોઈ રહેતા.
પક્ષપલટું! આ જ તારાં નામ પર ફિટકાર જાગે,
હાય જાલીમ! હાય દંભી! દિલે હાહાકાર જાગે. ૬

રાજધાનીમાં હવે સહુ સુરંગો ફોડી શકે છે,
અને બંધારણને એકલહાથ પણ તોડી શકે છે.
દિલ્હીમાં બીજું કશું ના કામ ચાલે છે,
માત્ર ખુરશીઓ તણું લીલામ ચાલે છે. ૭

વડા નેતા કરે બેઠા સભ્યસંખ્યાની ગણત્રી,
નાયબમંત્રી! રાજમંત્રી! એક, દો, ત્રણ વાર મંત્રી!
રાજ્યરાજ્યે જોખમી રમતો રમે છે સર્વ નેતા,
મંત્રીપદ વહેંચી રહ્યા, ચીપી રહ્યા છે ગંજીપત્તા! ૮

કોઈ જનતા એસમાં, કોઈ ધસે કોંગ્રેસમાં,
પક્ષપલટાની ચડી વિકરાળ આંધી દેશમાં.
ચૂંટણીમાં જેમને જનતા તણી લાતો પડી,
પુરાણા ચહેરા ફરી સિંહાસને બેઠા ચડી. ૯

રુગ્ણશય્યા પરે દૂર કદંબકૂવાની કુટિરે
જોગી જાગે એક એનાં નયન ભીનાં અશ્રુનીરે.
ખિન્નનેત્રે નિહાળે એ તૂટતી આખી ઈમારત,
રે રહ્યું રોળાઈ એનાં સ્વપ્ન કેરું આજ ભારત! ૧૦

૧૦-૮-૭૯ — નાથાલાલ દવે

# ❋ સમાજ રત્ન : વેલજી શેઠ ❋

ભારતિય સંસ્કૃતિ ભોગના નહિ—ત્યાગના સિદ્ધાન્ત પર રચાયલી છે. અહીં Giver —દાતાનું કાયમ સન્માન થયું છે; Grabber શોષણખોરનું કદી નહિ. વિમલ મંત્રી, વસ્તુપાલ તેજપાલ, ખેમો દેદરાણી, ભામાશા, જગડૂશા એ શ્રેષ્ઠી પરપરાના જ્વલંત ઉદાહરણો હતા. ગાંધીજીએ પણ એજ શ્રેષ્ઠી પરંપરાનાં મૂલ્યોને ટ્રસ્ટીશિપના સિદ્ધાન્તરૂપે નવ—સંસ્કરણ કરી સમાજ સમક્ષ મૂક્યા. વેલજી શેઠ વાણી, વિચાર અને કર્મથી એ સિદ્ધાન્તને વરેલા હતા. પોતાના અંગત જીવનમાં ક્યારેક કંજૂસપણાનો ભાસ કરાવે એવી કરકસર તથા સાદાઈને વરેલા વેલજી શેઠને જરીપુરાણા એવા સોફા પર બેઠેલા જોઈએ કે પરબિડિયાં ઊંધા કરી વાપરતા જોઈએ કે ફાટી ગયેલા પાયજામાને કાપીને બનાવેલી અર્ધી ચડ્ડીમાં બેઠેલા જોઈએ અને બીજી બાજુએ હજારોની સખાવતો કરતા અને ગાંધીજીને કોરો ચેક સુદ્ધાં આપી દેતા જોઈએ ત્યારે એ જ શ્રેષ્ઠી પરંપરા—ટ્રસ્ટીશિપ પરંપરાના સાચા દર્શન થાય; અને એટલે જ એમના નામને "શેઠ" પ્રત્યય ન લગાડીએ તો એ અધૂરું લાગે; કારણ ટ્રસ્ટીશિપના સિદ્ધાન્તને વરેલા એ સાચા શ્રેષ્ઠી—શેઠ હતા. સમાજનો શ્રીમંતવર્ગ આ પરંપરાને અનુસરે તો તેટલે અંશે સંઘર્ષ દૂર થાય અને જીવન મંગળમય બને. જે સિદ્ધાન્તોને બાપુ વરેલા હતા; એ જ સિદ્ધાન્તોને અનુસરવાની મથામણ ગાંધીજીની છોટી આવૃત્તિ— mini Ganbhi સમા વલેજી શેઠે જીવનભર કરી છે. ફક્ત ફરક એટલો કે ગાંધીજીના વ્યકિતત્વનો વ્યાપ ઘણો મોટો હતો અને એમના જીવનનો વ્યાપ બાપુના જીવનની સરખામણીમાં સીમિત હતો.

અર્વાચીનોમાં આદ્ય એવા એ કર્મવીર પિતામહ આપણને અર્વાચીન સમાજની પ્રત્યેક પ્રવૃત્તિના કાંગરે કાંગરે આદ્ય સ્વરૂપમાં દેખાશે. લગભગ સિત્તેર વર્ષના એમના પ્રવૃત્તિકાળ દરમ્યાન એ સતત ક્રિયાશીલ રહ્યા છે- રચનાત્મક કશું કરતા જ રહ્યા છે. માટુંગાની ચારે દિશા ફરી વળો. માટુંગા બોર્ડિંગ, શ્રદ્ધાનંદ મહિલાશ્રમ, માટુંગા હિન્દુ જીમખાના, દીન દયાળ સંઘ, બહેરામજી જીજીભાઈ હોમ, ઈન્ડીઅન એજ્યુકેશન સોસાયટીની કિંગ-જ્યોર્જ હાઈસ્કૂલ, શિશુ વિહાર હાઈસ્કૂલ, સાવલા હાઈસ્કૂલ, નપુ હોલ, વેલબાઈ સભાગૃહ કે નપુ ગાર્ડનસ ચારેકોર આપને એ કર્મવીર વેલજી શેઠની બાગબાનીજ નજરે પડશે.

કાંદાવાડી, મુંબઈ તથા ઉપનગરોમાં પથરાયલા ઉપાશ્રયો અને એની સાથે જોડાયલી જન-કલ્યાણ પ્રવૃત્તિઓમાં વેલજી શેઠ આપને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બેઠેલા જણાશે જ. મુંબઈની પાંજરાપોળ અને એવી સંખ્યાબંધ ગૌશાળાઓ અને ગૌસંવર્ધન સંસ્થાઓમાં વેલજી શેઠનો આત્મા આપને ડોકિયા કાઢતો દેખાશે.

હરિજન સેવક સંઘ, ડુંગરપુર સેવા સમાજ, હિંગણે સ્ત્રી-શિક્ષણ સંસ્થાન, મરોલી કસ્તુરબા સેવાશ્રમ, રામકૃષ્ણ મીશન, વનિતા વિશ્રામ, ભાઉરાવ પાટિલની ચિંચવડ ખાતેની સંસ્થાઓ, આદિવાસી આશ્રમ આહવા, આર્ય કન્યા વિદ્યાલય વડોદરા, એ. આર. શાહ સ્થાપિત મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર વગેરે સંખ્યાબંધ સંસ્થાઓને પોતાની કાર્યશકિતનું તથા ધનનું યથાશકિત યોગદાન એમણે આપેલ છે. આ રીતે આ કર્મવીરે પોતાના કાર્યક્ષેત્રને જ્ઞાતિ કે સમાજના વાડા પુરતું સીમિત નહોતું રાખ્યું.

આજે તો એરણની ચોરી કરી સોયનું દાન આપવું છે અને આરસ ઉપર નામ જડાવવાની હરીફાઈ ચાલી રહી છે ત્યારે વેલજી શેઠ હમેશાં પ્રસિદ્ધિ અને કીર્તિથી દૂર ભાગતા. પછાત અને આદિવાસીઓના ઉત્કર્ષનું કાર્ય કરતી એવી સંખ્યાબંધ સંસ્થાઓ સુધી પણ પ્રસિદ્ધિની કોઈ જાતની ખેવના વગર એમનો દાન પ્રવાહ પહોંચતો ખરેખર કહ્યું છે કે, "તારા ગુણો અથવા સુકૃત્યોની બીજા સ્તુતિ કરે. અથવા સાંભળે, અથવા તારાં સારા કામો બીજા જુએ; તેથી હે ચેતન! તને કંઈ પણ લાભ નથી. જેમ કે ઝાડના મૂળ ઉઘાડાં કરી નાખ્યા હોય તો તેથી ઝાડ ફળતા નથી, પણ ઊલટાં ઊખડી જઈને ભોંય પર પડે છે (તેમ જ સારાં કામો પણ ઉઘાડાં પડવાથી ભોંય પડે છે)." વેલજી શેઠ એ જીવન-ફિલસૂફીને વરેલા હતા.

તે સમયના કોંગ્રેસ રાજકારણમાં વેલજી શેઠ ઘણા જ આગળ નીકળી ગયા હતા અને ઓલ ઈન્ડીઆ કોંગ્રેસ કમીટીના કામચલાઉ ખજાનચી પદ સુધી પહોંચી ગયા હતા. એઓશ્રીએ અગ્રગણ્ય નેતાઓ સાથે રહી ઘણા ઉચ્ચ સ્થાનો શોભાવ્યા હતા; પણ એમના નાના ભાઈ જાદવજી શેઠના અકાળ અવસાનથી એમના પર કુટુંબ અને ધંધાકીય જવાબદારીઓનો બોજ વધી ગયો એટલે એમણે પોતાની મર્યાદાઓ સ્વીકારી લઈ પ્રત્યક્ષ રાજકારણમાંથી નિવૃત્તિ લીધી અને પરોક્ષ રીતે ભાગ લેવાનું ચાલુ રાખ્યું. રાજકીય અને સામાજિક ક્ષેત્રે એઓ Power Politics —સત્તાના રાજકારણથી તથા કોઈ પણ ભોગે હોદ્દા પર ચિટકી રહેવાની ચિટકુ મનોદશાથી કાયમ દૂર રહ્યા હતા.

વિશાળ ફલક પરની પંડિત મોતીલાલ નહેરુ અને જવાહરલાલ નહેરુની જોડીની જેમ પ્રમાણમાં સીમિત એવા ફલક પરની પણ જવલેજ જોવા મળે એવી આ પિતા-પુત્રની જોડી હતી. વેલજી શેઠના પિતા લખમસી શેઠનું એ વખતના મુંબઈ શહેરના નામાંકિત શહેરીઓમાં આગવું સ્થાન હતું. એઓશ્રીએ ઈન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બરની સ્થાપનામાં અગળ પડતો ભાગ લીધો હતો. વેલજી શેઠ આવા જાજરમાન પિતાના પુત્ર હતા. પિતા-પુત્ર બન્નેનું વ્યકિતત્વ કોઠાસૂઝ-હૈયા ઉકલત અને નેતૃત્વના ગુણોથી પ્રચુર હતું— સભર હતું.

ગ્રેન એન્ડ ઓઈલ સીડ્સ મર્ચન્ટસ એસોસીએશન જેવી માતબર સંસ્થાનું સુકાનીપદ એમણે વર્ષો સુધી સંભાળ્યું હતું. જે બજારમાં રોજ લાખોના સોદાઓ પડે અને લેન-દેન થાય ત્યાં વાંધા-વચકા તો જરૂર થાય જ. એ વાંધા-વચકાઓ કોર્ટે ન જતાં એસોસીએશન મારફતે જ ન્યાયી નિકાલ પામે એ માટેની સુવ્યવસ્થિત પદ્ધતિ એમણે વિકસાવી હતી અને દર અઠવાડિયે સેંકડોની સંખ્યાના આ વાંધા અરજીઓનો નિકાલ એ થોડી મિનિટોમાં જ આપી દેતા. એઓશ્રી ખરા અર્થમાં મહાજન હતા; અને એમણે મહાજન પરંપરાને જિવીત અને ચેતનવંતી રાખી હતી.

નેતૃત્વના આ આવગા ગુણોને લઈને એઓશ્રી વ્યાપારી સમાજનું પ્રતિનિધિત્વ બોમ્બે પોર્ટ ટ્રસ્ટ, ઈન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર અને એના જેવી બીજી અનેક માતબર સંસ્થાઓની કારોબારી અને એવી વગદાર સમિતિઓ પર વર્ષો સુધી રહી કરતા રહ્યા. સુપ્રસિદ્ધ વીમા કંપનીઓ ધી ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ પ્રુડે—શીઅલ એસ્યુરન્સ કું. લિ. તથા વલ્કન ઈન્સ્યુરન્સ કં. લિ. ના પ્રથમ ડિરેક્ટરપદે અને ત્યારબાદ ચેરમેનપદે એઓશ્રી કાફી સમય સુધી હતા.

એમના નેતૃત્વ હેઠળની સંસ્થાઓનો વહીવટ બેનમૂન રહેતો. રોજની સરેરાશ કરતા પ્રમાણમાં શાકભાજી માટે થોડા આના વધુ ખર્ચાયા હોય તો એ છાત્રાલયના મહેતાજીને અવશ્ય પૂછી લેતા, "શું શાકભાજીની બજાર હમણાં તેજ ચાલે છે?" સુવિખ્યાત સંસ્થા હીરજી ભોજરાજ એન્ડ સન્સ કું. વી. ઓ. જૈન છાત્રાલયનો વહીવટ એમને હાથ હતો ત્યારે ઘણી વખત પગે તકલીફ હોવા છતાં લંગડાતા પગે પણ ચાલીને છાત્રાલયની વચ્ચોવચ્ચ થઈને કિંગ-સર્કલ સ્ટેશનેથી એઓશ્રી મુંબઈ જતા. ઘણી વખત મોડી રાતે પણ એઓશ્રી 'છાત્રાલય ચર્ચા' કરી જતા; અને એ રીતે સંસ્થાના સંચાલન પર ચકોર દષ્ટી રાખતા. જે જે સંસ્થાઓના બાંધકામ એમની દેખરેખ હેઠળ થયાં છે એ સૌ કરકસરવાળા અને ટકાઉ પુરવાર થયાં છે.

સહિષ્ણુતા અને સમન્વયસાધકતાના અજોડ ગુણોને લઈને એમનું નેતૃત્વ આઠ કોટી નાની પક્ષ જેવા સ્થાનકવાસી સમાજની એક નાની પાંખડી પૂરતું સીમિત ન રહ્યું; બલ્કે અખિલ હિન્દ સ્થાનકવાસી સમાજના વિશાળ ફલક પર વિહરતું રહ્યું; અને આગેવાની શોભાવતું રહ્યું. એમણે સ્થાપેલ માટુંગા છાત્રાલયમાં પણ એમના નેતૃત્વને કાંઠી, અબડાસા અને વાગડનું તથા દહેરાવાસી-સ્થાનકવાસી સમાજનું અજોડ સમન્વય સાધી બતાવેલું; એના પરિણામ સ્વરૂપે માટુંગા છાત્રાલયમાં રહી વિદ્યાભ્યાસ કરેલ છાત્રોના માનસપટ પરથી પ્રદેશવાદની તથા ફિરકાવાદની ભેદરેખાઓ કાયમને માટે ભૂંસી નાખવામાં એ સારી રીતે સફળ રહેલા. પ્રમાણમાં પછાત એવા વાગડ વિભાગમાંથી આવતા છાત્રોને સવિશેષ સહાયભૂત થવાનું એ કરતા અને એમના ઉછેર બાબત અંગત કાળજી લેતા, આવી રીતે કાર્યો કરી એમણે પોતાના સમાનતા, સહિષ્ણુતા અને સમન્વયતાના આદર્શોને અમલી કરી બતાવ્યા હતા.

કુ. વી.ઓ. સમાજના પહેલા વિનયન અને કાયદા સ્નાતક શ્રી. વેલજી શેઠ પોતાની શકિતઓ અને સમયનો કેવળ પોતાના લાભાર્થે ઉપયોગ લઈ, કોઈ ઉચ્ચ સ્થાને બેસી જઈ, પોતાનો અમર્યા-

દિત વિકાસ સાધી શકત; પણ "વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે" એવા નરસૈયા તથા ગાંધીજીના સાચા વૈષ્ણવ જન શ્રી વેલજીશેઠને તો સમાજના અંધકાર અને નિ:સહાયતાને કેળવણીરૂપી દીવાથી દૂર કરવા હતા. એમણે પ્રચંડ પુરષાર્થ કરી માટુંગા છાત્રાલય, હીરજી ઘેલાભાઈ સાવલા હાઈસ્કૂલ, વેલજી લખમસી હાઈસ્કૂલ-ચિંચપોકલી, રણશી દેવરાજ હાઈસ્કૂલ-મુન્દ્રા અને એવા નાના મોટા અનેક સરસ્વતિ ધામો સ્થાપી તથા ધનજી દેવસી કેળવણી ફંડ, માતુશ્રી મણિબેન શીવજી દેવજી કન્યા કેળવણી ફંડ જેવા કેળવણી સહાયક ભંડોળો ઊભાં કરી સમાજ કેળવણીનો મજબૂત પાયો નાખ્યો. જે સમાજમાં થોડા વર્ષો પૂર્વે આંગળીના વેઢે ગણાય એટલા સ્નાતકો અને મેટ્રિકયુલેટો હતા! એ સમાજમાં આજે દરેક વિદ્યાશાખામાં દર વર્ષે સંખ્યાબંધ સ્નાતકો બહાર પડતા થઈ ગયા છે. આના ફળસ્વરૂપે સમાજનો બહુમુખી વિકાસ શકય બન્યો.

સમાજ અને કુટંબ પ્રત્યેની પોતાની ફરજોની ઉપેક્ષા કરતા અને કેવળ ધન ઉપાર્જનની પ્રવૃતિઓમાં ઘેલા થઈ પડેલા પોતાના સાથી સ્વજનને ઘણી વખત એ મીઠી માર્મિકતાથી કહેતા કે, "કેમ ભાઈ તમને નવ્વાણુનો ધક્ક-ધક્કે તો નથી વાગ્યોને? આજે લખપતિને દશ લાખવાળા થવું છે. દશ લાખવાળાની દોડ કરોડ તરફ છે અને કરોડપતિ વળી અબજપતિ થવા મથે છે; ત્યારે પોતે ગર્ભ-શ્રીમંત હોવા છતાં આવી ધન ઘેલછા એમણે ક્યારે પણ સેવી નહોતી. રોજની પાંચ-દશ હજારની કે એથી વધુની આમદાનીવાળાને પણ હજી ઘણું ભેગું કરવું છે ત્યારે વેલજીશેઠ એ "નવ્વાણુના ધક્ક"ની મનોદશાથી સદંતર મુકત હતા અને પોતાનો મોટાભાગનો સમય જાહેર અને પરહિતકારી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચતા.

પોતાને પ્રગતિશીલ, સમાજવાદી, આધુનિક કહેવડાવતા પણ આચરણમાં મીંડું એવા કેવળ વાણીનો ધોધ વહેવડાવી પોતાની પ્રતિભા ઊભી કરવા મથતા લોકોમાંથી કેટલાક વેલજી શેઠને રૂઢિચુસ્ત ગણાવતા પણ એઓશ્રી સાચા અર્થમાં ક્રાંતિકાર હતા. સમાજના બાળકોને ખરી કેળવણી આપવાની અને સ્વાવલંબી બનાવવાની જરૂરિયાત એમણે જોઈ. મુખ્યત્વે વ્યવસાયે વ્યાપારી, એવા સમાજના બાળકોને એમણે માટુંગા છાત્રાલયમાં સુતારકામ, વણાટકામ, ચિત્રકામ, દરજીકામ વગેરે હસ્ત ઉદ્યોગોમાં તાલીમ આપતા કર્યા. સંગીત, નૃત્ય અને નાટય એવી લલીત કળાઓમાં પ્રવીણ કરતા કર્યા. શિસ્ત અને શરીર સૌષ્ઠવ લાવવા બેન્ડ, વ્યાયામ અને સ્વયંસેવક દળની પ્રવૃત્તિઓ કરતા કર્યા. આ એમના ક્રાંતિકારી વિચારો હતા; જે એમણે કાર્યાન્વીત કર્યા. આજથી પચાસ વર્ષ પહેલાના જમાનામાં આવું વિચારનારની 'ટોપલીવાળા'માં ગણતરી થતી અને એની આવી યોજનાઓનું સ્થાન કચરા ટોપલીમાં જ રહેતું.

અન્ય કેટલાકની જેમ ગુરમહારાજો પાસે આંટાફેરા કરી લોક-નજરમાં ધર્મનિષ્ઠ હોવાનો ડોળ વેલજી શેઠે કદી કર્યો ન હતો. એઓશ્રી ઉપદેશ આપવામાં નહિ. એને આચારણમાં ઉતારવામાં માનતા હતા. શકય ત્યાં લગી આસકિત મુકત અને વિરકત દશામાં રહેતા આ કર્મયોગી એ સ્વચ્છ અને શીલવાન જીવન જીવવાનો પુરષાર્થ કરી બતાવી; જીવન ધન્ય બનાવ્યું.

—ચીમનલાલ ભીમજી ગલીઆ

## સુવિચાર

માણસો જે ન જાણતાં હોય તે તેમને શીખવવું, એનું નામ કેળવણી નથી; તેઓ જેમ વર્તતા નથી તેમ વર્તતાં તેમને શીખવવું, એનું નામ કેળવણી છે.

તેમનાં શરીર અને આત્માને સંપૂર્ણ ક્રિયાશીલ બનાવવાની તેમ જ તેમને નિગૃહિત કરી શાસન હેઠળ લાવવાની તાલીમ આપવી એનું નામ કેળવણી છે.

એ કામ માયાળુપણું, સાવધાની, ઉપદેશ અને પ્રશંસા દ્વારા સતત કર્યા કરવાનું કપરું કામ છે; પરંતુ સૌથી વધુ તો પોતાનું જીવંત દષ્ટાંત પૂરું પાડવા દ્વારા તે કરવાનું છે.

— જોન રસ્કિન

## જેને સ્વજન નથી....

આ અકસ્માત કે જોખમ, હજી પણ મારું મન નિર્ણય કરી શકતું નથી. સખીની સ્થિતિ ગંભીર છે. લીલી પોતાની રીતે તેની સંભાળ પણ રાખે છે. પણ તેના બચવાની તો બિલકુલ શકયતા નથી અને હવે સખીએ જીવવું પણ ન જોઈએ. તેના ને અમારા બધા ઋણાનુબંધ પૂરા થયા છે. તૂટયા, એમ હું જાણી જોઈને જ નથી કહેતો; અને અમારી તરફથી તોડવામાં આવ્યા એમ પણ કહી શકાશે નહીં. બન્યું તેનું અનુમાન અને વર્ગીકરણ કયા સૂત્રને આધારે કરવું તે જ સમજાય નહીં એવું થયું છે. આમ જ હમેશાં બને છે. લૌકિક ઘટનાઓ પાછળ રહેલી કારણપરંપરા આપણે હારબંધ દેખાડી શકીએ છીએ; પણ જે બિંદુ પર તર્ક શાંતપણે સ્થિર થાય છે, તે જ તિરાડમાંથી આપણા પ્રારબ્ધનું પાણી વહેવા માંડે છે. જેને સનાતન દુ:ખ વગેરે કહે છે, તે અહીં જ કયાંક ઊભું રહેતું હશે એમ લાગે છે! કદાચ આપણને શોધતું કે આપણાથી દૂર ભાગતું.

કાળાભમ્મર ઊનનો નાનકડો દડો એટલે સખી નરમનરમ. તે અમારે ઘરે આવી ત્યારે જ તેના પાછળના બે પગ સાવ તૂટી ગયેલા હતા. આગળના બે પગ પર પાછળના પાંગળા પગ બહુ કષ્ટપૂર્વક તે ખેંચતી. લીલીના બે પગ વચ્ચે ફર્યા કરતી વખતે તેને કેટલી મુશ્કેલી પડતી! લીલી ગુસ્સે થાય કે, મારાં પુસ્તકોના રેક નીચે અંધારાનો જે નાનો પ્રદેશ છે ત્યાં સખી જઈને બેસતી. પછી હું તેને હળવે હાથે ખેંચી કાઢતો. તેને મારી છાતી સાથે વળગાડીને તેને વિશે લખેલી કવિતા મોટે મોટેથી બોલતો:

રિસાઈ રે રિસાઈ
સખિ, મારી બિલાડી
તેના લગ્નમાં હું દઈશ
અંધારભયની સાડી ...

અજાણતા જ સખીના પાંગળા પગ પર મારા હાથ ફરવા માંડતા; ત્યારે સખીની નાનકડી આંખોનો પ્રકાશ જરાક ભીનો થયો હોય એવો દેખાય. મારા ટેબલ પર એની ફ્રેંકનું એક દુર્લભ છાયા-ચિત્ર છે. તેની સામે હું સખીને ઊંચકીને મૂકતો. અવકાશમાંથી મુઠ્ઠીભર અંધારૂં લઈને ટેબલ પર મૂકયો હોય એવી તે લાગતી! એનાં ફ્રેંક અને સખી? હા, સખીના સહવાસમાં જ મેં એની ફ્રેંકનું બાળપણ ભેગું કર્યું. પાંગળું બાળપણ. બોમ્બવર્ષામાં ઊગેલું ને બોમ્બવર્ષામાં જ સૂતેલું! એનીનું બાળપણ મને સખીએ સમજાવી દીધું. સખીનું આ દેવું હું કયારેય ચૂકવી શકીશ નહીં. અંધારાને કેટલા અર્થ ને કેટલાં પરિમાણો હોય છે, કેટલી દિશા ને કેટલા ઊંડાણ હોય છે તે સખીએ જ મને સપ્રમાણ દેખાડયું. પશ્ચિમની બારી ઉઘાડીને, દરેક શિશિરમાં હું સખીને ખોળામાં લઈને બેસતો. મેઘના રંગ અને સાંધ્યપ્રકાશના અણસારા, પાન-ખરનું વૃક્ષ અને શૂન્યમાં જમા થતી રાહદારી સખીની આસપાસ આવીને અટકતી. આગળ સરકી શકતી નહીં. મારા ખોળામાં બેઠેલો અંધારાનો આ નાનકડો બેટ સંધિપ્રકાશ, મેઘના રંગ, વૃક્ષોના શિશિરનો અવાજ કેટલા સંન્યસ્તપણાથી દૂર સારતો! સખીના વ્યકિતત્વની અભેદ્યતા આવી વિલક્ષણ હતી. સખી કોઈ પણ પ્રભાવી આવર્તનમાં ઓગળી જ શકતી નહોતી. સાચું કહું છું હં! રાતે સૂતી વખતે મારા ઓરડામાં પૂર્ણ અંધાર હોય. એકદમ સાચેસાચું અંધારું! અને આ સખી, કાળા ગૂઢ ઊનની પૂતળી મારા પગ પાસે બેસી રહેતી. ઓરડાના વિસ્તૃત અંધારામાં પણ પાંગળા પગવાળું નાનકડું અંધારું કેમે કર્યું પ્રં થતું નહોતું! ... અને આવી જ કાંઈક સંવેદના મારા આત્મામાં ચોરપગલે પ્રવેશ કરતી. સખી પોતાના બે મજબૂત પગને આધારે પાછળની ચાલણગાડી ખેંચતી ખેંચતી મારા હૃદય પાસે આવીને મને વળગી પડે... જેને સ્વજન નથી તેને ઘરે જો હૃદયે ....

રાતે જ્યારે મારી છાતી પર કંઈક પડવાનો અવાજ આવ્યો ત્યારે હું ભયથી ચમકી ઊઠયો. બંને હાથે છાતી પરનું કાળુંભમ્મર મરણ દૂર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાં સખીના પાંગળા પગમાં કયાંથી શકિત આવી ભગવાન જાણે. તેણે મારી છાતી ઉઝરડા ભરીને લોહીલુહાણ કરી. મેં બધી શકિત ભેગી કરીને તે કાળાભમ્મર ઊનની ઢીંગલી ઊંચકીને જોરથી નીચે ફેંકી દીધી. હવે સખી હલચલ કરી શકતી નથી. લીલી પોતાની રીતે સંભાળ લે છે. આજકાલમાં સખી આંખ મીંચશે પણ એની ફ્રેંકના ચિત્ર પાસેનું તે ખોબાભર અંધારું...

—ગ્રેસ —જયા મહેતા

# "એ ઝ ફ્રી એ ઝ બર્ડ"

'મી. થાનકી યુ આર એઝ ફ્રી એઝ બર્ડ.' બરાબર, આજથી વીસ વર્ષ પહેલાં મારા મિત્ર શ્રી મુકુંદ સાતાએ મારા માટે ઉચ્ચારેલા, કોલેજકાળના શબ્દો યાદ આવી ગયા. મને લાગે છે કે માનવીએ પંખી જેટલા મુકત થવું જોઈએ. વિચાર-ગગનમાં ઉડવાની શકિત કેળવવી જોઈએ. પંખીની મુકિત, માનવીની મુકિત, માનવી-આત્માની મુકિત: શું એ જ જીવનનું ધ્યેય નથી? ઈશ્વરે આપણને જન્મ અને જીવન મુકત-મોક્ષ એટલે કે દુ:ખોમાંથી મુકત થવા આપ્યો છે. જો તેનો સદુપયોગ નહિ કરીએ તો પેલા-શંકરાચાર્યના શબ્દોમાં: 'પુનરપિ જનનમ્, પુનરપિ મરણમ્. પુનરપિ જનની જઠરે શયનમ્' ની ચોર્યાસી લાખ યોની-ઓમાંથી પસાર થવું પડશે, અથડાવું કૂટાવું પડશે. અંતે? મોક્ષની ઝંખના આપણી સમક્ષ આવીને ઊભી રહેશે.

પુરુષાર્થ એટલે આત્માનો હેતુ. આત્માનો હેતુ શો? તો કે મુકિત મેળવવી. શેમાંથી મુકિત? તો કે બંધનમાંથી. પછી એ બંધન શરીરનું હોય, સમાજનું હોય કે પછી વિચારસરણીનું હોય. આ વિચારને કેન્દ્રમાં રાખી, આપણા પૂર્વજોએ ચાર પુરુષાર્થ કલ્પી, તેમાં પહેલું સ્થાન ધર્મને આપ્યું, બીજું અર્થ, ત્રીજું કામ અને ચોથું મોક્ષ. કહેવાનું તાત્પર્ય એ કે બાકીના ત્રણે પુરુષાર્થ ધર્મપ્રેરિત હોવા જોઈએ. અર્થ, કામ અને મોક્ષ જો ધર્મ પ્રેરિત ન હોય તો તેઓ અનર્થ સર્જે, પરિણામે, આત્મા બંધાય, ગૂંચવાય, મૂંઝાય. જો ચોપડામાં શ્રી ૧I સાથે શુભ-લાભની સંજ્ઞા ચિતરાયા બાદ વ્યવહાર શ્રી ૧III સાથે અશુભ-ગેરલાભનું આચરણ થાય તો, તે દ્વારા મળતો અર્થ ધર્મપ્રેરિત ન રહેતાં અધર્મ ઉત્તેજિત બની જાય છે. જેવું અર્થનું તેવું કામનું. કામના-વાસના કયા પુરુષ (આત્મા)માં નથી? પરંતુ, જો તેનો સદુપયોગ કેવળ પ્રજોત્પતિ પૂરતો મર્યાદિત ન રહેતાં ભોગ વિલાસ, વિકારનું જો તે સાધન બની જાય તો તેમાંથી ઘણાં અનિષ્ટો જન્મે એ સુવિદિત બાબત છે. આમ થતાં સમાજ 'Children of love' ને બદલે 'Children of Passion' થી છલકાવા માંડશે, ઉભરાવા માંડશે. પ્રેમપુત્રોનું સ્થાન જો વાસના પુત્રો જ લેતા રહે તો કામમાંથી ધર્મ અદ્રશ્ય થઈ જાય. જે રીતે અર્થ અને કામ તે રીતે મોક્ષ-મુકિત પણ ધર્મ પ્રેરિત બનવાં જોઈએ. તે ક્યારે બને? જ્યારે સ્વતંત્રતાનું સ્થાન સ્વચ્છંદતા લેતી અટકે ત્યારે! સમાજમાં તંત્ર અનિવાર્ય છે. જો આપણે સ્વતંત્ર નહિ બનીએ તો આપણે પરતંત્ર બનવું પડશે! શી રીતે? તાજેતરની જ ઘટના જોઈએ તો જનતા સરકાર રચાયા બાદ વડા પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈના જીભના કૂચા વળી ગયા! તેઓ બોલતા રહ્યા: ભાવ ઘટાડો... ભાવ ઘટાડો! આપણે સાંભળતા રહ્યા. મોટા ઉદ્યોગપતિ, વ્યાપારીઓએ માન્યું: 'એ તો બોલે!' પણ હવે જ્યારે સરકારે ચલણમાંથી મોટી નોટો દૂર કરી ત્યારે 'તેમને વિચાર આવ્યો હશે કે આપણે "જે સાંભળ્યું'તું" તે 'અમલમાં મૂક્યું હોત તો!' 'આપણા પરસેવાની પસ્તી ન થઈ હોત!"

પરંતુ, ત્યાં પરસેવો પડતો નથી, ત્યાં પર-સેવાનો વિચાર સમયસર આવતો નથી! અધર્મ પ્રેરિત અર્થ બંધનમાં નાંખે છે. એમ જે ઉપર કહ્યું તેનો આ પુરાવો, કે અધર્મ પ્રેરિત મોક્ષ પણ માણસને વધુ ને વધુ બંધનમાં બાંધે છે. માણસ એક વાર ખોટું બોલીને કે કરીને છટકી શકતો નથી. તે તેણે વારંવાર કરવું પડે છે. અસત્યનો ગુણાકાર થતો રહે છે. એક અસત્યને છુપાવવા માટે રચાતી અસત્યોની પરંપરામાં માનવી ગૂંચ-વાતો રહે છે. આમ, બંધનોની પરંપરા રચાતાં પેલી મુકિત છુપાઈ જાય છે, સંતાઈ જાય છે. પુરુષાર્થોને ધર્મપ્રેરિત કર્યા બાદ, માનવીએ પોતાના ષડરિપુને નાથવાનો પ્રયત્ન કરવો જોઈએ. કામનો અસંતોષ માનવીને ક્રોધાગ્નિમાં ધકેલે છે. ક્રોધ કરનાર અને પામનાર એકી સાથે બળે છે. (कमजोर गुस्सा बहोत) કહેવત જ અશકિતમાંથી ક્રોધની ઉત્પત્તિ સૂચવે છે. શકિત-શાળી હંમેશાં ધીર, વીર અને ક્ષમાશીલ હોય છે. લોભમાં આસકિત છે, અશ્રદ્ધા છે. પોતે કલ્પી લીધેલા કહેવાતા ભાવિની ચિંતા છે અને ચિંતનનો અભાવ છે. આ જ સંદર્ભમાં 'અતિ લોભ તે પાપનું મૂળ' કહ્યું. સ્થૂળ વસ્તુઓનો સંચય, માનવીને સ્થૂળ બનાવી તેની ચેતનશકિત-ચિત્તશકિતને હરી લે છે. આસકિત માનવીને જૂઠા બંધનોમાં બાંધે છે. મારા-પણું માલિકીની ભાવના-સાચા માલિકને-હંમેશ માટે ભૂલાવી દે છે. અરે તું, મારા શરીરનો માલિક નથી, તો પત્ની, પુત્રી, ધન-ધાન્યનો માલિક શી રીતે હોઈ શકે? જ્યાં સુધી આ જગતના 'શઠો' 'શેઠો' તરીકે પૂજાતા રહેશે ત્યાં સુધી માલિકી-ભાવના લુપ્ત થવાની આશા નહિવત છે. હું અને મારુંના બંધનમાંથી છૂટાય તો તે મોક્ષ. કર્મના બંધનમાંથી છૂટવાનો પ્રયત્ન તે મોક્ષ. આસકિત રહિતતા તે મોક્ષ. મુકિત જ્ઞાનમાં છે, સમજણમાં ડહાપણમાં છે. પરંતુ બને છે એવું કે અંગ્રેજીમાં કહ્યું છે તેમ, "Knowlege comes, but wisdom lingers" જ્ઞાન પ્રાપ્ત થાય છે, છતાં ડહાપણ ટળવળતું રહે છે. આજે જે મોટા પાયા પર કર્મો થાય છે તે જો જ્ઞાન વગરનાં હશે તો તે વાંઝિયા પૂરવાર થશે. જ્યારે ભારતમાં યજ્ઞયાગની બોલબોલા હતી, ત્યારે શ્રીમદ્ શંકરાચાર્યે સૌથી જુદા પડીને કહ્યું'તું: યજ્ઞ કરો, પણ જ્ઞાનપૂર્વક. કર્મો કરો પણ જ્ઞાનપૂર્વક. ( नहि ज्ञानेन् सद्शम्, पवित्रम् ईठ विद्यते ) તેમણે કહ્યું પવિત્ર જ્ઞાન એ મોક્ષનો દરવાજો છે. ગામમાં આવેલા સર્કસના સમા-ચાર જેટલા બાળકને ઉત્તેજિત કરે છે તેટલા મોટા માણસને કરતા નથી. કેમ કે, તેઓ અનેક વાર 'સર્કસો' જોઈ ચૂકયા છે. સર્કસનું જ્ઞાન તેમને છે. જ્યારે નાના બાળકોના અવિકસિત આત્માઓ હાથી, ઘોડા, ઊંટના આકાર પ્રકારાદિની કલ્પનામાં સરી પડે છે, કેમ કે તેમને તેનું જ્ઞાન નથી. આ અર્થમાં જ્યાં જ્ઞાન છે ત્યાં શાંતિ છે જ્યાં શાંતિ છે ત્યાં મુકિત છે, મોક્ષ છે. અમેરિકા કે ઈંગ્લેન્ડ ગયા વગર આપણા ઘરના ખૂણે બેસીને જો તેનું જ્ઞાન મેળવીએ તો ત્યાં જવાની કડાકૂટમાંથી સહેલાઈથી બચી જઈએ! વળી, ત્યાં 'જનારા' પણ શું કરે છે? તેમની પાસે ઈંગ્લેન્ડ-અમેરિકાનું જ્ઞાન હોય છે? ખારવા પોતાની જિંદગીમાં કેટલી બધી વાર, કેટલે બધે બંદર જતા હોય છે. પણ તેથી શું? (What next?) 'હિરો' ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ આવ્યો!' જેવી પરિસ્થિતિ શું આપણી નથી?

પંખીનું જીવન તેની મુકિતમાં છે. આપણું જીવન આપણી મુકિતમાં છે. (we should be as free as bird) આપણે પક્ષી જેટલાં મુકત થવું જોઈએ. વિચારની મુકિત, આચરની મુકિત, જ્ઞાનની મુકિત ને કર્મની મુકિત. જ્યા સુધી બંધન છે, ત્યાં સુધી દુ:ખ છે. આસકિતમાં દુ:ખ અને અનાશકિતમાં સુખ નીહિત છે. કર્મ કરીએ પણ તેના વળગાડથી દૂર રહીએ. અના-સકત રહીને કરીએ. કર્મ હંમેશાં તેનું ફળ સાથે લાવતું હોય છે, પણ તેની ઈંતેજારી ઘટાડીએ. 'કર્મ ખાતર કર્મ' 'ફળ ખાતર કર્મ' નહીં. આનંદ ખાતર જીવન, આસકિત ખાતર નહીં. આવું જીવન એટલે જ મોક્ષનો ખુલ્લો દરવાજો. મુકિત આપણી અંદર જ છે, તેને પ્રયત્નપૂર્વક બહાર ખેંચી કાઢવાની છે. 'બહાર' તેને શોધવા નીકળી પડવાનું નથી! આજે આપણે સૌ 'પક્ષી' ને ભૂલી, 'પક્ષ'ના બંધનમાં પડયા હોઈએ, તેમ નથી લાગતું શું?

— હરજીવન થાનકી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ—૪૦૦ ૦૦૪ ટ. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૦

મુંબઈ, ૧૬ સપ્ટેમ્બર ૧૯૭૯, રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

## સંકટગ્રસ્તોને સહાય

ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર છેલ્લા બાર વર્ષથી, દેશના કોઈ પણ ભાગમાં કુદરતી આપત્તિ – દુષ્કાળ, પૂર, વાવાઝોડું, ધરતીકંપ – આવે ત્યાં રાહત કાર્ય કરે છે. આવી રીતે, બિહાર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, નિરાશ્રિતો વગેરે પ્રસંગોએ લાખો રૂપિયા રાહત કાર્યમાં ખરચ્યા છે. ગુજરાત–મહારાષ્ટ્રના દુષ્કાળમાં, સેન્ટ્રલ રીલીફ ફંડ સાથે મળી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશમાંથી લગભગ દોઢ કરોડ રૂપિયાનું અનાજ લાવી, સસ્તે ભાવે પૂરું પાડયું હતું. તેવી જ રીતે પશુઓ માટે લગભગ ૩૦ લાખ રૂપિયાનું ઘાસ મેળવી અને ઉગાડી વહેંચ્યું હતું. છેલ્લે આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં વાવાઝોડું થયું તેમાં મોટા પ્રમાણમાં તાત્કાલિક રાહત આપવા ઉપરાંત, આન્ધ્રમાં ૪૦૦ મકાનો, દરેક રૂપિયા ૫,૫૦૦ની કિંમતનું અને તામિલનાડુમાં લગભગ ૩૦૦ મકાનો દરેક રૂપિયા બે હજારની કિંમતના બાંધ્યા છે. કલ્યાણ કેન્દ્રને આન્ધ્રમાં મકાન દીઠ રૂપિયા ૨,૫૦૦ની સરકારી ગ્રાન્ટ મળી છે. દરેક પ્રસંગે પૂરતા પ્રમાણમાં દાનો મળી રહે છે.

આ હકીકતો એટલા માટે આપી છે, કે આ બાર વર્ષમાં રાહત કાર્યનો મને સારો એવો અનુભવ મળી ગયો છે. અત્યારે મોરબીની હોનારત અને ત્યાંના રાહત કાર્ય વિષે લખવું છે, તે માટે આટલી ભૂમિકા આપી છે. દુષ્કાળમાં કામ કરવું પ્રમાણમાં સુગમ છે. શાન્તિથી, વ્યવસ્થિત રીતે થઈ શકે છે. વાવાઝોડું અથવા મોટા પૂરમાં, કામ, પ્રમાણમાં વધારે વિકટ છે. દુષ્કાળ કરતાં વાવાઝોડા અને પૂરમાં જાનમાલની હાનિ વધારે થાય છે. તેમજ તાત્કાલિક રાહત મોટા પ્રમાણમાં આપવી પડે છે. બાર વર્ષના અનુભવે મેં જોયું છે કે દેશમાં એવું વાતાવરણ પેદા થયું છે, કે દેશના કોઈ પણ ભાગમાં સંકટ હોય ત્યારે ચારે તરફથી મદદ આવી પહોંચે છે. તેમાં મુંબઈ સદા મોખરે હોય છે. અભિમાન વિના કહી શકાય કે ગુજરાતીઓ અને જૈનો આગળપડતો ભાગ લે છે. ૧૯૬૭ના બિહારના દુષ્કાળના સમયથી મારો આ અનુભવ રહ્યો છે.

મોટા પૂર કે વાવાઝોડાની આપત્તિ સમયે તાત્કાલિક મદદ મોટા પ્રમાણમાં પહોંચે છે. એમ લાગે કે વધારેપડતી પહોંચે છે. સુરતના તાપીના પૂર વખતે, આન્ધ્રમાં વાવાઝોડામાં અને મોરબીની હોનારતમાં આ અનુભવ થયો.

મોરબીની હોનારત ૧૧મી ઓગસ્ટને શનિવારે બની હતી. એક મહિનો થયો છે. આટલા ટૂંકા સમયમાં પુષ્કળ સહાય–સર્વ પ્રકારની પહોંચી છે. સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈથી સેંકડો ભાઈ બહેનો અન્ન વસ્ત્ર, ચીજ વસ્તુઓ રોકડ લઈ પહોંચી ગયા. ૧૮ અને ૧૯ ઓગસ્ટ બે દિવસ હું મોરબી જઈ આવ્યો. સૌરાષ્ટ્ર અને ગુજરાતના સ્થળેસ્થળના કાર્યકર્તાઓ, સ્વયંસેવકો અને આગેવાનો પહોંચી ગયા. હોનારત પણ એટલી જ ભયંકર અને આઘાતજનક હતી. કોલેજના પ્રિન્સિપાલો, સ્કૂલના શિક્ષકો, વિદ્યાર્થીઓ પાલણપુર ડીસા, સુરત, વડોદરા, અમદાવાદ અને સૌરાષ્ટ્રના ગામેગામથી આવ્યા હતા. લોરીઓ ભરીને સામાન લાવ્યા હતા.

આ અનુભવ ઉપરથી કેટલાક તારણો નીકળે છે તે નોંધું છું.

શરૂઆતના દિવસોમાં આવી મદદ અત્યંત અવ્યવસ્થિતપણે રહે છે. કેટલોક દુર્વ્યય થાય છે, બેવડાય છે. તાત્કાલિક મદદ, દૂરનાં લોકો કરતાં સ્થાનિક અથવા નજીકના વિસ્તારના ભાઈબહેનો વધારે સારી રીતે કરી શકે. રાજકોટ અને આજુબાજુના વિસ્તારના ભાઈઓએ ઘણું સુંદર કામ કર્યું. દૂર રહેતા ભાઈબહેનો તાત્કાલિક મદદ, જાતે કરવાનો આગ્રહ રાખે ત્યાં, દૂર્વ્યય વધારે થાય છે. દૂરથી આવતા લોકો પૂરતો સમય રહેવા તૈયાર ન હોય તેથી જે લાવ્યા હોય, ચીજવસ્તુ અથવા રોકડ, તેનું ઝટપટ ગમે તેમ વિતરણ કરી, સહાય કર્યાનો આત્મસંતોષ લે છે. મોરબીમાં મોટે ભાગે શહેર સુધી આ મદદ પહોંચી, ગામડામાં બહુ ઓછા ગયા.

રાજકોટ અને મોરબીમાં કાર્યનો સંકલન કરવાનું સારો પ્રયત્ન કર્યો, પણ હજુ બહુ સફળ થયો છે તેમ ન કહેવાય. કોઈ મંડળ, એસોસિએશન કે સંસ્થાઓ થોડું ઘણું ફંડ કર્યું હોય તે જાતે વાપરવાનો આગ્રહ કે મોહ રાખે છે ત્યારે બેચાર ભાઈ બહેનો જાય છે અને પૂરતી માહિતી અને પૂરતા સમયના અભાવે ગમે તેમ વિતરણ કરે છે. પરિસ્થિતિની માહિતી મેળવવા અને શું કાર્ય કરવાની જરૂર છે તથા કેવી રીતે કરવું તેનાથી પરિચિત થવા જાય; તે આવકારદાયક છે. પણ પછી વ્યવસ્થિત અને લાંબે ગાળે કામ કરતી સેવાભાવી, વિશ્વાસપાત્ર, અને જાણીતી સંસ્થાઓ મારફત કામ કરે તો જ નાણાંનો યોગ્ય સદુપયોગ થાય, આવી સંસ્થાઓ બહુ નથી. કેટલીક સંસ્થાઓ નવી થઈ છે અને એક જાતની હરીફાઈ જાગી છે. આવી સંસ્થાઓના કાર્યકરો કોણ છે, આગેવાનો કોણ છે, અનુભવ શું છે, વગેર પૂરું જાણી લેવું જરૂરનું છે.

સહાયની જરૂર પડે એવા લોકોના જુદા જુદા વર્ગો છે અને દરેકને ભિન્ન પ્રકારની સહાયની જરૂર રહે છે. ગરીબ, મજુર, ખેડૂત, વેપારી, મધ્યમ વર્ગ, સામાન્ય માણસો, ઉદ્યોગવાળા આ દરેકની જરૂરિયાત જુદી હોય છે.

સરકાર, મોટા પાયા ઉપર લાખો કરોડો રૂપિયાની સહાય કરે છે. મોટે ભાગે સરકારી તંત્ર સાથે મળીને સેવાભાવી સંસ્થાઓએ પોતાનો કાર્યપ્રદેશ નક્કી કરવો ઈષ્ટ છે.

એસોસિએશનો અને મંડળો ફંડફાળા કરે છે, તેનો ઉપયોગ જાણીતી સંસ્થાઓ મારફત થાય તો જ પૂરો સદુપયોગ થવા સંભવ છે.

સંસ્થાઓએ દાન મેળવવામાં પૂરો વિવેક જાળવવાની જરૂર છે. પોતાની શકિતનો ખ્યાલ રાખી, મળતા દાનનો પૂરો સદુપયોગ કરવાની તૈયારી હોય તેટલું જ દાન લેવું. વિશેષ મળતું હોય અથવા આપવા આવે તો પણ સ્વીકારતા સંકોચ અનુભવવો. દાન મેળવવા મોટી જાહેરાતો કરતાં વિચાર કરવો. વર્તમાનપત્રોમાં આવતાં સમાચારોમાં કેટલીક હરીફાઈ કે પ્રસિદ્ધિ જોવા મળે છે. તે આવા કાર્યોમાં ઈચ્છનીય નથી.

આવા પ્રસંગોએ કેટલુંક રાહતકાર્ય કોમ, જ્ઞાતિ, ધર્મ કે વ્યવસાયના ધોરણે થાય તે સ્વભાવિક છે. તેમાં કાંઈ ખોટું નથી. પણ સાર્વજનિક લક્ષ સર્વોપરિ રાખવું જોઈએ.

રાજકીય હેતુથી આવું રાહત કાર્ય થવું ન જોઈએ. થતું હોય તેને અનુમોદન મળવું ન જોઈએ.

મોરબી વિષે અત્યારે એમ કહી શકાય કે તાત્કાલિક રાહત પૂરતા પ્રમાણમાં મળી ગઈ છે. હવે લાંબા ગાળાની રાહત આપવાની રહે છે. પાણી, વીજળી, રસ્તાઓ, પુલ, બંધ, ગટરો, વગેરે કામ સરકાર જ કરી શકે. વેપાર ઉદ્યોગને મોટી સહાય, સરકાર

અથવા બેન્કો મારફત જ મેળવી શકાય. તેમાં વેપારી મંડળો સહાયભૂત થઈ શકે.

સેવાભાવી સંસ્થાઓ ગરીબ અથવા સામાન્ય સ્થિતિના માણસો અથવા કુટુમ્બોને તેમની રોજગારી યથાવત્ ચાલુ થાય ત્યાં સુધી, કદાચ છ મહિના સુધી નિભાવવાનું કામ કરે.

બીજું કામ, મકાનોના બાંધકામમાં સરકારને સહાયભૂત થવાનું અથવા પૂરક થવાનું, સારા પ્રમાણમાં કરી શકે. આ કામ ધીરજ અને સમય માગે છે. વ્યવસ્થિત રીતે ઠીક લાંબા સમય સુધી કામ કરવા તૈયાર હોય તેવી સંસ્થાઓ જ આ કામ સારી રીતે પાર પાડી શકે. આન્ધ્રમાં બે વરસ થયા તો પણ હજી તે કામ પૂરું થતું નથી. મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી ૪૦૦ મકાન બાંધવાનો નિર્ણય કર્યો છે. તેમાં હજુ ૨૭૨ બંધાયા છે. આ કામમાં સ્થાનિક કાર્યકર્તાઓનો પુરો સહકાર આવશ્યક છે. સેવાભાવી સંસ્થાઓએ પણ આ કામનું વિભાજન કરવાની જરૂર છે. એ વિભાજન સરકાર સાથે મળીને સારી રીતે થાય. આન્ધ્રમાં ત્યાંની સરકારે મકાનોના બાંધકામ માટે ગામડાઓની વહેંચણી કરી આપી હતી. સરકાર એલોટ કરે તે ગામમાં જ સંસ્થા મકાનો બાંધે. સ્ટીલ, સિમેન્ટ, પતરા તથા બીજો પુરવઠો સરકાર પડતર કિંમતે પુરો પાડે અને તે માટે મોટા મોટા ડેપો ખોલે તો જ કામમાં સરળતા રહે છે. કોઈ પણ પ્રકારની રાહત આપવામાં માણસોને વધારે પડતી અપેક્ષા પેદા થવા ન દેવી, તેમને લાલચુ ન બનાવવા બલ્કે, આફત આવી પડી છે તો થોડું સહન કરવાનું છે જ અને પોતાના પુરુષાર્થથી ઊભા થવાનું છે તે ભાવ જાગ્રત કરવો. જ્યાં આવો સહકાર ન હોય અને પ્રમાદ જોવા મળે ત્યાં, થોડી સખતાઈથી કામ લેવું પડે તો લેવું.

મોરબીમાં મહાવીર કલ્યાણ કેન્દ્ર શું કરે છે અને હવે શું કરવા ધારે છે તે વિશે સંક્ષેપમાં કહી દઉં.

પ્રથમ એ જણાવી દઉં કે કલ્યાણકેન્દ્ર સંપૂર્ણ સાર્વજનિક સંસ્થા છે. ભગવાન મહાવીરનું નામ છે એટલે જૈનો માટે સંસ્થા છે એવું બિલકુલ નથી. બિહારના દુષ્કાળ સમયે શ્રી. જયપ્રકાશ નારાયણની પ્રેરણાથી, મહાવીર જયંતિને દિને સ્થાપના થઈ, અને પ્રથમ સેવાકાર્ય, ભગવાનની જન્મભૂમિ, કર્મભૂમિ, અને નિર્વાણ ભૂમિમાં કરવાનું પ્રાપ્ત થયું, એટલે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર એવું નામ આપ્યું છે.

મહાવીર કલ્યાણ કેન્દ્ર કોઈ પણ પ્રસંગે રાહત કાર્ય માટે ફંડ કરે ત્યારે પ્રથમ તેની મેનેજિંગ કમિટીના સભ્યો પોતાનો ફાળો આપે છે. અને પછી જ બીજા દાનો લેવાય છે. મોરબીની હોનારત ૧૧મી ઓગસ્ટે બની. ૧૪મી ઓગસ્ટે મેનેજિંગ કમિટીની મિટિંગ બોલાવી અને ફંડ શરૂ કર્યું ત્યારે, કલ્યાણ કેન્દ્રના પોતાના ફંડમાંથી બે લાખ રૂપિયા આપ્યા અને ત્યારે હાજર રહેલ મેનેજિંગ કમિટીના સભ્યોએ રૂપિયા પાંચ લાખના વચનો આપ્યા. તેમાં શ્રી. રામકૃષ્ણ બજાજે રૂપિયા એક લાખ આપ્યા અને બીજા સાત સભ્યો, શ્રેયાંસ પ્રસાદ જૈન (પ્રમુખ) જગુભાઈ દોશી (અમર ડાઈકેમ) પ્રતાપ ભોગીલાલ (ઉપ પ્રમુખો) મનુભાઈ ચુનીલાલ (રૂબી મિલ) મનુભાઈ સંઘવી (ઓટોમોટિવ) કાન્તિલાલ કેશવલાલ (અરૂણોદય મિલ), સી. યુ. શાહ દરેકે પચાસ હજાર તથા મારા હસ્તકના ટ્રસ્ટો માંથી પચાસ હજાર મળી–ચાર લાખ જાહેર કર્યા. બીજા સભ્યોએ યથાશકિત રકમો લખાવી. કલ્યાણ કેન્દ્રને સારા પ્રમાણમાં બીજા દાનો મળ્યા છે.

શરૂઆતની તાત્કાલિક સહાય, અન્ન, વસ્ત્ર, વાસણો, રસોડાં, રોકડ સહાય–વગેરેમાં લગભગ રૂપિયા ત્રણ લાખ વપરાશે. બાકીની રકમ મુખ્યયત્વે મકાનોના બાંધકામમાં અને જરૂર પડે ત્યાં મકાનોના સમારકામમાં વપરાશે.

અંતમાં, કલ્યાણ કેન્દ્ર (માટે અને બીજી કોઈ પણ સંસ્થા માટે) દાન લઉં છું ત્યારે મારા મનમાં કેવા ભાવ રહે છે તે કહું છું. દાન આપનાર દાન આપી છૂટી જાય છે, તેની ફરજ પૂરી થાય છે પછી ધન લેનારની ફરજ શરૂ થાય છે. આવી જવાબદારીના પુરા ભાન સાથે દાન લીધું હોય તો દાન લેવા માટે જાહેરાત, ઉતાવળ કે ઉત્સુકતા દાખવવાની જરૂર નથી. સહજપણેથી, વિશ્વાસ મળે તેટલું જ લેવું. દાન આપનાર અને દાન લઈ તેનો સદુપયોગ કરનાર, બન્ને સત્કાર્યના સહભાગી છે. કોઈ દાન લાચારીથી લેવું નહિ.

મહાવીર કલ્યાણ કેન્દ્રમાં બાર વર્ષ સુધી કામ કરવાની મને તક મળી તે તો મારા જીવનનું સદભાગ્ય માનું છું–મેનેજિંગ કમીટીના બધા સભ્યો તથા મારા સાથી શ્રી છોટુભાઈ કામદાર તેમાં પુરા યશભાગી છે.

૧૨–૯–'૭૯ –ચીમનલાલ ચકુભાઈ

# રાજકીય સમુદ્ર–મંથન

રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડીએ પોતાના નિર્ણયથી રાજકીય ધરતીકંપ કર્યો. હવે, રાજકીય પક્ષો અને તેના આગેવાનો, રાજકીય સમુદ્ર મંથન કરી રહ્યા છે. વલોણું ખૂબ વેગથી ચાલે છે. આજે એક પક્ષમાં, કાલે બીજા પક્ષમાં, એક દિવસમાં બેત્રણ ફેરફબદલી પણ થાય. આ વેશપલટાઓ રમુજ ઉપજાવે છે, સાથે ખેદ પેદા કરે છે. વિરેન્દ્ર પાટિલ, ચીકમંગલુરમાં ઈન્દિરા ગાંધી સામે ઊભા રહ્યા. હવે ઈન્દિરા ગાંધીની કદમબોસી કરે છે. એટલું જ નહિ, લેખિત એકરાર કર્યો કે તમે મારા નેતા છો અને તમારામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે: સદોબા પાટીલ અને ભાનુશંકર યાજ્ઞિક, ઈન્દિરા ગાંધીની કુરનિશ કરવા નીકળી પડયા છે. ઉદ્યોગપતિઓ, ઈન્દિરા ગાંધીના દર્શન કરવા હારબંધ ઉભા રહે છે. ઈન્દિરા ગાંધીની સભા માટે સાંગલી–કોલ્હાપુરના ખાંડના કારખાનાના કામદારોને ખાવાપીવાનું અને રોજના રૂા. ૩૦ આપી લોરીઓ ભરી લઈ આવે છે તેમ 'ઈન્ડિયન એક્સપ્રેસ'નો અહેવાલ કહે છે.

દેવરાજ અર્સ હવે સ્વર્ણસિંઘ કોંગ્રેસના પ્રમુખ થાય છે. જનતા (એસ) અને કોંગ્રેસ (એસ)નું ચૂંટણી માટે જોડાણ થાય છે. રાજ્યોમાં અસ્થિરતા વધતી જાય છે. આસામ અને અરુણાચલમાં જનતા પક્ષની સરકારો પડી. મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, હરિયાણામાં પક્ષપલટાઓ ચાલુ છે. પંજાબમાં અકાલી–જનતા જોડાણ તૂટયું. મહારાષ્ટ્રમાં શરદ પવારની સરકાર ડોલે છે. વસંતરાવ પાટિલ, મોહિતે, તિડકે, બાલા સાહેબ દેસાઈ, હવે મિત્રો થયા છે. અને મહારાષ્ટ્રમાં અને ખાસ કરી વિદર્ભમાં, સવર્ણસીંગ કોંગ્રેસના કોટકાંગરા ક્યાં સુધી ટકશે તે વિશે શંકા છે. ગુજરાતમાં ચૂંટણી આવે છે અને રાજદ્વારી હિલચાલ વધી પડી છે. પ્રાદેશિક પક્ષો, અકાલી ડી. એમ. કે. એમ. ડી. એન. કે. કાંઠે ઉભા છે. કઈ બાજુ કુંદવું તે વિચારે છે. જનતા, જનતા (એસ), ઈન્દિરા કોંગ્રેસ, ત્રણમાંથી કોના ગાડે બેસવું તેની ગણતરી ચાલે છે. કહેવાતા ડાબેરી પક્ષો, સમાજવાદીઓ, સી. પી. આઈ. સી. પી. આઈ. (એમ.), ફોરવર્ડ બ્લોક, પી–ડબ્લ્યુ–પી (મહારાષ્ટ્ર), સત્તાની વહેંચણીની વાટાઘાટમાં પડયા છે. જનતા (એસ)–ચરણસિંહ–સરમુખત્યારશાહી અને કોમવાદી બળોનો સામનો કરવાની હાકલ કરે છે. જનતા–જગજીવનરામ–લોકશાહી સુદઢ કરવાનું કહે છે. ઈન્દિરા ગાંધી સ્થિરતા લાવવાના વચનો આપે છે. સ્થિરતા, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, આ બધા સૂત્રો, સત્તા ટાંગવાની ખીંટીઓ છે. બધા ગરીબી અને બેરોજગારી હટાવવાની નીકળ્યા છે, જ્યારે મોંઘવારી અને ફુગાવો ઝડપથી વધી રહ્યા છે.

ઈન્દિરા ગાંધીની નફ્ટાઈ વધતી જાય છે. કટોકટી દરમિયાન કરેલ અત્યાચારોનો હિમતથી ઈનકાર કરે છે અથવા બચાવ કરે છે. પોતાના પુત્ર સંજીવને લઈ વિનોબા પાસે જાય છે. દેશ આખામાં ઘૂમી વળવાની તાકાત છે.

આ સમુદ્ર મંથનમાં લોકોની મૂંઝવણ વધતી જાય છે. શું કરવું તે સુઝતું નથી. આ ભાંગરા નૃત્ય કરતા રાજકારણી વ્યક્તિઓમાં કોનો વિશ્વાસ કરવો? ચૂંટણીને હજી ત્રણ મહિના છે. આ ત્રણ મહિનામાં શું નહિ થાય? કેવા કેવા રંગ થશે? સિદ્ધાંતો, નૈતિક મૂલ્યો બધા ભૂલી જવા. મેઘાણીએ ગાયું છે:

આ સુર-અસુરના નવયુગી ઉદધિ વલોણો
શું છે ગતાગમ રત્નના કામીજનો ને.

સુર–અસુરનું આ જમાનાનું ઉદધિ વલોણું છે. બધા માત્ર રત્નના (સત્તાના) કામી છે. પણ તેમાંથી હળાહળ ઝેર નીકળશે તે પીવાવાળો કોઈ શંભુ નથી.

શુભ ચિહ્ન એક જ છે. હજી વાગયુદ્ધ જ ચાલે છે. માથા ફોડતા નથી. કે હિંસક સંઘર્ષ નથી. ચૂંટણી શાન્તિમય રીતે કરી શકીએ–પરિણામ ભલે ગમે તે આવે–તો ભાવિ માટે આશા છે, લોકશાહી જીવંત રાખવાની. દુનિયાના મોટા ભાગના દેશોમાં લોક-

શાહી મરીપરવારી છે ત્યારે ભારત જેવા મોટા દેશમાં હજી સ્વતંત્રતા છે, કાયદાનું રાજ્ય છે, શાન્તિમય માર્ગે રાજ્ય પલટો કરી શકીએ છીએ તે ગૌરવની વાત છે. આ નાનીસુની સિદ્ધિ નથી.

The biggest question mark over India's coming election is whether it will put power back in the very same hands whose previous abuse of it was condemned by the electorate two years ago.

સ્થિરતાને નામે સ્વતંત્રતા અને લોકશાહીનો ભોગ અપાશે કે અસ્થિરતાનો ભય વહોરી લઈને પણ લોકશાહી અને સ્વતંત્રતા જાળવશું અને આપખુદ સરમુખત્યારી બળોને પરાસ્ત કરીશું.

રાજકીય પક્ષો અને તેના આગેવાનો કરતા પ્રજાની ખરી કસોટી છે.

૧૩-૯-'૭૯ ચીમનલાલ ચકુભાઇ

# લોકશાહી સમાજવાદનું સાચું સ્વરૂપ

ઈન્દિરાબેને, આન્ધ્ર પ્રદેશમાં, તિરુપતિની બે કલાક આરાધના કર્યા પછી, કુરનુલમાંથી પોતાના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો અને પોતે "ડેમોક્રસી, સોશ્યોલિઝમ એન્ડ સેક્યુલારિઝમ" એટલે કે લોકશાહી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા" માટે લડી રહ્યા છે એમ જાહેર કર્યું હતું. સમાજવાદ એ શબ્દ આપણે માટે નવો હશે, પણ એની ભાવના આપણે માટે નવી નથી. वसुधैव कुटुंबकम् અથવા તો आत्मवत्सर्वभूतेषु વગેરે જેવાં આપણાં સૂત્રો, આપણી સમાજરચના અંગેનો આપણા પ્રાચીનોનો ખ્યાલ કેવો હતો તે બતાવી જાય છે, એટલું જ નહિ પરંતુ એ ખ્યાલમાં, સમાજવાદ અંગેના આધુનિક ખ્યાલના બીજ પણ દૃઢપણે રોપાયેલા હતા એવું પુરવાર કરી જાય છે.

પણ પ્રશ્ન સહેજે થાય છે, કે સમાજવાદ અંગેનો આધુનિક ખ્યાલ શું છે? યુ. એસ. એસ. આર એટલે કે સોવિયેતના સમાજવાદી રાજ્યોના સંઘમાં જે પ્રકારના "સમાજવાદ"નું આચરણ થાય છે તે સમાજવાદ અંગેના આધુનિક ખ્યાલનું એક સ્વરૂપ છે, તો ફેબિયન સમાજવાદીઓએ જે સોશિયલ ડેમોક્રસી એટલે કે સમાજવાદ પર આધારિત લોકશાહીની કલ્પના કરી છે તે સમાજવાદ અંગેના આધુનિક ખ્યાલનું બીજું સ્વરૂપ છે. આ બીજા સ્વરૂપનો પુરસ્કાર કરનારાઓ આજે ઈગ્લેન્ડમાં, ફ્રાંસમાં, ઈટાલીમાં, જર્મનીમાં એમ ઘણે ઠેકાણે છે. બ્રિટનની લેબર પાર્ટી પણ મહદંશે આ ખ્યાલનો પુરસ્કાર કરતી. બ્રિટનની લેબર પાર્ટીના ઘણા મહાનુભાવો સાથે પંડિત જવાહરલાલ નહેરુને અંગત મિત્રતા હતી અને એ મિત્રો પાસેથી પ્રેરણા લઈને જવાહરલાલે પણ ભારતમાં સોશ્યલ ડેમોક્રસી પર આધારિત શાસન અમલમાં આણવાનો પ્રયત્ન કર્યો હતો. એમની પુત્રી આજે પણ આવી રહેલી મધ્યસત્ર ચૂંટણીના ઉપલક્ષમાં સોશ્યાલિઝમ, ડેમોક્રસી અને સેક્યુલરિઝમની વાત કરે છે, પણ એની વાત અને વર્તનમાં કેટલું આભ-જમીનનું અંતર રહેલું હોય છે તે આપણે જોઈ લીધું, પણ બીજાઓ પણ દેશના હિત અંગે નીરક્ષીર ન્યાયે વિચાર કરીને જ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે એવી આશા વ્યકત કરીને સોશ્યલ ડેમોક્રસી અંગેનો એના પાશ્ચાત્ય પ્રણેતાઓના ખ્યાલ શું હતા તેની આપણે ચર્ચા કરીશું.

યુરોપના સોશ્યલ ડેમોક્રેટ જૂથના એક માનનીય મુખી હતા શ્રી. એન્થની ક્રોસલેન્ડ. ૧૯૭૭માં તેમનું અવસાન થયું હતું. બ્રિટનમાં જ્યારે મજૂર પક્ષની સરકાર હતી ત્યારે એ સરકારમાં તેમણે વિવિધ હોદ્દાઓ ભોગવ્યા હતા અને એક વખત તેઓ વિદેશ પ્રધાન પણ બન્યા હતા. સોશ્યલ ડેમોક્રસીનું ઘડતર યુદ્ધોત્તર અનુભવોના ઉપલક્ષમાં કેવી રીતે થવું જોઈએ એ અંગે તેમણે એક પ્રદીર્ઘ નિબંધ લખ્યો હતો, જેની યુરોપના અને બીજા દેશોના લોકશાહીસમાજવાદમાં માનનારાં ઘણાં મંડળોમાં ચર્ચા થઈ હતી, કારણકે આર્થિક લક્ષ્યાંકો અને રાજદ્વારી લક્ષ્યાંકો વચ્ચે કેવા પ્રકારનો સંબંધ રહેવો જોઈએ તેની એ નિબંધમાં વિશદ્ વિચારણા કરવામાં આવી હતી. એ નિબંધનો સાર ભાગ હમણા જ "અમેરિકન રિવ્યૂ"માં પ્રગટ થયો છે અને આ લેખના હેતુ માટે મેં એનો ઉપયોગ કર્યો છે.

શ્રી ક્રોસલેન્ડ કહે છે, કે "એક દિવસ આપણે ઊંઘમાંથી જાગીશું ત્યારે સમાજવાદનો સૂર્ય આપણે ઊગેલો જોશું એવું ઘણા ભોળા સમાજવાદીઓ ધારતા હતા, પણ સમાજવાદ એ એક એવી વાત છે જેની સ્પષ્ટ શબ્દોમાં વ્યાખ્યા થઈ શકે એમ નથી. સમાજવાદે આજે કોઈ વિશિષ્ટ સામાજિક આકાર ધારણ કર્યો નથી એટલું જ નહિ ભૂતકાળમાં પણ એણે એવો કોઈ આકાર ધારણ કર્યો નહોતો. સમાજવાદ શબ્દ તો સમાજના ઘડતર માટે જે સિદ્ધાન્તો, આકાંક્ષાઓ અને જે મૂલ્યાંક્નોને આપણે અપનાવવાં જોઈએ તેનું માત્ર વર્ણન કરે છે."

એ મૂલ્યાંક્નોનું વિશ્લેષણ કરતાં શ્રી ક્રોસલેન્ડ કહે છે, કે "સમાજવાદી સમાજરચનામાં સૌથી પહેલો અગ્રક્રમ ગરીબો અને દલિતોની સ્થિતિની સુધારણાના કાર્યક્રમને મળવો જોઈએ. સમાજ અને શાસન પાસેનાં સાધનો પર તેમનો પહેલો અધિકાર છે. આ પછી સમાનતાની ભાવનાના પ્રચારને પ્રાધાન્ય મળવું જોઈએ. અમારો સામાજિક સમાનતાનો ખ્યાલ એ છે, કે સમૃદ્ધિ, શિક્ષણવ્યવસ્થા, સમાજના વિવિધ વર્ગોનો દરજ્જો સત્તા અને ઉદ્યોગોમાંના વિશેષાધિકાર એ બધાંને સ્પર્શતી એક વ્યાપક સામાજિક સમાનતા. વર્ગવિહીન સમાજનું—સમાજવાદીઓનું જે જૂનું સ્વપ્ન છે તેનો અમે આ રીતે અર્થ કરીએ છીએ. આ પછી પરિસર ઉપરના કડક સામાજિક અંકુશની વાત આવે છે. આજે જ્યારે પ્રદૂષણનો પ્રશ્ન ઉગ્ર બન્યો છે ત્યારે ધનાઢયો ધનના જોરે સારો પરિસર ખરીદી શકે છે અને તેથી જ શહેરી વિસ્તારોની જમીનનો સમગ્ર સમાજના લાભ માટે ઉપયોગ થાય એવો કડક અંકુશ મૂકવો જરૂરી છે."

શ્રી. ક્રોસલેન્ડ કહે છે, કે ૧૯૭૦ પછીના દસકામાં સોશ્યલ ડેમોક્રેટોએ આ ત્રણ મુદ્દા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. ઇન્દિરાબેને પણ દલિતોના અને પીડિતોના ઉદ્ધારની વાત કરી છે અને ગંદા વિસ્તારોની નાબૂદીની વાત કરી છે. ગરીબી હઠાવવાની વાત કરી છે અને સમાનતાના ધોરણે સમાજની રચનાની વાત કરી છે પણ એમના અગિયાર વર્ષના શાસનકાળ દરમિયાન એવું કાંઈ થયું છે. ખરું? ખેદની વાત છે, કે જનતા પક્ષ જેવા બીજાઓ પણ સમાજને બદલવાની દિશામાં કાંઇ કરી શકયા નથી અને તેથી જ ઇન્દિરાબેન સામી છાતીએ જનતા સમક્ષ આવી શકે છે અને મત માટે માગણી કરી શકે છે. હું તો માનું છું કે ઇન્દિરાબેનની આ માગણીનો પ્રજા પૂરતા પ્રમાણમાં પ્રતિસાદ આપશે તો તે પ્રજા માટે એક મોટા દુર્ભાગ્યની ઘટના હશે. કારણકે ઈન્દિરાબેનનુ સરમુખત્યારશાહી માનસ બદલાયું નથી. (દુનિયાની કોઈ તાકાત મને ચૂંટણીમાં ઊભી રહેતી અટકાવી શકે એમ નથી એવા એમના અહંકારમાં આ સરમુખત્યારશાહી માનસની ગંધ નથી આવતી?) અને તેઓ જો સત્તાપર આવશે તો પ્રજા ઉપર સરમુખત્યારશાહીનો કોરડો બેવડા જોરથી વીંઝાશે. આજે લોકો કહે છે, કે ઈન્દિરાબેનનું કટોકટી દરમિયાનનું શાસન સારું હતું. શ્રી. ક્રોસલેન્ડે પોતાના નિબંધમાં આવા લોકોને સુંદર જવાબ આપ્યો છે. તેઓ કહે છે કે: "બીજા વિશ્વયુદ્ધ પહેલાં, નાઝી જર્મની ક્રૂર સરમુખત્યારશાહી દક્ષતાની સાક્ષાત મૂર્તિ ગણાતું. છતાં, યુદ્ધની અંતિમ ક્ષણો જયારે આવી ત્યારે લોકશાહી બ્રિટને, પોતાનાં સઘળાં સાધનોનો વધારે દક્ષતાથી ઉપયોગ કરી જાણ્યો હતો અને યુદ્ધમાં પડેલાં બધાં જ મોટાં રાષ્ટ્રોમાં ઈટાલી દયાજનક રીતે રેઢિયાળ પુરવાર થયું હતું."

શ્રી. ક્રોસલેન્ડ આગળ ચાલતાં કહે છે કે, યુદ્ધોતર કાળમાં, સામ્યવાદી દેશોના ઝડપી આર્થિક વિકાસથી મારા સમાજવાદી મિત્રો અકળાયા હતા. તેઓ તો કહેતા હતા, કે આ વિકાસ સરમુખત્યારશાહીને કારણે શકય બન્યો છે. પણ આપણે જો તાત્ત્વિક રીતે જ વિચાર કરીશું તો જણાશે કે કોઇ પણ દેશનો આર્થિક વિકાસ સરમુખત્યારશાહીને કારણે વધારે ઝડપી બન્યો હોવાનું જણાશે નહિ. સોવિયેત યુનિયનને લાખો ટન ઘઉં બહારથી ખરીદવા પડે છે. જયારે જર્મની અને જાપાનનો વિકાસ આશ્ચર્યજનક છે. બીનસામ્યવાદી દેશોમાં પણ જે સરમુખત્યારશાહી દેશો છે તે જ સૌથી પછાત છે. એથી જ આપણું સૂત્ર તો હોવું જોઈએ: સ્વાતંત્ર્ય અને સમાનતા."

શ્રી. ક્રોસલેન્ડના જેવી જ ભાવના વિદ્રોહી ગણાતા લેખક આઈવાન ઇલીચે વ્યકત કરી છે. "સમાજવાદ" વિષે લખતાં તેમણે જણાવ્યું છે કે "સમાજવાદની ઝડપ તો બાઈસીકલની ઝડપ જેવી છે પણ એને પેટ્રોલ ખૂટી જવાની કે એનાં વીજળીજોડાણો બગડી જવાની કોઈ ધાસ્તી નથી." આપણે ત્યાં જવાહરલાલના શાસનથી માંડીને આજ સુધીના બધા શાસકોએ સમાજવાદની

માનવું, કહેવું અને ચિતરવું, તેમ જ તેવો પ્રચાર કરવો તેમાં પ્રભુ અને તેની દિવ્યતાની અવગણના જણાય છે. તે માધ્યમ દ્વારા જ આખા યે વિશ્વની ગતિપ્રવૃત્તિઓ ચાલી રહી છે, તે દ્વારા જ મહાન સંત લોકો જગત પર અવતરીને સમાજ અને દેશને તારવાનો પુરુષાર્થ કરી શકે છે. ભગવાન મહાવીર, બુદ્ધના અસ્તિત્વ માટે પણ આ જ માધ્યમ જવાબદાર છે. તે માધ્યમને અદિવ્ય કેમ કહી શકાય? ખરેખર જે અદિવ્ય છે તે તો તેનો અતિચાર છે, અને બીજું છે માનવીનું મન. જે દિવ્યને અદિવ્ય બનાવી શકે છે અને અદિવ્યને દિવ્ય પણ બનાવી શકે છે. તે બેઉ સંભાવનાઓથી ભરેલું મન જે છે તે જો સારુ કેળવાયેલું અને સાધના દ્વારા સધાયેલું હોય તો તે કોઈ પણ માધ્યમનો યથાર્થ રીતે ઉપયોગ કરી જાણે છે.

વિશ્વમાં કોઈ ચીજ ખરાબ નથી. પ્રભુએ ઉત્પન્ન કરેલી સર્વ ચીજો સારી જ છે, પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે થાય છે, તેના પર તેના સારા નરસાપણાનો આધાર રહેલો છે. અને તે ઉપયોગ કરનારું તો પાછું પેલું મન જ છે. એટલે જ જ્ઞાની લોકો મનને સંસ્કાર મુક્ત કરવા કહે છે.

"विसं खारगतम् चित्तम्
तण्हानम रवय मज्झगा ।"

પાલીભાષાના આ શ્લોકમાં કહે છે કે નિષ્ઠાપૂર્વકની સાધનાને અંતે સાધકને એ પ્રતીતિ થાય છે કે "આ ચિત્ત સંસ્કારમુક્ત બની ગયું છે, અને તૃષ્ણામાત્રનો સ્વયં-ક્ષય થઈ ગયો છે, હવે હું તદ્દન મુક્ત છું."

ઉપર જણાવ્યું તેમ સેક્સનો અતિચાર ખરાબ વાત છે. બાકી વિવેકપૂર્ણ–સંયમિત ઉપયોગ તો દિવ્ય અને જ્ઞાની બાળકોને જન્મ આપી શકે. મહાન સંતોના જન્મ આ માધ્યમદ્વારા જ થયા હતા, અને થશે. તેને અપવિત્ર કે ખરાબ કેમ માની શકાય?

કોઈ એક સુવર્ણકાળમાં ભારતવર્ષમાં કેટલીક જાગૃત માતાઓએ આત્મજ્ઞાની બાળકોનાં નિર્માણ માટે આધ્યાત્મિક પ્રયોગો કરેલા, અને તેનાં સફળ પરિણામો મેળવેલાં. તે પ્રયોગ દ્વારા નિર્માણ થયેલાં બાળકો ખરેખર તેમના પરિવાર, સમાજ અને દેશને માટે આશીર્વાદરૂપ નીવડેલાં.

તેમાં માતા મદાલસાનું જ્વલંત ઉદાહરણ યાદ આવે છે. તેમણે તો માત્ર પોતાની સંતતિ જ જ્ઞાની બને તેના કરતાં પોતાની આખી વંશવેલ એટલે કે પેઢી-દર-પેઢીએ જ્ઞાની બાળકો જ પાકે તેવો અદ્દકો પ્રયોગ સફળ રીતે કરેલો, તેવા પ્રયોગને અદિવ્ય કે અપવિત્ર શી રીતે કહી શકાય?

તેઓનાં હાલરડાં પણ તેવા જ સૂચનાત્મક, મધુર અને જ્ઞાનયુક્ત હોય છે. માતા મદાલસાનું પ્રસિદ્ધ હાલરડું સ્મરણે ચઢે છે:

सिध्धोऽसि बुध्धोऽसि निरंजनोऽसि
संसारमायापरित्यज्यतोऽसि ।
संसारस्वाप्नस्त्यज मोहनिद्राम्
मदालसा वाक्यमु वाच पुत्रम् ।।

આ હાલરડામાં સંસાર તજવાનું નહીં, પરતુ "સંસારની માયા" એટલે કે આસક્તિ તજવાનું કહેલું છે. મૂળમાં સંસાર પોતે ખરાબ નથી, પરંતુ જ્ઞાનીની દષ્ટિએ તેની આસક્તિ-માયા ખરાબ છે. જ્ઞાનીની દષ્ટિ તો હકારાત્મક (પોઝિટિવ) હોવાથી તેને મન સર્વ ચીજોમાં પ્રભુનાં સૌંદર્યનાં જ દર્શન થવાનાં. કોઈ ચીજ અશુભ, ખરાબ કે ભદ્દી તરીકે તે જોતા કે ચીતરતા નથી. આ સંદર્ભમાં, સંત તુલસીદાસની પંક્તિઓ યાદ કરવા જેવી છે:

रागद्वेष गुणदोसमय, तुलसी यह संसार
हंसवंस पय गहहिं परिहरि वारिविकार ।।

આ સંસારમાં રહેલી ઘણી ઘણી ખરાબીઓમાંથી પણ હંસદષ્ટિ રાખીને કશું સારું શોધવાનું સંતો કહે છે. જ્યારે સામાન્ય રીતે આપણે અધિકાંશ સારામાંથી ખરાબ શોધવાની પ્રવૃત્તિ કરતા રહીએ છીએ.

આપણે એક દાગીનો બનાવવો હોય છે ત્યારે અત્યંત કાળજીપૂર્વક તેની ડિઝાઈન નક્કી કરીએ છીએ, તેનું ચિત્ર બનાવડાવીએ છીએ, તેમાં ઉચિત ફેરફારો થાય છે અને ત્યારબાદ તેને ઘડાવવાનો ઓર્ડર આપીએ છીએ. અને તે સર્વ રીતે સુંદર બનેલો દાગીનો તૈયાર થાય છે ત્યારે તે પહેરીને ખુશાલી અનુભવીએ છીએ. એક સાડી ખરીદવી હોય છે ત્યારે તેનું વણાટ, તાણાવાણા, મજબૂતી, રંગ, ડિઝાઈન આદિ બરાબર પસંદ પડયા પછી જ ખરીદી થાય છે. તેને માટે કેટલીયે દુકાનો ઢૂંઢી કાઢીએ છીએ.

બાહ્ય શૃંગારની વસ્તુઓ–પદાર્થો માટે આપણે જેટલી કાળજી કરીએ છીએ તેટલી કાળજી આપણા ઘરની અને રાષ્ટ્રની શોભારૂપ બાળકોનાં નિર્માણ અને સંસ્કાર માટે પણ જો લઈ શકાય તો કેવાં સુંદર પરિણામો લાવી શકાય? એક જમાનામાં જેવા સફળ પ્રયોગો થઈ શકયા, તેવા પ્રયોગો જાગૃત માતાઓ આજે પણ શકય બનાવી શકે, અને શાંત અહિંસક, બહાદુર, મન અને તનથી તંદુરસ્ત, પ્રભુપ્રેમી, રાષ્ટ્રપ્રેમી પ્રજાનું નિર્માણ કરી શકે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

મુક્ત લોકો જ ખરા અર્થમાં યથાર્થ રીતે સંસાર ચલાવી જાણે, સારી સંતતિ નિર્માણ કરી શકે. અજ્ઞાની લોકો તો અજ્ઞાનનો જ વિસ્તાર કરી શકે, તેમજ અજ્ઞાનીઓની જ ફોજ વધારી શકે એક વૈજ્ઞાનિકે અડસટ્ટો કાઢયો છે કે એક દંપતી દ્વારા ૧૦૦ વર્ષમાં પાંચ લાખ લોકો પેદા થાય છે. હવે આ દંપતી જો અજ્ઞાની હોય તો બહુસંખ્ય અજ્ઞાનીઓ જ નિર્માણ થાય, અને જો તે દંપતી જ્ઞાની હોય તો જ્ઞાનીઓનો વિસ્તાર વધે. એટલે ખરી રીતે જોઈએ તો સંસાર ચલાવવાનો તેમ જ બાળકો નિર્માણ કરવાનો અધિકાર આવા જ્ઞાની મુક્ત લોકોને જ હોવો ઘટે.

હા, આમાંના કેટલાક જ્ઞાનીઓ સંસારમાં પડવા નથી માગતા, તો ત્યાં તેમના શિષ્યોરૂપી સંતતિ તેઓનો લાભ લઈ શકે છે. સંસાર કરવો ન કરવો તે મહત્ત્વનું નથી, પરંતુ તે વ્યક્તિમાં પ્રગટેલી પ્રભુચેતનાનો વિસ્તાર તે કેવી રીતે કરે છે તે મહત્ત્વનું છે.

સંમિલન (સેક્સ)ની ઈચ્છાની પાછળ મૂળભૂત ભાવ–પ્રેરણા વંશવેલને વધારવાની જ હોઈ શકે. પરંતુ જેમ કોઈ પણ વસ્તુને બે પાસાં હોય છે, તેમ આ માધ્યમ પણ તેના મૂળ ભાવે-અસલ સ્વરૂપે દિવ્ય હોવા છતાં તેના વિકૃત સ્વરૂપે હોય છે, નિકૃષ્ટ છે. સંસાર કરવો અને સંમિલન દ્વારા સંતતિ નિર્માણ કરવી તે માધ્યમને ખરાબ તરીકે જાણવું કે ચીતરવું તેમાં સંકુચિતતાની પરિસીમા જણાય છે.

જ્ઞાનીઓ સંસાર ન કરી શકે તે માન્યતા પણ બરાબર લાગતી નથી. ઉલટું એવો નિયમ હોવો ઘટે કે જ્ઞાની થયા પછી જ લગ્ન થઈ શકે. તેઓ જ સંસાર કરવાના અધિકારીઓ ગણાવા જોઈએ. તેઓ એવી વૈજ્ઞાનિક રીતે સંસાર ચલાવે કે જેથી શાંત, અહિંસક અને જ્ઞાની પ્રજાનું જ નિર્માણ થતું રહે.

સ્થૂળ અને સૂક્ષ્મનો પૂ. ચીમનભાઈ જે રીતે અર્થ સમજાવે છે તે બધું ખરા અર્થમાં સ્થૂળ જ છે. કારણ કે બહારનું જે કંઈ જોઈએ છીએ તે જ બધું મનમાં સંઘરાય છે. અને તે જ વિચારરૂપે ક્રોધ, મોહ, લોભ, "કામવાસના સર્વ પ્રકારના ઈન્દ્રિયસુખોપભોગની તીવ્ર અભિલાષા" રૂપે બહાર પડે છે. મનમાં સંઘરાયું તેથી તે સૂક્ષ્મ થઈ શકતું નથી. તેને સૂક્ષ્મ કહી શકાય નહીં. સૂક્ષ્મ અને દિવ્ય જે છે તે તો દેહ અને મનની ભૂમિકાથી પરની વાત છે. "જે" જેમ છે તેને તે જ રીતે જાણવાથી સંકુચિતતાનાં વાદળાં હટી જવાનો સંભવ છે. જ્ઞાન જ્યારે આવા જડતાનાં અને અજ્ઞાનનાં આવરણોને ભેદે છે ત્યારે જ "દિવ્ય-મિલન" સધાય છે, જીવ-બ્રહ્મ, આત્મા-પરમાત્માનું મિલન. પછી ત્યાં કોઈ બે નથી. માત્ર એકાકારપણું જ રહે છે. અણુઅણુમાં પ્રભુચેતના પ્રવિષ્ટ થાય છે અને જીવચેતનાને પ્રભુચેતનામાં ફેરવી નાખે છે. આપણી રોજિંદા ઉપયોગની સામાન્ય બુદ્ધિને પ્રજ્ઞામાં પરિવર્તિત કરી આપે છે. આનું નામ જ "ઋતંભરા પ્રજ્ઞા" જાગૃતિ. સત્ય, કેવળ અને નકરું સત્ય જ, જે "ઋત" છે તેમાં આ પ્રજ્ઞાજાગૃતિ દ્વારા પ્રતિષ્ઠિત થવાનું બને છે. જે માનવમાત્રના જીવનનું અંતિમ લક્ષ્ય છે.

આ આખીએ મૂળભૂત પ્રક્રિયાને યથાર્થરૂપે ન સમજવાનો આગ્રહ સેવીને તો માત્ર "પોતાની જાતને છેતરવાનું" જ ફલિત થાય.

મને જે લાગ્યું તે અતિ નમ્રપણે વ્યક્ત કર્યું છે. તેમાં કશો અવિનય થયો હોય તો પૂ. ચીમનભાઈ ઉદાર હૃદયથી ક્ષમા કરી

દેશે તેવો પૂર્ણ વિશ્વાસ છે.

આદિ શંકરાચાર્યનો સુંદર શ્લોક જે ફેબ્રુ.ના અંકના મારા લેખને અંતે આપેલો છે, તે એક જ શ્લોક અને તેનો અર્થ શાંતિ અને ધીરજથી વાંચવામાં આવે તો તેમાં સ્પષ્ટ જણાવેલું છે કે "વિષયસુખ તે નિત્યાનંદનો અતિ અલ્પ અંશમાત્ર છે." આવા મહાપુરુષે લખેલી વાતમાંથી એ સમજાય છે કે "યોગ-વિજ્ઞાનના પાયામાં સ્થૂળ સેક્સ કારણભૂત બની હોય." શ્રી ચીમનભાઈના લેખના બીજા પેરા આખાનો ખુલાસો, અરે તેમના આખા લેખનો ખુલાસો, આ શ્લોક અને તેના અર્થમાં સમાઈ જાય છે.

અનેક સંશયાત્માઓનાં હૃદયમાંથી સંશયોને વાળીઝૂડીને સાફ કરી નાખે, નિર્મૂળ કરી નાખે તેવી આશા અને વિશ્વાસ સાથે પુનરાવર્તનનો દોષ વહોરીને પણ ફરી એકવાર તે શ્લોક અને તેના અર્થને રજૂ કરીને વીરમીશ.

यद्वत्सौख्यं रतान्ते निमिषमिह
मनस्येकताने रसे स्यात् ।
स्थैर्ये यावत्सुषुप्तौ सुखमनतिशयं
तावदेवाथ मुक्तौ ।।
नित्यानंद: प्रशान्ते हृदि तदिह
सुखस्थैर्ययो : साहचर्य ।
नित्यानंदस्य मात्रा विषयसुखमिदं
युज्यते तेन वक्तुम् ।। (शतश्लोकी –७४)

અર્થ:–"જેમ સ્ત્રી-પુરુષના મૈથુનના અંત સમયે આંખના એક પલકારા સુધી સુખ અનુભવાય છે, કારણ કે આ મન તે વેળા રસમાં એકતાન થયું હોય છે; વળી સુષુપ્તિમાં પણ મનની જ્યાં સુધી સ્થિરતા હોય છે, ત્યાં સુધી જ નિરતિશય સુખ અનુભવાય છે. પરંતુ જીવન્મુકિતમાં તો મન સદાને માટે અત્યંત શાંત અને સ્થિર થયું હોય છે, તેથી નિત્યનો પરમઆનંદ રહે છે. આ ઉપરથી જણાય છે, કે સુખ અને સ્થિરતા (મનની) એ બંનેનું સાહચર્ય છે. (જેટલી મનની સ્થિરતા તેટલું જ તેની સાથે સુખ હોય છે.) અને તેથી જ આમ કહેવું યોગ્ય છે કે આ વિષયસુખ (મનની અલ્પકાળની સ્થિરતાની સાથે રહેનારૂં અને તુચ્છ હોઈ) નિત્યનો બ્રહ્માનંદનો અતિ અલ્પમાત્ર અંશ જ છે. એટલે શાશ્વત અને અનંત સુખ અને આનંદ તો સ્વયંમાં પૂર્ણ પ્રતિષ્ઠિત થવામાં જ રહેલો છે તે વાત નક્કી છે."

પૂર્ણિમા પકવાસા

# ભેજાના એ કસરતબાજના શિક્ષણના ખ્યાલો

ભારતમાં શિક્ષણના કથળેલા ધોરણ અંગે અને જરીપુરાણી બ્રિટિશ પદ્ધતિથી હજુ પણ ચાલતી કોલેજો અંગે લોકો બળાપો કાઢે છે, પણ કોઈએ હજી સુધી કેળવણી અંગે પોતાના નક્કર વિચારો રજૂ કર્યા નથી. ગાંધીજીએ નઈ તાલીમની વાતો મૂકેલી તે તેમના મૃત્યુ પછી સૌએ અભરાઈ ઉપર ચઢાવી દીધી.

આઈન્સ્ટાઈનના ન સમજાય એવા સિદ્ધાંતો હશે પણ તેની સમજાય એવી કેટલીક વાતો છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન વિષેની એ વાત તો પ્રચલિત છે કે "સ્કૂલબોય" તરીકે, એટલે કે સંસ્થાકીય શિક્ષણની દૃષ્ટિએ તે તદ્દન નિષ્ફળ ગયેલાં વિદ્યાર્થી હતા. પોતે જ સ્કૂલના વર્ગોને ધિક્કારતા હતા, એના વર્ગના પાઠોમાં કંઈ કરતા નહિ. હાઈસ્કૂલમાંથી કાઢી મૂકાયેલા અને કૉલેજની પ્રવેશપરીક્ષામાં તે નાપાસ થયા હતા. છતાંય આઈન્સ્ટાઈને એક સ્કૂલમાં 'હાજરી' આપેલી અને તે સ્કૂલ જ તેમના વિદ્યાર્થીજીવનના ધબડકા પછી ગૌરવરૂપ બની હતી.

આઈન્સ્ટાઈને તેના ઉત્સાહમાં જાહેર કરેલું કે વિદ્યાર્થીને મુકત રાખો પણ તેના વિચારોને શિસ્તમય બનાવીને તે મુકિત અને વિચારોની શિસ્તનું સંયોજન થવું જોઈએ. આ સંયોજનને તેઓ "શિક્ષણની લોકશાહી" તરીકે ગણાવતા હતા. બિસ્માર્કના સમયના જર્મનીમાં જે જથ્થાબંધ પદ્ધતિનું શિક્ષણ હતું તેના ત્રાસમાંથી એટલે જ આઈન્સ્ટાઈન મુકત રહ્યા હતા. ૧૮૯૫થી ૧૮૯૬ના ગાળામાં તેમના જીવનનો અને યૌવનનો સુવર્ણકાળ હતો. તે સમયે તેમણે મુકત સમાજની શિક્ષણની ફિલસૂફી વિષેના પોતાના વિચારો સ્પષ્ટ કર્યા હતા.

(૧) કોઈ નિયત સ્ટાન્ડર્ડ પ્રમાણેની વ્યકિત ઘડવાથી સમાજનું કંઈ વળે નહિ. યુવક કે યુવતીની મૌલિક શકિતઓ અને તેમના વ્યકિતગત ધ્યેયોને. મહત્ત્વ આપવું જોઈએ. એમ ન થાય અને બીબાં-ઢાળ વિદ્યાર્થીઓ. તૈયાર થાય તો તે એક કંગાળ સમાજ પેદા કરે છે. તેનો વિકાસ શકય નથી.

(૨) સ્વતંત્ર રીતે વિચારી શકે અને સ્વતંત્ર રીતે કામ કરી શકે તેવી વ્યકિતઓ તૈયાર કરવા માટેની તાલીમ હોવી જોઈએ. જો કે આવી વ્યકિતઓએ તેમના જીવનના ઉચ્ચ ધ્યેયો અને સમસ્યાઓને સમાજની સેવા સાથે વણી લેવાં જોઈએ.

(૩) શાળાનું ધ્યેય એવું હોવું જોઈએ કે વિદ્યાર્થી એક તાલબદ્ધ અને વિવિધ શકિતવાળી વ્યકિત બનીને બહાર નીકળે, નહિ કે એક સ્પેશ્યાલિસ્ટ બની જાય.

યુવક તરીકે આઈન્સ્ટાઈન હાઈસ્કૂલમાં નાપાસ રહ્યા હતા. મ્યુનિકની કસરતશાળામાં તો ઠેર પુરવાર થયા હતા. પરંતુ તેમના મેથેમેટિક્સના શિક્ષકે તેમને એક ભલામણ ચિઠ્ઠી આપેલી તેમાં લખેલું:

"એ ક્ષેત્રમાં (મેથેમેટિક્સમાં) તે કૉલેજ લેવલની કેળવણી લેવા માટે લાયક છે." આ ભલામણ ચિઠ્ઠીથી તે કૉલેજમાં દાખલ થઈ શક્યા હતા.

પછીથી તેઓ એક વર્ષ સુધી તેમનાં માતાપિતા સાથે ઈટાલીમાં રહ્યા હતા. તે ગાળામાં તેઓ ગામડામાં કલા અને સંગીતનો અચ્છો પરિચય કરી શક્યા. બીજા એક વર્ષ સુધી તેમણે પોતાની મેળે જ્ઞાન મેળવ્યું. છેલ્લે તેઓ પરીક્ષા માટે બેસવા ગયા જેથી કરીને તેમને જર્મનીમાં (ઝુરિકમાં) ફેડરલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મળે.

"આ સંસ્થામાં મારી કસોટી કરાઈ ત્યારે મને જણાયું કે મારું સ્કૂલનું પ્રાથમિક શિક્ષણ કેટલું રેઢિયાળ હતું. હું હાઈસ્કૂલમાં અગાઉ નાપાસ થયો તે વાજબી હતું". આ પ્રમાણે આઈન્સ્ટાઈને તેમની આત્મકથામાં લખેલું છે.

બે પ્રોફેસરોએ આઈન્સ્ટાઈનનો પક્ષ ખેંચ્યો. એક પ્રોફેસરે તેમને છૂટ આપી કે સંસ્થામાં તેઓ પ્રોફેસરના લેક્ચરમાં હાજર રહી શકશે. બીજા પ્રોફેસર–આલ્બેન હારજોગે સ્વીટઝરલેન્ડની એક કૉલેજ પ્રેપેરેટરી સ્કૂલ ઉપર ચિઠ્ઠી લખી આપી અને પદાર્થવિજ્ઞાન અને ભૂ-વિજ્ઞાનના વિષયમાં તેમને પાકા થવા માટે કહ્યું. ઉપરાંત જીવનવિજ્ઞાન અને ભાષામાં પણ થોડું પ્રાવીણ્ય મેળવવા કહ્યું. આટલા વિષયોમાં આઈન્સ્ટાઈન કાચા હતા. એ પ્રકારે સ્વીટઝરલેન્ડમાં ભણ્યા પછી આઈન્સ્ટાઈનને ઝુરિકની સંસ્થામાં પ્રવેશ મળ્યો હતો.

સ્વીટઝરલેન્ડના અરાઉ ગામની "કેન્ટોનલ કૉલેજ પ્રેપેરેટરી સ્કૂલ"નાં વખાણ પછીથી મૃત્યુ પહેલાં તેમણે લખ્યાં હતાં.

આઈન્સ્ટાઈને લખ્યું છે કે "સારા અને ચપળ વિદ્યાર્થી થવા માટે તમારામાં સંકલનની શકિત હોવી જોઈએ. સારા વિદ્યાર્થીએ તેની સામે મુકાયેલી તમામ ચીજો કે વિષયો ઉપર તેની શકિતઓ કેન્દ્રિત કરવી જોઈએ"

આઈન્સ્ટાઈને લખ્યું છે કે "એક મિત્ર મને મળી ગયો. તેનામાં આ બધા ગુણો હતા. એ મિત્ર ન મળ્યો હોત તો હું ખાસ કંઈ કરી શક્યો ન હોત. એ મિત્રનું નામ હતું માર્સેલ ગ્રોસમન, આ મિત્રના પિતા દ્વારા આઈન્સ્ટાઈને સ્વીસ પેટન્ટ ઑફિસમાં નોકરી મેળવી હતી અને તે નોકરી દ્વારા જ એક વિજ્ઞાની તરીકે આઈન્સ્ટાઈનને પોષણ મળ્યું અને વિકાસની તક મળી.

પરંતુ કેન્ટોનલ સ્કૂલમાં તેઓ બીજાની સાથેના સંબંધોમાં પોતાના મનની શકિત વિષે ઘણું શીખ્યા. ત્યાં તેઓ મુકત વિચાર કરનાર એક વ્યકિત તરીકે રહેતાં શીખ્યા અને એમ કરવા માટે તેમને શાળામાંથી પ્રોત્સાહન મળ્યું. છ વર્ષની જર્મન સ્ટાઈલની તાનાશાહી કેળવણી પદ્ધતિની સરખામણીમાં સ્વીટઝરલેન્ડની સ્કૂલના મુકત વાતાવરણમાં અને સ્વતંત્ર વ્યકિતત્વ વિકસાવવાના અનુકૂળ સંયોગોમાં તેઓ બહુ ખીલ્યા. રાજકારણમાં લોકશાહી હોય તેમ શિક્ષણમાં લોકશાહી હોવી જોઈએ તેમ આઈન્સ્ટાઈન કહે છે.

એટલે આઈન્સ્ટાઈન એ તારણ ઉપર આવ્યા કે શિક્ષણમાં કેન્દ્રીકરણ ન હોવું જોઈએ. શિક્ષકોને સ્વતંત્રતા હોવી જોઈએ. વાચન માટેના વિષયો અને શિક્ષણ માટેની પદ્ધતિમાં શિક્ષકને તમામ છૂટ હોવી જોઈએ.

ક્રાન્તિ ભટ્ટ

# ☆ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને થયેલ અર્થપ્રાપ્તિ ☆

## સંઘને ભેટ

૧૧૦૦૦ મે. એશિયન પેઈન્ટસ ઈન્ડિયા લિ.
૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રી નરેન્દ્ર વેલજી શાહ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૩૫૧ શ્રી સુનિલ વિ. દોશી
૩૦૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧ ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૨૫૧ ,, ચીમનલાલ જે. શાહ
૨૫૧ ,, કે. પી. શાહ
૨૫૧ ,, એ. જે. શાહ
૨૫૧ ,, ગણપતલાલ મ. ઝવેરી
૨૫૧ ,, ટોકરશી કે. શાહ
૨૫૧ ,, ધીરજલાલ ફૂલચંદ શાહ
૨૫૧ ,, મે. લાઈટ હાઉસ
૨૫૧ ,, એસ. ડી. દફતરી
૨૦૦ જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧૫૧ સુબોધભાઈ એમ. શાહ
૧૫૧ રતિલાલ ચી. કોઠારી
૧૫૧ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧ ,, દામજી વેલજી શાહ
૧૫૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૫૧ ,, સી. એન. સંઘવી
૧૦૧ ,, એન. જે. મહેતા
૧૦૧ ,, ડૉ. રમણલાલ ચી. શાહ
૧૦૧ ,, પ્રો. તારાબેન આર. શાહ
૧૦૧ શ્રી અમર જરીવાળા
૧૦૧ શ્રીમતી કમલબહેન પીસપાટી
૧૦૧ શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ
૧૦૧ ,, ચંપકલાલ એમ. અજમેરા
૧૦૧ ,, પન્નાલાલ આર. શાહ
૧૦૧ સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહ તથા સૌ. પાર્વતીબહેનના સ્મરણાર્થે
૧૦૧ શ્રી લખમશી નેણશી
૧૦૧ ,, કુમુદબહેન એસ. શેઠ
૧૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ ,, પ્રવીણભાઈ નગરશેઠ
૧૦૧ ,, રમેશ તેજસી છેડા
૧૦૧ ,, મૂળચંદ નાનાલાલ
૧૦૧ ,, પોલી રબર ઈન્ડસ્ટ્રીઝ
૧૦૧ શ્રીમતી કાન્તાબહેન લાખાણી
૧૦૧ ,, મીઠાબહેન માલદે
૧૦૧ શ્રી જયંતિલાલ જેસંગભાઈ
૧૦૧ ,, એ. આર. શાહ
૧૦૧ ,, બાબુભાઈ જે. શાહ
૧૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦ શ્રીમતી નીરુબહેન એસ. શાહ
૧૦૦ શ્રીમતી સરલાબહેન ઝવેરી
૧૦૦ ,, વિદ્યાબહેન મહાસુખલાલ
૧૦૦ શ્રી જાદવજી એમ. સાવલા
૧૦૦ ,, મુક્તાબહેન એલ. સંઘવી
૧૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧ ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૫૧ શ્રીમતી ગુણવંતીબહેન ચોક્સી
૫૧ શ્રી મહેન્દ્ર શાંતિલાલ શાહ
૫૧ શ્રીમતી સુવર્ણાબહેન દલાલ
૫૧ શ્રી સુખલાલ એમ. મહેતા
૫૧ ,, દીપચંદ એલ. સંઘવી
૫૧ ,, શાન્તાબહેન પારેખ
૫૧ ,, ધારસી કરમશી
૫૧ શ્રીમતી મંજુલાબહેન બી. સંઘવી
૫૧ ,, ચંચળબહેન આનંદલાલ સંઘવી
૫૧ ,, મધુસૂદન એચ. શાહ
૫૦ ,, એક બહેન તરફથી
૩૧ શ્રીમતી વસુમતીબહેન પારેખ
૩૦ ,, ઝવેરબહેન નથુભાઈ પારેખ
૨૫ ,, કોકિલાબહેન જે. શાહ
૨૫ એક બહેન
૨૫ શ્રી જયંતીલાલ ચુનીલાલ
૬૮ પચ્ચીસથી નીચેની રકમો

૨૧૯૫૮

## "પ્રેમળ જ્યોતિ" પ્રવૃત્તિને પ્રાપ્ત થયેલી રકમો

૧,૫૦૦ શ્રીમતી ગીતાબહેન દીપકભાઈ મોદી
૨૫૧ ,, મધુબહેન કે. દીવાનજી
૫૦૧ ,, ભારતીબેન જગદીશ શાહ
૫૦૧ ,, નરેન્દ્ર વેલજી શાહ
૫૦૦ ,, ગીતાબહેન દીપકભાઈ મોદી
૩૦૦ ,, કિરીટભાઈ ખાટડિયા
૧૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ મે. પોલી રબર ઈન્ડસ્ટ્રીઝ
૧૦૧ શ્રીમતી મીઠીબહેન માલદે
૮૦ શ્રી અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૫૧ શ્રીમતી સુધાબહેન ઝવેરી
૫૧ ,, ગંગાવતીબહેન ચોક્સી
૫૧ એક સન્નારી તરફથી
૫૧ શ્રી જયંતિલાલ ચુનીલાલ
૫૧ શ્રીમતી શાન્તાબહેન એમ. પરીખ
૫૧ શ્રી ધારસી કરમશી
૫૧ ,, ગુણવંતીબેન ચોક્સી
૫૧ ,, મંજુલાબેન બી. સંઘવી
૫૦ ,, અંજનાબેન વોરા
૫૦ ,, જયમતી રતનચંદ પારેખ
૨૫ ,, દીપચંદ કેશરીચંદ શાહ
૨૫ એક સન્નારી તરફથી
૨૧ ,, મહેન્દ્રભાઈ ટી. શાહ
૨૧ શ્રીમતી રેખા એચ. શાહ
૨૧ ,, પ્રમોદાબહેન શાહ
૨૧ ,, ચુનીલાલ જે. શાહ
૧૧ ,, રજનીકાન્ત હાજી

૩૫૮૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અપીલના અનુસંધાનમાં

## મોરબી રેલ-રાહત ફંડમાં પ્રાપ્ત થયેલી રકમો

૧,૧૦૦ મે. વિનર બુક સેન્ટર
૧,૦૧૧ શ્રી રશ્મિ ભૂપતરાય મહેતા (સ્વ. ઉમિયાશંકર ભાઈચંદ મહેતાના પૌત્ર)
૧,૦૦૧ શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧,૦૦૦ ,, ઈન્દુમતીબહેન કે. મુનસફ
૧,૦૦૦ ,, વસુમતીબહેન ચુનીલાલ પારેખ
૧,૦૦૦ ,, ભાગવતીબહેન સોનાવાળા
૧,૦૦૦ ,, ચીમનલાલ ચકુભાઈ શાહ
૧,૦૦૦ ,, એ. જે. શાહ
૧,૦૦૦ ,, કે. એમ. દીવાનજી
૧,૦૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧,૦૦૦ ,, એક સન્નારી
૧,૦૦૦ ,, એ. જે. મહેતા એન્ડ કું.
૫૦૧ શ્રી ટોકરસી કે. શાહ
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રી ગણપતભાઈ મ. ઝવેરી
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સન્નારી
૫૦૦ પાલણપુર કલા કેન્દ્ર
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રીમતી રતનબહેન જેઠાભાઈ માલદે
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રી વીરેન્દ્ર પી. શાહ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સન્નારી
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સન્નારી
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રી જયંતિલાલ જેશીંગલાલ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૩૦૦ શ્રીમતી મુક્તાબહેન એલ. સંઘવી
૨૫૧ શ્રી દામજી વેલજી શાહ
૨૫૦ એક સદ્‌ગૃહસ્થ
૨૫૦ એક સદ્‌ગૃહસ્થ
૨૫૧ શ્રી કે. પી. શાહ
૨૫૧ ,, સી. એમ. અજમેરા
૨૫૧ ,, અમર જરીવાળા
૨૫૧ ,, સુબોધભાઈ એમ. શાહ
૨૫૧ શ્રીમતી માલતીબહેન મુનસીફ

# ★ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ ★

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનોનું અવલોકન ડૉ. રમણભાઈએ ગત અંકમાં આપ્યું છે. આ વખતે વ્યાખ્યાન સ્થળ બદલીને કારણે મુકત વિશાળ, અને પ્રસન્ન વાતાવરણનો સૌને અનુભવ થયો. એનો સૌને સંતોષ અને આનંદ રહ્યો સભાગૃહ રોજ જ ખીચોખીચ ભરેલું રહ્યું હતું. એટલું જ નહિ સભાગૃહની પરસાળમાં મૂકેલી ખૂરશીઓ પણ ભરાઈ જતી હતી. છેલ્લાં ત્રણ દિવસ તો બગીચામાં પણ ખૂરશીઓ મૂકવામાં આવી હતી.

વ્યાખ્યાનની શરૂઆતમાં ભજનો રહેતાં જે વાતાવરણને પવિત્ર અને પ્રસન્ન બનાવતાં. આ વખતના ભજનિકો હતા: શ્રીમતી અલકા શાહ, સ્મિતા ગાંધી, બાગેશ્રી પરીખ, લતા ગજ્જર ગુણવંત પુજારા, સુચિતા અધિકારી, પુરરવા પંડયા, શારદા ઠક્કર, વાસંતી દાણી આ બધા ભજનિકોને મેળવી આપવામાં શ્રીમતી નીરુબહેન શાહ જે પરિશ્રમ લીધો એ માટે અમે તેઓના ખૂબજ આભારી છીએ.

આ ઉપરાંત શ્રીમતી નિરુબહેને નવેય દિવસ પ્રવેશદ્વારે ઊભા રહી સંઘની થેલીમાં જે અર્થ ભેગું કરાવી આપ્યું એ માટે પણ અમે તેઓના ખૂબજ આભારી છીએ

કારોબારીનાં સભ્યોનો શ્રોતાઓનો, સભાગૃહનાં મેનેજમેન્ટનો ઠક્કર કેટરરવાળા શ્રી રમણભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ અને દિલીપભાઈનો પણ અમે આભાર માનીએ છીએ.

અને અંતમાં વર્તમાનપત્રોએ વ્યાખ્યાનમાળાને પ્રસિદ્ધિ આપી એ માટે વર્તમાનપત્રોના તંત્રીઓનો, જન્મભૂમિના કલમ અને કિતાબના સંપાદક શ્રી કૃષ્ણવીર દિક્ષીતનો તથા રાજશ્રી ઈલેકટ્રોનિકવાળા પ્રવીણભાઈનો પણ અમે આભાર માનીએ છીએ.

એશીયન પેઈન્ટસવાળા શ્રી ચંપકભાઈએ વ્યાખ્યાનમાળાનાં ખર્ચ પેટે રૂા. ૧૧૦૦૦ જેવી માતબર રકમ આપી એ માટે અમે અમારો આનંદ વ્યકત કરીએ છીએ.

ડૉ. રમણભાઈએ એમનો કિંમતી સમય આપી પ્રમુખસ્થાનેથી જે સુંદર સંચાલન કર્યું એ માટે ડૉકટર શ્રી. રમણભાઈનો અમે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી. રસિકભાઈ ઝવેરી અમને હંમેશ પ્રેરણા આપતાં રહે છે એ માટે અમે તેઓનાં ખૂબ ખૂબ આભારી છીએ.



ડૉ. રમણલાલ શાહને સુખડનો હાર પહેરાવી રહેલા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

## પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંદર્ભમાં ડૉ. રમણભાઈનું સન્માન

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિનાં સંદર્ભમાં વ્યાખ્યાનમાળાનાં પ્રમુખ ડૉ. રમણભાઈનું સન્માન કરવા એક સિમીત આકારનો મેળાવડો સંઘની કારોબારીનાં સભ્ય શ્રી. ટોકરશી ભાઈનાં નિવાસસ્થાને ગ્રાન્ડ પેરેડીમાં ગુરુવાર તા. ૩૦મી સપ્ટેમ્બરનાં રોજ સાંજના સમયે યોજવામાં આવ્યો હતો.

સમારંભની શરૂઆતમાં સંગીત યુગલ શ્રી ભરતભાઈ પાઠકે તથા શ્રીમતી વનલીલાબહેને એમના મધુર કંઠે ભજનો રજૂ કરી વાતાવરણને વિશેષ પ્રસન્ન બનાવ્યું હતું. સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે શાહે સૌને હાર્દિક આવકાર આપ્યો હતો. ત્યાર બાદ શ્રી. સુબોધભાઈએ તથા શ્રી. ગણપતભાઈએ પર્યુષણ વ્યાખ્યાનમાળાને મળેલી સફળતાથી પોતાનો આનંદ વ્યકત કર્યો હતો. "બિરલા ક્રીડા કેન્દ્રનું સભાગૃહ હજીસુધી દષ્ટિએ જોતાં સૌને આવકાર્ય બન્યું હતું. એટલે ભવિષ્યમાં આજ સ્થળે વ્યાખ્યાનમાળા યોજાય એવું સૂચન પણ તેઓએ કર્યું હતું.

---

૨૫૦ શ્રી કાન્તિલાલ ભાઈચંદ શાહ
૨૦૧ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૨૦૧ ,, રમેશ વી. શેઠ
૨૦૦ શ્રીમતી સરલાબહેન ઝવેરી
૨૦૦ ,, શ્રી વસનજી વેલજી
૨૦૧ એક સદ્‌ગૃહસ્થ
૨૦૦ શ્રીમતી સદ્‌ગુણાબહેન ઝવેરી
૧૫૧ શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૧૫૧ ડૉ. રમણલાલ ચી. શાહ
૧૫૧ પ્રો. તારાબહેન આર. શાહ
૧૫૧ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૧૫૧ ,, મગનલાલ રવજી શાહ
૧૫૧ એક સદ્‌ગૃહસ્થ
૧૫૧ ડૉ. ચીમનલાલ એન. શ્રોફ
૧૫૧ એક સન્નારી
૧૫૧ શ્રી સી. એન. સંઘવી
૧૧૧ ,, ચીમનલાલ એન. શાહ
૧૦૧ શ્રીમતી ચન્દ્રકલાબહેન પ્રવીણચન્દ્ર શાહ
૧૦૧ ,, કમલબહેન પીસપાટી
૧૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ શ્રીમતી હંસાબહેન સુરાના
૧૦૧ ,, તારાબહેન ચીમનલાલ શ્રોફ
૧૦૧ ,, પુષ્પાબહેન ભણશાલી
૧૦૧ શ્રી દીપચંદ કેશરીમલ શાહ
૧૦૧ ,, ઈન્દુલાલ હિંમતલાલ વોરા
૧૦૧ ,, દેવચંદ ઘેલાભાઈ શાહ
૧૦૧ ,, ચંદ્રકાન્ત ડાહ્યાભાઈ શાહ
૧૦૧ ,, બાબુભાઈ જ. શાહ
૧૦૧ ,, મનસુખલાલ મોહનલાલ
૧૦૧ ,, કાશીબહેન નંદલાલ પારેખ
૧૦૧ ,, જિતુભાઈ દલાલ
૧૦૧ એક સન્નારી
૧૦૧ એલીજન્ટ એન્ટરપ્રાઈઝ
૧૦૧ એક સન્નારી
૧૦૧ એક સન્નારી
૧૦૧ એક સન્નારી
૧૦૧ શ્રી વિનયચન્દ્ર સી. પરીખ
૧૦૧ ,, એ. આર. શાહ
૧૦૧ ,, દલપતભાઈ ડી. મહેતા
૧૦૦ શ્રીમતી મહાલક્ષ્મીબહેન મણિલાલ
૧૦૦ શ્રી પ્રેમચંદ પોપટલાલ ચંદેરિયા
૧૦૦ એક સન્નારી
૧૦૦ શ્રી કપિલ ચુનીલાલ
૫૧ ,, મોહનલાલ ઠાકોરલાલ કોઠારી
૫૧ એક સદ્‌ગૃહસ્થ
૫૧ શ્રીમતી સુધાબહેન ઝવેરી
૫૧ શ્રી હીરાલાલ અનોપચંદ શાહ
૫૧ શ્રીમતી નીલમબહેન ઝવેરી
૫૧ એક સન્નારી
૫૧ શ્રી મધુસૂદનભાઈ એચ. શાહ
૫૧ ,, બાલદર્શન
૫૧ શ્રીમતી કાન્તાબહેન વકીલ
૫૧ શ્રી શિરીષ વી. મહેતા
૫૧ ,, મહેન્દ્ર ઠાકોરદાસ શાહ
૫૧ ,, ઈન્દુલાલ બી. મહેતા
૫૦ ,, જાદવજીભાઈ માડલુ
૫૦ પ્રો. રજનીબહેન ધ્રુવ
૫૦ શ્રી વિજયરાજ વી. શાહ
૩૧ શ્રી વિપિન શાહ
૩૦ શ્રી આશિષ શાહ
૨૫ શ્રીમતી રાજુલ શાહ
૨૧ શ્રી રમણીકલાલ જોશી
૧૮૪ પચ્ચીસથી નીચેની રકમો.

૩૫૦૨૭

(૧૦)





ડૉ. રમણલાલ શાહ સન્માનનો ઉત્તર આપી રહ્યા છે.

ત્યારબાદ ડૉ. રમણભાઈનું શ્રી. ચીમનલાલ ચકુભાઈએ સુખડના હારથી સન્માન કર્યું હતું.

સન્માનનો જવાબ આપતાં ડૉ. રમણભાઈએ કહ્યું "પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં પ્રમુખસ્થાને મને મૂકવામાં સૌ મિત્રોનો પ્રેમ જોઉં છું. વ્યાખ્યાનમાળાનાં વક્તાઓ અને વિષયો નક્કી કરવામાં કારોબારીનાં સભ્યોના સૂચનો ઉપર હું હંમેશ ધ્યાન આપું છું. વક્તાઓનો સહકાર પણ મને મળે છે. વ્યાખ્યાનમાળાના ઉત્તરોત્તર વિકાસમાં નાના મોટાં સૌનો સહકાર રહેલો છે. વ્યાખ્યાનમાળા મારે માટે ઓતરખોજની યાત્રા છે."

શ્રી. ચીમનલાલ ચકુભાઈએ ડૉ. રમણભાઈને આશીર્વાદ આપતાં કહ્યું "ડૉ. રમણભાઈનું સન્માન એ આપણી ફરજ છે. મારો સ્વાનુભવ છે કે જે નિષ્ઠાપૂર્વક અને નમ્રતાપૂર્વક કામ કરે છે એને હજાર ગણો બદલો મળે છે. આપણું આ વ્યાખ્યાનમાળાનું કામ ઈશ્વરનું કામ છે. સારા કાર્યોમાં મદદ પણ અણધારી મળે છે. ડૉ. રમણભાઈએ સંઘને એમની સેવા વર્ષો સુધી આપવાની છે." સંઘના બીજા મંત્રી શ્રી. કે. પી. શાહે આભારવિધિ કરતાં કહ્યું કે "કોઈ પણ કાર્યમાં જો શ્રદ્ધા દૃઢ નિશ્ચય અને વિધેયાત્મક વલણ હોય તો એ કાર્યને હંમેશ સફળતા મળે છે. સ્વ. પરમાનંદભાઈનો પરિવાર આજે ગૌરવ લઈ શકે એમ છે કે સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપ અને વિસ્તાર વધ્યો છે. આપણે સૌ જે ટીમ સ્પીરીટથી કામ કરીએ છીએ. એજ ટીમ સ્પીરીટથી કામ કરતા રહીએ આ મેળાવડા માટે શ્રી. ટોકરશીભાઈ તથા શ્રીમતી જયાબહેને જે પ્રેમથી અને હૃદયની જે ઉષ્માથી અમને નિમંત્રણ આપ્યું એ માટે અમે એમનાં અત્યંત આભારી છીએ.

ત્યાર બાદ સૌ ભોજનને ન્યાય આપી પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડયા હતા.

ચીમનલાલ જે. શાહ
કે. પી શાહ
મંત્રીઓ, મુંબઈ જૈનયુવક સંઘ

# પ્રેમળ જ્યોતિ

સામાન્ય કુટુંબોને વૈદ્યકીય તેમ જ આર્થિક સહાય પૂરી તપાસ કર્યા બાદ અપાય છે અને કેટલાય કુટુંબો માટે આ પ્રવૃત્તિ આશિર્વાદરૂપ બની રહી છે.

બાળકો માટે અભ્યાસના પુસ્તકો-સ્કૂલ ફી પણ જૂજ પ્રમાણમાં અપાય છે. સારા અને સાચી જરૂરિયાતવાળા ઘણા કુટુંબો લીસ્ટ ઉપર છે, જેમને આવી સહાયની ખૂબ જ જરૂર છે. એટલે પોતાની રકમ અમુક રીતે જ વપરાય, તે રકમના વ્યાજમાંથી જ વપરાય, એવી સમજણથી પણ દાન આપી શકાય છે. ઘણા ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને મુંઝવણ હોય છે કે દાન તો આપવું જ છે, પરંતુ યોગ્ય રીતે સાચો ઉપયોગ થઈ શકે એના માટે દિશાસૂચનની તેમને જરૂર હોય છે. તો "પ્રેમળ જ્યોતિ"માં આપાયેલી પાઈએ પાઈ તપાસ કર્યા બાદ ખૂબ જ જરૂરિયાતવાળી વ્યક્તિને જ અપાય છે. માટે આવા ટ્રસ્ટોની પોતાની રકમ પ્રેમળ જ્યોતિને આપવા માટે નિમંત્રણ આપવામાં આવે છે.

થોડા સમય પહેલાં સારા સાડલા માટે અહિંથી માગણી કરેલી. લગભગ ૧૭૫ સાડલા મળેલા તે વહેંચી આપવામાં આવેલ છે. હજુ પણ તેની સારા પ્રમાણમાં માગ ઉભી છે. તો સંઘના કાર્યાલયમાં સાડલા મોકલી આપવા માટે પણ આથી વિનંતિ કરવામાં આવે છે.

શાન્તિલાલ ટી. શેઠ, કાર્યાલય મંત્રી

## અભ્યાસ-વર્તુળ

વક્તા: પ્રા. બકુલ રાવળ
(શ્રી. એમ. ડી. શાહ મહિલા કોલેજ-મલાડના પ્રિન્સિપાલ)
વિષય: "નવી નેતાગિરિ અને આપણે"
સમય: સોમવાર તા. ૨૪-૯-૭૯ સાંજના ૬-૧૫
સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

સુબોધભાઈ એમ. શાહ, કન્વીનર, અભ્યાસ વર્તુળ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટ. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૧

મુંબઈ, ૧ ઓકટોબર ૧૯૭૯, સોમવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## મનની અસ્વસ્થતા

આપણાં દેશમાં અને દુનિયાના કેટલાક દેશોમાં જે બનાવો બની રહ્યા છે તેથી મન ઘણું અસ્વસ્થ થઈ જાય છે. અંગત રીતે ચિન્તા કે ભયનું કોઈ કારણ ન હોવા છતાં, અને વ્યવહારિક રીતે વિચારીએ તો બધી રીતે સુખી હોવા છતાં, મનને ચેન પડતું નથી. કોઈ અમંગળ થવાનું હોય અને તે માટે કોઈ કારણ જાણતા ન હોઈએ તેથી ઊંડે ઊંડે મનમાં વ્યથા રહે અને અશાન્તિ અનુભવાય તેમ થાય છે. ચારે તરફની અસ્થિરતાથી એમ થાય છે, કે શું થવા બેઠું છે. કાંઈ લખવાનું પણ મન થતું નથી. શું લખવું અને લખવાથી પણ શું? અને છતાં લખવું હોય તો ઘણું લખવાનું છે એવી વિરોધી પરિસ્થિતિ છે. શું દુનિયા આવી જ ચાલ્યા કરશે? સંસાર અસાર છે એમ માની આ વાતનો વિચાર કરવો જ છોડી દેવો? નિરૂપાય, અને અસહાય, જોયા કરવું? એવા બળો કામ કરી રહ્યા છે કે જેના ઉપર આપણો કોઈ કાબૂ નથી? ખાવું, પીવું, સુવું, યંત્ર પેઠે નિયત કાર્યો કરવા, ધંધો કરવો, કમાવું, કાંઈક સમાજસેવા કર્યાનો સંતોષ લેવો, બધું ચાલ્યા કરે છે છતાં કયાંય સંતોષ નથી, શાન્તિ નથી. કર્યું તો ય શું, ન કર્યું તો ય શું?

આપણા દેશની વાત લઈએ. આટલો બધો સ્વાર્થ, સત્તા અને ધનલોલુપતા કયાં લઈ જશે? રાજકારણે જે વંટોળ પેદા કર્યો છે, તે જીવનના બધા ક્ષેત્રોને ઘેરી લે છે. એક દાખલો લઈએ. હરિયાણાના મુખ્યમંત્રી ભજનલાલે બંસીલાલ સામેના ચાર કેસ પાછા ખેંચી લીધા. કારણ એમ આપ્યું કે દેવીલાલે બંસીલાલને અન્યાય કર્યો હતો તે દૂર કરવો જોઈએ. કેટલું જુઠ્ઠાણું? બંસીલાલના દુષ્કૃત્યો છાપરે ચડીને પોકારે છે. સુપ્રીમ કોર્ટના જજ જગમોહન રેડીનો અહેવાલ આ ભયંકર દુષ્કૃત્યોને ઉઘાડા પાડે છે અને સબળ પુરાવા રજૂ કરે છે. ભજનલાલને ઉડાવવા દેવીલાલ ધમપછાડા કરે છે. તેમાંથી બચવા અને ઈન્દિરા ગાંધીના પક્ષના ધારાસભ્યોનો ટેકો મેળવવા, બંસીલાલ સામેના કેસો પાછા ખેંચ્યા. ચાગલાએ પ્રકોપ ઠાલવ્યો. મારું મન પણ ખૂબ અસ્વસ્થ થયું કે આવું બને જ કેમ? પણ શું કરવું? વળી મનને એમ થાય કે એમાં આપણે શું? જે થાય તે થવા દો. પણ એમ સહન નથી થતું એટલે અજંપો થાય છે.

બીજો દાખલો લઉં. વારંવાર, સીધી કે આડકતરી રીતે કહેવામાં આવે છે કે જગજીવનરામે, ઈન્દિરા ગાંધી સાથે કોઈ અંદરની સમજૂતી કરી છે. અથવા છેવટ ચૂંટણી પછી ઈન્દિરા ગાંધીના પક્ષમાં ભળી જશે. સંભવ છે કે આ સાવ જુઠ્ઠાણું હોય. જનતા પક્ષને તોડવા અથવા જગજીવનરામને નિર્બળ બનાવવા ઈન્દિરા ગાંધીના પક્ષનો જુઠો પ્રચાર હોય. ચરણસિંહ કહે છે, આ વાતના પુરાવા છે. બિહારમાં જનતાના મુખ્ય મંત્રીને ઈન્દિરા ગાંધીના પક્ષે ટેકો આપ્યો. હરિયાણામાં ભજનલાલે ઈન્દિરા ગાંધીના પક્ષના ધારાસભ્યોનો ટેકો લીધો. આ બધું કાંઈ અંદરની સમજણ વિના થયું? જગજીવનરામ વિષે વિશ્વાસ પડતો નથી. આગામી ચુંટણીમાં એકંદરે જનતા પક્ષને ટેકો આપવો એવું અત્યારે મારું વલણ છે. પણ જો આ સાચું હોય અથવા સંભવિત પણ હોય તો જગજીવનરામને અને તે સાથે જનતા પક્ષને ટેકો કેમ અપાય? શું કરવું?

આટલી બધી અનૈતિકતા સંભવે? તો શું ઘર ઝાલીને બેસી રહેવું? આની સામે લડવું? કેવી રીતે? વળી એમ થાય કે આ સંસાર અસાર છે, એમ જ ચાલ્યા કરશે. પણ વાત ભૂલાતી નથી. એનું શું થાય?

રાજકારણ છોડી બીજા એક બે દાખલા લઈએ. કાપડ બજારના ગુમાસ્તાઓ હડતાળ ઉપર છે. દુકાનો ખોલવા દેતા નથી. તોફાન કરે છે. વેપારીઓએ તાળાબંધી કરી. ગુમાસ્તાઓ કહે છે બોનસ બે વર્ષથી નક્કી કર્યા મુજબ નથી આપ્યું. વેપારીઓ કહે છે, થયેલ કરાર મુજબ બોનસ આપ્યું છે. આનો કાંઈ ઉપાય નહિ? સરકાર જોયા કરે છે. સમાજ જોયા કરે છે. માલિક અને મજૂરોના ઝગડાઓના નિરાકરણ માટે ગાંધીજીએ નવો માર્ગ બતાવ્યો હતો. મજૂર મહાજન રચ્યું. સરકારે ઘણાં કાયદા કર્યા છે. બધું કયાં ગયું?

કોચીનમાં તાતા ઓઈલ મિલમાં ૫૦ દિવસથી હડતાળ છે. મિલના અધિકારીઓના ૨૫ કુટુમ્બો મિલના કમ્પાઉન્ડમાં વસે છે. તેમને ઘેરો ઘાલ્યો છે. તોફાન થાય છે. પોલીસ જોયા કરે છે.

ચુંટણી આવી રહી છે ત્યારે મુસલમાનો સંગઠન કરી, પોતાના મત માટે કીંમત માગે છે. રાજકીય પક્ષો મત મેળવવા સોદાબાજી કરે છે. લઘુમતી કોમનું રક્ષણ થવું જોઈએ, એક વાત છે. લઘુમતી કોમ બહુમતી ઉપર શીરજોરી કરે તે જુદી વાત છે. જનસંઘ કોમવાદી કહેવાય, અકાલીદલ કે મુસ્લીમ લીગ નહિ.

દુનિયાના કેટલાક તાજા બનાવો વિચારીએ. લોર્ડ માઉન્ટબેટનનું ખૂન થયું. આયર્લેન્ડને, ૫૦ વર્ષની લડત પછી, સ્વતંત્રતા મળી તે સાથે, આપણી પેઠે, દેશના ભાગલા થયા અને અલ્સ્ટર—ઉત્તર આયર્લેન્ડ—રચાયું. ત્યાં બધા ખ્રિસ્તી છે પણ પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયની બહુમતી, કેથોલિક લઘુમતીમાં, રાજતંત્રમાં પ્રોટેસ્ટન્ટ કેથોલિકને દૂર રાખે છે. વર્ષોથી હિંસક ઘર્ષણ ચાલે છે. બ્રિટિશ લશ્કર ત્યાં પડયું છે પણ અસરકારક પગલાં લઈ શકતું નથી. કેથોલિક બન્ને આયર્લેન્ડને એક કરવાનું કહે છે. તો કેથોલિકની બહુમતી થાય. તેમના ખાનગી સૈન્યે ઘણાં ભોગ લીધા. છેલ્લો ભોગ, બ્રિટિશ રાજ કુટુમ્બના નબીરા માઉન્ટબેટનનો લીધો. ઘણો ઉહાપોહ થયો. પણ લશ્કરી તાકાત વધારવા સિવાય કાંઈ સૂઝતું નથી.

ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના આરબોનો સંઘર્ષ ૩૦ વર્ષથી ચાલે છે. પેલેસ્ટાઈન મુકિત દળ પી. એલ. ઓ. ખૂનો કરે છે અને તેના ખૂનો થાય છે.

પ્રમુખ કાર્ટરનો રાષ્ટ્રસંઘનો પ્રતિનિધિ એન્ડ્રૂ યંગ હબસી છે. માર્ટીન લ્યુથર કીંગનો શિષ્ય છે. તેણે હિંમત કરી, પેલેસ્ટાઈન મુકિતદળના પ્રતિનિધિઓ સાથે ૧૫ મિનિટ ખાનગી વાતચીત કરી. અમેરિકાની યહુદી લોબીનું એટલું બધું જોર છે કે યંગે રાજીનામું આપવું પડયું. પરિણામે, અમેરિકામાં હબસીઓ અને યહુદીઓ સામે, સંઘર્ષ વધ્યો. પ્રમુખ કાર્ટરની પ્રતિષ્ઠાને ફટકો પડયો. પેલેસ્ટાઈન મુકિત દળનું જોર વધ્યું. ઈઝરાઈલ છેડાયું.

રહોડેશિયા, વિયેટનામ, કેમ્બોડિયા, ઈરાન, અફઘાનસ્તાન, બધે હિંસક સંઘર્ષો વધતા જાય છે.

કયુબામાં અક રશિયન લશ્કરી ટુકડી લગભગ ૩૦૦૦ માણસો છે. તે માહિતી મળતાં અમેરિકામાં ભારે ઉહાપોહ થયેલો. રશિયા અમેરિકાના સંબંધોમાં તંગદીલી વધી.

અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો બુમરાણ કરે છે અને વાત કદાચ સાચી હોય કે રશિયાની અણુશકિત અને લશ્કરી તાકાત એટલી બધી વધી ગઈ છે કે અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો

ભયમાં છે અને તેથી તેમણે પોતાની લશ્કરી તાકાત હજી પણ વધારવી જોઈએ. લશ્કરના શસ્ત્ર સરંજામ અને ખર્ચના આંકડાઓ વાંચતા મગજ ફરી જાય તેવું છે. રશિયાને કેમ પોસાતું હશે?

આ બધું વાંચતા મન અસ્વસ્થ થઈ જાય છે. દેશના અને દુનિયાના આવા બનાવો પ્રત્યે ઉદાસીનતા સેવવાનું "ધૈર્ય" નથી. પણ નિરૂપાયતાનો ખેદ છે. માણસ સરળતાથી, ઋજુતાથી, ન્યાયથી, નહિ જ વર્તે?

ડૉ. આલબર્ટ સ્વાઈત્ઝરે પોતાની આત્મકથામાં કહ્યું છે:

Two perceptions cast their shadows over my existance. One consists in my realisation that the world is inextricably mysterious and full of suffering; the other in the fact that I have been born in a period of spiritual decadence in mankind.

મારા અસ્તિત્વ પર બે અનુભૂતિની છાયા પડેલી છે. એક અનુભૂતિ એ છે કે આ જગત અકળ રીતે રહસ્યમય અને દુ:ખ ભરપૂર છે. બીજી અનુભૂતિ એ છે કે માનવ જાતના આધ્યાત્મિક અધ:પાતના સમયમાં મારો જન્મ થયો છે.

આજે ડૉ. સ્વાઈત્ઝર હોત તો તેને શું લાગત? ૧૯૩૧માં આ લખ્યું. છતાં, ત્યાર પછી ૩૪ વર્ષ સુધી સ્વાઈત્ઝર અંત સુધી કર્મયોગી રહ્યા.

ગીતા ઉપર લખતાં, રાજગોપાલાચારીએ લખ્યું છે:

The first impulse of a religious mind is and indeed, the older teachers displayed a leaning towards, abstaining from activity and renouncing the world. The Gita, however, definitely rejected this solution. The ethic of the Gita is pre-eminently a social one-Social life must go on.

ધાર્મિક વૃત્તિના માણસનું પ્રથમ વલણ અને ખરેખર તો પ્રાચીન ધર્મગુરુઓ જેના તરફ ઢળતા રહ્યા છે તે કોઈ પણ પ્રવૃત્તિથી દૂર રહેવાનું અને સંન્યાસ લેવાનું રહ્યું છે. ગીતાએ આ અભિગમનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો છે. ગીતાનું નીતિશાસ્ત્ર મહદ્ અંશે સામાજિક છે. એટલે સમાજ જીવનનું સાતત્ય જળવાવું જોઈએ.

માનવ જીવનના આ બે વલણો વિષે કોઈ વખત લખીશ. અત્યારે તો માત્ર મારું મનોમંથન ટપકાવું છું. આ ચિત્રની બીજી બાજુ છે જેમાંથી કાંઈક આશ્વાસન મળે છે. તે વિષે પણ કોઈ વખત લખીશ.

**ચીમનલાલ ચકુભાઇ**

## મોરબી રેલ – રાહત ફંડમાં પ્રાપ્ત થયેલી રકમો

| | |
|---|---|
| ૩૫,૦૨૭/- | ગતાંકમાં પ્રગટ થયેલી રકમોનો સરવાળો. |
| ૫,૦૦૦/- | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ |
| ૫૦૦/- | શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૪૦,૫૨૭/- | |

**ચીમનલાલ જે. શાહ. – કે. પી. શાહ, મંત્રીઓ**

## ક્ષમાયાચના

ગતાંકમાં સંઘના ફાળામાં રૂા. ૧૫૧/- શ્રી દામજી વેલજી શાહના નામે પ્રગટ થયા છે, તેને બદલે, વીશા પ્રિન્ટરીના નામે રૂા. ૨૫૧/- આવેલા છે, એમ વાંચવું અને મોરબી રેલ - રાહત ફંડમાં રૂા. ૨૫૧/- શ્રી દામજી વેલજી શાહના નામે પ્રગટ થયા છે તે રૂા. **૨૫૧/- વીશા શ્રીમાળી પ્રિન્ટરીના નામે વાંચવા. ક્ષતિ માટે ક્ષમા.**

**શાન્તિલાલ ટી. શેઠ**
**કાર્યાલયમંત્રી**

# ૪૦૦ વર્ષ પરનો બાઈ રતનબાઈનો રેંટિયો

[નામદાર શહેનશાહ અકબરના દરબારે શ્રી હીરવિજયજી નામના જૈનાચાર્ય હતા તે એક બાઈ રતનબાઈએ ૪૦૦ વર્ષ પર કાઢેલ શેત્રુંજય, ગિરનાર, અને સમેતશિખરનાં મોટા સંઘ સાથે ગયા હતા તેનું વર્ણન કરતું તથા એ બધું રેંટિયાને પ્રતાપે થયું હતું તે આલેખતું એક કાવ્ય, આ બાઈ રતનબાઈએ વિ. સંવત ૧૬૩૫માં મેડતાનગરમાં ગાયું હતું કે જે ઐતિહાસિક હોવાથી વાચકવૃંદ સમક્ષ હું આજે રજૂ કરીએ છીએ]

બાઈ રે અમને રેંટિયો વાલો, રેંટિયો ઘરનું મંડાણ જો;
પરણી ત્રિયા છોડીને ચાલ્યો, ગયો પરદેશ કંથ કમાણ જો:

બારે વર્ષે પરણ્યો આવ્યો, દોઢ ત્રાંબીઓ લાવ્યો રે;
ગંગા માંહે નાવા બેઠો, દોઢ ત્રાંબીઓ પાડયો રે;

માત તાતને સસરે સાસુએ, અમને કીધાં અળગાં રે;
દુ:ખ નિવારવા રેંટિયો ધાર્યો, તેહને જઈને વળગાં રે:

દોણું ઉતાર્યું સગળું પિયુનું, વ્યાજે રૂપૈયો વાધ્યો રે;
સુખને કારણ રૂપૈયો રુડો, પુણ્યે કંતએ લીધો રે;

દેરાણી જેઠાણી આવી મળીઆ, બોલે મીઠી વાણી રે;
રેંટિયાના પસાયથી બીજી આણે પાણી રે:

રેંટિયોના પસાયથી તો કોડી કામ મેં કીધાં રે;
દાન દીધાં અતિગણાંને, મહિયલમાં યશ લીધાં રે:

તું આબુ તીરથથી ઉપજો, રૂડી ત્હારી જાત રે;
દિવસે રાત્રે રેંટિયો કાંતું, ચઢિયો મારે હાથ રે:

રેંટિયાથી આભૂષણ ભારી, પહેર્યાં ચીર ને સાલુ રે;
મોંઘા કસબાની કાંચળી પહેરી, ભોજન કીધાં વારુ રે:

સાસરિયાં પિયરિયાં આવે, બાઈ ઘરે તમે આવો રે;
છોકરડાંને ટાહાડ વાહે છે, ઝુલડીઓ સીવડાવો રે:

શેત્રુંજાની યાત્રા કીધી, સાથે સાસરિયા પિયરિયાં રે;
ગોત્ર કુટુંબ સહ નર ને નારી, સંઘવી નામ તે ધરીયાં રે:

ત્રણશે એકાવન માફાની વહેલો, ગાડાં ચારસેં પંચાસી રે;
બસે ઉપર પંચાણું ઘોડા, ઊંટ ત્રણસે છીયાસી રે:

હીરવિજયસૂરિ, પાંત્રીસ ઉપાધ્યાય, પન્યાસ ગૌતમ જેવા રે;
તેરસે પાંત્રીસ તપગચ્છના સાધુ શીલે થુલી ભદ્ર જેવા રે:

પાલીતાણે સંઘ વણ ઉતારીયા, યાત્રા નવાણુ કીધાં રે;
કેસર ચંદન રૂષભજી પૂજયા, રૈવતે જઈ લાભ લીધાં રે:

સમેત શિખરને આબુ ગોડી, સંખેશ્વરો શ્રી પાસ રે;
ન્હાના મોટાં તીરથ થીયાં, મનની ફલી સર્વ આશ રે:

ચિહું બારે રૂડી વાવ કરાવી, છશેને રૂપિયા છયાંસી રે;
કુવા તળાવ વલી પાસું ચંગી, નવસે ઉપર છયાસી રે:

હીરવિજયસૂરી પંદર ઉપાધ્યાય, ઠાણું ત્રણસે ત્યાશી રે;
નવ અંગે પૂજી પારણા કરાવ્યા, ગુરુભકિત કરી બારે માસ રે:

આંબીલ ઊલી પાંચમ અગ્યારસ, તપ સઘળાં મે કીધાં રે;
ઠવાણી ચાબખી સિદ્ધાંત લખાવી. સાધુ સાધ્વીને દીધાં રે:

ઉજમણાં ઘર હાટ કરાવ્યાં, સાસુ સસરાંનો ખપ કીધો રે;
દીકરા દીકરી ભાણેજ પરણાવ્યા, રતન રેંટિએ જસ લીધો રે:

ઘેબર જલેબીએ ગોરણી કીધી, લાણી થાલીની કીધી રે;
સવાસેર ખાંડને એક રૂપિયો ચોરાસી નાતે દીધી રે:

ઘરીત્રાક માલ ચમરખાં, તેલ લોટ વળી પૂણી રે;
અલ્પ માગે ને ઘણું દીએ રેંટિયો, નારીએ કરી ઘણી પૂંજી રે:

શોલ પાંત્રીએ મેડતા નગરે, સુદી તેરસ મહા માસ રે;
રતનબાઈએ રેંટિયો ગાયો, સફળ ફળી મને આશ રે:

**– હેમચંદ્ર નરશી**

# શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનું જીવનદર્શન

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનના આધારે]

દિવ્ય પ્રેમ, દિવ્ય શાંતિ, દિવ્ય આનંદ, દિવ્ય જ્ઞાન, દિવ્ય શકિત, દિવ્ય પ્રકાશ, દિવ્ય જ્યોતિનું અવતરણ, અતિમાનસ સાક્ષાત્કાર દ્વારા, આ પૃથ્વી પર કરાવનાર શ્રી અરવિંદ, તથા તે સાક્ષાત્કારને મૂર્તિમંત રીતે ઝીલી અને જીવી બતાવનાર શ્રી માતાજીનું જીવન-દર્શન કરવું તથા કરાવવું, એટલે પ્રભુએ આ પૃથ્વી પર મોકલેલ બે દિવ્ય પંખીઓની પાંખે, અનંતની યાત્રાએ ઉડ્ડયન કરવું અને એમની સાથે સાથે જ આ બ્રહ્માંડમાં વિહરવું.

માનવદેહનો અંચળો ઓઢી, માનવ સાથે જ, માનવની રીતે જ હરક્ષણ જીવન જીવતા રહી, વિરાટનું દર્શન કરતાં અને શાશ્વતિમાં જ જીવન ધારણ કરતા, એવા શ્રી અરવિંદ તથા શ્રી માતાજી એટલે પ્રભુના નમ્ર સેવક.

પ્રભુ, પ્રભુ અને પ્રભુ અને પ્રભુચેતના, ભાગવતચેતનાથી ઓછું ઊતરતું એવું કાંઈ જ નહીં, એમ હરક્ષણ માનવચેતનાને સમજાવતાં તેમ જ હરરોજ વ્યવહારમાં જીવીને બતાવતાં, એવા શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનું જીવનદર્શન કરવું, એટલે એમના જીવનનાં અનેક પાસાઓને જોવા, જાણવા તથા સમજવા પ્રયત્ન કરવો.

બાળપણમાં જ શ્રી અરવિંદના પિતાશ્રીએ સાત વર્ષની ઉંમરે, એમને એમના બીજા ભાઈઓ સાથે, ઇંગ્લાંડ ભણવા મોકલ્યા. પ્રચંડ નાસ્તિક તેમજ અંગ્રેજી રહેણીકરણીના હિમાયતી, એમના પિતાશ્રી પ્રખર દેશપ્રેમી હતા. પિતાશ્રીમાં ઘણી જ ઉદારતા, તેમજ લોકો માટે અસીમ કરુણા, તેથી પોતાના કુટુંબ માટે પૈસાની બચત સામાન્ય રહેતી. ભણતાં ભણતાં એમને તથા ભાઇઓને ઘણી વખત આર્થિક ભીંસનો અનુભવ થતો. કેટલીક વાર તેઓ એક જ વખત ખાઈને ચલાવી લેતા. ભણવામાં હોંશિયાર એટલે સમય જતાં શાળામાં અનેક ઈનામો મેળવ્યાં, તેમજ પિતાજીની ઈચ્છા, તેઓ આઇ. સી. એસ. ઓફિસર બને, એટલે તેની સ્કોલરશિપ પણ મેળવી.

૧૮૭૯થી ૧૮૯૨ - લગભગ ૧૪ વર્ષના ઇંગ્લાંડના અભ્યાસ દરમ્યાન તેઓએ ત્યાંનું ખૂબ શિષ્ટ સાહિત્ય વાંચ્યું. અંગ્રેજી કવિ-તાઓ તેમજ નવલકથાઓ તથા ફ્રેન્ચ સાહિત્ય પણ વાંચ્યું. ઇટાલિયન જર્મન, સ્પેનિશ ભાષાઓ શીખ્યા. ૧૬થી ૧૮ વર્ષની ઉંમર વચ્ચે અંગ્રેજીમાં, ગ્રીકમાં, લેટિનમાં તેઓએ કવિતા રચવાની શરૂઆત કરી અને તે છેક જીવનપર્યંત ચાલુ રહેલી, જે 'સાવિત્રી' મહાકાવ્યમાં પૂર્ણતાએ પહોંચેલી.

પિતાશ્રીની દેશપ્રેમની ભાવનાનાં બીજ, બાળપણથી જ શ્રી અરવિંદમાં રોપાયાં. ઇંગ્લાંડમાં ભણતાં પોતાનાં બાળકોને તેઓ હંમેશાં બ્રિટિશ સરકાર ભારતની જનતાને કેવી રીતે કનડે છે, પીડે છે, તેમ જ તે કારણે લોકોને કેવું સોસવું પડે છે વગેરે તેઓ લખતાં. આઇ. સી. એસ. ઓફિસર થઇને ભારતમાં બ્રિટિશ સરકારની નોકરી કરવી પડશે એવી ખબર જ્યારે એમને પડી કે તરત જ એ પરીક્ષામાં ઉત્તીર્ણ જ ન થવું એવો વિચાર એમને આવ્યો. જાણીજોઇને ઘોડે-સવારીની પરીક્ષા આપવા મોડા ગયા અને નાપાસ થયા.

આઇ. સી. એસ. થવામાંથી તો બચ્યા, પણ નાણાંની જરૂર પડતી એટલે શું કરવું તે વિચારતા હતાં. વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ તે વખતે લંડનમાં જ હતા. શ્રી અરવિંદની એમની સાથે મુલાકાત ગોઠવાઈ.

સ્વભાવે શાંત, મૌન જેની ભાષા, તેજસ્વી આંખો, દેખાવે સુંદર અને બુદ્ધિપ્રતિભાવંત વ્યકિતત્વ જોતાં જ મહારાજાએ એમને પસંદ કર્યા અને રૂા. ૨૦૦ના પગારે વડોદરા માટે નોકરીએ રાખ્યા.

૨૧ વર્ષની ઉંમરે ઇંગ્લાંડથી ભારત આવવા નીકળ્યા. એપોલો બંદર પર પહોંચતાં જ એમને પહેલો આધ્યાત્મિક અનુભવ થયો. 'શાંતિ,—"અસીમ શાંતિ.' અપાર શાંતિનો આ અનુભવ એમને કાયમ માટે રહ્યો. નાનપણમાં એમને ત્રણ આધ્યાત્મિક અનુભવ થયા હતા: એક અંધકાર તમસનો, બીજો પોતે સ્વાર્થી છે એટલે સ્વાર્થ કોઈ પણ હિસાબે છોડવો જ જોઈએ, તેમજ ત્રીજો, સત્ તો જ વાસ્તવિકતા છે, બાકી બધું અસત્ છે, કાંઈ જ નથી, એવો બ્રહ્મનો બૌદ્ધિક અનુભવ થયેલો.

ભારત પહોંચતાં જ પોતાનાં સગાંસ્નેહીઓને મળી વડોદરા કામે લાગી ગયા. મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને એકસાથે અનેક પ્રકારનાં કામો સોંપ્યાં, જે તેઓ ખૂબ જ પ્રેમથી કાળજીપૂર્વક વ્યવ-સ્થિત કરતાં.

દેશભકિત અને દેશદાઝે રંગાયેલા શ્રી અરવિંદે વડોદરામાં બેઠા બેઠા તે વખતની રાજકીય પરિસ્થિતિનું નિરીક્ષણ કરી પોતાને જે સત્ય લાગ્યું તે પોતાની જોશીલી ભાષામાં તખ્ખલુસ ધારણ કરી, મુંબઈથી નીકળતા 'ઈન્દુપ્રકાશ' નામના પત્રકમાં 'ન્યુ લેમ્પસ ફોર ઓલ્ડ'ને નામે લેખો આપવા માંડયા. વિષય હતો ત્યારની મહાસભા (ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ). એ લેખમાળામાં જે એમના વિચારો હતા: તે જ દર્શાવતા હતા કે લખનાર સર્વગ્રાહી સૂક્ષ્મ વિચારશકિત. ભાષા પ્રભુત્વ, અડગ હિંમત, દિલની સચ્ચાઈ, બળતી દેશદાઝ, ચારિત્ર્યની ઉચ્ચતા વગેરે ગુણો ધરાવે છે.

વડોદરામાં જ હોમર, દાન્તે, મહાભારત, કાલિદાસ, ભવભૂતિ વગેરેનું સાહિત્ય વાંચ્યું. 'સાવિત્રી' મહાકાવ્યની શરૂઆત પણ અહીંથી જ થઈ. બાળપણથી જ ભણવા વિલાયત ચાલ્યા ગયેલા એટલે પોતાની ભાષા બંગાળી પર જ પ્રભુત્વ નહિ. દિનેન્દ્રકુમાર રાયને બંગાળી સાહિત્યનો ખાસ ખ્યાલ મેળવવા તેમજ ચર્ચાવિચારણા કરવા બોલા-વેલા. તેઓ શ્રી અરવિંદ વિષે જે લખે છે તે આપણે જોઈએ:

"તેઓ એક બાળકની માફક સરળ ભાવે હસતા એમના હોઠના ખૂણામાંથી, એક અચળ સંકલ્પશકિત વ્યકત થતી હતી. તેમના હૃદયમાં કોઈ પણ દુન્યવી મહત્ત્વાકાંક્ષા કે માનવસહજ સ્વાર્થભાવ નહોતો એમનામાં ફકત એક જ તમન્ના હતી. દેવોમાં પણ દુર્લભ એવી—માનવજાતિના દુ:ખને દૂર કરવા માટે. પોતાની જાતનું બલિદાન દઈ દેવાની. જેમ જેમ મને એમના હૃદયનો પરિચય થતો ગયો તેમ તેમ મને જણાવા લાગ્યું કે આ પુરુષ પૃથ્વીનો બનેલો નથી. એ તો જાણે 'એના' સ્વર્ગમાંથી કોઈના શાપને કારણે, પૃથ્વી પર આવી ચડેલો દેવ છે. એ મને એક પૂર્ણ સંન્યાસી જેવા અને આત્મસંયમી લાગ્યા છે. બીજાને દુ:ખે દુ:ખી થનાર એમના જીવનનું જાણે કે એકમાત્ર લક્ષ્ય હતું: જ્ઞાનની પ્રાપ્તિ અને એની સિદ્ધિ માટે તેઓ ચાલુ જગતના ધમાલિયા વ્યવહારમાં રહ્યાં રહ્યાં પણ એક કઠોર તપસ્વીનું જીવન ગાળતાં હતા. મેં એમને કદી ગુસ્સે થતા જોયા નથી."

વડોદરામાં એમને શરૂઆતનાં વર્ષોમાં જ બીજી આધ્યાત્મિક અનુભૂતિ થઈ. એક વખત ઘોડાગાડીમાં બેસીને તેઓ જઈ રહ્યા હતા. ગાડીને અકસ્માત થશે એવું એમને લાગ્યું અને તે જ ક્ષણે એમણે જોયું કે પોતાની અંદરથી પ્રભુનું એક દિવ્ય સ્વરૂપ બહાર નીકળી આવ્યું અને અકસ્માતના ભયને ટાળી રહ્યું હતું. એપોલો બંદરની અસીમ શાંતિ પછી, આ મોટા પ્રકારની અનુભૂતિ હતી. સાધના શરૂ કરતાં પહેલાં આવા અનુભવો એમને આપોઆપ અને ઓચિંતા જ થતા રહેતા.

વડોદરાના વસવાટ દરમ્યાન વચમાં વચમાં તેઓ બંગાળ જતા તેમજ પોતાના રાજકારણ અંગેના ક્રાન્તિકારી વિચારો જુદા જુદા લેખો તેમજ પુસ્તિકા દ્વારા બહાર પાડતા. તેઓ નિ:શંકપણે માનતા કે રાજકીય ક્ષેત્રમાં કામ કરનારાઓમાં રાષ્ટ્રભાવના જ એકલી પૂરતી નથી, પણ તેમાં સાથેસાથે આધ્યાત્મિકતા પણ હોવી ઘટે. આ સમય દરમ્યાન તેમને શ્રી રવીન્દ્રનાથ ટાગોર, લોકમાન્ય તિલક, શ્રી દેશમુખ, ભગિની નિવેદિતા, શ્રી રાનડે, લાલા લજપતરાય, સર જગદીશચંદ્ર બોઝ વગેરેનો પરિચય થયો. આ ક્રાન્તિકારી દળમાં હજારો યુવાનો જોડાયા. ૧૯૦૧માં તેમનું લગ્ન મૃણાલિનીદેવી સાથે થયું.

આ જ સમય દરમ્યાન તેઓ ચાણોદ કરનાળીના ગંગનાથ મઠમાં રહેતા સ્વામી બ્રહ્માનંદના પરિચયમાં આવ્યા. તેમના શિષ્ય પાસે પ્રાણાયામ શીખ્યા. પ્રાણાયામ માટે તેઓ લખે છે, "તેનાથી બુદ્ધિ અને મગજ પ્રકાશમય બને છે. મનમાં ખૂબ જ શકિત ભરી હોય તેમ લાગે છે." કવિતાની તેઓ જે રોજ પાંચ થી છ લીટી લખતા તેને બદલે પ્રાણાયામ પછી અર્ધા કલાકમાં બસો લીટી લખતાં. યાદદાસ્ત વધી અને અવિશ્રાંતપણે કામ કરવાની શકિત આવી. મગજની આજુ-બાજુ એમને વિદ્યુતનું ચક્ર જણાતું.

ચાણોદ હતા ત્યારે નર્મદાકિનારે આવેલ કાલિમાતાના મંદિરમાં, બધા સાથે દર્શન કરવા ગયા હતા. મૂર્તિમાં માતાજીની સાક્ષાત હાજરી જોઈ અને ત્યારથી મૂર્તિપૂજામાં પણ સત્ય છે એમ સમજાયું.

આમ એક બાજુ રાજકારણ અને બીજી બાજુ સાધના—એમ બન્ને તેઓ કરતાં રહ્યાં. શ્રી વિષ્ણુ ભાસ્કર લેલે તે વખતે યોગ-સાધના માટે જાણીતા હતા. શ્રી અરવિંદ તેમને મળ્યા અને ત્રણ દિવસ તેમની સાથે એકાંતમાં રહ્યા. તેમની પાસેથી એમને ત્રણ વસ્તુઓ પ્રાપ્ત થઈ, જે હંમેશ માટે રહી–

(૧) મનને નીરવ કરવાની અનુભૂતિ તેમજ નીરવ બ્રહ્મ-ચેતનાનો સાક્ષાત્કાર.

(૨) બીજું, સ્થૂળ મગજનો ઉપયોગ કર્યા સિવાય લખવાના અને બોલવાની શક્તિ.

(૩) ત્રીજું, પોતાની જાતને ઉર્ધ્વ સત્તાની દોરવણી નીચે મૂકવાનો અભ્યાસ.

શ્રી અરવિંદે યોગસાધના શા માટે સ્વીકારી, તે આપણે તેમના જ શબ્દોમાં જોઈએ: "મને યોગ વિષે કશું જ જ્ઞાન નહોતું. ઈશ્વર શું ચીજ છે, તેની મને કશી ગમ ન હતી. દેશપાંડે હઠયોગ કે આસનો, કે બીજી ક્રિયાઓ કરતાં હતા. એમનામાં પ્રચારની વૃત્તિ બળવાન હતી. મેં મનથી નક્કી કર્યું હતું, કે જે યોગસાધનામાં જગતનો—સંસારનો ત્યાગ કરવાનો હોય તે મારે માટે નથી. મારે દેશને સ્વતંત્ર કરવો હતો. જ્યારે મેં જાણ્યું કે સંસારનો ત્યાગ કરવા માટે જે તપસ્યા કરવી પડે છે, તેનો કર્મના ક્ષેત્રમાં પણ પ્રયોગ કરી શકાય તેમ છે, ત્યારે મેં સાધનાનો ગંભીરપણે સ્વીકાર કર્યો. યોગથી ઘણી શક્તિ પ્રાપ્ત થાય છે એમ મેં જાણ્યું."

આમ યોગની વ્યવહારુતા વિષે જ નહીં, પરંતુ સક્રિયતા વિષેનું મહાન સત્ય તેમને પ્રાપ્ત થયું. માત્ર નિષ્ક્રિયતાની એક બાજુએ ઢળેલી યોગસાધનામાં પ્રભુની સક્રિયતાનું અતિ અગત્યનું તત્ત્વ એમને સમજાયું. શૂન્ય અનંત બ્રહ્મ, નીરવ બ્રહ્મ, બ્રહ્મ સત્ય—જગત મિથ્યા, બ્રહ્મ સત્ય જગત સત્ય વગેરે સાક્ષાત્કારો એમને થયાં. આ સાક્ષાત્કારોને એમણે જીવનના પ્રયોગમાં મૂકી જોયા. જ્યાં જ્યાં એમણે ભાષણો આપ્યાં તથા વંદેમાતરમ્ અને 'કર્મયોગીન'માં લેખો લખ્યા, તે બધા જ નીરવ અવસ્થામાંથી જ આપેલાં કે લખેલાં. મગજનો બીલકુલ ઉપયોગ કરેલો જ નહીં. એમને ગુરૂમંત્ર પણ હૃદયમાંથી જ મળેલો અને એ મંત્રના દેનાર હૃદયના સ્વામી અંતરયામીને જ એમણે ગુરુ તરીકે સ્થાપેલા અને તેની દોરવણી પ્રમાણે જ સમસ્ત જીવનમાં માર્ગદર્શન મેળવેલું.

સમગ્ર રીતે જોતાં શ્રી અરવિંદનો યોગ કોઈ ચમત્કાર ઉપર કે ગૂઢ તત્ત્વમાં અંધશ્રદ્ધા ઉપર, કે કોઇ તત્ત્વજ્ઞાનના બૌદ્ધિક સિદ્ધાંત ઉપર નહીં, પરંતુ જીવનસંગ્રામમાં મળેલ નક્કર અનુભવ ઉપર જ મંડાયેલો આપણે જોઇ શકીએ છીએ.

શ્રી અરવિંદને મન, ભારતદેશ એ પોતાની ભારતમાતા હતી. જીવતીજાગતી ચૈતન્યશક્તિ સ્વરૂપ 'મા' હતી. એને પરતંત્ર રાખી જ કેમ શકાય? અને એટલે જ જ્યારે, વડોદરાના બાર વર્ષના ગાળા બાદ, બંગાળ આવ્યા અને નેશનલ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે નિમાયા કે તરત ખુલ્લેઆમ, રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા, અનેકને ક્રાન્તિની દીક્ષા આપી. તેઓ કહેતા: "માતૃભૂમિની મુક્તિને માટે આત્મબલિદાન આપવું શું કઠણ લાગે છે? જીવનમાં સુખ મેળવવા માટે લોકો અનેક કષ્ટો વેઠે છે. દેશની મુક્તિને માટે કોઈ પણ ત્યાગ માણસ માટે મુશ્કેલ નથી. હિંદ સ્વતંત્ર નહીં થાય તો માનવ પણ મુક્ત નહીં થાય. બીજા દેશના લોકો પોતાના સ્વાર્થનો જ વિચાર કરે છે. ભારતના લોકો જ્યારે હિંદ વિષે વિચાર કરે છે, ત્યારે તેઓ વિશ્વ વિષે વિચાર કરે છે. સર્વસ્વનું ભગવાનને સમર્પણ કરીને ભારતમાતાની સેવામાં લાગી જાઓ.

ત્યારબાદ સર્વને વિદિત છે એમ જ્યારે તેઓ રાજકારણમાં લોકપ્રિયતાની ટોચે હતાં ત્યારે જ અલીપુર બૉમ્બ કેસમાં પકડાયા અને જેલમાં ગયા. પોલીસે એમના ઘરની તપાસ આદરી અને તેમાં પોતાની પત્નીને લખેલા ખાનગી પત્રો જાહેર થઈ ગયાં. તેમાં ૩૦-૮-૧૯૦૫નો ઐતિહાસિક પત્ર આપણે ટૂંકમાં વાંચીએ:

શ્રી અરવિંદ લખે છે: મારામાં ત્રણ ઘેલછાઓ છે:

(૧) મારામાં જે કાંઈ સદ્‌ગુણ, બુદ્ધિ, ઉચ્ચ કેળવણી અને જ્ઞાન તથા પૈસા મને ભગવાને આપ્યા છે, તે બધાં એના છે. એમાંથી કુટુંબના નિર્વાહ માટે તદ્દન આવશ્યક હોય તેટલો જ ખર્ચ કરવાનો મને અધિકાર છે; બાકી રહે તે બધું ભગવાનને પાછું આપવાનું છે.

(૨) બીજી ઘેલછાએ થોડા સમય પહેલાં જ મારામાં પ્રવેશ કર્યો છે. કોઈપણ ઉપાયે મારે ભગવાનનો સાદોસીધો સાક્ષાત્કાર કરવો છે. વારેવારે ભગવાનનું નામ જપવું અને બધા માણસોની હાજરીમાં તેની પ્રાર્થના કરવી અને હું કેવો ધાર્મિક છું એમ બતાવવું એમાં જ આજકાલનો ધર્મ સમાઈ જાય છે. મારે એ ધર્મ નથી જોઈતો. જો ભગવાન હોય તો એની સત્તાનો અનુભવ પ્રાપ્ત કરવાનો એની સન્નિધિને સાક્ષાત્કાર કરવાનો માર્ગ હોવો જ જોઈએ. એ માર્ગ ગમે તેટલો કઠણ હોય તો પણ એનું અનુસરણ કરવાનો મેં દૃઢ સંકલ્પ કર્યો છે. મેં નિયમો પાળવાની શરૂઆત કરી દીધી છે, અને મને એક મહિનામાં ખાતરી થઈ છે કે હિંદુ ધર્મનું કહેવું ખોટું નથી. મને જે જે નિશાનીઓ આપવામાં આવી છે તે બધીનો મને અનુભવ થયો છે. હું તને આ માર્ગે લઈ જવા ઈચ્છું છું, ભલે તને એ વિષે જ્ઞાન ન હોય, પણ મારી પાછળ ચાલવામાં બાધા નથી. આ માર્ગ લઈ માણસ પૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે, પણ એ માર્ગે જવું કે નહીં તેની પસંદગી માણસે પોતે કરવાની છે.

આગળ ચાલતાં તેઓ પોતાની ત્રીજી ઘેલછા વિષે લખે છે.

(૩) "જ્યારે બીજા લોકો દેશને એક નિર્જીવ પદાર્થ તરીકે ગણે છે, દેશ એટલે અમુક મેદાનો, ખેતરો, જંગલો, પર્વતો અને નદીઓ એમ સમજે છે, ત્યારે હું એને 'માતા' ગણું છું, એની ભક્તિપૂજા કરું છું. કોઈ રાક્ષસ, માની છાતી પર બેસી, તેનું રક્તપાન કરતો હોય ત્યારે શું એનો પુત્ર નિરાંતે બેસી ભોજન કરશે અને પોતાની પત્ની-બાળકો સાથે આનંદપ્રમોદ કરશે? કે માને બચાવવા દોડી જશે? આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. શારીરિક બળથી નહીં, પરંતુ જ્ઞાનની શક્તિથી લડીશ. ક્ષાત્રિય શક્તિ એક જ એકમાત્ર બળ નથી. જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત બ્રહ્મતેજ પણ એક શક્તિ છે. આ ભાવ સાથે જ હું જન્મ્યો છું આ મહાન કાર્ય સાધવા માટે ભગવાને મને પૃથ્વી પર મોકલ્યો છે."

મૃણાલિનીદેવીને, શ્રી રામકૃષ્ણ પરમહંસના પત્ની, શ્રી શારદામણીદેવીના હસ્તે દીક્ષા મળેલી. ૧૯૧૮માં કલકત્તામાં તેઓનું અવસાન થયેલું.

જેલમાં પણ શ્રી અરવિંદને અનેક આધ્યાત્મિક અનુભવો અંતરમાંથી થયા કરતા અને એના સમર્થનરૂપે ગીતા તેમ જ ઉપનિષદોમાંથી વાંચવા મળતું. સ્વામી વિવેકાનંદ તરફથી પણ એમને પંદર દિવસો સુધી ધ્યાનમાં વિશિષ્ટ આધ્યાત્મિક સૂચનો મળ્યાં કે જે ઘણાં ઉપયોગી હતાં. એકવાર તેઓ ધ્યાનમાં જ અધ્ધર ઊંચકાઈ આવેલા અને જેલવાસીઓને આશ્ચર્ય પમાડી ગયેલા.

જ્યારે તેઓ પકડાયા ત્યારે ખૂબ હતાશ થઈ ગયેલા. તેમને તો દેશને સ્વતંત્ર કરવો હતો અને આવી રહ્યા એક નાની બંધ ખોલીમાં. એક મહિના સુધી પ્રભુનો અવાજ સાંભળવા પ્રતીક્ષા કરી. પ્રભુનો સાક્ષાત્કાર થયો: "મારે તારી પાસે, એક બીજું કાર્ય કરાવવાનું છે" પ્રભુએ કહ્યું: મારા હાથમાં તેણે ગીતા મૂકી. તેની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો અને હું ગીતાની સાધના કરવા શક્તિમાન બન્યો." પ્રભુએ ગહન દૃષ્ટિ બક્ષી, અને સર્વેમાં વાસુદેવનાં દર્શન થયા તે એટલે સુધી કે દિવાલો, વૃક્ષો જેલના ચોરો, ખુનીઓ ઉપરાંત કોર્ટમાં મેજિસ્ટ્રેટ, સરકારી વકીલ સર્વેમાં શ્રીકૃષ્ણ દેખાયા. મંદ મંદ સ્મિત કરતા શ્રીકૃષ્ણને તેઓ જોઈ રહ્યા, પ્રભુએ કહ્યું: "હું સર્વે મનુષ્યોમાં છું, અને તેમનાં વચન અને કર્મની ગતિ ઉપર મારી આણ પ્રવર્તે છે. આ કેસ તો મારા કાર્યમાં એક સાધનરૂપે જ છે. તું ચિંતા કરીશ નહીં."

અને ૧૯૦૯માં તેઓ નિર્દોષ છૂટયા. ફરીથી જ્યારે 'કર્મયોગીન'ની ઓફિસમાં કામ કરતા હતા ત્યારે પોલીસ પકડવા આવે છે એવા સમાચાર મળ્યા. ઉપરથી પ્રભુનો સ્પષ્ટ આદેશ આવ્યો: 'ચંદ્રનગર જા;' અને દસ જ મિનિટમાં તેઓ ગંગા ઘાટ પર પહોંચી ગયા. પ્રભુના આદેશ મુજબ તેઓ ચંદ્રનગરથી ૧૯૧૦માં પોંડિચેરી આવીને રહ્યા તે છેક ૧૯૫૦ સુધી ૪૦ વર્ષ ત્યાં જ રહ્યા.

આમ ૧૯૦૪થી ૧૯૫૦ સુધી એમને સતત આધ્યાત્મિક અનુભવો થતાં રહ્યાં તે માટે તેમણે પ્રખર યોગ સાધના કરી. હિંદુ ધર્મના ગહન સત્યનો સાક્ષાત્કાર દરરોજ એમના ચીત્તમાં હૃદયમાં અને દેહમાં થતો રહ્યો. એમના ધ્યાનમાં આ સમયે ઋગ્વેદમાં દર્શાવ્યા પ્રમાણેની દેવીઓ ઈલા, ભારતી, મહી, સરસ્વતી આવતાં. એક વખત ત્રણ મહિના સુધી સ્વયંલેખનનો પ્રયોગ કરેલો. કોઈ અશરિરી સત્વ

આ તબક્કે એક બીજું ચિત્ર પણ જોઈએ. રાષ્ટ્ર અને રાષ્ટ્રપતિ બંને છૂટાછેડા લઈને બેઠા હોય એવું વાતાવરણ આજના ભારતીય રાજકારણમાં જોવા મળે છે, ત્યારે શ્રી જયપ્રકાશ ચૂપ છે અને વિનોબાજી સંજયને આશિર્વાદ આપે છે. અત્યારે જયપ્રકાશે વાણીને વહેતી કરવાની છે ત્યારે મૌન ધર્યું છે અને વિનોબાએ મૌન રહેવાની જરૂર છે ત્યારે તેઓ આશિર્વાદ આપે છે. જ્યારે જીભ ખોલવાની જરૂર હતી ત્યારે, કટોકટીની પળોમાં વિનોબાજીએ મૌન ધર્યું હતું. આ બધું વિધિની વક્રતા છે કે સંકેત – કાંઈ સમજાતું નથી! એકનું મૌન અને બીજાના સંજયને આશીર્વાદ તથા ગામડું દત્તક લેવાની સલાહ, પ્રજાને મૂંઝવે છે. સંજયને સલાહ આપવી તે તો કુપાત્રે દાન કર્યા જેવું છે. સલાહ પણ સુપાત્રને જ અપાય, ગંગાજીએ અવતરવું હોય તો શિવજીની જટા જોઈએ. પટણા અને પવનારના આ વિરોધી ચિત્રોની લિપિ કોણ ઊકેલી શકશે? શ્રીમતી ઈન્દિરા અને સંજયને વારંવાર અપાતા આશિર્વાદો આમજનતાને ગેરમાર્ગે દોરી જાય છે; બુદ્ધિજીવીઓને વિમાસણમાં મૂકે છે; રાજકારણના તકવાદીઓને 'મસાલો' પૂરો પાડે છે અને વિનોબાજીની પ્રતિમાને ઝાંખી કરે છે! આ સંતે, કાં તો મેદાનમાં આવવું જોઈએ કાં તો મૌનવ્રતી બની જવું જોઈએ! વસ્તુત: રાજકારણીઓની જમાતને કોઈ સિદ્ધાંતો હોતા જ નથી. ડી. એમ. કે.. ઈન્દિરાની શરણાગતિ લે; મહારાષ્ટ્રની ખખડધજ નેતાગીરી પણ મોંમાં તરણું લઈ તેની ચંપી કરે, કે પછી નવી નેતાગીરીની હોંશ લઈ ઝંપલાવવા માગનારા 'શ્રીમતી ગાંધી કી જય' બોલે ત્યારે એટલો બધો આઘાત નથી લાગતો જેટલો જ્યારે સમાજનો બુદ્ધિપ્રધાન કે બુદ્ધિજીવી વર્ગ પણ તેમાં ભળીને 'લોલમ લોલ' કરે છે! 'કટોકટી સારી હતી એવું કહેનારો ભણેલો – ગણેલો વર્ગ જ્યારે સાંભળવા મળે છે અથવા જોવા મળે છે ત્યારે ઈશ્વરને કહેવાનું મન થઈ જાય છે– 'Father forgive them, for they knew not what they do.' ના, પણ આટલું જ કહીને મન વાળવાનું નથી બુદ્ધિજીવી વર્ગ પણ જો ગેરરસ્તે દોરવાયો હોય તો તેની શાન ઠેકાણે લાવવાનો આપણો ધર્મ છે. જો કે આની સાથે સાથે એ પણ અવશ્ય વિચારવાનું છે કે આમ થવાનું કારણ શું? બુદ્ધિશાળી વર્ગનો વિશ્વાસ લોકશાહીમાંથી ઊઠતો જાય છે એનાં કારણો આ તો નથી–

(૧) કે, લોકશાહી માટે આપણે લાયક નથી ઠર્યા?
(૨) કે, લોકશાહી જ નિષ્ફળ ગઈ છે?
(૩) કે, આપણા સુકાનીઓ વામણા નીવડ્યા?
(૪) કે, આપણે દંડા રાજને જ પાત્ર છીએ?

હું અંગત રીતે આવા પ્રશ્નોની અશ્રદ્ધામાં સરી પડવામાં માનતો નથી. ગ્રહણનો સમય થોડો હોય છે; પછીથી તો સૂર્ય ઝળહળે જ છે! આપણે નિરાશ થઈને શું હીટલર, મુસોલિની; યાહ્યાખાન કે ઈન્દિરાને પાછા લાવવા માગીએ છીએ? શું આપણે ઉપવનની શાંતિને બદલે કબ્રસ્તાનની શાંતિ ઝંખીએ છીએ? શું આપણે માનવ - અધિકારોને જતા કરવા ઈચ્છીએ છીએ? શું આપણે પિંજરાનાં પંખી બનીને જીવવા માગીએ છીએ? શું આપણે બુદ્ધિને ગીરવે મૂકવી છે? છતી આંખે અંધાપો વેઠવો છે? કપાયેલી પાંખે જીવવું છે? – જો આ અને આવા બીજા પ્રશ્નોના જવાબો 'હા' માં આપવાના હો તો, બુદ્ધિ જીવીઓની બુદ્ધિ ઉપર શંકા લાવી, તેમની માત્ર દયા જ ખાવી રહી! આમ કહીને આજે અત્રેથી હું કોઈ સરકારની તરફદારી નથી કરતો, પણ એટલું જ અવશ્ય કહીશ કે બે ખરાબ અનિષ્ટોમાંથી ઓછા અનિષ્ટને વરવામાં શ્રેય છે.!

જનતા સરકારની મર્યાદાઓનો પાર નથી. તેના ખાતામાં ઉધારી આંકડા વધારે છે. એની મોટામાં મોટી નબળાઈઓ હોય તો તે આટલી છે:

(૧) અમલ દરમિયાન ઈન્દિરા ગાંધી સામે પગલાં ન ભર્યાં.

(૨) પ્રજા તથા પક્ષમાં નેતાઓ સારી છાપ ઉપસાવી ન શક્યા.

(૩) પક્ષમાં જ પડેલી ફાટફૂટ.

આ બધાનો લાભ વિરોધીઓને મળી ગયો અને તેમણે જનસંઘ અને આર. એસ. એસ. ને બદનામ કરવાનો પ્રયાસ કર્યો. વિરોધી પક્ષોએ જ કોમવાદી પક્ષો સાથે હાથ મિલાવ્યા છે ત્યારે જનસંઘને કોમવાદી ગણાવી તેનું જ પુનુચ્ચારણ કરવું તે તો શયતાન બાઈબલ ટાંકે છે તેવું થયું!

આવા વિષમ વાતાવરણ વચ્ચે અકર્મણ્યતાને ખંખેરી, આપણે સહુએ નવી નેતાગીરી (?) જે જન્મી રહી છે તેને નવી દિશા બતાવવાની છે; નેતાગીરીને આપણે જ નેતાગીરી પૂરી પાડવાની છે અને તે માટે સજ્જ થવાનું છે!

**પ્રા. બકુલ રાવળ**

# હૃદયને પ્રસન્ન રાખો

જે કાંઈ કરો એ બરાબર મન લગાડીને, વિવેકથી અને બીજાના હિતનો ખ્યાલ રાખીને કરો. નકામી વાતો ન કરો. બીજાના કામમાં દખલ ન કરો. પોતાના શબ્દચાતુર્યથી નિર્બળતા છુપાવવાનો પ્રયત્ન ન કરો. પોતાના હૃદયમાં વસનારા પરમાત્માની ઉપાસના કરો. ધૈર્ય અને નીતિથી ક્યારેય ડગી ન જાઓ એવા બહાદુર બનો.

જેમ સૈનિક કોઈ પણ વખતે હુકમ મળતાં લડાઈમાં જવા કટિબદ્ધ રહે છે, બરાબર એ જ રીતે મૃત્યુનું આમંત્રણ આવતાં એ માટે તૈયાર રહો. હૃદયને સાચું અને પ્રસન્ન રાખો, બીજાનો ટેકો તમને શા માટે જોઈએ?

જીવનમાં તમને કઈ વસ્તુથી સાચો લાભ થાય છે? ન્યાય, સત્ય, સ્ફટિક જેવી નિર્મળ બુદ્ધિ અને ધીરજ-આ સિવાય બીજું શું જોઈએ? પોતાના મનને સ્વચ્છ રાખવાથી માણસ બુદ્ધિમાન થાય છે. બુદ્ધિમાન બનવું એ દરેક માણસના હાથની વાત છે. ભાગ્યના લેખને કદાચ તમે બદલી શકો નહીં; પરંતુ ઈષ્ટ અને અનિષ્ટને સમાનભાવે જોવું એ તમારા હાથની વાત છે. સુખી થવાનો બીજો કોઈ ઈલાજ તમને સૂઝે, તો જરૂર એ અજમાવો.

આધ્યાત્મિક તત્ત્વ જ સૌથી શ્રેષ્ઠ છે. વિચારો ઉપર કાબૂ રાખો. ઈંદ્રિયોને વશ કરો. ભગવાન પર શ્રદ્ધા રાખો. સદા પરહિતમાં જ ખુશ રહો. બીજા બધા વિષયોને તુચ્છ માનો. મનને આમતેમ ભટકવા ન દો, નહીં તો પાછળથી એના વેગને રોકવાનું અશક્ય બનશે. બધાં દુ:ખોનું નિવારણ એમાં જ છે. ધનદોલત, કીર્તિ બધું મિથ્યા છે.

તમે વિચારી શકો છો કે, 'સુખ ભોગવવાની ઈચ્છા તો મને છે જ, પણ એ ઈચ્છાનો મારા ઉપર કશો અધિકાર નથી.' સુખ ભોગવવાની ઈચ્છા રાખ્યા કરીએ છતાં આત્માને બચાવી શકાય એ વાત જ ખોટી છે એવું વિચારવામાં તમે ભૂલ ખાઈ જશો. થોડા વખત સુધી વિષય વાસનાઓ તમને એવા ભ્રમમાં રાખશે કે જાણે એ તમને અધીન છે, પણ છેવટે તમને પછાડશે. એનો સામનો તમે નહીં કરી શકો. એટલા માટે શરૂઆતથી જ મનને શુદ્ધ અને દઢ રાખો. સત્યનું અનુસરણ કરો એ જ સાધના છે.

કદાચ કોઈ એવી ચર્ચા ઉઠાવી શકે કે, સુખપ્રદ વસ્તુઓથી દૂર રહેવાની શી જરૂર છે? એ ખરેખર, વિચારવા જેવી વાત છે. પણ પાશવિક સુખોને આપણે સાચું સુખ કેમ માની શકીએ? માણસને બુદ્ધિ મળેલી છે. બુદ્ધિપૂર્વક વિચાર કરતાં જે સુખ ઊંચા પ્રકારનું જણાય એ જ સાચું સુખ છે. જેનાથી માત્ર શરીરને સુખ મળે છે એ કદીય સાચું સુખ હોઈ શકે નહીં. દઢતાથી એવા સુખની ઈચ્છાને દૂર રાખો, પરંતુ વિનયથી અહંકાર અને ઘમંડથી દૂર રહો.

સત્યને દૂર રાખીને મેળવેલી વસ્તુથી આનંદ થશે નહિ. જે વસ્તુથી તમારા ગૌરવને બટ્ટો લાગે એથી દૂર રહો. તિરસ્કાર, વિરોધભાવ, ઢોંગ વગેરે છોડો. એની શોધમાં ન પડો. બીજાઓથી છુપાઈને દીવાલ અથવા પડદાની પાછળ તમે જે ભોગ ભોગવો છો, એનાથી સાચો આનંદ કેવી રીતે મળી શકે?

હૃદયમાં વસતા ભગવાન જેને માટે સંમતિ આપે એ જ ધર્મના અનુયાયી બનો. એ સત્ય માર્ગ ઉપર ચાલનારને ક્યારે ય ગ્લાનિ થતી નથી. સંન્યાસ લઈને વનમાં જવાની એને જરૂર નથી. એ હર્ષ–શોક, ઈચ્છા–દ્વેષથી મુક્ત અને નિશ્ચિત રહે છે. જ્ઞાની માણસ કાળથી પણ ડરતો નથી. પ્રાણની એને પરવા હોતી નથી. શરીરધર્મનું પાલન કરતાં કરતાં જેમ એ મળત્યાગ કરે છે, એવી જ રીતે આનંદથી એ પ્રાણ છોડે છે.

**–માર્કસ ઓરેલિયસ**

ખરી? કરે છે કોઈ કામ? એક માણસની જરૂર હોય ત્યાં ચાર છે ને બધા જ બેસે છે. સીગરેટ ફૂંકતા.

આગળ લખતાં લખે છે કે લાંચ રૂશ્વતનું જોર ખૂબજ વધ્યું છે. એમને ધરવો તો જ કામ થાય અને છાશવારે હડતાળ એ તો નિત્યક્રમ થઈ ગયો છે.

આ વાત થઈ રોમની તો હોમની વાતમાં કંઈ ફેર છે ખરો? છેવટે લેખક લખે છે, કે એ જૂની સંસ્કૃતિવાળું રોમ એક વખતનું આબાદ રોમ જાણે કે આજે એક ટાઈટ દોરડા પર ચડયું છે., ડરે છે, ધ્રૂજે છે, કયારે પડશે, કયારે એવો સતત ભય રહ્યા જ કરે છે. છતાં વાંસના ટેકે ગમે તેમ કરીને ત્યાં ટકી રહેવા અથાગ પ્રયત્ન કરી રહ્યું છે ટકશે કે એકદમ પડશે તે તો ભગવાન જાણે.

એ વાત રોમની થઈ, તો હોમ આપણા દેશની દશા છે? ચીમનભાઈ મુખ્ય લેખમાં એમની વેદના ઠાલવે છે. છાપામાં એ જ વાત આવે છે. વાંચીને દિલ વલોવાઈ જાય છે, થાય છે કે એક વખતનું ભારત સંસ્કૃતિસભર ભારત, જયાં વચનની કિંમત હતી, જયાં પરધન પથ્થર સમું હતું. જયાં પરપીડાએ દુ:ખી થનાર હતા, તે જ ભારત આજે પેલા સત્તાધારીઓના નટના ટાઈટ દોરડા પર થતા નાચ જોઈ રહ્યું છે. લાચારીથી કોણ જાણે પડશે કે બચી જશે?

**મેલ્ટન ડેવિસ : અનુ: રંભાબહેન ગાંધી**

# વાણી : સત્યનો પ્રાદુર્ભાવ

"પશુઓના મૌન પ્રેમ અને સંવેદન અને અના આદાનપ્રદાનની પવિત્રતાને માણસ, વાચા દ્વારા અભડાવતા હોય છે, ત્યારે જ ઈશ્વરે અર્પેલી વાણીનું મહત્ત્વ માણસને કઈ રીતે આંકવું, એ માણસની બુદ્ધિપ્રતિભા પર આધારિત છે!"

'બોલવું' એ સામાન્ય છે, પ્રત્યેક વ્યકિત બોલતી હોય છે, પણ 'વાચા'નો વ્યભિચાર થાય છે, ત્યારે કોઈને કોઈના સંવેદનોને ઠેસ વાગતી હોય છે!

આવી જ રીતે, માણસની 'લાગણી'નો પ્રતિભાવ મળતો હોય છે! જયાં સુધી લાગણી દુભાતી નથી, ત્યાં સુધી અંતરના સંવેદનો જાગતા નથી હોતા, પણ અહીં જ માણસને સત્ય લાધતું હોય છે. લાગણી દુભાય ને સંવેદનો જાગે છે, ત્યારે જ માણસને દુ:ખના સાચા સંવેદનનો અનુભવ થાય છે!

મને એક ભાઈ યાદ આવી જાય છે! સમજુ, શાણા અને સમજણવાળા, સમાજમાં સારું સ્થાન; પરંતુ એમની વાણીથી જ એ એટલા અપ્રિય કે, કોઈને એમના પ્રત્યે જરા શી સહાનુભૂતિ ન મળે!

એક વખત એક સજ્જનના યુવાન પુત્રનું અવસાન થયું. આ ભાઈ પણ ત્યાં આવેલા! પરંતુ આવ્યા એવા, સામી વ્યકિતને સહાનુભૂતિ આપતાં આપતાં એવા વેણ ઉચ્ચાર્યા, કે જેમના યુવાન પુત્રનું અવસાન થયું હતું એમને અત્યંત દુ:ખ થયું. વાત તો ત્યાં જ પતી ગયેલી. પરંતુ મેં એકવાર એમને પૂછેલું, 'તમારા પુત્રના દુ:ખદ અવસાન સમયે, પેલા ભાઈએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા એનાથી તમને દુ:ખ થયું હશે, ખરું ને?"

એ ભાઈએ થોડો વિચાર કર્યો ને પછી બોલ્યા:

"મને એ સમયે ઘણું દુ:ખ થયેલું! મારા યુવાન પુત્રના અવસાન સમયે, એ ભાઈની કિલષ્ટ ભાષાથી મારામાં કાંઈક એવા સંવેદનો જાગેલા કે, એક તો પુત્રના અવસાનનું દુ:ખ હતું ને તેમાં વધારો થયેલો– પરંતુ મને આમાંથી એક સત્ય લાધેલું–ને મેં તે જ સમયે એ સત્ય સ્વીકારી લીધેલું કે:

"કદી વાચા દ્વારા અન્યને દુ:ખ થાય એવું બોલવું જ નહીં! એવું લાગે તો મૌન રહેવું, પણ કોઈની લાગણી દુભાય એવું તો કદાપિ ન જ બોલાવું!"

જીવનમાં સત્ય મેળવવા કદી પ્રયત્ન કરવા પડતા નથી હોતા, પ્રસંગોપાત મળી જતું હોય છે– પણ સત્ય લાધે ખરું, પણ અંતરથી એનો સ્વીકાર ન કરીએ તો, એ સત્ય લાધે તો ય શું ને ન લાધે તો ય શું?

ઘણી વખત વાણી દ્વારા સત્યનો પ્રાદુર્ભાવ થતો હોય છે. ને જયારે આવો પ્રાદુર્ભાવ થાય છે, તે જ સાચો પ્રાદુર્ભાવ હોય છે.

એક કાળે, મુંબઈ શહેરના એક જાહેર માર્ગ ઉપર એક અશોભનીય દશ્ય સર્જાયું હતું. કલ્પી ન શકાય તેવા, પણ દેખાવે સજ્જન જેવી વ્યકિતઓએ ઊભા ઊભા આ દશ્યને જે દષ્ટિ અને વાચા દ્વારા વિકારી બનાવી દીધેલું કે, એની અડખે-પડખે ઊભેલા 'માણસો'ને પણ એમાં કશું અજુગતું લાગતું નહોતું.

—આવા પ્રસંગોએ જ, 'માનવીય વાચા અને દષ્ટિ'ની પવિત્રતાનું મૂલ્ય અંકાતું હોય છે, ને? એટલે જ મેં, આ લેખના પ્રારંભે એક વાકય ઉચ્ચાર્યું છે, કે પશુઓના મૌન, પ્રેમ, સંવેદન અને એના આદાનપ્રદાનની પવિત્રતાને માણસ વાચા અને દષ્ટિથી અભડાવતા હોય છે.'

કયારેક 'સત્યોચ્ચાર' પણ એવો થતો હોય છે, એનાથી પણ સામા માણસની લાગણી દુભાતી હોય છે!– તો શું સત્ય જ ન ઉચ્ચારવું? આના બે માર્ગો માણસો સ્વીકારતા આવ્યા છે: કોઈક વ્યવહારુ બની, કોઈને દુ:ખ થાય એવું સત્ય ઉચ્ચારતા નથી હોતા; પરંતુ માણસની આ નબળાઈને 'વ્યવહાર' ગણી લઈને, એ સત્ય ઉચ્ચારતા કોઈને દુ:ખ થાય તો સત્ય પણ ન ઉચ્ચારવું એવું બને છે!

પરંતુ ઘણાં 'કોઈને દુ:ખ થતું હોય તો છો થાય, પરંતુ એ સત્ય ઉચ્ચારતા ડરતા નથી!' ઘણી વખત સત્ય ઉચ્ચારવાનો આગ્રહ ઓછો હોય છે, પણ સ્વભાવગત સત્ય ઉચ્ચારી નાખે છે! છતાંય સત્ય જ ઉચ્ચારે છે, એ જ 'સત્ય'નું મહત્ત્વ છે. અને જો, સત્ય ઉચ્ચારવાની પળ માણસમાં આવતી હોય અને એ ચૂકી જવાય તો, એ સત્યનું અપમાન છે! ઘણી વખત અંતરના સાચા સંવેદનોમાંથી સત્ય પ્રાપ્ત થતું હોય છે.

—ઘણી વખત માણસ ઉતાવળા સ્વભાવગત લક્ષણથી ઉચ્ચારેલ વાણીને 'સત્ય' સમજી લેવાતું હોય છે, પણ તે 'સત્ય' નથી ય હોતું પરંતુ જયારે માણસમાંનો આવિર્ભાવ ઓછો થઈ જાય છે, પછી ગંભીરતાપૂર્વક વિચાર્યા પછી જ ખ્યાલ આવે છે, કે 'મેં' ઉચ્ચારેલું એ સત્ય નહોતું પણ અર્ધસત્ય હતું!... અથવા તો સત્ય જ નહોતું!'

—પણ આ સત્ય લાધ્યા પછી પણ માણસ અભિવ્યકિતમાં સત્યનું અવમૂલ્યન કરીને, એના સ્વભાવગત લક્ષણને સત્ય માનવાનો આગ્રહ સેવે છે, ત્યારે એ માણસ 'ભ્રમ'માં જીવતો હોય છે!

'વાચા' દ્વારા જ માણસમાંના 'સત્ય'ને તોળી શકાતું હોય છે! એટલે 'માણસો' વાચાને પોતાના જીવનની સાર્થકતા સમજવી જોઈએ!

'લાગણીના આવિર્ભાવમાં ઉચ્ચારાતી વાણી' એ સત્ય હોય છતાં, એ વ્યવહારુ નથી હોતી તો પણ, એ 'સત્ય' હોવા છતાં 'અસત્ય' બની જતું હોય છે– પરંતુ આ વ્યવહારુ દષ્ટિ થઈ! પરંતુ 'સત્ય'ને 'સત્ય' સ્વરૂપે ઉચ્ચારવું કે અન્યને એ સત્ય છે, એ ગળે ઉતરાવવું એ પણ એક આવડતનો પ્રશ્ન છે!

માણસ 'વાણી' લઈને જન્મે છે, એ જન્મતાં જ જન્મ જાત સંસ્કાર જન્મે છે! માણસના વિકાસ સાથે વાણીમાં વિવિધતા સર્જાય છે– વાણીમાં આડંબર છે છતાંએ વાણી છે, વાણીનો વ્યભિચાર થાય છે, તો ય એ વાણી છે, વાણી વિલાસી હોય તોય વાણી છે– પરંતુ જે વાણીમાં વીતરાગતા હોય છે, એ જ સાચી વાણી છે.

**—ગુણવંત ભટ્ટ**

## પર્યુષણ વ્યાખ્યાનમાળા વ્યાખ્યાનોની કેસેટો

પર્યુષણ વ્યાખ્યાનમાળાના બધા જ વ્યાખ્યાનોની કેસેટો સંઘ દ્વારા તૈયાર કરાવવામાં આવી છે.

તે નીચેની શરતે દરેક સભ્યને ઘેર લઈ જવા માટે આપવી એવો ઠરાવ સંઘની કાર્યવાહક સમિતિએ કર્યો છે.

"દરેક કેસેટ દીઠ રૂા. ૫૦ ડીપોઝીટના લેવા અને ત્રણ દિવસનું રૂા. ૨, ભાડું લેવું, ત્રણ દિવસથી વધારે સમય કેસેટ રાખવામાં આવે તો વધારાના રૂા. ૨, ભાડાના લેવા. દર ત્રણ દિવસે આ ક્રમે વધારાનું ભાડું લેવું."

જે સભ્યોને ઉપરના નિયમ પ્રમાણે કેસેટ જોઈતી હોય તેમણે કાર્યાલયનો સંપર્ક સાધવો. જે કેસેટ હાજર હશે તે મળશે.

**—શાન્તિલાલ ટી. શેઠ**
કાર્યાલય મંત્રી

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૨

મુંબઈ, ૧૬ ઓકટોબર ૧૯૭૯, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## જયપ્રકાશ – નિર્ભયતાની મૂર્તિ

શ્રી જયપ્રકાશના અવસાનથી આપણા દેશે એક સાચા લોકનાયક ગુમાવ્યા છે અને દુનિયાને એક મહાપુરૂષની ખોટ પડી છે. જયપ્રકાશના દેહાન્ત સાથે એક યુગનો અંત આવે છે. લોકહૃદયમાં આદરપૂર્વકનું સ્થાન હોય એવા લોકનેતાઓની પરંપરાના જયપ્રકાશ છેલ્લા પ્રતિનિધિ હતા. જયપ્રકાશનું જીવન સમર્પણની ભવ્ય ગાથા છે. આપણા દેશમાં સંત પુરૂષ અને ચારિત્રશીલ વ્યકિતઓ પ્રત્યે જ લોકોની શ્રદ્ધા–ભકિત રહી છે. જયપ્રકાશનું લોકહૃદયમાં ઉચ્ચસ્થાન તેમના ચારિત્રને જ આભારી છે.

જયપ્રકાશ અભ્યાસ અર્થે અમેરિકા ગયા. ત્યાં સાત વર્ષ રહી, જાતમહેનતથી અભ્યાસ કર્યો. ત્યાંના વસવાટ દરમ્યાન, સામ્યવાદી વિચાર ધારાથી પ્રભાવિત થયા. સ્વદેશ પાછા ફર્યા ત્યારે ગાંધીયુગ તપતો હતો. અમેરિકા જતા પહેલાં, ૧૯૨૦માં, ૧૮ વર્ષની ઉંમરે, બિહારના સન્માન્ય નેતા બ્રિજકિશોર બાબુના પુત્રી પ્રભાવતી સાથે લગ્ન થયા હતા. ત્યારે પ્રભાવતીની ઉંમર ૧૪ વર્ષની હતી. સંસ્કારી પણ રૂઢિચુસ્ત કુટુમ્બમાં તેમનો ઉછેર થયેલો. ગાંધીજીએ પ્રભાવતીને પોતાની છાયામાં લીધા અને તેમનું ઘડતર કર્યું. આ સંકોચશીલ, ભીરૂ, અને નમ્ર બાળાને, પોતાની દીકરી તરીકે સ્વીકારી, નિડર બનાવી, રાષ્ટ્રસેવાની દિક્ષા આપી. જયપ્રકાશ પશ્ચિમના વિચારો અને સંસ્કૃતિથી રંગાયેલા. તેમને ગાંધીજી પ્રત્યે ખેંચવામાં પ્રભાવતીએ કેટલો ભાગ ભજવ્યો તે કહેવું મુશ્કેલ છે, પણ તેમાં પ્રભાવતીનો અગત્યનો હિસ્સો હતો તે નિશ્ચિત છે. ગાંધીજીએ પ્રભાવતીમાં બ્રહ્મચર્યની નિષ્ઠા દ્રઢ કરી હતી. પરિણામે, જયપ્રકાશ અને પ્રભાવતીનું જીવન વિશુદ્ધ પ્રેમ પર રચાયું. પ્રભાવતીએ જયપ્રકાશનું પત્ની તરીકે જ નહિ પણ એક માતા પેઠે જતન કર્યું. પ્રભાવતી વિના જયપ્રકાશ પાંગળા બની જાય. ૧૯૭૩માં પ્રભાવતીના અવસાન પછી, જયપ્રકાશ ભાંગી પડયા, જીવનમાં રસ ન રહ્યો, પણ ઉત્કટ કર્તવ્યભાવનાએ જીવનસંગ્રામ ચાલુ રહ્યો.

અમેરિકાથી આવી, જયપ્રકાશે જાહેર જીવનમાં ઝંપલાવ્યું. જવાહરલાલ સાથે ગાઢ મૈત્રી થઈ. બન્ને સમાજવાદી વિચારના, પણ ધીમે ધીમે બન્ને ઉપર ગાંધીજીની અસર વધતી ગઈ. જયપ્રકાશના હૃદય સુધી પહોંચવા, પ્રભાવતી ગાંધીજીનું સાધન હતા. જયપ્રકાશ કોઈની શેહમાં તણાય એવા ન હતા. જવાહરલાલ અને જયપ્રકાશ બન્ને રાજય સત્તાવાદી સોશિયાલિસ્ટ એટલે બાપુના વિચારો એમને ગળે ઉતરે નહિ. પણ ઉત્કટ દેશભકિત અને સ્વાતંત્ર્યની તીવ્ર ભાવના, એ બે ગુણોને કારણે, બન્નેનું માથું બાપુ આગળ નમતું, પણ તે કબૂલ કરવા પણ તેઓ તૈયાર ન હતા. ધીમે ધીમે સામ્યવાદી વિચારધારા ભીંત ભૂલે છે તે સમજાયું. તેમાં લોકશાહી નથી, માનવીનું ગૌરવ નથી, હિંસા અને વર્ગવિગ્રહ આધારિત છે તે જોયું. જયપ્રકાશમાં એક મોટો ગુણ હતો. જે સમયે જે સત્ય લાગે તે આચરવું. પોતાની ભૂલ થઈ હોય તો સ્વીકારવી. વિચાર પરિવર્તન કરતાં સંકોચ ન અનુભવવો. પ્રશંસા-નિન્દાની પરવા ન કરવી. જવાહરલાલ અને જયપ્રકાશને, ગાંધીજીની સત્યનિષ્ઠા અને નિડરતાનું આકર્ષણ હતું. અહિંસામાં આ બન્નેને ગાંધીજી જેવી શ્રદ્ધા ન હતી. છતાં હિંસક માર્ગ કરતાં, શાન્તિમય માર્ગ વધારે કામયાબ થશે એટલો વિશ્વાસ બેઠો હતો. જયપ્રકાશે સ્વતંત્રતાની લડતમાં પૂરજોશથી ઝંપલાવ્યું. હઝારીબાગ જેલમાંથી નાસી છુટયા અને ભૂગર્ભ લડતમાં જોડાયા, ત્યારે યુવાનોના લાડીલા નેતા બન્યા.

પણ જયપ્રકાશ અને જવાહરલાલમાં એક મહત્ત્વનો ફેર હતો. જયપ્રકાશ સત્તાથી સદા દૂર રહ્યા. ધાર્યું હોત તો દેશના રાષ્ટ્રપતિ અથવા વડા પ્રધાન બની શકત. આ બાબતમાં જયપ્રકાશ ગાંધીજીની વધારે નજીક હતા. બીજી એક બાબતમાં પણ બન્ને ભિન્ન હતા. જવાહરલાલનો ઉછેર વૈભવી અને બાદશાહી હતો. જવાહરલાલની પ્રકૃતિમાં પણ સમૃદ્ધ જીવનની ઈચ્છા હતી. જયપ્રકાશ, ગાંધીજી પેઠે સદા અકિંચન રહ્યા અને સાદાઈ અને સંયમને જીવનનું અંગ બનાવ્યું. ગાંધીજી પેઠે, જયપ્રકાશ અથવા જવાહરલાલ ધાર્મિક પુરૂષ ન હતા. પણ બન્ને નૈતિક મૂલ્યોને ઉચ્ચ સ્થાન આપતા. જયપ્રકાશે જે પ્રકારનું સેવા અને સમર્પણનું જીવન સ્વીકાર્યું હતું તેમાં નૈતિક મૂલ્યોની વધારે પ્રતિષ્ઠા હતી. સત્તાસ્થાને બેઠેલ વ્યકિતએ અનેક સમાધાનો કરવા પડે છે, અનિષ્ટો પ્રત્યે આંખમીંચામણા કરવા પડે છે. જયપ્રકાશના જીવનમાં અણીશુદ્ધ સચ્ચાઈ જળવાઈ રહી.

જયપ્રકાશના વિચારોમાં વખતોવખત પરિવર્તન થતું. તેથી કેટલાક લોકોને એમ લાગતું કે તેમનામાં સ્થિરતા ન હતી. પણ લોકશાહી, સ્વતંત્રતા, માનવીનું ગૌરવ, ગરીબો પ્રત્યેની કરુણા, અપાર માનવતા, આ બધા સ્થિર મૂલ્યો તેમને હંમેશ અન્યાય અને અસમાનતા સામે લડતમાં ખેંચતા.

ગાંધીજીની વ્યવસ્થાશકિત કે વ્યવહાર કુશળતાનો જયપ્રકાશમાં અભાવ હતો. માણસને પારખવાની ગાંધીજીની કળા જયપ્રકાશમાં ઓછી હતી. એ રીતે તે ભોળા હતા. કેટલાક લોકો તેમનો લાભ ઉઠાવતા.

જયપ્રકાશમાં ક્ષાત્રતેજ હતું. એક રીતે એમ લાગે કે સંઘર્ષ તેમનો જીવનમંત્ર હતો. સંઘર્ષ વિના તેમને ચેન ન પડતું. સામ્યવાદી વર્ગવિગ્રહનો ખ્યાલ તેમનામાંથી સદંતર ગયો ન હતો. તે જોતાં વિનોબાજીના ભૂદાન પ્રત્યે જયપ્રકાશ આકર્ષાયા તે કાંઈક આશ્ચર્યની વાત હતી. છતાં ભૂદાન કાર્યથી એટલા ખેંચાયા કે તે માટે જીવનદાન કર્યું, પણ અંતે આ ઠંડા કામમાં તેમને રસ ન રહ્યો. લોકો સ્વેચ્છાએ પરિગ્રહ ત્યાગ કરશે અને સામાજિક અને આર્થિક વિષમતાઓ દૂર થઈ, ગરીબોને ન્યાય મળશે એવો અનુભવ ન થયો. જયપ્રકાશ અંતે રાજકારણના જીવ હતા. નવનિર્માણના આંદોલને તેમને ખેંચ્યા અને ફરી પૂરજોશથી લડતમાં ઝંપલાવ્યું.

ઈન્દિરા ગાંધીની સરમુખત્યારશાહીને પડકારી શકે એવી એક જ વ્યકિત હતી અને તે જયપ્રકાશ નારાયણ, તેમના ચારિત્ર્યબળ અને નૈતિક સામર્થ્યથી; જયપ્રકાશ નિર્ભયતાની મૂર્તિ હતા. જયપ્રકાશ વંટોળ પેદા કરી શકતા, લડતનું વાતાવરણ જમાવી શકતા. એમની ભાવનાશીલતા, આદર્શવાદી વિચારધારા, અને નૈતિક ભૂમિકાને કારણે લોકહૃદયને હલમલાવી નાંખતા.

દેશ ઉપર આપખુદીના ઓળા ઊતર્યા ત્યારે લોકશાહી- અને સ્વતંત્રતાના રક્ષણ માટે, દેશને યોગ્ય સુકાની મળી ગયા. ભાંગેલ શરીરે, પણ દઢ મનોબળ અને સંકલ્પશકિતથી, જયપ્રકાશે અદ્‌ભૂત કાર્ય કર્યું, અને આપણા દેશના ઈતિહાસમાં અમર સ્થાન પ્રાપ્ત કર્યું.

જયપ્રકાશના વિચારો સાથે પુરા સંમત ન હોય એવાઓને પણ તેમના પ્રત્યે માન અને આદર હતા. પક્ષહીન લોકશાહી, લોકઉમેદવાર, સંપૂર્ણ ક્રાન્તિ વિગેરે વિચારો અસ્પષ્ટ અને કેટલેક દરજજે અવ્યવહારુ હતા. પણ તેમાં રહેલી ભાવના હૃદયને સ્પર્શી જતી. ચૂંટણીમાં અને જાહેર ક્ષેત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામેની

જયપ્રકાશની લડત લોકોની ભાવનાઓનો પડઘો પાડતી.

અંતિમ સમયે, જયપ્રકાશે ઘણી યાતના વેઠી. દેહકષ્ટ અસહ્ય હતું, માનસિક વેદના વધતી જતી હતી. જનતા પક્ષની ફાટફૂટ, નિષ્ફળતા અને આગેવાનોની સત્તાલાલસાથી તેમની મનોવ્યથા વધી પડી. એકલા પડી ગયા. કાંઈક ગાંધીજી જેવી સ્થિતિ થઈ. પણ તેમનું જીવનકાર્ય પુરું થયું હતું. તેમનું જીવન ધન્ય બન્યું હતું. જીવનની સાર્થકતા બહારના પરિણામોથી મપાતી નથી. દેશ અને દુનિયાએ તેમને ભવ્ય અંજલિ અર્પી એ જ તેમના અમર કાર્યની સાક્ષી પૂરે છે.

૧૧-૧૦-૭૯ —ચીમનલાલ ચકુભાઈ

# જયપ્રકાશ—સફળ કે નિષ્ફળ?

જયપ્રકાશ વિષે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનાં તા. ૯-૧૦-૭૯ના અંકમાં લખતા તેના તંત્રી ગિરિલાલ જૈન લખે છે:

It is no criticism of a revolutionary to say either that he was a romantic at heart or that he failed to achieve his objectives. Revolutionaries are romantics and they invariably fail in their missions. Fate was never kind to J.P.

કોઈપણ ક્રાન્તિકારી વિષે એમ કહેવું કે એ સ્વપ્નામાં રાચે છે અથવા પોતાના ધ્યેયની સિદ્ધિમાં નિષ્ફળ ગયા છે, તે, તેની નિંદા નથી. ક્રાન્તિકારીઓ સ્વપ્નામાં જ રાચે છે. અને પોતાના મિશનમાં સદા નિષ્ફળ જાય છે. જયપ્રકાશને નસીબે કોઈ દિવસ યારી ન આપી.

ગિરિલાલનું કહેવું છે કે જયપ્રકાશ *Romantic Revolutionary* હતા. અને બધી બાબતમાં નિષ્ફળ ગયા. તેમણે જયપ્રકાશના જીવનના કેટલાક પ્રસંગો લઈ, આ હકીકત સાબિત કરવા પ્રયત્ન કર્યો છે. છેવટ લખે છે, મૃત્યુ પણ આટલું મોડું આવ્યું તેથી, માર્ચ ૧૯૭૭માં જનતા પક્ષનો વિજય થયો અને કટોકટીનો અંત આવ્યો તેનો યશ તેમને મળત, તે પણ ન મળ્યો અને જનતા પક્ષને છિન્નભિન્ન થતો જોવો પડયો. Now he will be remembered as a man who failed in his last mission — to bouild an effective alternative to congress which in present context, can mean only the Congress (I) led by Mrs. Gandhi. ગિરિલાલ જૈન, ઈન્દિરા ગાંધીનો ઉદય જુએ છે અને તેમાં તેમને જયપ્રકાશની નિષ્ફળતા દેખાય છે.

આ દષ્ટિબિન્દુ કેટલું એકાંગી છે તે ભાગ્યે જ કહેવાની જરૂર છે. એમ જોઈએ તો ગાંધી પણ પૂરા નિષ્ફળ ગયા. દેશના ભાગલા પડયા, હિંસાનો દાવાનળ ફાટી નીકળ્યો, સાથીઓ સાથે તીવ્ર મતભેદો થયા. આ સફળતા–નિષ્ફળતા માપવાના આપણાં અને મહાપુરૂષોના તોલમાપ જુદા હોય છે.

ગિરિલાલને જવાબ આપતા હોય તેમ, જયપ્રકાશે જેલમાં હતા ત્યારે ૯મી સપ્ટેમ્બર ૧૯૭૫ને દિને તેમની જેલ–ડાયરીમાં કાવ્ય લખ્યું છે તે આપણને સૌને પ્રેરણા આપે તેવું છે.

જયપ્રકાશ લખે છે કે સફળતા, વિફળતાની મારી પરિભાષા જ (બીજાઓથી) ભિન્ન છે. જગત જેને વિફળતા કહે છે, તે મારા માર્ગમાં માત્ર વચલો વિસામો છે. મારી મંજિલ અતિ દૂરની છે, કયાંય રોકાવાનું નથી. મારે કોઈ કામના નથી, બધું ઈશ્વરને સમર્પણ છે. મારી વિફળતામાં હું તુષ્ટ છું. મારૂં આ 'વિફલ' જીવન શતશત ધન્ય થશે.

તે કાવ્ય હિન્દીમાં છે. તેનો ગુજરાતી અનુવાદ આ સાથે આપ્યો છે.

૯-૧૦-૭૯ —ચીમનલાલ ચકુભાઈ

# જીવન આ વિફલતાથી ભર્યું છે.

જીવન આ વિફલતાઓથી ભર્યું છે,
સફળતાઓ જ્યારે કદી આવી નિકટ,
દૂર ઠેલી નિજ માર્ગથી મેં ...
તો શું હતી એ મૂર્ખતા?
નહીં!
સફળતાને વિફલતાની
પરિભાષા જ મારી ભિન્ન છે!
પૂછો ઈતિહાસને કે વર્ષો પૂર્વે,
શું પ્રધાન મંત્રી બની ન શકત?
કિન્તુ ક્રાંતિશોધકને માટે,
અનોખા જ પંથો
માન્ય હતા, ઉદ્દિષ્ટ હતા.
પથ, ત્યાગના, સેવાના, નિર્માણના
પથ, સંઘર્ષના, સંપૂર્ણ ક્રાંતિ તણા.
જગ ઓળખે જેને 'વિફલતા' નામ દઈ
તે તો હતા,
મુજ શોધમાં વચલા વિસામા.
ધ્યેયનાં નિશાન મારાં અગણિત,
યાત્રા ય આ અતિ દૂરની
કયાંય મારે થોભવું ના,
વિકટ ભલે, મુજ પથ રહ્યો.
નિજ કામના કંઈ યે નહિ
સઘળું સમર્પિત ઈશને.
વિફલતા જે કંઈ મળો
છું તુષ્ટ હું.
ને, વિફલ જીવન આ
શતધા મુબારક હો! મુને,
જો, સમાનધર્મા, પ્રિય તરુણો કેરો
કંટક છાયો પંથ આ
કંઈ કેય સુગમ બનાવી હું શકું....

ચંદીગઢ (હૉસ્પિટલ) — જયપ્રકાશ નારાયણ

## સંપૂર્ણ વિચાર પછી નિર્ણય કરો

તમને એવી વિવેકબુદ્ધિ મળેલી છે કે, જેની મદદથી તમે પૂરો વિચાર કરીને કોઈ નિર્ણય ઉપર આવો છો. એ વિવેક-બુદ્ધિનો બહુ સાવધાનીથી ઉપયોગ કરો. માણસ માટે વિવેક ઘણું મોટું અવલંબન છે, માણસનું મન જ્યારે સ્વાભાવિક ધર્મથી વિરુદ્ધ વર્તવા લાગે છે ત્યારે વિવેક જ એને માર્ગદર્શન કરાવે છે. જે કાંઈ વિચાર કરો એમાં વિવેકનો પૂરો ઉપયોગ કરો. ઉતાવળા થવાની જરૂર નથી. સત્સમાગમ ચાલુ રાખો. ભગવાનમાં તમારી શ્રદ્ધા હમેશાં ટકી રહો.

દરેક બનાવની પૂરેપૂરી રીતે તપાસ કરો. એનાં મૂળ કારણનો, એની મર્યાદાનો અને એને લગતી આવી બીજી બાબતોનો પૂરો વિચાર કરો કે એ બનાવથી તમારામાં સહિષ્ણુતા, ધૈર્ય સત્ય, શ્રદ્ધા, અપરાધીનતા વગેરે સદ્‌ગુણ ઉત્પન્ન થાય છે કે નહીં.

કોઈ પણ કારણે વિહવળ ન થાઓ. તમને ખબર હોવી જોઈએ કે એવી બાબતો વસ્ત્રમાં સૂતરના તારન જેમ જીવનમાં ઓતપ્રોત હોય છે. બધું ઈશ્વરના હાથમાં છે. આથી કોઈ પણ બનાવ બને તો પણ દુ:ખી ન થાઓ. કોઈ તમારું બૂરું કરે તો આવો જ વિચાર કરો કે, 'બૂરું' કરનાર વ્યકિત પણ મારો બંધુ છે—મિત્ર છે. અજાણતાં જ પોતાના સ્વભાવથી પ્રેરાઈને એણે એવું કર્યું છે. મારામ તો સમજણ છે. સામાજિક એકયને આ ભૂલી ઉઠો, પણ હું કેમ ભૂલું હું ઉદારતા અને ન્યાયને ભૂલી ન જ શકું.'

માર્કસ ઓરેલિયસ

શ્રી જયપ્રકાશ નારાયણ સંઘના કાર્યાલયમાં: તા. ૧૨-૫-૧૯૭૨



# ☆ સત્યનિષ્ઠ જયપ્રકાશ ☆

૨૫ મી જૂન ૧૯૭૫ ને દિને, ઈન્દિરા ગાંધીએ દેશ ઉપર કટોકટી લાદી તેનું એક મુખ્ય કારણ જયપ્રકાશનું આંદોલન ગણાય છે. ૧૨ મી જૂને અલ્હાબાદ હાઈકોર્ટનો ચૂકાદો આવ્યો. હાઈ-કોર્ટે તેનો અમલ પૂરો સ્થગિત કર્યો હતો છતાં, જયપ્રકાશે જોરદાર માગણી કરી કે, નૈતિક દષ્ટિએ ઈન્દિરા ગાંધીએ રાજીનામું આપવું જોઈએ. ૨૪ મી જૂને સુપ્રીમ કોર્ટે આ ચૂકાદાનો અમલ અંશત: સ્થગિત કર્યો — વડા પ્રધાન રહે પણ લોકસભાના સભ્ય તરીકે મત આપી ન શકે — ત્યારે આ માગણી વધારે જોરદાર થઈ. ૨૫ મી જૂનની સાંજે રામલીલા મેદાનમાં જયપ્રકાશે આ માંગણીનું ભારપૂર્વક સમર્થન કર્યું. તે જ રાત્રે જયપ્રકાશની અને બીજા નેતાઓની ધરપકડ થઈ અને કટોકટી જાહેર થઈ. ત્યાર પછી જે બન્યું તેથી જયપ્રકાશ સ્તબ્ધ થઈ ગયા. આવું બને એવી કલ્પના પણ તેમને ન હતી. જેલમાં અહેવાલો મળતા તે વાંચી ઘણા વ્યથિત થતા. ૨૧ મી જુલાઈએ 'જેલ ડાયરી' લખવી શરૂ કરી અને પોતાના મનની બધી વ્યથા ઠાલવી. આત્મનિરીક્ષણ કર્યું. પોતાની ભૂલ તો નથી થઈ? દેશ ઉપર આવી મહાન આફત આવી પડી તે માટે પોતે જવાબદાર છે કે નહિ તે પ્રશ્ન થયો. ઈન્દિરા ગાંધીને સમજવામાં પોતે ભૂલ કરી છે? 'જેલ ડાયરી' જય-પ્રકાશના આત્મ નિરીક્ષણ અને વિચારમંથનનો ઐતિહાસિક દસ્તા-વેજ છે. પાને પાને સત્યનિષ્ઠા તરી આવે છે. લોકશાહી, સંપૂર્ણ ક્રાન્તિ, સરમુખત્યારશાહી, પોતાનું કર્તવ્ય, એવા અનેક વિષયો ઉપર નોંધો છે. તેમના ભાષણો કરતાં આ અંગત ખોજ તેમના વ્યકિતત્વની વધારે ઝાંખી કરાવે છે. વચ્ચે વચ્ચે થોડી તાત્વિક ચર્ચા પણ આવે છે. આ લખાણોમાં જયપ્રકાશની માન-વતા અને હૃદયની ઉષ્મા જોવા મળે છે. જયપ્રકાશ કેટલા ભાવનાશીલ, લાગણીવશ હતા તે જોવા મળે છે. ૨૧ મી જુલાઈ-ની પહેલી જ નોંધ તેમની વ્યથા બતાવે છે. ઈન્દિરા ગાંધીને પત્રો લખ્યા, તેમાં કેટલું ઊંડું દર્દ છે તે દેખાય છે. ઈન્દિરા ગાંધી, મારી ઈન્દુ, જેને પુત્રી ગણી રમાડી હતી તે-આટલી હદે જાય તેની અકથ્ય વેદના તે પત્રોમાં ભરી છે. 'જેલ ડાયરી'ના કેટલાક ફકરાઓ અહીં આપું છું.

તા. ૧૦-૧૦-૭૯ ચીમનલાલ ચકુભાઈ

૨૧ જુલાઈ ૧૯૭૫

'મારી દુનિયાના ભગ્નાવશેષો મારી આસપાસ વેરાયેલા પડયા છે. મને ભય છે કે, મારા જીવનકાળ દરમિયાન એને પુન: સુવાંગ સ્વરૂપે જોવા હું પામવાનો નથી. કદાચ મારા ભત્રીજા - ભાણેજોને એ સુયોગ સાંપડે...

આપણી લોકશાહીની ક્ષિતિજો વિસ્તારવાનો યજ્ઞ હું આદરી બેઠો હતો. લોકશાહીના અંગભૂત બની લોકો સતત રીતે એની પ્રક્રિયા-માં ભાગ લેતા થાય એમ કરવા હું મથી રહ્યો હતો.

* * *

'મારી ગણત્રીમાં હું કયાંક ચૂકયો? (મારાથી બોલાઈ તો એમ જતું હતું કે, 'આપણી ગણત્રીમાં' આપણે ક્યાંક ચૂકયા? પણ ના, એમ કહેવું બરાબર નથી. આ સમગ્ર વસ્તુસ્થિતિ-ની પૂરી જવાબદારી મારે એકલાને જ વહેવી રહી) અલબત્ત હું પોતે એવી ભ્રમણા સેવતો રહ્યો કે, આપણા લોકશાહી શાસન હેઠળ વડાં પ્રધાન અમારી શાંતિમય લોકશાહી ચળવળને નાકામિયાબ બનાવવા માટે સામાન્ય ને અસામાન્ય એવા તમામ કાયદાઓનો ઉપયોગ ભલે કરતાં રહે, પણ લોકશાહીને જ ખતમ કરી તેઓ એને બદલે સરમુખત્યારશાહી તંત્ર દેશને માથે મઢી દેશે. એવી કલ્પના મને કદાપિ ન હતી.

* * *

શું અમણે પોતે જ તડ ને ફડ કરતાં સાફ શબ્દોમાં આપણને સંભળાવી દીધું નથી કે, કટોકટી પૂર્વેના સ્વચ્છંદતાના જમાનામાં પાછા ફરવાનું તો ભારતને હવે કોઈ રીતે પાલવે તેમ નથી. સ્વચ્છંદતા! શી ધૃષ્ટતા છે, સ્વચ્છંદતા વિષે ડહાપણ ડહોળવાની! ખુદ પોતે દિલ્હીમાં કોંગ્રેસ યુથ રેલી બોલાવેલી એની વાત ભુલાઈ ગઈ લાગે છે. બર્બરતા ને બિભત્સતાનું શું એ પ્રદર્શન!

મને ખબર નથી કે અત્યાર લગી જે સજ્જનો ને સન્નારીઓ મારામાં દેશની એક માત્ર 'આશા' જોતાં હતાં, તેઓ આજે શું કહેતા હશે! દેશ પર ઊતરેલા આ ભીષણ દુર્દૈવ માટે તેઓ મારા પર જ શાપ વરસાવતાં નહિ હોય? એવું હોય તો પણ આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. તેઓ કદાચ એમ પણ કહેતાં હોય કે, શ્રીમતી ગાંધીને ચોમેરથી આંતર્યા એટલે પછી આ સિવાય બીજુ શું પરિણામ હોય? પરંતુ મને વિશ્વાસ છે કે, થોડાક લોકો તો એવા નીકળશે, ને તે જુવાનિયાઓમાં પણ, કે જેમણે મારામાં ને મેં નજર સમક્ષ રાખેલા ધ્યેયમાં શ્રદ્ધા નહિ ગુમાવી હોય. એ લોકો જ આ દેશ માટે ઉજળા ભાવિની આશા સમાન હશે. ભારત આ કબરમાંથી ઊભું થશે જ, વહેલું - મોડું ય... ...

* * *

**પ્રિય વડા પ્રધાન,** ૨૧ જુલાઈ, ૧૯૭૫

રોજ છાપામાં તમારા ભાષણો ને મુલાકાતોના અહેવાલો વાંચીને તો હું દિંગ થઈ ગયો છું. અખબારોને તેમ જ સાર્વજનિક મતભેદને વ્યકત કરનારાં હરકોઈ સાધનોને ગુંગળાવી માર્યા પછી, કોઈ પણ જાતની ટીકા આલોચના યા વિરોધાભાસનો ય ડર રાખ્યા વિના, તમે બેધડક તમારી વિકૃતિઓ ને જુઠાણાઓ હંકાર્યે રાખો છો. તમે જો કદાચ એમ માનતા હો કે આમ કરીને તમે પ્રજાની નજરમાં પોતાની જાતને વાજબી ઠેરવી એમનું સમર્થન મેળવી લઈ શકશો ને વિરોધ પક્ષોને સદાને માટે રાજકીય દોજખમાં ધકેલી દઈ શકશો, તો એ તમારી ભૂલ છે. ને જો તમને મારી આ વાત પર વિશ્વાસ ન બેસતો હોય તો ઈમર્જન્સી ઊઠાવી લઈને લોકોના મૂળભૂત અધિકારો પાછા આપીને, અખબારોનું સ્વાતંત્ર્ય કાયમ કરીને, તેમ જ જેમને તમે અટકાયતમાં રાખ્યા છે, યા તો જેલોના સળિયા પાછળ ગોંધી દીધેલા છે– જેમણે દેશ પ્રત્યેનું પોતાનું કર્તવ્ય બજાવવા સિવાયનો બીજો કોઈ ગુનો કરેલો નથી – એ બધાને છોડી મૂકો, ને તમારી મેળે ખાતરી કરી જુઓ. નવ વર્ષ ... મારા બેન! આ કંઈ નાનો સૂનો ગાળો ન કહેવાય. છઠ્ઠી ઈંદ્રિયનું જ્ઞાન હોય એવા લોકોએ તમારી સાચી પહેચાન મેળવી લેવા માટે આટલો સમયગાળો પૂરતો છે.

* * *

આ અળખામણું કર્તવ્ય બજાવી લીધા પછી, સમાપનમાં સલાહના બે શબ્દો કહીને હું મારું વકતવ્ય પૂરું કહીશ. તમે જાણો છો કે હું એક વૃદ્ધ માણસ છું. મારું જીવનકાર્ય સમાપ્ત થતું આવેલ છે. મારું શિક્ષણ પૂરું કર્યા બાદનું મારું આખું યે જીવન મેં દેશને સમર્પી દીધેલું છે. ને એના બદલામાં મેં કદી કશાયની આશા અપેક્ષા રાખી નથી. એટલે તમારા રાજ - અમલ દરમિયાન આ જેલમાં જ મરવું પડે, તોય હું સંતોષથી મરી શકીશ.

○

તમે આવા માણસની એક સલાહ માનશો? કૃપા કરીને રાષ્ટ્રપિતાએ તેમ જ તમારા ઉદાત્ત ચરિત પિતાએ આ રાષ્ટ્રનો જે પાયો નાખેલો છે, એનો નાશ ન કરશો. આજે તમે જે માર્ગ લીધો છે, એ રસ્તો તો આગળ વિખવાદ ને યાતનાઓ સિવાય બીજું કશું જ નથી. મહાન સાંસ્કૃતિક પ્રણાલીનાં ઉદાત્ત જીવનમૂલ્યોને એક કારગત લોકશાહી પ્રજાતંત્ર તમને વારસામાં મળેલ છે, આ બધાનો ભંગાર ને ખંડિયેરો જ તમારી પાછળ મૂકતાં જવાનું ન થાય એટલું જોજો.

*

મનેં હમેશાં એમ લાગ્યા કર્યું છે કે, શ્રીમતી ગાંધીને લોકશાહીમાં વિશ્વાસ નથી. સ્વભાવે ને માન્યતાથી તેઓ સરમુખત્યાર છે. કરુણતા એ છે કે દુર્ભાગ્યે મારી આ માન્યતા સાચી પડી છે. મને યાદ આવે છે કે, જયારે કયારેય મારા કોઈ લખાણમાં યા નિવેદનમાં મારી આ માન્યતાના પુરાવા રૂપે મેં શ્રીમતી ગાંધીના ચરિત્રલેખક (ઉમા વાસુદેવ) ના શબ્દો ટાંકયા છે,ત્યારે ત્યારે એ લેખિકાને બિચારાંને કંઈક ને કંઈક ચોખવટો કરતાં રહેવાની ફરજ પડી છે. પરંતુ એથી મારા મનમાં કશો જ ફેરફાર થયો નથી.

તો પછી હું ચૂકયો કયાં? ઘટનાઓએ પુરવાર કરી આપ્યું છે કે શ્રીમતી ગાંધીના વ્યકિતગત વલણો ભલે ગમે તે હશે, પરંતુ આ દેશમાં સરમુખત્યાર બની બેસવાનું એમને માટે શકય બનશે જ નહિ, એવી ધારણા સેવવામાં મેં મોટી થાપ ખાધી હતી. મેં. માની લીધેલું કે, લોકો એવું બનવા જ નહિ દે. એટલું જ નહિ, એ માર્ગે પગ દેવાની તેઓ પોતે પણ હિંમત નહિ કરી શકે. બીજી વાત એ કે મેં ગઈ કાલે લખ્યું તેમ ખુદ એમનો કૉંગ્રેસ પક્ષ જ એવું બનવા દેશે નહિ. ખેર, બંને વાતમાં ઘટનાઓએ મને ખોટો પાડયો છે. હજી હું માનું છું કે એની સામે લોકોનો વિરોધ જાગશે, ને એ વિરોધમાંથી એક શકિત પેદા થશે... ભલે એને થોડો સમય લાગે ... આજે તો લોકો તદ્ન ડઘાઈ ગયા છે ... એમના નેતાઓ એમની પાસેથી ઝૂંટવાઈ ગયા હોઈ, શું કરવું તેની વિમાસણમાં પડી ગયા છે, પરંતુ એમનામાંથી જ નવા નેતાઓ પેદા થશે – મેં ગઈ કાલે નોંધ્યું હતું તે મુજબ એક તદ્ન નવી જ નેતાગીરી ઊગીને ઊભી થશે, ને એની સામેનાં વિરોધ ટકી રહેશે.

★ ★ ★

૨-૧૦-૧૯૭૫

બાપુ! આપના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક નમન. મહાત્મા ગાંધીની જય. મહાત્મા ગાંધી અમર રહે.

આજે બાપુનો ૧૦૬ મો જન્મદિવસ છે. બાપુને ગયે આજે ૨૮ વર્ષ થઈ ગયા. આ કાળની અવધિમાં એમનું નામ તો ઘણું લેવાયું, પણ કામ બહુ થોડું થયું. આ છેલ્લા થોડાંક વર્ષો થયાં આ દેશના વિદ્વાનોને એવું લાગવા માંડયું છે કે, બાપુએ ચીંધેલો માર્ગ છોડી દઈને ભારતે બહુ મોટી ભૂલ કરી છે. પરંતુ જવાહરલાલજીના જમાનામાં આ નહિ તો આમના જેવા જ વિદ્વાનોએ ગાંધીજીના માર્ગને જૂનવાણી ગણ્યોને તેઓ જવાહરલાલજીની 'મોડર્ન' અદ્યતન, દષ્ટિના પ્રશંસક બની ગયા હતા એનું પરિણામ આજે આપણી દષ્ટિ સમક્ષ છે. મિથ્યાચારને સદાચાર તરીકે ખપાવવામાં જેઓ ખૂબ સફળ થયા છે' તેવાં શ્રીમતી ગાંધી વચમાં વચમાં એવો દાવો કરતાં રહે છે કે, પોતે ગાંધીજીના માર્ગે જ આવી રહ્યા છે. કદાચ આજે બાપુના જન્મ દિન નિમિત્તે વળી એવા જ ઉદ્ગારો કાઢવા તેઓ પ્રેરાય પરંતુ એ બધો દંભ છે.

જયપ્રકાશ નારાયણ

# વૃત્તિ તેવા અભિપ્રાય

જેવી આપણી વૃત્તિઓ, અવા આપણા અભિપ્રાય.

**– ગેટે**

પ્રેમ પોતા સિવાય બીજું કશું આપતો નથી અને પોતા સિવાય બીજા કશામાંથી લેતોયે નથી.

પ્રેમ કોઈને તાબેદાર કરતો નથી અને કોઈનો તાબેદાર બનતો નથી;

કારણ પ્રેમ, પ્રેમથી જ સંપૂર્ણ છે.

**– ખલિલ જિબ્રાન**

સુખને દાખલ કરવા નાની ડોકાબારી ખોલવા જાઓ, એટલે જ શોકનો દરવાજો ઊઘડી ગયો જાણો.

**– જર્મન સુભાષિત**

દરેક માણસના જીવનમાં એક કલાક એવો નિયત થયેલો હોય છે, જેનો તે ઉપયોગ કરી લે તો સુખી થઈ જાય, પરંતુ તે તેનો ઉપયોગ કરી લે તો!

**– બ્યુમો ઍન્ડ ફ્લેશર**

જયારે કોઈ મને ખોટું લગાડે છે, ત્યારે હું મારી જાતને એટલી ઊંચી કરવા પ્રયત્ન કરે છું કે, એ વસ્તુ મને આંબી શકે જ નહિ.

**– ડેકાર્ટ**

ઘણું ભણેલા ઘણીવાર સાંકડા મનવાળા બની રહે છે.

**– હેઝિલટ**

વૉલ્ટેર કહેતો કે જીવનમાં બે વખત હું પાયમાલ થયો છું: એક વખત કોર્ટમાં કેસ જીત્યો ત્યારે અને બીજી વખત કેસ હાર્યો ત્યારે.

કાયદાઓ પાપ શોધી શકે, પણ તેને દૂર ન કરી શકે.

**– મિલ્ટન**

# * માનવીના સંવાદી વિકાસનો દ્રષ્ટા *

માનવ જાત વિશે ગુર્દજિયેફ જો કે તદ્દન નિરાશાવાદી છે છતાં એ માને છે કે માનવીમાં સ્વતંત્રતાનો એક નાનો તિખારો રહેલો હોય છે, જેને પ્રજવલિત કરી શકાય. આ ભારે કઠિન કાર્ય છે, છતાં તે શકય છે. પ્રથમ પગલું આપણી જાતનો સૂક્ષ્મપણે અભ્યાસ કરવાનું છે- આપણે કેટલી હદે ચીલો ચાતરીએ છીએ તેની સભાનતા પ્રગટે ત્યાં સુધી. સવારે ઊઠીએ છીએ અને ચોક્કસ વિધિઓમાંથી પસાર થઈએ છીએ. કશુંક નવું, કંઈક સર્જનાત્મક કરવાની ઈચ્છાનો ઝબકારો કયારેક અનુભવીએ છીએ. વાસ્તવમાં બે પાટા પર દોડતી ટ્રેનની જેમ આપણે દોડતા રહીએ છીએ- રોજિંદી ઘટમાળમાં એક જ રીતે વિચારતા અને ક્રિયાકાંડની એક સરખી વિધિઓ કરતા રહીએ છીએ. એ રીતે જ મોટા ભાગના લોકો પંચોતેરની વયે પહોંચે છે. એક ટ્રેન એ જ પાટાઓ પર પંચોતેર વર્ષ સુધી દોડતી રહી હોય તેના જેવું જ આ થયું. તેમનામાં કોઈ વિશેષ શાણપણ પ્રગટયું હોતું નથી.

આ યાંત્રિકતામાંથી માનવી કેવી રીતે છટકી શકે? ગુર્દજિયેફના સમગ્ર જીવનકાર્ય પાછળનો આ જ ઉદ્દેશ હતો. એક પાયાની મુશ્કેલી આળસુપણાની છે. ધર્મે આ વાત પીછાણી છે. એટલે તો તેના પ્રતિકારાર્થે વ્રત તપની કઠિન વિધિઓ યોજાઈ છે. જ્ઞાન, ભકિત, કર્મના રાજમાર્ગો સુવિદિત છે, પરંતુ એ એકેય પર્યાપ્ત નથી. આ ત્રણેયનું સંયોજન સાધીને માનવીએ ચતુર્થ માર્ગનું અનુસરણ કરવું જોઈએ, જેને ગુર્દજિયેફ કયારેક લુચ્ચા માણસનો માર્ગ- ધ વે ઓફ ધ કનિંગ મેન કહે છે.

ટેવ એ માનવીનો સૌથી મોટો શત્રુ છે. ટેવ એટલે યંત્રવત જીવન. આપણા સ્વાતંત્ર્યને એ હણે છે. એથી ગુર્દજિયેફની પદ્ધતિ પાછળ મુખ્ય નેમ આ યાંત્રિકતાથી મુકિત અપાવવાની રહી છે. માનવી તેના પર ઓછું ને ઓછું અવલંબન રાખતો થાય તે જોવાની છે. ભાવાવેશમાં નાચતા દર્વિશ-મુસ્લિમ સંતો-નાં જેવાં સંકુલ નૃત્યોનું તેણે આયોજન કરેલું તેની પાછળ આ જ ઉદ્દશ હતો. શ્વેત ઝબ્બામાં પરિવેષ્ટિત સર્વ નર્તકો અકલ્પ્ય એવી અંગભંગી અને મુદ્રાઓ કરતા. તમે એક હાથ વડે પેટ પર ઘસતા રહો અને બીજો હાથ માથા પર થપથપાવો- તરત જ અનુભવી શકશો કે બે હાથ જુદી જુદી ક્રિયાઓ કરતા હોય એમ યોજવું કેટલું કઠિન છે. પણ ગુર્દજિયેફના નર્તકો દરેક હાથ અને દરેક પગ વડે જુદી જુદી ક્રિયાઓ કરી શકતા અને કયારેક શિર વડે કંઈક જુદું જ કરતા! આ ટેકનિક હસ્તગત કરવા પાછળની નરી કઠિનતા જ માનવીને 'જાગ્રત' કરી દે. તેને સ્વતંત્રતાની નવી સીમા બક્ષે. પરંતુ એની મર્યાદા એ કે તેમાં એકવાર તમે પારંગત બની જાવ પછી તેમાંથી 'સ્વતંત્રતા' મળતી નથી, તે યંત્રવત બની જાય છે!

ગુર્દજિયેફ આથી તેના શિષ્યોને સદૈવ તીવ્ર ચપળતાની સ્થિતિમા રાખવામાં માનતા. પ્રાત:કાળે ચાર વાગે છાત્રાલયમાં પહોંચી જતા અને હાથ વડે તાળીઓ પાડતા. ક્ષણોમાં જ દરેક વિદ્યાર્થી પથારી છોડીને કોઈક અટપટી અને કઠિન અવસ્થા ધારણ કરે એવી અપેક્ષા રાખવામાં આવતી. 'ચપળતા'ને તેઓ ખૂબ જ મહત્ત્વ આપતા. ચપળતા એટલે સભાનતા અને તત્પરતાની સતતની સ્થિતિ એવો અર્થ તેઓ કરતા. વળી શિષ્યો ભારે પરિશ્રમનું કાર્ય કરતા રહે એવી પણ અપેક્ષા રહેતી. પણ આ બધું માત્ર 'ઉપકરણો' યા સહાયક સાધનો જેવું વધુ હતું. મહત્ત્વની બાબત તો મનને મજબૂત કરવાની, અંત:કરણને અર્થાત ચેતનાને દ્રઢ કરવાની હતી- ટૂંકમાં, માનવીના સત્ત્વને સંગીન બનાવવાનું તેમણે તાકયું હતું. માનવી અહંકારનું પૂતળું હોય છે એક સાથે ડઝન જેટલા 'હું' તેનામાં રહેલા હોય છે- કદાચ હજારો! જયારે તે ખરેખરો પ્રયત્નશીલ હોય છે, પોતાની પૂરી શકિતઓથી પુરુષાર્થમાં લાગેલો હોય છે ત્યારે આ પૈકીના થોડાક 'હું'નું સંયોજન સધાયું હોય છે-જેને પરિણામે તેનું વ્યકિતત્વ એક ઘટકના જેવી એકતા અનુભવે છે.

ઉદ્દેશ તો મુકિતનો જ છે. આ શું છે તે દરેક જણ જાણે છે. એકાએક વિચિત્ર આનન્દનો શેરડો મનમાં અનુભવાય એવી એ સ્થિતિ છે. વર્ડઝવર્થે અનન્તતાની ઝાંખી-'ઈન્ટિમેશન્સ ઓફ ઈમ્મોર્ટાલિટિ'-તરીકે એ સ્થિતિને વર્ણવી છે. વધુ સજીવતા, વધુ સજાગતા તમે અનુભવો; આખું જગત ખૂબ જ સ્પૃહણીય સ્થળ લાગે. અર્થસભરતા સર્વ દિશાઓમાં પ્રસરતી અનુભવાય- મહાનગરના ઝાકઝમાળથી ઓપતા રાજમાર્ગોની જેમ જ. તમે આવી સજીવતાની સ્થિતિમાં હો, અને તમારી રોજિંદી મનોદશા વિશે જયારે વિચાર કરો ત્યારે તદ્દન સરળ અને સહજપણે એમ લાગ્યા વિના નહિ રહે કે આપણે સામાન્યત: 'અંધ' હોઈએ છીએ. અર્થસભરતા તો સામે જ ધબકતી હોય છે, માત્ર તે આપણે જોતા નથી. ધન, વૈભવનાં ઉપકરણો, સેકસ, કીર્તિ, સત્તા-એમ વિવિધ ચીજો માટે આપણે મથામણ કરતાં રહીએ છીએ, કારણ એની પ્રાપ્તિ આપણને વધુ સજીવતાનો અનુભવ કરાવે છે. અલબત્ત, આ બધી ચીજો ચેતનાનો કેવળ ક્ષણિક ઝબકારો સર્જે છે. ચેતનાની જયોતને સંકોરીને વધુ તીવ્ર ને સતેજ બનાવવા લગનીપૂર્વક લાગી જઈએ તો આથી કયાંય વધુ સારાં પરિણામો સિદ્ધ કરી શકીએ એવો વિચાર જ આપણને આવતો નથી. પણ ગુર્દજિયેફને એવો વિચાર આવ્યો હતો અને તેણે તેનું જીવન એ વિચારના શિક્ષણ ને પ્રસાર પાછળ ખર્ચ્યું.

ગુર્દજિયેફે આરંભકાળના તેના જીવનની કેટલીક વિગતો 'મીટીંગ્સ વિથ રિમાર્કેબલ મેન' નામના ગ્રંથમાં આપી છે. રશિયા અને તુર્કસ્તાનની સરહદ પરના ગામ 'કાર્સ'માં તેનો જન્મ થયો હતો. આ ગામનો વારંવાર નાશ થયો હતો- કયારેક તે રશિયનોના હાથમાં જતું, કયારેક તુર્કોના. પશ્ચિમના દેશોની જેમ પૂર્વમાં સમય સંબંધે લોકો સજાગ નથી હોતા. ઘણા લોકો પોતે કયારે જન્મ્યા તે જાણતા હોતા નથી. આવું જ ગુર્દજિયેફની બાબતમાં હતું. વળી ૧૮૭૭માં રશિયનો ફરી એ ગામ પર ચઢી આવ્યા અને તુર્કોની કતલ ચલાવી ત્યારે તેના જન્મનાં રેકોર્ડઝ કદાચ નાશ પામ્યાં હોય. ગુર્દજિયેફ રશિયન ગ્રીક હોઈને કતલમાંથી ઊગરી ગયો. એકવાર તેના એક શિષ્યને તેણે કહેલું કે તેનો જન્મ ૧૮૬૬માં થયો હતો. આ શિષ્ય જે. જી. બેનેટને ગુર્દજિયેફની બહેને એમ કહેલું, કે તેના માનવા પ્રમાણે ગુર્દજિયેફનો જન્મ ૧૮૭૭માં થયો હતો. બેનેટે પોતે સ્વતંત્રપણે તપાસ યોજીને એ સાલ ૧૮૭૨ હોવી જોઈએ એમ ઠરાવેલું.

બેનેટ સૌ પ્રથમ ગુર્દજિયેફને ૧૯૨૩માં તુર્કીમાં મળ્યા. 'અમારી ઓળખ કરાવવામાં આવી ત્યારે આવી અસાધારણ આંખો જીવનમાં મેં પહેલીવાર નિહાળી. બન્ને આંખો એટલી ભિન્ન હતી કે પ્રકાશથી આવો ભ્રમ સર્જાય છે કે શું એવું પળભર મને લાગ્યું.' એમ તેમણે નોંધ્યું છે. પણ એ ભિન્નતા તેમાંના ભાવને કારણે હતી, ડોળાની કોઈ ક્ષતિને કારણે નહિ. બીજા ઘણાને એવો અનુભવ થયો છે, કે ગુર્દજિયેફ માણસની આરપાર જોઈ શકતા હોય કે તેના વિચારો વાંચી શકતા હોય એવી છાપ ઉપસતી.

ચેતનવંત સર્વ પ્રાણીઓની જીવન-પ્રક્રિયા સમજવાની નાની વયથી તેમને લગની લાગી હતી. આપણે જેને 'અતીન્દ્રિય' કહીએ છીએ તે 'પારાનોર્મલ' સંબંધમાં નાનપણથી તેમને રસ જાગ્યો હતો. વિદ્યાર્થી અવસ્થામાં તેમને ભાવ સમાધિ લાગી જતી અને ત્યારે તેઓ ભવિષ્યકથન કરતા જે સાચું પડતું. તરુણ વયે જ તેમણે મઠોની મુલાકાત લીધી હતી અને ત્યાં ચમત્કારિક ઈલાજો તથા ગૂઢ વિદ્યાનો અભ્યાસ કર્યો હતો. યુવાનવયે તેમણે રેલવેમાં સ્ટોકર તરીકે-એન્જિનમાં કોલસા પૂરનાર તરીક નોકરી લીધી હતી. એકવાર નવી લાઈનની મોજણી માટે એક એન્જિનિયરના મદદનીશ તરીકે તેમને જવાનું થયું. ત્યારે ગુર્દજિયેફે સારા પ્રમાણમાં ધન એકઠું કર્યું. જે શહેરમાં થઈને એ નવી લાઈન જવાની હતી તેના મેયર પાસે આગળથી એ પહોંચી જતા અને કહેતા કે તેમનું શહેર નવી લાઈન પર નથી, પણ પોતે તે માટે 'વ્યવસ્થા' કરી શકશે! નગરપતિ તેમને નાણાં વડે ખુશ કરીને શહેરને રેલવે અપાવ્યાનો સંતોષ લેતા.

'હેરોલ્ડ ઓફ કમિંગ ગૂડ' એ તેમના પ્રથમ પુસ્તકમાં ગૂઢ જ્ઞાનની ખોજ માટેની તેમની યાત્રાઓનું વર્ણન કર્યું છે. પોગોસ્સીઅન નામના એક મિત્ર સાથે ભૂમધ્ય અને મધ્ય એશિયાના મઠોની તેમણે મુલાકાત લીધી. આ મિત્ર પોગોસ્સીઅન હંમેશાં તેના હાથ ઝુલાવ્યા કરતો પગનાં ડગલાં સાથે તેનો તાલ રાખતો અને ચપટીઓ વગાડતો. આમ શા માટે કરતો? તે કહેતો: 'મારા આખા દેહને ક્રિયાશીલ રાખવા માગું છું, આળસને દૂર હાંકી કાઢવા માગું છું.' ગુર્દજિયેફને તેના તત્ત્વજ્ઞાનનું આ એક મહત્ત્વનું પાસું આમ તેના આ મિત્ર પાસેથી સાંપડયું. ગુર્દજિયેફની સમગ્ર વિચારણાના પાયામાં આ વાત રહેલી છે. માનવજાતની મૂળભૂત મુશ્કેલી એ છે, કે માનવી એ એક નિષ્ક્રિય, યંત્રવત વર્તન કરતું પ્રાણી છે. યંત્ર માનવ અને તેનામાં બહુ તફાવત નથી. એક જાતની મૂઢતામાં આપણે જીવન વીતાવી દઈએ છીએ અને પરિણામે આપણી અંદર સુષુપ્ત રહેલી શકિતઓના અલ્પાંશનો જ ઉપયોગ કરીએ છીએ. માનવીના આ વિચિત્ર 'મર્યાદાપણા' વિશે, તેની સંકુચિતતા વિશે ગુર્દજિયફ આકર્ષાયા હતા એમ આપણે કહી શકીએ, કારણ સર્વ પ્રાણીઓમાં માનવી જ એકમાત્ર

એવું પ્રાણી છે જે સૌથી ઓછું મર્યાદિત છે. એક કૂતરાની કે ગાયની મર્યાદા આપણે સમજી શકીએ. આહાર, પાન, નિદ્રા, મળ વિસર્જન અને પ્રજનન એ નૈસર્ગિક આવેગોને વશ વર્ત્યાથી વિશેષ તેમને કશું કરવાનું હોતું નથી. પરંતુ માનવીએ તો ભવ્ય સ્થાપત્યો, શિલ્પો સર્જ્યાં છે. કવિતા, નવલકથા, સંગીતની તરજો સરજી છે. તેની સર્જકતાને સીમા નથી. છતાં એનું વાસ્તવિક જીવન કેટલું સાંકડું અને નીરસ! જાણે એ કોઈક પ્રકારની મોહનિદ્રાની માંદગીમાં સપડાયો ન હોય! આ સમસ્યામાં ગુર્દજિયેફને ઉત્કટ રસ જાગ્યો.

એનાં જીવનનાં પ્રથમ ચાલીસેક વર્ષો દંતકથામાં ખોવાઈ ગયાં છે. કોઈકને એ તિબેટમાં દલાઈ લામાના દરબારમાં જોવા મળેલા છે. આ ગાળામાં તેમણે ખૂબ પ્રવાસો ખેડયા એ નિશ્ચિત છે. પ્રથમ વિશ્વ યુદ્ધ જાગ્યું એ પહેલાં તેઓ મોસ્કોમાં હતા. અને ત્યાં તેમણે 'ધ સ્ટ્રગલ ઓફ ધ મેજીસીઅન્સ' નામના બેલે-નૃત્ય નાટકનું સર્જન કર્યું. એમાં એમના શિષ્યો મુસ્લિમ દર્વીશોનાં જેવાં સંકુલ અને અટપટાં નૃત્યો કરતા. સત્યની ઝાંખી- 'ગ્લીમ્પસીઝ ઓફ ટ્રુથ' નામના નૃત્યની હસ્તપ્રતો તૈયાર કરનાર એક અનામી શિષ્યે ગુર્દજિયેફની મુલાકાત લેવાનું કેટલું કઠિન હોય છે તેનું વર્ણન કર્યું છે. ગુર્દજિયેફ સહેલાઈથી કોઈને મળતા નહિ. તે માનતા કે જે કંઈ સરળતાથી પ્રાપ્ત થતું હોય છે તેનું આપણને બહુ મૂલ્ય હોતું નથી. આ શિષ્યે જ ગુર્દજિયેફની આંખોની ધારદાર ચમકની વાત કહી છે. વિશ્વનું માળખું વિવિધ પ્રકારની શકિતઓના રૂપમાં છે એમ આ શિષ્ય સાથેના સંવાદોમાં ગુર્દજિયેફે સમજાવ્યું હતું. તેમને દુ:ખ એ વાતનું હતું, કે માનવ 'કારખાનું' ખૂબ જ આણઘડ અને અપર્યાપ્ત છે. માનવી અસાધારણ શકિતઓનો સ્વામી છે, પણ જીવનમાં તેનો વિનિયોગ કરવામાં એ વિફળ રહ્યો છે. તે પોતાની શકિતઓને વેડફી નાખે છે. ગૂઢવાદ—ગૂઢ વિદ્યા સંબંધમાં એમના શિષ્યે પૃચ્છા કરી ત્યારે ગુર્દજિયેફે જવાબમાં કહ્યું કે માનસિક કવાયતના રૂપમાં તેનું મૂલ્ય છે, અન્ય મોટા ભાગની ગૂઢ વિદ્યા નિરર્થક છે. માનવીએ વાસ્તવિકતા પર દઢ પકડ જમાવવી જોઈએ અને એ માટે તેની સ્પષ્ટ સમજદારી હોવી જોઈએ.

ગુર્દજિયેફ સાદી ભાષામાં જ પોતાની વાત સમજાવતા. એક વિજ્ઞાનીની જેમ ચોકસાઈપૂર્વક અને શાંતપણે બોલતા. પણ એમને જે કહેવાનું હતું તે ભાગ્યે જ શાતાદાયી હતું. માનવી તત્ત્વત: 'મશિન' છે- યંત્ર છે. પોતે જીવે છે, વિચારે છે અને નિર્ણયો લે છે એમ એ માનતો હોય છે. હકીકતમાં એક નદીના કરતાં વિશેષ તે પોતાના ભાવિ પર અંકુશ ધરાવતો હોતો નથી. એક નદી જો તેનામાં ચેતના હોય તો એમ માનતી હોય કે તેણે તેનો માર્ગ પસંદ કર્યો છે. ટેકરીઓ પરથી ધસતી હોય કે મેદાનોમાંથી મંથર ગતિએ આગળ વધતી હોય ત્યારે સ્વેચ્છાએ પોતે એમ કરી રહી છે એમ એ માને. ગુર્દજિયેફ કહે છે કે માનવી બરાબર આવી જ સ્થિતિમાં છે. તે માનતો હોય છે કે એક નિયામક 'હું' 'ઈગો'—અહંકાર—એ ધરાવે છે. હકીકતમાં મિનિટે મિનિટે આગવા ઉદ્દેશો અને મનોરથો સાથે જુદા જુદા 'હું' તેના પ્રેરક બનતા હોય છે. એટલે જ માનવીનું જીવન આવું બેઢંગ હોય છે. બે ડઝન માણસો વારાફરતી એક એક વાકય લખતા જતા હોય એ રીતે તૈયાર થતા પુસ્તકના જેવું એનું જીવન છે!

માનવી એક યંત્ર બનવાનું બંધ કરી શકે?

ગુર્દજિયેફ કહે છે: અહા! એ પ્રશ્ન જાતને વારંવાર પૂછતા રહીએ તો કદાચ આપણે કયાંક પહોંચી શકીએ ખરા.

પ્રથમ વિશ્વ યુદ્ધ આગળ વધતું ગયું તેમ રશિયામાં પરિસ્થિતિ બગડતી ગઈ. ૧૯૧૭માં રશિયનો સત્તા પર આવ્યા ત્યારે ગુર્દજિયેફને થયું કે તે હવે રશિયામાં કામ કરી શકશે નહિ. સામ્યવાદીઓના ભૌતિકવાદની એમને ચિંતા ન હતી. તેઓ પોતાને ભૌતિકવાદી જ લેખતા. જ્ઞાન એ ભૌતિક બાબત છે એવી તેમની દઢ માન્યતા હતી. પણ સામ્યવાદીઓની નરી રૂક્ષતા તેમને જચતી ન હતી. ગુર્દજિયેફને પ્રતીતિ હતી કે સામ્યવાદીઓ દ્વારા યા મૂડીવાદી મુકત સાહસ દ્વારા જીવનના સર્વ આર્થિક પ્રશ્નોનું નિરાકરણ સધાઈ ગયું હશે ત્યારે પણ માનવી તો પહેલાં હતો એવો જ અ-મુકત હશે. એટલે રશિયા છોડી એ ફિનલેન્ડ ગયા અને પ્રવાસો ખેડતા રહ્યા. છેવટે ફ્રાન્સમાં પેરિસની દક્ષિણે ફાઉન્ટેનબ્લ્યો ખાતે એક એબે—ધર્માલયમાં સ્થાયી થયા, જે સ્થળ પછી માનવીના સંવાદી વિકાસ માટેની તેમની સંસ્થા 'ધિ હારમોનિયસ ડેવલપમેન્ટ ઓફ મેન'માં રૂપાંતર પામ્યું. તે ઘણીવાર અમેરિકા ગયા અને ત્યાં તેમના 'બેલે'ના પ્રયોગો બતાવ્યા. તેઓ કાબેલ શો-મેન હતા. કીર્તિની તેમને ભૂખ ન હતી છતાં તેમનું નામ વધુને વધુ જાણીતું બન્યું, એક સમયે ડી. એચ. લોરેન્સ તેમની સંસ્થામાં રહેવા જવા તૈયાર થઈ ગયા હતા. 'ધ ન્યુ એજ'ના તંત્રી ઓરેજ અને મોરિસ નિકોલ જેવા પોતાની કારકિર્દી તજી તેમના અનુયાયી બન્યા હતા. કેથેરિન મેન્સફિલ્ડ પણ ગુર્દજયેફની શિષ્યા બની હતી. હકીકતમાં ક્ષય રોગમાં તે મૃત્યુ પામી તે માટે ગુર્દજિયેફનો દોષ ગણાયો હતો.

૧૯૩૪માં એક ગંભીર મોટર અકસ્માતમાંથી માંડ બચ્યા પછી તેમણે એબેનું સ્થળ છોડયું અને એક ફલેટમાં રહેવા લાગ્યા. બીજા વિશ્વ યુદ્ધ સુધી તેમના અમેરિકાના પ્રવાસો ચાલુ રહ્યા હતા. પેરિસ પર હિટલરે કબજો જમાવ્યા પછી શિષ્યોએ 'મુકત ફ્રાન્સ'માં જવા માટે ખૂબ સમજાવ્યા છતાં ગુર્દજિયેફે ૧૯૪૯માં તેમનું અવસાન થતાં સુધી પેરિસમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

ગુર્દજિયેફનું વ્યકિતત્વ સંકુલ હતું. તેમની તાત્ત્વિક વિચારણા પણ એવી જ સંકુલ અને સૂક્ષ્મ હતી. તેમને એક પ્રકારના વિજ્ઞાની તરીકે વારંવાર વર્ણવવામાં આવ્યા છે. તે ઈશ્વરમાં માનતા અને ઈશ્વરના નામનો ઘણીવાર ઉપયોગ કરતા. ઘણા લોકોને તે અભિનેતા લાગ્યા હતા. લોકોને તેઓ દૂરથી જોતા— જાણે તેમનું નિરીક્ષણ કરતા ન હોય! આસપાસ એકત્ર થયેલાઓને પ્રભાવિત કરવા હોય તેમ તે કયારેક ખડખડાટ હસતા તો કયારેક પિત્તો ગુમાવી બેસતા. ઘણા લોકોને તેઓ ઉષ્માભર્યા અને માયાળુ લાગ્યા હતા. એકવાર તેમના એક શિષ્યને તેમણે કહેલું કે જે માણસ પોતાના માતાપિતાને ચાહતો હોય તે તત્ત્વત: સારો માણસ હોય છે. ગુર્દજિયેફ પોતાના માતાપિતાનો ભારે આદર કરતા.

એક સમ્પ્રદાયના વડા તરીકે ભાષણખોર નેતા તરીકે પણ તેમણે સારું કૌશલ દાખવ્યું હતું. લોકો મુશ્કેલીથી પોતાને મળી શકે એવું તેઓ ઈચ્છતા. ગુપ્તતા માટે તેઓ આગ્રહી હતા. અમેરિકામાં આથી તેમના આંદોલનને ભારે સફળતા મળી હતી. શિષ્યો બહારના લોકો સાથે તેમના 'કાર્ય' વિશે વાત કરી શકતા નહિ. મિલનને અંતે તેમને ત્વરાથી અને શાંતિથી વિખેરાઈ જવાનું કહેવામાં આવતું—જાણે તેઓ કાવતરાબાજ ન હોય! શિષ્યો પાસેથી પાઠના બદલામાં તેઓ આપી શકે તેટલી વધુમાં વધુ રકમ તેઓ લેતા. ધનની ઈચ્છા હતી એટલે નહિ— કારણ પોતે તો ખૂબ સાદું અને કરકસરયુકત જીવન જીવતા— પણ શિષ્યોને જ્ઞાનનું મહત્ત્વ સમજાય એટલા માટે. ગુર્દજિયેફ માનતા કે ભારે પ્રયત્ન યા ત્યાગ વડે પ્રાપ્ત થયું હોય તેનું જ લોકોને મન મૂલ્ય હોય છે. શિષ્યો વધુ ને વધુ સક્રિય રહે. અને યાંત્રિકતાને દૂર રાખે એવો જ હંમેશા ગુર્દજિયેફનો પ્રયત્ન રહેતો.

શિષ્યો ધીરજ ખોઈને રોષે ભરાય એવું ઘણીવાર એ કરતા. મોટરગાડી ખૂબ ખરાબ રીતે ચલાવતા જેથી સાથેના શિષ્યો ભયભીત બનીને સજાગ રહે. પ્રવાસમાં દિવસ દરમિયાન વિલંબ કરે, સાંકડા રસ્તા પર ઝડપથી ગાડી ન ચલાવે, જેથી હોટેલો બંધ થઈ ગઈ હોય ત્યારે જ ત્યાં પહોંચે. ખસિયાણા પડી જઈને શિષ્યો હોટેલના બારણા ઠોકે અને ગુર્દજિયેફ ગાડીની બારીમાંથી ડોકું કાઢી રશિયન ભાષામાં, કેટલી પથારીઓ જોશે અને કેટલા જણ માટે ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે તે વિશે સૂચનાઓ આપ્યા કરે. જાણે તેઓ હેતુપૂર્વક શિષ્યોની ધીરજને કસોટીએ ચડાવતા ન હોય.

ફ્રીત્ઝ પીટર્સ નામના તેમના શિષ્યે 'ગુર્દજિયેફ રિમેમ્બર્ડ' નામના ગ્રંથમાં તેમની સાથેના એક યાતનાભર્યા ટ્રેન-પ્રવાસનું રમૂજી વર્ણન કર્યું છે. ૧૯૩૪ના ગ્રીષ્મની વાત. પીટર્સ શિકાગો જવાના હતા. મારે પણ આવવું છે એમ ગુર્દજિયેફે કહ્યુ ત્યારે પીટર્સને આનંદ થયો. ટ્રેનને સારો એવો સમય હતો ત્યાં પીટર્સ ગુર્દજિયેફને લેવા પહોંચી ગયા. ગુરુ તૈયાર ન હતા. તૈયાર થવામાં તેમણે એટલો વિલંબ કર્યો કે ટ્રેનને ઉપડવાને દસ મિનિટ બાકી રહી ત્યારે તેઓ પ્લેટફોર્મ પર પહોંચ્યા. ત્યાં અનેક અનુયાયીઓ, પ્રશંસકો તેમને ઘેરી વળ્યા. ગુર્દજિયેફે પીટર્સને ફરમાવ્યું કે કોઈ અધિકારીને કહીને ગાડીને રોકો. ગભરાયેલા અને રોષે ભરાયેલા પીટર્સને થોડી સફળતા મળી પણ છેવટે ચાલુ ટ્રેને જ ગુર્દજિયેફને ધકેલીને અંદર ચડાવવા પડયા. વિદાયમાં આ રીતે વિક્ષેપ પાડવા બદલ એ પીટર્સ પર ખીજાયા. અને સિગારેટ પીવા બેસી ગયા. ટ્રેનના કન્ડકટરે 'નો-સ્મોકિંગ' તરફ તેમનું લક્ષ ખેંચ્યું અને ડઝનેક ડબા પછી તેમની સૂવાની બેઠકો છે ત્યાં બીજાઓને ખલેલ પાડયા વિના શાંતિથી પહોંચી જવા વિનંતિ કરી.

ગુર્દજિયેફને તેમની બેઠક પર પહોંચાડતાં પોણો કલાક લાગ્યો. માર્ગમાં જોરશોરથી ફરિયાદ કરતા રહી લગભગ બધાને જગાડી દીધા. પછી પીટર્સને કહ્યું કે મારે ખાવું છે. ત્યારે રાતનો એક વાગ્યો હતો. એટલી બધી ધાંધલ એ કરતા હતા કે ગાર્ડ અને પોર્ટરે ત્યાં આવી

તેમને ધમકાવ્યા અને હવે જ્યાં ગાડી ઊભી રહેશે ત્યાં તેમને ઊતારી મૂકવાની ધમકી આપી. ગુર્દજિયેફ એ પછી બિછાનામાં ઢળ્યા. ત્યાં વળી પાણી પીવાની ઈચ્છા થઈ અને સિગારેટ માગી. આમ સવારના ચાર સુધી ચાલ્યા કર્યું, જયારે છેવટે એ નિદ્રાધીન થયા. બીજો દિવસ એથી યે ખરાબ ગયો. ડાઈનિંગ કારમાં ગુર્દજિયેફે ખોરાક સંબંધમાં વાંધાવચકા કાઢયા જ કર્યા અને છેવટે યોગર્ટ માગ્યું. લગભગ દરેકને ઉત્તેજિત કર્યા પછી શાંતિથી અમેરિકન બ્રેકફાસ્ટ ખાવા બેઠા. દિવસ દરમિયાન ધ્રુમ્રપાન કરતા રહી તેમણે ઉતારુઓને સતત ઉશ્કેર્યા કર્યા. ડબામાં ધ્રુમપાનની મનાઈ હતી. મદ્યપાન પણ ખૂબ કર્યું. અને ગંધાતી પનીર-ચીજ-કાઢીને ખાતા રહ્યા. ઉતારૂઓ ગુસ્સે થતા ત્યારે ખૂબ ખૂબ માફી માગી લઈને એમને શાંત કરતા અને થોડીવાર પછી કંઈક એવું કરતા કે બધા અસ્વસ્થ થઈ જાય. શિકાગોમાં પીટર્સે કહ્યું કે હવે હું મારે માર્ગે જઈશ ત્યારે ત્યાં એકત્ર થયેલા શિષ્ય સમુદાય સમક્ષ ગુર્દજિયેફે કાગારોળ કરી મૂકી અને પ્રવાસમાં પીટર્સે કેવી રીતે પોતાને હેરાન કર્યો તે વિશે ફરિયાદ કરી! શિષ્યો બધા પીટર્સ પ્રત્યે ધૃણાથી જેવા લાગ્યા છેવટે વાજ આવી જઈને પીટર્સ આવાસ છોડી ગયો અને પોતાને ન્યુયોર્ક પાછા લઈ જવાની ગુર્દજિયેફની વિનવણીઓને કાને ધરી નહિ.

આ બધાનો શો અર્થ? ગુર્દજિયેફ એક ઝઘડાળુ અને ધાંધલિયા વૃદ્ધ હોય એવું લાગે; પણ તેમના તત્ત્વજ્ઞાનને સમજાવતાં ગંભીર પુસ્તકો પૈકી એક પર નજર નાખતાં જ આ છાપ ભૂંસાઈ જાય. તેઓ નિર્વિવાદપણે એમના સમયના એક મહાન તત્ત્વજ્ઞ હતા. ગુર્દજિયેફ આ રીતે માત્ર 'અભિનય' કરતા હતા. આપણામાં અખૂટ શકિત ભરેલી પડી છે. તાકીદના સમયે આપણે તેને કામે લગાડતાં હોઈએ છીએ. આનું સૌથી જાણીતું સ્વરૂપ 'સેકન્ડ વિન્ડ'ની પ્રક્રિયાનું છે, જયારે થાક એકાએક નૂતન શકિતમાં પલટાઈ જાય છે. ગુર્દજિયેફ તેમના શિષ્યોને તેઓ 'સેકન્ડ વિન્ડ'નો આશ્રય લે તેટલી હદે ધકેલવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મર્યાદાઓને ઉલ્લંઘવા લોકોને સામાન્યથી વધુ હદ સુધી ધકેલવા પડે, જેથી સામાન્યપણે તેઓ કરવા ઈચ્છતા નથી હોતા તેવા પ્રયાસો કરવા પ્રવૃત્ત બને.

સુષુપ્ત રહેલી અનામત શકિતઓને જાગ્રત કરવાની ગુર્દજિયેફ મહદ અંશે ક્ષમતા ધરાવતા હતા. તેમનું વિચિત્ર વર્તન સંભવત: આ પ્રાણશકિતના ઉદ્રકનો અવિર્ભાવ હોય, યા નિ:શંક તેઓ એ દ્વારા પીટર્સ જેવા શિષ્યને કસોટીએ ચડાવતા હોય. આશ્રમમાં ગુર્દજિયેફ પીટર્સને લોન કાપવાનું કામ સોંપતા અને ઉત્તરોત્તર તેમાં વધુ ને વધુ પરિશ્રમ કરવા પ્રેરતા, તે એટલે સુધી કે એક જ દિવસમાં એકરેના વિસ્તારમાં હરિયાળી કાપવાનું દેખીતી રીતે અશકય કામ તેઓ પાર પાડી શકતા. આ વાત પીટર્સે તેના 'બોયહૂડ વિથ ગુર્દજિયેફ' પુસ્તકમાં વર્ણવી છે. આ કાર્ય પદ્ધતિ ડી. એચ. લોરેન્સ જેવાને આકર્ષી શકી ન હતી ઈન્સ્ટિટયૂટ અર્થાત આશ્રમના જીવનના કેન્દ્રમાં પરિશ્રમ હતો. વિદ્યાર્થીઓ પોતાની સરેરાશ મર્યાદાને ઉલ્લંઘી જાય એટલી હદે પરિશ્રમ કરે એમ ગુર્દજિયેફ ઈચ્છતા. બાગકામ, આંતરિક સુશોભનનું કાર્ય, રોજિંદુ ઘરકાર્ય —આ બધામાં વિદ્યાર્થીઓ સવારથી રાત મચ્યા રહેતા અને દરમિયાનમાં 'પોતાની જાતનું નિરીક્ષણ' કરવા મથતા તથા નવા અને સતત વધુ ને વધુ ગૂંચવણભર્યા નર્તનના પ્રકારો શીખતા.

ગુર્દજિયેફની એક પાયાની વિભાવના 'આત્મસ્મરણ'ની હતી. તે કહેતા કે તમે આંખો મીચી દો અને તમે ફકત 'તમારા' વિશે જ સભાન બની રહો. તમારું સમગ્ર લક્ષ તીર બનીને તમારી અંદર તકાયેલું હોય. તમે તમારી કાંડા ઘડિયાળ તરફ જુઓ છો ત્યારે તમારું ધ્યાન બહારની બાજુ વળેલું હોય છે. પણ હવે તમારી ઘડિયાળ તરફ એ રીતે જેવા પ્રયાસ કરો. અને 'તમે તેના તરફ જોઈ રહ્યા છો' એવી સભાનતા જાળવી રાખવા પ્રયાસ કરો. બીજા શબ્દોમાં, તીરને એકી સાથે અંદર અને બહાર તાકવા પ્રયાસ કરો. થોડાક મહાવરાથી એ તરત સમજાઈ જશે કે એકી સમયે આ માત્ર થોડી ક્ષણો માટે જ થઈ શકે. છતાં એ પણ સ્પષ્ટ છે કે આંતર મુકિતની એ ક્ષણો, વર્ડઝવર્થની 'અનંતતાની ઝાંખી'ની ક્ષણો જ માત્ર એવી છે જે તમારે માટે આત્મ સ્મૃતિની ક્ષણો છે. 'શું, હું, અહીં?' એવી તમને લાગણી થાય છે અને આસપાસના પરિસરના જેટલા જ તમારી જાત વિશે તીવ્રપણે સભાન હો છો. ગુર્દજિયેફના શિષ્યોએ તેઓ કામ કરતા હોય ત્યારે આત્મસ્મરણ માટે સતત પ્રયાસો કરવાના હોય છે.

શિષ્યો તેમનો ભારે આદર કરતા, તેમને પૂછતા, છતાં ગુર્દજિયેફ પોતાને 'ભગવાન' મનાવવા ઈચ્છતા ન હતા. બુદ્ધની જેમ પોતે સામાન્ય માનવી છે– સરેરાશ માનવીથી ભલે એકાદ અંગુલ ઊંચો એવો સામાન્ય માનવી છે એમ ભારપૂર્વક જણાવતા. ધૂમ્રપાન કરતા, દારૂ ઢીંચતા અને બીજા બધાને એમ કરવા પ્રેરતા. જાતીય વ્યવહારમાં પણ તે નિરંકુશ હતા. પત્નીના અવસાન પછી ગુર્દજિયેફે તરત એક મિસ્ટ્રેસ રાખી હતી તથા જે શિષ્યા અનુકૂળ હોય તેની સાથે વિહાર કરવામાં સંકોચ અનુભવતા નહિ. ગુર્દજિયેફ એટલું સમજતા હતા કે કુદરતના કેટલાક ગુપ્ત કાનૂનો પ્રવર્તે છે અને આપણે પરિણામો ભોગવ્યા વિના સ્વૈર વિહાર કરી શકીએ નહિ. પરિણામો ભોગવવાં જ પડે છે, કયારેક સારાં, કયારેક માઠાં. તેમાંથી છૂટી શકાતું નથી. જૈન અને હિન્દુ દર્શનના કર્મવાદની જ આ વાત થઈ. કરે તેવું ભોગવે. આ પાયાની વાત જગતમાં જો સાર્વત્રિક રીતે સમ જાય અને સ્વીકારાય તો ગુનાખોરી નામશેષ બની રહે.

ગુર્દજિયેફના મૃત્યુ પછી તેમના શિષ્યો ગુપ્તતાના સોગંદથી મુકત થયા અને ૧૯૫૦માં તેના મુખ્ય શિષ્ય આઉસ્પેન્સ્કીના ગ્રંથ 'ઈન સર્ચ ઓફ ધ મિરેક્યુલસ'ના પ્રકાશન પછી જ બાહ્ય જગતને ગુર્દજિયેફ અને તેના તત્ત્વ દર્શનની ઝાંખી થઈ. ગુર્દજિયેફ અલબત્ત એમ માનતા કે ગ્રંથો વાંચ્યે જ્ઞાન ન મળે. બેનેટ ગુર્દજિયેફને પહેલીવાર મળ્યા ત્યારે બેનેટે તેમને પોતે ઉપજાવેલા પાંચમા પરિમાણની વાત કરી હતી. વિશ્વના રહસ્યનો એથી તાગ મળતો હતો. ગુર્દજિયેફે ત્યારે તેને જવાબમાં કહેલું: 'તમારી ધારણા બરાબર છે. ઉચ્ચતર પરિમાણ અથવા વધુ ઉચ્ચતર ક્ષેત્રો છે જ્યાં માનવીનાં ઉચ્ચતર બુદ્ધિકૌશલ નિર્બંધપણે પ્રવર્તે છે. પણ સિદ્ધાંતિક રીતે આ ક્ષેત્રોના અભ્યાસનો અર્થ શો? ધારો કે પાંચમું પરિમાણ ખરેખર પ્રવર્તે છે એ વાત તમે ગાણિતિક રીતે સિદ્ધ કરી શકયા, પણ જ્યાં સુધી તમે આ દુનિયામાં છો ત્યાં સુધી તેનો તમને શો ઉપયોગ છે?'

ગુર્દજિયેફને આ પાંચમા પરિમાણ તરફની યાત્રા કઈ રીતે કરી શકાય તેમાં વધુ રસ હતો.

– હિંમતલાલ મહેતા

## "સઉને .... મુબારક"

સઉને સઉની ચાલ મુબારક,
સઉની રહેજો આલ મુબારક,

સઉની હોજો ગાલ મુબારક.
સઉને સઉની ચાલ મુબારક,

સઉની રહેજો છાલ મુબારક.
સઉની હોજો હાલ મુબારક,

સઉની રહેજો ટાલ મુબારક,
સઉની હોજો ડાલ મુબારક.

સઉને સઉની ઢાલ મુબારક,
સઉને સઉની તાલ મુબારક.

સઉની રહેજો થાલ મુબારક,
સઉની હોજો દાલ મુબારક.

સઉની રહેજો નાલ મુબારક,
સઉને સઉની ફાલ મુબારક,

સઉને સઉના બાલ મુબારક,
સઉની રહેજો ભાલ મુબારક,

સઉને સઉના માલ મુબારક,
સઉને સઉના હાલ મુબારક.

સઉને સઉના લાલ મુબારક,
સઉના રહેજો વાલ મુબારક,

સઉને મળજો શાલ મુબારક,
સઉને હોજો સાલ મુબારક.

(અને) સૌને સૌના હાલ મુબારક.

– હેમચન્દ્ર નરશી

# શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનું જીવનદર્શન

(ગતાંકથી ચાલુ)

શ્રી પોલ રિશાર અને શ્રીમતી રિશારે ૧૯૧૪ ની પંદરમી ઓગસ્ટે શ્રી અરવિંદના જન્મદિવસે 'આર્ય' માસિકની શરૂઆત કરી અને શ્રી અરવિંદના મહાન ગ્રન્થોની પ્રાપ્તિ જેવા કે 'યોગ-સમન્વય', 'દિવ્ય જીવન', 'વેદ રહસ્ય', 'માનવ' એકતાનો આદર્શ વિગેરે અદ્‌ભુત ગ્રન્થો, 'આર્ય' ને પરિણામે જ માનવજાતિને મળી શકયા.

આ જ સમયે પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. રિશાર દંપતીને ફ્રાન્સ પાછા જવું પડ્યું. બરાબર પાંચ વર્ષ બાદ ૧૯૨૦ માં વિશ્વ યુદ્ધ થતાં જ પોતાનો તથા પોતાના ગુરુનો અધ્યાત્મ માર્ગ એક જ છે તેવી પૂરી સમજણ સાથે મીરાં પોંડિચેરી પાછા આવ્યાં અને કાયમ માટે ત્યાં જ રહી ગયાં.

તે સમયે શ્રી અરવિંદ સાથે તેમના થોડા મિત્ર-શિષ્યો પણ યોગસાધના કરતાં હતાં. ૧૯૧૪ થી જ મીરાંએ, પોતાની પ્રખર સાધના વડે મા ભગવતીની ચેતના સાથેનું તાદાત્મ્ય પ્રાપ્ત કર્યું હતું અને તેથી શ્રી અરવિંદના અવતારકાર્યને તેઓ બરાબર ઓળખી ગયાં હતાં. તેમણે તેમની દૈનિક જીવનની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી, એટલું જ નહીં, પરંતુ પોતાના હૃદયના પ્રેમથી અને મધુરતાથી સૌનાં મન પણ જીતી લીધાં. ધીમે ધીમે ત્યાં રહેનાર સૌના જીવનમાં વ્યવસ્થિતતા, સુંદરતા તેમ જ સુસંવાદિતા પણ ઉતરી આવ્યા. આ સમયે પૃથ્વીના આધ્યાત્મિક ઇતિહાસમાં એક શાશ્વત ઘડી બની આવી. શ્રી અરવિંદે મા ભગવતીની શકિતને મીરાંમાં સક્રિય કરી, અને કરુણામયી મા ભગવતી પ્રભુને રસ્તે જનાર બાળકોને માર્ગ બતાવવા, મદદ કરવા નીચે ઉતરી આવ્યાં. પ્રભુને પામવાનો રસ્તો હવે સરળ બન્યો. માનવની બાહ્ય ચેતનામાં, મા ભગવતીની શકિતનો આવિષ્કાર થયો અને મીરાં શ્રી માતાજી બન્યાં.

શ્રી અરવિંદની 'મા' નામની નાની પુસ્તિકામાં મા ભગવતીના ચારે સ્વરૂપો મહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી તેમ જ અતિમનસ કાર્ય માટે જરૂરી એવા સ્વરૂપની વાત આવે છે. શ્રી માતાજી આ સ્વરૂપે સહજ રીતે બની રહ્યાં.

પૂર્ણ યોગનો પૂર્ણ સાક્ષાત્કાર કરવા તથા કરાવવા, શ્રી માતાજીએ ૧૯૨૬ માં શ્રી અરવિંદ આશ્રમની સ્થાપના કરી. દુનિયાભરમાંથી મનુષ્યો જ્ઞાન, ભકિત અને કર્મયોગનાં સમન્વય દ્વારા પોતાના વ્યકિતત્વનું પ્રભુને સમર્પણ કરી, અતિમનસ સાક્ષાત્કારને પોતાનામાં મૂર્તસ્વરૂપ આપવા આશ્રમમાં આવવા લાગ્યા અને આશ્રમનું સંચાલન કરતાં કરતાં શ્રી માતાજી અંતરની ઝંખના પ્રમાણે કાળક્રમે સમસ્ત પૃથ્વીનાં બાળકો ઉપર પ્રેમ વરસાવવા લાગ્યાં.

૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે સાંજના ૬-૩૦ વાગે એક દિવ્ય ઘટના બની. સમૂહ ધ્યાન માટે સાધકોને બોલાવવામાં અવ્યા. શ્રી અરવિંદ તથા શ્રી માતાજી પણ ધ્યાનના રૂમમાં આવ્યા. ૪૫ મિનિટો સુધી ધ્યાન ચાલ્યું. ઘણાને પોતાના પર ઉતરી આવતા દિવ્ય પ્રવાહનો અનુભવ થયો. આ અતિમનસ ચેતના શ્રીકૃષ્ણની ચેતના હતી; અને તે શ્રી અરવિંદના દેહમાં સાકાર બની. આમ અતિમનસના અવતરણ માટે, જે અતિમનસ ચેતનાનું અવતરણ ખૂબ જ જરૂરી હતું તે બની આવ્યું.

થોડા દિવસો પછી શ્રી અરવિંદ બહારની તમામ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ ગયા. અતિમનસનું અવતરણ કરાવી પૃથ્વી ઉપર તે સ્થાપવાની ભગીરથ સાધના જે શરીર અને શકિતની મર્યાદામાં રહીને કરવાની હતી તે માટે તેઓ સંપૂર્ણ એકાંતવાસમાં ચાલ્યા ગયા; અને શ્રી માતાજી આશ્રમના ગુરુ, માર્ગદર્શક, સહાયક અને સૌથી વિશેષ તો, મમતામયી મા બન્યાં.

આ ભગીરથ સાધનાને પરિણામે અતિમનસની દેવોની ઝળાહળાં કરતી તેજોમય સૃષ્ટિ પૃથ્વી પર ઉતરવા તૈયાર થઈ.

શ્રી માતાજીને સૃષ્ટિસર્જનનો મંત્ર મળ્યો. આ દેવોની સૃષ્ટિ એટલી તો અલૌકિક હતી કે જો એકવાર પૃથ્વી પર સ્થપાય તો તે જ સર્વોચ્ચ સૃષ્ટિ છે એમ લાગે. પરંતુ આનું પરિણામ એ આવે કે એક સર્વશ્રેષ્ઠ ધર્મપંથ અસ્તિત્વમાં આવે. એક સંપ્રદાય બની જાય. શ્રી અરવિંદનો યોગ અને સાધના કોઈ ધર્મના સંસ્થાપન માટે નહોતાં. એમનું ધ્યેય તો પ્રભુની પોતાની જ ચેતનાનું—સ્વયં સત્‌ ચિત્‌ અને આનંદની ચેતનાનું, અતિમનસ ચેતનાનું પૃથ્વી પર અવતરણ કરાવવાનું હતું; અને તેથી જ એમણે દેવોની સૃષ્ટિ ઉતારવાની ના પાડી અને જરાય વિલંબ વગર શ્રી માતાજીએ ધ્યાનમાં બેસી, સમગ્ર સૃષ્ટિને વિખેરી નાખી.

૧૯૨૬ થી ૧૯૩૯ અને ત્યાર બાદ ૧૯૫૦ સુધીમાં આશ્રમમાં જરૂરી ફેરફારો થતા રહ્યાં. આ આશ્રમ કોઈ ચોક્કસ માનસિક યોજનાને કારણે કે પહેલેથી નક્કી કરેલ તંત્રને કારણે અસ્તિત્વમાં આવ્યો નથી, પરંતુ ચેતનાની-ચિત્‌ - તપસ્‌ની - એક ક્રિયા દ્વારા જન્મ પામેલ છે, એટલે શરૂઆતમાં સાધના માટે એકલા સાધકોને જ પ્રવેશ મળતો. ૧૯૩૮ માં શ્રી અરવિંદને અકસ્માત થયો અને પગનું હાડકું તૂટી ગયું. ત્યારથી થોડા સાધકોને એમની અંગત દેખરેખ માટે રખાયેલા હતાં. પછી જેમ જેમ સાધના આગળ વધી અને સાધકો પણ વધુ ને વધુ આવતા ગયા તેમ તેઓના બાળકોને ભણવાનો પ્રશ્ન આવ્યો. પૂર્ણયોગની સાધના એટલે શરીર, મન, પ્રાણના દિવ્ય રૂપાંતરની સાધના; આશ્રમજીવનમાં એને વ્યવહારુ રૂપ આપવાની સાધના; એટલે શ્રી માતાજીએ ૧૯૪૩ માં બાળકોની સર્વાંગી કેળવણી માટે પણ બંદોબસ્ત કર્યો. ભૌતિક જગતથી નિવૃત્તિ નહીં પણ સંસારમાં રહી પ્રવૃત્તિ કરતાં કરતાં આત્મસંયમ દ્વારા સતત આંતરવિકાસ અને તે માટે દિવ્યશકિતના આધારે પોતાના અંતરના સત્યની અભિવ્યકિત તે જ નિયમ; અને આને કારણે આશ્રમમાં અનેક પ્રવૃત્તિ શરૂ થઈ, જેમાં અત્યારે પણ અંતેવાસીઓ કામ કરે છે.

શાળા, મહાશાળા, પ્રયોગશાળા, ચિત્રશાળા, ક્રિડાંગણો, નાટયગૃહો, પુસ્તકાલયો, તરણકુંડો, બગીચાઓ, ખેતરો, ઉદ્યોગો, દવાખાનાઓ, દુકાનો, ધોબીઘાટ તેમ જ સંગીત અને કળાના વિભાગો પણ અહીંયા છે.

આ બધો સમય શ્રી અરવિંદ પ્રભુના પ્રકાશના અવરોધક આસુરિક તત્ત્વો સામે રાત અને દિવસ સ્થૂળ અને સૂક્ષ્મમાં રહી લડતા રહ્યાં; અને તેથી જ બીજા વિશ્વયુદ્ધ વખતે એમણે જોયું, કે નાઝી હિટલરની પાછળ, પીઠબળ તરીકે આસુરી શકિત કામ કરી રહી છે અને દિનપ્રતિદિન આગળ વધતી રહી છે ત્યારે એમણે એમનો આધ્યાત્મિક પ્રવાહ મોકલાવી તે શકિતને પરાજિત કરી. જર્મનોની હાર થઈ. હિટલરે આપઘાત કર્યો. વિશ્વ અદૈવી તત્ત્વોથી બચી ગયું. અતિમનસનું અવતરણ સરળ બન્યું.

૧૯૪૭ની ૧૫ મી ઓગસ્ટે શ્રી અરવિંદની વર્ષગાંઠને દિવસે એમની પ્યારી ભારતમાતા સ્વતંત્ર બની. ભારતદેશ ભવિષ્યમાં આખાય વિશ્વના આધ્યાત્મિક ગુરુપદે રહેશે એ પણ એમણે જોયું.

૧૯૫૦ માં શ્રી અરવિંદે જોયું કે પૃથ્વીના લોકો હજુ અતિમનસ ચેતના ઝીલવા તેમ જ સમજવા તૈયાર નથી, શકિતમાન નથી અને છતાં એની ગતિ સક્રિય કરવી અતિ આવશ્યક છે ત્યારે તેમણે પોતાના સ્થૂળ દેહનું તત્ક્ષણ વિસર્જન કર્યું અને સૂક્ષ્મમાં રહી પૃથ્વીની ચેતના પર કામ કરવા લાગ્યા.

દેહત્યાગ બાદ અતિમનસ પ્રકાશ તરત શ્રી માતાજીમાં ક્રિયમાણ થવા લાગ્યો તેમ જ શ્રી અરવિંદના શરીરમાં ચાર દિવસો સુધી રહ્યો.

૧૯૫૬ની ૨૯ મી માર્ચે આશ્રમમાં ધ્યાનનો દિવસ હતો. બધા સાધકો ધ્યાન માટે પ્લે ગ્રાઉન્ડમાં ભેગા થયા હતા. શ્રી માતાજી પણ હતાં. ધ્યાનની ગહન નીરવતામાં તેમણે પોતાનું સુવર્ણમય સ્વરૂપ જોયું. એમના હાથમાં એક સોનેરી હથોડો હતો. અતિમનસ પ્રકાશની આડે એક બારણું હતું. ક્ષણનાય વિલંબ વગર એમણે આ હથોડાથી બારણાના ભુક્કા બોલાવી દીધા અને સુવર્ણમય પ્રકાશ આખીય પૃથ્વી પર ફેલાઈ ગયો, એના કણકણમાં છાઈ ગયો. અતિમનસ ચેતનાનો સાક્ષાત્કાર થયો. સમય જતાં તે પૃથ્વીની ચેતના સાથે ઓતપ્રોત થઈ ગઈ અને ૧૯૬૭ થી મનુષ્યમાં કામ કરવા લાગી.

આ હતું શ્રી અરવિંદનું ભવ્ય બલિદાન. પૃથ્વીના મનુષ્યો

માટે એમની અંદર એટલો તો પ્રેમ અને કરુણા હતાં કે તેમણે પોતાનો વિચાર ક્યારેય કર્યો નહોતો.

૧૯૭૩માં શ્રી માતાજીએ પોતાના સ્થૂળ દેહનો ત્યાગ કર્યો ત્યાં સુધી તેમણે હરક્ષણ, હરપળ પોતાના શરીરના દિવ્ય રૂપાંતરનું કામ ચાલુ રાખ્યું. મન અને પ્રાણના રૂપાંતરનું કામ પ્રમાણમાં સહેલું છે, પરંતુ જડ શરીરના કોષોનું દિવ્યતામાં રૂપાંતર કરવું કે જેથી શરીરમાં દુઃખ, વૃદ્ધત્વ કે મૃત્યુ રહે જ નહીં, એ કામ ઘણું જ કપરું છે. એક બાજુથી શરીરને રૂપાંતર માટેનું અસહ્ય દબાણ અને બીજી બાજુએ જડ શરીરનો રૂપાંતર માટેનો ઈનકાર એ બે વચ્ચેની દશા જાણે જીવન અને મૃત્યુ વચ્ચે ઝૂલી રહ્યાં હોય એવી લાગણી અનુભવાય છે. વેદના અને યાતનાથી સભર એવું આ કામ એમણે પ્રેમથી પૃથ્વી પરનાં પોતાનાં બાળકોના રૂપાંતર કાજે, પોતાના પર ઓઢી લીધું અને માનવજાતિ માટે તેની શક્યતા સ્થિર કરી આપી.

આ આખીય સાધનાને, જેમને માનવમાંથી અતિમાનવ થવું હોય તેમને માટે શ્રી અરવિંદે એમના મહાકાવ્ય સાવિત્રીમાં વણી છે. અને એમાં સાવિત્રી તે સ્વયં શ્રી માતાજી છે.

જેમ વ્યાસ ભગવાનના મહાભારત ગ્રન્થમાં આવતા અનેક પ્રસંગો, કથાઓ તેમ જ તેમાં વર્ણવેલા સંજોગો, પરિસ્થિતિઓ આપણને અત્યારે પણ વિશ્વમાં અનેક જગ્યાએ જોવા-જાણવા મળે છે તેવી જ રીતે 'જીવનયોગ' માટે હરપળ વિશ્વમાં ઉપયોગી નીવડે તેવા અનેક વિધવિધ વિષયો પર શ્રી અરવિંદ તથા શ્રી માતાજીએ લખેલું તથા કહેલું આપણને એમનાં અનેક પુસ્તકો દ્વારા મળી આવે છે.

તેઓએ વચન આપ્યું છે કે જ્યાં સુધી એમણે શરૂ કરેલું કાર્ય પૂર્ણતયા પૂરું નહીં થાય ત્યાં સુધી તેઓ બન્ને એમના તેજોમય સ્વરૂપથી સૂક્ષ્મ શારીરિકમાં વિદ્યમાન રહી પૃથ્વી પર પ્રભુના શાસનની અભીપ્સા સેવતા તથા પોતાના આત્મા પ્રત્યે જાગૃત થવા મથતા મનુષ્યો માટે કામ કરશે.

અંતમાં આપણે શ્રી માતાજીએ જગત વિષે તથા શ્રી અરવિંદે 'પ્રભુની મહાઘડી' વિષે જે કહ્યું છે તે જાણીને વિરમીએ.

શ્રી માતાજી કહે છે: 'અત્યારની જગતની સ્થિતિ જોઈને તો લોકો નિરાશ થઈ જાય છે અને અફસોસ કરે છે: 'અરે, અરે, આ જગત શા માટે આવું ભયંકર છે? પરંતુ આવો વિલાપ કરવાનો કંઈ અર્થ નથી. સાચી વાત તો એ છે કે આ જગત બદલાવું જોઈએ. આ જગત ઘૃણા ઉત્પન્ન કરે એવું છે એ બાબતમાં તો આપણે બધા સંમત છીએ. તો પછી આપણા માટે એક જ કામ રહે છે કે આ જગત બદલાય એવું આપણે કંઈક કરીએ.'

શ્રી અરવિંદ 'પ્રભુની મહાઘડી' વિષે કહે છે: "એવી ક્ષણો આવે છે કે જ્યારે આત્મા મનુષ્યોની મધ્યે ફરતો થાય છે અને આપણા સ્વરૂપનાં નીર ઉપર, પ્રભુનો ઉચ્છ્વાસ વિચરવા માંડે છે; એવી પણ ક્ષણો આવે છે કે જ્યારે એ આત્મા પાછો ચાલ્યો જાય છે અને માણસોને ત્યારે તેમના પોતાના અહંકારની શક્તિના કે પછી અશક્તિના જોરે કામ કરતાં રહેવું પડે છે. પ્રભુની આ ઘડીમાં તું તારા આત્મામાંથી તમામ આત્મછલને અને દંભને અને મિથ્યા આત્મપ્રશંસાને દૂર કરી દઈ, તેને સ્વચ્છ કરી લે કે જેથી પછી તું તારા આત્માની અંદર સીધી નજર નાખી શકે અને એ આત્માને જે પુકારી રહ્યું છે તેને સાંભળી શકે.

"તું નિર્મળ બની જઈને ભયમાત્રને વિસર્જી દે; કેમ કે આ ઘડી ઘણી વાર ભીષણ હોય છે, એક અગ્નિ જેવી, અને વંટોળિયા અને આંધી જેવી હોય છે, એ પ્રભુના મહાક્રોધનો દ્રાક્ષ પીસવાનો સંચો ફરતો હોય તેવી છે. પરંતુ આ ભીષણ ઘડીમાં, જે પોતાના ધ્યેયના સત્ય ઉપર ખોડાઈને ઊભી શકે છે એ જ આખર લગી ટકી રહેશે; એ ઢળી પડશે તો પણ તે પાછો ઊભો થઈ જશે; એ પવનની પાંખો પર વહી જતો દેખાશે તો પણ તે પાછો આવશે. અને વળી જગતનું ડહાપણ ખૂબ નિકટ આવી તારા કાનને ભંભેરી મૂકે, એમ ન થવા દેતો; કારણ, આ ઘડીમાં તો બધું જ અણધાર્યું બનતું હોય છે."

–દામિની જરીવાલા

['શ્રી અરવિંદાયન' તથા 'વાત્સલ્યમૂર્તિમા' પુસ્તકોના આધારે.]

# લાગવગ: આ યુગનું દૂષણ કે ભૂષણ

સંબંધોનો સિફતપૂર્વકનો ઉપયોગ એટલે લાગવગ. આધુનિક યુગે જે કેટલાંક દૂષણો ઉભા કર્યા છે તે સર્વ દૂષણોની આગેવાની લેવાની ક્ષમતા ધરાવતું હોય તેવું જો કોઈ દૂષણ હોય તો તે છે લાગવગ.

લાગવગ આ યુગનું દૂષણ બની ગયું છે, એ જે ભુષણ. જે વ્યક્તિની વધુ લાગવગ તે વ્યક્તિ સૌની નજરે સન્માનીય બની જાય છે; કારણકે આવી વ્યક્તિ સાથે બાંધેલા સંબંધો ક્યારેક – ક્યાંક ફળદાયી નીવડી પડશે તેવી સતત આશાની દોરી બંધાયેલી રહે છે.

લાગવગ કરવાનું મન શા માટે થાય છે? તેનાં કારણોનાં મૂળમાં જો જઈએ તો આ મૂળનો છેડો અભાવ, અપૂર્તિ કે જરૂરિઆત સુધી પહોંચે છે. ક્યાંક કોઈક વ્યક્તિને કોઈ બાબતની જરૂરિયાત, અભાવ કે અપૂર્તિ સાલતી હોય છે – ત્યારે જ વ્યક્તિ આ રામબાણ ઈલાજનો રેચ લે છે.

લાગવગનો સાવ સાદો અર્થ લોકો કરે છે ઓળખાણ. એક રમૂજી લેખકે લાગવગની વ્યાખ્યામાં આ પ્રમાણે કહ્યું છે: "લાગ હોય કે ન હોય તો પણ ત્યાં પરાણે પગ ઘાલીને વગ કરવી તેનું નામ લાગવગ."

લાગવગનો ચમત્કારિક મંત્ર જ્યારે માણસને ફળદાયી સિદ્ધ થાય છે ત્યારે લોકો ઓળખાણનાં બે મોઢે વખાણ કરીને કહે છે; 'ઓળખાણ એ તો મોટી ખાણ છે!" કેમકે તેઓએ સંબંધોનો ક્યાંક કરેલો ઉપયોગ કોઈ સ્વાર્થ નામની ખાણ શોધવામાં અકસીર પુરવાર થયેલો હોય છે ત્યારે "લાગવગ"નું કાળું મોઢું "ઓળખાણ" નામના રૂપાળા મહોરાથી ઢાંકી દે છે.

જે વ્યક્તિ કે પ્રજા પોતાના ધ્યેય સુધી પહોંચવા માટે "સ્વયં પરની શ્રદ્ધા" રાખવામાં નિર્બળ બને છે ત્યારે જ તેવા સમાજનાં કેટલાંએ સ્તરો પર આપણને લાગવગની તિરાડો મોઢાં ફાડીને બેફામ રીતે સૂતેલી ઠેર ઠેર જોવા મળે છે. આત્મશ્રદ્ધા અને નિષ્ઠાની બે પાંખો ફફડાવતું "પરિશ્રમ" નામનું પંખી જ્યારે હૈયામાં પ્રમાણિકતાની હામ લઈને સમાજના આકાશમાં ઊડે છે ત્યારે સિદ્ધિની સોહામણી ટેકરીઓ તેનાં પગ તળે સ્પર્શ પામવા હરખઘેલી થાય છે.

નિષ્ફળતા એ પૂરા દિલથી નહીં કરેલા પ્રયત્નોનું પરિણામ છે એમ સ્વીકારી લીધા પછી પણ વ્યક્તિ પ્રબળ પ્રયાસોને અંતે પણ નિરાશા અને હતાશાને ભેટે છે ત્યારે તેની મક્કમતા અને સિદ્ધાંતોનાં તાંતણા તોડીને "લાગવગ" નામનું વૈચારિક ભૂત તેના માનસ જગત ઉપર અવારનવાર ગેરીલા હુમલાનો છાપો મારે છે ત્યારે માણસ તો આખરે માટીનું પૂતળું છે ને?

નોધારો થયેલો ડૂબતો માણસ છેવટે "લાગવગ"ના તરણાને હાથમાં પકડીને ભવસાગર તરવા મરણિયો પ્રયાસ કરે છે.

આપણી આજુ બાજુનાં આવા કેટલાંએ મરણિયા પ્રયાસોમાંથી ક્યાંક, કોઈક કે ઘણા પ્રયાસો સફળ થતા આપણે જોઈએ છીએ ત્યારે થોડીક વાર તો આપણી પેલી બે નિષ્ઠાઓ અને આત્મશ્રદ્ધા નામની બે પાંખોમાં પણ અશક્તિ આવી જાય છે.

લાગવગનું આવું ભ્રામક આક્રમણ મને, તમને અને આપણને સૌને પીડા આપે છે – આ અભાગીયું જંતુ જવર લાવી દે છે આપણા અસ્તિત્વમાં – લાગવગનાં આક્રમણ અને વિજયટંકારની રણભેરી ઠેર ઠેર જોઈ-સાંભળીને ભલભલાની સ્વયં પરની શ્રદ્ધા ડગી જાય છે.

સિદ્ધાંતધારીનાં સિદ્ધાંતોના બંધ ઢીલા, પાતળાં અને ક્યારેક તો સાવ ઓગાળી નાખે છે આ લાગવગ. કોઈક વીરલા જ આ લાગવગનાં આક્રમણ સામે વળતાં આક્રમણનો જડબેસલાક જ્વલંત જવાબ વાળવામાં હેમખેમ પાર ઉતરે છે; ધન્ય છે તેવા નામી-અનામી એકલપ્રકાશવીરોને!

– પ્રા. અનિરુદ્ધભાઈ ઠાકર

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૩

મુંબઈ, ૧ નવેમ્બર ૧૯૭૯, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## લોકોને મૂંઝવતા કેટલાક પ્રશ્નો

દેશનો સામાન્ય નાગરિક, શિક્ષિત કે અશિક્ષિત, શહેરનો કે ગામડાનો, ગરીબ કે તવંગર, ફરી ફરી પૂછે છે, ચૂંટણી થશે, પરિણામ શું આવશે, મત આપવો કે નહિ, કોને આપવો, શા માટે આપવો? આ પ્રશ્નો માત્ર કુતૂહલના નથી. રાજકીય વ્યક્તિઓ કે પક્ષોનું શું થાય છે તેની સામાન્ય માણસને પડી નથી. તેને આવતી કાલની, પોતાના ભાવિની ચિન્તા છે. વર્તમાન રાજકીય અસ્થિરતાને કારણે આર્થિક આંધી ચડે, ફુગાવો અને મોંઘવારી માઝા મૂકે, કાળા બજાર, કાળું નાણું અને ભ્રષ્ટાચાર વધે અને વ્યાપે, કાયદો અને વ્યવસ્થા ભાંગી પડે, અસામાજિક તત્ત્વોનું જોર વધે, તંત્ર તૂટી પડે, અમલદારોની દાદાગીરી વધે, અરાજકતા થાય, આ ભય છે. જાહેર જીવનમાં, સામાજિક અને આર્થિક વ્યવહારમાં, સામાન્ય નીતિ પણ ન રહે, નર્યા સ્વાર્થ અને સત્તાનું તાંડવ જામે, આ ભય છે.

ચૂંટણી થશે એ હવે નિશ્ચિત લાગે છે. ખરેખર નિશ્ચિત છે? લોકોને હજી વિશ્વાસ પડતો નથી ચૂંટણી થાય ત્યારેજ ખબર પડે. રાષ્ટ્રપતિએ પોતે ખાતરી આપી છે અને ચૂંટણી કમિશનરે ચૂંટણીની તારીખો જાહેર કરી છે. રાષ્ટ્રપતિનું આ અસાધારણ પગલું હતું. રાષ્ટ્રપતિનું આ કામ નથી. તે બતાવે છે કે, ચરણસિંહ સરકારના વચનોમાં પ્રજાને વિશ્વાસ નથી એવું રાષ્ટ્રપતિને પણ લાગ્યું અને તેથી પોતે જવાબદારી લેવી પડી. સાંભળવા પ્રમાણે ચરણસિંહને જાણ કર્યા વિના રાષ્ટ્રપતિએ પ્રજાજોગ આ પ્રવચન કર્યું. સ્વાભાવિક રીતે ચરણસિંહ તેથી નારાજ છે. કારણકે ચરણસિંહના વચનમાં વિશ્વાસ રાખવા જેવું નથી તે રાષ્ટ્રપતિના આ પગલાથી સમજાય છે. રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન વચ્ચે મનમેળ નથી—તે સ્પષ્ટ દેખાય છે. ચરણસિંહ સરકારે બે વટહુકમો,—અટકાયતી ધારા અંગે તથા સરકારી અનામત ભંડોળ અંગે—બહાર પાડવા નક્કી કર્યું. તે પર સહી કરતાં રાષ્ટ્રપતિએ સંકોચ અનુભવ્યો અને વિલંબ કર્યો. - કોઈ આસમાની સુલતાની થાય અથવા ઊભી કરવામાં આવે અને ચૂંટણી ન થાય તો કેવી વિકટ પરિસ્થિતિ ઊભી થાય તેની કલ્પના કરી શકાતી નથી. ચરણસિંહ સરકારમાં ભંગાણ તો પડયું છે. બહુગુણાને રૂખસદ આપી. અર્સ કોંગ્રેસ અને લોકદળનું કજોડું ક્યાં લઈ જશે તે જોવાનું રહે છે. અર્સ કોંગ્રેસને સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે. ચરણસિંહ સાથે ભેરવાઈ પડયા. છૂટા થવામાં પ્રતિષ્ઠા જાય અને ચૂંટણીમાં ધકકો પહોંચે. સાથે રહેવામાં પણ ઘણાં ગેરલાભ છે. ચરણસિંહ વિષે બીજું ગમે તે કહીએ પણ એક વાત સ્પષ્ટ છે, પોતાના માર્ગે અને પોતાની નીતિ ઉપર પરિણામની પરવા કર્યા વિના, બેધડક આગળ વધે છે. પોતાની જાતને ગાંધીવાદી માને છે અને નહેરુની ઝાટકણી કાઢવાની કોઈ તક ચૂકતા નથી. ચરણસિંહ એક ચોક્કસ વર્ગ, સુખી ખેડૂતના પ્રતિનિધિ છે. કોંગ્રેસ શરૂઆતથી બધા વર્ગોનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે. હકીકતમાં ભદ્ર લોકોનું પ્રતિનિધિત્વ સદા કર્યું છે. નહેરૂએ છડેચોક ગાંધીજીની આર્થિક રચના અને નીતિનો અસ્વીકાર કર્યો હતો અને દેશને પશ્ચિમી ઢબના મોટા ઉદ્યોગીકરણ અને પરિણામે કેન્દ્રીકરણની આર્થિક રચના તરફ વાળ્યો છે. ચરણસિંહ, વિકેન્દ્રિત અર્થ-રચના, ગામડાઓનો વિકાસ, લઘુ ઉદ્યોગોને પક્ષે અને મૂડીવાદીઓના વિરોધી છે. શહેરો પ્રત્યે તેમને નફરત છે. તેથી કોંગ્રેસ અને ચરણસિંહના પક્ષ વચ્ચે કોઈ સામાન્ય ભૂમિકા નથી. એક ચૂંટણી ઢંઢેરા નીચે, બન્ને પક્ષે ચૂંટણી લડવાની જાહેરાત થઈ હતી તે હવે ટકશે નહિ એમ જણાય છે. કોંગ્રેસના પ્રમુખ દેવરાજ અર્સે ઈન્દિરા કોંગ્રેસ સિવાયના બધા કોંગ્રેસીઓને ફરી એક કરવાનો પ્રયત્ન કરી જોયો. જગજીવનરામ અને બહુગુણાએ ઘસીને ના પાડી. જગજીવનરામે અર્સ કોંગ્રેસને જનતામાં જોડાવા આમંત્રણ આપ્યું. [અર્સ કોંગ્રેસને અત્યારે આમ કરવું પોસાય તેમ નથી. બહુગુણા હજી [કઈ તરફ વળશે તે નિર્ણય કરી શકયા નથી. કેટલાક રાજ્યોમાં કોંગ્રેસ અને જનતા - મહારાષ્ટ્ર, કર્ણાટક, કદાચ ગુજરાત - ચૂંટણી ઉમેદવારો પૂરતી કાંઈક સમજૂતિ કરશે.

એક ઈન્દિરા કોંગ્રેસ પોતાનો માર્ગ સ્પષ્ટપણે જાણે છે. ઈન્દિરાનું સર્વોપરિ નેતૃત્વ સ્વીકારવું હોય તે તેના નેજા નીચે આવે. તેમાં કોઈ સમાધાનને અવકાશ નથી. કોઈ વ્યકિત દઢતાથી સ્થિર રહે તો, અનિશ્ચિત તત્ત્વો અંતે તેના તરફ ખેંચાય છે. દઢ મનોબળ અને સાહસ માટે ઢીલાપોચા લોકોને આકર્ષણ હોય છે. Cowards always have an attraction for the apparently brave.

સ્વતંત્રતા પછી આપણા દેશમાં છ સામાન્ય ચૂંટણી થઈ, આ સાતમી છે. પણ આવી મુંઝવણ મતદારે કોઈ વખત અનુભવી નથી. તેના ઐતિહાસિક કારણો છે. એમ લાગે છે કે, આવી પરિસ્થિતિ અનિવાર્ય હતી.

સ્વતંત્રતા પછી પહેલા વીશ વર્ષ કૉંગ્રેસનું રાજ્ય અવિચળ તપ્યું. ૧૯૬૭માં કેટલાંક રાજ્યોમાં પહેલી વખત કોંગ્રેસને પીછે-હઠ કરવી પડી. પણ ૧૯૬૯ માં ઈન્દિરા ગાંધીએ પોતાનો પ્રભાવ બતાવ્યો. કોંગ્રેસમાં ભાગલા પાડી, જૂની નેતાગીરીને રૂખસદ આપી. ૧૯૭૧ માં ઈન્દિરા ગાંધીને અપ્રતિમ વિજય મળ્યો. પણ ઈન્દિરા ગાંધીનું સાચું સ્વરૂપ જૂન ૧૯૭૫ માં જોવા મળ્યું. અલ્હાબાદમાં હાઈ-કોર્ટના ચુકાદાથી તેની સત્તાને પડકાર ફેંકાયો અને જયપ્રકાશે એ તક ઝડપી લીધી, ત્યારે ઈન્દિરાનું રુદ્ર સ્વરૂપ જોવા મળ્યું. જાનેવારી ૧૯૭૭ માં ચુંટણી જાહેર કરી તે ભૂલ કરી કે વધારેપડતા આત્મ-વિશ્વાસથી પડકાર ફેંકયો તે કહેવું મુશ્કેલ છે. પણ સર્વથા અણધાર્યું પરિણામ આવ્યું. રાજકીય ક્ષેત્રે સૌથી મોટો બનાવ જનતા પક્ષનો જન્મ થયો. ઈન્દિરા કૉંગ્રેસના વિકલ્પ તરીકે, એક સબળ રાજકીય પક્ષ ઊભો કરી શકાય એવી શકયતા ઊભી થઈ. પણ એ સ્વપ્ન ભાંગી પડયું. જનતા પક્ષ છિન્નભિન્ન થયો એટલું જ નહિ પણ તેના બધા આગેવાનોએ પ્રતિષ્ઠા ગુમાવી. પરિણામે ઈન્દિરાને હિંમત આવી. માર્ચ ૧૯૭૭ ની ચૂંટણી પછી એક વર્ષ ઈન્દિરા ગાંધી કાંઈક દબાયેલા રહ્યા. શાહ કમિશન, મારુતી કમીશન, બધું આક્રમણ સહન કર્યું. કોંગ્રેસમાં પણ ઈન્દિરાની નેતાગીરી સામે અસંતોષ પેદા થયો. કૉંગ્રેસ પક્ષ લોકશાહી ઢબે ચાલવો જોઈએ, એક વ્યકિતની નહિ પણ સામૂહિક નેતાગીરી ઊભી કરવી વગેરે પ્રવાહો શરૂ થયા. ઈન્દિરાને કોઈ વાતે આ પોસાય તેમ હતું જ નહિ. ફરી ફટકો મારી કોંગ્રેસના ભાગલા કર્યા. સવર્ણસિંહ કોંગ્રેસ ફરી નબળી પડી. અર્સે ઈન્દિરા સામે બળવો કર્યો. પરિણામે સવર્ણસિંહ કોંગ્રેસને થોડું બળ મળ્યું, પણ નૈતિક બળ તૂટી ગયું. પ્રાદેશિક રાજકીય પક્ષો એડી. એમ. કે. અકાલી – વિગેરેનું જોર વધ્યું. ઈન્દિરાએ પોતાના નિશ્ચિત માર્ગે વિશ્વાસપૂર્વક આગળ વધવું શરૂ કર્યું. હવે બેધડક અને નિર્લજપણે, અભિમાનથી બધા પક્ષો ઉપર ફટકા મારે છે. ભૂતકાળ જાણે ભૂંસાઈ ગયો હોય એમ ગૌરવપૂર્વક કટોકટી દરમ્યાનની પોતાની કામગીરીનો જોરદાર બચાવ કરે છે.

રાજરમતમાં પૂરા ખેલાડી એવા ઈન્દિરા ગાંધી, બીજા બધા પક્ષોને તોડવાની ચાલબાજી ખેલી રહ્યા છે. ૧૯૬૯ માં કોંગ્રેસને

તોડવાનું શરૂ કર્યું ત્યારથી ઈન્દિરા ગાંધીએ દેશના ઈતિહાસમાં નવો યુગ શરૂ કર્યો. કોઈ વિરોધી રાજકીય પક્ષને ટકવા ન દેવો એ તેનુ ધ્યેય છે.

બધા રાજકીય પક્ષો છિન્નભિન્ન છે, પ્રતિષ્ઠાહીન છે. ઈન્દિરા ગાંધી સ્થિર અને સબળ રાજતંત્રની લાલચ આપી શકે છે. હજી રાજકીય સમીકરણો ચાલુ છે, પણ તે બધા તકવાદી જોડાણો જ હશે. તેથી ચૂંટણીનું પરિણામ છેવટ સુધી અનિશ્ચિત રહેશે. લોકમાનસ છેલ્લી ઘડી કઈ બાજુ ઢળશે તે કહેવું મુશ્કેલ છે. કોઈ પક્ષને આ ચૂંટણીમાં બહુમતી નહિ મળે એમ લાગે છે. તેથી ચૂંટણી પછી નવી સોદાબાજી શરૂ થશે. સત્તા લાલચુ લોકો બધી શરમ નેવે મૂકી, માત્ર સત્તા મેળવવા ગમે તેવા જોડાણો કરશે. પણ તે લાંબુ ટકશે નહિ. The greatest tragedy of the present political situation is the fragmentation of the political parties. ઈન્દિરા ગાંધીએ જે પ્રક્રિયા ૧૯૬૯ માં શરૂ કરી તેની આ ફલશ્રુતિ છે. ઈન્દિરા ગાંધીની રમત એ છે કે લોકો છેવટ કંટાળીને, ત્રાસીને, તેમને ફરી સત્તા પર મૂકે. લાંબા ગાળાની રમત રમે છે. આ ચૂંટણીમાં નહિ તો હવે પછીની ચૂંટણીમાં, ધાર્યું પરિણામ લાવવાની નેમ છે. આવા સંજોગોમાં લોકોએ કોને મત આપવો તે વિષે હવે પછી લખીશ. ૧૫મી નવેમ્બરે લગભગ ચિત્ર કાંઈક વધારે સ્પષ્ટ થશે એમ માનું છું.

એક મહત્ત્વની વાત ઉમેરવી જોઈએ. આ બધી અંધાધૂંધીમાં પણ જો આપણે શાન્તિપૂર્વક ચૂંટણી કરી શકીએ તો એક સિદ્ધિ લેખાશે. જ્યારે લોકશાહીના દીવા ચારે તરફ ઓલવાઈ રહ્યા છે ત્યારે જો ૩૫ કરોડ માણસો શાન્તિપૂર્વક મતદાન કરી, પોતાના પ્રતિનિધિ ચૂંટી શકે, તો ઉજ્જવળ ભવિષ્ય માટે આશાની જ્યોત જલતી રહે છે.

૨૭-૧૦-૭૯ -ચીમનલાલ ચકુભાઈ

# શ્રી ખીમજીભાઈ ભુજપુરિયા

શ્રી. ખીમજીભાઈનું ૮૦ વર્ષની પરિપકવ વયે ૧૨ ઓકટોબર ૧૯૭૯ને દિને અવસાન થયું. તેમના અવસાનથી મુંબઈએ એક સેવાભાવી નાગરિક ગુમાવ્યો છે. કચ્છી સમાજને એક સન્નિષ્ઠ અને કુશળ આગેવાનની અને જૈન સમાજને એક પ્રગતિશીલ વિચાર ધરાવતા સુશ્રાવકની ખોટ પડી છે.

ખીમજીભાઈનો જન્મ ૩ ઓગસ્ટ ૧૯૦૦ને દિને કચ્છના ભુજપુર ગામે થયો. પિતાને મુંબઈમાં લોઅરપરેલ પર અનાજની નાની દુકાન હતી. ૭ વર્ષની ઉંમરે ખીમજીભાઈ મુંબઈ આવ્યા. પાંચ ગુજરાતી અભ્યાસ કરી ૧૦ વર્ષની ઉંમરે પિતાની દુકાને કામે લાગ્યા. ૧૪ વર્ષની ઉંમરે, શ્રી ચાંપસી રણશી ગોગરીને ત્યાં નોકરીએ રહ્યા. ચાંપશીભાઈ, સંસ્કારી, નિઃસ્પૃહી, સેવાભાવી સજ્જન હતા. ખીમજીભાઈના જીવન ઉપર ચાંપશીભાઈની ઉંડી અસર હતી. ચાંપશીભાઈ પાસેથી સેવાના પાઠ શીખ્યા તેમ કહેવામાં અતિશયોકિત નથી. ૭ વર્ષ નોકરી કરી, ૨૧ વર્ષથી ઉંમરે, નોકરીમાંથી રાજીનામું આપ્યું. ચાંપશીભાઈ ઉપર રાજીનામાનો પત્ર લખ્યો છે તે નમ્રતા, વિવેક અને આત્મવિશ્વાસનો ઉત્તમ નમુનો છે. ખીમજીભાઈએ લખ્યું છે કે 'મને હવે મારું નસીબ અજમાવવા દો.'

આ સમયે, ગાંધીજીની સત્યાગ્રહ અને અસહકારી લડત શરૂ થઈ હતી. ખીમજીભાઈ પર ગાંધીજીની પ્રબળ અસર હતી. ખાદીધારી થયા, દારૂના પીઠા ઉપર પીકેટીંગ કર્યું, વિદેશીવસ્ત્રોની હોળી કરી અને બધી રીતે ગાંધીજીને અનુસરવાનું સ્વીકાર્યું.

શાળામાં અંગ્રેજીનો અભ્યાસ કરવાની તક મળી ન હતી. પણ ખાનગી રીતે, રાત્રિ શાળામાં અંગ્રેજીનો અભ્યાસ કર્યો. અને ટાઈપરાઈટીંગ શીખ્યા. બીજાઓને પણ આવાં અભ્યાસની તક મળે તે હેતુથી, ૧૯૨૪માં ચાંપશીભાઈનું અવસાન થયું ત્યારે તેમની સ્મૃતિમાં તેમને નામે રાત્રિશાળાઓ શરૂ કરી.

ખીમજીભાઈમાં સેવાભાવ સાથે અદમ્ય ઉત્સાહ અને સાહસ હતા. જ્યાં સેવાની તક મળે તે ઝડપી લેતા. મિલ કામદારોમાં નાની મોટી સેવાની પ્રવૃત્તિ કરતા.

ખીમજીભાઈ શિક્ષણના અને ખાસ કરી, કન્યાશિક્ષણના હિમાયતી હતા.

ઘણી શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. હિરજી ભોજરાજ વિદ્યાલયના વર્ષો સુધી મંત્રી અને સક્રિય કાર્યકર રહ્યા. પછાત વર્ગના લોકો માટે, આંબેડકર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ રહી, રત્નાગિરિ જિલ્લામાં બાળકો અને કન્યાઓ માટે છાત્રાલયો કર્યા. કેટલાક શિક્ષકોએ શરૂ કરેલ ન્યુ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના વર્ષો સુધી પ્રમુખ હતા. પોતાના ગામમાં હાઈસ્કૂલ કરાવી. પણ શિક્ષણક્ષેત્રે તેમનું સૌથી વધારે યાદગાર કાર્ય શ્રીમતી ભાણબાઈ નેણશી મહિલા છાત્રાલયની સ્થાપનાનું રહેશે. મ્યુનિસિપાલીટીના સભ્ય હતા. ત્યારે પોતાની લાગવગથી ૩૬,૦૦૦ વાર જમીન વિલેપારલેમાં મેળવી તેમાંથી મોટી રકમ ઉત્પન્ન કરી, આ કન્યા છાત્રાલયને સધ્ધર સ્થિતિમાં મૂક્યું.

કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી મહાજનના વર્ષો સુધી ખીમજીભાઈ પ્રમુખ હતા. અને અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રણેતા હતા. સામાજીક ક્ષેત્રે, ખીમજીભાઈ ઘણા પ્રગતિશીલ વિચારો ધરાવતા. બાળલગ્નના વિરોધી તેમ જ વિધવાલગ્નના પ્રખર હિમાયતી હતા. કેટલાય વિધવા લગ્નો તેમણે કરાવી આપ્યા હતા. સાદાઈથી લગ્નો કરવા સમૂહલગ્નો યોજતા.

ખીમજીભાઈનું બીજું મોટું કાર્યક્ષેત્ર, અનાજના પરચૂરણ વેપારીઓની સેવાનું હતું. બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન અને ત્યાર પછી પણ રેશનિંગ હતું. ત્યારે વેપારીઓની હાડમારી ઓછી કરવા, અને પ્રજાની સાચી સેવા થાય તે હેતુથી તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે. સરકારી ખાતાઓમાં આ બાબત તેમનું ઘણું માન હતું. બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિએશનના વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા.

ખીમજીભાઈમાં સાંપ્રદાયિકતા ન હતી. જૈન સમાજની એકતા તેમને હૈયે હતી. મુંબઈ જૈન યુવક સંઘના દસ વર્ષ સુધી તેઓ પ્રમુખ હતા અને છેવટ સુધી યુવક સંઘની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા. મહાવીર જૈન વિદ્યાલયની મેનેજીંગ કમીટીમાં વર્ષો સુધી હતા.

ખીમજીભાઈ ૧૯૩૯માં મ્યુનિસિપાલીટીના સભ્ય થયા અને ૧૩ વર્ષ સભ્ય રહ્યા. તે દરમ્યાન મ્યુનિસિપાલીટીની અગત્યની કમીટીઓના સભ્ય હતા. કેટલોક વખત ઈમ્પ્રુવમેન્ટ કમીટીના ચેરમેન હતા.

તબીબી રાહતમાં પણ તેમને રસ હતો. કચ્છી વીશા ઓશવાળ ભાઈઓ માટે તળેગાંવની ટી.બી. હોસ્પિટલમાં કેટલાક બ્લોકો બંધાવી આપવામાં આગેવાની લીધી હતી. વ્રજેશ્વરીમાં મોટું સેનિટોરીયમ બંધાવવામાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો.

ખીમજીભાઈ, ભાવનાશીલ અને સ્વમાની હતા. સેવાનું કોઈ પણ ક્ષેત્ર મળે ત્યાં ઝુકાવતા. મારો અને તેમનો લગભગ ૩૦ વર્ષ ગાઢ પરિચય રહ્યો. મારા પ્રત્યે તેમને ઘણી મમતા અને આદર હતા. ધાર્મિક ક્ષેત્રે પણ પ્રગતિશીલ વિચારો ધરાવતા - વહેમો અને ચમત્કારોના સખત વિરોધી હતા. સદા જાગ્રત હતા. 'પ્રબુદ્ધ જીવન'-માં અથવા બીજે કયાંય કાંઈ વાંચે અને તેમને ગમે અથવા ન ગમે તો તુરત મને લાંબો પત્ર લખે અને પોતાના વિચારો જણાવે.

છેવટના વર્ષોમાં હેડકીનું દર્દ થતાં પથારી વશ રહ્યાં છતાં વાંચન અને તકેદારી એટલી જ હતી. ખીમજીભાઈમાં હૃદયની ઉષ્મા હતી, પ્રેમ અને કરૂણા હતા. તેમની શકિત પ્રમાણે તેમણે ઘણું કામ કર્યું. ખરેખર પરમાર્થી જીવ હતા. તેમના આત્માને ચીર શાન્તિ હશે જ એવું તેમનું જીવન હતું.

૨૭-૧૦-૭૯ -ચીમનલાલ ચકુભાઈ શાહ

લોપ કરી દે છે. આયર્લૅન્ડમાં વધુ હિંસા તમે જેને ચાહવાનો દાવો કરો છો, જેને મૂલ્યવાન ગણો છો, જેને માટે ખેવના કરો છો તે ભૂમિને વિનાશની ગર્તામાં વધુ ને વધુ ખેંચી જશે.

"ઈશ્વરને નામે તમને પ્રાર્થું છું, કે ક્રાઈસ્ટ તરફ પાછા વળો-માનવી ક્ષમા સાથે અને શાંતિમાં જીવી શકે તે માટે મોત વહોરી લેનાર ઈશુ ખ્રિસ્ત તરફ વળો.

"હિંસાને વરેલાં સંગઠનો તરફ ખેંચાયેલા યુવાનોને હું અપીલ કરૂં છું. તમારી પ્રત્યેના સર્વ પ્રેમ સાથે, યુવાન લોકોમાંની મારી પરિપૂર્ણ શ્રદ્ધા સાથે હું તમને કહું છું: ધૃણા, વેરઝેર અને કિન્નાખોરીની ભાષા બોલનારાના અવાજને કાને ધરશો નહિ.

"મોત વરસાવવાના માર્ગોની તમને તાલીમ આપે તેવા કોઈ નેતાને અનુસરશો નહિ. જીવનને ચાહો, જીવનનો આદર કરો તમારામાં અને બીજાઓમાં.

"જીવનની સેવામાં તમારી જાતને જોડી દો, મોતના કારસાઓ સાથે નહિ. ખૂનરેજી અને વિનાશ વડે હિંમત અને સામર્થ્ય પુરવાર થાય છે એમ માનશો નહિ. સાચી હિંમત શાંતિ માટે કાર્ય કરવામાં રહેલી છે.

"સાચી શકિત શાંતિમય માર્ગોએ એક ન્યાયી અને માનવીય અને ધર્મપરસ્ત સમાજના ઘડતર અર્થે સર્વત્ર તમારી પેઢીના યુવાન સ્ત્રીપુરુષો સાથે જોડાવામાં રહેલી છે"

રાજકારણીઓને ઉદ્દેશીને પોપે કહ્યું હતું:

"જેઓ હિંસાનો આશ્રય લે છે તેઓ હંમેશાં એવો દાવો કરે છે, કે હિંસાથી જ પરિવર્તન સધાય છે. તેમનો દાવો છે, કે રાજકીય પગલાંથી ન્યાય સિદ્ધ થઈ શકશે નહિ. તમે રાજકારણીઓએ તેમને ખોટા સાબિત કરવા જોઈએ. તમારે દર્શાવી આપવું જોઈએ કે ન્યાયનો એક શાંતિમય, રાજકીય માર્ગ છે. તમારે બતાવી આપવું જોઈએ કે ન્યાયનાં કાર્યો શાંતિથી જ પાર પડે છે અને હિંસાથી નથી થતાં.

"રાજકારણનો ઉમદા વ્યવસાય અપનાવનાર આપને મારો અનુરોધ છે કે તમારી જવાબદારીઓ અદા કરવાની તમારામાં હિંમત પ્રગટો... રાજકારણીઓ જો પરિવર્તન માટે નિર્ણય ન લે અને સક્રિય ન બને, તો હિંસાવાદીઓને મોકળું ક્ષેત્ર મળી જાય છે.

"રાજકીય શૂન્યાવકાશ અને રાજકીય આંદોલનના ઈનકારની સ્થિતિ જ્યાં પ્રવર્તે છે ત્યાં હિંસાને ફૂલવા ફાલવા માટે શ્રેષ્ઠ તક મળી જાય છે.

"પોપ છઠ્ઠાએ ૧૯૭૨ના કાર્ડિનલ કોન્વેને લખતાં જણાવ્યું હતું: 'દરેકે પોતાનો પાઠ અદા કરવો જોઈએ. ન્યાયના માર્ગમાંના અવરોધો દૂર કરવા જોઈએ- આ અવરોધો છે, નાગરિક અસમાનતા, સામાજિક અને રાજકીય ભેદભાવો તથા વ્યકિતઓ અને જૂથો વચ્ચેની ગેરસમજ. બીજાઓ માટે, તેમના વ્યકિતત્વ પ્રત્યે, તેમના અધિકારો વિશે પરસ્પર અને કાયમી આદરની લાગણી હોવી જોઈએ.' મારા સન્માનનીય પુરોગામીના આ શબ્દોને આજે હું મારા પોતાના બનાવું છું.

"આજે હું દ્રોઘેડા ખાતે શાંતિ અને સુલેહના એક મહાન કાર્ય અર્થે આવ્યો છું. શાંતિના, ઈશુ ખ્રિસ્તની શાંતિના એક યાત્રી તરીકે હું આવું છું. કૅથોલિકોને, પ્રોટેસ્ટંટોને મારો સંદેશ છે, શાંતિ અને પ્રેમનો. કોઈ આયરિશ પ્રોટેસ્ટંટ એમ ન માને કે પોપ એક દુશ્મન છે, એક ભય કે ધમકી છે. હું ઈચ્છું છું કે પ્રોટેસ્ટંટો મને એક મિત્ર અને એક ધર્મબંધુ ગણે.

"મારી આ મુલાકાત ફળદાયી બનવા વિશે, મારો આ અવાજ સંભળાવા સંબંધે વિશ્વાસ ખોઈ બેસશો નહિ. અને મારા અવાજને સાંભળવામાં આવે નહિ તો પણ ઈતિહાસ તો એ નોંધશે જ કે આયર્લૅન્ડની પ્રજાના જીવનની એક વસમી પળે રોમના બિશપે તમારી ધરતી પર પગ મૂક્યો હતો અને તે તમારી સાથે હતો. અને શાંતિ તથા સુલેહ માટે, વિદ્વેષ અને હિંસા પર ન્યાય અને સ્નેહ વિજયી બને તે માટે તમારી સાથે એણે પ્રાર્થના કરી હતી.

"હા, તમારો આ સાક્ષી છેવટે એક પ્રાર્થના બની રહે છે. આ પૃથ્વી પર વસતા લોકોની શાંતિ માટે આયર્લૅન્ડના સર્વ જનોની શાંતિ માટે હૃદયપૂર્વકની એક પ્રાર્થના.

"શાંતિ માટેની આ આર્જવભરી પ્રાર્થના સર્વ અંતઃકરણોને પ્રકાશથી સભર બનાવી દો. એમને એ વિશુદ્ધ બનાવો અને તેમના દિલદિમાગમાં વ્યાપી રહો.

"જિસસે પોતે જ કહ્યું છે: 'જેઓ તલવાર ગ્રહણ કરશે તેઓ તલવારથી જ નષ્ટ પામશે.' આ ઈશ્વરનો શબ્દ છે. અને તે હિંસક માણસોની આ પેઢીને ધૃણા અને હિંસાનો માર્ગ તજી દેવા તથા પશ્ચાતાપ કરવા આદેશ આપે છે.

"ઘૂંટણીએ પડીને કાકલૂદી ભરી ભાષામાં હું તમને અપીલ કરૂં છું, હિંસાના માર્ગોએથી દૂર થવા અને શાંતિના માર્ગો પર પાછા ફરવા હું તમને પ્રાર્થું છું.

"બાઈબલનો આદેશ 'તું હત્યા કરીશ નહિ' એ જો કેઈનનાં ભયંકર કરૂણિકા અને ભવિતવ્યનું પુનરાવર્તન થવા દેવું ન હોય તો સર્વ માનવજાતના અંતઃકરણને બંધનકર્તા બની રહેવો જોઈએ."

## ત્રુટિઓનો ઇલાજ -

...આપણી ત્રુટિઓ [ખામીઓ] જાણ્યા પછી તેનું રુદન કર્યા કરવું એ અયોગ્ય છે. ત્રુટિઓનું દર્શન કેવળ સુધારો કરવા પૂરતું જ થવું જોઈએ. ત્રુટિઓ આપણે જાણીએ છીએ, ઈલાજ એક જ છે.

આપણે જેઓ જાણીએ છીએ તે નિરાશ ન થઈએ, ન આપણામાં ત્રુટિ રહેવા દઈએ. બીજા જુએ કે ન જુઓ આપણે આપણું કામ મૂંગે મોઢે કર્યે જઈએ. કોઈ ગામમાં એકજ માણસ ખાદીપ્રેમી હોય, તે જ રેંટિયો ચલાવતો હોય તે છતાં તે હારશે નહીં. પોતે આસનબદ્ધ થઈને, પોતાનો વિશ્વાસ કાયમ રાખીને રેંટિયો ચલાવ્યે જ જશે. એ યજ્ઞની, એ ધીરજની, એ તપશ્ચર્યાની અસર આસપાસના વાતાવરણ ઉપર થયા વિના રહે જ નહીં. બધાં મહાન કાર્યો એમ જ થયાં છે.

રાક્ષસોનું દળ જોઈને રામ હાર્યા હોત તો ? કૌરવોની મોટી સેના સામે પોતાની નાનકડી સેના જોઈ અર્જુન નાઠો હોત તો? ગેલીલિયો લોકમતથી, ધર્માંધ પાદરીઓથી ડરીને પોતાનો વિશ્વાસ ખોઈ બેસત તો ? આવા દાખલાઓ આખા જગતમાંથી આપણે શોધીને એકઠા કરી શકીએ. શરૂઆત એક જ દઢ પુરુષ કે સ્ત્રી કરે છે અને તે ધીરજ રાખે છે તો કાં તો પોતા પ્રતિ આખા જગતને ખેંચે છે અથવા તો પોતે નમ્ર અને સાચો હોઈ પોતાની ભૂલ જુએ છે, કબૂલ કરે છે ને સુધારે છે.

— ગાંધીજી

## લોકશાહી પ્રક્રિયા

આપણી લોકશાહી સંસ્થાઓમાં તેમ જ તેની હેઠળ ચાલતી લોકશાહી પ્રક્રિયાઓમાં લોકોના ચૂંટેલા પ્રતિનિધિઓને પોતાના મતદાર વિભાગ પ્રત્યે જવાબદારી રાખવાની કોઈ વ્યવસ્થા નથી... (તેથી) લોકોના પ્રતિનિધિઓ એકદમ મન ફાવે તેમ વર્તતા હોય છે.

છેક નીચેના સ્તરેથી જનતાનું સંગઠન ઊભું કરવા ઉપર હું ભાર મૂકતો રહ્યો છું. ઉમેદવારોની પસંદગી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને અંકુશમાં રાખવાનું કામ આ સંગઠનો કરે એવી કલ્પના છે. હું કહેતો રહ્યો છું કે લોકતંત્રમાં આપણે એક શકિત દાખલ કરવી છે અને તે છે જનશકિતનાં સંગઠનો દ્વારા રાજ્ય પર અંકુશ રાખવાની શકિત.

જયપ્રકાશ નારાયણ

# મારી કબર પર બીજું કાંઈ ન લખજો, લખજો માત્ર કારનેલિયસ રાયન-રિપોર્ટર.

[એક પત્રકારે લખેલી કેન્સરના દર્દની હૃદયદ્રાવક કથા—'એક અંગત યુદ્ધ' પુસ્તકનો પરિચય]

હમણાં શહેરમાં (મુંબઈમાં.) યુદ્ધનો તાદશ્ય ચિતાર આપતું એક દિલ ધડકાવનારું ચિત્ર પ્રદર્શિત થઈ રહ્યું છે. એ ચિત્રનું નામ છે "એ બ્રીજ ટુ ફાર" અને એ ચિત્ર, એ જ નામની એક નવલ-કથા પરથી તૈયાર કરવામાં આવ્યું છે. એ નવલકથા મહિનાઓ સુધી અમેરિકાના સૌથી વધુ વેચાતાં પુસ્તકોની યાદીને મોખરે સ્થાન મેળવતી રહી હતી પણ એ નવલકથાના લેખક કોરનેલિયસ રાયને પોતે, કેન્સરની સામે કેવો જંગ ખેલ્યો હતો તેનું એણે પોતે જ કરેલું વર્ણન તો એણે લખેલી યુધ્ધકથાઓ કરતાં પણ દિલ ધડકાવનારું છે. સંભવ છે કે એ પુસ્તક પણ અમેરિકાના સૌથી વધારે વેચાતાં પુસ્તકોની યાદીમાં મોખરાનું સ્થાન મેળવે. એ પુસ્તકનું નામ છે. "એ પ્રાવેઈટ બેટલ" અને એ પુસ્તકનો અંત ભાગ જ્યારે લખાતો હતો ત્યારે કોરનેલિયસ લગભગ છેલ્લા શ્વાસ લેતો હતો એટલે એના લખાણમાં એની પત્ની કેથેરીન પણ મદદ કરતી હતી. પોતાને કેન્સર થયું છે એની જાણ થયા પછી માનવીને કેવી સંવેદના થાય, મન કેવો મુંઝારો અનુભવે, દિલ કેવી પછડાટ ખાય એનું સચોટ વર્ણન કોરનેલિયસે પોતે કરેલું છે. આખરે તો કોરનેલિયસ એક ઉચ્ચ કોટીનો વ્યવસાયી પત્રકાર હતો ને!

કોરનેલિયસે, એમ તો "એ બ્રીજ ટુ ફાર" જેવાં પાંચ પુસ્તકો લખીને, યુધ્ધની સમગ્ર કથા એ પુસ્તકમાં આવરી લેવાની આયોજના કરી હતી. "એ બ્રીજ ટુ ફાર" એ, આ પુસ્તક-પંચકમાંનું ત્રીજું પુસ્તક છે અને બાકીનાં બીજાં બે પુસ્તકો લખવા માટે કોરનેલિયસ જીવ્યો જ નહિ. એટલે કોરનેલિયસે નિર્ધારેલી બીજા વિશ્વયુદ્ધની કથા અધૂરી રહી છે, પણ એણે એને બદલે પોતાના અંગત યુદ્ધની કથા આપણને આપી છે, એને વૃત્તપત્રીય કથાલેખન કહો કે સાહિત્યિક કથાલેખન કહો-એમાં એણે એક નવી જ ભાત પાડતું પુસ્તક આપણને ભેટ ધર્યું છે—અને તે પણ જ્યારે એ અસહ્ય વેદનાથી સતત પીડાતો હતો ત્યારે! પોતાના અંગત યુદ્ધનું પુસ્તક પૂરું કરવા પાછળ એણે એવું તો મન પરોવ્યું હતું કે એણે એક વખત કહ્યું હતું, "આ વેદનાનું વર્ણન હું કેવું તાદશ્ય કરી શકું છું! હં હવે ફરી કદી શાન્તિ અનુભવવા માટેનો પ્રયત્ન કરવાનો નથી, કદી દર્દ-મુકત થવાની લાગણી અનુભવવાનો નથી."

કોરનેલિયસનાં, ઉકત પુસ્તક-ત્રયીમાંના પહેલાં બે પુસ્તકો પણ ખૂબ જ લોકપ્રિય થયાં હતાં. ત્રીજું પુસ્તક લખવાની તૈયારી થઈ ચૂકી હતી, નોંધો વગેરે સંશોધિત સામગ્રી બધી તૈયાર જ હતી, માત્ર એ સામગ્રીને યથાસ્થાને ગોઠવવાનું જ બાકી હતું. એ કામ હાથ ધરતાં પહેલાં કોરનેલિયસ અને તેની પત્ની કેથેરીને વિચાર કર્યો કે વેસ્ટ ઈન્ડિઝના કોઈ હરિયાળા બેટમાં થોડો આરામ કરી આવીએ અને એમણે એ અંગેની વ્યવસ્થા પણ કરી નાંખી.

વેસ્ટ ઈન્ડિઝ માટે ઉપડવાના હતા તેને આગલે દિવસે કોરનેલિયસને પીશાબ ઊતર્યો નહિ અને ઊતર્યો ત્યારે ધોળે દિવસે તારા દેખાડી દે એવી મહાભયંકર પીડા એને થઈ. છતાં એ લોકો વેસ્ટ ઈન્ડિઝ ફરી તો આવ્યાં પણ ત્રણેક મહિના પછી વારંવાર દેખા દેતી પીડા માટે બાયોપ્સી (નિદાન માટે થતી નાની શસ્ત્રક્રિયા) કરાવી તો માલમ પડ્યું કે કોરનેલિયસને પ્રોસ્ટેટ ગ્રન્થિનું કેન્સર છે!

—અને આ નિદાન થયું તે ક્ષણથી જ "એ પ્રાઈવેટ બેટલ" નો પ્રારંભ થાય છે.

બાયોપ્સી પછી કરાયેલાં નિદાનનો રિપોર્ટ સાંભળીને, રિપોર્ટિંગ જેના લોહીના બુંદેબુંદમાં વ્યાપી ગયું હતું તે કોરનેલિયસ પોતાને ઘેર આવ્યો અને તરત જ પોતાના અભ્યાસખંડનું બારણું બંધ કરીને, પોતાના ટેઈપ-રેકોર્ડર પાસે બેસી ગયો અને ડોકટરે જ્યારે "તમને પ્રોસ્ટેટનું કેન્સર છે" એવા ઘણના ઘા સમા શબ્દો ઉચ્ચાર્યા ત્યારે સૌથી પહેલાં તો એ કેટલો ગભરાઈ ગયો હતો, પછી એણે મનને કેવું કઠણ બનાવી દીધું હતું અને પછી સ્વસ્થ ચિત્તે એ કેવા વિચાર કરવા મંડ્યો હતો તે બધું ટેઈપ રેકોર્ડરમાં ટેઈપ કરી લીધું. એ પછીનાં ચાર વરસો સુધી એણે એવું જ કર્યું હતું. એને સંખ્યાબંધ વેળા હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું અને હોસ્પિટલમાં તો ટેઈપ રેકોર્ડર લઈ જવાય નહિ એટલે એ ચોરી છૂપીથી ટેઈપ રેકોર્ડર હોસ્પિટલમાં લઈ જતો અને ટોઈલેટ વગેરે જેવી એકાન્ત જગ્યાએ પોતાની લાગણીઓને શબ્દદેહ આપીને એને ટેઈપ કરી લેતો. આ ટેઈપની વાત એણે એની પત્નીથી પણ છૂપી રાખી હતી. કારણ કે પત્નીને આ ટેઈપ રેકોર્ડરની વાત ખબર પડે તો, એને પોતાના ખાનગી યુધ્ધ વિષે જે લખવું હતું તે પણ કદાચ ખોરંભે પડી જાય એવી એને ભીતિ હતી. એની પત્ની કેથેરીને આ બધી ટેઈપ, કોરનેલિયસના મરણ પછી જ સાંભળી હતી. કેથેરીને પણ એનો પતિ જે રીતે કેન્સર સામેના યુધ્ધમાં ઝઝૂમ્યો હતો તે અંગેના પોતાનાં સંસ્મરણો "એ પ્રાઈવેટ બેટલ" પુસ્તકમાં આમે જ કર્યાં છે. તદુપરાંત, કોરનેલિયસના રોગના નિદાન, એની ચિકિત્સાપદ્ધતિ અને બીજી એવી આનુસંગિક વિગતો પણ એ પુસ્તકમાં આપવામાં આવી છે. મનને બધી જ ઉર્મિશીલતાથી અળગું કરીને, મૃત્યુને નીરખવાનો કોરનેલિયસનો મિજાજ અને એ મિજાજને, છેલ્લે છેલ્લે તો હૈયાં પર પથ્થર મૂકીને પણ પોષતી કેથેરીનનું ધૈર્ય-આ બન્ને તત્ત્વો આ પુસ્તકને પાને પાને નીતરે છે. તટસ્થ વૃત્તાંત-નિવેદન એ તો પત્રકારિત્વનો પાયો છે અને એક ઉત્તમ પત્રકાર તરીકે કોરનેલિયસે, પોતાની વેદનાનું તટસ્થ વૃત્તાંતનિવેદન કર્યું છે એવી દઢ છાપ આ પુસ્તક વાંચતાં પડે છે.

માનવીસુલભ જીજીવિષા, કોરનેલિયસને હતી જ, એથી એને કેટલીક વાર એમ પણ થતું કે 'ડોકટરોએ મારા રોગના નિદાનમાં કાંઈ ભૂલ તો નહિ કરી હોય ને!' એને તો એના રોગનું મૂલગત સંશોધન કરવું હતું અને ખાતરી મેળવવી હતી કે ડોકટરોએ પહેલાં કરેલું નિદાન સાચું હતું. એની પાસે પૈસો તો પુષ્કળ હતો એટલે અમેરિકાના મોટાં મોટાં તબીબી કેન્દ્રોમાં અને યુરોપના વિખ્યાત તબીબી કેન્દ્રોમાં પણ પોતાના રોગનું નિદાન કરાવરાવ્યું. આમાં એને માલમ પડ્યું કે સર્વમાન્ય કેન્સર નિષ્ણાતો પણ ચિકિત્સાની પદ્ધતિ અંગે એક થઈ શકતા નહોતા અને નિષ્ણાતો વચ્ચેનો આ ગડબડ-ગોટો, બાજપક્ષી જેવી આંખ ધરાવતા કોરનેલિયસથી છાનો રહ્યો નહોતો. આખરે એને થયું કે એણે કઈ ચિકિત્સાપદ્ધતિ અખત્યાર કરવી તેનો નિર્ણય એણે પોતે જ કરી લેવો જોઈએ. દરદીને પોતાને જ પોતાની ચિકિત્સાપદ્ધતિ પસંદ કરવાનો સમય આવે એ ખરેખર એક કરુણ અનિશ્ચિતતા જ ગણાય.

એક વખતે, કોરનેલિયસની સ્થિતિ અત્યંત કટોકટીભરી બની ગઈ હતી અને એને ન્યુયોર્કની વિખ્યાત સ્લોન-કેટરિંગ કેન્સર હોસ્પિટલમાં દાખલ કરવા માટે લઈ જવામાં આવ્યો હતો. પણ હોસ્પિટલવાળાઓએ પૂરા દસ કલાક સુધી કોરનેલિયસ પર ધ્યાન જ આપ્યું નહોતું. કોરનેલિયસે આ કિસ્સો પોતાના પુસ્તકમાં નોંધ્યો છે. તેનું એક કારણ કદાચ એ પણ હોય કે એના જેવા વિખ્યાત પત્રકાર અને લેખક પ્રત્યે જો આવી બેદરકારી બતાવવામાં આવતી હોય તો બીજાઓનું તો શું નું શું થતું હશે!

રોગને કારણે માનવી કેવો પંગુ બની જાય છે. સ્વમાન અંગેના ખ્યાલો એને કેવા ગળી જવા પડે છે એ બધું કોરનેલિયસે વિગતવાર પોતાના પુસ્તકમાં નોંધ્યું છે. ઘણાં ડૉકટરોનો એવો અભિપ્રાય પડ્યો કે કોરનેલિયસની પ્રોસ્ટેટ ગ્રન્થિ જો આખેઆખી કાઢી નાખવામાં આવે તો કોરનેલિયસ બચી પણ જાય, સાથોસાથ એનામાં નપુંસકત્ત્વ પણ આવી જાય. કોરનેલિયસને આ નપુંસકત્ત્વની વાત મંજૂર નહોતી, કારણકે એનું લગ્ન-જીવન અત્યંત સુખી હતું, એને પોતાને પૂરાં પચાસ વર્ષ થયાં નહોતાં અને એની પત્ની તો એનાથી પણ નાની હતી. પ્રોસ્ટેટ ગ્રંથિ કઢાવી નાખવાની સલાહ આપનાર ડૉકટરે તો ખીજાઈને એને કહ્યું હતું કે: "તારામાં કાંઈ તર્કબદ્ધ રીતે વિચાર કરવાની શકિત છે કે નહિ? તારી મનોવૃત્તિ તો આદિવાસીઓ જેવી છે. કોઈ સીદી નપુંસકત્ત્વ વહોરી લેવા કદી તૈયાર નહિ થાય એ હું સમજી શકું, પણ તું તો ભણેલોગણેલો માણસ છે. તારાં જાતીય જીવન-સેકસ લાઈફ-માં તું બાંધછોડ જરૂર કરી શકે. તમને બે છોકરાં તો છે. તું અને કેથેરીન હવે બીજાં બાળકો આવવાની ધારણા તો નહિ જ રાખતાં હો."

આ બધું છતાં કોરનેલિયસ પોતાની વાતમાં મક્કમ રહ્યો,

એટલું જ નહિ પણ એને, અંગત યુદ્ધનું વર્ણન લખવા માટે બુદ્ધિ સતેજ રાખવી હતી એટલે એણે દર્દ દબાવી દેનારાં અને ઘેનમાં નાખી દેનારાં ઔષધો દિવસ દરમિયાન લેવાની સાફ ના પાડી. એને કોર્ટિઝોન વગેરે ઔષધો સતત અપાતાં હોવાથી એના શરીરનો આખો દેખાવ વિકૃત થઈ ગયો હતો અને એક વખત તો એનાં

# આપણી તેમ જ સમાજની તંદુરસ્તી માટે મહત્ત્વનું....

વિશ્વ આરોગ્ય સંસ્થાના શીતળા માહિતી એકમના પ્રવક્તા "જીમ મોગી" એ જીનિવામાં તા. ૨૫ ઓકટોબરના રોજ કહ્યું કે" શીતળા પૃથ્વી પરથી નાબૂદ થઈ ગયો છે, એવી જાહેરાત થાય ત્યારે બધા દેશોએ ફરજિયાત રસી મૂકવાનું બંધ કરવું જોઈએ. કારણ, રસીનું જોખમ કદાચ, રોગ કરતાં વધુ છે. આ રસીથી સંખ્યાબંધ આડ અસરો ઊભી થાય છે, અને તે જીવલેણ નિવડે એવો સંભવ છે. એથી મેનીનજાઈટીસ જેવા રોગો થવાનો સંભવ છે."

કેવી ચોંકાવનારી આ વાત છે! વિશ્વભરમાં આજ સુધી આંખો મીંચીને શીતળાની રસી મૂકવાનું મરજિયાત જ નહિ પરંતુ ફરજિયાત ચાલતું હતું. કેટલા બધા વર્ષો પછી ડૉ. જીમ મોગીએ આ ભ્રમ ભાંગ્યો અને અત્યાર સુધીમાં કરોડો માણસોને અન્યાય થયો એ જુદો.

વર્ષો પહેલા ચક્રવર્તી રાજગોપાલાચાર્યે—રાજાજીએ—રસી મૂકવાનો સખત વિરોધ કર્યો હતો, પરંતુ કોઈએ તે કાને ધર્યો નહોતો. મારી માન્યતા પણ પ્રથમથી આવી જ રહી છે.

મારી દષ્ટિએ એલોપથીની ઝેરી દવાઓ અને ટીકડીઓ પણ માણસ માટે ભયંકર ઝેર સમાનજ સાબિત થઈ છે અને આજે જે રોગોનો વધારો થઈ રહ્યો છે તે તેને કારણે જ થયો છે, એવી મારી દઢ માન્યતા છે. આ ટીકડીઓ તાત્કાલિક એક રોગને દાબે છે અને શરીરની નર્વઝને ઝેરી અસર કરે અન્ય અનેક રોગો ઊભા કરે છે. માટે, દરેક નાગરિકે આ બાબત સાવધ તેમજ જાગૃત રહેવાની ખાસ જરૂર છે, અને બાળકો માટે તો આ ટીકડીઓ ભયંકર ઝેરની ગરજ સારે છે. હા, જે રોગ શસ્ત્રક્રિયા વિના મટે તેમ ન હોય તેને માટે એ લોપથી ખરેખર આશિર્વાદરૂપ છે.

બીજું, ડી.ડી.ટી. જંતુનાશક ઔષધોનો આપણે પ્રમાણભાન ગુમાવીને ઘરમાં છંટકાવ કરીએ છીએ, ખેતરોમાં છાંટીએ છીએ તેની પણ ખતરનાક અસર થાય છે.

ગ્વાતેમાલાના ગ્રામવિસ્તારોમાં મેલેરિયાને અંકુશમાં લેવા માટે છેલ્લાં પંદર વર્ષથી ડી. ડી. ટી. છાંટવામાં આવે છે. ત્યાં માતાના દૂધમાં કુલ ૦-૩થી ૧૨-૨ પી.પી. એમ, જેટલું ડી.ડી. ટી. જણાયું હતું. આ પ્રમાણનો અર્થ એ થયો કે રોજની સ્વીકાર્ય માત્રા કરતાં લગભગ ૫૦ ગણું. ડી. ડી. ટી. ત્યાંના માતાનું દૂધ પીતાં બાળકોના પેટમાં જાય છે. આનાથી બાળકોના સામાન્ય વિકાસ પર પ્રતિકૂળ અસર થાય છે. ડી. ડી. ટી. જેવી જંતુનાશક દવાઓ પશુઓ માટે પણ હાનિકર્તા છે.

તાજેતરમાં જણાવવામાં આવ્યું છે કે ડી. ડી. ટી. અને અન્ય કલોરીનેટેડ હાઈડ્રોકા વેન્સના વધુપડતા ઉપયોગથી હોજરીની કામગીરી પર માઠી અસર થાય છે. એનાથી કોલેસ્ટેરોલના પ્રમાણ પર તેમજ જ્ઞાનતંતુઓ પર માઠી અસર થાય છે.

સંયુકત રાષ્ટ્રસંઘ પર્યાવરતા કાર્યક્રમે લોકોને ઘરમાં ડી.ડી. ટી. છાંટવાથી થતી પ્રતિકૂળ અસર સામે ચેતવણી આપી છે.

આવી જ રીતે બંધ ડબાનો ખોરાક પણ મારી દષ્ટિએ હિતાવહ ન ગણાય. આવા બધા તત્ત્વોનો બેફામ રીતે ઉપયોગ કરીને આપણે પોતે આપણી પોતાની અને આપણા બાળકોની તંદુરસ્તીને ભયંકર રીતે હાનિ પહોંચાડી રહ્યા છીએ.

લીપસ્ટીક વિગેરે સૌંદર્યપ્રસાધનોનો ઉપયોગ પણ આજે બેફામ રીતે વધી રહ્યો છે. તેની પણ લાંબે ગાળે શરીર તેમજ ચામડી પર ભયંકર હાનિકારક અસર થવા પૂરો સંભવ છે.

તો, આપણે આવી બાબતોમાં થોડા જાગૃત થઈએ અને જૂની પ્રથા હતી એવી. ઘરમાં ડી. ડી.ટી.ના બદલે લોબાન-ગુગળનો કે લીંબડાના પાનનો ધૂપ કરીએ અને નાહવામાં ચણાનો લોટ, તેલ તેમજ હલદરનો ઉપયોગ કરતા થઈએ. અને દવાઓમાં આયુર્વેદ કે હોમિયોપથીની દવાને વધારે મહત્ત્વ આપતા થઈએ તો આપણને, આપણા કુટુંબને અને સમગ્ર સમાજને ખૂબ જ ફાયદો થાય. સાથે સાથે જીવન જીવવાની એવી જાગૃતિ રાખીએ. ખોટા આહાર—વિહાર ન કરીએ અને માંદા જ ન પડાય તેને માટે કાળજી રાખવામાં આવે તો દવાની જરૂર જ ન રહે. બાકી તો જેમ દવાઓ અને નવી નવી દવાઓ વધી રહ્યા છે તેની સામે રોગો પણ એટલા જ વધી રહ્યા છે. માટે આપણે જાગૃતિપૂર્વક જીવન જીવીએ અને આપણાં બાળકોને તેની સમજણ આપીને ટેવ પાડીએ, તે આજના જમાના માટે ખૂબ જ આવશ્યક છે.

આજે આપણે ભૌતિકતા તરફ પણ પૂરવેગે દોડી રહ્યા છીએ. તેને બ્રેક મારીને આંતરમનની ખોજ તરફ વળવાની પણ એટલી જ તાતી જરૂર જણાય છે. આમ કરવાથી જીવનમાં પરમ શાંતિ મળશે.

**શાંતિલાલ ટી. શેઠ**

# "પ્રેમળ જ્યોતિ"

આપણા સંઘની આ પ્રવૃત્તિ તા. ૨૧-૧૦-૭૬ ધનતેરશના શુભ દિને આપણે શરૂ કરેલી. તેનાં તા. ૨૧-૧૦-૭૯ના રોજ ત્રણ વર્ષ પૂરા થયા. તા. ૨૧-૧૦-૭૯ ના રોજ ધનતેરશના દિવસે "પ્રેમળ જ્યોતિ"ના કાર્યકર બહેનોએ ભિન્ન ભિન્ન સંસ્થાઓની મુલાકાત લીધી અને આપણી શકિત પ્રમાણે એ સંસ્થાઓની જરૂરિયાતમાં ફૂલપાંખડી રૂપે આર્થિક સિંચન કર્યું.

| રૂપિયા | |
|---|---|
| ૫૦૦/- | ઓર્થેપેડીક હૉસ્પિટલને બે કેલીપર માટે |
| ૩૨૧/- | હેન્ડીકેપ બાળકોને દવા તેમ જ નાસ્તા માટે |
| ૧૫૧/- | સાન્તાક્રુઝમાં, મધર થેરેસા સંચાલિત સંસ્થામાં |
| ૧૫૧/- | વીલેપાર્લેમાં મધર થેરેસા સંચાલિત સંસ્થામાં |
| ૧૫૦/- | અંધેરીમાં હાજી અલારખિયા આશ્રમને |
| ૧૭૦/- | સામળદાસ ગાંધી માર્ગ પર આવેલા, સોસાયટી ફોર ધી વોકેશનલ રીહાબીલીટેશન ઓફ ધી રીટાર્ડેડને. |
| ૧૪૦/- | પાર્લા - બારભાયા અનાથાશ્રમ તેમ જ જૈન ક્લિનીકમાં. |
| ૧૫૮૩ | |

આમ એકંદર રૂા. ૧૫,૮૩/- ધનતેરશના શુભ દિને શુભ કાર્યો માટે "પ્રેમળ જ્યોતિ" મારફત ખર્ચાયા.

* * *

આ સંસ્થાઓની ટૂંકી માહિતી નીચે પ્રમાણે છે:

* સાન્તાક્રુઝમાં, મધર થેરેસા સંચાલિત મહિલાઓ માટેનું અનાથાશ્રમ છે, તેમાં અત્યારે ૭૬ મહિલાઓ રહે છે. જેનું કોઈ જ ન હોય તેવી અનાથ મહિલાઓને અહીં રાખવામાં આવે છે.
* બીજું અનાથાશ્રમ પણ સાન્તાક્રુઝમાં જ મધર થેરેસા સંચાલિત છે, તે બાળાઓ માટેનું છે. જ્યાં રસ્તા પરથી મળેલી તેમ જ અન્ય અનાથ બાળાઓને રાખવામાં આવે છે અને સારી રીતે ઉછેર કરવામાં આવે છે.
* એ જ રીતે વીલેપાર્લેમાં "બારભાયા અનાથાશ્રમ" ચાલે છે. આ પણ મહિલાઓ માટેનું અનાથાશ્રમ છે. ત્યાં વાલીની સહીથી કોઈપણ કોમની બહેનને દાખલ કરવામાં આવે છે. ઘરકામને લગતી તેમ જ હુન્નર ઉદ્યોગને લગતી સારી તાલીમ આપવામાં આવે છે.
* અંધેરીમાં હાજી અલારખિયા સોનાવાલા અંધ - સ્ત્રી આશ્રમ છે.

આ સંસ્થાને ખાસ કરીને સાડીઓની જરૂર છે. તેમજ આર્થિક મદદની પણ જરૂર છે. તો એના માટે સંઘના કાર્યાલયમાં સાડીઓ મોકલવા માટે વિનંતિ છે.

"પ્રેમળ જ્યોતિ "ની પ્રવૃત્તિદ્વારા આપણને આ બધી જાણકારી મળે છે.

આવા અનાથો પર પ્રેમ વરસાવવાનું સૌને નિમંત્રણ આપવામાં આવે છે.

જૈન કલીનીકના જનરલ વોર્ડની મુલાકાત તો પ્રેમળ જ્યોતિના કાર્યકર બહેનો નિયમિત લે જ છે. અને જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને

# "જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ"

આપણામાં જ્ઞાન વધારે છે કે ઓછું તે મહત્વની વસ્તુ નથી, પણ મહત્વની વસ્તુ તો આપણું અંતઃકરણ પવિત્ર છે કે અપવિત્ર છે તે છે. ભદ્રતા-સરલતા અને પવિત્રતા એ ધર્મનાં બીજસ્વરૂપ છે. આપના જીવનમાં આ ભદ્રતા અને પવિત્રતા પુષ્ટ થાઓ!

ત્રસ્ત જગતના સર્વ જીવોના હિતની ભાવના તેમજ તે મુજબની શક્ય પ્રવૃત્તિ, એ અક્ષય-સુખનું બીજ છે. આપના હૃદયમાં રોપાયલાં આ બીજ વડે આત્મહિતકાર, સર્વ પ્રકારની સુખ-સમૃદ્ધિ આપને પ્રાપ્ત થાઓ!

લેવામાં જે સુખ મળે તે ક્ષણિક હોય છે, જ્યારે હિતપૂર્વક બીજાને આપવાથી પ્રાપ્ત થતું સુખ જ જીવનભર જળવાઈ રહે છે. "મને બીજા કેટલા ઉપયોગી થાય છે, એમ વિચારવા કરતાં હું બીજાને કેટલો ઉપયોગી થઈ શકું એમ છું"- આ વિચાર જીવનમાં પ્રકાશ લાવે છે. આપનું જીવન લોકોત્તર પ્રકાશથી ભરપૂર બનો!

જેની આંખમાં કરુણા છે. હૃદયમાં વાત્સલ્ય છે, વાણીમાં ગુણાનુવાદ છે, જીવનમાં પરોપકાર છે, જેના વડે જગત પવિત્ર થયેલું છે. આ પરમ પ્રેમ આપના જીવનને છલોછલ ભરી રહો!

પરમાત્માની ભકિત એ જ એક પરમ આનંદ મોક્ષલક્ષ્મીનું બીજ છે. જો પરમાત્મામાં રાગ નહિ હોય તો, ત્યાગ કર્યો હશે છતાં ત્યાગનો અનુબંધ નહિ પડે, ત્યાગ સહજ સ્વાભાવિક નહિ થાય. આપનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ ખૂબ જ રૂઢ થાઓ!

સંપત્તિ ક્રોડોની હોય, પણ જો ગુરુજનોના, વડીલોના આશીર્વાદ ન હોય, દિન-દુઃખી પ્રત્યે અનુકંપા ન કરી હોય, પરાર્થ-કારિતા ન આચરી હોય, પારકાનાં હિત અર્થે કંઈ જ ન કર્યું હોય તો અંતરમાં સુખ અને શાંતિ પ્રાપ્ત થતાં નથી. આપની સંપત્તિનો, શકિતઓનો પરાર્થે સદ્ઉપયોગ થાઓ!

પોતાના સુખમાંથી બીજાને ભાગ આપો અને બીજાના દુઃખમાં પોતે ભાગ લો. પેલું વૃક્ષ, પેલી ધૂપસળી અને પેલું ચંદન-કાષ્ટ મુંગા રહીને મહત્ત્વની વાત કહે છે કે, "સહી લેજો, બળી જજો, ઘસાઈ છૂટજો." આપના જીવનમાં સહનશીલતા, અનુકંપા અને પરાર્થકારિતા પ્રગટ થાઓ!

કોઈનો નાનામાં નાનો ઉપકાર ભૂલવો નહિ અને કોઈએ કરેલા મોટામાં મોટા અપકારને યાદ કરવો નહિ, સુખ અને શાંતિનો આ રાજમાર્ગ છે. સુખ અને શાંતિ એવાં સુગંધી અત્તરો છે, કે તમે બીજા ઉપર તે જેટલા વધારે છાંટશો તેટલી વધુ સુગંધ તમારામાં પ્રગટશે. સુખ અને શાંતિના આ રાજમાર્ગ ઉપર આપનું જીવન સુગંધમય બની રહો!

જ્ઞાન એટલે બુદ્ધિ વડે જાણવું અને વિજ્ઞાન એટલે જીવનમાં અનુભવવું. જે જ્ઞાન આચરણદ્વારા આત્મસાત્ કરવામાં આવે તે વિજ્ઞાન બને છે. આપના જીવનમાં સમગ્ર જ્ઞાન-વિજ્ઞાનનો મંગલમય પ્રકાશ ફેલાઈ રહો!

કર્મ સ્વરૂપનો વિચાર નમ્રતા લાવે છે. ધર્મ સ્વરૂપનો વિચાર નિર્ભયતા લાવે છે. જ્ઞાનથી પરમાત્માને જાણી શકાય છે. પ્રેમથી પરમાત્માને પામી શકાય છે. આપના જીવનમાં અભય, અદ્વેષ અને અખેદ પ્રગટ થાઓ!

માનવ પાસે સર્વશ્રેષ્ઠ શકિત ધરાવતું મન છે. તેને જો પરમ-તત્ત્વ સાથે સતત જોડાયેલું રાખવામાં આવે તો માનવી મહામાનવ કે પૂર્ણ માનવ બની શકે, આપનું મન એ પરમ તત્વ સાથે જોડાયેલું રહો!

ભગવાન પ્રેમમય છે, કરુણામય છે, મંગલમય છે, જ્ઞાનમય છે, સર્વમય છે. તેઓ જ એકમાત્ર શરણભૂત છે. પરમ કરુણામય પરમાત્માનું જ આપને શરણ હો!

જગતના સર્વ જીવો પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં પરમાત્માની ઓળખ છે. સર્વ પ્રત્યેનો આપનામાં રહેલો પૂર્ણ પ્રેમ પ્રગટ થાઓ, પૂર્ણ જ્ઞાન પ્રગટ થાઓ!

પ્રત્યેક આત્મા, તત્ત્વથી પરમાત્મા છે. આપણી અંદર સુષુપ્ત રહેલા આ પરમાત્મ-તત્ત્વને પ્રગટાવવું એ ધર્મ માત્રનું ધ્યેય છે. આપનામાં રહેલું આ પરમાત્મતત્ત્વ પ્રગટ થાઓ અને સારુંય જીવન આપને માટે મંગળમય હો!

* * *

નૂતન વર્ષના અનુસંધાનમાં અનેક પ્રકારના અભિનંદનને લગતાં સંદેશાઓ આવતા હોય છે. ઉપર આપેલ સંદેશ વિશિષ્ટ પ્રકારનો છે અને અંતરાભિમુખ છે એટલું જ નહિ. પરંતુ જાણે બધા જ ધર્મોના સિદ્ધાંતો તેમાં સમાઈ જતા ન હોય એટલી તેમાં સચોટતા છે. તો આ પત્રના વાંચકો પણ તેનો આસ્વાદ ભલે માણે એ ઉદ્દેશથી અહિં પ્રગટ કરવામાં આવ્યો છે. દરેકે તે વાંચવા સમજવા જેવો છે.

**ચીમનલાલ જે. શાહ કે. પી. શાહ: મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

---

દવા - ઈન્જેકશનો તેમ જ ફ્રૂટ માટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

આ રીતે પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિનો વ્યાપ વધતો જતો હોવાથી, આપના ઘેર જ્યારે પણ કોઈ શુભ પ્રસંગ આવે ત્યારે "પ્રેમળ જ્યોતિ" ને આર્થિક સહાય માટે યાદ કરવાનો અનુરોધ કરવામાં આવે છે.

## "પ્રેમળ જ્યોતિ" ને પ્રોત્સાહન

તા. ૧૬-૯-૭૯ ના અંકમાં પ્રગટ થયેલી રકમો પછી નીચેની રકમો પ્રેમળ જ્યોતિને ભેટ મળી છે–તે માટે અમો સર્વે દાતાઓનો આભાર માનીએ છીએ.

રૂપિયા
૨૫૧/- શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ
૧૦૧/- „ હસમુખભાઈ સાંકળિયા
૧૦૧/- „ હંસાબેન સાંકળિયા
૧૦૧/- „ સુરેન્દ્રનગર નિવાસી શ્રી ન્યાલચંદ ધનજીભાઈ દોશીના સુપુત્ર, હર્ષદના લગ્ન પ્રસંગે.
૧૧૧/- „ રમાબેન એમ. વોરા
૫૧/- „ શારદાબેન ઠક્કર
૫૧/- „ હીરાબેન નવિનચંદ્ર મહેતા
૫૧/- „ ભગવતીબેન એસ. શેઠ
૩૫/- „ લીલા ભુવન નવરાત્રિમંડળ તરફથી
૨૧/( „ નીરૂબેન શાહ
૨૧/- „ કમલબેન પીસપાટી
૨૧/- „ અમરતબેન શાહ
૨૧/- „ જયાબેન વીરા

શાન્તિલાલ ટી. શેઠ.
કાર્યાલય મંત્રી,

# સાહિત્ય શા માટે?

આજે જે જાતનું સાહિત્ય સર્જાઈ રહ્યું છે, અને જે ઝડપે સર્જાઈ રહ્યું છે તે જોતાં લાગે છે, કે એમાંથી કોઈ સાહિત્ય લાંબો સમય એની છાપ પાડી શકવાનું નથી, ભાદરવાના ભીંડા જેમ ઊગી નીકળ્યો છે, એનો જથ્થો, જે ફક્ત જથ્થો જ છે, કસ વિનાનો.

સાહિત્ય કેવું જોઈએ તે વિષે કવિવર ટાગોર અને શરદચંદ્રની વચ્ચે જે પત્રવ્યવહાર થયો છે તે વાંચવા જેવો છે. તેમાં સાહિત્ય શા માટે? અને શરદચંદ્ર જેવા ફક્ત મનોરંજન માટે જ સર્જે, કે ફક્ત વર્તમાન કાળને જ લક્ષમાં લઈને સર્જે તે કેમ ચાલે? વગેરે સરસ પત્રો છે; કોઈવાર આપણે તે જોઈશું, આજે તો કાકા કાલેલકર સાહિત્ય વિષે શું કહે છે અને ગાંધીજીએ એમને શું કહ્યું હતું તે જ જરા જોઈએ. ગાંધીજીએ કાકા કાલેલકરને કહ્યું:" તારે કેવળ મનોરંજન કે લોકરંજન જ કરવાનું નથી, લોક શિક્ષણ પણ કરવાનું છે. લોક ચારિત્ર્ય પણ ઘડવાનું છે, સાહિત્ય દ્વારા." "જાણું છું કે સાહિત્યમાં પ્રવાસવર્ણનને સ્થાન છે. પરંતુ તેમાંયે લોકદર્શન, તે કાળનું સમાજનું સાંસ્કૃતિક દર્શન, દેવદર્શન, પણ આવે જ, અર્થાત ફક્ત હકીકતનો થોકડો જ ન બનતાં પ્રેરણાદાયક બનવું જોઈએ." કહે છે કે ગાંધીજી એ પણ કહેતા કે" ટ્રિઅથી ભાષા બોલવી કે લખવી એ ભાષાનું અપમાન છે. અર્થાત સત્યના પુજારી પાસે " નરોવા કુંજરોવા" જેવા શબ્દોને પણ સ્થાન નથી, ન હોવું જોઈએ." કાકા કહે છે કે હું કદી વાર્તા કે નવલકથા વાંચતો નથી. કારણ કે એમાં સમયનો દુરૂપયોગ જ થાય છે, અને બીજું કરવાનું ઘણું છે તે ટલ્લે ચડે છે. છતાં મારે એક નવલકથા વાંચવી પડી, અને તે કેવી જાણો છો, "લેડી ચેટર્લીસ લવર."

"કારણ, એમ બન્યું કે ગુજરાતની કોલેજમાં ગયો, ત્યારે મારી ઉમ્મર લગભગ ૭પની. વિદ્યાર્થીઓએ પુછ્યું કે તમે એ ચોપડી વાંચી છે? મેં કહ્યું ના. તો "લોલીતા" વાંચી છે! મેં કહ્યું, ના." તો પછી આપ ચોરેને ચૌટે ગવાયેલી નવલકથા ન વાંચો, આજનો ટ્રેન્ડ ન જાણો તો અમને તમે માર્ગદર્શન કયા આધારે આપી શકશો? લોકોને શું ગમે છે, શું વાંચે છે, શેમાં રસ છે એ તો તમારા જેવા સમાજશાસ્ત્રીએ તો ખાસ વાંચવું જ જોઈએ."

અને પછી એ પુસ્તકો વાંચ્યાં., કહો કે વાંચવાની ફરજ પડી, અને પછી એકવાર વિનોબાને મળવા ગયો, કહ્યું: 'હમણાં હમણાં આવી જાતનું સાહિત્ય વાંચી રહ્યો છું, એ વાંચ્યા પછી નવી પેઢીનું માનસ હું સમજવા લાગ્યો છું. અને વિનોબાએ કહ્યું એ સમજવા માટે શંકરાચાર્યને પર કાયા પ્રવેશ કરવો પડયો હતો. મારું કે તમારું તો પુસ્તકોથી જ પત્યું. !!!

કાકા સાહેબ કહે છે કે "આજે દુનિયામાં જેમ પોપ્યુલેશન એકસપ્લોઝેશન થયો છે તે જ રીતે સાહિત્યમાં Sex Explosion થયો છે અને કહે છે કે એને મેં "કામવાસનાનો સ્ફોટ" એવું નામ આપ્યું છે.

કાકા કહે છે કે, "યુગ બદલાયો છે તે મને માન્ય છે, પરંતુ આજના સાહિત્યકારોનો, લેખકોનો મુખ્ય ધંધો જ જાણે કે એ થઈ ગયો છે કે સ્ત્રી-પુરુષના સંભોગનું વર્ણન કરી કરી વાંચકોને ઉદ્દીપ્ત કરવાનો, અને એમ કરીને પોતાની કૃતિનો વાચક વર્ગ વધારવાનો અને પૈસો પ્રાપ્ત કરવાનો અર્થાત એમનું કહેવું છે કે "સમાજને જે નીતિ નિયમો માન્ય છે તે તદ્દન નકામા છે, કાલગ્રસ્ત છે, વ્યર્થ છે. મનુષ્યના સ્વભાવથી વિરુદ્ધ છે, એમ સાબિત કરી સમાજનો આદર્શ શિથિલ કરવો અને એથીયે વિશેષ સમાજને ઉત્તેજીત કરી એક જાતનું ઉચ્છૂંખલ વાતાવરણ ઊપજાવવું એમાંજ ઈતીશ્રી માને છે. વિચારમાં, લખાણમાં અને આચારમાં "They are justifying weakness and beautifying passion". આગળ કાકા સાહેબ લખે છે કે સમાજનું માર્ગદર્શન બે જ કરી શકે, એક શિક્ષક અને બીજો સાહિત્યકાર. શિક્ષકનો ધર્મ શિક્ષક પાળશે, પરંતુ સાક્ષરોનું શું? તે લોકો તો સારું કહી દે કે અમે તો નખશીખ વિદુષકની ન્યાતના છીએ, લોકરંજન કરીને પૈસા કમાવા ખ્યાતિ મેળવવી એજ અમારું ધ્યેય છે. એટલું કહી દે પછી હું કશી ફરિયાદ નહિ કરું"

"આજના સાહિત્યકારો, એમાંના ઘણાખરા તો પશ્ચિમનું એઠું ખાઈને જીવનારા પશ્ચિમના જ એ ચેલાઓ. વિચાર કરવાનું કામ પશ્ચિમ કરે, અહીંના તો ફક્ત એની કાર્બન કોપી જ ઉતારે. પતિ પત્નીની નિષ્ઠા, ત્યાગ એ બધું ન ગમ્યું. એટલે ઊભો કર્યો ત્રિકોણ. એક તરફ હતો પ્રેમ, અત્યંત નિષ્ઠા, ત્યાગ ને બીજી તરફ ઊભો થયો અવિવાહિત પ્રેમ, આકર્ષણ અને એમાંથી ઉત્પન્ન થતી ચોરી અસત્ય, ક્રુરતા, દંભ અને તેમાંથી ઉત્પન્ન થનારી ભયાનક કે દુઃખદાયક સ્થિતિ, આ બધાનું ચિત્રણ સાહિત્યમાં પૂર જોસમાં થવા લાગ્યું છે, અને પહેલાં તો ત્રિકોણને પણ કંઈક બંધન હતાં ત્યારે આજે તો એને જ યોગ્ય સ્વરૂપ મનાવા લાગ્યું છે. પરિણામે ધીરે ધીરે આપણું માનસ પણ વિકૃત બનવા લાગ્યું છે.

અને આ પણ જયારે એ સાહિત્યકરેંને, એ રસવીરોને ફીકકું લાગ્યું ત્યારે એમણે અંદરના માનસને ડોળવા માંડયું છે. માનસશાસ્ત્રની અગમ નીગમની વાતો કરીને એમના સ્વૈરવિહારને વિહાર કરવા માટે ગંદુ ક્ષેત્ર ઊભું કરવા માંડયું છે."

"સામાન્ય વ્યભિચારીને પણ જે સંબંધની ઘૃણા થાય, એવા સંબંધો, પિતા પુત્રી, માતા પુત્ર, ભાઈ બહેન, સસરો વહુ, દિયર ભોજાઈ વગેરેના ગંદા સંબંધોનું ચિત્રણ કરવા માંડયું છે. પુરુષ પુરૂષના, સ્ત્રી સ્ત્રીના સબંધને પણ લખાણમાં, સાહિત્યમાં, અરે વાત વિચારમાં આપતાં સંકોચ રહ્યો નથી એને કંઈજ •અઘટતું પણ માનવા તૈયાર નથી."

હવે એટલાથી પણ તૃપ્તિ ન થઈ એટલે એમાં હિંસા, કપટ, દુરાચાર, અને ખુન-ખુમારી લાવ્યા છે; થાય છે કે આપણે શીખર પરથી સરી પડયા છીએ ને પતનની ખાઈમાં જઈ પડયા છીએ.

ગાંધીજીએ એક અંગ્રેજી પુસ્તકનો તરજુમો કર્યો હતો.?? મૂળ હતું. Towards the moral bankruptcy ગુજરાતી પુસ્તકનું નામ છે "નીતિ નાશને માર્ગે" કયાં એ વિચારો ને કયાં આજના?" એકવાર હેવલોકએલીસનું પુસ્તક "સાયકોલોજી ઓફ સેકસ" વાંચ્યું (આજે એ જ તો ચર્ચાઈ રહ્યું છે અને વાંચત ઘણીવાર થાય છે કે ડુક્કર જેમ આપણે ગંદવાડમાં આળોટી આવ્યાં અને કાકા કહે છે કે મને લાગ્યું કે જાણે નરકમાં જઈ આવ્યો." ।

અંતે કાકા લખે છે, કે" આશા રાખીએ કે આવા સાહિત્યનું, વાંચનનું, વિચારનું આકર્ષણ એક દા'ડો ઘટશે, લોકોમાં એના તરફ તિરસ્કાર જાગશે ત્યાં ફરી સારું સાહિત્ય સર્જાશે, અને એવા સાહિત્ય પાસેથી જે આશા રાખીએ છીએ તે પૂર્ણ થશે.

–રંભાબહેન

## * શ્રમણી વિદ્યાપીઠ *

જૈનોની એક અતિ અગત્યની સંસ્થા અગિયાર વરસથી ઘાટકોપરમાં ચાલે છે.

તેમાં, સ્થાનકવાસી તેમજ મૂર્તિપૂજક સાધ્વીઓ, તથા ગૃહસ્થી બહેનો લાભ લે છે. આશ્રમ ઢબે ચાલતી આ સંસ્થાનો લાભ બધા જૈન ફિરકાઓ લ્યે એવી અપેક્ષા છે. અહીં કશી ફી લેવામાં આવતી નથી. બહેનોએ માત્ર પોતાના વસ્ત્રો ઘેરથી લાવવાના હોય છે. પાંચ વરસનો કોર્સ નિયત થયેલો હોય છે. વાર્ષિક પરીક્ષાઓ કોલેજ ઢબે લેવાય છે, વર્ષ દરમ્યાન બે વેકેશનોની રજા પડે છે. ત્યારે સહુને અન્ય સ્થળે હરવા ફરવાની છૂટી હોય છે. હાલ પંદર સાધ્વીઓ તથા ત્રીસ બહેનો લાભ લે છે. સાધ્વિઓ કોર્સ પૂરો કર્યા પહેલાં કોઈ સ્થળે ચાતુર્માસ કે પ્રવચન માટે જઈ નથી શકતાં.

જે બહેનોને જૈન તત્વજ્ઞાન અર્ધમાગધી, સંસ્કૃત વ્યાકરણ, ધર્મગ્રંથો, હિંદીભાષા શીખવાનો શોખ હોય તેઓ જોડાઈ શકે છે. અહીં અભ્યાસ કરનારને પાસ થયા પછી દીક્ષા લેવાની કોઈ ફરજ નથી.

શકિતશાળી તેજસ્વી બહેનો તેમજ સાધ્વીઓ અધ્યાપિકા કિંવા સંચાલીકા તરીકે જોડાઈ શકે છે. બહેનોને સારા દરમાયાથી રોકવાની સગવડ છે.

દાખલા તરીકે કચ્છમાં લાકડીયા ગામ તથા મધ્ય પ્રદેશમાં ઈંદોર ગામે વિદ્યાપીઠ શરૂ કરવાની હિલચાલ થઈ રહી છે.

આ સંસ્થાના મકાનમાં એક સુંદર ગ્રંથાલય પણ ચાલુ છે.

વધુ સંખ્યાની સગવડ માટે મકાનમાં એક વધુ મજલો બાંધવાની તૈયારી ચાલે છે. ધર્મપ્રેમીઓ વધુ રસ લે તો "નાલંદા"ની કક્ષા ઉપર આ સંસ્થાને મૂકી શકાય તેમ છે.

હાલ આ સંસ્થા મુંબઈના સ્થા. જૈન મહાસંઘના નેજા નીચે ચાલે છે.

– દુર્લભજી ખેતાણી

૧૦



# ☆ અંદરની પ્રસન્નતા એજ ખરી ખુશી ☆

કેમ છો? મજામાં ને? જ્યારે આપણે બીજાને મળીએ છીએ ત્યારે હંમેશાં આમ પૂછીએ છીએ અને સામેથી 'મજામાં છીએ, આનંદ છે-' એમ ચોક્કસ ઉત્તર મળતો હોય છે. આપ્તજનો અને સ્નેહી મિત્રો સાથેના પત્રવ્યવહારમાં પણ 'અમે મજામાં છીએ. ને તમે ખુશીમજામાં હશો.' એમ અચૂક આપણે લખીએ છીએ. આ આપણો એક શિષ્ટાચાર છે, બાકી ખરું પૂછો તો આપણે એકદમ પ્રજામાં હોઈએ, પૂરીપૂરી અંતરની ખુશી ભોગવતા હોઈએ એવી પળો આપણા જીવનમાં ભાગ્યે જ આવતી હશે. બનેલા બનાવોની અંદર ગડમથલ ચાલતી હોય, કોઈ વિચારો અકળાવતા હોય, કોઈ વાત માટે રોષ-ઉદ્વેગ ભર્યો હોય, કોઈના પર ગુસ્સો હોય, કશી ચિંતા સતાવતી હોય, અને છતાંય બનાવટી હાસ્ય અને પોકળ પ્રસન્નતા ચહેરા પર લપેટીને આપણે સૌની સાથે હાથ મિલાવીએ છીએ, ખુશી આનંદ બતાવીએ છીએ અને કોઈ ખબર અંતર પૂછે તો તરત કહીએ છીએ, 'મજામાં છીએ, ખૂબ મજામાં છીએ' પણ હકીકતમાં આપણા બાહ્ય અને ભીતર સ્થિતિ વચ્ચે ભાગ્યે જ મેળ હોય છે. મારે ત્યાં એકવાર એક સંબંધી બહેન આવેલાં, પૈસાદાર ખૂબ, એટલે એમનાં કપડાં, ઘરેણાં, ગાડી બધું જ સરસ હતું. મેં ખબર પૂછ્યા એટલે તરત બોલ્યાં: 'જલસા છે જલસા! આપણે વળી શું ઉપાધિ!' અને થોડીવારની વાતો પછી તક મળતાં તેમણે પોતાના ઘરસંસારની ઘણી વેદના મારી પાસે ઠાલવી. પૈસાના જલસા છતાંય આ હૈયા-વરાળ આ દાખલો આપીને કહેવાનું તાત્પર્ય એટલું જ છે, કે આપણી પાસે ઘણું બધું બાહ્ય સુખ અને સાધન સગવડ હોય એટલે એને સાચું સુખ માની લેવાની ભ્રમણા સેવી મનની તાલીમ તરફ કદી બેદરકાર રહેવું ન જોઈએ. મનની તાલીમ પર જ સાચું સુખ અને ખરો આનંદ ઊભાં થઈ શકે છે. મન કેળવાયેલું હશે તો આપણે જીવનમાં ઘણો સામનો કરી શકીશું. અને પ્રતિકૂળતાઓ વચ્ચે પણ અંદરની પ્રસન્નતા ભોગવી શકીશું. મનની તાલીમ નહિ હોય તો આથી ઊલટું જ બનવાનું. 'ખુશીમાં છીએ, આનંદમાં છીએ' એ કૃત્રિમ નહિ, પરંતુ ખરેખરી સ્થિતિ બની રહે એ માટે આપણે કેટલી તો જહેમત ઊઠાવવાની છે! મનને કેટલું તો કેળવવાનું રહે છે! શારીરિક તાલીમ જેટલી જ માનસિક તાલીમની જરૂર છે. આપણી આંતરિક સ્થિતિ ડામાડોળ અને વિકારોથી ભરેલી હોય છે. એને લીધે સહજ રીતે પ્રાપ્ત થતા જીવનના ઘણા આનંદો અને ખુશીના પ્રસંગોને આપણે ચૂકી જઈએ છીએ. દા.ત. સરસ સંગીત વાગતું હોય, નજર સામે હરીભરી કુદરત હોય, ભાવતું ભોજન મળ્યું હોય, ગમતા માણસોનો સથવારો સાંપડ્યો હોય કે આપણને ગમતું બીજું કંઈ પણ પ્રાપ્ત થયું હોય- આપણી આંતરિક અવસ્થા ડામડોળ અને ખળભળતી હોય છે. ત્યારે એ આનંદોને આપણે મોકળા મનથી નથી ભોગવી શકતા. દા.ત. હસતું, ખેલતું કોઈ બાળક આપણી પાસે દોડીને આવશે, પણ જો એ બાળકનાં માબાપ સાથે આપણે ઝઘડો થયો હશે તો એ ખટપટના ઉદ્વેગમાં બાળકના નિર્દોષ હાસ્ય અને ગમ્મતને આપણે નહિ માણી શકીએ, કે નહિ બાળકને પૂરા દિલથી આવકારી શકીએ. ઘરમાં ખટપટ થઈ હોય અને એજ વેળા કોઈ મહેમાનો આવશે તો આપણે બનાવટી ઉમળકો બતાવીને તેમનો આદર સત્કાર તો કરીશું, પણ આપણી અવ્યવસ્થિત માનસિક દશાને લીધે મળવા હળવાનો અને વાતચીતનો જે આનંદ લેવો જોઈએ તે નહિ લઈ શકીએ. ઘણી હોંશથી પિકનિક પાર્ટીમાં, નાટક-સિનેમામાં, હરવા ફરવાનાં સ્થળોમાં કે મોંઘાદાટ હિલસ્ટેશન પરખૂબ ખર્ચ કરીને જઈશું, પણ આપણી પાસે તંદુરસ્ત મન નહિ હોય તો તો આપણે જે રીતે એનો આનંદ લેવો જોઈએ તે રીતે નહિ લઈ શકીએ. માથેરાન, મહાબળેશ્વર, ખંડાલા, લોનાવલા જેવાં રમણીય સ્થળોએ જઈને પણ માણસો જાતજાતની સાંસારિક ખટપટમાં પડી કુદરતની ભરી ભરી શોભા જોવાનું ચૂકી જાય છે. એ પણ જોવા મળ્યું છે. એવા માણસોની ટીકા કરવાનો કોઈ ઈરાદો નથી. એમ વિચારીએ તો આપણે સૌ કંઈ ને કંઈ મનની માંદગી ભોગવીએ છીએ, અને એની સાથે એવા તો જકડાઈને રહીએ છીએ કે કદી પૂરેપૂરા ખીલી શકતા નથી, જ્યાં જઈએ ત્યાં આપણું એ માંદું મન સાથે જ હોય છે, જે આપણને નિરાંત લેવા દેતું નથી. આ સ્થિતિ આપણે ચલાવી લેવી ન જોઈએ. પ્રબળ પુરુષાર્થથી મનને એવી તાલીમ આપવી જોઈએ કે તે રાગ-દ્વેષ, ક્રોધ, ભય જેવા ભાવો, વિચારોની ગડમથલ, લાગણીના ખળભળાટો અને હરેક પ્રકારની ઉત્તેજનાથી મુક્ત બની સ્થિર અને શાંત અવસ્થામાં રહે. આવી સ્થિતિ એજ આપણામાટે 'આનંદમાં છીએ, ખુશીમાં છીએ, ની ખરેખરી સ્થિતિ છે.

મોટાં દુ:ખો અને મુશ્કેલીઓ જ આપણને અકળાવે છે એવું નથી, નાની નાની અનેક બાબતોની આપણા મન પર અસર પડે છે, દા.ત. આપણી વધતી ઉંમરને લક્ષમાં લઈ કોઈ આપણને 'માજી, કાકા' જેવા સંબોધનથી બોલાવશે તો આપણું મન છૂપો આઘાત અનુભવશે કે આપણે હવે વૃદ્ધ થયા છીએ. આપણા માથા પર સફેદ વાળ વધશે કે દાંત ધીમે ધીમે વિદાય લેશે તો એથી પણ આપણું મન અમુક ગમગીનીનો અનુભવ કરશે. આપણું મન આવા તો કંઈક ઝીણા—મોટા ગમા અણગમોના આઘાત પ્રત્યાઘાતોથી બેચેન રહેતું હોય છે કે ખરેખરી જે પ્રસન્નતા આપણી પાસે હોવી જોઈએ તે હોતી નથી. આ સ્થિતિમાં પરિવર્તન લાવવા મનનો અભ્યાસ અને તાલીમ ખૂબ જરૂરી રહે છે.

ધ્યાન, પ્રાર્થના, વાચન, સત્સંગ વગેરે, અમુક મર્યાદામાં આપણને સહાય કરી શકે છે. પરંતુ ખરેખરી તાલીમ તો આપણા પળે પળના રોજિંદા જીવન વ્યવહારોમાંથી જ મળે છે. ઘણીવાર આપણે પ્રતિકૂળતાઓથી એવા તો ઘેરાઈ જઈએ છીએ કે એવા સંજોગોમાં ધીરજ જાળવી રાખવી અતિ મુશ્કેલ બની જાય છે. પણ વિચારીએ તો આમાંથી જ આપણને સાચી તાલીમ મળી રહે છે. બધું બરાબર ચાલતું હોય ત્યારે શાંત પ્રસન્ન રહેવું એ તદન સહેલી વાત છે, પણ સંજોગો આપણને ઘેરી વળ્યા હોય ત્યારે ખામોશ રહેવું એ ખરી કસોટીની વાત છે. રોજિંદા વ્યવહારોમાંથી આપણું જે ઘડતર થાય છે તે બીજા કશાથી નથી થતું. માટે આપણે સૌએ રોજે રોજ પોતાની જાતના અભ્યાસ કરતાં રહી મનને એવી તાલીમ આપવી જોઈએ, કે તે સ્વસ્થ અવસ્થામાં રહેતાં શીખે. આવી સ્થિર પ્રશાંત સ્થિતિ એ જ આપણા માટે 'મજામાં છીએ, આનંદમાં છીએ'ની ખરી અવસ્થા છે; નહિ કે લાગણીના ઉશ્કેરાટો અને આવેગો, કે ભૌતિક પ્રકારનાં સુખ આનંદો.

જિંદગી તો સુખદુ:ખથી ભરેલી છે. પણ આપણે આપણાને તાલીમ આપી એવી શકતિ કેળવી શકીએ છીએ કે મન આઘાત પ્રત્યાઘાતો સામે 'પ્રૂફ' જેવું બની રહી અંદરની સાચી પ્રસન્નતા માણી શકે. આ સ્થિતિ આપણી જાતનો નિરંતર અભ્યાસ કર્યા વિના પ્રાપ્ત થઈ શકતી નથી. ગીતા કહે છે:' અભ્યાએન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે! અલબત્ત! આમાં મહેનત ઘણી કરવાની છે. પણ એનાં મીઠાં ફળ પણ છે જને! મન પરનો પૂરો કાબુ નહિ તો અમુક મર્યાદામાં પણ આપણી પાસે માનસિક તાલીમ હશે તો એટલાથી પણ આપણે ઘણું કામ ચાલશે અને જીવનનો ઘણો ભાર હળવો બનશે.

**—શારદાબેન બાબુભાઈ શાહ**

## અભ્યાસ વર્તુળ

●

**વકતા** : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

**વિષય** : "દેહાધ્યાસમાંથી મુક્તિ"

**સમય** : તા. ૯-૧૧-૭૯ શુક્રવાર સાંજના : ૬

**સ્થળ** : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬

સૌને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસવર્તુળ

**માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬**
**મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ નવેમ્બર ૧૯૭૯, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ દેશની વર્તમાન પરિસ્થિતિનાં કારણો ☆

દેશની વર્તમાન પરિસ્થિતિ એટલે અસ્થિરતા, અનિશ્ચિતતા અને અશાન્તિ, બધા ક્ષેત્રે, રાજકીય, આર્થિક સામાજિક, શૈક્ષણિક વગેરે. આને માટે અત્યારના રાજકીય આગેવાનો અને પક્ષોને આપણે મોટે ભાગે જવાબદાર ગણીએ છીએ. તેમના સ્વાર્થ, ભ્રષ્ટાચાર અને સત્તા-લાલસાએ આ પરિસ્થિતિ સર્જી છે અથવા વધારી છે એમ માનીએ છીએ. આમાં સત્યનો અંશ છે, પણ સાચા કારણો આથી ઊંડા છે. આઝાદી પછીના ૩૨ વર્ષનો ઈતિહાસ જોવો પડશે.

આ પરિસ્થિતિ માટે નહેરુ અને કોંગ્રેસ જવાબદાર છે એમ ચરણસિંહ વારંવાર કહે છે. આઝાદી પછી ૧૭ વર્ષ સુધી નેહરુનું સબળ નેતૃત્વ રહ્યું. નહેરુએ દેશને ચોક્કસ દિશામાં લઈ જવાનો પ્રયત્ન કર્યો. કોંગ્રેસનું શાસન ૨૨ વર્ષ રહ્યું. ૧૯૬૯થી ૧૯૭૭ સુધી કોંગ્રેસનું શાસન હતું તેમ કહેવાય, પણ ખરી રીતે ઈન્દિરા ગાંધીનું શાસન હતું એમ કહેવું વધારે યોગ્ય ગણાય. ઈન્દિરા ગાંધીનું રાજકારણ એટલે એક વ્યક્તિનું કેવળ સત્તાલક્ષી રાજકારણ. ઈન્દિરા ગાંધીએ કોંગ્રેસને ખતમ કરી, બીજા રાજકીય પક્ષોને તોડયા. તેમણે જ કહ્યું છે કે જનતા પક્ષ તોડવો તેમનું ધ્યેય હતું.

ચરણસિંહ કહે છે તેઓ ગાંધીવાદી છે અને નેહરુ દેશને ગાંધીની નીતિથી વિપરીત માર્ગે દોરી ગયા છે. ફરી દેશને ગાંધી માર્ગે લાવવાના તેમના કોડ છે. જનતા પક્ષે પણ કહ્યું હતું કે ગાંધીવાદી સમાજવાદ તેનું ધ્યેય છે. એનો અર્થ એમ કે નેહરુ જે સમાજવાદની વાત કરતા હતા તે પ્રકારનો સમાજવાદ જનતા પક્ષને માન્ય નથી.

ગાંધીજીએ નહેરુને પોતાના રાજકીય વારસદાર કહ્યા હતા. ગાંધીજી અને નહેરુના વિચારોમાં ઘણું અંતર હતું તે સુવિદિત હકીકત છે. નહેરુ પૂરેપૂરા પશ્ચિમના રંગે રંગાયેલા હતા. ગાંધીજી બધી રીતે ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ હતા. જીવનમાં સાદાઈ, જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો, સ્વેચ્છાએ ગરીબી સ્વીકાર, સ્વાયત્ત ગ્રામ જીવન, ખાદી, ગ્રામોદ્યોગો, વિકેન્દ્રિત અર્થરચના, પ્રજા જીવનમાં રાજ્યની ઓછામાં ઓછી દખલગીરી, યંત્રોનો ઓછામાં ઓછો ઉપયોગ, મોટા પાયા ઉપર ઔદ્યોગીકરણ અને તેના પરિણામે નીપજતા અનિષ્ટોથી બચવા શહેરો કરતાં ગામડાઓની સમૃદ્ધિ તરફ બધું લક્ષ આપવું, વગેરે ગાંધીજીની આર્થિક નીતિના અવિભાજ્ય અંગ હતા. આ આર્થિક નીતિ પાછળ વિશિષ્ટ જીવનદષ્ટિ હતી અને તે જીવનદષ્ટિને પોષવા આવી આર્થિક રચના અનિવાર્ય હતી. એ વિશિષ્ટ જીવનદષ્ટિ એટલે સંયમ, સાદાઈ, જાત મહેનત, ગ્રામ જીવન, બ્રહ્મચર્ય, અહિંસા, અપરિગ્રહ વગેરે– આ બધું થાય તો સત્ય આપોઆપ આવે.

નહેરુની જીવનદષ્ટિ આથી સર્વથા ભિન્ન હતી, નહેરુનો ઉછેર વૈભવી અને પશ્ચિમી હતો. મોટા પાયા ઉપર ઔદ્યોગીકરણ અને કેન્દ્રિત આયોજન તેમની આર્થિક નીતિના અંગ હતા. નહેરુનો સમાજવાદ એટલે રાજ્યસત્તાથી સ્થાપેલ સમાજવાદ. પરિણામે રાજ્યની, જીવનમાં વધુમાં વધુ દખલગીરી અનિવાર્ય બને. ગાંધીજી તે ઈચ્છતા હતા સમાજવાદ એટલે સ્વેચ્છાએ સ્વીકારેલ અપરિગ્રહ અથવા ટ્રસ્ટીશીપ.

વિચારોમાં આટલું બધું અંતર હોવા છતાં અને ગાંધજી પુરેપુરું તે જાણતા હોવા છતાં, ગાંધીજીએ નેહરુને પોતાના રાજકીય વારસદાર કેમ કહ્યા? બધા આગેવાનોમાં સૌથી વધારે પ્રેમ ગાંધીજીએ કોઈના ઉપર ઠાલવ્યો હોય તો તે નહેરુ ઉપર હતો. નહેરુ પોતાના ગુણ અને શકિતથી આગેવાન થવા યોગ્ય હતા. પણ ગાંધીજીએ તેમને સર્વોપરિ બનાવ્યા. ગાંધીજી સાથેના પોતાના મતભેદો નહેરુએ કોઈ દિવસ છુપાવ્યા નથી, બલ્કે છાપરે ચડીને પોકાર્યા છે. નહેરુ ઉપરનો ગાંધીનો પ્રેમ ઈતિહાસની સમસ્યા છે.

એટલે નહેરુના હાથમાં સત્તા આવી ત્યારે નહેરુ પોતાના માર્ગે જાય તેમાં આશ્ચર્ય નથી. ગાંધીનો માર્ગ નહેરુ સ્વીકારી શકે તેમ ન હતું. વર્તમાન યુગમાં, વિજ્ઞાનના જે સાધનો મળ્યા છે અને સંદેશા અને વાહનવ્યવહારે દુનિયાને સાંકડી બનાવી છે તે સંજોગોમાં, ગાંધીમાર્ગ શકય છે કે નહિ તે જુદી વાત છે. ગાંધીમાર્ગની વાત કરવાવાળામાં પણ ગાંધીની જીવનદષ્ટિ ન હોય તો તેમાંના કોઈ ગાંધીમાર્ગે જઈ શકે તેમ નથી.

નહેરુના હાથમાં સત્તા આવી ત્યારે કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિ હતી. દેશના ભાગલા પડયા હતા. હિન્દુ-મુસ્લિમ પ્રશ્ન નાજુક અને વિકટ હતો. હિન્દુ-મુસ્લિમ એકતા બાબતમાં બીજા બધા આગેવાનો કરતાં નહેરુ, સૌથી વધારે ગાંધીજીની નજીક હતા. બીન-સાંપ્રદાયિકતા– સેકયુલેરીઝમ – નહેરુના લોહીમાં હતું. નહેરુ વિશે મશ્કરી થતી કે He was the only true nationalist Muslim. નહેરુ એક જ સાચા રાષ્ટ્રવાદી મુસલમાન હતા. આનું બીજું કારણ એ હતું કે નેહરુ ધાર્મિક પુરુષ ન હતા. ઝીણા, નેહરુનો જેટલો વિશ્વાસ કરી શકે તેટલો ગાંધીનો વિશ્વાસ કરી ન શક્યા. ગાંધી સનાતની હિન્દુ છે એ વાત ઝીણા કોઈ દિવસ ભૂલી ન શકયા. ગાંધી જુદા પ્રકારના સનાતની હિન્દુ હતા તે વાત ઝીણા માની ન શકયા.

પરિસ્થિતિની બીજી વિશિષ્ટતા એ હતી કે નહેરૂ દઢપણે લોકશાહીમાં માનવાવાળા હતા. He was a true democrat. નહેરુનો સમાજવાદ, લોકશાહી સમાજવાદ હતો, જબરજસ્તીથી અને હિંસાથી લાદેલ સામ્યવાદ નહીં. His was Fabian Socialism.

ત્રીજી વિશિષ્ટતા એ હતી કે કોંગ્રેસ બધા પક્ષોની અને વર્ગોની સંસ્થા હતી. Congress was a National institution, not a Political Party. આઝાદી મેળવવા સર્વ વર્ગોની પ્રતિનિધિ હતી. ગાંધીજીએ કોંગ્રેસને જે સ્વરૂપ આપ્યું હતું તેમાં વર્ગ કે કોમી હિતને કોઈ સ્થાન ન હતું. આવી કોંગ્રેસનું નેતૃત્વ નહેરુએ ૧૭ વર્ષ કર્યું.

આ પ્રકારની વિશિષ્ટ પરિસ્થિતિનું પરિણામ શું આવ્યું?

મુસલમાનો સદા કોંગ્રેસની સાથે રહ્યા.

કોંગ્રેસ અને નહેરુએ સમાજવાદની વાતો કરી, પ્રજાના ગરીબ, આદિવાસી, હરિજનો વગેરે બધા વર્ગોને ઘેનમાં રાખ્યા. આ બધા વર્ગોએ માની લીધું કે કૉંગ્રેસ તેમનું કલ્યાણ કરશે. પરિણામે બીજો કોઈ રાજકીય પક્ષ સબળ હરીફ થઈ ન શકયો.

સમાજવાદની વાતો કરવા છતાં, તે દિશામાં કોઈ અસરકારક પગલાં લેવાયા નહિ. જમીનદારી નાબુદીના કાયદા થયા. તેનો અમલ ન થયો. મોટા ખેડૂતો વધારે સમૃદ્ધ થયા. કારણ, તેમને વીજળી, પાણી, ખાતર, અને ખેતીના બીજા લાભો મળ્યા, જે નાના અથવા ગરીબ ખેડૂતને ન મળ્યા. ભૂમિવિતરણ ન થયું. એટલે ભૂમિહીનો એવા જ રહ્યા.

મોટા પાયા ઉપર ઔદ્યોગિકરણ થયું. પરિણામે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું, તે વધતું જ ગયું. સ્થાપિત હિતો જામ્યા, બળવાન થયા, કોંગ્રેસના ટેકેદાર રહ્યા. મજૂરો અસંગઠિત હતા. મજૂરોના લાભના કેટલાક કાયદાઓ થયા. તેનો થોડો ઘણો અમલ થયો. મજૂરોએ સંતોષ લીધો.

સૌથી અગત્યની બાબત એ હતી કે જે કાંઈ કરવું તે લોકશાહી ઢબે કરવું હતું, જબરજસ્તીથી નહિ. પરિણામે, ગરીબાઈ હઠાવવા સ્થાપિત હિતો ઉપર આક્રમણ થવું જોઈએ તેને બદલે તેમને રક્ષણ મળ્યું. Status Quo રહ્યો. અહીં તહીંના થોડા ફેરફારો કે સુધારા થયા. ભ્રમ પેદા થયો. લાયસન્સપદ્ધતિ, ક્વોટા, વગેરે સામે ફરિયાદ થતી રહી. હકીકતમાં તેનાથી જ વેપારી અને ઉદ્યોગોએ મોટા લાભો ઉઠાવ્યા. નેહરુ હંમેશાં સંઘર્ષ ટાળતા. સર્વસમ્મતિ – કન્સેન્સસ – થી થાય એટલું કરવું, ધમપછાડા અને ધમકીઓ ઘણી કરે, પણ પરિણામ નામનું જ. નેહરુના પ્રભાવમાં, તેમના વ્યકિતત્વમાં પ્રજા અંજાઈ ગઈ હતી. વિરોધી બળો દબાયેલા રહેતા. નેહરુ સફળતાનો દાવો કરી શકતા.

દાખલા તરીકે, ભાષાની બાબતમાં. શરૂઆતમાં હિન્દી પ્રચાર માટે ઠીક પ્રયત્ન થયો. વિરોધ થયો એટલે નેહરુ નમતું મૂકતા ગયા.

પ્રાદેશિક બળો –Regional interests – દબાયેલા રહ્યા. રાષ્ટ્રીય એકતા અને તેની ભાવનાનો દેખાવ રહ્યો. વાતો થઈ. ધીમે ધીમે, પ્રાદેશિક બળોએ માથું ઊંચક્યું, શીવસેના, એડી. એમ. કે. અકાલી, હરજિનો, આદિવાસીઓ, બધા જાગ્યા, દલિત પેન્થરો થયા. ચૂંટણીએ કોમવાદની ભૂતાવળને લાખોગણી વધારી દીધી. દરેક કોમ સત્તા મેળવવાના સ્વપ્નો સેવતી થઈ ગઈ. ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી, મતદાન વગેરે કોમી ધોરણે વધતા રહ્યા.

આખો પૂર્વાચળ પ્રદેશ સળગી ઉઠયો છે. નાગાલેન્ડ, અરૂણાચલ, મીઝોરામ, મેઘાલય, મણીપુર, ત્રિપુરા, આસામ, બધા સ્થળે, "વિદેશીઓ" સામે બળવો થયો છે. વિદેશીઓ એટલે તે પ્રદેશના મૂળ વતની નહિ એવા. આસામમાં, બંગાળી વિદેશી, બીજા પ્રદેશોમાં, અન્ય ભારતીઓ વિદેશી.

મજૂરો હવે સંગઠિત થયા છે. હિંસક માર્ગે પણ પોતાનું ધાર્યું કરે છે. ઉદ્યોગવાળા મજૂરોની અશાન્તિની ફરિયાદ કરે, પણ કોઈ ફાવે તેમ નથી.

પોલીસ અને અન્ય સંરક્ષક દળોમાં અશાન્તિ અને અશિસ્ત જાગી છે.

પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, વિભાગમાં સામ્યવાદીઓનું જોર વધ્યું છે.

રાજકીય પક્ષો છિન્નભિન્ન છે. સબળ અને પ્રભાવશાળી નેતૃત્વને અભાવે, કેન્દ્ર–શાસન નિર્બળ બનતું જાય છે.

ત્રીસ વર્ષનો આ ઇતિહાસ છે. જે બળો, વર્ગો, કોમો, જાતિઓ, મજૂરો, આદિવાસીઓ, હરિજનો, મુસલમાનો, પ્રાદેશિક હિતો, ભાષાના વિઘાતક તત્ત્વો, બધા દબાયેલા હતા તેમણે માથું ઉચક્યું છે. તેમને કાબૂમાં રાખી શકે અથવા લઈ શકે એવો કોઈ પક્ષ કે વ્યકિત નથી. ઈન્દિરા ગાંધી આ બધા બળોને પોતાના સ્વાર્થે ઉશ્કેરે છે. એક રીતે એમ પણ કહેવાય કે લોકશાહી પ્રક્રિયાનું આ પરિણામ છે. Democratic Process has failed to control divisive forces and has given them a free hand. No one has the capacity to take and force hard decision to control them. The conflicts which were suppressed have now come to the surface.

નહેરુએ જે કર્યું અને જે રીતે કર્યું, તે, તે સમયની પરિસ્થિતિમાં અનિવાર્ય હતું. નહેરુને દોષ દેવો યોગ્ય નથી. પણ હવે અમે નહેરુને માર્ગે જયું અથવા જઈએ છીએ તેમ કહેવું, મિથ્યા છે. You cannot swear by Nehruism any longer.

સમગ્ર પરિસ્થિતિ પાયામાંથી પુન: વિચારણા માગે છે. જે વંટોળ ઊભો થયો છે તેમાં સ્વસ્થ ચિત્તે વિચારવાનો અવકાશ દેખાતો નથી.

તેમ કરવા માટે બધા વર્ગો પાસેથી ત્યાગ, નિ:સ્વાર્થ ભાવના, રાષ્ટ્રપ્રેમ, વગેરેની જે જરૂરિયાત છે તેનો અભાવ છે તે માટે આપણે બધા દોષિત છીએ.

૧૩-૧૧-'૭૯ **ચીમનલાલ ચકુભાઈ**

# ભયજનક ચિહ્નો

સંજય ગાંધી સામે અદાલતોમાં કેટલાય કેસો ચાલે છે. વધારે થવા સંભવ છે. તે જ પ્રમાણે ઈન્દિરા ગાંધીનું છે. મા - દીકરો હવે મરણિયા થયા હોય તેમ લાગે છે. અદાલતોમાં તોફાનો કરવા, કરાવવા, જજોને ધમકીઓ આપવી, અદાલતના ઓફીસરોને ઘેરવા, કેસના રેકોર્ડ નાશ કરવા, વગેરે માર્ગો લેવા શરૂ કર્યા છે. સંજય ગાંધી અથવા ઈન્દિરા ગાંધી કોઈ પણ વખતે અદાલતોમાં હાજર રહે ત્યારે તેમના ટેકેદારો – કેટલાક ભાડુતી હશે – ટોળે વળી સાથે આવે, કોર્ટમાં ઘુસી જાય, ધાંધલ મચાવે, સૂત્રો પોકારે, એવી અનેક રીતે કોર્ટોના કામમાં ખલેલ કરે. કોર્ટોનો તિરસ્કાર કરવો મા - દીકરા માટે સ્વાભાવિક થઈ પડયું છે. ઈન્દિરા ગાંધીએ હવે શાહ પંચની ઠેકડી કરવી શરૂ કરી છે. છેલ્લે, સુપ્રીમ કોર્ટની આમન્યા પણ લોપી. ચીફ જસ્ટીસને ધમકીઓ આપવી શરૂ કરી. સુપ્રીમ કોર્ટમાં રેકોર્ડ કેટલોક નાશ કર્યો. સંજય ગાંધીના કહેવાતા વકીલો પણ આવા ભયનું વાતાવરણ પેદા કરવામાં જોડાયા છે. ચીફ જસ્ટીસે અદાલતમાં જાહેર રીતે કહેવું પડયું કે એક વકીલ – શર્મા, આવીને તેમના સેક્રેટરીને ચેતવણી આપી ગયો કે ચીફ જસ્ટીસે કોર્ટમાં ન જવું. ચીફ જસ્ટીસ ચંદ્રચુડે કહ્યું, પોતે કાયર નથી, મૃત્યુથી ડરતા નથી, કુદરતી મૃત્યુ આવે તે પહેલાં ભયથી ભાવમરણ સ્વીકારવાના નથી.

આ બાબત ઘણી ગંભીર છે તેની ઉપેક્ષા થાય તેમ નથી. કીસ્સા ખુરશી કેસમાં સંજય ગાંધીને બે વર્ષની સજા થઈ છે. એ સજામાં વધારો કરવા સરકારે અપીલ કરી છે. તે સજા સામે સંજય ગાંધીએ અપીલ કરી છે. આ બન્ને અપીલોની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં આવી રહી છે. આ સુનાવણી જેમ નજીક આવતી જાય છે તેમ સંજય ગાંધી વધારે વિફરતા જાય છે. ચૂંટણી પહેલાં એ સુનાવણી ન થાય તે માટે મરણિયા પ્રયત્ન કરી રહ્યા છે. ભાતભાતના વાંધાઓ ઊભા કરી, અરજીઓ કરે છે. આ અરજીઓ તદન બિનપાયાદાર હોય તો પણ સાંભળવી તો પડે જ અને તેમાં સમય જાય. તે જ હેતુ છે. ચૂંટણી પહેલાં સંજય ગાંધીને જેલ જવું પડે તો ચૂંટણી ઉપર અસર થાય એમ ઈન્દિરા ગાંધી માનતા લાગે છે.

આ એક વ્યકિતનો પ્રશ્ન નથી. આ દેશમાં અદાલતોનું કામકાજ કાયદા પ્રમાણે થશે અથવા થવા દેશે કે નહિ તે પ્રશ્ન છે. આ બધી ફાસીસ્ટ રીતરસમો છે. હીટલરનો ઉદય આવા છમકલાથી થયો હતો. ભય અને ત્રાસનું વાતાવરણ ઉત્પન્ન કરી, લોકોને ડરાવવા અને પોતે જ તેમનું રક્ષણ કરી શકે તેમ છે એવી માન્યતા ઊભી કરવી એ આવા પ્રયત્નોનો હેતુ હોય છે. સંજય ગાંધી પોતે કોર્ટમાં હાજર રહે છે અને તોછડાઈથી વર્તે છે. તેમના ભાડુતી ટેકેદારો સદા હાજર હોય છે. તેમાં સાથ પૂરવા કેટલાક વકીલો મળી રહ્યા છે. ભાવિના આ બધા એંધાણ છે. આજે કોર્ટો ઉપર આક્રમણ શરૂ કર્યું છે. કાલે, જરૂર પડશે તો ધારાસભાઓ અને પાર્લામેન્ટ ઉપર આક્રમણ કરશે. હિટલરે - રેશ સ્ટેગ – જર્મન પાર્લામેંટના મકાનને આગ લગાડી હતી. આવી ગુંડાગીરીનો સામનો કરવા સામાન્ય જનતાનું સામર્થ્ય હોતું નથી. સરકાર નિર્બળ હોય ત્યારે જનતાને મૂંગે મોઢે સહન કરવું પડે છે. આવી સ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન કરવા ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધી કટિબદ્ધ થયા હોય તેમ જણાય છે.

**ચીમનલાલ ચકુભાઈ**

૧૪-૧૧-૭૯.

# મજનૂ અને મનસૂર

ઉર્દૂ ભાષાના શ્રેષ્ઠ આધુનિક કવિઓની યાદી બનાવાય તો જેનું નામ અગ્રસર હોય એવા ફૈઝ અહમદ ફૈઝની કવિતા વિશે ઉર્દૂના એક વિવેચકે સુંદર નિરીક્ષણ કર્યું હતું. આ વિવેચક મુમતાઝ હુસેને કહ્યું હતું : "ફૈઝની શાયરીમાં એક પરંપરા કૈસ (મજનૂ) ની છે તો બીજી મનસૂરની.

આ એક વાકયમાં વિવેચકે તેઓ જેની વાત કરતા હતા એ ઉર્દૂ કવિની લાક્ષણિકતાનો પરિચય આપ્યો જ. પણ સાથે સાથે મહાન કવિના લક્ષણનો પણ અંદાજ આપ્યો.

મજનૂ અને મનસૂરની કથા આમ તો જાણીતી છે. મજનૂ પ્રેમનું પ્રતીક છે : લયલા માટે મરી ફિટનારો અને શાણપણની જ દુનિયાને દેશવટો આપનારો આ પ્રેમી પ્રાચીન પ્રણયકથાનું પાત્ર નથી; પ્રત્યેક વ્યકિતની અંદર ઘર કરી ગયેલ એક તત્ત્વ પણ છે. ઉર્દૂના પ્રસિદ્ધ કવિ ગાલિબે આ વિશે બે સુન્દર કાવ્ય પંકિતમાં હૃદયસ્પર્શી વાત કહી છે :

**હમને મજનૂંપે લડકપનમેં અસદ**
**સંગ ઉઠાયા થા કિસર યાદ આયા.**

વાચ્યાર્થ તો એટલો જ છે કે હે અસદ (ગાલિબનું નામ મમદુલ્લાહમાં હતું અને તેમની પ્રારંભની કૃતિઓ 'અસદ' ઉપનામથી લખાઈ હતી), અમે પણ બચપણમાં મજનૂ પર પથ્થર ઉગામ્યો હતો પણ અમને મસ્તક યાદ આવ્યું.

ધ્વન્યાર્થમાં જવા માટે મજનૂની કથા થોડીક યાદ કરવાની જરૂર છે. મજનૂ પાગલ થઈ શેરીઓમાં ફરતો ત્યારે નાદાન બાળકો તેની પાછળ ટોળે વળતા અને તેને પથ્થરો મારતા. આ સંદર્ભમાં 'લડકપન' (બચપણ) શબ્દ મહત્ત્વનો છે. પ્રત્યેક માણસમાં આ બાળકનું તમાશા માટેના વિસ્મયનું તત્ત્વ હોય છે અને તેમાં એ ઔચિત્ય પણ ભૂલી જતો હોય છે. બીજાની કૂથલી કરવા બેસે ત્યારે પોતે એ જ વાત માટે કસૂરવાર હોય એવું ભાન માણસને ભાગ્યે જ રહે છે.

કવિ ઈતિહાસને, અથવા તો કિંવદંતીના પ્રાચીન સમયને વર્તમાનમાં લઈ આવે છે. પાગલ અવસ્થામાં ભટકી રહેલા મજનૂ પર મેં પણ પથ્થર ઉગામ્યો હતો એમ કવિ કહે છે : પણ ત્યાં તો મને મસ્તક યાદ આવ્યું. મજનૂમાં જે પાગલપણું છે એ જ પાગલપણું મારા દિમાગમાં પણ છે એ વાત કવિને સમજાઈ.

મજનૂની પરંપરા એ આવા દુનિયાદારીથી બેપરવા એવા પ્રેમની પરંપરા છે. આવા પ્રેમની અભિવ્યકિત કામ કરી શકે ત્યારે એના દિમાગમાં પેલું ધૂનીપણું છે એમ કેમ ભૂલી શકે?

દૂનિયાદારીથી લાપરવા એવો પ્રેમ એ મજનૂની પરંપરા છે. આ પ્રેમને એક ડગલું આગળ લઈ જઈને લયલાને બદલે આ જગતના નિયંતા માટેના પ્રેમની જ વાત કરીએ તો એ મનસૂરની પરંપરા બની જાય છે.

પ્રસિદ્ધ ઈરાની વલી મનસૂરે એવી ઘોષણા કરી કે હું જ પરમાત્મા છું. 'અનલહક' એ વેળાના ઈસ્લામી કાઝીઓને લાગ્યું કે આ માણસ ધર્મનો દ્રોહ કરે છે એને શૂળીએ ચડાવાયો. પણ છેલ્લી ક્ષણ સુધી એ 'અનલહક' (એ હું જ છું - સોઙ્હમ) નો ધ્વનિ પુકારતો રહ્યો. ફાંસીના માચડાથી ડરી એણે પોતાની પ્રતીતિમાં કોઈ પરિવર્તન ન કર્યું.

ફૈઝે એની બે કાવ્યપંકિતઓમાં આ બે તબક્કાઓ કયાં એક થાય છે, એવી વાત સરળ રીતે કરી છે :

**મુકામ 'ફૈઝ' કોઈ રાહમેં જચા હિ નહીં,**
**જો કૂ-એ યારસે નીકલે તો સૂ-એ-દાર ચલે.**

ફૈઝ, માર્ગમાં બીજો કોઈ મુકામ અમને પસંદ જ ન પડયો. અમે પ્રિયતમાની ગલીમાંથી નીકળ્યા, તો સીધા ફાંસીના માચડા પર પહોંચ્યા. આ પંકિતનો મકરન્દ દવેએ સુંદર અનુવાદ કર્યો છે:

**કાં સાજણની શેરિયું,**
**કાં ફાંસીની ફૂલમાળ.**

કાં મજનૂનો માર્ગ, કાં મનસૂરનું ભાવિ. આ બેમાંથી જ કવિએ પસંદ કરવાનું હોય છે. કવિ આ પસંદ કરી શકે, તો કવિ તરીકે ટકે છે : ન પસંદ કરી શકે, છેલ્લી ક્ષણે ફાંસીના માચડા તરફથી પાછો ફરી ગમે તે ભોગે જીવન સાથે સમાધાન કરી લે તો એ કવિ મરી જાય છે.

મજનૂનો પ્રેમ અને મનસૂરની આધ્યાત્મિકતા. આ બે કવિતાની સામગ્રી છે. આ બંને જેની પાસે હોય છે, એ કવિ તરીકે સર્વોચ્ચ કોટીએ પહોંચે છે. એટલે જ ટી. એસ. એલિયટની આધ્યાત્મિકતામાં પ્રેમનો સ્પર્શ છે અને ઈ. ઈ. કમિંગ્ઝના પ્રેમમાં આધ્યાત્મિકતાનો સ્પર્શ છે. કબીર પણ 'યહ તો ઘર હૈ પ્રેમકા ખાલાકા ઘર નાંહીં' ની વાત કરે છે, ત્યારે આ જ પ્રેમ અને આધ્યમિકતાનો સમન્વય કરે છે. આધુનિક સાહિત્યમાં 'ઉત્તેજક' (ઈરોટિક) સાહિત્યનો સર્વોત્તમ સર્જક હેનરી મિલર આધ્યાત્મિક સાહિત્યનો પણ સર્વોત્તમ સર્જક છે અને આપણા કવિ સુન્દરમ્ પણ 'હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે / આવે ભલે એ લયલા બનીને - એવા શબ્દો ઉચ્ચારી ઊઠે છે.

મજનૂની અને મનસૂરની પરંપરા એ ઉત્કૃષ્ટ કવિતા માટે આવશ્યક પરંપરા છે : કવિતા આ પરંપરાને નિભાવે તો એ આધુનિક હોય કે પુરાતન, પ્રયોગલક્ષી હોય કે પ્રણાલિકાગત — એ ટકી રહે છે. કારણ કે આ શાશ્વત પરંપરા છે.

જેનામાં આ બંને પરંપરા છે એવી વાત મુમતાઝ હુસૈને કહી છે એ ફૈઝની જ એક કવિતા સાથે આ વાત પૂરી કરીએ. ૧૯૫૨માં રાવળપિંડી મુકદ્દમામાં રાષ્ટ્રદ્રોહ માટે કારાવાસ પામેલા અને આજે ઝિયાના શાસનમાં દેશવટો ભોગવી રહેલા ફૈઝે તેમના ૧૯૫૨ના કારાવાસ દરમિયાન કરેલી આ રચના છે :

**સિતમ કી રસ્મેં બહુતથી લેકિન,**
**ન થી તેરી અંજુમન સે પહેલે —**
**સજા ખતા - એ - નજરસે પહેલે**
**ઈતાબ જુર્મે - સુખન સે પહેલે.**

કવિને ફરિયાદ સરમુખત્યારશાહી સામે કરવી છે : પણ એ પરંપરાગત પ્રમાણમાં રૂપકો વાપરે છે. આથી જ પાકિસ્તાનના રાવળપિંડી મુકદમાની વાત જ્યારે કોઈને યાદ નહીં હોય ત્યારે પણ આ કવિતા સમજવાનું મુશ્કેલ નહીં બને.

આ પ્રથમ બે પંકિતમાં કવિ કહે છે: સિતમની પદ્ધતિઓ ઘણી હતી : પણ તારી આ મહેફિલની અગાઉ અત્યારે છે એવી પદ્ધતિઓ તો કયારે ય નહોતી. આ મહેફિલમાં તો દ્રષ્ટિનો અપરાધ થાય એ પહેલા જ સજા કરવામાં આવે છે અને વાણીનો અપરાધ થાય એ પહેલા તો પ્રકોપ ઊતરી પડે છે.

કવિ આગળ કહે છે :

**જો ચલ સકે તો ચલો કે રાહે વફા**
**બહોત મુખ્તસર હુઈ હૈ,**
**મુકામ હૈ અબ કોઈ ન મંઝિલ.**
**ફરાઝે દારો - રસનસે પહેલે.**

હવે જો ચાલી શકો તો ચાલો. હવે પ્રેમનો, વફાદારીનો માર્ગ તદન ટૂંકો થઈ ગયો છે. ફાંસીના માંચડા અને દોરીના ગાળિયા સુધી પહોંચીએ એની આડે હવે નથી કોઈ બીજો મુકામ કે નથી કોઈ બીજી મંઝિલ. અહીંથી નીકળ્યા, તો સીધા ફાંસીના મંચ પર જ પહોંચાશે.

**નહીં રહી અબ જૂનૂંકી જંજીર**
**પર વો પહલી ઈજારાદારી,**
**ગિરિફત કરતે હૈં કરનેવાલે**
**બિરદ પે દીવાનાપનસે પહેલે.**

હવે પાગલપણાની જંજીર પર પહેલા હતી એવી ઈજારાદારી નથી રહી. હવે તો કરવાવાળા માણસ પાગલ બને એ પહેલાં જ તેની ધરપકડ કરી લે છે તેની બુદ્ધિની પૂછપરછ પતાવી દે છે.

છેલ્લે એ સરમુખત્યારીમાં બંદીવાન માનવીની વ્યથાને પરાકાષ્ઠાએ લઈ જાય છે:

**ઈશ્વર તકાજે હૈ મસ્લહત કે**
**ઉધર તકાજા - એ - દર્દે દિલ હૈ,**
**જઆં સંભાલે કિ દિલ સંભાલે**
**અસીર જિક્રે - વતન સે પહેલે.**

અહીં એક તરફ આત્મહિતની —પોતાને સલામત રાખવાની તાકીદ છે તો બીજી તરફ હૃદયમાં ઊઠતા દર્દની, સંવેદનની તાકીદ છે. બંદીવાન પોતાના નામની વાત ઉચ્ચારે ત્યારે જીભ સંભાળે કે હૃદય સંભાળે?

મજનૂ અને મનસૂરની પરંપરાને જે પામ્યો હોય એ જ કવિ આ બંને પરંપરાનું મિલન રાષ્ટ્રપ્રેમની કવિતામાં આ રીતે કરી શકે. એ કવિતા પાકિસ્તાનની સરમુખત્યારી માટે જેટલી સાચી છે, એટલી જ ભારતની કટોકટી માટે પણ સાચી છે તો એટલી જ દુનિયાના કોઈ પણ દેશના દમન માટે સાચી છે.: કેવળ દેશના જ નહીં માનવ - આત્માના, માણસના પ્રતીતિના અવાજના દમન માટે પણ આ કવિતા સાચી છે. આજે જ નહીં, ગઈ કાલે એ લખાઈ નહોતી ત્યારે પણ આ કવિતા સાચી હતી; આવતી કાલે સંજોગો ગમે તેટલા બદલાશે ત્યારે પણ આ કવિતાના સત્યને ફેરવી શકાશે નહીં.

**– હરીન્દ્ર દવે**

# જોઉં છું પસાર થતા વિચારોને

ઝડપથી બનાવો બનતા જાય છે. કશુંક બને છે કે કશુંક બનતાં રહી જાય છે, આ બધાની અસર મન પર પડયા વિના રહેતી નથી. ભય અને આશા એકમેકની સાથે સંતાકુકડી રમ્યા કરે છે. અનિષ્ઠ અને ઈષ્ટ એકમેકની સ્પર્ધામાં ઊતરવા તત્પર બની રહે છે. દરિયાના ખડકો જાણે કે કોઈકે મનમાં ગોઠવી દીધા હોય—એટલો બધો ભાર લાગે છે. આ ખડકમાંથી પણ ક્યારેક કુંપળ ફૂટે અને કુંપળની ટોચ ઉપર આકાશ નવા જન્મેલા શિશુના સ્મિતની જેમ ઝૂલ્યા કરે છે.

આંખ સામે દરિયો દેખાય છે. દરિયાનું તોફાન શમી ગયું છે. અત્યારે સરોવરની જેમ એ શાંત છે. કિનારા પરની ખાલી હોડીઓ જળમાં ઝૂલતા પોયણાની જેમ ઝૂલે છે. અને સવારના સૂરજની ઉષ્માને ઝીલે છે. દૂર નજર માંડું છું તો દરિયાનાં પાણી નાના નાના અસંખ્ય અરીસાઓ ગોઠવ્યા હોય એમ ઝગારા માર્યા કરે છે. વચ્ચે કેટલીયે હોડીઓ દેખાય છે. એમાં માણસો તો બેઠા હશે; પણ દેખાતા નથી. કિનારાથી હોડી દૂર નીકળી જાય છે, ત્યારે મધદરિયો કોની જેમ વર્તે છે? દુશ્મનની જેમ કે મિત્રની જેમ?

હોટેલમાં બારી પાસે બેઠો છું. મારી સામેની ખુરશી ખાલી છે. અકસ્માત કોઈ પરિચિત આવીને બેસે તો હું ના તો નહીં પાડું પણ અત્યારે હું વાતો કરવાના કે સાંભળવાના મુડમાં નથી.

હું જોઉં છું પસાર થતા માણસોને, પસાર થતા વિચારોને. દરિયાની પાળ પાસેની ફૂટપાથ નજીક ચારેક ગાડીઓ પડેલી છે. ફૂટપાથ પર કોઈક ને કોઈક જતું આવતું દેખાય છે.

ઓચિંતાની નજર ફૂટપાથ પર પડે છે. સામેની ગાડીમાં કોઈ પરદેશી યુવતી હાથમાં ફૂલો લઈને બેસે છે. એની સાથે એનો નાનકડો દીકરો છે. એક સ્ત્રીની આસપાસ ફૂલો અને બાળક બન્નેને જોઉં છું ત્યારે ઈશ્વરે પણ કેટલી વિવિધ જાતનાં પુષ્પો સર્જીને દુનિયાને એક વિશાળ બગીચા જેવી બનાવી છે એ વિચાર માત્રથી આનંદની એક લકીર ફરકી જાય છે.

ફૂલો લઈને આ સ્ત્રી કયાં જતી હશે? કોઈકના જન્મદિવસની ભેટ માટે આ ફૂલો લીધાં હશે? કે કોઈ બીમાર જનના ખંડમાં પહોંચાડવા માટે? ગમે તે કારણસર ફૂલો લીધાં હોય, અંતે તો પોતાના હૃદયની ભાષા વ્યકત કરવા માટે શબ્દો નહીં પણ ફૂલો મદદે આવી શકશે એવું એને લાગ્યું હોવું જોઈએ.

હોટેલના કોઈ ખૂણામાંથી સુંવાળું સંગીત વહ્યા કરે છે. કાનને બહેરા કરી મૂકે એટલું એ જુલમી નથી. હોટેલ વિશાળ છે એટલે માણસોની ઉપસ્થિતિ ઘોંઘાટિયા સંગીતની જેમ ઉઝરડા નથી પીતા.

સામેના સોફા પર બે જણ ક્યારના બેઠા છે. કદાચ નવો નવો પરિચય હશે. બન્નેના ચહેરા પર મુગ્ધતા આવી આવીને ઊભરાય છે. સંબંધનું કાવ્ય આપમેળે રચાતું હોય છે. કોઈ પણ બે માણસો મને પ્રાસ માટે ઝૂરતી પંકિત જેવા હંમેશા લાગ્યા છે-આવું કોઇકને લાગ્યું હોય તો મને ખબર નથી. બે માણસોનો સંબંધ જ એ બીજું કશું નથી પણ કવિતા જ છે. એ સંબંધ જ્યારે કસોટીએ ચડે છે ત્યારે એ પ્રાર્થના ઊંચી કવિતા છે. કારણ કે એ પ્રભુ માટે લખાયેલી હોય છે.

એક પરદેશી માણસ ફૂટપાથ પર ઊભો ઊભો ક્યારનો કેમેરાની ચાંપ દબાવી રહ્યો છે. મારી પાસે કેમેરાથી કામ લેવાની આવડત નથી; એટલે કેમેરાનું કામ શબ્દો પાસે કરાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું. છબી અને શબ્દ, છબી આખરે તો સ્મૃતિઓનો સંચય જ છે અને સ્મૃતિ એટલે ભૂતકાળ અને ભૂતકાળ એટલે આપણે.

થોડાક કલાકોમાં આ હોટલ માણસોથી ઊભરાઈ જશે. 'બીઝનેસ લંચ'નો ભારે મહિમા છે. ટેબલ ઉપર થતી વાતો પછી વાતો નથી રહેતી. વાયદાઓમાં રૂપાંતર પામે છે. છંદમાં ગોઠવાયેલા શબ્દોની જેમ માણસો મળશે. બધું જ ગોઠવાયેલું અવ્યવસ્થિત હશે પણ છંદ એટલે કવિતા-એવું કોણે કહ્યું?

તડકો આવે છે એટલે વેઈટર શટર્સ બંધ કરી જાય છે. પડદાને થોડોક વ્યવસ્થિત કરે છે. શટર્સથી તડકાના આક્રમણને ઓછું કરી શકાય છે. વિચારોના આક્રમણને ઓછું કરવા માટે આપણા ઋષિમુનિઓની વાણી શટર્સ કરતાં સહેજ પણ ઓછી કામિયાબ નથી.

વિચારો ભલે આવે. પણ એની પણ એક શિસ્ત હોય તો! ક્યારેક વિચારો સરઘસના ટોળાની જેમ સૂત્રો પોકારતા આવતા હોય છે. તો ક્યારેક સૈનિકની જેમ કૂચ કરતા હોય છે. ક્યારેક વિચારો હોસ્પિટલની નર્સની જેમ ખડે પગે ઊભા હોય છે તો ક્યારેક માત્ર સૂઝ ન પડતી હોય એમ દોડધામ જ કરતા હોય છે. વિચારોની આવનજાવન ગતિને અંકિત કરતી નારાયણ સૂર્વેની કવિતા યાદ આવે છે. વિચારોને પગ હોય છે, પાંખ હોય છે અને ક્યારેક તે અપંગ પણ થઈ જતા હોય છે. મન વિચારની રંગભૂમિ છે અને ગીતકારે તો ક્યારનું કહી દીધું છે કે મનુષ્યના બંધન-મોક્ષનું કારણ જ મન છે. વિચારોનો આધાર મન પર હોય છે. અને મનનો આધાર વિચારો પર હોય છે. વિચારશીલ અને આચારશીલ થવાને બદલે માણસ વિચારો કરી કરીને નિરાધાર કેમ થઈ જતો હશે?

થોડાક દિવસો પહેલાં કોઈકે મને કહ્યું હતું કે હવે એવી શોધ થવા માંડી છે કે કેમેરાની મદદથી જેમ આપણે ફોટાઓ ઝડપીએ છીએ એમ વિચારોના ફોટોગ્રાફ પણ ઝડપી શકાશે. માણસ જો પારદર્શક થાય તો કોઈ આવા યંત્રની મદદની પણ ક્યાં જરૂર છે? સાચા માણસોનો એક એક શબ્દ એના વિચારોનો ફોટોગ્રાફ જ થઈ શકે.

હોટેલમાં બેસી બેસીને માણસ કેટલું બેસશે? છેવટે તો એને પોતાને ઘરે પહોંચવું જ પડશે. પણ ઘરની પાર પણ એક ઘર હોય છે. એ ઘરે પહોંચવાની ઘણી વાર છે. હજી જીવન પથરાઈને પડયું છે.

**– સુરેશ દલાલ**

---

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
શ્રી મુંબઈ જૈન યુવક સંગ સંચાલિત

## વિદ્યાસત્ર

વિદ્યાસત્રને લગતો ચોથા વર્ષનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે. તેની વિગતપૂર્ણ જાહેરાત આવતા અંકમાં કરવામાં આવશે.

હાલ નીચે મુજબ નક્કી થયેલ છે.
વકતા : ડૉ. ભોગીલાલ સાંડેસરા
વિષય : હવે પછી નક્કી થશે.
સમય : સોમ, મંગળ, બુધ તા. ૭-૮-૯
જાન્યુઆરી ૧૯૮૦ : સાંજના ૬ વાગે.
સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરનું સભાગૃહ-ચર્ચગેટ
પ્રમુખ : ડો. રમણલાલ ચી. શાહ

ચીમનલાલ જે. શાહ ○ કે. પી, શાહ
મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

# નોબેલ પારિતોષિકવિજેતા ગ્રીક કવિ એલાઈટિસ

આ વર્ષનું સાહિત્યનું નૉબેલ પારિતોષિક મેળવનાર ૬૮ ની વયના ઓડિસિયસ એલાઈટિસનું નામ ભાગ્યે જ જાણીતું કહી શકાય. વિવેચકોએ ભલે એમને ગ્રીસના અગ્રણી કવિ ગણાવ્યા છે, પરંતુ તેમના પોતાના કહેવા મુજબ છેલ્લાં વીસ વર્ષ જેટલા સમયથી તેઓ સાહિત્યિક પારિતોષિકો અને માનચાંદથી દૂર રહ્યા છે. તેઓ કહે છે: "વર્ષો વીતી રહ્યાં છે તેમ તેમ પ્રસિદ્ધિના ઝળહળાટથી હું વધુ ને વધુ ગભરાઉં છું. દુકાનોની બારીના શો-કેસોમાં મારી ચોપડીઓ જોઉં છું ત્યારે ય મને વિચિત્ર લાગણી થાય છે.

"મારી મહેચ્છા એટલી જ છે કે યુવાનોને એકલતા સાલે ત્યારે તેમને મારાં પુસ્તકો હાથવગાં હોય. આવો પરોક્ષ અંગત સંપર્ક, એ કાયમી હોય તો મારે મન એનું સર્વોચ્ચ મહત્ત્વ છે. કવિતા એ સમય અને સદા-જર્જરતા સામેનું યુદ્ધ છે એમ હું માનું છું. મારા આવાસમાં એકલવાયો આ યુદ્ધ હું લડી રહ્યો છું એ જ મારો સંતોષ છે, ભલે જીતું યા ન જીતું. ગુણવત્તા કરતાં જથ્થાને મહત્ત્વ આપતા આ ભૌતિકવાદી જમાનામાં કવિતાને જ હું એવી વસ્તુ ગણું છું જે માનવીની આધ્યાત્મિક નીતિ-મત્તાનું જતન કરી શકે."

ગ્રીસની પ્રકૃતિનાં વિભિન્ન રૂપોનું આ કવિએ મન ભરીને ગાન કર્યું છે. ટાપુઓ, સાગર, આકાશ, પર્વતો, પુષ્પો અને સૌથી વધુ તો તડકાને એલાઈટિસે કાવ્યોમાં ઝીલ્યો છે. પોતાની કવી તાના કેન્દ્રમાં સૂર્યને સ્થાપનાર એ પહેલા ગ્રીક કવિ છે. એટલે તો એમનું હુલામણું-નામ ઈલિયોપોટિસ એલાઈટિસ – સૂર્યને પી ગયેલા એલાઈટિસ એવું પડયું છે.

પરંતુ એલાઈટિસની કવિતામાં પ્રકૃતિગાનથી ઘણું વિશેષ છે. એમના અન્ય સંદેશ માટે પ્રાકૃતિક પ્રક્રિયાઓને એમણે વાહન બનાવી છે. હોમરથી માંડીને આજ સુધીના દેશના ઈતિહાસ અને સાહિત્યમાં જે ખરેખર અને તળપદું ગ્રીક છે તેના સત્ત્વને નીતારી આપવાનો એલાઈટિસનો ઉપક્રમ રહ્યો છે.

તેમણે ફ્રેન્ચ કવિઓના અનુવાદ કર્યા છે અને તેમની પોતાની કવિતાના સ્પેનીશ, રોમાનિયન અને સ્વીડીશ તરજુમા થયા છે. અનુવાદ સંબંધમાં તેઓ કહે છે: "કાવ્ય જેમ ઉત્કૃષ્ટ તેમ તરજુમા માટે અઘરું. સામાન્ય કવિતાનો વિદેશી ભાષામાં તરજુમો કરવાનું ઘણું સરળ છે. વળી તરજુમાનું કાવ્ય મૂળ ખરાબ કાવ્ય કરતાં વધુ સારું હોય એવું ય બને. એક સફળ 'અનુવાદક' પોતે ય સારો કવિ હોવો જોઈએ, જેનો તરજુમો કરતો હોય તે કવિતાનો ચાહક હોવો જોઈએ અને એ જે ભાષામાં લખાઈ હોય તેનું ઊંડું જ્ઞાન તેને હોવું જોઈએ. આ બધું છતાં ય તેને સફળતા મળવી એ તો કેવળ નસીબને આધીન છે.

"હોલ્ડરીન અને ગ્રીક કવિ સોલોમોસને હું પ્રથમ હરોળમાં મૂકું. સોલોમોસની મુશ્કેલી એ છે કે એને તરજુમામાં ઢાળી શકાતો નથી. અંગ્રેજ કવિઓમાં સ્વપ્નદ્રષ્ટા કવિ તરીકે વિલિયમ બ્લેકનો તથા ડિલન થોમસ, એલિયટ અને શેલીનો હું પ્રશંસક છું. ફ્રેન્ચ કવિઓ પૈકી રિમબો અને માલાર્મે પ્રત્યે ઊંડો આદર ધરાવું છું."

એલાઈટસની સૌથી ખ્યાત અને સૌથી વધુ પ્રશંસા પામેલી કૃતિ છે – એક્સીઓન એસ્ટી. – Axion Esti – જેનો અર્થ કંઈક આવો થાય છે – Worthwhile – એક સાર્થક ઉપક્રમ.

ગ્રીસમાં એલાઈટિસના વાચકોનું વર્તુળ મર્યાદિત છે, પરંતુ 'એક્સીઓન એસ્ટી' તો કવિતા નહિ વાચતા લોકોમાં પણ જાણીતી છે. તેનું કારણ એ છે કે એ કાવ્યકૃતિને વિખ્યાત સંગીતકાર મિકિસ થિયેડોરાકિસે સંગીતમાં ઢાળી આપી છે. વિવેચકો 'એક્સીઓન એસ્ટી'ને ગ્રીક કવિતાની એક સર્વોચ્ચ ઉપલબ્ધિ લેખે છે. થિયો-ડોરાકિસે એની સંગીત લિપિની પ્રસ્તાવનામાં એને લોકોના Mass–સ્તવન રૂપે અને ગ્રીક પ્રજાના એક પ્રકારના બાઈબલરૂપે ગણાવી છે.

એલાઈટિસ કોઈ રાજકીય પક્ષમાં ભળ્યા નથી. તેમનાં વલણો જમણેરી કરતાં ડાબેરી વધુ છે, પણ પક્ષીય રાજકારણથી તેઓ અલિપ્ત રહ્યા છે. તેઓ કહે છે: "કવિ એ ક્રાંતિકારી છે પણ એ જે ક્રાંતિ સર્જે છે તે સમકાલીન રાજકીય પક્ષો અને જૂથોને અતિક્રમી જવી જોઈએ. કવિ તો મુકત અને કોઈ પણ વળ-ગણોથી રહિત હોવો જોઈએ."

ગ્રીસ પરના વિદેશી આધિપત્યના – તેના સાંસ્થાનિક ગાળામાં એલાઈટિસ મૂક રહ્યા હતા. "આરંભમાં, અન્ય બૌદ્ધિકો સાથે કશું જ પ્રગટ નહિ કરવાનું મેં ઠરાવ્યું હતું. હું ફ્રાન્સ ગયો. પણ થિયોડોરાકિસ ત્યાં આવ્યો અને મારું સ્થાન ગ્રીસમાં લોકોની વચ્ચે છે એવી મને પ્રતીતિ કરાવી. પાછા ફર્યા પછી ય મેં મૌન જાળવ્યું."

એલાઈટિસનો જન્મ ક્રીટમાં થયો હતો. છ ભાઈ-બહે-નોમાં તેઓ સૌથી નાના હતા. તેમનું કુટુમ્બ મૂળ લેસ્બોસ ટાપુથી આવ્યું હતું. તેમની ત્રણ વર્ષની વયે તેમના પિતા અને કાકાએ સાબુનું કારખાનું સ્થાપતાં તેઓ એથેન્સમાં સ્થિર થયા. એલેપો-ડેલિસ એ કૌટુમ્બિક નામ એ પછી કારખાના સાથે સદા વળગેલું રહેતાં, ઓડિસિયસે પોતાનું નામ બદલીને એલાઈટિસ રાખ્યું.

એથેન્સની મધ્યમાં એક નાના બે રૂમના ફ્લેટમાં આ કવિ વસે છે. દિવસે ઉંઘે છે અને રાત્રે કામ કરે છે. જેનું હુલામણું નામ 'તડકો પીનાર' છે, તે કવિ પોતાનું સર્જન રાત્રિના અંધારામાં કરે છે એ જરા વિચિત્ર લાગે એવી વાત છે. તડકાથી લદબદ એજીઅન સમુદ્ર પરના પોતાના ગ્રીષ્મ પ્રવાસો દરમિયાન તેમના મન પર અંકાઈ ગયેલાં ચિત્રોને તેઓ શબ્દોમાં ઊતારીને એ સફરોને ફરી માણે છે.

**હિંમતલાલ મહેતા**

યીવા વિઘે કવિ સાથેની મુલાકાતનો
'ગાર્ડિયન'માં આપેલો વૃત્તાંત.

## આગામી ચૂંટણી અંગે પરિસંવાદ

☆

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે રવિવાર તા. ૧૬-૧૨-૭૯ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે ચોપાટી ઉપર આવેલા બીરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં "આગામી ચૂંટણી" અંગે એક પરિસંવાદનું નીચે પ્રમાણે આયોજન કરવામાં આવ્યું છે.**

**વકતાઓ:– ડૉ. આલુ દસ્તુર**
**શ્રી હરીન્દ્ર દવે.**

**આ પરિસંવાદનું પ્રમુખસ્થાન શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ શોભાવશે.**

**રસ ધરાવતા સૌ મિત્રોનો સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.**

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ.**
**મંત્રીઓ**

# ☆ આપણે આપણું ભૂલવા માંડયા છીએ ☆

થોડા સમય પૂર્વે હું મારા વતન ગિર પ્રદેશ (સૌરાષ્ટ્ર)માં ગયો હતો. ત્યારે હું મારા એક મિત્રના દાદા જે ૯૨ વર્ષની વયે ગુજરી ગયા હતા એટલે ખરખરે ગયો. વાતવાતમાં મેં એને પૂછ્યું, દાદાએ ૯૨ વર્ષની વયે, પરલોક જતાં કાંઈ ઈચ્છા વ્યક્ત કરેલ ખરી ?

અને મારા મિત્રએ, ૯૨ વર્ષના એના દાદા મરતા પૂર્વના એક દિવસ આગળ ખૂબ આંસુ સારતા જે ફરિયાદ કરી હતી એની વાત કહેવી છે.

એમણે કહ્યું હતું: છેલ્લા વીસ વરસ થયાં હું ભળકડે ઉઠું છું ને નદીએ ન્હાવા જાઉં છું ત્યારે, એક ઘર પણ અત્યારે એવું નથી કે ત્યાં ઘરની વહુ ઘંટી ફેરવતાં પ્રભિાતયું ગાતી હોય! નદીએ પરથમ પાંચ-દસ માણસો ન્હાવા આવતા ને ભેળા પક્ષીઓ ને પ્રાણીઓ પણ હોય! માણસોમાં હવે હું એક્લો જ રહ્યો છું! પશુપક્ષીઓ એ આ નિયમ તોડયો નથી! ચોરે સવાર-સાંજ આરતી થતી ને જાલર વગડતી, એને ભરોસે મનખો જાગતો. આજે હું જાગી જાવ છું, પણ ભગવાન સૂતેલો છે! શું થાય? ભગવાનને જગાડનારા જ ઘોરતા હોય પછી! ૧૫-૨૦ વર્ષ થયાં, મન કોચવાય છે! જીવવા જેવો જમાનો નથી દેખાતો! આ ગામડામાં બાપ, શિવરાત્રી સિવાય ભાંગ નહોતી પીવાતી - હવે ગામનો મનખો રોજ પરદેશી ભાંગ પીવા માંડયો છે! સાતમ-આઠમ ને ભીમ અગિયારસે જુગાર રમાતો. હવે આ ગામડામાં રોજ સાતમ-આઠમ ઉજવવા માંડી છે! ઘેર ઘેર રેંટિયા કંતાવાના અવાજ આથમી ગયા ને રેંટિયાની જગ્યાએ રેડિયા આવી ગયા! છેલ્લા વીસ વરસ થયા મારું મન કોચવાય છે! જાવ છું ત્યારે જ મારું હૈયું વલોવાઇ જાય છે! હું કોને કહું આ સંધુય! અમારા વખતમાં તો રાજા હતો, રાવ ખવાતી! હવે તો ઘેર ઘેર 'રાજા' છે— આટલા સારુ જ આપણે મુક્તિ મેળવી હતી ને? અટાણે તો માણસ, ધણી વગરના ઢોર જેવો થઈ ગયો છે! આ સંધુ ય ખમાતું નથી પ્રભુ પ્રભુ!"

—આ વાત સાંભળીને મારા હૃદયનું સંવેદન જાગી ગયું!

વાતે ય સાચી છે: આપણે આપણાપણું કહી શકાય એવું ભૂલવા માંડયા છીએ. ગામડું હોય કે શહેર, ભળકડે ઘરમાં ઘંટી ફરતી ને પરભાતિયું ગવાતું એ આપણા દેશની સંસ્કૃતિની વિવિધતાનો એક ભાગ રહ્યો હતો!

જે ઘરમાં પરભાતિયું ગવાતું હોય એ ઘરમાં સવારથી જ એક પવિત્રતાનો અંશ રોપાઈ જતો. હવે તો પરભાતિયાને બદલે રેડિયાનો ધમધમાટ સંભાળાય!

ભારત ભૂમિની સંસ્કૃતિ શ્રેષ્ઠ ને પવિત્રતાયુક્ત સંસ્કૃતિ છે! એ ભૂલાઈ જશે તો આપણે આપણું સર્વસ્વ ભૂલી ગયા છીએ એમ જ માની લેવું રહ્યું ને?

ભારતની સંસ્કૃતિમાં વિવિધતા છે. આ સંસ્કૃતિમાં માનવ જીવનની સાર્થકતા છે! માનવ લાગણી, પ્રેમ અને આદર્શનો અભિનવ ત્રિવેણીસંગમ છે!

'પહેલે પહોરે પરભાતિયું ને બીજે પહોરે આરતી!' આસ્તિક હોવું કે પ્રભુભજન કરવું, અને સવાર સવારમાં એ માનવજીવનની સાર્થકતાનો એક ભાગ છે!

'મને ભળકડે ભગવાન સાંભરે રે!' આવું પરભાતિયું મારા ગામડાંમાં મારી જનેતાને ઘંટી ફેરવતા ગાતા સાંભળી છે-આવું પરભાતિયું સાંભળતા સાંભળતા ઊઠીએ તો, એ જીવવાની કોઈ અનેરી સાર્થકતા હોય એવું લાગે!

સાચા ને સાત્ત્વિક જીવનની સાર્થકતા ય, અંતરમાં કોઈ અનેરા સંવેદનો જગાડે છે! એ સાર્થકતા જ જીવનનું સાચું સ્વરૂપ છે ને?

માનવ જીવનમાં બધું બદલાતું જાય છે, તેમ પ્રેમ ને લાગણી પણ બદલાઈ ગયા છે! માનવ-માનવ પ્રત્યેની સાચી લાગણી અને પ્રેમમાં જે મનનું પ્રદૂષણ વ્યાપી ગયું છે એ જીવનનું અનર્થ જ છે! જીવનની સાત્ત્વિકતાને એ છીનવી લ્યે છે!

કાઠિયાવાડમાં મહેમાનગતિની ભાવનાનો જે ગુણ હતો એનું ય માતમ હતું-આખા ગુજરાતમાં એનું માતમ મોટું હતું. હૃદયની એ પહોળાઈ, સમયે સંકોચાવી દીધી છે!

પહેલાં તો ગામડાંને પાદર જો કોઈ થાકેલો પાકેલો પથિક નીકળે ને ગામનો કોઈ માણસ જોઈ જાય તો એને હાથ પકડી ઘેર લઈ જાય ને ગોળનું પાણી પાય! જમવાનોય આગ્રહ કરે- આ માતમ પણ ઓછું થઈ ગયું છે. "અજાણ્યાનો ભરોસો તે થાય! આ જમાનો કોઈ અજાણ્યાને ઘરનો ઊબરો દેખાડવા જેવો નથી!" જે ઘરનો ઊબરો ન દેખાડે એ અંતરનું આંગણું તો કયાંથી દેખાડે!

મહેમાન અને યજમાન બંનેમાં માણસાઈની ઓટ આવી ગઈ છે-સમયને દોષ દીધે શું વળે? આ દોષ તો માણસના મનનો છે!

ગામમાં દરબારનો ગઢ હોય ને ગઢની બહાર ઓટલો હોય. ત્યાં દરબાર ગાદી-તકિયે બેઠા હોય! ગામમાં કોઈને ઘેર પરોણા આવે તો તરત ટપારો થાય: "કોને ઘેર પધાર્યા છો?" તો મહેમાન કહે, "ફલાણા ભાઈને ઘેર" તરત દરબાર કયે, "ભલું થાય તમારું! એમને એમ હાલ્યા જવાય! આવો આવો! ચા-પાણી લઈને જવાય! 'ફલાણા' ભાઈના તમે પરોણા, બાપ અમારા ગામમાં પધારી ગામને ઉજળું કર્યું-આવો આવો."

—ને ગામના એક માણસનો પરોણો, ગામ આખાનો મહેમાન! મહેમાન ધરાઈ જાય ત્યાં લગણ એની મહેમાનગતિ થાય!

મહેમાન ગામ આખાની લાગણી ચાખે તોય લાગણીનો ઉબકો ન આવે! મહેમાનગતિ માણતા માણતાં અંતરમાં એક એવો રાજીપો અનુભવે જાણે જિંદગીની એક એક પળ પ્રેમને ત્રાજવે તોળાતાં હોય એવું લાગે! પણ આ સંધુય ભૂતકાળ બની ગયો ને?

પણ આજનો માનવી લાગણીઓથી સંકોચાતો જાય છે-હૈયાનું હેત છૂટું મૂકીને જીવી જાણતો નથી, એવો સમય તો માણસે જ ઊભો કરી દીધો છે-આ સંવેદન અંતરને કોરી ખાય તેવું છે!

આજે તો માણસે માણસાઈ મૂકી દીધી હોય એવું બને છે! કોઈક ઠેકાણે તો એવું બને છે, કે એમાં માણસ તો શું 'ભગવાનેય ભોંઠો પડે!'

તાજેતરમાં જ એવું બન્યું છે-એક હિંદી દૈનિકમાં વાંચ્યું હતું કે, મા વિનાની બાર-બાર વરસની બે છોકરીઓને એના બાપે બસ્સો બસ્સો રૂપિયામાં વેચી મારી-અને વેચી ય કોને? સમાજના એક કસાઈને! બાર-બાર વરસની એ બાળકીઓના દેહો ચૂંથાશે, ને એનાથી 'માણસ' પેટ ભરશે! આમાં ભગવાન ભોંઠો ન પડે?

આપણે પણ કેવા? જંગલી પશુઓને વખોડીએ કે એ તો લોહી તરસ્યા છે! પણ એ વનચરને ય ભોંઠા પાડે એવા માણસાઈ મૂકી દીધેલા માણસો માણસના જ લોહીના તરસ્યા થઈ ગયા છે!

— ગુણવંત ભટ્ટ

# ★ પ્રેમ અને કરુણાની મૂર્તિ મધર ટેરેસા ★

૬૯ વર્ષની જેમની હાલ ઉંમર છે એવા સાધ્વી મધર ટેરેસા ભારતમાં આજે જે દિનદુ:ખિયાની સેવા કરી રહ્યા છે તે બેનમૂન છે. ભારતમાં ઋષિની પરંપરા લગભગ લુપ્ત થઈ રહી છે, ત્યારે એક પરદેશી સ્ત્રી-સાચી સાધ્વી તરીકે ભારતના દિનદુ:ખિયાના આંસુ લૂછી રહેલ છે તે આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી વાત છે.

કોઈ અનાથ હોય, રસ્તાની ફૂટપાથ પર કોઈ અસહાય વ્યકિત છેલ્લા શ્વાસમાં હોય, કોઈ અસહાય રોગી હોય, જેને જીવનમાં કે જગતમાં કોઈ સધિયારો ન હોય-એવી નિરાધાર વ્યકિતઓનો આધાર છે મધર ટેરેસા. જ્યાં પણ આવી વ્યકિત તેમના કાર્યકરોની નજરે પડે તેને પોતાના આશ્રમમાં લઈ જાય અને સેવા-સુશ્રુષા કરે. ભારતભરમાં, આવો સેવાયજ્ઞ કરતાં મધર ટેરેસાના આશ્રમો છે અને કોઈપણ જાતની આર્થિક અપેક્ષા વિના આવા દિનદુ:ખીઓની તેઓની સેવા- દિક્ષિત બહેનો દ્વારા સારવાર કરવામાં આવે છે-સહારો આપવામાં આવે છે. મુંબઈ-કલકત્તા જેવા મોટા શહેરોમાં અને તેનાં પરાંઓમાં પણ તેમની આ પ્રવૃત્તિને લગતી શાખાઓ છે. દુ:ખની અને આશ્ચર્યની વાત તો એ ગણાય કે જ્યારે આપણા અસહાય અને દિનદુ:ખી બાંધવોની આવી રીતે એક પરદેશી સ્ત્રી સેવાસુશ્રુષા કરી રહેલ છે, જે કરવાની આપણી ફરજ છે, તેના વિષે આપણામાંના મોટા ભાગના સમાજને જાણકારી પણ નથી. મધર ટેરેસાની એ સેવા-વૃત્તિ ભારતના અનેક શહેરોમાં ચાલી રહી છે. કેટલાય વર્ષોથી તેઓ આવી નિસ્વાર્થ માનવસેવા કરી રહ્યા છે. તેના અનુસંધાનમાં તાજેતરમાં તેમને શાન્તિ માટેનું નોબેલ પારિતોષિકનું પ્રદાન કરવામાં આવ્યું છે.

તા. ૯ નવેમ્બરના રોજ આપણા રાષ્ટ્રપતિએ તેમને મુલાકાત આપી હતી અને તેમને મળેલા નોબેલ પારિતોષિક માટે તેમના પ્રત્યે આનંદની લાગણી વ્યકત કરી હતી. રાષ્ટ્રપતિએ તેમને કહ્યું હતું કે તમે ગયા એપ્રિલમાં જે પ્રાર્થના પુસ્તક મને મોકલ્યું હતું, તે મારું સાથી બની રહ્યું છે. રાષ્ટ્રપતિ, મધર ટેરેસાને વળાવવા માટે, રાષ્ટ્રપતિ ભવનના આંગણા સુધી ગયા હતા. એ રીતે તેમનું બહુમાન કર્યું ગણાય.

યુનાઈટેડ નેશન્સની સ્ત્રીઓ માટેના દાયકાની વિશ્વ પરિષદ તરીકે યોજાયેલી એસ્કેપ રીજીઓનલ પેપરેટરીની બેઠકની પૂર્ણાહુતી વખતે પ્રવચન આપતાં મધર ટેરેસાએ ટૂંકું પણ અંત:કરણને હલબલાવી નાંખે તેવું પ્રવચન આપ્યું હતું. તેમણે એક નવતર વિચાર રજૂ કરતાં જણાવ્યું હતું કે, "ગર્ભપાત એ ગર્ભાશયમાં બાળકની હત્યા જ છે." તેમણે કહ્યું કે "જો માતા તેના પોતાના જ બાળકને મારી નાંખી શકતી હોય તો બીજાઓ માટે શું બાકી રહ્યું?"

તેમણે પોતાની મૌલિક મૃદુભાષામાં કહ્યું હતું કે "એક નારીની ઉત્વાકાંક્ષા એક સુખી ઘરની ગૃહિણી તેમજ માતા થવાની હોય છે."

"આપણે બીજાઓ પ્રત્યે પ્રેમ રાખવા અને બીજાઓના પ્રીતિપાત્ર બનવા માટે સર્જાયા છીએ. તમો સૌ પોતાના દેશમાં જઈ અનુકંપાનો પ્રચાર કરજો. આજે સર્વત્ર યાતનાની પરાકાષ્ટા દેખાય છે. અનુકંપાની લાગણીનો પ્રચાર કરવાનું કામ તો સ્ત્રીઓનું છે. લોકો ભગવાનનું નામ કેવી રીતે બોલે છે તે મહત્ત્વનું નથી, પરંતુ દરેક કુટુંબે અને વ્યકિતએ હળીમળીને રહેવું જોઈએ અને અન્ય દુ:ખીજનો પ્રત્યે અનુકંપા બતાવવી જોઈએ એનું મહત્ત્વ વધારે છે.

તેમણે કહ્યું કે, આ વર્ષે મને મળેલા શાન્તિ માટેના પારિતોષિકો માટે હું પાત્ર નથી, એમ છતાં આ પારિતોષિક એ એવા પ્રેમના કાર્યની કદર છે કે જે બદલામાં શાન્તિ આપે છે.

મધર ટેરેસાએ ગર્ભપાતનો કાયદો રદ કરવાનો સરકારને અનુરોધ કર્યો હતો. મધર ટેરેસાને મળેલા નોબેલ પારિતોષિકના વિજયના માનમાં દિલ્હીમાં યોજવામાં આવેલ એક સરકારી સમારંભમાં વડા પ્રધાન શ્રી ચરણસિંહ પણ હાજર હતા, ત્યાં મધર ટેરેસાએ કહ્યું હતું કે, "આ કાયદાની નાબૂદી એ આંતરરાષ્ટ્રીય બાલવર્ષમાં બાળકોને માટે મહાન ભેટ ગણાશે."

કોઈએ તેમને રાજકારણ વિષે અછડતો પ્રશ્ન કર્યો હતો. તેના જવાબમાં તેમણે સ્વસ્થતાપૂર્વક કહ્યું કે "મારા મીશનનું કાર્ય એટલું મોટું અને મહત્ત્વનું છે કે રાજકારણ વિષે વિચાર સુદ્ધાં કરવાનો મારી પાસે સમય નથી."

તેમણે કહ્યું કે, "બાળકોનો પ્રેમ એ મારા માટે ઈશ્વરની મહાન ભેટ છે. હું ઈચ્છું છું કે દરેક બાળકને હું ખૂબ વહાલ કરું."

તેમણે કહ્યું કે "ગરીબોને દયાની જરૂર નથી તેમને પ્રેમની જરૂર છે. તરછોડાયલા અને પ્રેમવિહોણા લોકો માટે મકાનો બાંધવામાં હું પારિતોષિકની રકમનો ઉપયોગ કરીશ. આવા ૧૫૮ મકાનોમાંથી ૯૮ મકાનો ભારતમાં બાંધવામાં આવશે.

આવા વિશ્વમાતા જેવા મધર ટેરેસાને આપણા કોટી કોટી વંદન હો- તેમના સેવાકાર્ય અંગે આપણે વધારે માહિતગાર થઈએ, તેમાંથી પ્રેરણા લઈએ અને તેમના કાર્યમાં સહયોગ આપીએ એ જ અભ્યર્થના.

**–શાન્તિલાલ ટી. શેઠ**

## ઝાલાવાડી જૈન સભાનો અમૃત મહોત્સવ અને પત્રિકાની રજત જયંતી

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાનો અમૃત મહોત્સવ અને સભાના મુખપત્ર 'માસિક પત્રિકા'નો રજત જયંતી ઉત્સવ ગઈ તા. ૧૦ અને ૧૧મી નવેમ્બરના દિવસોએ મુંબઈમાં ભારે શાનદાર રીતે ઉજવાયો હતો. સી. સી. આઈ.ના વિશાળ ચોગાનમાં આ બંને દિવસોએ સાંજે ૫-૬ કલાક સુધી ઝાલાવાડી સ્થાનકવાસી સમાજની ચારેક હજારની મેદનીએ સભાની સાડાસાત દાયકાઓની પ્રવૃત્તિઓના જ્વલંત ઈતિહાસની વિગતો સાંભળીને પ્રસન્નતા અનુભવી હતી અને 'માસિક પત્રિકા'એ ૨૫ વર્ષના ગાળામાં સભાની પ્રવૃત્તિઓમાં અને પ્રગતિમાં કેવો જબ્બર ફાળો આપ્યો હતો તેની માહિતી મેળવી હતી.

બંને દિવસોના સમારંભના પ્રમુખસ્થાને જૈન સમાજના જાણીતા દાનવીર અને ઉદ્યોગપતિ શ્રી સી. યુ. શાહ હતા. છેલ્લા ૩૦ વર્ષથી સભાનું સુકાન સંભાળી રહેલા જૈન સમાજના અગ્રણી અને ચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે, સમારંભમાં ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજની આટલી વિશાળ હાજરી નિહાળીને અત્યંત આનંદ વ્યકત કર્યો હતો અને સમાજની તેમણે જે સેવાઓ કરી છે તેમાં તેમના સન્નિષ્ઠ અને કાબેલ સહકાર્યકરોનો જે રીતે સાથ અને સહકાર સાંપડે છે તેનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મારા આ સહકાર્યકરો વિના હું કાંઈ કરી શકું તેમ નથી.

સમારંભના પ્રમુખસ્થાનેથી શ્રી સી. યુ. શાહે સભાના આગેવાનોને અભિનંદન આપ્યા હતા અને સભા ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

'માસિક પત્રિકા'ના રજય જયંતી વિશેષાંકની જાણીતા પત્રકાર શ્રી મનુભાઈ મહેતાએ પ્રકાશનવિધિ કરી હતી.

સભાના એક મંત્રી શ્રી પ્રેમચંદ ઉજમશી શાહની છેલ્લા ૨૩ વર્ષની સેવાઓને તેમજ 'માસિક પત્રિકા'ના સંપાદક શ્રી કેશવલાલ મગનલાલ શાહની સંસ્થા અને પાત્રકાને ૨૫ વર્ષની સેવાઓને બીરદાવવામાં આવી હતી અને આ પ્રસંગે તેમને ચાંદીના કાસ્કેટ અર્પણ કરીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સમારંભના પહેલા દિવસે 'ડાયરો'નો મનોરંજન કાર્યક્રમ રજૂ થયો હતો. બીજા દિવસે ઝાલાવાડી સ્થા. જૈન સભાના સભ્યોના સંતાનોએ અને બહેનોએ રાસ-ગરબા, નૃત્ય અને બીજો મનોરંજન કાર્યક્રમ રજૂ કર્યો હતો. સભાના મહિલા મંડળો દ્વારા રજૂ થયેલ રાસ-ગરબાની સ્પર્ધા એટલી શ્રેષ્ઠ પ્રકારની હતી કે તેના ત્રણ નિર્ણાયકો માટે ઈનામોની ફાળવણી કરવાનું કાર્ય કપરું બની ગયું હતું. આ મનોરંજક કાર્યક્રમથી શ્રોતાઓ એટલા બધા પ્રભાવિત અને પ્રસન્ન થયા હતા કે દરેક કાર્યક્રમ માટે ઈનામોનો વરસાદ વરસ્યો અને લગભગ રૂપિયા ૨,૫૦૦૦ના ઈનામો અપાયા.

આ બે દિવસના સંમેલન અને મિલને, મુંબઈમાં વસતાં ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજની એકતા, એકનિષ્ઠા અને ઉદારતાનાં દર્શન કરાવ્યાં.

**સંકલન: રમણલાલ શેઠ**

# अपूर्ण : पूर्णतामेति

'સંતોષી તે સદા સુખી' એમ આપણે કહીએ છીએ. ઘણું ખરું અન્યને સલાહ આપવામાં તો એમ જ કહીએ છીએ. તે સાથે આપણે આપણો ધનનો અધૂરો લાગતો ઘડો ભર્યા જ કરીએ છીએ. એ ઘડો એવી રીતે ગોઠવીએ છીએ કે બને તેટલી દિશામાંથી એમાં ધન ભરાયા જ કરે.

પરંતુ જગતના તમામ લોકો માટે આ સાચું નથી. જો એમ જ હોત તો જગતમાંની સંસ્કૃતિઓ ન નભી હોત, ન વિકસી હોત. એ સંસ્કૃતિના વિકાસમાં ધનની નિર્મોહતા, નિર્લોભતાનો ફાળો પણ છે. ભૌતિક સમૃદ્ધિનો સાંસ્કૃતિક વિકાસમાં ફાળો નથી એમ નહિ, પરંતુ એને દીપાવી છે, શોભાવી છે. એથી પર એવી બાબતો પ્રત્યેની માનવીની લગનીએ.

માનવી જ્ઞાનની આરાધના કરે છે. પણ એના ક્ષેત્રો વિવિધ છે. શરીરનું જ્ઞાન, મનનું જ્ઞાન, પદાર્થનું જ્ઞાન, રસાયણનું જ્ઞાન, બ્રહ્માંડનું જ્ઞાન અને પોતાના અંતઃકરણનું જ્ઞાન. આ બધાં વિજ્ઞાનો ખેડીને માનવીએ જે સાધ્યું છે તે પરથી એમ કહેવું પડે કે અસંતોષ જ પ્રગતિનું મૂળ છે. માનવીએ પોતાની પ્રાથમિક- અસાંસ્કૃતિક અવસ્થામાં જ સંતોષ માની લીધો હોત તો? પણ એ શકય જ ન હતું. જિજ્ઞાસા, કુતૂહલ અને નવી નવી સિદ્ધિઓ હાંસલ કરવાની ખેવના માનવમનમાં મૂકીને આ જગન્નિયંતા પોતાને પ્રગટ કરવા માગે છે. અને માનવી પણ એક પછી એક પડદા હટાવતો ડિસ્કવરી કરતો જ જાય છે.

એ ઉપરાંત પણ આ જગત સાથે માનવીનો અન્ય સંબંધ છે અને તે સ્નેહનો, આત્મીયતાનો. સંસારની આધિવ્યાધિ કે ઉપાધિથી જે ત્રાસ્યો નથી, તે ત્રિવિધ તાપથી જે હાર્યો નથી, નાસીપાસ થયો નથી તે આ જગતને ચાહે છે. એ માને છે કે માનવી અમર છે. અને એની સુખની શોધ અનંત છે. એનો અર્થ શું એ કે સુખ છેલ્લે જ મળવાનું છે અથવા તો કયારેય મળવાનું નથી ?

આપણે આગળ જ્ઞાન - વિજ્ઞાનનું મહાત્મ્ય જોયું તેમ અહીં કળાનો વિચાર કરીશું. પ્રશ્ન એ થયો કે સુખની શોધયાત્રા સફળ બનવાની કે અસફળ રહેવાની? એ પ્રશ્નના અનુસંધાનમાં સુખની વ્યાખ્યા વિચારવી જોઈએ.

ઘેનમાં રાખે તે સુખ? બેહોશ બનાવે તે સુખ? અન્યની બેચેની કે અન્ય પરના ત્રાસ પર જ સર્જાયું હોય તે સુખ? જાતને ભુલાવે તે સુખ? અન્યના સુખ પ્રત્યે બેદરકાર રાખે તે સુખ?

આગળ આપણે વિચાર્યું કે આ જગત સાથે માનવીને એક સંબંધ આત્મીયતાનો છે, કળાનું તત્ત્વ માનવીના આ સંબંધમાંથી નિર્માયું છે. એ પ્રકારનો સંબંધ જે કેળવે છે. તે સતત આનંદમાં રહી શકે છે. સંતોષી તે સદા સુખી એ આ જ અર્થમાં સાચું છે. આ જગત સાથે અને જગતના લોક સાથે જે સ્નેહનો તાંતણો સાચવી જાણે છે તે સદા એટલે કે હર પળે સુખી છે.

આમ સુખની શોધયાત્રા અનંત હોવાની સાથે પળે પળે સુખનો અનુભવ કરાવે છે - બાહ્ય ભૌતિક બાબતો, ઘટનાઓ, અનુભવો અસુખકર હોવા છતાં જો દષ્ટિનો વિકાસ થયો હોય, મનોભૂમિ ખેડાઈ હોય તો આ અનંત જગત સાથેના અખંડ અનુસંધાન વડે માણસ સુખેથી રહી શકે છે. એને ગમે તેની વિપરીત ઘટના વિચલિત કરતી નથી. ભકિતનો મહિમા આ છે. ભકિત એ બાહ્ય ટાપટીપ નથી. ભકિત એ મનનું જગત સાથેનું આ અનુસંધાન છે. ભકિત વડે એ સ્થિર-સ્વસ્થ રહી શકે છે.

એટલે વિજ્ઞાની એ આ જગતનો ભકત છે. આ જગત પ્રત્યે એક ભકત જેટલી મમતા કે ઉત્કટતા એનામાં ન હોત તો તે આટ આટલા ભૌતિક નિયમો ન જાણી શકયો હોત અને આ ભૌતિક નિયમો જાણવા એ ઈશ્વરની ઓળખ નથી શું? પણ ઈશ્વરને ઓળખવાનો માર્ગ એ એક જ નથી. સર્જક એટલે કે કળાકાર એની અન્ય રીતે ઓળખ કરે છે. ચંદ્રને માણે છે—કવિ એક રીતે તો વિજ્ઞાની અન્ય રીતે. સાગરને માણે છે— ચિત્રકાર એક રીતે, સાહસખેડૂ અન્ય રીતે.

પ્રાર્થના એટલે ઉત્કટ ભાવના. એક સંકલ્પ પાર પાડવા માટે જે બળ જોઈએ તેને માટે સર્વ દિશાઓમાંથી સહારો મળી રહો તેવી અભીપ્સા. આપણે અસત્યમાંથી સત્ય તરફ જવા માગીએ છીએ એટલે વિજ્ઞાનની સાધના કરીએ છીએ. જ્ઞાનનો પ્રકાશ વધુ ને વધુ જોઈએ છે, તેથી અંધકારમાંથી પ્રકાશ તરફ જવા ઈચ્છીએ છીએ. અને મૃત્યુમાંથી અમૃત તરફ જવા ઈચ્છીએ છીએ.

ૐ અસતો મા સદ્‌ગમય !  
તમસો મા જ્યોતિર્ગમય !  
મૃતો મા અમૃતં ગમય !!

આપણે મૃત્યુને તરી જવું છે. અને અમૃતની પ્રાપ્તિ કરવી છે. આ મૃત્યુને તરવું શી રીતે અને અમૃતની પ્રાપ્તિ થાય કઈ રીતે એ પાયાનો સવાલ છે. મૃત્યુને હટાવી શકાશે, મિટાવી નહીં શકાય. આયુષ્યને અનંત નહિ બનાવી શકાય, આનંદમય બનાવી શકાશે.

આયુષ્યની રેખા સાંત છે, અંતવાળી છે. તેનાં અંત્ય બિંદુઓ જન્મ અને મૃત્યુ છે. એ બંને એવાં બિંદુઓ છે જેનો સ્વામી એ આયુષ્યધારી પોતે નથી. પણ એ બે બિંદુ વચ્ચેના સળંગ ગાળાના સ્વામી આપણે પોતે નથી? જાગ્યા ત્યાંથી સવાર આ પળથી માંડીને આયુષ્યની અંતીમ પળ વચ્ચેની તમામ પળો આપણી મૂઠીમાં નથી?

તો એ પળોનો ઉપયોગ કેમ કરવો? આપણું વ્યકિતત્વ એવી રીતે ખીલવવું જોઈએ કે એ સ્વયં વ્યકિતત્વમાંથી જ આપણને સુખ-રસ મળ્યા કરતો હોય અને અન્યને પણ પિરસાતો હોય. એટલે કે આપણે જયાં હોઈએ ત્યાંની હવામાં પ્રસન્નતા વ્યાપવી જોઈએ. આપણાથી અન્યને સુખનો અનુભવ થવો જોઈએ. કળાનું એક લક્ષણ એ છે કે જે એકમાંથી પાંગરી અન્યમાં પ્રસરે છે, આનું નામ કળામય જીવન. કળામય જીવનની આ ભાવના છે: "अपूर्ण पूर्णतामेति ।" અપૂર્ણની ગતિ પૂર્ણતા તરફની છે.

આપણે અપૂર્ણ છીએ, પણ એ અપૂર્ણ અવસ્થા કાયમની નથી. સતત વિકાસમાન હોવું એ વિકાસવાદ છે. માનવી કરોડો વર્ષ પહેલા ન હતો તેવો આજે છે. એની ભૌતિક સિદ્ધિઓ જેટલી જ આંતરિક સમૃદ્ધિની ખેવના રાખવામાં આવે તો માનવી ખરા અર્થમાં સુખી છે. આ સુખની શોધ અને સિદ્ધિ એટલે માનવીની અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જવાની ગતિ. સુખ એ કશાક પ્રયત્નનો છેડો નથી. દરેક પ્રયત્નોના વિંધમાં સૂત્રરૂપે તે છે. મણકા સૂત્રને આધારે રહે છે અને તેનો સમૂહ માળા બને છે તેમ પુરુષાર્થના મણકાનો સમૂહ જીવન બને છે. પણ તેમાં સૂત્રરૂપે તો આનંદ જ વિલસી રહેવો ઘટે.

આ પ્રયત્નના, પુરુષાર્થના આનંદનું તાત્ત્વિક નામ અનાસકિત છે. ભકિત આસકિતથી દૂર છે પણ અનાસકિતની નજીક છે. આસકિત ભૌતિક બાબતને જ આલંબનરૂપ માને છે, જયારે અનાસકિતમાં તાત્ત્વિક દષ્ટિ આલંબનરૂપ છે. અનાસકિતમાં પુરુષાર્થનો અભાવ માનવામાં આવ્યો હોય તો તે અનાસકિતનો અનર્થ છે. પુરુષાર્થનો અભાવ એ તો જીવનની હાર છે. જેમ નરી ભૌતિક આસકિત જીવનની ગેરસમજ છે તેમજ.

જીવનના ચાર પુરુષાર્થ છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એનો અનાદર નહિ થઈ શકે. એની સાધના એટલે જ અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જવું. પણ એ ગતિ દરમિયાન મનની સ્થિતિ આસકત રાખીએ તો મોહ, મૂઢતા, ક્રોધ, ઈર્ષ્યા સળવળે છે અને મનને વ્યાપી વળે છે. અનાસકત રાખીએ તો મન સળંગ મુકિત અનુભવતું લાગે છે. આમ મુકિત એ પુરુષાર્થનો અંત પણ છે અને પુરુષાર્થની હરેક પળ સાથે સંકળાયેલું સૂત્ર- સંકળાયેલો તાંતણો પણ છે. આવો મુકત પુરુષ જ જીવનને માણી શકે છે. મુકતતાનું પ્રદર્શન કરી ભગવાન બની, પોતાની લીલા પોતાની માયા ફેલાવનારો પુરુષ આસકત છે, બદ્ધ છે. આત્માની મુકતાવસ્થા જીવનમય હોય છે, પ્રદર્શનપરસ્ત નહીં.

— લલિત શાહ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ—૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૬

મુંબઈ, ૧ ડિસેમ્બર ૧૯૭૯, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## જાહેર જીવન અને અંગત જીવન

એક એવી માન્યતા છે, કે વ્યકિતના જાહેરજીવન અને અંગતજીવનને સંબંધ નથી. જાહેર જીવન સમાજને ઉપયોગી હોય તો અંગત જીવનમાં ઊતરવાની જરૂર નથી. જ્યાં સુધી અંગત-જીવન જાહેર જીવનને સીધી રીતે નુકસાનકારક ન લાગે ત્યાં સુધી અંગત જીવન વ્યકિતગત પ્રશ્ન છે અને અંગત જીવનની ઊણપોને કારણે જાહેર જીવનની કિંમત ઓછી આંકવાની જરૂર નથી. અંગત જીવન મોટે ભાગે ચારિત્ર્યનો પ્રશ્ન છે જાહેરજીવન, સમાજસેવા અથવા સમાજઉપયોગી કાર્યનો પ્રશ્ન છે આ માન્યતા પાછળ ... વિચાર રહ્યો છે કે ચારિત્ર્યની સીધી અસર જાહેરજીવન ઉપર થતી નથી, બન્ને ભિન્ન છે અને ભિન્ન રાખી શકાય છે.

એક દાખલો લઉં છું. સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના જજો માટે, મોરારજીભાઈ વડાપ્રધાન થયા પછી, એક નિયમ કર્યો કે નવી નિમણૂંક થાય ત્યારે નિમાયેલ જજે બાંહેધરી આપવી પડે કે તેઓ દારૂ નહિ પીએ. આ નિયમ સામે સખ્ત વાંધો લેવામાં આવ્યો હતો. એમ કહેવાયું કે દારૂ પીવો, ન પીવો, અંગત પ્રશ્ન છે; વ્યકિતગત સ્વાતંત્ર્યની વાત છે. સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના જજ તરીકેના કામમાં કાંઈ ખલેલ ન પડે ત્યાં સુધી, આવા અંગત પ્રશ્નમાં દખલગીરી કરવાનો સરકારને અધિકાર નથી. બહુ વધારે પડતો દારૂ પીએ અથવા જેને કહીએ છીએ કે દારૂડીયા થઈ જાય અને પોતાના કામ દરમ્યાન દારૂની અસર રહે તો કદાચ, આવી દલીલ કરવાવાળા સ્વીકારે કે તેવી વ્યકિત જજ હોવા ન જોઈએ. પણ એકવાર નીમાયા પછી, હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના જજને, પાર્લામેન્ટમાં ઈમ્પીચમેન્ટ કર્યા વિના કાઢી શકાતા નથી. એક કિસ્સો હું એવો જાણું છું કે હાઈકોર્ટના એક જજ વધારે પડતો દારૂ પીતા અને તેમના કામમાં બેઠા હોય – ન્યાય કરવા – ત્યારે પણ જોઈ શકાતું કે તેમના મન, બુદ્ધિ અને શરીર ઉપર દારૂની ... રહેતી.

આ તો એક દાખલો આપ્યો છે. ધારો કે કોઈ જજ જુગારી હોય, રેસમાં બહુ જતા હોય, પરસ્ત્રીગમન કરતા હોય, જુઠું બોલવાની ટેવ હોય, તેમના અંગત વ્યવહારમાં પ્રામાણિકતા ન હોય, —આવા કિસ્સાઓ છે – છતાં દેખીતી રીતે બુદ્ધિશાળી લાગે અને કાયદાના જાણકાર હોય અને તેમના કામમાં કોઈ ખામી આવા કારણે દેખાતી ન હોય, તો એમ કહેવું કે તેમના અંગત જીવન અને જાહેર જીવનને કઈ સંબંધ નથી? ચારિત્ર્યશીલતા અથવા તેની ઊણપની કાંઈ અસર નથી? ન્યાય કરવાવાળી વ્યકિતને ચારિત્ર્યશુદ્ધિની જરૂર નથી?

ગાંધીજીને આવી માન્યતા સર્વથા અસ્વીકાર્ય હતી. વ્યકિતના જાહેર જીવન અને અંગત જીવન એવા ભેદ પાડી શકાતા નથી. અંગત જીવન જેનું શુદ્ધ નથી તેનું જાહેર જીવન પણ શુદ્ધ ન હોય. કેટલીક શકિત હોય તો જાહેર ઉપયોગી કાર્ય કરી શકે પણ સાથે ચારિત્ર્ય હોય તો અનેકગણું દીપી નીકળે એવી તેની પ્રતિભા રહે. કેટલુંક નિભાવી લેવું પડે તે જુદી વાત છે. પણ એ ક્ષમ્ય છે અથવા ઉપેક્ષાને પાત્ર છે એમ તો ન જ કહેવાય.

આ પ્રશ્ન મારા મનમાં ઊઠયો છે એક બીજા સંદર્ભમાં. અમેરિકામાં એક વર્ષ પછી પ્રમુખની ચૂંટણી થવાની છે. ત્યાં તો એક વર્ષ અને તેથી પણ વહેલાં, ઢોલ નગારા વાગવા શરૂ થાય છે. અમેરિકામાં બે પક્ષો છે, ડેમોક્રેટિક અને રિપબ્લિકન. દરેક પક્ષ પોતાનો એક ઉમેદવાર પસંદ કરે છે. અને પછી તે બે વ્યકિતઓ વચ્ચે જ મુખ્યત્વે હરીફાઈ થાય છે. પણ પક્ષ પાસે ઉમેદવાર તરીકે પસંદગી મેળવવી તેમાં જ તીવ્ર હરિફાઈ થાય છે. અને કરોડો ડોલરનું ખર્ચ થાય છે. અત્યારે કાર્ટર પ્રમુખ છે. તેઓ ડેમોક્રેટિક પક્ષના છે. સામાન્ય રીતે એક વ્યકિતને બીજી વખત પ્રમુખ થવાની તક આપવામાં આવે જ છે. રુઝવેલ્ટની ચાર વખત પસંદગી થઈ. પણ અત્યારે એવી છાપ છે કે કાર્ટર પ્રમુખ તરીકે નિષ્ફળ ગયા છે અને ડેમોક્રેટિક પક્ષે બીજો ઉમેદવાર શોધવો પડશે. તે માટે એડવર્ડ કેનેડીએ પોતાની ઉમેદવારી અત્યારથી જાહેર કરી છે અને મોટા પાયા ઉપર તૈયારી શરૂ થઈ છે. કેનેડી કુટુંબની અમેરિકામાં ભારે પ્રતિષ્ઠા છે. કેનેડી નામનો જાદુ છે. તેમના મોટાભાઈ જહોન કેનેડી પ્રમુખ થયા અને ભારે પ્રતિષ્ઠા મેળવી હતી. તેમનું ખૂન થયું. તેમના બીજાભાઈ રોબર્ટ કેનેડી, પ્રમુખપદના ઉમેદવાર હતા. તેમનું પણ ખૂન થયું. હવે એડવર્ડ કેનેડીએ ઉમેદવારી જાહેર કરી છે. તેમની ઉંમર ૪૮ વર્ષની છે. ૧૭ વર્ષથી સેનેટના સભ્ય છે. કરોડપતિ છે. સેનેટના સભ્ય તરીકે નામના મેળવી છે. લગભગ એવી છાપ ઉભી કરવામાં આવે છે કે અમેરિકાની વર્તમાન કટોકટીમાં એડવર્ડ કેનેડી જ અમેરિકાને બચાવી શકે તેમ છે. કાર્ટરની પ્રમાણિકતા, આદર્શવાદી ભાવનાઓ, માનવીય અધિકારો માટે તેમની તીવ્ર અભિલાષા, આ બધું સ્વીકારવામાં આવે છે, પણ તેમની વહીવટી, કાર્યકુશળતામાં ઘણી ઊણપ છે એમ કહેવાય છે. કાર્ટરને વોશિંગ્ટનના રાજકારણનો અને તેનાં આંતરપ્રવાહોનો અનુભવ ન હતો. તેઓ સેનેટના સભ્ય ન હતા. એક બહારના માણસ તરીકે તેઓ, નિકસનના વોટરગેટનાં કૌભાંડ પછી અને વિયેટનામમાં થયેલ સરીયામ હાર પછી, તેમની પ્રમાણિકતા અને સરળતાને કારણે ચૂંટાયા પણ રાજકારણની ખટપટના બિનઅનુભવને લીધે, કહેવાય છે, ઘણી ભૂલો કરી બેઠા. સેનેટમાં તેમના ડેમોક્રેટિક પક્ષની બહુમતી હોવા છતાં, સેનેટ સાથે સતત સંઘર્ષ રહ્યો છે. ટૂંકામાં એમ કહેવાય છે કે પ્રામાણિક માણસનું આ કામ નથી.

એડવર્ડ કેનેડીમાં, મેં ઉપર જણાવી તેવી લાયકાતો છે પણ તેમના ચારિત્ર્ય સંબંધે ગંભીર ખામીઓ છે. તેથી અમેરિકામાં વિવાદ ચાલે છે. કે કેનેડી પ્રમુખપદ માટે લાયક વ્યકિત ગણાય?

એમના ચારિત્ર્ય બાબત શું છે?

વિદ્યાર્થી હતા ત્યારે સ્પેનીશ ભાષાની પરીક્ષા આપવાની હતી ત્યાં પોતાના બદલે બીજા વિદ્યાર્થીને બેસાડી દીધા. ખૂબ દારૂ પીએ છે. વ્યાપક પરસ્ત્રીગમન કરે છે. ઘણાં સ્ત્રીમિત્રો છે. આવા કારણે તેમના પત્ની સાથે અણબનાવ થયો અને બે વર્ષથી બન્ને જુદા રહે છે. જીવનની હતાશાથી તેમના પત્ની પણ દારૂડિયા થયા છે અને માનસચિકિત્સા કરવી પડે છે. કેનેડી રોમન કેથલીક છે એટલે છૂટાછેડા લેવાતા નથી. પ્રમુખ થાય તો તેમના પત્ની અમેરિકાના ફર્સ્ટ લેડી થાય. તેમના આવા પરિણિત જીવનની અસર તેમનાં બાળકો ઉપર ઘેરી પડી છે. કેનેડી કુટુંબનાં બીજા કેટલાય પ્રોબ્લેમ સભ્યો છે. એડવર્ડ કેનેડીના જીવનનો એક કિસ્સો તેમના જીવનનું મોટું કલંક છે. દસ વર્ષ પહેલાંની વાત છે. એક પાર્ટીમાં ગયા હતા. ત્યારે મોડી રાત્રે પાછા ફરતા એક સ્ત્રીમિત્ર સાથે હતા. ખૂબ દારૂ પીધેલો એટલે રસ્તો ભૂલ્યા અને અજાણ્યા રસ્તે એક કઠોડા વિનાના લાકડાના પૂલ ઉપર પોતે મોટર હંકારતા હતા ત્યારે મોટર નીચે છ ફૂટ ઊંડા પાણીમાં ગબડી પડી. સ્ત્રી ડૂબી ગઈ, મરી ગઈ. કેનેડી તરીને બહાર

નીકળ્યા. તેમના કહેવા પ્રમાણે ફરી પાર્ટીના સ્થળે ગયા, બે મિત્રોને લઈ આવ્યા અને સ્ત્રીની તપાસ કરી પણ પત્તો ન લાગ્યો એટલે બાજુના ગામ જઈ સૂઈ ગયા. અકસ્માતની પોલીસને ખબર ન આપી. પોલીસને બીજે દિવસે જાણ થઈ. પછી તો ઘણી તપાસ થઈ. કેનેડીએ પોતે ટેલીવિઝન ઉપર પોતાની વર્તણૂક અક્ષમ્ય હોવાનો એકરાર કર્યો.

એમ કહેવાય છે કે બીજી પણ નાની મોટી બાબતોમાં એડવર્ડ કેનેડી સામાન્ય નીતિ નિયમોની અવગણના કરે છે. પૈસાવાળા લોકોમાં અપ્રમાણિકતા હોય છે એવી તો હશે.

લંડનના પ્રખ્યાત પત્ર ઈકોનોમિસ્ટમાં એડવર્ડ કેનેડી વિષે કહ્યું છે:

He is a womaniser and hard drinker. The nagging doubt about Senator Kennedy is not that he once behaved dishonourably as a young man but that, he did so several times.

આવી વ્યકિત અમેરિકાના પ્રમુખપદ માટે લાયક ગણાય? અમેરિકાના પ્રમુખને વિશાળ સત્તાઓ છે. તેમના નિર્ણય ઉપર, અમેરિકાના કરોડો લોકોનું જ નહિ, પણ દુનિયાના અબજો લોકોનું ભાવિ લટકે છે.

એમ કહેવામાં આવે છે કે ઉપર જણાવેલ અકસ્માતનો બનાવ જૂની વાત છે. ત્યારપછી કેનેડીમાં ફેરફાર થયો છે. દારૂ પીવો, પરસ્ત્રીગમન, વિગેરે સામાન્ય બાબતો છે. પ્રશ્ન એ છે કે ચારિત્ર્યની પાયાની બાબતોમાં જે વ્યકિતમાં ઊણપ છે, તેવી વ્યકિત દેશના નેતૃત્વ માટે લાયક ગણાય? વિષયોનું ધ્યાન ધરે, તેનું સેવન કરે, તેની બુદ્ધિ નિશંકપણે, આજે નહિ તો કાલે ભ્રષ્ટ થાય. અન્યથા પણ, વિષયાર્થીની બુદ્ધિની નિર્મળતા ન હોય. તેના નિર્ણયો શુદ્ધ ન હોય.

આપણાં દેશમાં પણ, અને ખાસ કરીને વર્તમાન તબક્કે આ પ્રશ્ન અતિ અગત્યનો છે. આવી રહેલ ચૂંટણીમાં એમ કહેવામાં આવે છે કે ચારિત્ર્યશીલ, પ્રમાણિક, સેવાભાવી વ્યકિતઓને મત આપવો. બીજી તરફથી, ઈન્દિરા ગાંધીનો ભૂતકાળ ભૂલી જઈ, તેમની શકિતનો વિચાર કરી, ફરી તેમને દેશનું નેતૃત્વ સોંપવાની હિમાયત થાય છે. ઈન્દિરા ગાંધી વિષે એક હકીકત, મતભેદ વિના કહી શકાય તેમ છે. તેમની સત્તાલાલસાને અને જૂઠું બોલવાને કોઈ મર્યાદા નથી.

આ સંસારમાં ઘણું સહન કરવું પડે છે, ઘણું નિભાવી લેવું પડે છે. પણ તેની મર્યાદા હોય છે. હું સમજુ છું ત્યાં સુધી ગાંધીજી જેવા માણસના પારખું ઝવેરી, આ મર્યાદાઓ બરાબર જાણતા. વ્યકિતની લાયકાતથી એક ડગલું પણ તેને આગળ જવા દેતા નહિ. તેની શકિતનો લાભ લેતાં પણ કોઈની અમર્યાદ મહત્ત્વાકાંક્ષાને લેશ પણ ઉત્તેજન કે પોષણ આપતા નહિ. દ્રઢપણે, માણસને તેની મર્યાદાનું ભાન કરાવતા અને તેટલામાં જ રહેવા દેતા. એવી મર્યાદા સ્વીકારવા તૈયાર ન હોય અને મહત્ત્વાકાંક્ષાથી પોતાની લાયકાત કરતા વધારે મેળવવા કરે તો, ગાંધીજી મક્કમતાથી રોકતા એટલું જ નહિ પણ જરૂર પડે તો ઉખેડી નાખતા. દાખલાઓ નથી આપતો. ઘણાં આપી શકાય તેમ છે.

જાહેર જીવનને શુદ્ધ બનાવવું હોય તો ફરી આ મર્યાદાઓનું પાલન થાય તે જોવાની આપણા સૌની ફરજ છે. કોઈની વધારે પડતી પ્રશંસા કે વધારે પડતી નિન્દા ન થાય તે જોવું જરૂરનું છે, પણ તેમ કરવું સહેલું નથી. અંતરની સાચી ઉદારતા સાથે નૈતિક મૂલ્યોમાં દ્રઢતાનો સમન્વય હોય ત્યારે જ આવી સમતુલા જાળવી શકાય છે.

૨૪-૧૧-૭૯ **ચીમનલાલ ચકુભાઈ**

# ચૂંટણી: લોકશાહી: સરમુખત્યારશાહી

**[આવી રહેલી ચૂંટણીના સંદર્ભમાં, ભારતની રાજકીય પરિસ્થિતિનું મૂલ્યાંકન અલબત્ત, સૌએ પોતપોતાની રીતે કરીને, મતાધિકારનો ઉપયોગ કરવાનો છે. પણ એ મૂલ્યાંકન કરતી વખતે, કોઈ દિશા-સૂચન મળે એ હેતુથી, ચૂંટણીના સંદર્ભમાં અગત્યના ગણાય એવા ત્રણ હેવાલો નીચે આપ્યા છે. એક હેવાલમાં લોકશાહી અંગેની તાત્ત્વિક વિચારણા છે, બીજામાં સ્થળ પરનું વૃત્તાન્ત નિવેદન-રિપોર્ટ રિપોર્ટિંગ છે અને ત્રીજામાં સરમુખત્યારશાહી અને લોકશાહી વચ્ચેના આભ-જમીનના અંતરનું નિરૂપણ છે.]**

"લંડન ટાઈમ્સ"માં હમણા જ "ડેમોક્રસી એન્ડ મેનીપ્યુલેશન" એ વિષે એક રસપ્રદ ચર્ચા આવી ગઈ. બ્રિટનમાં ગટબદ્ધ કામદારો—ઓરગેનાઈઝડ લેબર—અને રૂઢિચુસ્ત સરકાર વચ્ચે અત્યારે એક પ્રકારનો ગજગ્રાહ ચાલે છે. રૂઢિચુસ્ત સરકારે ખર્ચમાં કાપ મૂકવાની અને વેતનને સ્થગિત કરવાની જે નીતિ અખત્યાર કરી છે તેથી ગટબદ્ધ કામદારો રણે ચઢશે તો સંભવત: રૂઢિચુસ્ત સરકારને સ્થાને મજૂર સરકાર સત્તારૂઢ થશે. પણ "ટાઈમ્સ" પૂછે છે કે એ શું લોકશાહી હશે? "ટાઈમ્સ" કહે છે કે પ્રજાના ઘણા મોટા વર્ગને આની સાથે લાગતુંવળગતું નથી. માત્ર એક લઘુમતી જે "બ્લોકડ વોટસ"—બીજે ઠેકાણે ન જઈ શકે એવા મતો—ને આધારે જો સત્તા પર આવે તો તે શું લોકશાહી કહેવાય? ઈઝ ઈટ ડેમોક્રસી ઓર ઈઝ ઈટ મેનીપ્યુલેશન? એ લોકશાહી છે કે પછી મતોની ગોઠવણીની રાજરમત છે?

આપણે ત્યાં પણ આવી રહેલી ચૂંટણીના સંદર્ભમાં આવો પ્રશ્ન પૂછી શકાય એમ છે. આપણે ત્યાં જ્ઞાતિઓને આધારે, કોમને આધારે, ચોક્કસ પ્રાદેશિક હિતોને આધારે મતદાન થાય છે. આવા બધા મતોને આપણે "બ્લોકડ વોટસ" કહી શકીએ. આવા મતોને આધારે સાચી લોકશાહી સ્થાપી શકાય?

"લંડન ટાઈમ્સ" બ્રિટનના સંદર્ભમાં કહે છે કે બ્લોકડ વોટસને આધારે સ્થપાતી લોકશાહીની ચુંગાલમાંથી છટકવું હોય તો એક નવો પક્ષ રેડિકલ સેન્ટર પાર્ટી—ઉદ્દામવાદી મધ્યમમાર્ગી પક્ષ સ્થાપવો જોઈએ. એવો પક્ષ તાત્કાલિક તો મજબૂત ન બને પણ એવો પક્ષ સ્થપાય અને પગભર થાય ત્યાં સુધીમાં મિશ્ર સરકારના હાથમાં શાસન રહે એવી હિમાયત પણ કરવામાં આવી છે. આપણે ત્યાંની લોકશાહી અંગે આવી પાયાની વિચારણા કરવાનો સમય પાકેલો નથી લાગતો? કે પછી એવી વિચારણા માટે કોઈને સમય જ નથી?

* * * *

બોબ એટકિન્સ બી. બી. સી. નો એક અનુભવી સંવાદદાતા છે. એણે આવી રહેલી ચૂંટણીના સંદર્ભમાં ભારતની પરિસ્થિતિનો અભ્યાસ કરવા હમણાં જ ભારતનો પ્રવાસ કર્યો. બધા જ અગત્યના નેતાઓ તથા કેટલાક આદના માણસોની પણ મુલાકાત લઈને એક કલાકનો હેવાલ તૈયાર કર્યો હતો જેનું પ્રસારણ હમણા જ બે ભાગે થયું હતું.

આ હેવાલનો મુખ્ય મુદ્દો એ હતો કે મોટા મોટા નેતાઓએ અને કેટલાક પૃથક જનોએ પણ ઉત્તર પ્રદેશમાં ઈન્દિરા ગાંધીનો ગજ નહિ વાગે અને જનતા પક્ષનો ગજ વાગશે એમ કહ્યું હોવા છતાં, બોબનો અભિપ્રાય એવો છે કે "ઈન્દિરા ગાંધી હેઝ એન એજ ઓવર અધર્સ ઈન ઉત્તર પ્રદેશ." પ્રશ્ન એ થાય છે કે આ અભિપ્રાય પૂર્વગ્રહને કારણે બંધાયેલો છે કે પ્રચારાત્મક છે?

બોબે, જ્યોર્જ ફર્નાન્ડીઝની લીધેલી મુલાકાતમાં ફર્નાન્ડીઝે, મોરારજી-ભાઈની સામે જે બખાળા કાઢયા હતા તે સાંભળીને મારું મન ખિન્ન થયું હતું. ફર્નાન્ડીઝે બોબને કહ્યું હતું: "મોરારજીભાઈને છેલ્લાં એક વર્ષથી હું કહેતો હતો કે દેશની આર્થિક પરિસ્થિતિ કથળી રહી છે પણ મોરારજીભાઈને તો પ્રધાનમંડળની આંતરિક સમતુલા જાળવી રાખવાના પ્રયત્નમાંથી દેશની બીજી બાબતોની ચિન્તા કરવાનો સમય જ નહોતો મળતો."

લાલકૃષ્ણ અડવાણીએ બોબને આપેલી મુલાકાતમાં જનસંઘી-ઓનાં કેટલાંક "રિઝર્વેશન્સ"ની વાત કરી હતી. કયા હશે એ રિઝર્વેશન્સ? વિચાર કરતા કરી મૂકે એવો આ મુદ્દો છે.

બોબે, ઈન્દિરાબેનની લીધેલી મુલાકાતનો હેવાલ આ લખાય છે ત્યાં સુધી પ્રસારિત થયો નથી એટલે એનું વિવરણ નથી કરતો.

# ☆ દેહાધ્યાસમાંથી મુક્તિ ☆

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભ્યાસ વર્તુળમાં થયેલ મારો આ વાર્તાલાપ પ્રકટ કરવાની મારી ઈચ્છા ન હતી. વિષય ઘણો વિશાળ છે, તેથી કથન ઘણું અધુરું છે. કેટલાક વિચારો વિવાદાસ્પદ છે. જિજ્ઞાસુની શંકાઓ જેવા છે. આ વાર્તાલાપ માત્ર પ્રકટ ચિન્તન રૂપે હતો. પણ જેઓ હાજર હતા તેમને બહુ ગમ્યો. તેની ટેપરેકર્ડ સાંભળી તેવાઓને પણ ગમ્યો અને કેટલાક ભાઈ-બહેનોએ મને આગ્રહ કર્યો તેથી જેવો છે તેવો ટેપરેકર્ડ ઉપરથી ઉતારેલ, માત્ર ભાષાના થોડા ફેરફાર સાથે, પ્રકટ કરું છું. લખવાનું થાત તો વિચારો વધારે વ્યવસ્થિત મૂકી શકત. શૈલી વાર્તાલાપની જ રહી છે. વાચક, આ લખાણ વિચાર પ્રેરવા પૂરતો તું જ ગણે એવી વિનંતિ છે. —ચીમનલાલ ચકુભાઈ

[૧]

મારા આજના વાર્તાલાપનો વિષય મારા ગજા બહારનો છે. આ હું કહું છું ત્યારે જરા પણ ખોટી નમ્રતા નથી દાખવતો. દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવી નથી એ તો એક હકીકત છે, એના માર્ગે પણ નથી, અથવા એના માર્ગે જવું હોય તો કેવી રીતે જવાય એ પણ હજી જાણું છું એમ હું કહી ન શકું. પછી તમને જરૂર આશ્ચર્ય થશે કે આટલી બધી અજ્ઞાનતા છે તો આવા વિષય ઉપર બોલવાનું સાહસ શા માટે મેં ખેડયું. એની જવાબદારી ભાઈ સુબોધભાઈની છે. પહેલાં મને કહ્યું કે તમે દેહાતીત દશા વિષે બોલો. એમનાં મનમાં શ્રીમદ્ રાજચન્દ્રની આત્મસિદ્ધિનું છેલ્લું પદ કદાચ હશે, "દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત, તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત. દેહ છતાં પણ જેની દશા દેહાતીત છે, એવા જ્ઞાની પુરુષના ચરણમાં શ્રીમદે આત્મસિદ્ધિ પૂરી કરી. અંતે વંદન કર્યું છે. સુબોધભાઈએ મને કહ્યું તમે દેહાતીત દશા વિષે બોલો, તેમ કર્યું હોત તો વધારે મુર્ખાઈ કરી એમ થાત એટલે મેં એમને કહ્યું કે દેહાતીત દશા પ્રાપ્ત થાય તે પહેલાં દેહાધ્યાસમાંથી મુક્તિ થવી જોઈએ. દેહાધ્યાસમાંથી મુક્તિ ન થઈ હોય ત્યાં સુધી દેહાતીત દશા થતી પ્રાપ્ત નથી. માટે એટલે બધે ઊંચે મને લઈ જવા કરતાં, નીચા પગથિયે રાખશો, તો કંઈ ખોટું નથી. છતાંય મેં તમને કહ્યું તેમ જેનો અનુભવ નથી એ વસ્તુ ઉપર બોલવાની ચેષ્ટા કરીએ ત્યારે એ અનધિકાર બને છે. પણ હવે બોલવાનું માથે લીધું જ છે એટલે હું આમાં જે સમજું છું તે કહું છું.

દેહાધ્યાસ એટલે શું? દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવવી એટલે શું? એ મુક્તિ શા માટે મેળવવાની ઝંખના કરું છું? અને જો એ ઝંખના સાચી હોય ને મેળવવી હોય તો કેવી રીતે એ મળે? આ ચાર પ્રશ્નો આ વિષયની અંદર સમાયેલા છે. તો હવે દેહાધ્યાસ એટલે શું કે જેમાંથી મુક્તિ મેળવવી છે. અધ્યાસના બે અર્થ થાય છે. એક તો મૂળ વસ્તુ ઉપર ખોટું આરોપણ કરવું, એક વસ્તુ નથી એવી એને માની લેવી એનું નામ અધ્યાસ કહેવાય. અને બીજું, એ વસ્તુ સાથેનો સંગ, આસક્તિ એટલી બધી, એટેચમેન્ટ એટલું બધું થાય, કે એ વસ્તુમય તમે થઈ જાઓ અને બીજું બધું ભુલી જાવ. ત્યારે દેહાધ્યાસ શબ્દ વાપરીએ ત્યારે એક તો એવું ખોટું આરોપણ કર્યું છે કે જે વસ્તુ નથી એને તે છે એમ આપણે માની લઈએ છીએ. એની પાછળની માન્યતા એ છે કે દેહ અને આત્મા ભિન્ન છે, સર્વથા ભિન્ન છે, પણ દેહને આત્મા માની લઈએ, તેનું નામ દેહાધ્યાસ. શ્રીમદે આત્મસિદ્ધિમાં કહ્યું છે. "અથવા દેહ જ આત્મા." એમાં શિષ્ય શંકા કરે છે અને આત્મા જેવી કોઈ વસ્તુ છે નહિ એવો પ્રશ્ન કરે છે. "અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય એ અનુભવથી પણ નહિ, આત્મા નિત્ય જણાય." શિષ્યે શંકા કરી, "અથવા દેહ જ આત્મા અથવા ઈન્દ્રિય પ્રાણ, મિથ્યા જુદો માનવો નહિ જુદું એંધાણ" આત્મા એ જ દેહ છે, દેહ એ જ આત્મા છે અથવા ઈન્દ્રિયો છે. એ જ પ્રાણ છે, અને આત્માનું કોઈ જુદું એંધાણ દેખાતું નથી. માટે મિથ્યા જુદો માનવો. એનો જવાબ આપતા શ્રીમદે કહ્યું કે "ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન; પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન." તલવાર અને એનું ખોખું જેટલાં ભિન્ન છે, તેટલાં જ દેહ અને આત્મા ભિન્ન છે પણ તેં દેહને આત્મા માની લીધો છે, કારણકે તારો દેહાધ્યાસ છે. એટલે કે તને સાચું જ્ઞાન નથી. જો સાચું જ્ઞાન હોત તો આ બંને ભિન્ન છે. એની તને પ્રતીતિ થાત. એટલા માટે તું ખોટું આરોપણ કરે છે કે દેહ અને આત્મા બંને એક જ છે અથવા દેહ એ જ આત્મા છે. પણ હું તને કહું છું કે અસિ અને મ્યાન જેટલાં ભિન્ન છે તેટલા દેહ અને આત્મા ભિન્ન છે. પછી બીજા પદમાં કહ્યું "ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન; પણ તે બંને ભિન્ન છે. પ્રગટ લક્ષણે જાણ." એ બેનાં લક્ષણ જ જુદાં છે અને પ્રગટ લક્ષણ છે; એ પ્રગટ લક્ષણે તને ખાત્રી થશે કે આ બન્ને ભિન્ન છે. એટલા માટે તારે એ દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવવી જોઈએ. એ જે તારું અજ્ઞાન છે એ અજ્ઞાનમાંથી તારે મુક્તિ મેળવવી જોઈએ. જે ખોટું આરોપણ કર્યું છે એમાંથી મુક્તિ મેળવવી જોઈએ. એ મુક્તિ મેળવીશ એટલે તને આત્મજ્ઞાન થશે, તો દેહાતીત દશા તું પ્રાપ્ત કરીશ. આત્મસિદ્ધિનો આ જ વિષય છે. છ પદ લઈને એ સમજાવ્યું છે. આત્મા છે એ પહેલું પદ છે. તો પહેલાં માની લે, આત્મા છે, તેનો સ્વીકાર કર. પછી બીજું પદ તને કહું છું કે આત્મા નિત્ય છે. આત્મા છે, તે નિત્ય છે. કર્તા નિજ કર્મ, (પોતાના કર્મનો કર્તા છે). વળી ભોકતા છે, (એ પોતાનાં કર્મનો ભોકતા છે) મોક્ષ છે, (એમાંથી મુક્તિ મળે છે.) તો મોક્ષ કેવી રીતે મળે? કહ્યું, કે મોક્ષ ઉપાય સુધર્મ. સુધર્મ એ મોક્ષનો ઉપાય છે. દેહાતીત દશા પ્રાપ્ત કરવાને માટે, દેહાધ્યાસમાંથી મુક્ત થવાને માટે, સુધર્મ એ એનો ઉપાય છે, એનો માર્ગ છે. શ્રીમદે જે કહ્યું છે તે બધાનું વિવેચન આજે નથી કરતો. આપણે બધાએ આ છ પદ માની લીધાં છે, કારણકે આપણી પરંપરા છે. પણ હું કેટલીક શંકાઓ કરીશ, કેટલાક પ્રશ્નો કરીશ, કેટલુંક નથી સ્વીકાર્ય એવું પણ કહીશ. તેથી આઘાત ન અનુભવશો, નાસ્તિક નથી. પણ આજે જે સ્થિતિમાં હું છું, અને જેટલી અજ્ઞાનતા એની અંદર ભરી છે એ કોટિએ શું અનુભવ્યું છે અને શું અનુમાન કર્યું છે.

Experience is different from inference અનુભવ અને અનુમાન બે જુદી વસ્તુ છે. તો આપણે બધા માની બેઠા છીએ, સ્વીકાર્યું છે અને કોઈ પ્રશ્ન નહિ કરે કે આત્મા છે? આત્માનો ઈન્કાર કરવાવાળો કોઈ અહીંયા નથી. પણ કોઈ દિવસ પૂછ્યું છે કે આત્મા છે એમ કહીયે છીયે ત્યારે શું What does it mean. What do we understand by it. એ પુછવાની જરૂર જ નથી માની, કારણ કે આપણે માની લીધું કે છે કે આત્મા છે અને અમર છે. કોણે કહ્યું? કયાંથી લાવ્યા? શું છે? શાસ્ત્રમાં કહ્યું છે, સંત પુરુષોએ કહ્યું છે, બધાએ કહ્યું છે, માટે માની લઈએ છીએ. કે આત્મા છે અને અમર છે. પણ આત્મા અમર હોય તો માની લેવું જોઈએ કે પુર્નજન્મ પણ છે. અને જો પુર્નજન્મ છે એમ માની લો તો પૂર્વ ભવ હતો એમ માનવું પડે. તો પુનર્જન્મ અને પૂર્વ ભવ એ બંને શાને લીધે છે, તો માનવું પડે છે કે કર્મથી છે. એટલે કર્મનો સિદ્ધાંત આવ્યો. અને એ કર્મ માની લો તો એ પૂર્વ ભવને પુનરજન્મનું ચક્ર સદાને માટે છે કે એમાંથી કોઈ મુક્તિ છે? તો કહ્યું કે હા એમાંથી મુક્તિ છે, મોક્ષ છે. તો મોક્ષ એટલે શું એ કોને પૂછો તો કહેશે. અનંત-અનંત સુખની લહેરમાં સિદ્ધશીલાના છેલ્લા ભાગને વિષે સિદ્ધ ભગવંતજી બિરાજી રહ્યાં છે એ વર્ણન પ્રતિક્રમણ કરો ત્યારે તમે સાંભળો. મોક્ષ એટલે શું એ તો જેણે મોક્ષ મેળવ્યો હોય તે જ કહી શકે. અથવા તો કેવળી ભગવાન કહી શકે.

આજે હું એમ પુછું છું મારી જાતને કે હું એમ માનું છું કે આત્મા છે, આત્મા અમર છે, પુનર્જન્મ છે, મોક્ષ છે, અને મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ છે, સુધર્મ. આ બધું હું જાણતો હોઉં એમ કહી શકું તો તમે પૂછશો કે શા ઉપરથી એમ કહો છો? તો હું શું જાણું છું અથવા હું અને તમે શું જાણીએ છીએ? એટલું, જાણીએ છીએ કે આ જે પિંડ છે, આજે ચીમનલાલ બોલે છે. તે આ દેહ કરતાં કંઈક ભિન્ન વસ્તુ એમાં રહેલી છે એટલી ખબર છે. એ બીજી વસ્તુ શું છે. એ ખબર નથી. પણ કંઈક અંદર બીજું છે કે જે ઊડી જાય ત્યારે આને (દેહને) બાળી નાંખશે. એટલે અનુભવથી અજ્ઞાની માણસ પણ જાણે છે કે પોતે જે છે. તે કોઈ એવી બે વસ્તુનો સહયોગ છે કે જે વસ્તુઓ પરસ્પરથી ભિન્ન છે. એમ કહેવું હોય તો એમ કહીએ કે જડ ને ચેતનનો સહયોગ છે કે દેહ અને આત્માનો સહયોગ છે. આ માત્ર દેહ નથી, આ દેહ મારો નથી એમ હું કહી શકું. આ દેહને કાપી નાંખવો હોય તો કાપી નાંખો એમ હું કહી શકું. એનાથી હું ભિન્ન છું; હું જુદો છું. એટલું હું કહી શકું. પણ હું શું છું? જે જુદો છે. એ કોણ છે? તે ખબર નથી. એવો સવાલ આપણે પૂછયો જ નથી. બધા કહેતા આવ્યા છીએ, સાધુ મહારાજના વ્યાખ્યાન સાંભળવા બેસીએ ત્યારે આત્માના સ્વરૂપ વિષે એ ઘણું

કર્યે છે અને સ્વરૂપનું વર્ણન સાંભળીને ખૂબ પ્રફુલ્લિત થઈએ, પ્રસન્નતા અનુભવીએ. પણ એ સ્થિતિને પ્રાપ્ત કરવાને શું કરવું તેનો માર્ગ શું, તે બહુ આછા કહે છે. તો હવે આમ માની લઈએ કે આ એક વસ્તુ છે કે જે જડ અને ચેતનનો સંયોગ છે. હવે એ જડ અને ચેતનનો સંયોગ કયાંથી ઉત્પન્ન થયો, શા માટે ઉત્પન્ન થયો, તો કહેશે પૂર્વકર્મથી ઉત્પન થયો. આ આત્મા અનાદિ કાળથી ૮૪ લક્ષ યોનિમાં પરિભ્રમણ કરતો આવ્યો છે, એના કર્મ પ્રમાણે, હવે પછી પણ એવું પરિભ્રમણ એનું ચાલુ રહેશે. પણ કોઈ વિજ્ઞાની તમને એમ કહે કે આ ખોટા વાત છે, આત્મા જેવું કાંઈ નથી. એ કહેશે કે It is mere chemical combination "દેહયોગથી નીપજે, દેહ વિયોગે નાશ.". આત્મસિદ્ધિમાં શિષ્યે આ શંકા કરી છે. Dust thou art, to dust thou returneth માટી છે ને માટીમાં મળી જવાનું છે, બીજું કંઈ જ નથી. ભારતીય દર્શનોની એ વિશેષતા છે કે એ પુનર્જન્મમાં માને છે. ક્રિશ્ચિયાનિટી નથી માનતી, ઈસ્લામ નથી માનતો, બીજા ધર્મો નથી માનતા. અને એ પણ કંઈ અધર્મ નથી, એ પણ ધર્મ છે. ભારતાય દર્શનની જ એ વિશેષતા છે. ભારતીય ત્રણે દર્શનો, વૈદિક, બૌદ્ધ અને જૈન, પુનર્જન્મમાં માને છે, કર્મમાં માને છે અને કર્મ ચક્રને કારણે જીવ ૮૪ લક્ષ યોનિમાં પરિભ્રમણ કરે છે એ પણ માને છે. પણ ક્રિશ્ચિયાનિટી કે ઈસ્લામ, દાખલા તરીકે માને છે કે, આજે મરી ગયા તો કયામતના દિવસે તમે ખડા થશો. On the day of Judgment . ત્યાં સુધી એ તમારી કબરમાં તમે હશો, દટાયેલાં હશો. એ આત્મા અહીંથી બીજો ભવ લે છે, એમ નથી. ક્રિશ્ચિયાનિટી માનતી કે નથી ઈસ્લામ માનતો. એટલે એ કર્મના સિદ્ધાંતને પણ નહિ માને, કદાચ આત્મા અમર છે આમ માને છે, પણ જુદી રીતે. કયામતના દિવસે ભગવાન બોલાવશે, ત્યારે તમારો ન્યાય કરવાને માટે તમે બધાએ ભગવાનની સમક્ષ ખડા થઈ જશો. આવી માન્યતા કરતાં, ભારતીય દર્શનોની માન્યતા વધારે બુદ્ધિપૂર્વકની અને સુસંગત છે એટલું જરૂર કહી શકાય.

હવે પુનર્જન્મ વિષે હું મારી માન્યતા કહું. હું એમ માનું છું કે, પુનર્જન્મ છે. તમે કહેશો કે તમને શું અનુભવ છે. અને શા ઉપરથી કહો છો કે પુર્નજન્મ છે? તો હું એટલું જ કહી શકું કે, હોવો જોઈએ. છે એમ કહેતાં પહેલાં હું એમ કહું છું કે હોવો જોઈએ. તો તમે કહેશો કે હોવો જોઈએ એમ શા ઉપરથી કહો છો? તો હું એમ કહું છું કે જો એ ન હોત તો આ જિંદગીનો તાળો મળતો નથી. આ જિંદગીનો તાળો મેળવવાને માટે આ વસ્તુ સ્વીકારી લેવી જોઈએ, એક હાઈપોથેસીસ તરીકે. જેમ કોઈ વિજ્ઞાની પોતાની શોધખોળ કરવા નીકળે તે એક હાઈપોથેસીસ ઉપર એ કામ કરે છે, તે હાઈપોથેસીસ એને મળી નથી. પણ હાઈપોથેસીસ સ્વીકારીને એ પોતાની રિસર્ચ શરૂ કરે છે ને પછી એમ પુરવાર થાય છે કે, એ વાત સાચી છે. એમ લોજીકનો એક સિદ્ધાંત છે કે What must be and what can be, that is. એમ લાગે કે, અમુક વસ્તુ હોવી જ જોઈએ. પણ એટલાંથી એનો અંત નથી આવતો તે એમ હોઈ શકે છે. It is possible એમ પણ હોવું જોઈએ ને હું એમ કહું કે, ઈશ્વર હોવો જોઈએ, હોઈ શકે છે, અને માટે છે. જો આ જિંદગીનો વિચાર કરીએ ત્યારે મૃત્યુની સાથે જ બધી વાતનો અંત આવી જતો હોય, તો અહીં સારાં નરસાં કોઈ કૃત્યો કરવાની જરૂર જ શું? જે કરવું હોય તે કરોને. ગમે એટલું પાપ કરીને પણ જો એ છૂપાવી રાખી શકાતું હોય, ગમે એટલું પાપ કરીને જે કંઈ જોઈએ છે તે પ્રાપ્ત કરી શકાતું હોય, પરિગ્રહ, મિલકત, સત્તા કીર્તિ - જે કંઈ જોઈતું હોય તે કોઈ કોઈને ખબર ન પડે. એવો હોંશિયાર માણસ હોય કે પોતે જેટલું પાપ કરે છે તેની કોઈને ખબર પડવા ન દે. આપણે એને કહીશું કે, આ ભવે નહિ તો આવતા ભવે ભોગવવું પડશે. અહીં ભલે કોઈને ખાસ ખબર ન પડે, પણ ભગવાનના દરબારની અંદર તારું એ છાનું રહેવાનું નથી, ત્યાં નોંધાઈ જશે. જો એ ન હોય તો સત્કૃત્યો શા માટે કરવાં? ( Why should I do good and why should I be good. ) મારા સ્વાર્થ માટે મને જે જોઈતું હોય તે બધાનું લૂંટી લઉ. What does it matter? એ નથી, લૂંટવું કારણ કે આ બધા તારા જેવા આત્મા છે, એને હાનિ કરીશ તો તને હાનિ થવાની છે. એને દુ:ખ દઈશ તો તને દુ:ખ પડવાનું છે. એ પ્રતીતિ જયાં હોય ત્યાં કર્મનો સિદ્ધાંત આવે છે. એટલે જો આ જિંદગીનો તાળો મેળવવો હોય તો પુનર્જન્મ હોવો જોઈએ એમ કહી શકાય.

[ ક્રમશ: ]

– ચીમનલાલ ચકુભાઇ

# ☆ વિચારનું બળ ☆

પ્રથમ એક ચોખવટ કરી લઉં કે આને કોઈ ઉપદેશ ન સમજે, અને બીજી ચોખવટ એ કરવાની કે આ લખાણ કયાંયથી તફડાવેલું નથી. મનમાં જે સ્ફૂર્યું એ જ લખ્યું છે અને ઉપદેશ એટલા માટે નથી, કારણ આ આપણા સૌની અને વિચારવિનિમયની વાત છે.

વિચારનું બળ કેટલું મોટું છે એના વિષે આપણે કદી વિચારતા નથી અને વિચાર પાછળ જો દઢ મનોબળ હોય તો એવો એક જ વિચાર માણસને વીર બનાવે, મહાવીર બનાવે. અને એવો એક જ માણસનો દ્રઢ વિચાર આખા જગતનો નાશ કરવાને લગતી પણ શકિત ધરાવે છે. ખાસ કરીને આજના આણુયુગના જમાનામાં મહાસત્તાઓના એક પ્રમુખને એવો વિચાર આવ કે અન્ય રાજય પર આણુબોમ્બ કે હાઇડ્રોજન બોંબ ફેંકવો, પરિસ્થિતિ એવી નિર્માણ થઇ હોય, અને તેનો વિચાર દઢ થાય, તે ઓર્ડર કરે-બોંબ ફેંકાય. સામા રાષ્ટ્રનો વિચાર પણ તેનો પ્રત્યાઘાત અવશ્ય પાડે. એના કારણે આણુયુદ્ધ આવી પડે અને સર્વનાશ સજાઈ જાય. એટલે આના ઉપરથી ખ્યાલ આવી શકે છે કે વિચારનું અને તેમાં દઢ વિચારનું બળ કેટલું જબરજસ્ત છે.

તો વાત કહેવાની એ છે કે જયારે ઈશ્વરે માણસને બુદ્ધિ જેવી અલૌકિક વસ્તુનું પ્રદાન કર્યું છે ત્યારે તેણે તેનો સારો ઉપયાગ કરવો જોઈએ. અને ત પોતાના ભલા માટેની જ વાત છે, એમ છતાં દુ:ખની વાત એ છે કે માણસ, ઈશ્વરે પ્રદાન કરેલી બુદ્ધિનો ઉપયોગ વિચાર દ્વારા કરે છે ખરો, પરંતુ નિરર્થક હોય એવા વિચારો તે વધારે કરતો હોય છે.

માણસ વિચાર કર્યા વિના તો એક ક્ષણ પણ નથી રહી શકતો. પરંતુ તે વિચારોમાંના મોટા ભાગના વિચારો માની લીધેલા, ક્ષણિક સુખ માટેના અને સ્વાર્થથી ભરપૂર હોય છે. એમાંયતે આજનો માનવા અર્થ-પૈસા-ની પાછળ એવો આંખો મીંચીને દોડી રહ્યો છે કે જાણે તે જ જીવનની સંજીવની ન હોય? અને એટલે એના અનુસંધાનમાં જ વિચાર કરતો થયો છે. તે એવું નથી વિચારતો કે તે જેની પાછળ દોટ મૂકે છે એ બધા ભૌતિક સુખો-માની લીધેલા સુખો છે. એના દ્વારા કયારેય મનની શાન્તિ મળી શકે નહિ. જયારે માણસ માટે ખૂબ જ અગત્યનું હોય તો તે મનની શાન્તિ છે, માનસિક શાન્તિ છે.

આપણી નજરની સામે, જગતમાં જે સમૃદ્ધ રાષ્ટ્રો છે ત્યાંની પ્રજા પાસે ભૌતિક સુખોનો ગંજ ખડકાયેલો પડયો છે. તેણે માની લીધેલા સુખોમાં તે આળોટે છે એટલી એ સુખોની વિશાળતા છે, એમ છતાં તેને મનની શાન્તિ મળતી નથી. અને મનની શાન્તિ ખોળવા માટે તેઓ વિશ્વભરમાં પર્યટનો કરીને હવાતિયાં મારે છે. હરેરામ, હરેકૃષ્ણની દુનિયાભરમાં શાખાઓ સ્થાપે છે. તેનો વિસ્તાર વધી રહ્યો છે. ઉપદેશાત્મક પુસ્તકો ઢગલાબંધ પ્રગટ કરે છે. એમ. એ. અને પી.એચ. ડી. થયેલા તેના અનુયાયીઓ બુદ્ધિપૂર્વકના પ્રવચનો કરે છે. છતાં તેને આંતરિક શાન્તિના દર્શન થતાં નથી. ખાલી તેનો વસ્તાર અને વિસ્તાર જ વધે છે. બાવાની લંગોટી જેવી જ આ વાત છે.

આપણે ત્યાં પણ શું જોવા મળે છે? માણસ સમૃદ્ધિ મેળવવા પાછળ તેનું અમૂલ્ય જીવન ખર્ચી નાંખે છે. તેને લાડી-વાડી અને અઢળક સંપત્તિ મળે છે, ખૂબ સુખચેનમાં જીવન વિતાવે છે અને છતાં તેને મનની શાન્તિ નથી મળતી ત્યારે તે ઝબકીને જાગે છે અને વિચાર કરતો થાય છે અને પોતાની જાતને પ્રશ્ન પૂછે છે કે આ બધું તો પ્રાપ્ત કર્યું, પરંતુ મનની શાન્તિ કયાં? અને પછી તે, આચાર્ય રજનીશ, માતાજી, સાંયબાબા, સત્ય સાંયબાબા, એવા અનેક બાબાઓનું શરણું શોધીને શાન્તિ શોધવાનો પ્રયત્ન કરે છે, તેનો અનુયાયી બને છે. અને પોતે હવે આધ્યાત્મિકતા તરફ વળ્યો છે, એને લગતું તેણે ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એમ માનતો થાય છે, અને એમ કરીને પોતાના 'અહં'ને પોષતો થાય છે. પરંતુ આમ છતાં પણ તેને ખરી શાન્તિ મળતી નથી. કારણ, સંસારમાં તો તે રચ્યોપચ્યો છે જ, પરંતુ તેના વલણોમાં, તેના સ્વાર્થમાં, અન્ય સાથેના તેના વ્યવહારમાં, લેશ માત્ર ફરક પડેલો નથી હોતો, અને તે ત્યાંનો ત્યાં જ ઊભો હોય છે.

ખરી શાન્તિ મેળવવા માટે માણસે ઉર્ધ્વગામી બનવા માટે ધીરે ધીરે પ્રયત્નશીલ થવું જોઈએ. પોતાના 'અહં'ને ધીરે ધીરે ઓગાળવો જોઈએ, અન્યજનો સાથેનું વર્તન સમભાવપૂર્વકનું હોવું જોઈએ.

અન્યના ખોટાપણા વિશે બેધ્યાન રહીને તેની સારી અને સાચી વસ્તુ પ્રત્યે જ અહોભાવ ચિન્તવવો જોઈએ. સ્વાર્થને પણ ધીરે ધીરે ઓગાળવો જોઈએ. સહૃદયી બનવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ, અને સત્યનો દઢ આગ્રહ રાખવો જોઈએ, આચરણમાં તેમજ વર્તનમાં. અન્યનું બૂરું થાય એવો વિચાર ત્યજવો જોઈએ અને ગમે તેવા સંજોગોમાં પણ સમભાવી થઈને જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સુખ કે દુ:ખ કે ચિન્તા જે આવે તેને મન પર સવાર થવા ન દેવા જોઈએ. જેમ આપણા શરીર પર કયાંકથી ઝેરી જીવડું આવીને ઓચિંતા બેસે અને તેની આપણને માહિતી થાય અને જે ત્વરાથી ઝટકો મારીને તેને આપણે ફગાવી દેતાં હોઈએ છીએ, એટલી જ ઝડપથી આપણે સુખ કે દુ:ખ કે ચિંતાને ફગાવી દેતાં શીખવું જોઈએ કારણ કે તે કર્માધિન કે ઈશ્વર આધીન હોય છે. એટલે તેને મન પર સવાર થવા ન દેવાં જોઈએ. આ બધી ઘણી કઠણ વાત છે. કારણ, વર્ષોનો આપણો મહાવરો જુદો છે. પરંતુ પ્રયત્નથી બધું જ થઈ શકે છે, માણસ માટે કોઈ વસ્તુ અશકય નથી. આમ કરવા પાછળ માત્ર વિચારની દ્રઢતા જ જરૂરી છે.

ઉપદેશો તો ઘણા આપ્યા અને ઘણાં સાંભળ્યા. ધાર્મિક તેમજ આધ્યાત્મિક એવા અસંખ્ય પુસ્તકોનું વાંચન કર્યું. બુદ્ધિનો તો આપણી પાસે ભંડાર ભર્યો પડયો છે. બધું જ આપણે જાણીએ છીએ, સમજીએ છીએ. આપણે એટલું બધું વાંચ્યુ-વિચાર્યું અને સાંભળ્યું છે કે હવે નવું વાંચવા, વિચારવા કે સાંભળવાની જરૂર જ નથી. તેમાં સારું શું અને ખોટું શું તેની તૂલના કરવાની શકિત પણ આપણામાં ભરી પડી છે. પરંતુ દુ:ખની વાત એ છે, કે આપણે બધું જ જાણતા-સમજતા હોવા છતાં આપણે પોતે પોતાની જાતને જ છેતરી રહ્યા છીએ. અને હજુ વધારે વ્યાખ્યાનો સાંભળવા તત્પર રહીએ છીએ. કંઈક નવું જાણવા મળશે એમ સમજીને હજુ પણ વિશાળ વાંચન તરફ ઢળીએ છીએ. પરંતુ જે જાણીએ છીએ તેનો અમલ કરતા નથી, જે કરવા જેવું છે તે કરતા નથી. આમ કરવું અતિ આવશ્યક છે, પરંતુ તેમ કરવું ભારે કઠણ છે, થઈ શકતું નથી. યમરાજાના પહેરેગીરો દ્વારની સામે ઊભા હોય છે એટલી ઉમ્મરે પણ, બધું જાણતા હોવા છતાં પણ લાચારીથી કહીએ છીએ કે એ મારાથી થઈ શકતું નથી.

માણસ કેટલું બધું વિચિત્ર પ્રાણી છે? ઉપરની બધી વાત તે જાણે છે. તેનો અમલ કરવાથી તેનું જીવન અવશ્ય ઉર્ધ્વગામી બની શકે તેમ હોય છે. એવો સીધો અને સરળ રસ્તો તેની નજરની સામે સ્પષ્ટ હોવા છતાં તે તેમ કરવા પ્રયત્ન નથી કરતો અને સીદીભાઈના ડાબા કાનની જેમ તે ઊંધો રસ્તો પકડે છે. તે હીમાલય જાય છે, આશ્રમમાં જાય છે, કપડા બદલીને સાધુ-સાધ્વી કે સંન્યાસી થાય છે અને એમ કર્યા પછી પણ તેનો માંયલો તો એનો એ જ વળગણવાળો હોવાથી તે ત્યાં નવો સંસાર ઉભો કરે છે. ત્યાં પણ ગમા-અણગમા, મારું-તારું, સાચું-ખોટું, ભયંકર સ્વાર્થ બુદ્ધિ, વેર-ઝેર, આ બધું, ચાલુ જ હોય છે. તે પોતાની જાતને અને જગતને ખુલ્લે આમ છેતરે છે. એમ છતાં પોતે અને તેના અનુયાયીઓ તેને મહાત્મા કહે છે પૂજે છે. સામાના અહંને પોષે છે અને પોતે ભયંકર રીતે છેતરાતો હોવા છતાં, તેનો આનંદ માણે છે. વિચિત્ર અને દ્વિધામય છે આજના માનવીની સ્થિતિ?

આ રીતે ખુલ્લી નજરે જગતનાં અને તેમાં વસતા માનવીના દર્શન કરીએ છીએ ત્યારે મનમાં વિષાદ જન્મે છે. સામાન્ય સમજણના માનવીઓ તો તેને મનુષ્ય જન્મ શેના માટે મળ્યો છે તેનો વિચાર સુદ્ધા કરવાની સ્થિતિમાં નથી. પરંતુ કહેવાતા બૌદ્ધિકોની પણ આવી જ સ્થિતિ જોવા મળે છે ત્યારે નિરાશા જન્મે છે અને મનમાં પ્રશ્નોની પરંપરા જાગે છે કે આમ કેમ? એનો જવાબ નથી મળતો. આપણે સ્વાર્થમાં એટલા બધા અંધ બન્યા છીએ કે પોતાના સાચા સ્વાર્થને પણ નથી સમજી શકતા અને જે થોડા ઘણા સમજી શકે છે તે નથી આચરી શકતા. અને અનેક જન્મોના ફેરા ફરવાનું ચાલુ જ રહે છે. હા, કોઈ રમણ મહર્ષિ, કે કોઈ શ્રીમદ્ રાજચન્દ્ર જેવી વિભૂતિઓ પાકે છે, કે જેમણે દેહાધ્યાસમાંથી મુકિત મેળવી હોય. પરંતુ એની સંખ્યા કેટલી? માટે માણસે વિચારનું બળ કેળવવું જોઈએ, સતત ચિન્તનશીલ રહેવું જોઈએ, આંતરદર્શન કરવાની ટેવ પાડવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ, અડધો મણ ઉપદેશમાં ડૂબવા કરતા અધોળ આચરણના દરિયામાં તરતા શીખવું જોઈએ. માણસ સ્વસ્થ ચિત્તે, શાંતિથી વિચાર કરે તો તેના પોતા માટે શું હિતકારી છે તેનો જવાબ તેને પોતાને તેનો માંહ્યલો જ આપશે! કોઈને પ્રશ્ન પૂછવા જવાની જરૂર નથી રહેતી કે પોતા માટે સારું શું છે. જરૂરી છે! ફકત સાચા વિચારની, દઢ મનોબળની અને ત્યાર બાદ આચરણની. વિચારના બળ વિષે લખવાનો વિચાર આવ્યો, લખવા બેઠો, જે સ્ફૂર્યું તે લખાયું તે આપની સમક્ષ રજૂ કર્યું છે. આ લખાણ કોઈ અંશમાં પણ કોઈના જીવનને સ્પર્શ થશે તો મારી મહેનત લેખે લાગશે.

શાન્તિલાલ ટી. શેઠ

## તારું મારું સૂર્ય ફૂલ

(મરાઠી કવિતા)

તારું મારું એક સૂર્ય ફૂલ.
કોઈક સૂર્ય ફૂલ જેવી આપણી જિંદગી
સૂર્યસ્તોત્ર થઈ જાય.

તારો હાથ છે મારા હાથમાં,
હવે આ રસ્તો કપરો નહીં લાગે,
આ અનાદિ અંત રસ્તો
અને આપણે બે જ
હાથ ગૂંથેલા.

## તું એકલી નથી

(મરાઠી કવિતા)

ચંદ્ર
મને અહીં જુએ છે,
તને ત્યાં જોતો હશે...
તું એકલી નથી
એમ મારે કહેવું છે

**વસંત ડહાકે : જયા મહેતા**

## ❊ પ્રેમળ જ્યોતિ ❊

ગતાંકમાં આપેલ અહેવાલના આધારે અંધેરીના હાજી અલારખીયા આશ્રમને સાડલા ખરીદીને ભેટ આપવા માટે ભાવનગરથી એક બહેને રૂા. ૧૫૧) નો ચેક મોકલ્યો તે માટે તેમનો આભાર.

શ્રીયુત મનુભાઈ રાયચંદ સંઘવી તરફથી દવાઓ માટે બીજા હપ્તાના રૂા. ૫૦૦/– મળ્યા છે. તે માટે અમો તેમના આભારી છીએ.

આથી વિનંતી કરવામાં આવે છે કે સાડલાઓની ખાસ જરૂર છે, તો જેમની ઈચ્છા હોય તે સંઘના કાર્યાલયમાં સાડલા મોકલી આપે.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલય મંત્રી

## સંઘના આજીવન સભ્ય
## શ્રી રમેશચંદ્ર ચુનીલાલ લાલન પીએચ. ડી. થયા

સંઘના આજીવન સભ્ય શ્રી રમેશચંદ્ર ચુનીલાલ લાલને "દંડ નીતિ અને જૈન આગમ" (Penology અને jain Scriptures)" વિષે તૈયાર કરેલ મહાનિબંધને મુંબઈ યુનિવર્સિટીએ પીએચ.ડી. ની ડિગ્રી માટે માન્ય રાખ્યો છે. એમણે આ શોધ નિબંધ ન્યુ કૉલેજના આચાર્ય ડૉ. પી. ડબલ્યુ. રેગેના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. માનવી ગુના કરે છે. તેના કારણોમાં કર્મ, તત્ત્વજ્ઞાનનો ફાળો અને માનવી ગુના કરતો અટકે તે માટે સંવરનો ઉપાય મહાવ્રત અને અણુવ્રત મારફત સૂચવીને સમાજશાસ્ત્રીઓ, કેળવણીકારો અને ન્યાયાધિકારીઓનું આ દિશામાં ધ્યાન ખેંચવાનો આ મહાનિબંધદ્વારા પ્રયાસ કર્યો છે. શ્રી લાલન વ્યવસાયે મુંબઈમાં પોલીસ પ્રોસીક્યુટર છે. એમની સફળતા માટે હાર્દિક અભિનંદન!

## 'ઓક્સફર્ડ'માંથી

'પૃથિવી તણું ભર્ગ, - ભૂષણ,
સદીઓ - ઊજળું શાન્તતીર્થ આ
ડગલે - ડગલે મહેકતી
કઈં વિદ્યાતપસીની સાધના.
ભમું યાત્રિક આત્મતીર્થનો
લઘુ શા આચમનેય તૃપ્ત હું.

'૫,૧૬'માંથી'

'ઘડિયાળ – ત્રિકાળનું મુખ
મૃત ભાસે અહીંયાં ભલે, કવિ,
ધરતું જ ત્રિકાળનું ઉર
ચિરમુદ્રા શુભ નામની તવ.'

છેલ્લે પશ્ચિમની જિજ્ઞાસા અને ઊંડી અધ્યયનશીલતાનું દૃષ્ટાંત અવતારીશ. તા. ૯-૫-૭૯ એ યુ. કે. ના હાઈ કમિશનર માનનીય શ્રી એન. જી. ગોરે દ્વારા રાત્રે ૮-૦૦ વાગ્યે ઑક્સફર્ડ યુનિવર્સિટી કૉલેજમાં 'Indian Thought and Literature' વિષે મારું પ્રવચન ગોઠવાયું હતું. દોઢેક કલાક હું બોલ્યો હોઈશ. મેં મારા પ્રવચનમાં એવું કહ્યું હતું કે, શંકાશીલ અવસ્થામાં હેમ્લેટ મૃત્યુ પામે છે ત્યારે અર્જુન ભક્તિયોગથી કૃષ્ણને ચરણે બધું સમર્પિત કરી દઈને તરી જાય. છે. યુરોપ - અમેરિકામાં પ્રવચનને અંતે પ્રશ્નોત્તરીનો રિવાજ છે. હું બોલીને બેસી ગયો. ફિલોસોફી ડીપાર્ટમેન્ટના એક સ્કોલરે અત્યંત નમ્રતાથી મને પ્રશ્ન કર્યો કે, પ્રૉફેસર, આપે હેમલેટ અને અર્જુન વિષે જે વિધાન કર્યું છે તે આપને ફરી વિચારવા જેવું લાગે છે? હું તો સમજું છું કે, હેમ્લેટનું મૃત્યુ ઉત્તમ પ્રકારનું છે, કારણ કે હેમ્લેટ જીવન વિષેની સતત સમજણ કેળવવાની પ્રક્રિયામાં મૃત્યુ પામે છે. આપને કેમ લાગે છે?" મારો મુદ્દો. એને ગળે ઉતારવા મેં ઠીક ઠીક પ્રયત્નો કર્યાનું મને સ્મરણ છે. એ સમજ્યો કે નહિ તેની મને ખબર નથી. પણ હું ઑક્સફર્ડમાંથી જરૂર ઘણું શીખીને આવ્યો. કેટલું નવું અને અર્થપૂર્ણ મર્મોદ્ઘાટન! કેટલી નમ્રતા! અને કેટલી પ્રબળ જિજ્ઞાસા!

યુરોપ - અમેરિકાની કેળવણીનો મારો એ જ અનુભવ કાયમ રહ્યો છે: નિષ્ઠા અને વિજ્ઞાસા!

ભારત આવ્યા પછી ય ત્યાંના તીર્થધામો સમાં વિદ્યાધામોમાં મન ગોચરી કરતું રહે છે. ડૉ. આલોકરંજન દાસગુપ્તાએ હાઈડલબર્ગના કિલ્લાની દુકાનમાંથી ત્રણ ચિત્રો ભેટ આપ્યાં હતાં. તેમાંનું ('I lost my heart in Heidelberg') ની કવિતાવાળું જોતો બેઠો છું. ચિત્રમાં નીચે નેકાર નદી ને તેનો પુલ છે. તે ઉપરવાસમાં કિલ્લો છે. નીચે સંગીતલિપિનું ચિત્ર અને મોતી જેવું ગીત છે. :

Wherever I may wander far over land and sea,
In all the wide world over There's just one place for me,
Where love is forever calling, And life is a dream divine,
Where I whisper'd low in the long ago,
With your heart close to mine:
Tho 'Far away I roam, dear, wherever I may be,
When I am sad and lonely Your voice still calls to me
And soon I will be returning to tell you I love you so,
Then no more we'll sigh As in days gone by
For in my heart I know:
Refrain : I lost my heart in Heidelberg to you, dear,
Beneth the blue of Summer Skies,
I lived again and all the world seemed new, dear.
I saw the love light shining in your eyes;
We were so happy hand in hand together,
And now I know whatever I may do,
The road I tread can only lead me back, dear,
To Heidelberg again and you.

થયા કરે છે: ફરી ફરીને તમારી કને આવીશ, પ્રિય હાઈડલબર્ગ ઑક્સફર્ડ, વૉશિંગ્ટન, વિયેના!

– યશવંત ત્રિવેદી

## શિવસંકલ્પ

માણસનું મન અદ્દભૂત છે. તે સતત વિચારતું રહે છે. ઊંઘમાં સ્વપ્ન રૂપે, જાગૃતિમાં સંકલ્પ વિકલ્પ રૂપે સારા અને ખરાબ વિચારોનું આવાગમન ત્યાં ચાલે છે. આ મનને શાંત રાખવું જોઈએ. તેને બંધન અને મુક્તિના વિચારોથી મુક્ત (Free) રાખવું જોઈએ. શી રીતે? બાળપણથી જ મનને કેળવવાની રીતસરની તાલીમ લેવી જોઈએ. માણસનું મન અતિ ચંચળ - વાંદરા જેવું છે. સતત કૂદાકૂદ કરતું રહે છે. એક વસ્તુ વિષય કે સ્થળને ચોંટી રહેવું તો નથી. તેને ઈચ્છા, વાસના, દ્વેષ અને અહંકારાદિના વળગણો છે. રસ્તે ચાલ્યો જતો માનવી, તેની નજર દુકાનના શો કેઈસમાં રહેલા ગુલાબજાંબુ પર ચોંટાડે છે. મોઢામાં જીભને સળવળાટ પેદા થાય છે. હાથ ખિસ્સામાં પહોંચી જાય છે. અને પગ દુકાન નજીક. ઘડીના છઠ્ઠા ભાગમાં તો પેલું ગુલાબ જાંબુ 'હોજરીવાસી' બની જાય છે. આ છે મનની ચંચળતાનું ઉદાહરણ. ખરેખર પેલા ચાલ્યા જતા માનવીને ભૂખ લાગી હોતી નથી. ખાવાનો ઈરાદો કે વિચાર પણ નથી હોતો. પણ 'દૃષ્ટિદોષ' મનને નડે છે. આ જ રીતે સુંદર યુવતીને જોવાથી પણ મન વાસના - કામના ભણી હડસેલાય છે. પરંતુ, ગુલાબજાંબુ અને ગુલાબના ફૂલ જેવી પેલી યુવતી વચ્ચે આસમાન જમીનનો તફાવત મન નોંધે છે. કઈ વાસના સંતોષવી અને કઈ સંતોષ્યા વગરની રાખવી તે તરત જ બુદ્ધિ નક્કી કરી દે છે. મનની મદદે બુદ્ધિ આવે છે, આ કરવું કે ન કરવું? તે નક્કી કરવાનું કામ મન બુદ્ધિ ઉપર છોડી દે છે. શું કરવાથી સારું થાય અને શું કરવાથી ખરાબ થાય - પોતાનું અને જગતનું; એ વિષે માનવીનું મન સતત વિચારતું રહે છે. આ અર્થમાં મનનું ઉર્ધ્વીકરણ (Sublimation) કરવું અત્યંત જરૂરી છે. એકવાર જે દિશામાં જવાની મનને ટેવ પડશે તે પછી કાયમ માટે ચાલુ રહેશે. જીવનમાં ડગલે ને પગલે નિર્ણય લેવાની ઘડી આવી પહોંચે છે. શ્રેય અને પ્રેય વચ્ચે પસંદગીની પળ આવી પહોંચે છે: ત્યારે મન કોની પસંદગી કરે છે તેના ઉપર તેના ભાવીના નિર્માણનો આધાર રહેલો હોય છે. એકવાર દિશા પકડયા પછી મન સ્વાભાવિક રીતે જ એ દિશામાં પ્રયાણ કરતું થાય છે. તેથી તો શાસ્ત્રોમાં કહ્યું છે, કે મન શિવસંકલ્પ કરતું થાય તે જોવું. સંકલ્પ ખરો, પણ કલ્યાણકારક; કલ્યાણ શબ્દ ખૂબ જ વ્યાપક છે. જગતના કલ્યાણમાં જ વ્યક્તિનું કલ્યાણ સમાયેલું છે. સત્ય દિશા, શિવસંકલ્પ અને સુંદરફળ ત્રણેનો સંગમ રચવો જોઈએ, એ ક્યારે રચાય? જ્યારે માનવીમાં મન, વચન અને કર્મની એકતા સ્થપાય ત્યારે. મનના વિચાર સાથે જીભથી ઉચ્ચારાયેલા શબ્દોનો મેળ બેસે તો જ હાથપગ સત્કર્મ તરફ વળે, અન્યથા નહીં. આ માટે સતત જાગૃતિ સાથે સખત પરિશ્રમ આવશ્યક છે. મનને વિવિધ અનુભવોમાંથી પસાર થતું રાખવું, સારા માઠા પ્રસંગો, અને એના દ્વારા પ્રાપ્ત થતું ખડતલપણું મનની શક્તિને વધારે છે. જે મન મુશ્કેલીમાંથી માર્ગ કાઢતું રહે છે તે કસાય છે, ટેવાય છે. વિપદ, દુ:ખો એ મનનો, મનને ભાવતો ખોરાક છે. મનને ક્યારેય નવરું પડવા દેવું ન જોઈએ. નવરા મનમાં ખરાબ વિચારો પ્રવેશે છે. સત્ કર્મમાં રચ્યું પચ્યું રહેતું મન સક્રિય રહે છે. વિચારે ચડેલું મન એ ઝડપથી દોડી જતાં વાહન જેવું છે. જ્યારે મન ગતિશીલ હોય ત્યારે તેના 'હેન્ડલ' ઉપર હાથની અને 'બ્રેક' ઉપર પગની પકડ મજબૂત હોવી જોઈએ, જો તે ન હોય તો અકસ્માત થાય! મનનો અકસ્માત! શરતચૂક જેને અંગ્રેજીમાં (Absenc of mind) કહે છે. ઘણીવાર માણસ સ્થૂળ રીતે હાજર હોવા છતાં મનથી ખોવાઈ ગયેલો માલમ પડે છે. અથવા તેનું મન શરીરને એક બાજુ મૂકી પોતે એકલું ફરવા ઊપડી ગયેલું દેખાય છે. માટે તો મન દઈને કરેલા કર્મનું મહત્ત્વ વિશેષ છે. મનથી –આત્માથી થતું કાર્ય દીપી ઊઠે છે.

આમ, આપણે જો આપણા મનને યોગ્ય દિશામાં વાળી જગતનું કલ્યાણ કરવામાં નિમિત્ત બની શકીએ તો એ બહુ મોટું કામ થયું ગણાય. મનનો સંયમ અદ્દભૂત છે. મન ઉપર આત્માનો કાબુ

Regd. No. MH. By South 54
Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૫

મુંબઈ, ૧૬ ડિસેમ્બર ૧૯૭૯, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## આગામી ચૂંટણી: મત કોને આપીશું ?

ચૂંટણીનો તખતો ગોઠવાઈ ગયો છે. ચૂંટણીનો આદેશ આપતું જાહેરનામું રાષ્ટ્રપતિએ પ્રસિદ્ધ કર્યું છે. વિવિધ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોની પસંદગી કરી લીધી છે. ઉમેદવારી પત્રકો ભરાઈ ગયા છે. ચૂંટણી ઝુંબેશ શરૂ થઈ છે.

લોકોમાં ઘેરી ચિન્તા છે. ચૂંટણીનું પરિણામ શું આવશે? ચૂંટણી પછી પરિસ્થિતિ શું હશે? વર્તમાન અસ્થિરતા ચાલુ રહેશે?

આઝાદી પછી છ સામાન્ય ચૂંટણીઓ થઈ. માર્ચ ૧૯૭૭ ની પરિસ્થિતિ અને ચૂંટણી અભૂતપૂર્વ હતી. છતાં, આ ચૂંટણી સમયે મતદાર મુંઝવણ અનુભવે છે એવી મુંઝવણ પહેલાં કોઈ વખત અનુભવી નથી. મત આપવો કે નહિ, આપવો તો કોને આપવો, એનો નિર્ણય સહેલાઈથી થઈ શકતો નથી. મતદાર જાગૃત છે, વિચાર કરે છે, ચર્ચા કરે છે, જાહેર વિવાદ ચાલે છે, વર્તમાનપત્રો કાળજીપૂર્વક વાંચે છે. પણ કાંઈ સ્પષ્ટતા થતી નથી. આમાં મતદારનો દોષ નથી. બધા રાજકીય પક્ષો અને તેની આગેવાન વ્યકિતઓએ, માત્ર પોતાના સ્વાર્થ અને સત્તા લાલસાનું તાંડવ ખેલ્યું છે. પ્રજાને કોઈનો વિશ્વાસ રહ્યો નથી. જાહેર જીવન કોઈ દિવસ આટલું નીચું ઊતર્યું ન હતું.

આવા સંજોગોમાં શું કરવું?

કેટલીક સ્પષ્ટતા શરૂઆતમાં કરી લઈએ. કેટલાક લોકો એમ કહે છે કે કોઈને મત ન આપવો. આવું નકારાત્મક વલણ હાનિકારક છે. મતદાન ઓછું થાય તેનો લાભ ઈન્દિરા ગાંધીને જ મળવાનો. વિકટ સંજોગોમાં પણ પોતાની ફરજ ચુકાય નહિ; નિર્ણય કરવો જ રહ્યો.

સર્વોદયના કેટલાક ભાઈઓ લોકઉમેદવારની વાતો કરે છે. ક્યાંયથી લોકઉમેદવાર ઉભા કરી શક્યા નથી. ગુજરાતમાં પ્રયત્ન કર્યો તે પણ છોડી દેવો પડયો લોકઉમેદવારની કલ્પના શક્ય અને આવકારદાયક હોય તો પણ બહુ મોડા જાગ્યા છે. લોકઉમેદવારની વાતો કરી, મતદારોને ગૂંચવણમાં નાખવા નહિ.

કેટલાક લોકો કહે છે કે કોઈપણ પક્ષમાં સારા અને પ્રમાણિક માણસો હોય તેવાને મત આપવો. સંસદીય લોકશાહીમાં પક્ષની અવગણના થઈ શકે નહિ. આ લોકશાહી પક્ષીય લોકશાહી છે. It is Party Government માટે ક્યા પક્ષને સત્તા સોંપવી છે તે નિર્ણય કરવો જોઈએ. પછી તે પક્ષને બહુમતી મળે તેમ કરવું જોઈએ. પક્ષનો નિર્ણય કરીએ ત્યારે પણ તે પક્ષના નેતા કોણ છે તે લક્ષમાં લેવું જોઈએ. જે પક્ષને બહુમતી મળે તેના નેતા વડાપ્રધાન થાય. એટલે, વાસ્તવમાં, આ ચૂંટણી નેતાની, વડા પ્રધાન પદ માટેની છે. જે પક્ષને સત્તા સોંપવી ન હોય અને જે વ્યકિતને વડા પ્રધાનપદે મૂકવા ન હોય, તે પક્ષના કોઈ ઉમેદવારને મત ન જ અપાય, પછી તે પક્ષમાં કોઈ વ્યકિત સારી અને પ્રમાણિક જણાતી હોય તો પણ તેને મત ન જ અપાય. એવી વ્યકિત કોઈ હોય તો ભૂલથી તે પક્ષમાં ગઈ છે, અથવા સારી અને પ્રમાણિક લાગે છે પણ ખરેખર નથી અને સ્વાર્થથી એવા પક્ષમાં ગઈ છે એમ માનવું રહ્યું. ખરેખર સારી અને પ્રમાણિક વ્યકિત હોય તો તેને સમજાવી એવો પક્ષ છોડાવવો જોઈએ અને ન માને તો હરાવવી જોઈએ.

સમગ્રપણે વિચાર કરતાં, જે પક્ષ સત્તા ઉપર આવે તેમ આપણે ઈચ્છતા હોઈએ તેના ઉમેદવારોને સફળ બનાવવા જોઈએ. તે પક્ષને સ્થિર સરકાર રચી શકે તેટલી બહુમતી મળે તેમ કરવું જોઈએ. પક્ષ ઉમેદવારો પસંદ કરે તે બધા સારા અને પ્રામાણિક હોતા નથી. ઉમેદવારોની પસંદગીમાં પક્ષો પૂરી કાળજી રાખવી જોઈએ. પણ વર્તમાન સંજોગોમાં તે ઘણું દુષ્કર છે એ હકીકત છે. તેથી કેટલુંક નિભાવી લેવું પડે. તો પણ, આપણે ટેકો આપવા ઈચ્છતા હોઈએ એવા પક્ષે પણ, જાણીતી રીતે અપ્રમાણિક હોય કે નાલાયક હોય તેવી કોઈ વ્યકિતને ઉમેદવાર તરીકે પસંદ કરી હોય તો તેવી વ્યકિતને મત ન આપવો. પણ આવા કિસ્સાઓ બહુ જ થોડા હોય તેમ સમજી લેવું.

અપક્ષ ઉમેદવારોમાં, સારા, પ્રમાણિક અને કુશળ વ્યકિતઓ હોય– માવલંકર જેવી–તો તેને ટેકો આપવો. આવી ૨૫-૩૦ વ્યકિતઓ લોકસભામાં હોય તે આવકારદાયક છે.

હવે પક્ષોનો વિચાર કરીએ. વર્તમાનમાં, આપણા દેશની દુર્દશા એ છે, કે રાજકીય જીવન ઘણાં પક્ષોમાં વિભાજીત થઈ ગયું છે. સંસદીય લોકશાહીમાં બે સબળ પક્ષો હોય ત્યાં જ આવી લોકશાહી સફળ થાય છે. આ દષ્ટિએ જોઈએ તો અત્યારે ત્રણ મુખ્ય પક્ષો ગણાય. એક, લોકદળ-કોંગ્રેસ (જો તે એક ગણાતા હોય તો), બીજો, જનતા પક્ષ અને ત્રીજો ઈન્દિરા કોંગ્રેસ. પણ તે સિવાય અનેક પક્ષો છે. સામ્યવાદી-બેપક્ષો-, અકાલી, એડી.એમ કે, ડી એમ કે, રીપબ્લીકન, કેટલાક પ્રાદેશિક પક્ષો, મુસ્લીમ લીગ વિગેરે. આ બધા પરચૂરણ પક્ષોમાં સામ્યવાદી-સી. પી. એમ. વધારે સંગઠિત અને પશ્ચિમબંગાલ, ત્રિપુરા અને કેરલમાં વધારે લાગવગ ધરાવે છે. ત્રણ મુખ્ય પક્ષો સિવાયના બીજા બધા પક્ષો અને અપક્ષો મળી, વધુમાં વધુ, ૧૦૦ બેઠકો લઈ જાય એમ માનીએ. આવા પક્ષોનો મતદાર વર્ગ પોતાના પક્ષને જ મત આપવાનો. તેમને માર્ગદર્શનની જરૂર નથી.

હવે બાકી રહ્યા ત્રણ મુખ્ય પક્ષો અને તેના ત્રણ આગેવાનો, ચરણસિંહ, જગજીવનરામ અને ઈન્દિરા ગાંધી. આ ત્રણે પક્ષોમાં કોમવાદ અને જ્ઞાતિવાદ ભરપૂર છે. ઉમેદવારોની પસંદગી મોટે ભાગે આ ધોરણે થઈ છે. સંસદીય લોકશાહી અને તેનું અવિભાજ્ય અંગ ચૂંટણી આપણા દેશમાં આવી ત્યારથી સૌથી મોટું દુર્ભાગ્ય જ્ઞાતિવાદ અને કોમવાદ ખૂબ ફૂલ્યો-ફાલ્યો તે છે. આ સહસ્રફણા ઝેરી નાગને નાથી શક્યા નથી એટલું જ નહિ પણ એક ફેણ કાપો તો દસ ઊગે એવી દશા છે.

આ જ્ઞાતિવાદ અને કોમવાદ ઉપરાંત, લઘુમતીઓ,-મુસલમાનો. ખ્રિસ્તીઓ, હરિજનો, પછાતવર્ગો, આદિવાસીઓ– આવા વર્ગોનું મહત્ત્વ વધી ગયું છે અને રાજકીય પક્ષોએ ઈરાદાપૂર્વક વધાર્યું છે. આ ઝેર, જ્ઞાતિવાદ જેટલું જ, કદાચ તેથી વિશેષ, પ્રસરતું જાય છે, તેને ઉત્તેજન મળે છે. લઘુમતીઓનું રક્ષણ કરવું, તેમનાં હિતો જાળવવા, એ આપણી ફરજ છે. પણ લઘુમતીની શિરજોરી થાય, તેને બહેકાવવામાં આવે, તેમના મતો મેળવવા તેમને વધારે પડતી લાલચો આપવામાં આવે, તેમની મહત્ત્વાકાંક્ષાઓ આસ્માને ચડાવાય અને બહુમતીને લઘુમતી બનાવવાનો પ્રયત્ન થાય ત્યારે સ્ફોટક પરિસ્થિતિ પેદા થાય, દેશની એકતા અને સલામતી જોખમાય.

જનસંઘ અને રાષ્ટ્રીય સ્વયંસેવક દળ ઉપર આરોપ છે, કે તે કોમવાદી છે. વાત સાચી છે. તેમનામાં હિન્દુત્વની ભાવના છે. અન્ય કોમોના હિતને નુકસાન કરી, હિન્દુ રાજ સ્થપવાની મહાત્વાકાંક્ષા હોય તો તે સર્વથા હાનિકારક છે. હરિજનો, પછાત વર્ગો કે આદિ-

વાસીઓ માટે આ પ્રશ્ન ઊભો નથી થતો. તેમનો પ્રશ્ન આર્થિક અને સામાજિક છે. તેમાનાં મોટા ભાગના હિન્દુ છે. હિન્દુઓમાં ગરીબ-તવંગરના ભેદ છે જ.

આ પ્રશ્ન મુખ્યત્વે મુસલમાનો અને ખ્રિસ્તીઓ માટે ઊભો થાય છે અને તેમાં પણ મુસલમાનો માટે. મુસલમાનોને રાજકીય પક્ષો તરફથી ઉત્તેજના થઈ રહી છે. અને હવે તેઓ કાંઈક આક્રમક થઈ રહ્યા છે. આ ઉત્તેજના કરવામાં સૌથી મોટો ફાળો ઈન્દિરા ગાંધીનો છે. પોતે બિન સાંપ્રદાયિક-સેકયુલર-હોવાનો દાવો કરે છે જયારે હકીકતમાં મુસલમાનોને ઉશ્કેરવામાં તેઓ અગ્રસ્થાને છે. જનસંઘ ઉપર આરોપ કરે છે તેના કરતાં કોમવાદનું ઝેર ઈન્દિરા ગાંધી વધારે ફેલાવે છે.

જુમા મસ્જિદના શાહી ઈમામને અને ઈન્દિરા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં મુસલમાનોને જે પ્રકારની લાલચો અને બાંહેંધરીઓ આપવામાં આવી છે તેથી ઉત્કૃષ્ટ પ્રકારનો કોમવાદ પેદા કરે છે. મક્કામાં મસ્જિદ ઉપર ત્યાંના ધર્મ ઝનુનીઓએ હુમલો કર્યો તેમાં કલકત્તા તથા હૈદ્રાબાદમાં તોફાનો થયા. કલકત્તાના તોફાનોમાં ઈન્દિરા કોંગ્રેસની ઉત્તેજના હતી. આસામમાં લાખો મુસલમાનો બંગલા દેશમાંથી ઘૂસી ગયા છે. અને દક્ષિણ આસામમાં તો બહુમતી આવા મુસલમાનોની થઈ છે. તેમનાં નામો મતદાર યાદીમાંથી રદ કરવા આસામીઓ લડત કરે છે તેમાં ઈન્દિરા ગાંધીએ આ મુસલમાનોના 'હકો'ને ટેકો આપ્યો. મુસલમાની આક્રમણનું મોટું મોજું, તુર્કીથી ઈન્ડોનેશિયા સુધી, દુનિયા ઉપર ફરી વળ્યું છે. તેવે સમયે, ચૂંટણીમાં મત મેળવવા, ભારતના છ કરોડ મુસલમાનોની ઉત્તેજના કરવી દેશદ્રોહ છે. મુસલમાનો જાણે ભારતમાં જુદી પ્રજા હોય એવો ભાવ ફરી પેદા થઈ રહ્યો છે. જનતા પક્ષમાં જનસંઘ છે તેનાં કરતાં આ વધારે મોટો ભય છે. છેવટ, આ દેશમાં, હિન્દુઓની બહુમતી છે એ બહુમતીને લઘુમતીમાં ફેરવી શકાય તેમ નથી. લઘુમતી પ્રત્યે બહુમતીની ફરજ છે તો બહુમતી પ્રત્યે પણ લઘુમતીની ફરજ છે.

હવે ત્રણ મુખ્ય પક્ષોનો વિચાર કરીએ. લોકદળ- અને અર્સ કોંગ્રેસના જોડાણમાં ભંગાણ પડી ચૂકયું છે. આ જોડાણ-અનહોલી એલાયન્સ-તકવાદી હતું અને ટકે તેમ હતું જ નહિ. કોંગ્રેસને ઈન્દિરા ગાંધીએ ખતમ કરી છે. રહ્યાસહ્યા કોંગ્રેસીજનો ચૂંટણી પછી, એક અથવા બીજા પક્ષે જશે. તે જ હાલ લોકદળના થવાના છે. ચરણસિંહના જીવનની એક જ મહત્ત્વાકાંક્ષા હતી—વડા પ્રધાન થવાની, દેશ સેવા કરવાની નહિ. તે માટે તેમણે જનતા પક્ષને તોડયો. તેમાં ઈન્દિરા ગાંધીનો સાથ મળ્યો. ઈન્દિરા ગાંધીએ સ્પષ્ટ કહ્યું છે કે મોરારજી સામે ચરણસિંહને વડા પ્રધાન થવા ટેકો આપવામાં તેમનું એક જ ધ્યેય હતું, જનતાપક્ષ તોડવાનું. ચરણસિંહને અંદરથી જનતા પક્ષ તોડવામાં રાજનારાયણ અને મધુ લિમયેનો સાથ મળ્યો. જયોર્જ ફર્નાન્ડીઝ અને બહુગુણા જેવા પોતાના પક્ષને બેવફા થયા. આવા પક્ષને, લોકદળ કે અર્સ કોંગ્રેસના કોઈ ઉમેદવારને, મત આપવો, મત વેડફી નાખવાનો છે. લોકદળ, કે અર્સ કોંગ્રેસ, ચૂંટણી પછી કાં તો તૂટી જશે અથવા જે કોઈ ચુંટાયા હશે તે સોદાબાજી કરશે.

હવે રહે છે મુખ્ય બે પક્ષ : ઈન્દિરા કોંગ્રેસ અને જનતા પક્ષ. ખરો મુકાબલો આ બે પક્ષ વચ્ચે છે. કોંગ્રેસ (આઈ) એટલે ઈન્દિરા ગાંધી. આ કોંગ્રેસનાં ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે.

The Indian National Congress-I is the only Party and Smt. Indira Gandhi is the only leader who can save the country, after the recent traumatic experience. No other Party or leader can be trusted to do so.

દેશના આ 'તારણહાર'નો ભૂતકાળ ભૂંસી નાખવા, ભગીરથ પ્રયત્નો થઈ રહ્યાં છે. જેને કોઈ સ્વાર્થ નથી કે રાજકીય હેતુ નથી એવા સુપ્રીમ કોર્ટના ત્રણ જજો-જસ્ટીસ શાહ, જસ્ટીસ ગુપ્તા, અને જસ્ટીસ જગન્નાથ રેડી—એ ઈંદિરા ગાંધી, સંજય ગાંધી અને બંસીલાલના કાળા કૃત્યોની તપાસ કરી, દસ્તાવેજી પુરાવાઓ સાથે, ઉઘાડા પાડયા. તે બાબત કોંગ્રેસ-આઈના ચુંટણી ઢંઢેરામાં કહ્યું છે.

The Janata Government let loose unabated persecution on Congressmen particularly Smt. Indira Gandhi and her colleagues. The Central Home Ministry set up numerous Commissions which after marathon enquiries found practically nothing against her.

જુઠાણાની અને ધૃષ્ટતાની હદ હોય છે. પણ ઈન્દિરા ગાંધીને કોઈ મર્યાદા નથી. આ તપાસ પંચોને ઈન્દિરા ગાંધી વિરુદ્ધ કાંઈ મળ્યું નથી! જેના પાને પાને ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીના દુષ્કૃત્યોની હકીકતો ભરી છે. તેવા અહેવાલોને આવી રીતે ઉડાવી દેવાની કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ચેષ્ટા થાય છે, તે ઈન્દિરા ગાંધી એક જ વિશ્વાસ પાત્ર નેતા છે જે દેશને બચાવી શકશે એમ કહીને કોંગ્રેસ (આઈ) તેની પોકળતા ઉઘાડી પાડે છે. લંડનનું પ્રખ્યાત પત્ર ઈકોનોમિસ્ટ-તેના તા. ૮ ડિસેમ્બરના અંકમાં કહે છે:

She is the same iron willed autocrat who closed down Indian Democracy for 20 months in 1975-77. She has never disawowed the ends or the means of that contrived 'emergency', except to shift the blame to the sub-ordinates.

Mrs. Gandhi herself continues to display a flagrant disregard for truth or the public good. She exploits communal tensions while proclaiming herself India's only 'secular' leader; She encourages the unions to make inflationary demands for which she cobbled them while in office, and she invokes imaginary conspiracies between the present Government and Pakistan.

Indira Gandhi is an all-too-well-known quantity to the Indian Electorate. The self-serving illegalities of her emergency rule have been exhaustively documented in the three volume report of the Shah Commission and in the separate inquiry into the corrupt dealings of her son's Maruti-Car Company.

"૧૯૭૫ - ૭૭ ના વીસ મહિના દરમિયાન શ્રીમતી ગાંધીએ ભારતીય લોકશાહીનો અંત આણ્યો એ પછી હજુયે તેઓ એવાં જ લોખંડી ઈચ્છાશકિતવાળા આપખુદ જ રહ્યાં છે. એમણે ઊભી કરેલી 'કટોકટી'ના સાધન કે સાધ્યનો એમણે જરા ય અસ્વીકાર કર્યો નથી. એમણે માત્ર પોતાની નીચેના માણસો પર એના દોષનો ટોપલો નાખ્યો છે"

શ્રીમતી ગાંધીને સત્યની કે લોકોના ભલાની પડી નથી તેઓ એની હેલના કરવાનું ચાલુ રાખી રહ્યાં છે. તેઓ કોમી તંગદિલીનો લાભ ઉઠાવે છે પણ સાથે પોતાની જાતને એક માત્ર બિનસાંપ્રાયિક નેતા તરીકે ઘોષિત કરે છે: એ કામદાર સંઘોને ફુગાવો વધે એવી માગણીઓ કરવાનું પ્રોત્સાહન આપે છે. પણ જયારે તેઓ સત્તાસ્થાને હતા ત્યારે એનો એમણે જ સ્વીકાર કર્યો ન હોતો. અત્યારની સરકાર અને પાકિસ્તાનની વચ્ચે કાવતરું થયું હોવાની કાલ્પનિક વાતો પણ તેઓ ઉડાવે છે.

"ઈન્દિરા ગાંધીના ગુણોથી ભારતના મતદારોને ખૂબ જ પરિચિત છે. એનાં કટોકટી કાળનાં શાસનમાં પોતાનાં સ્વાર્થે માટે લીધેલા ગેરકાયદે પગલાંની દસ્તાવેજી વિગતો શાહ પંચના ત્રણ ભાગના અહેવાલમાં મળે છે તેમજ એમનાં પુત્રની મારૂતિ મોટર કંપનીનાં ભ્રષ્ટાચારી સોદાઓની વિગતો બીજા અહેવાલમાં આપવામાં આવી છે."

એ જ જુની ટોળી ફરી ઈન્દિરા ગાંધીને ઘેરી વળી છે. એ જ બંસીલાલ, એ જ સંજય ગાંધી, એ જ વિદ્યાચરણ શુકલ, સંજય ગાંધીને કોઈ રાજકીય મહાત્ત્વાકાંક્ષા નથી એવું વારંવાર ઈન્દિરા ગાંધીએ કહ્યાં છતાં, ફરી અમેઠીમાંથી ઉમેદટારી કરી છે. આ ઉમેદવારીમાં આંચ ન આવે તે માટે અમૃત નાહટાનો આત્મા જાગ્રત થયો અને પોતે 'નિર્દોષ' વ્યક્તિઓને, ચરણસિંહના કહેવાથી, ખોટી રીતે સંડોવ્યા છે. તે માટે સાચી હકીકતો જાહેર કરવા પ્રેરણા મળી!

સ્થિર સરકાર આપવાના બહાને, ફરી સત્તા પ્રાપ્ત કરવાના ઈન્દિરા ગાંધીના સ્વપ્નો ભારતની પ્રજા સફળ થવા ન જ દે. મૃત્યુની સ્થિરતા કરતાં, જીવનની અસ્થિરતા વધારે આવકરપાત્ર છે.

હવે રહ્યો જનતા પક્ષ અને જગજીવનરામ. જનતા પક્ષ પ્રત્યે પ્રજામાં સકારણ ભારે અસંતોષ છે. પ્રજાએ આ પક્ષને મોટી બહુમતી આપી તેને વેડફી નાખી. પણ જનતા પક્ષની એક સિદ્ધિ-અને તે મોટી સિદ્ધિ છે. ભૂલવી ન જોઈએ. નાગરિક સ્વાતંત્ર્ય અને મૂળભૂત અધિકારો ફરી સજીવન કર્યા. જગજીવનરામનો લોકોને વિશ્વાસ પડતો નથી. વડા પ્રધાન થવાની તેમની લાલસા ચરણસિંહ કરતાં

ઓછી નથી. ઈન્દિરા ગાંધી સાથે ક્યારે નહિ ભળી જાય તેનું કહેવાય નહિ. પણ જનસંઘ સંગઠિત પક્ષ રહ્યો છે. તેનામાં એક પણ પક્ષ પલટો થયો નથી. તેના આગેવાનોએ સંયમ જાળવ્યો છે. જનતા પક્ષને પૂરતી સંખ્યામાં બહુમતી મળે તો જગજીવનરામે બેવફા થવાની જરૂર ન રહે અથવા તેવો પ્રયત્ન કરે તો, તેને આગેવાન તરીકે હઠાવવા જોઈએ અને જનસંઘ તથા અન્ય પક્ષો-કોંગ્રેસ-ઓ, રહેલ સમાજવાદીઓ, વિગેરે, તેમ કરી શકે. અત્યારે બીજો કોઈ વિકલ્પ નથી. કોઈપણ સંજોગોમાં જનતા પક્ષ કે તેનો કોઈ આગેવાન ઈન્દિરા ગાંધી સાથે સીધી કે આડકતરી રીતે સમજુતી કે સમાધાન ન જ કરે, એ આપણે જોવું જોઈએ. તેના ઉમેદવારો પાસેથી એવી બાંહેધરી માગવી જોઈએ. જરૂર પડે તો વિરોધ પક્ષ તરીકે બેસે પણ સત્તા મેળવવા આપખૂદી બળો સાથે સમાધાન ન જ થાય. લોકશાહી બચાવવાનો આ એક જ માર્ગ છે. કોઈ પક્ષ પાસે ક્રાન્તિકારી આર્થિક કાર્યક્રમ નથી. બધા સમાજવાદની વાતો કરે છે છતાં ગરીબાઈ, બેકારી, મોંઘવારી, ઓછી કરવા, જે ઝડપી અને મક્કમ પગલા લેવા જોઈએ તે લેવાની કોઈ પક્ષની તૈયારી જણાતી નથી. સ્થાપિત હિતો અને મોટા ઉદ્યોગપતિ કે મૂડીદારો, સીધો નહિ હતો. આડકતરી રીતે, કદાચ ઈન્દિરા ગાંધીને ટેકો આપશે. અત્યારે આપખુદી શાસનમાંથી બચવાનો વિચાર કરવાનો જ રહે છે. આ પ્રકારની લોકશાહી અને આવી ચૂંટણી આપણા દેશને અનુકૂળ છે કે નહિ તે પાયાનો પ્રશ્ન ઊભો થાય છે. અત્યારે તેનો વિચાર થઈ શકે તેમ નથી. દેશ મોટી કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. આ કટોકટી માત્ર રાજકીય નહિ, પણ આર્થિક, સામાજીક અને નૈતિક પણ છે. પ્રજાના પોતાના ભગીરથ પુરુષાર્થ વિના આ કટોકટી ને પાર કરવી સહેલી નથી.

વર્તમાન ચૂંટણી પુરતું, ઈકોનોમિસ્ટના જે લેખનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે, તેમાં અંતે કહ્યું છે તે તાત્કાલિક માર્ગ જણાય છે.

Last summer, this newspaper endorsed Jagjiwan-Ram as the least bad leader for India. Given the debased standards of Indian Politics to-day, he remains that, inspite of his flirtation with Mrs. Gandhi. And, for all his failures of courage during the Emergency, he could be something else too; the least unreliable bulwark in or out of Government, against a return to autocracy. This is what Indian voters must be looking for in an election which offers no clear moral choice. Now that Party labels and alliances have become all but meaningless, the best a voter can do is to opt for the anti-Indira candidate with the best prospect of saving his soul in the inevitable parleys with the devil.

"ગયા ઉનાળામાં, આ અખબારે જગજીવનરામને ભારતના સૌથી ઓછા અવગુણી નેતા તરીકે ગણાવ્યા હતા. ભારતીય રાજકારણનાં ધોરણોની જે અધોગતિ થઈ છે એમાં શ્રીમતી ગાંધી સાથે મળવાના એનાં પ્રયાસો છતાં યે, તેઓ આવા નેતા તો રહે જ છે. કટોકટી દરમિયાન તેઓ હિંમત બતાવી શકયા નહોતા છતાં યે તેઓ સરકારની બહાર કે અંદર એક હથ્થુ સત્તાને પુન: આવતી અટકાવી શકે એવું પ્રતિરોધક બળ તેઓ બની શકે તેમ છે. આ વખતની ચૂંટણીમાં ભારતીય મતદારને કોઈ સ્પષ્ટ નૈતિક પસંદગી કરવાનું મળી શકે તેમ નથી. એટલે તેઓ પણ આ ચૂંટણીમાં આટલી જ અપેક્ષા રાખતા હશે. અત્યારે પક્ષ અને જોડાણો લગભગ અર્થહીન બની ગયાં છે. ત્યારે મતદારો સાથેના અનિવાર્ય મુકાબલામાં પોતાને બચાવવાં માટે ઈન્દિરા વિરોધી ઉમેદવારને જ વધુમાં વધુ પસંદ કરી શકે તેમ છે.'

આ ચિત્ર ઘણું નિરાશાજનક લાગે તેવું છે. દેશની એકતા અને સલામતી ભયમાં છે. પ્રજાની પોતાની જાગ્રતિ અને પુરુષાર્થ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

૧૧-૧૨-૭૯ ચીમનલાલ ચકુભાઈ

# નવી કેળવણીના નિર્માતા

ગુજરાતમાં નવી કેળવણીના ચીલા પાડનાર ત્રિમૂર્તિમાંના છેલ્લા શ્રી હરભાઈનું અવસાન થયું છે.

સ્વરાજ પ્રાપ્તિના મંથનકાળમાં કેળવણીનું ધ્યેય, તેનો કાર્યક્રમ, તેની પદ્ધતિઓ મંથન થાય તે સ્વાભાવિક હતું. કાંગડી, ગુરુકુળ, શાંતિનિકેતન, એની બીસેંટની હિંદુ કોલેજ - બધાં આ મંથનના મોટાં ઉદાહરણો છે.

ગુજરાતમાં આનાં બે ઉદાહરણો ગણાશે; એક ભાવનગરનું દક્ષિણામૂર્તિ અને બીજું ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠ. તેમાં પણ દક્ષિણામૂર્તિએ કેળવણીના કાર્યક્રમ અને પદ્ધતિ બાબતમાં જે નવો ચીલો પાડયો તેની ગુજરાતના શિક્ષણ પર અમીટ છાપ પડી. આ કાર્યના ત્રણ ધુરંધરો-નાનાભાઈ, ગિજુભાઈ અને હરભાઈ.

ત્રણેએ મળીને શિક્ષણ વ્યવસ્થામાં ભણનારાને કેન્દ્રમાં મૂકયો. હરેક તબકકે શીખનારને કેન્દ્રમાં રાખવાનું વાતાવરણ નિર્માણ કર્યું.

અને હરભાઈએ ઉમેર્યું - શીખનાર એટલે શીખનારનું મન.

કારણ કે વિદ્યા તો મન ગ્રહણ કરે છે, મન તેને અવગણે છે તજે છે. ભણનારનું મન જો ભણવામાં ન હોય તો તેને ટટ્ટાર બેસાડો કે, પાટિયાં સામે તેની આંખ ઠેરાવો તો પણ તે વિદ્યા ગ્રહણ કરતો નથી. તેનું મન બીજે જ છે. આંખ કાન ખુલ્લાં હોય પણ મન અભિમુખ ન હોય તો વિદ્યા તેને સ્પર્શતી નથી.

હરભાઈનું યાદગાર પ્રદાન બાળક, કિશોર, યુવક અવસ્થાઓમાં મનનો વિકાસ કેમ થાય છે, તે વિકાસના અનિવાર્ય કાયદાઓ છે અને તેને જાણ્યા વિના શિક્ષક થવાનું તે નિરર્થક વ્યાયામ છે, તે સિદ્ધ કરાવવાનું હતું.

નાનાભાઈ, ગિજુભાઈ બંનેનો પણ આ આગ્રહ હતો, પણ મનનો વિકાસ, તેની સારી - મીઠી, પ્રાથમિક, વિકસિત, સંસ્કૃત, વિકૃત અવસ્થાઓ વિષે હરભાઈએ વિગતે લખ્યું, સમજાવ્યું, જરૂર પડયે આગ્રહો રાખ્યા. શિક્ષણ - માનસના આ અભ્યાસમાં યે તેમનો વિશિષ્ઠ ફાળો, જાતીય મનોવિજ્ઞાનનું મહત્વ સમજાવવાનો હતો. ગિજુભાઈએ જેમ મોંટેસોરીને ગુજરાતમાં ઊતર્યાં તેમ હરભાઈએ —ફ્રોઈડને ગુજરાતમાં આણ્યા.

—ફ્રોઈડની માનસચિકિત્સા પદ્ધતિ કામવૃત્તિને જ બધી પ્રવૃત્તિનો આધાર માનવાનું તેનું નિદાન, તે વિષે નાના - નાના મતભેદો યુરોપમાં પણ થયા અને છે, તેનાં ચોંકાવનારાં છતાં ચિંતનના મૂળમાં જનારા વિધાનોનાં અર્થઘટનો વિષે પણ જુદું કહેનારા હતા અને છે, પણ વ્યકિતને કે સમાજની સંસ્કૃતિ કે વિકૃતિના મૂળમાં કામવાસનાની ઘૃણા, દમન, રૂંધન, તે વિષે કેળવાતી બિનજરૂરી લજ્જા તેના ઉર્ધ્વીકરણના ઉપાયો - આ બધાંએ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમાં —ફ્રોઈડ પછીથી કોઈને શંકા નથી રહી. આ પરત્વે —ફ્રોઈડ પહેલાંની દુનિયા અને તે પછીની દુનિયામાં મૂળભૂત ફેર પડયો જ છે, સાંસ્કૃતિક મંથનમાં એનાં સલાહ પર ધ્યાન દેવાનું સૌ સ્વીકારે છે. હરભાઈનો ફાળો —ફ્રોઈડની આ વાત સમજાવવાનો છે.

તેમનાં બધાં અર્થઘટનો કે વિધાનો કે આગ્રહો સાથે પૂરા સંમત થવાની જરૂર નથી. કોઈ પણ નવા વિચાર કે હિલચાલમાં અતિશયતા હોય જ છે. તેવું તેમાં પણ નીકળે, પણ તેમને અર્ધ્ય આપવાનું કારણ એ છે કે, એમણે આ અસ્પર્શ્ય ઈમારતનો દરવાજો તોડયો;

કામવાસનાના મનોવિજ્ઞાનના અભ્યાસે એમને અનેક યુવક યુવતીઓના વિશ્વાસપાત્ર માર્ગદર્શક અને મિત્ર બનાવ્યા હતા. આવું સદ્ભાગ્ય કોઈને જ સાંપડે છે.

આ અભ્યાસે જ એમને તન્દુરસ્તીના કેળવણીશાસ્ત્રી બનાવેલા.

હરભાઈ પાસે સૌ નિર્ભયતાથી જઈ શકતું.

દિલ ખોલીને વાત કરી શકતું અને કાંઈક ને કાંઈક આશ્વાસન મેળવી શકતું.

તેમની પાસે જનારાનો અનુભવ હતો કે, નિરુત્સાહ - નિરાશા તેમની જોડે વાત કર્યા પછી ઓછાં થઈ જતાં.

અને જીવનમાં રોટલા કે રહેઠાણ કરતાં યે મોટી જરૂર સૌને ઉત્સાહ અને આશાના સધિયારાની છે.

હરભાઈમાં તે મોટા પ્રમાણમાં હતાં અને તે મોટા પ્રમાણમાં આપી શકતા.

એમના આ ગુણોનું સ્મરણ - રટણ શિક્ષકજગતને ખપનું છે, અને તે જ તેમને સાચી અંજલિ ગણાશે.

મનુભાઈ પંચોલી 'દર્શક'

જાળ ઊભી કરું છું તે આ દેહને સુખી કરવા માટે. એ બધા આ દેહનાં વૈભવ છે. આત્માના વૈભવ નથી. જેટલી વસ્તુ બહારની છે, ને બહારની વસ્તુ ઉપર જેટલો આધાર રાખવો પડે છે તેટલું પરાવલંબી પણું છે, પરવશતા છે. સ્વાયત્તતા, સ્વાધિનતા, સાચી સ્વતંત્રતા ત્યાં છે કે બહારની વસ્તુઓ ઉપર આધાર રાખવો જ ન પડે. ત્યારે તે માર્ગે જવું હોય તો ધારીએ ને થઈ જાય એમ કોઈ દિવસ થવાનું નથી, અશક્ય વસ્તુ છે. એ દિન-રાતની સાધના છે. ભગવાન મહાવીરે અનંતા ભવ કર્યા હશે પણ પૂર્વેના ૨૭ ભવમાં એમને તપશ્ચર્યા કરવી પડી. એ ૨૭ ભવમાં એમણે સાધના કરી ત્યારે તીર્થંકર પદ પામ્યા. ત્યારે પણ સાડા બાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરી, ત્યાર પછી તીર્થંકર થયા. દરેક વ્યકિત પોતાના જીવનનું ઘડતર પ્રયત્નપૂર્વક ને જાગૃતિથી આ રીતે કરી શકે છે. આપણાં શાસ્ત્રોમાં એના અનેક માર્ગો બતાવ્યા છે. જ્ઞાનયોગ, કર્મયોગ, ભકિતયોગ, ધ્યાન યોગ બધા ઘણા યોગો બતાવ્યા છે. અને ઘણાં માર્ગો બતાવ્યા છે. પણ બે મુખ્ય માર્ગ કહ્યા છે. એક માર્ગ એમ માને છે કે આ સંસારનો સમસ્તપણે ત્યાગ ન કરીએ ત્યાં સુધી સંપૂર્ણપણે વિતરાગ દશા પ્રાપ્ત કરી શકાતી નથી. જ્યાં સુધી સંસારમાં રહીએ છીએ ને સંસારિક પ્રવૃત્તિ કરીએ છીએ ત્યાં સુધી થોડે આથવા વધતે અંશે રાગદ્વેષ રહેવાના. આ શ્રમણ સંસ્કૃતિનો માર્ગ છે. જૈન ધર્મનો એ માર્ગ છે, બુદ્ધ ધર્મનો એ માર્ગ છે. અને હિંદુ ધર્મની અંદર પણ એ માર્ગ છે. છેવટે સંન્યાસ બતાવ્યો છે. બીજો માર્ગ એમ કહે છે કે અહીંયા રહીને, અહીંયા રહેવા છતાંયે અને સંસારની બધી પ્રવૃત્તિઓ કરવા છતાંય અનાસકત ભાવે એ થાય તો એમાંથી રાગદ્વેષ મુકિત મળે છે. નમી રાજર્ષિની ઉત્તરાધ્યયનમાં કથા આવે છે. નમી રાજર્ષિએ દિક્ષા લીધી એટલે એમનાં પ્રજાજનો બધા તેમને પાછા પધારવા સમજાવવા ગયા. અમારું કલ્યાણ કોણ કરશે, અમારું રક્ષણ કોણ કરશે, આપ કહેશો એમ અમે કરીશું. અહીં રહીને પણ આપ સાધના કરી શકો છો, આપ પાછા ફરો એવો પોકાર કરી ઉઠયા. નમી રાજર્ષિએ ઉત્તર આપ્યો કે (મિથિલા દહ્યમાનેડપિ, ન મે દહ્યતિ કિંચન. મિથીલા સળગતી હોય તો પણ મારું કંઈ જલતું નથી. ત્યારે આ એક ભાવ છે. કે આ સંસાર સાથે મારે કોઈ સબંધ નથી. સંઘના પ્રમુખ તરીકે મારે યુવાન વયની બહેનોને દિક્ષા માટે આજ્ઞા આપવાની થાય છે. ત્યારે મારા અંતરમાં ખૂબ મનોમંથનો થાય છે. કે દિક્ષાર્થી એ સ્થિતિને પાત્ર થયા છે કે નહિ. હું ગમે તેટલો વિચાર કરતો હોઉં કે મારે આસકિત તજવી છે કે ઓછી કરવી છે, રાગદ્વેષ તજવા છે, પણ ઓફિસમાં જઈને સોલીસીટરનો ધંધો કરું છું, અહીંયા જે સંસ્થાઓ ચલાવું છું, તેમાં મારું ધાર્યું ન થયું હોય તો રોષ કરું છું. હું જ સાચો છું એમ માની બેસીને કોઈ વખત અભિમાન કરું છું. તૃષ્ણાનો ત્યાગ કરવો એ જ એક રસ્તો છે. સંસારનો ત્યાગ કરીને જ એ મળી જવાનું છે એમ નથી. મન તો સાથે જ છે. જે કુદકા મારે છે એ તો ત્યાં ને ત્યાં બેઠું છે. એને કોઈને આપી દેવાનું હોય તો જુદી વાત છે પણ એ તો કોઈને અપાય જ નહિને. એટલે હિમાલયની ગુફામાં જઈને બેસીએ કે મોટી જટા વધારીએ કે ગમે એટલું દેહકષ્ટ કરીએ તો પણ, જે વસ્તુ પ્રાપ્ત કરવાને માટે સાધના કરવી છે તે ન થાય, સાધનાના અંગ તરીકે તૃષ્ણાનો ત્યાગ ન થાય, અહિંસા-અપરિગ્રહને ન અપનાવાય તો એ માર્ગે જઈ ન શકાય. જેટલે દરજજે એ માર્ગે જઈ શકાય તેનું આચરણ થાય એટલે દરજજે આપણને સાચી શાંતિ મળે છે, ચિત્તની સ્વસ્થતા મળે છે, અંતરમાં પ્રકાશ પડે છે. તેવો માણસ કોઈ દિવસ મૂંઝાતો નથી કે અસ્વસ્થ થતો નથી. He is master of himself. પોતાની જાતનો એ સ્વામી છે. પોતાની પ્રકૃતિનો એ ગુલામ નથી. પણ આ બધું માણસની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. કેટલાંક માણસોની પ્રકૃતિ એવી હોય છે જે નિવૃત્તિ માર્ગે જ જાય. કંઈ નહિ, આપણે આ બધું છોડીએ એમ તે વિચારે. એના પર આરોપ મૂકી શકાય કે It is escapism તમે ભાગી જઈ રહ્યા છો. સામનો કરવાની તમારી તાકાત નથી. જગતની વાસ્તવિકતાની કઠોરતા, તેનો સામનો કરવાની તમારી તાકાત નથી, પણ આ કહીએ છીએ તેટલું સહેલું નથી.

પણ આપણને લાગે કે અન્યાય થાય છે. પણ એ અન્યાય ન હોય બલ્કે તમે ખોટી રીતે માનતા હો કે તમને અન્યાય થાય છે. ને તમે એનો સામનો કરો, સંઘર્ષ કરો, ને એમાં ભેરવાઈ પડો. સાચી રીતે અન્યાય બીજા ઉપર થતો હોય. ને એમાં તમે વચ્ચે પડવા જાવ, જેમ ગાંધીજીએ સત્યાગ્રહ ઉપાડયો. હવે જો તમે એ કરવા જાઓ તો રાગ દ્વેષ થશે કે રાગદ્વેષ રહીતપણે થઈ શકશે? રાગદ્વેષ રહીત પણે કરવું એ શક્ય છે? અર્જુનને કૃષ્ણે જ્યારે એમ કહ્યું કે તું હવે આ યુદ્ધ કર. તો શું રાગદ્વેષ રહિતપણે એ યુદ્ધ કરી શકે? આ બધી મારા મનની શંકાઓ જ કહું છું. કોઈ કામ કરવું હોય એમાં તમે વેગ ન લાવો. Unless you put your passion into it. ત્યાં સુધી વેગ આવતો નથી. તમે એમ કહો કે કંઈ નહિ, ભગવાનનું કામ છે. થવું હોય તો થાય; ન થવું હોય તો ન થાય. એમાં મારે શું? તો ભગવાન ઉપરથી આવીને એ કરી દેવાનો નથી. હવે તમે એમ કહો કે અનાસકત ભાવે એ કરવું છે, રાગદ્વેષ રહીતપણે કરવું છે. પણ જો કરવું હોય તો એ કરવાને માટેની જે તમન્ના જોઈએ, એ તમન્નામાં ઉતરવાને માટે જે એની પછવાડેનો વેગ મૂકવો જોઈએ, આવેગ જોઈએ. એ આવેગ લાવવો હોય તો રાગદ્વેષ આવ્યા વિના રહેવાનો જ નથી. એટલે, પ્રશ્ન છે કે અનાસકત ભાવ કેટલે દરજજે કેળવી શકાય, સંસારની પ્રવૃત્તિઓમાં રહીને. આજે જો, હું કહું, તો શ્રીકૃષ્ણને બાદ કરતાં, બે જ કર્મયોગી મેં જાણ્યા છે, એક સોક્રટીસ ને બીજા ગાંધી–સોક્રટીસનું વર્ણન વાંચીને હું એમ કહી શકું કે તે સ્થિતિપ્રજ્ઞ હતા. જે માણસ પોતાને હાથે ઝેરનો પ્યાલો હસતાં મુખે પી શકે એનો દેહાધ્યાસ સંપૂર્ણપણે છૂટી ગયો છે એમ કહી શકાય. નહિ તો એ શકય જ નથી. અને ગાંધીએ પણ એ માર્ગે જવાનો પ્રયત્ન કર્યો. ને એ પ્રયત્ન કરવામાં ગાંધીજીએ જે નવું કહ્યું એ છે કે અન્યાયનો પ્રતિકાર કરો પણ અન્યાયી ઉપર પ્રેમ રાખો. તેમણે કહ્યું કે બ્રિટીશરોને હું મારા મિત્ર માનું છું. એના પર મને કોઈ રાગદ્વેષ નથી. પણ એને કાઢી મૂકવા છે. જનરલ ડાયર વિષે કહ્યું, ડાયરીઝમનો હું વિરોધ કરું છું, પણ ડાયર પ્રત્યે મને કોઈ રાગદ્વેષ નથી. એ માંદો પડે તો હું એની સુશ્રુષા કરવા પણ તૈયાર થાઉં. આવું કોણ કહી શકે? હું વિચાર કરું છું ત્યારે જોઉં છું કે ગાંધીએ આ બધુ કહ્યું ખરું પણ કરવાને માટે પોતાની જાત સાથે એમને કેટલું લડવું પડયું હશે. અંત સુધી કેટલું લડવું પડયું હશે, એની કલ્પના પણ આપણને ન આવે. એની મરજી વિરુદ્ધ નહેરૂ અને સરદાર જઈને પાકિસ્તાન કબુલ કરી આવ્યા. જે ગાંધીએ એમ કહ્યું હતું કે મારા મૃતદેહ ઉપર આ દેશના ભાગલા થશે, તે ભાગલા ગાંધીએ સ્વીકારવા પડયા એટલું જ નહિ, પણ નહેરુ અને સરદારનો એ. આઈ. સી. સી. ની મીટીંગમાં એમણે બચાવ કરવો પડયો, કેટલો ઝેરનો પ્યાલો પીવો પડે છે. ત્યારે આ સંસાર છે, આ સંસારની પ્રવૃત્તિઓ છે, તેમાં પરસ્પર વિરોધી વસ્તુઓ છે. બિલકુલ પરસ્પર વિરોધી વસ્તુઓ છે. દેહને જોઈએ છે ને આત્માને માટે જે કરવું જોઈએ તે બે સંપૂર્ણપણે પરસ્પર વિરોધી છે. એ જે Contradication છે એનું સમાધાન કરવું છે. you have to resolve the conflicts and contradictions of life. એ કેવી રીતે થાય? દેહ અને આત્માનો આ સંયોગ તે જીવનની સૌથી મોટી સમસ્યા છે. દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત, તે બને જ કેવી રીતે? એક કોટી એવી આવી શકે છે, માણસ ગાંડો થાય તો, દેહનું ભાન ભુલી જાય. એ દેહ છતાં દેહાતીત છે. પણ, આ દેહાતીત દશા નથી. રમણ મહર્ષિને ખભા ઉપર કેન્સર થયું હતું. કેન્સરની પીડા એવી હતી કે જાણે હજાર વીંછી એક સાથે કરડે ને જેટલી પીડા થાય તેટલી આ પીડા હતી. પછી ઓપરેશન કરવાનું આવ્યું, મહર્ષીએ કહ્યું કે મારે એનેસ્થેશીયાની જરૂર નથી. કાપવું હોય એટલું કાપી નાંખો, હું બેઠો છું, જોઉં છું. અને ડૉકટરોએ એ રીતે ઓપરેશન કર્યું ને રમણ મહર્ષી જોઈ રહ્યા! આજે જે દેહાધ્યાસમાંથી મુકિત મેળવવાની મેં વાત કરી તે દીર્ઘકાળની અતિ કઠોર સાધના છે ને એમાં ત્યાગ અને તપશ્ચર્યાને માટે તૈયાર ન હોય તે એ સાધના કરી શકે એમ નથી. જૈન ધર્મે પણ તપશ્ચર્યા ઉપર ઘણો વધારે ભાર મૂક્યો. છે. એટલી બધી અંતિમ કોટીની તપશ્ચર્યા ઉપર ભાર મૂકયો એટલા માટે કે જાણે આ દેહ છે ત્યાં સુધી એ પ્રાપ્ત કરી. શકવાના જ નથી. તેથી આ દેહનો નાશ કરો. અંતે અનશન કરીને પણ દેહનો અંત આણો. એથી બીજી કોટી ભગવાન બુદ્ધની. એમણે પણ એટલી જ તપશ્ચર્યા કરી જોઈ ને કર્યા પછી એમણે જોયું કે આટલી બધી તપશ્ચર્યા નહિ પણ મધ્યમ માર્ગ સ્વીકારો. દેહને કાબુમાં રાખવો હોય તો દેહને કષ્ટ તો આપવું જ પડશે. દેહને સુખાભિલાષી કરશું અને આવી પંપાળ અને જંજાળ બહુ કરશું તો કોઈ દિવસ રાગદ્વેષ જવાનો નથી. દેહની આળપંપાળ જેટલી ઓછી થાય તેટલું સારું. એમણે शरीर माद्यम् खलु धर्म साधनम् શરીર છે તો ધર્મ થઈ શકશે માટે એને જાળવો. દેહ એ આત્માનું મંદિર છે. એ મંદિરનું જતન કરો. પણ દેહના મંદિરને જ મોટું કરીને મંદિરમાં બેઠેલાને ભુલી જઈએ, તો એમણે કહ્યું કે મંદિરની શોભા વધારવામાં તું એટલો બધો પડી જઈશ કે મંદિરમાં મૂર્તિ ભગવાનની બેસાડેલી છે એ તું ભુલી જઈશ. કોઈ પણ ધર્મ

એવો નથી કે જેમાં ઉપવાસ કે તપશ્ચર્યા ન હોય. ઈસ્લામમાં રમઝાન છે. ક્રાઈસ્ટે ૪૨ દિવસના ઉપવાસ કર્યા. ભગવાન મહાવીરે સાડા બાર વર્ષની તપશ્ચર્યા કરી. પણ આ દેહની આળપંપાળ જેણે ઓછી નથી કરી તે માણસ આત્મસાધનાને માર્ગે જઈ શકવાનો નથી. ગાંધીજીએ કેટલીયવાર કહ્યું છે કે ઉપવાસ કર્યા ત્યારે તેમને પ્રકાશ મળ્યો છે, તેવો પ્રકાશ બીજી કોઈ ક્ષણે મળ્યો નથી. પણ એ માત્ર દેહની લાંઘણ થાય તો નહિ. જે હેતુથી કર્યું હોય તે હેતુલક્ષી એ ઉપવાસ હોય, એટલી જાગૃતિ હોય તો. આજે અઠ્ઠાઈ થાય છે, માસ ખમણ થાય છે. પછી મોટા વરઘોડા કાઢે છે. દાગીના અને હિરા-મોતી અને કીંમતી વસ્ત્રો પહેરાવીને શણગાર કરે છે. એને એ હોય જ નહિ, એણે ના પાડવી જોઈએ. આજે બધું આ રીતે ચાલ્યું છે. દેહની વાસનાઓ એટલી બધી પ્રબળ છે કે એ વાસનાઓને કાબુમાં રાખવા માટે દેહને કષ્ટ આપવું પડે. માણસ પોતાની જાતને પડકારીને કહે કે ક્રોધ થવાનો છે તો હું પણ બતાવી દઉં છું કે ક્રોધ કેમ થાય છે, હું નથી કરવાનો. કામ, ક્રોધ, માન, માયા, લોભ આ દરેક વાસના સાથે આ રીતે લડવાનું છે. આ બધી દેહની વાસનાઓ છે. તેના ઉપર વિજય મેળવવો છે. માણસની આંતરિક શક્તિ, અનંત છે. આંતરિક શક્તિનો વિકાસ ત્યારે થાય છે કે દેહાધ્યાસ જેટલો છૂટે ત્યારે. એ દેહાધ્યાસમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ, ત્યાગ, વૈરાગ્ય અને તપશ્ચર્યા છે. શ્રીમદે કહ્યું છે, ત્યાગ, વિરાગ ને ચિત્તમાં, ઉપજે ન તેને જ્ઞાન. જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્ય નથી, એને જ્ઞાન (આત્મજ્ઞાન) ઉપજવાનું નથી. પણ, વિશેષમાં કહ્યું છે, અટકે ત્યાગ વિરાગમાં તો ભુલે નીજ ભાન. ત્યાગ અને વિરાગમાં અટકી જાય અને અંતિમ લક્ષ ચૂકી જાય તો એ પોતાનું ભાન ભુલી જવાનો છે ને અભિમાન આવવાનું છે. હું કેવો મોટો વૈરાગી ને હું કેવો મોટો ત્યાગી, એ તો એક સાધન છે, એ સાધનથી એ માર્ગે જવાનું છે એ સાધન મેળવતાં પોતાની સતત જાગૃતિ રાખવાની છે.

આ એક જીવનની કળા છે. How to live એનાથી પ્રસન્નતા આવે છે. એ પ્રસન્નતા બહુ અઘરી છે, કારણકે જીવનની વાસ્તવિકતા ઘણી કઠોર છે. પ્રસન્નતા ઉત્પન્ન કરવી એ સહેલું નથી. એ પ્રસન્નતા પ્રગટ ત્યારે થાય છે જ્યારે અંતરમાં પ્રકાશ હશે. કંઈ નહિ, આ બધુ ક્ષણિક છે; એ પણ ચાલી જશે, એનો ઉભરો શમી જવાનો છે, હું મારા માર્ગે છું, મારાથી થાય એટલું કરીશ આ રીતે મનનો ભાવ રહે. This is how I look upon life. તેમાંથી પછી મોક્ષ મળે કે ન મળે એની મને ખબર નથી. પણ આ જીંદગીમાં પુરાં સુખને શાંતિ મેળવવા માટે દેહાધ્યાસ ઓછો કરવો જોઈએ. રાગદ્વેષ ઓછા કરવા જોઈએ. એ હું જેટલે દરજજે સમજયો છું તેટલું મેં આજે કહ્યું છે.

(સંપૂર્ણ)

**– ચીમનલાલ ચકુભાઇ**

---

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત

## વિદ્યાસત્ર

વિદ્યાસત્રને લગતો ચોથા વર્ષનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી થયેલ છે:

વક્તા: ડૉ. ભોગીલાલ સાંડેસરા

વિષય: "જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય" – એ વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો.

સમય: સોમ-મંગળ-બુધ તા. ૭-૮-૯ જાન્યુઆરી ૧૯૮૦ : સાંજના ૬ વાગે

સ્થળ: ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરનું સભાગૃહ—ચર્ચગેટ

પ્રમુખ: ડૉ. રમણલાલ ચી. શાહ

**ચીમનલાલ જે. શાહ**

**કે. પી. શાહ**

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

---

# મન પર ભુતની સવારી ધ્યેય ખુરશીની સવારી

મમદુમિયાંની વાત તો ઘણાંને ખબર હશે, ન ખબર હોય તેને માટે ટુંકમાં કહું તો એ વાત કાંઈક આવી છે:

મમદુમિયાં, સ્વભાવના ખૂબ તીખા, એમના મન પર કોઈ એવા વિચારનું ભૂત સવાર થઈ બેઠેલું કે દુનિયાના બધા જ માણસો એમના દુશ્મન છે. એટલે કોઈ સીધો સાદો સવાલ પૂછે તો પણ તેનો આડો અને કડવો જ જવાબ આપતા. એક વખત એ પોતાના છ-સાત વરસના દીકરાને આંગળીએ વળગાડીને બજાર વચ્ચેથી નીકળ્યા. ત્યાં સામે કોઈ એમનો ઓળખીતો મળ્યો અને એણે મમદુમિયાં ને પૂછયું: "કેમ મિયાં તબિયત કેમ છે?" પણ સીધો જવાબ આપે તો તે મમદુમિયાં શેના? " તેમણે કહ્યું: "અબે તોરા ચલે તો માર ડાલિયો!" પેલો ઓળખીતો જરા ડઘાઈ તો ગયો પણ ફરી હિમ્મત કરી ને એણે પૂછયું: " આ આંગળીએ વળગાડયો છે તે તમારો દીકરો છે કે?" અને મિયાં પાછા બગડયા. તેમણે કહ્યું: " મેરા નહિ તો કયા તેરે બાપકા હે?" પેલો ઓળખીતો તો બિચારો દુમ દબાવીને ભાગી જ છૂટયો!

આ મમદુમિયાંની વાત **સંભવત**: કાલ્પનિક હશે, પણ રાજકારણના ઉચ્ચસ્તરે વિચરતા અને જેમના મન પર આવી રહેલી ચૂંટણીનું ભૂત સવાર થઈ બેઠું છે એવા ભારતના ઉત્તરીય પ્રદેશના એક રાજ્યના મુખ્ય પ્રધાનની સાચી વાત વિખ્યાત હિન્દી સાપ્તાહિક 'દિનમાન'માં પ્રગટ થઈ છે. વાતનો વૃત્તાન્ત આપનાર 'દિનમાન"ના પ્રતિનિધિ અને ઉકત મુખ્ય પ્રધાન લંગોટિયા મિત્રો હતા એ હકાકત વાત વાંચતી વખતે વિશિષ્ટ **ખ્યાલમાં રાખવાની છે**. કારણ કે એ હકીકત વાતનો મુખ્ય મુદ્દો છે.

તો આપણે વાત શરૂ કરીએ.

'દિનમાન'ના પ્રતિનિધિને ખબર પડી કે ફલાણા ફલાણા રાજયના મુખ્ય પ્રધાન અને એમના લંગોટિયા મિત્ર, જેની સાથે તેઓ પ્રાથમિક શાળામાં એક બાંકડે બેસતા હતા તેઓ દિલ્હી આવ્યા છે તો તેમને વિચાર આવ્યો કે લાવને મિત્ર ને નાતે એ મહાનુભાવને મળી તો આવું! એટલે તેઓ ઉકત મુખ્યપ્રધાનને ઉતારે ગયા (અને લાગે છે કે આ મુખ્ય પ્રધાન ઉત્તર પ્રદેશના જ હોવા જોઈએ જો કે 'દિનમાન'ના, પ્રતિનિધિએ મગનું નામ નથી પાડયુ) 'દિનમાન"ના પ્રતિનિધિ અને ઉકત મુખ્ય પ્રધાન વચ્ચે થયેલી વાતચિતનો ખડખડાટ હસાવે એવો તે હેવાલ 'દિનમાન'માં પ્રસિદ્ધ થયો છે, તેના પ્રમુખ ખંડોજ મેં નીચે આપ્યા છે:

'દિનમાન'ના પ્રતનિધિ કહે છે: હું પ્રધાનશ્રીને ઉતારે પહોંચ્યો ત્યારે તેમને મસ્ત અને મસ્ત જોઈને મને ઘણી ખુશી થઈ. એમને મેં નમસ્કાર કર્યા પણ એમણે તો મારી સામે જોયું પણ નહિ. અલપ ઝલપ મારા મોં પર નજર ઠેરવી અને પછી ફરી પોતાનું મોં ફેરવી લીધું. મેં તો, વાતચિતનો પ્રારંભ કરવા અને પુરાણી આત્મીયતાનો બધોજ ભાવ મોં પર તથા અવાજમાં લાવીને પ્રધાનશ્રીને પૂછયું:

કેમ છો? તબિયતતો ઠીક છે ને?"

ત્યાંજ પ્રધાનજી તડૂકયા: "હું હમણાં કોઈ નિવેદન આપવાનો નથી."

મેં તો નિવેદન અંગે કોઈ સવાલ કર્યો નહોતો છતાં કડવું કટાણું મોં કરી ને અપાયેલો આ જવાબ સાંભળી ને મને થોડું અચરજ તો થયું જ. લાગ્યું, પ્રધાનશ્રીનું ધ્યાન કોઈ બીજે ઠેકાણે કેન્દ્રિત થયેલું છે. એટલે મેં ફરી પૂછયું:" ઘરમાં તો બધાં સુખરૂપ છે ને?"

પ્રધાનશ્રી ફરી તડૂકયા: " મેં તમને કહ્યું ને કે હું તમને કોઈ નિવેદન આપવાનો નથી? એમ તો મારું ઘર સહીસલામત છે. અત્યારે જે હવા ચાલી રહી છે તેથી કાંઈ એ ટુકડા ટુકડા થઈને તૂટી પડે એમ નથી. એકાદ મંત્રી રાજીનામું આપીને ચાલી જાય પણ એથી કાંઈ ફરક પડવાનો નથી. મારું પ્રધાનમંડળ તો અચળ છે. આજે સવારે જ વિરોધ પક્ષના અનેક ધારાસભ્યો મારી પાસે આવ્યા હતા. અને તેઓ મને ખાતરી આપી ગયા છે કે

# વિરલ સંતપુરૂષ ફાધર વાલેસ

ફાધર વાલેસ એટલે એક વિશિષ્ટ વ્યકિત, વિશિષ્ટ તેમનું વ્યકિતત્વ, વિશિષ્ટ તેમની વાણી અને વર્તન, તેમજ જીવનમાં પણ ઘણી બધી વિશિષ્ટતાઓ જોવા મળે. તેઓ પરદેશી હોવા છતાં ભારતીય પરંપરા સાથે કેવો જીવનમેળ! કોઈપણ સંપ્રદાયના સાધુ-સાધ્વીનું હોય એના કરતા પણ મુઠી ઉંચેરું ચારિત્ર્ય તેમજ જ જીવનપદ્ધતિ, તેમને મળવું અને તેમને સાંભળવા એટલે જાણે જીવનનો લ્હાવો. હજારો વિશિષ્ટ વ્યકિતઓના પરિચયમાં આપણે આવ્યા હોઈએ, પરંતુ ફાધરને મળીએ ત્યારે એમ લાગે કે બધા જ મહાનુભાવોથી પણ તે મુઠ્ઠી ઊંચેરા છે. તેઓ બોલે ત્યારે એમ લાગે છે કે શબ્દને પણ કદાચ ઠોકર ન લાગે એટલી સાવચેતીપૂર્વક સૌમ્યતાસભર ભાષા દ્વારા તેમનો વાણીપ્રવાહ વહે અને દસ ફૂટના પરિધની બહાર તો તેમનો એક પણ શબ્દ ભૂલથી પણ ન પહોંચે.

પોતાના માતા-પિતા તેમજ પોતાનો દેશ છોડીને જેનાથી સાવ આપરિચિત હતા એવા ભારત દેશમાં તેઓ પ્રવેશ્યા ત્યારે બીજી પાંચેક ભાષા તેઓ જાણતા હતા પરંતુ અંગ્રેજી, ગુજરાતી તેમજ હિંદી ભાષા તેમને માટે પરિચિત નહોતી. અહીં આવ્યા બાદ આ ત્રણે ભાષા તેઓ શીખ્યા એટલુંજ નહિ પરંતુ તેના પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. આના ઉપરથી અંદાજ બાંધી શકાય કે તેમનામાં વિચારની કેટલી બધી દઢતા હશે? ત્યાર બાદ તેઓ પ્રોફેસર થયા અને લેખક પણ બન્યા.

તેમની લેખનશૈલીની ભાત પણ સાવ નિરાળી, સાવ સરળ ગુજરાતી ભાષામાં ઠેઠ હૃદય સુધી તરત જ પહોંચે અને હૃદય તેનો સ્વીકાર કરે એવી દઢ અને પ્રકાશમય તેમની રજૂઆત. તેમનું લખાણ વાંચતા એમ લાગે કે જાણે આપણે વિદ્યાર્થી તરીકે તેમની સમક્ષ બેઠા છીએ અને તેઓ એક ઉત્તમ પ્રકારના શિક્ષક તરીકે આપણને સંબોધી રહ્યા છે. તેમને વાંચતા આપણે જાણે તેમનો સાક્ષાતકાર અનુભવતા હોઈએ એવી આપણને લાગણી થાય. ગુજરાતી સુપ્રસિદ્ધ લેખકો પણ સામાન્ય વાચકને ન સમજાવી શકે એવી તેમની ભાષાની સરળતા અને સચોટતા. તે આપણા દિલસોંસરવી નીકળી જાય અને તેમના બધાંજ લખાણો પાછળ ફકત એકજ લક્ષ્યના દર્શન થાય કે એના વાંચનથી માણસના જીવનમાં કંઈક અંશે પણ સુધારો થાય, તે સારો અને સાચો માણસ બનીને જીવે. તેને જીવનપાથેય પ્રાપ્ત થાય. તેની ઉર્ધ્વગામી વિચાર સરણી કેળવાય અને આ બધાના કારણે તે ભગવાનની નજીક પહોંચી શકે. તેઓ જે બોલે છે કે લખે છે તે પ્રમાણે જ વર્તે છે જીવન જીવે છે. એટલે જ તેમનાં દર્શન કરીએ અને તેમની સાથે વાતચીત કરીએ ત્યારે તેઓ એક સૌમ્યમૂર્તિ અને સંપૂર્ણ-પણે ભગવાનના માણસ જ લાગે - એક પવિત્ર નિર્દોષ બાળક જેવા.

આજ સુધીના મારા સાઠ વર્ષના જીવનકાળ દરમિયાન આવાં ભગવાનના ફરીસ્તાના મનુષ્યરૂપે મને કયારેય દર્શન નથી થયા. આવો એકજ માનવી જોવા સાંભળવા મળ્યો છે અને તે છે "ફાધર વાલેસ."

મારી પાસે ભાવ છે, ભાવુકતા છે પરંતુ ભાષાસમૃદ્ધિ નથી. હું લેખક નથી એટલે ફાધરના વ્યકિતત્વને મૂલવવાનો કે રજૂ કરવા માટેનો યોગ્ય શબ્દભંડોળનો સંગ્રહ મારી પાસે નથી, પરંતુ મારી પાસે શબ્દોની જે ટુંકી પૂંજી છે એના દ્વારા તેમના વ્યકિતત્વના દર્શન વાચકવર્ગને કરાવવાનો હું નમ્ર પ્રયાસ કરી રહ્યો છું.

આમ તો ફાધર અમારી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઘણા વર્ષોથી વ્યાખ્યાન આપવા ખાસ પધારે છે. તેઓ તેમના વ્યાખ્યાનદ્વારા શ્રોતાઓને સાચું જીવન જીવવા માટેની પ્રેરણા આપી જાય. શ્રીયુત રસિકલાલ મોહનલાલ ઝવેરીને ત્યાં જમતાં જમતાં તેમની સાથે ચર્ચા વિચારણા ચાલતી હોય તે સાંભળવાનો લ્હાવો દર વર્ષે મળે. છૂટા પડીએ ત્યારે બે હાથ જોડીને સસ્મીત વદને એ નમ્રતાની મૂર્તિ વિદાય લ્યે ત્યારે આપણને જાણે કાંઈક આપણે ગુમાવતા હોઈએ એવો ભાસ થાય. હજુ પણ થોડો વધારે સમય વાતો ચાલી હોત તો વધારે જીવનપાથેય મળત એવો વિચાર આવે. કયારેક પત્રવ્યવહારનો પણ પ્રસંગ પ્રાપ્ત થાય અને શુદ્ધ ગુજરાતી ભાષામાં તેમના પોતાના જ હસ્તાક્ષરમાં મરોડદાર અક્ષરથી લખાયલો પત્ર પ્રાપ્ત થાય અને તે વાંચતા હોઈએ ત્યારે તેમના એ અક્ષરદેહથી પણ ખૂબ જ શાતા વળતી હોય એમ લાગે અને ધન્યતા અનુભવાય.

આ રીતે તેમને મળવાના, સાંભળવાના અને વાંચવાના અનેક પ્રસંગો બન્યા હતા, પરંતુ તાજેતરમાં અમારા "જૈન સોશ્યલ ગ્રુપ" ની અમદાવાદ શાખાનું ૧૮મી નવેમ્બર ના રોજ ઉદ્‌ઘાટન થયું તેના અનુસંધાનમાં પ્રથમ જ વાર અમદાવાદ જવાનું પ્રાપ્ત થયું ત્યારે સેન્ટ ઝવિયર્સ કોલેજમાં તેમની બેઠક માટે તેઓ જે જગ્યાનો ઉપયોગ કરે છે તે ફકત ચાર દિવાલવાળી લગભગ છ બાય આઠ ફૂટની જગ્યામાં અમો સાત જણ તેમને મળવા ગયા હતા. અગાઉથી પત્ર લખીને શ્રી ગણપતભાઈ ઝવેરીએ તેમની મુલાકાતનો સમય નક્કી કરી લીધો હતો. મુલાકાતીઓમાં, હું પ્રો. રમેશ ભટ્ટ, તેમના પત્ની, શ્રી ગણપતભાઈ ઝવેરી, તેમના પત્ની, શ્રી કે. પી. શાહ શ્રી બોપીનભાઈ ઝોબાળીયા આટલી વ્યકિતઓ હતી. અમોએ અડધો કલાક તેમની સાન્નિધ્યમાં ગાળ્યો. અમો છૂટા પડયા ત્યારે મનમાં એવો ભાવ જાગ્યો કે એ અડધો કલાક જાણે અમો પાર્થિવ જગતની બહાર કોઈ અલૌકિક સ્થળે અલૌકિક વ્યકિત સાથે હતા. ખરેખર અમોએ મનોમન ધન્યતા અનુભવી.

સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં દરેક ફાધરને રહેવા માટે સ્વતંત્ર બ્લોકસ મળતા હોય છે. એ રીતે ફાધર વાલેસ પણ તેમને મળેલા બ્લોકમાં રહેતા હતા. અને જીવન જરૂરિયાતની જે વસ્તુઓ જોઈએ તે બધી ખુરસી ટેબલ, સોફા- ટેપરેકોર્ડર એવી નાની મોટી વસ્તુ-ઓનો ઉપયોગ કરતા હતા. આમ તો તેઓ ઉપદેશક અને વિચારક છે જ એટલે કે એક દિવસ તેમને વિચાર આવ્યો કે હું દુનિયાના લોકોને અપરિગ્રહી થવા માટે ઉપદેશ આપી રહ્યો છું પરંતુ હું પોતે તો પરિગ્રહી જીવન જીવું છું. આવો એક શુભ પળે ચમકારો થયો અને નિર્ણય લેવાઈ ગયો કે પરિગ્રહમાંથી મુકત થવું !

મેનેજમેન્ટને પોતાનો વિચાર જણાવ્યો કે મારે હવે આ બ્લોકમાં રહેવું નથી. સંમતિ મેળવી અને ચાહકો તેમજ મિત્રોને જાણ કરી કે, હું મારી સેવા અહીં ચાલુ રાખીશ, પરંતુ જે લોકો જેટલા દિવસનું નિમંત્રણ આપશે તેને ત્યાં હું તેટલા દિવસ રહીશ. પછી, તે નિમંત્રણ આપવાવાળી વ્યકિત, ગમે તે કોમની હોય, અમદાવાદમાં ગમે તે સ્થળે રહેતી હોય, બંગલામાં રહેતી હોય, સોસાયટીના બ્લોકમાં રહેતી હોય, કે નાની સરખી જગ્યામાં રહેતી હોય. તેમની આવી જાહેરાત બાદ નિમંત્રણોનો પ્રવાહ શરૂ થયો. અને આ રીતની તેમની વિહારયાત્રા શરૂ થઈ. જે છેલ્લા છએક વર્ષથી નિયમિત રીતે ચાલે છે. તેઓ જયાં રહેવા જાય ત્યાં, જેમને ત્યાં રહે તેમને જરા પણ પોતા થકી તકલીફ ન પડે તેની પૂરતી કાળજી રાખે અને એમ છતાં પોતાનો સ્વાધ્યાય પણ બરાબર નિય-મિત રીતે ચાલે. સવારનું વહેલી પ્રભાતનું ધ્યાન, પ્રર્થના, લેખન-વાંચન વિગેરે. અને તેઓ દરરોજ સાયકલ પર સમયસર કોલેજમાં પણ પહોંચે. આ રીતનું કઠણ જીવન જીવવા છતાં હંમેશા પ્રસન્ન-મૂર્તિ બનીને સ્વસ્થ રહે.

અમો તેમને ૨૩મી નવેમ્બરે બપોરે સાડા ત્રણ વાગ્યે મળ્યા. ત્યારે તેમણે કહ્યું કે તમોએ સારો દિવસ પસંદ કર્યો છે. યોગાનુયોગ આજે મને ભારતમાં આવ્યાને બરાબર ત્રીસ વર્ષ પુરા થાય છે.

તેમની જાગૃતિ પણ કેટલી બધી! તેમનાં બધાં જ લેખો પુસ્તકરૂપે પ્રગટ કરવાની બધી જ જવાબદારી તેમણે ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય નામની પ્રકાશન સંસ્થાને સોંપી છે. તેમના લખાણોની જે રોયલ્ટી મળે તે તેઓ નિયમ પ્રમાણે કોલેજને આપી દેતા હતા. પરંતુ હમણાં કાગળ તેમજ પ્રિન્ટીંગના ભાવો ખૂબ જ વધી ગયા છે તેથી પુસ્તકની કીંમત વધારે થાય છે. ત્યાં તેમની સુક્ષ્મ દ્રષ્ટિએ કામ કર્યું, તેમણે કોલેજના સંચાલકોની સંમતિ લઈને ગૂર્જર ગ્રંથ રત્ન સાથે એવી ગોઠવણ કરી કે રોયલ્ટીની જે રકમ થતી હોય તેટલી પુસ્તકની કીંમત ઘટાડવી, જેથી વાચકને પુસ્તક સસ્તી કિંમતે મળે.

આ મુલાકાતથી મારા મન પર એવી છાપ ઉપસી કે મહાત્મા ગાંધી પછીની આ કદાચ એક જ વ્યકિત છે કે જે જીવનમાં ઉતાર્યા પછી ઉપદેશ આપે છે, જેમનું વાણી અને વર્તન એક છે અને જે ઉચ્ચ પ્રકારનું પવિત્ર સાધુજીવન જીવે છે. અને એટલે જ તેમનાં લખાણો હૃદયસ્પર્શી બની રહે છે.

આવા માનવરત્નને આપણે વધારે જાણીએ અને વાંચનદ્વારા માણીએ અને એ રીતે આપણા જીવનને સાર્થક કરીએ- ઉર્ધ્વગામી બનાવવા પ્રયત્ન કરીએ. મારો નમ્ર અનુરોધ છે કે દરેક તેમના પુસ્તકોનો સેટ વસાવીને વાંચે અને અન્યને વંચાવે અને પુસ્તકા-લયો તો અવશ્ય સેટ વસાવે અને પોતાના વાંચકોને વંચાવે.

ઋષિ - પુરુષ જેવા ફાધરને મારા કોટી કોટી વંદન.

— શાન્તિલાલ ટી. શેઠ

# ફાધર વાલેસ સાથે પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :** આપે કહ્યું એ મુજબ સ્પેનથી આજથી બરાબર ૩૦ વર્ષ પૂર્વે ભારતમાં આપે પ્રદાર્પણ કર્યું તે વખતે આપને માત્ર સ્પેનીશ ફ્રેન્ચ અને અન્ય બે ત્રણ યુરોપીય ભાષા જ આવડતી હતી, ગુજરાતી - હિંદી - અંગ્રેજી મુદ્દલ નહીં તો પણ ભારત જેવા સાવ અજાણ્યા દેશમાં અને અપરિચિતભાષાવાળા વાતાવરણમાં આવવાની શા માટે તૈયારી દર્શાવી?

**ઉત્તર :** પ્રથમ તો અમારા ગુરુની આજ્ઞાનું પાલન અમારે કરવાનું હોય જ. બીજું. મને ઈશ્વરની પ્રેરણા હતી, ત્રીજું, આત્મશ્રદ્ધા હતી કે અલ્પ સમયમાં હું ભારતની ભાષા તેમ જ લોકોથી પરિચિત થઈ જઈશ અને બન્યું પણ એમજ. જ્યારે જ્યારે હું કંઈ પણ મુંઝવણમાં મુકાઉ છું ત્યારે હું પ્રભુપ્રાર્થના કરું છું અને મને એનો રસ્તો મળી જાય છે.

**પ્રશ્ન:** ગુજરાતી ભાષા પ્રત્યે આપની આટલી બધી અભિરુચિ અને અનુરાગ કેમ થયો?

**ઉત્તર :** મારે ગુજરાતમાં-અમદાવાદમાં જ વસવાટ કરવો એવો આદેશ મળ્યો એટલે વર્ષોથી ક્રમે ક્રમે મેં ગુજરાતી ભાષા શીખવા માંડી મને એની મધુરતા ગમી ગઈ. અને આજે તો હું ગુજરાતીમાં એટલો પારંગત થયો છું કે આ ભાષામાં પ્રવચનો આપું છું ને અનેક પુસ્તકો લખ્યાં છે ને લખું છું. ગુજરાતી મારી માતૃભાષા બની ગઈ છે.

**પ્રશ્ન :** આપની દિનચર્યા શું છે? લખવા માટેનો આટલો બધો સમય ફાજલ ક્યાંથી પાડો છો!

**ઉત્તર :** પ્રાત:કાળે ધ્યાન અને પ્રાર્થના, ત્યાર પછી નિત્યક્રમ, થોડુંક વાંચન લેખન ને ભોજન, પશ્ચાત ૧૧થી ૫ સુધી સેંટ ઝેવિયર્સ કોલેજમાં ગણિત વિષયનું અધ્યાપન કરું છું.' સાંજે નિત્ય ક્રમ પછી લગભગ ૩ થી ૪ કલાક સતત લેખનકાર્ય સામયિકો માટે લેખો-પુસ્તકો માટે નોંધો ઈત્યાદિ અંતે પ્રભુપ્રાર્થના પછી હું રાત્રિ-વિશ્રામ કરું છું

**પ્રશ્ન :** મુલાકાતીઓને ક્યાં અને ક્યારે મળો છો?

**ઉત્તર :** કોલેજમાં અમુક સમયમાં જ્યારે મારે વર્ગ લેવાના ન હોય તે સમયે આગળથી મુકરર કરેલા સમયમાં જ આ જ સ્થળે આ જ પ્રમાણે હું મુલાકાતીઓને મળું છું અને આનંદ અનુભવું છું.

**પ્રશ્ન:** મુંબઈમાં દર વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપ પધારો છો અને આપના પ્રભાવિત પ્રવચનો આપો છો એથી અમે બધા તો ખૂબજ ધન્યતા અનુભવીએ છીએ, કારણ આપની હાજરીથી વ્યાખ્યાનમાળા શોભી ઊઠે છે. આપને કેવું લાગે છે?

**ઉત્તર:** સામાન્યત: ઘણાં આમંત્રણો મળવા છતાં અમદાવાદથી બહાર પ્રવચનો આપવા હું જતો નથી. પરંતુ મુંબઈ જૈન યુવક સંઘ સાથે વર્ષોથી મને આત્મીય ભાવ છે. વળી ત્યાં મારા મિત્રોનો મોટો સમુદાય છે અને એથી ત્યાં આવવાનું ખૂબ ગમે છે એટલે દર વર્ષે આ રીતે આવવાની ઈચ્છા રાખું છૂં.

**નોંધ:-** ઉપરની પ્રશ્નોત્તરી અક્ષરસ: નથી કારણ એની ત્યાં ને ત્યાં નોંધ લેવાઈ નહોતી. અત્રે આવ્યા બાદ યાદ કરતા પ્રશ્નોતરીનો સારાંશ ને ભાવાર્થ લખવાનો પ્રયાસ છે.

– ગણપતભાઈ મ. ઝવેરી.

# મિતાહાર–સુખી જીવન જીવવાની કલા

ખોરાકથી શરીરનું પોષણ થાય છે. ખોરાક વિના ૨-૩ મહિનાથી વધુ જીવી શકાતું નથી.

આહાર કેટલા વખત લેવો, કેટલો લેવો, કેવો લેવો અને કેવી રીતે લેવો એની વૈજ્ઞાનિક સાચી સમજણ આપે, અને તે પ્રમાણે આચરણ થાય તો તંદુરસ્તી જળવાઈ રહે અને ગમે તેવી નાની મોટી બીમારી દૂર કરી શકાય.

**કેટલી વખત જમવું:–**

૨૪ કલાકમાં એક વખત જમવું એ કદાચ સૌથી ઉત્તમ આહાર ટેવ છે. ગ્રીસ અને ઈટાલીના લોકો જ્યારે દિવસમાં ફક્ત એક જ વખત ખાતા હતા ત્યારે તેમને બીમારીઓ તો થતી નહીં, પરંતુ તેમના શરીરના બાંધા પડછંદ (પાચ હાથા) હતા.

બે વખત જમવું એ કદાચ અત્યારના જમાનામાં વધુ યોગ્ય ગણાશે. બે વખતના ભોજન વચ્ચે ૭થી ૧૦ કલાકનો ગાળો હોવો જોઈએ. સવારના નાસ્તો કે કંઈ પણ નહીં અગર નાસ્તામાં ફક્ત રસાળ ફળ પા કીલો લેવા જોઈએ.

ત્રણ કે વધુ વખત ખાવાથી બીમારી અવશ્ય આવવાની. વધુ વખત ન ખાવાથી, પાચનના કામમાંથી બચેલી જીવનશકિત શરીરને સ્વચ્છ, આરોગ્યવાન રાખે છે.

**કેટલું જમવું:–**

કડકડતી ભૂખ લાગી હોય અને ભૂખ પૂરી સંતોષાય તે પહેલા જ ભાણા પરથી ઊઠી જવું, બે કોળિયા બાકી હોય ત્યારે હાથ ધોઈ નાખવા જોઈએ. જમ્યા પછી પેટમાં થોડી ખાલી જગ્યા રહેવાથી, વલોણુંની પાચનક્રિયા સારી રીતે થાય છે.

**કેવો ખોરાક**

સંપૂર્ણ જીવંત ખોરાકનો અલ્પાહાર ઉત્તમ છે. અગ્નિ પર જે રસોઈ થાય છે તેમાથી કિણ્વ (Enzymes), વિટામિનો, ક્ષારો અમુક પ્રમાણમાં નષ્ટ થઈ જાય છે. અને અમુક પ્રમાણમાં રૂપાંતરિત થઈ શરીરને ઉપયોગી રહેતા નથી. પોષક તત્ત્વો પ્રોટીન, કાજી-શર્કરા ચરબીમાં પણ આગથી ફેરફારો થાય છે જે તેમને દુષ્પાચ્ય બનાવે છે. શરીરમાં અનેક પ્રકારની ક્ષતિઓ (Deficiances) થાય છે, શરીર માંદલુ બને છે, અકાળે વૃદ્ધાવસ્થા આવે છે.

શાકાહારીનો મુખ્ય ખોરાક અનાજ છે. અનાજને રાંધ્યા વગર, ધોઈને ૪ થી ૧૨ કલાક પાણીમાં પલાળી, ત્યાર બાદ પાણી કાઢી નાખી, ભીના કપડામાં બાંધી, લટકાવી રાખતા, ૧૨ થી ૪૮ કલાકમાં અંકર ફૂટી નીકળે છે. અનાજના દાણામાં સુષુપ્ત રહેલ જીવન જાગૃત બને છે. આ ક્રિયા દરમિયાન અનેક કિણ્વ પેદા થાય છે. જે શરીરને જવાની બક્ષે છે. અનાજના સુકા દાણામાં રહેલા વિવિધ વિટામીનોમાં અનેકગણો વધારો થાય છે. અનાજ એકદમ સુપાચ્ય અને હલકું બની જાય છે. અલ્પ પ્રમાણમાં આવા ફણગાવેલા અનાજ, કઠોળ કે તેલીબિયાં લેવાથી પૂરતું પોષણ મળી રહે છે.

શાકભાજીઓ કાચા-ક્યુંબર કે સલાડ બનાવીને મીઠ, મરચું કે મરી નાખ્યા વગર લેવા.

તાજાં પાકાં ફળો, સુકો મેવો, નાળિયેર, ખજુર વગેરે લેવાં.

અપકવાહારમાં અનેક પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકાય.

આવા જીવંત ખોરાકને પચતા અલ્પ સમય લાગે છે. પેટ હળવું રહે છે. આંતરડામાં સડો થતો નથી.

જે સંપૂર્ણ અપકવાહારી ન બની શકે તે ૮૦ ટકા અપકવાહાર અને ૨૦ ટકા પાકેલું એટલે કે રાંધેલું લે, તંદુરસ્તી જાળવવા રોજ ઓછામાં ઓછું ૬૦ ટકા જીવંત ખોકાક લેવો જ જોઈએ.

**કેવી રીતે જમવું:–**

૧ કડકડતી ભૂખ લાગે ત્યારે જ જમવું.

૨. અશાંત મન સાથે ન જમવું.

૩. થાકેલાએ થોડા સમય આરામ કરીસે જમવું.

૪. બરોબર ચાવીને ખાવું. મોઢામાં લાળ રસથી કાંજીનું પાચન થઈ શર્કરા બને છે. ત્યારે ખોરાક મીઠો લાગે છે. અને પેટમાં પાચન સરળ બને છે.

૫. બે ભોજનની વચ્ચે પાણી સિવાય કંઈ પણ ન લેવું.

૬. બે ભોજન વચ્ચે ૬-૮ કલાકનું અંતર આવશ્યક છે. એટલા સમયગાળામાં હોજરી પહેલા ભોજનથી ખાલી થઈ, જરા આરામ મેળવી, બીજા ભોજનના પાચનકાર્ય માટે તૈયાર બને છે.

૭. જમતાં પહેલાં અડધા કે એક કલાકે જરૂર હોય તો પાણી પીવું. જમવાની વચ્ચે કે જમવાના અંતે પાણી ન પીવું. ત્યારે પાણી પીવાથી પાચક રસો ઢીલા પડે છે. અને અપચો થવા સંભવ છે.

૮. ૮, ૧૦ કે ૧૫ દિવસે એક ઉપવાસ ફક્ત પાણી પર કરવાથી સતત પાચનનું કામ કરતા અવયવોને આરામ મળે છે. તેનાથી તેમની શકિત વધે છે. આયુષ્ય વધે છે, બિમારીઓ દૂર રહે છે. દૂર થાય છે.

મોટા ભાગના દર્દોને મિતાહારથી એટલે કે પ્રમાણસર યોગ્ય ખોરાક લેવાથી મટાડી શકાય છે. મિતાહાર શ્રેષ્ઠ ઔષધ છે. મિતાહારમાં તદુંરસ્ત જીવન જીવવાની ચાવી છે. મિતાહાર એ સુખી જીવન જીવવાની કલા છે.

મહાવીરે એક જ વખત ખાવાની સલાહ આપી છે. ઉણોદરી એટલે કે ઓછું ખાવાના વ્રતને સૌથી ઉત્તમ તપમાં ગણ્યું છે. બુદ્ધ ભિક્ષુઓએ મધ્યાહ્ન બાદ જમવાનો નિષેધ કર્યો છે.

ઓછું ખાઈને, છતાં પૂરતું પોષણ મેળવીને, માનવ વધુ સ્વસ્થ તથા જાગૃત રહી શકે છે. મનને નિર્મલ રાખવા, સાધના પંથે મિતાહાર અત્યંત આવશ્યક છે.

ડૉ. બી. જી. સાવલા

